૬૭. પ્રો. કે. આર. ચંદ્રશેખરનના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. બી. જે. પંડ્યાએ રજૂ કરેલ મહાનિબંધ પરત્વેના બાહ્ય રેફરીઓના હેવાલમાં Tie પડતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જાન્યુઆરી ૧૯૭૯ની સભાના ઠરાવ અનુસાર નિમાયેલા ચોથા પરીક્ષક ડૉ. જી. એસ. આમુરના હેવાલ ઉપર તેમ જ પ્રો. ચંદ્રશેખરનની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને કૉલેજ શિક્ષકોના સુધારેલાં પગારધોરણ સંબંધમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૪–૧–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૮–૭૪૮૫૫(૭૯) કે.એચ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૯. કૉમ્પ્યુટર સેન્ટરના આઈ.બી.એમ. ૧૬૨૦ કૉમ્પ્યુટર સાથે નવા જોડેલા ડેટા ૧૦૦ લાઇન પ્રિન્ટર તેમ જ ૧૬૨૨ કાર્ડ રીડરની ૨૫૦ પરથી ૫૦૦ કાર્ડસ/મિનિટની વધારેલી ઝડપ માટે અનુક્રમે રૂ. ૨,૨૪૧ તા. ૧૬–૧–૧૯૮૦થી અને રૂ. ૬૪-૩૦ તા. ૨૦–૧૨–૧૯૭૯ની પ્રતિમાસ કોમ્પ્યુટર મેન્ટેનન્સ કૉર્પોરેશનને મેન્ટેનન્સ ચાર્જ તરીકે ચૂકવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે મુજબ સુધારેલા દરે કૉમ્પ્યુટર મેન્ટેનન્સ કૉર્પોરેશનને ચુકવણી કરવાનું રાખવું.

૭૦. શ્રી. શરદ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"દરમ્યાન આ ૯૦ જેટલા કર્મચારીઓ સિવાયના તમામ કર્મચારીઓને ૫ ટકા વેઇટેજનો લાભ તા. ૧—૧—૧૯૭૩થી મળેલ હોઈ, આ ૯૦ જેટલા કર્મચારીઓને પણ તા. ૧—૧—૧૯૭૩થી મળે કે જેનો અંદાજી કુલ ખર્ચ ફક્ત રૂ. ૯૭,૨૦૦ થવા જાય છે. તા. ૧—૧—૧૯૭૩થી તા. ૩૧—૧૨—૧૯૭૩ સુધી કશું જ આપવાનું નથી. ફક્ત તા. ૧—૧—૧૯૭૪થી ૩૧—૩—૧૯૭૯ સુધીનો તફાવત આપવાનો હોઇ આ રકમ યુનિવર્સિટી જેવી સંસ્થા માટે વધુ નહીં હોઈ તેથી યુનિવર્સિટી એકીસાથે ચૂકવી શકે તેમ છે, તેમ છતાં તેમ શકય ન બની શકે તો તેના સરખા પાંચ હપતા કરીને પહેલો હપતો તા. ૧—૬—૧૯૮૦ સુધીમાં, બીજો હપતો તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધીમાં, ત્રીજો હપતો ૧—૬—૧૯૮૧ સુધીમાં, ચોથો હપતો ૩૧—૧૨—૧૯૮૧ સુધીમાં, અને પાંચમો હપતો ૧—૩—૧૯૮૨ સુધીમાં ચૂકવી આપી આ પાંચ ટકા વેઇટેજનો તફાવત આ ૯૦ કર્મચારીઓને ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે."

(નોંધ.— આ બાબત ગઈ સભામાં મુલતવી રહી હતી. આ અંગે આશરે રૂ. ૧,૯૫,૪૨૦નું ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. હરિ ઓમ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાળા એન્જિનિયરિંગ સંશોધન એવોર્ડ, ૧૯૭૯ના વર્ષ માટેનો એવોર્ડ (૧) "સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ઇન્કલ્યુડિંગ બ્રિજ એન્જિનિયરિંગ"ના વિષય માટે શ્રી. ચંદ્રકાંત મણિલાલ પટેલને અને (૨) "સોઈલ મિકેનિક્સ એન્ડ ફાઉન્ડેશન એન્જિનિયરિંગ"ના વિષય માટેનો એવોર્ડ બે ભાગમાં (i) ડૉ. મહેશચંદ્ર ડાહ્યાભાઈ દેસાઈ અને (ii) ડૉ. ચંદ્રકાંત રતિલાલ શાહ અને શ્રી. અરુણકુમાર અનંતરાય દવેને સંયુક્ત રીતે પાત્ર ઠર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૬-૧૨-૧૯૭૯ના પત્રથી આવેલ નીચેના બે પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૨

"છઠ્ઠી યોજના માટે યુનિવર્સિટી શિક્ષણ સાથે સક્રિય હોય તેવા દરેક વિદ્યાશાખાના પ્રતિનિધિ ધરાવતી એક સમિતિની રચના ઇ. સી. દ્વારા કરવામાં આવે. આ સમિતિ દરેક ડિપાર્ટમેન્ટની ભલામણો તપાસી જઈ તેમને અંતિમ સ્વરૂપ આપે."

પ્રસ્તાવ ૬

"યુનિવર્સિટી ભવનોમાં હાલમાં એક જ ડેમોન્સ્ટ્રેટર ભૌતિકશાસ્ત્ર વિભાગમાં છે. તાજેતરમાં રાજ્ય સરકારે કૉલેજોના જે ડેમોન્સ્ટ્રેટર રૂ. ૭૦૦ના મૂળ પગાર પર આવી ગયા હોય તેમને રૂ. ૭૦૦–૧૬૦૦ના પગારધોરણમાં મૂક્યા છે. તે અનુસાર ભૌતિકશાસ્ત્ર વિભાગના ડેમોન્સ્ટ્રેટર શ્રી. બી. એ. મોદીને રૂ. ૭૦૦–૧,૬૦૦ના પગારધોરણમાં મૂકવાની વ્યવસ્થા કરવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે."

(૧) સદરહુ પ્રસ્તાવ નં. ૨ અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોને પોતપોતાનાં વિદ્યાભવનોના સંબંધકર્તા વિભાગો સાથે વિચાર-વિમર્શ કરી તા. ૨૨–૧–૧૯૮૦ સુધીમાં પોતાની ભલામણ વિભાગે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવું.

(૨) સદરહુ પ્રસ્તાવ નં. ૬ અંગે ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના સંબંધકર્તા ઠરાવના સંદર્ભમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૩. "સાયન્સ કૉંગ્રેસ સંશોધન આર્થિક સહાય" માટેના સૂચવેલ નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલ ઠરાવની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૪. "સાયન્સ કૉંગ્રેસ વકતૃત્વ સ્પર્ધા" અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૫. "સાયન્સ કૉંગ્રેસ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ સહાય ફંડ" અંગેના સૂચવેલ નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૬. એમ.એસસી. અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રાણીવિજ્ઞાનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "સાયન્સ કૉંગ્રેસ ચંદ્રક" એનાયત કરવાના સૂચિત નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૭. ગુરુનાનક ભવન માટે સ્ટીલનાં કબાટ નંગ ૧૨ ખરીદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૮. સંલગ્ન કૉલેજમાં હેડ પ્યૂનનું પગારધોરણ રૂ. ૨૬૦-૨૭૦નું રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવા ઠરાવેલ; તેના સંદર્ભમાં રાજ્ય સરકારે તા. ૧૪-૧૧-૧૯૭૯ના પત્રથી રૂ. ૨૦૦-૨૫૦નું પગારધોરણ હેડ પ્યૂન માટે નક્કી કરેલ છે, તે સિવાયનું પગારધોરણ માન્ય રાખી શકાય નહિ તેમ જ અનુદાનપાત્ર ગણી શકાય નહિ તેમ જણાવતાં સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૨-૧૯૭૯ની સભામાં વિચારણા માટે મૂકેલ અને એકિઝકયુટિવ કાઉન્સિલે સરકારી કૉલેજોમાં હેડ પ્યૂનની જગ્યા માટેના પગારધોરણ અંગેની માહિતી મેળવીને ફરીથી રજૂ કરવા ઠરાવેલ; તેના સંદર્ભમાં ચાલુ વર્ષે ઑર્ડિ. ૯૬ અન્વયે સરકારી સંલગ્ન કૉલેજોમાંથી બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની આવેલ માહિતી જોતાં હેડ પ્યૂન (નાયક) ને રૂ. ૨૦૦-૨૫૦નું પગારધોરણ આપવામાં આવે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં હેડ પ્યૂનનું પગારધોરણ રૂ. ૨૦૦-૩-૨૦૬-૪-૨૫૦ નિયત કરવામાં આવેલું છે તેમાં કશો ફેરફાર કરવો નહીં.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭૯. ગુજરાત રાજ્યના શિક્ષણખાતા તરફથી બહાર પાડવામાં આવેલ ઑર્ડિ. નં. ૪ પ્રમાણે હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહ સાથે પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી ફર્સ્ટ બી.કૉમ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ન હોવા છતાં મિયાંગામ ખાતેની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં બે વિદ્યાર્થીઓને ભૂલથી ફર્સ્ટ ઇયર બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ આપેલ છે. તો તે પ્રવેશ માન્ય રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— આ વર્ષે આવા લગભગ સાત કેસોમાં પ્રવેશ માન્ય રાખવામાં આવેલો નથી.**]**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આચાર્યશ્રીનો ખુલાસો માગવો અને સદરહુ વિદ્યાર્થીઓનો પ્રવેશ માન્ય ગણવો નહીં.

૮૦. યુનિવર્સિટી કાર્યાલયના કાર્યાલય નિયામક શ્રી. આર. સી. દેસાઈની રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવા અંગેની તેઓની તા. ૧૨-૧૨-૧૯૭૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. દેસાઈના ખાતે પ્રૉ. ફંડની રકમ રૂ. ૨૪,૦૨૧—૦૯ પૈસા છે.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલય નિયામક શ્રી. આર. સી. દેસાઈની રૂ. ૫,૦૦૦/- ની બિલ્ડિંગ લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮૧. સને ૧૯૮૦ના એપ્રિલ માસમાં શરૂ થતી કેટલીક પરીક્ષાઓ માટે વેળાસર પ્રશ્નપત્રો કાઢી શકાય તેવી વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ પૈકી જે પરીક્ષાઓ તા. ૧૮ એપ્રિલ, ૧૯૮૦ કે તે પહેલાં શરૂ થનાર હોય તે પરીક્ષાઓ માટે પ્રાશ્નિકોની નિમણુંકો કરવા માટે આ સભાગૃહ વતી કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૮૦૯૯૯/૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૧૧-૨-૧૯૮૦

કું. ચં. પરીખ.
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩૭

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય છે તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૭–૧૨–૧૯૭૯ના રોજ બપોરના ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨.	,, એચ. પી. પંડ્યા	ગેરહાજર
૩.	પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રા. નરહરિભાઈ પરીખ	હાજર
૫.	શ્રી. શરદભાઈ પટેલ	ગેરહાજર.

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદના ભૂતપૂર્વ આચાર્યશ્રી જે. એસ. સેવકના વૅકેશન સેલેરી અંગે તેઓ તરફથી આવેલ તા. ૧–૫–૧૯૭૯ની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

અને

૨. મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણાના આચાર્યે જૂન ૧૯૭૮થી જોડાણ મેળવવાની બાબતમાં ખોટી માહિતી આપવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેથી તા. ૨૪/૨૫–૨–૧૯૭૯ની સભામાં સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૩. શ્રીમતી એસ. સી. પટેલ કંડારીવાલા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. આર. એસ. દણકના રાજીનામા અંગે તેઓ તરફથી આવેલ તા. ૧૯–૧–૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મહેસાણાના એકાઉન્ટન્ટ શ્રી. આર. એમ. શાહ તરફથી તેઓને એકાઉન્ટન્ટનું પગારધોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ નહીં મળવા અંગે તેઓ તરફથી આવેલ તા. ૭–૯–૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં કૉલેજ સંચાલકને જરૂર જણાય તો તે માટે હવે પછીની સભા સમક્ષ તેના પ્રતિનિધિ ઉપસ્થિત રહી રજૂઆત કરવા જણાવવું.

૫. ઑ. ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના કર્મચારીગણની માહિતી તા. ૧૬ ઑગસ્ટ સુધીમાં મોકલવાની હોય છે તે સંબંધમાં ૧૯૭૯—૮૦ના વર્ષ માટે ૭૫ કૉલેજોની માહિતી નિયત સમયમર્યાદા પછી તથા ૩૬ કૉલેજોની માહિતી હજુ સુધી મળી નથી તો તે અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬—૧૦—૧૯૭૯ની સભાના ક્રમાંક ૪૫થી સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોની માહિતી ઑર્ડ. ૯૬માં નિયત કરેલ સમયમર્યાદામાં આવી નથી તેઓને તા. ૨૦—૧—૧૯૮૦ સુધીમાં માહિતી યુનિવર્સિટીને મળે તે રીતે અચૂક મોકલી આપવા તાકીદ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજોની માહિતી નિયત સમયમર્યાદામાં આવી નથી તેવી કૉલેજોને ભવિષ્યમાં નિયત તારીખમાં મોકલી આપવા જણાવવું.

૬. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદના વોચમેન શ્રી રાયસીંગભાઈ એફ. પરમારનાં નવાં પગાર-ધોરણો. રજાઓ ઇ. અંગે સ્થાયી સમિતિએ તેની તા. ૨૬—૭—૧૯૭૯ની સભામાં કરેલ ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨—૮—૧૯૭૯ની સભામાં મંજૂર રાખી હતી તેના સંદર્ભમાં આચાર્યને જાણ કરવા તેઓએ શિક્ષણની કૉલેજોના મહેકમ અંગેનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ છે તેવી ચોખવટ અંગેના તેઓના તા. ૯—૧૧—૧૯૭૯ના પત્રથી કરી છે તેના પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. રાયસીંગભાઈ પરમારને યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ તેમ જ તે પેટે નીકળતી તફાવતની રકમ ચૂકવી આપવા તેમ જ યુનિવર્સિટી ધારાધોરણ અનુસાર રજાઓ ઇત્યાદિ આપવા માટે કૉલેજને જણાવવું.

૭. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, તલોદના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. આર. કે. સિંધે તેઓનાં પગાર-ધોરણ, વધુ કાર્યભાર તથા રાજીનામા ઇત્યાદિ અંગે તા. ૧૭—૩—૧૯૭૯ના રોજ કરેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. મણિનગર સાયન્સ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી. નરેશ ત્રિવેદીના બાકી પગાર ઇ. અંગે આવેલ ફરિયાદ પર સ્થાયી સમિતિએ તેની તા. ૨૬—૭—૧૯૭૯ની સભામાં કરેલ ભલામણ કે જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨—૮—૧૯૭૯ની સભામાં મંજૂર રાખી હતી તે અંગે આચાર્યે 'બાકી પગાર નીકળતો નથી' તેવી રજૂઆત કરેલ છે, તો સ્થાયી સમિતિએ તેની તા. ૨૬—૭—૧૯૭૯ની સભામાં કરેલ ભલામણ પર પુનઃ વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. નરેશ ત્રિવેદીને તેમના ખાતે નીકળતી બાકી પગારની રકમ ચૂકવવા મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદને આદેશ આપવા માટે અગાઉ આ સમિતિએ તેની તા. ૨૬—૭—૧૯૭૯ની સભામાં કરેલી ભલામણ મુજબ પુનઃ ભારપૂર્વક એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોના લેબોરેટરી સ્ટાફને વૅકેશન, છકરજા ઇત્યાદિ અંગે શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૧-૧૦-૧૯૭૯ના પત્રથી આવેલ સ્પષ્ટતા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદના પટાવાળા શ્રી ચંદુભાઈ પશાભાઈના જૂન ૧૯૭૩થી ડિસેમ્બર ૧૯૭૪ સુધીના બાકી પગાર તથા તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ન ચૂકવ્યા અંગે તેઓ તરફથી તા. ૪–૪–૧૯૭૯ના રોજ આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની શૈક્ષણિક લાયકાતનાં પગારધોરણો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. નવજીવન આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દાહોદના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી. એ. આર. સોનીનો યુનિવર્સિટી ધારાધોરણોનો ભંગ કરી છૂટા કરવા અંગેની તા. ૩૦–૩–૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના છૂટા થયેલા અધ્યાપક ડૉ. પી. બી. પટેલની પ્રૉવિડંટ ફંડની રકમ ઈ. અંગેની ચુકવણી કરવામાં આવી નથી તે અંગે તેઓ તરફથી આવેલી ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના ભૂતપૂર્વ શિક્ષક શ્રી. પી. બી. પટેલને મળવાપાત્ર પગારધોરણનો તફાવત, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ઇત્યાદિની રકમની ચુકવણી અંગે સંચાલક મંડળે સંકુલ અંગેની સંમતિની લેખિત બાંયધરી આપી હોવા છતાં સદરહુ રકમની ચુકવણી થઈ નથી તે યોગ્ય નથી અને આ રકમની ચુકવણી તાકીદે કરવા માટે કૉલેજને જણાવવું.

૧૪. આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી બી. આર. પટેલને તા. ૧–૫–૧૯૮૦થી છૂટા થવાની નોટિસ આપી છે, ઇત્યાદિ અંગે તેઓ તરફથી આવેલ તારીખ ૫–૧૧–૧૯૭૯ની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યની જગ્યા કાયમ હોવા છતાં સદરહુ જગ્યા પર કામચલાઉ કે મુદતી નિમણૂક આપની યોગ્ય નથી તથા આ જગ્યા પર આચાર્ય બી. આર. પટેલને પ્રોબેશન પર નિમણૂક કરી હોઈ તેમને છૂટા કરવા આપેલી નોટિસથી યુનિવર્સિટી ધારાની કલમ ૫૧–એની જોગવાઈનો ભંગ થાય છે. આથી તેમને તા. ૧–૫–૧૯૮૦થી છૂટા કરવા આપેલી નોટિસ પાછા ખેંચી લઈ તથા તેમને આપેલ સાતત્ય ભંગ યુનિવર્સિટી ધારા સાથે સુસંગત ન હોય તે દૂર કરવા તેમ જ તેમને નહીં ચૂકવાયેલ જુલાઈ માસનો પગાર ચૂકવી આપવા તથા તેમ કર્યાની જાણ કરવા કૉલેજને જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૮

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

એલ.ડી. એન્જિ. કૉલેજ, અમદાવાદ				તારીખ
૧. શ્રી. એ. એસ. હુસેની	ઇલેક્ટ્રિકલ એન્જિ.ના વ્યાખ્યાતા	સિ./અધ્યા./૮/૧૩૩૮૫૬		૪-૧૨-'૭૯
૨. શ્રી. વી. એન. ગાડે	કેમિકલ એન્જિ.ના વ્યાખ્યાતા	,,	,,	,,
૩. શ્રી. આર. સી. પટેલ	સિવિલ એન્જિ.ના ડેમો-સ્ટ્રેટર	સિ./અધ્યા./૮/૧૩૫૫૫૦		૨૮-૧૧-'૭૯
૪. શ્રી. એસ. વી. ચૌધરી	સિવિલ એન્જિ.ના વ્યાખ્યાતા	,,	૧૨૯૯૨૦	૧૩-૧૧-'૭૯
સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ				
૫. શ્રી. ખી. ડી. વનાર	વ્યાયામ શિક્ષક	,,	૧૧૦૫૯૦	૨૫-૧૦-'૭૯
ભવન્સ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ				
૬. કુ. વી. એસ. ખમાર	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૦૬૬	૧૨-૧૦-'૭૯
૭. શ્રી. ખી. સી. ચોકસી	વેપારી કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૫૭૭૨૯	૨૨-૧૨-'૭૯
વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ				
૮. શ્રી. એચ. કે. વ્યાસ	એજ્યુકેશનના વ્યાખ્યાતા	,,	૧૨૫૯૫૪	૫-૧૧-'૭૯
યુ. પી. આર્ટ્સ અને શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ				
૯. શ્રી. એસ. એમ. સૈયદ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૫૭૭૯૫	૨૩-૧૨-'૭૯
૧૦. શ્રી. એ. પી. જાની	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,	,,
૧૧. શ્રી. આર. એન. પંચોલી	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૨૦૦૭૫	૧૨-૧૦-'૭૯

શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા				
૧૨. શ્રી. આર. જે. આચાર્ય	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૫૭૭૩૦		તા. ૨૨-૧૨-'૭૯
શેઠ એચ. પી. આર્ટ્સ અને તલોદ એસ. એમ. કૉલેજ, તલોદ				
૧૩. શ્રી. પી. એસ પટેલ	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૦૭૬	૧૨-૧૦-'૭૯
૧૪. શ્રી. વી. એમ. પટેલ	હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૫૭૭૯૭	૨૬-૧૨-'૭૯
શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ				
૧૫. શ્રી. જી. જી. શેખ	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૫૭૭૯૪	૨૬-૧૨-'૭૯
૧૬. શ્રી. આર. ડી. ગજ્જર	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,	,,
આર્ટ્સ કૉલેજ, સંખેડા				
૧૭. શ્રી. એ. જે. ભટ્ટ	ગુજરાતીના વ્યાખ્યાતા	,,	૧૫૭૯૬	૨૬-૧૨-'૭૯
ગુજરાત કૉલેજ, અમદાવાદ				
૧૮. શ્રી. એન. આઈ. મુનશી	ઉર્દૂના વ્યાખ્યાતા	,,	૧૫૭૭૯૩	૨૬-૧૨-'૭૯

આ અગાઉ માન્ય થયેલા અને જેમના પક્ષમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો નથી અને જેમની નિમણૂકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી

				તારીખ
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ				
૧. શ્રી. આર. સી. શર્મા	**હિન્દીના વ્યાખ્યાતા**	સિં./અધ્યા./૮/૧૦૫૬૯		૧-૧૦-'૭૯
એલ. ડી. એન્જિ. કૉલેજ, અમદાવાદ				
૨. શ્રી. એમ. ડી. મજઠિયા	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	૧૧૨૦૩	૮-૧૧-'૭૯
૩. શ્રી. પી. જી. કેસકર	મેથેમેટિક્સના વ્યાખ્યાતા	,,	,,	,,
ગુજરાત કૉલેજ, અમદાવાદ				
૪. શ્રી. આર. જી. મજમુદાર	ઇતિહાસના વ્યાખ્યાતા	,,	૬૯૦૮૬	૬-૧૨-'૭૯
૫. શ્રી. સી. વી. રાવલ	તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા	,,	,,	,,

સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ				
૬.	શ્રીમતી લીનાબેન એન. શાહ	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિ./અધ્યા./૮/૧૨૪૭૭૬	૩-૧૧-'૭૯
એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ				
૭.	શ્રી. બી. સી. પટેલ	કાયદાના ખંડસમયના વ્યાખ્યાતા	,, ૧૪૨૫૧૪	૩-૧૧-'૭૯
૮.	શ્રી. એસ. ડી. શાહ	એકાઉન્ટન્ટસીના ખંડ-સમયના વ્યાખ્યાતા	,, ,,	,,
૯.	શ્રી. એ. એફ. દોશી	એકાઉન્ટન્ટસીના વ્યાખ્યાતા	,, ૬૬૪૮૩	૨૯-૧૦-'૭૯
સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ				
૧૦.	શ્રી. જી. ડી. શાહ	અંગ્રેજીના વ્યાખ્યાતા	,, ૧૪૧૫૪૮	૧૨-૧૨-'૭૯
૧૧.	શ્રી. કે. જી. મુનશી	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,, ૧૪૧૫૪૬	૧૨-૧૧-'૭૯
૧૨.	શ્રી. જે. એમ. પટેલ	ગુજરાતીના વ્યાખ્યાતા	,, ,,	,,
૧૩.	શ્રી. એ. એમ. ડાભી	અંગ્રેજીના વ્યાખ્યાતા	,, ,,	,,
૧૪.	શ્રી. પી. એન. વખારિયા	અર્થશાસ્ત્રના ટ્યૂટર	,, ,,	,,
અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ				
૧૫.	શ્રી. પંકજ એ. નાગર	માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાતા	,, ૧૪૧૩૭૮	૧૧-૧૨-૭૮
એમ. એન. કૉલેજ, વીસનગર				
૧૬.	શ્રી. કે. એમ. બ્રહ્મભટ્ટ	ઇતિહાસના વ્યાખ્યાતા	,, ૧૪૮૨૩૪	૨૯-૧૨-'૭૯
યુ. પી. આર્ટ્સ અને શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ				
૧૭.	શ્રી. એ. એન. દવે	સંસ્કૃતના ખંડસમયના વ્યાખ્યાતા	,, ૧૩૭૨૦	૧૦-૧૨-'૭૯
૧૮.	શ્રી. એસ. બી. પઢાણ	મનોવિજ્ઞાનના ખંડ-સમયના વ્યાખ્યાતા	,, ૬૮૯૧૯	૫-૧૨-'૭૯
શ્રીમતી એસ. સી. પટેલ ફરતીકૂઇવાલા કૉમર્સ કૉલેજ, ડભોઇ				
૧૯.	શ્રી. એસ. જે. પટેલ	વ્યાયામ શિક્ષક	,, ૬૮૪૯૯	૩૦-૧૧-'૭૯
૨૦.	શ્રી. જે. સી. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ-સમયના વ્યાખ્યાતા	,, ૧૧૨૭૨૭	૩૧-૧૦-'૭૯

સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ,
ગાંધીનગર

૨૧. શ્રી. આઈ. એચ. ભટ	વાણિજ્યના વ્યાખ્યાતા	સિ./અધ્યા.	૬૮૪૯૮	૩૦–૧૧–'૭૯
૨૨. શ્રી. એસ. એસ. પુરોહિત	ફિઝિકસના વ્યાખ્યાતા	,,	,,	,,
૨૩. શ્રી. એમ. એ. જની	હિંદીના પ્રાધ્યાપક	,,	,,	,,
૨૪. શ્રી. વી. જી. ઓઝા	કેમિસ્ટ્રીના પ્રાધ્યાપક	,,	,,	,,
૨૫. શ્રી. એમ. પી. ત્રિવેદી	,,	,,	,,	,,

એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મેાડાસા

૨૬. શ્રી. આર. આઈ. અલવાણી	કૉમર્સના વ્યાખ્યાતા	,,	૬૬૪૮૨	૨૯–૧૦–'૭૯
૨૭. શ્રી. કી. પી. ધંધુકિયા	,,	,,	,,	,,
૨૮. શ્રી. એસ. શાસ્ત્રી	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	,,	,,
૨૯. શ્રી. કી. પી. ધંધુકિયા	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૧૦૬૯૨૫	૧૦–૧૦–'૭૯

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૯-૧-૧૯૮૦ના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૩.	શ્રી. બી. એમ. પિરજાદા	ગેરહાજર
૪.	શ્રી. સી. એસ. શાહ	ગેરહાજર
૫.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૬.	શ્રી. કે. એમ. કાંટાવાલા	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૪—૧૨—૧૯૭૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૪—૧૨—૧૯૭૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ભાષા-સાહિત્ય ભવનના મકાનમગં નાઈટિંગના કામમાં રીટેન્શનમનીને બદલે સદરહુ કામના તેઓના ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ તેટલી જ રકમની બેંક ગેરંટી આપવા જણાવવા મે. રવિ બિલ્ડર્સ તરફથી આવેલા પત્ર નં. કયુ—જીયુ—૨૨૦—૩ તા. ૯—૧૨—૧૯૭૯ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સદરહુ પત્રની નકલ આ સાથે સામેલ છે.

(૨) ટેન્ડર સાથેના મે. રવિ બિલ્ડર્સના તા. ૧૪—૬—૧૯૭૯ના પત્રથી નકલ સામેલ છે. (અત્રે છાપેલ નથી).

(૨) પાર્ટીએ ભરેલા મૂળ ટેન્ડરમાં રીટેન્શનમની કાપવાને બદલે બેંક ગેરંટી આપવાનો ઉલ્લેખ કર્યો છે.

(૪) આ પાર્ટીનું ટેન્ડર તા. ૨૪—૬—૧૯૭૯ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં નીચે મુજબ ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે.]

એકિઝકયુટિવ કાઉન્સિલ તા. ૨૪-૬-૧૯૭૯ બાબત નં. ૭૫

"તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કામ વિશિષ્ટ પ્રકારનું હોઈ સદરહુ ટેન્ડર સ્વીકારવું અને તે માટે રૂ. ૨૯,૨૮૦—૦૦નો ખર્ચ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં મકાનમાં આર.સી.સી.ના થાંભલા (પીલર)ના ગ્નાઈટિંગના કામમાં રીટેન્શનમનીને બદલે તેઓના ટેન્ડરમાં વેપારીએ શરત મૂકી હતી તે જોતાં તથા

કામની રકમ નાની છે તે જોતાં કૉન્ટ્રાક્ટર મે. રવિ બિલ્ડર્સની માગણી મુજબ ખાસ કેસ તરીકે બૅન્ક ગૅરંટીનો સ્વીકાર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં આ કામનો મૂળ અંદાજ રૂ. ૨૯,૦૦૦ હતો પરંતુ હવે રકમ રૂ. ૧૪૦૦૦ આશરે થવા સંભવ છે. તે બાબતની સભાગૃહે નોંધ લીધી.

૩. યુનિવર્સિટીના ઓપનએર થિયેટરનો નાટ્યગૃહ તરીકે ઉપયોગ થઈ શકે તે અંગે તેમાં જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે પ્રથમ તબક્કે રૂ. ૨,૦૦,૦૦૦—૦૦ જેટલું ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઓપનએર થિયેટરનો નાટ્યગૃહ તરીકે ઉપયોગ થઈ શકે તે માટે વિગતવાર અંદાજ તૈયાર કરવો અને આ અંદાજ અનુસાર ગ્રાન્ટ માટે રાજ્ય સરકાર સમક્ષ માંગણી કરવી.

૪. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ ગયેલા સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૧ (રીડર ક્વાર્ટર્સ) તથા માળી તથા સફાઈ કામદારનાં ક્વાર્ટર્સનાં મકાનમાં છાજલી બનાવવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. સદરહુ ટેન્ડરોનું તારણ આ સાથે સામેલ છે.

૨ ટાઈપ ૧ ક્વાર્ટર્સનાં મકાનોમાં છાજલી આપવા અંગે રૂ. ૭૦૦૦—૦૦નું અંદાજી ખર્ચ તા. ૧૪-૧૨—૧૯૭૯ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર કરવામાં આવેલું છે.

૩. ટાઈપ ૧ ક્વાર્ટર્સમાં છાજલીનું ખર્ચ રૂ. ૧૬,૧૦૦—૦૦
સ્વીપર્સ ક્વાર્ટર્સમાં છાજલીનું ખર્ચ રૂ. ૧૧,૨૦૦—૦૦
ભાવના ટેન્ડર મુજબ ———————
કુલ રૂ. ૨૭,૩૦૦—૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફક્વાર્ટર્સ ટાઈપ—૧ (નવા રીડર્સ ક્વાર્ટર્સ) તથા માળી અને સફાઈ કામદારના ક્વાર્ટર્સના મકાનમાં છાજલી બનાવવાના કામ માટે મે. મહાલક્ષ્મી ઇન્ટિરિયર ડેકોરેટર્સનું રૂ. ૧૪-૦૦ ચો. ફૂટના છાજલીના ભાવ સાથેનું રૂ. ૨૭,૩૦૦ની રકમનું ટેન્ડર મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ટેક્સટાઈલ કેમિસ્ટ્રીના મકાન બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. વાદી એન્ડ પટવા તરફથી ભાવ વધારાની માગણી અંગે આવેલા પત્ર નં. ૨૬૧ : ૭૯—૮૦ તા. ૩૧—૧૦—૧૯૭૯ તથા પત્ર નં. ૨૬૭—૭૯-૮૦ તા. ૯—૧૧—૧૯૭૯ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી અને હવે પછીની સભામાં સ્થપતિને હાજર રહેવા માટે વિનંતી કરવી.

૬. યુનિવર્સિટીના બી, સી તથા ડી ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ તથા ટીચર્સ હોસ્ટેલની બારી દરવાજા ગ્રીલ ઇત્યાદિને ઑઈલ પેઈન્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪૦,૦૦૦—૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી, સી તથા ડી. ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ તથા ટીચર્સ હૉસ્ટેલના ૪૮ યુનિટના બારીદરવાજા જાળી (ગ્રીલ) કબાટ ઇત્યાદિને ઑઇલ પેઇન્ટ કરવા માટેનો રૂ. ૩૭,૦૦૦નો ખર્ચનો અંદાજ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૭. બૉયઝ હૉસ્ટેલ "જી" બ્લૉકના બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉયઝ હૉસ્ટેલ "જી" બ્લૉકના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. ન્યૂ કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરતા ન હોવાથી, કૉન્ટ્રાક્ટ રદ કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવી તથા આ માટેના બાંધકામનાં નવાં ટેન્ડરો મંગાવવાનું મંજૂર રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. બૉયઝ હૉસ્ટેલ એ તથા બી બ્લૉકના છાપરાં કાઢીને આર.સી.સી. સ્લેબના બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉયઝ હૉસ્ટેલ "એ" તથા "બી" બ્લૉકના મકાનમાં સીમેન્ટના છાપરા કાઢીને આર.સી.સી. સ્લેબ કરવાના કામના આવેલા ટેન્ડરો તપાસીને યોગ્ય ઠરેવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

પી. ડી ભિસ્તી
કુલસચિવ વતી,

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૩

"સાયન્સ કોંગ્રેસ સંશોધન આર્થિક સહાય"

પ્રદાનની રકમ : રૂ. ૨૦,૦૦૦ (વીસ હજાર).

પ્રદાનનો પ્રકાર : સંલગ્ન કોલેજોના શિક્ષકોને સંશોધન માટે આર્થિક સહાય.

પ્રદાન સ્વીકારવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

૧. "સાયન્સ કોંગ્રેસ સંશોધન આર્થિક સહાય" માટે દર વર્ષે પ્રદાનની રકમના વ્યાજમાંથી મળનાર આશરે રૂ. ૧,૯૦૦માંથી પ્રત્યેક વર્ષે સંલગ્ન વિજ્ઞાનની કોલેજોના શિક્ષકોને સંશોધન માટે આર્થિક સહાય આપવામાં આવશે.

૨. સંશોધન માટેની આ આર્થિક સહાય ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીના વખતોવખત અમલમાં આવતા નિયમોને આધીન જે તે શિક્ષકોની આવેલ અરજીઓ પૈકી તે માટે નિયુક્ત થયેલી સમિતિ મંજૂર કરશે.

૩. સદરહુ સંશોધન આર્થિક સહાય મંજૂર કરવા અંગેની સમિતિમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે :

(૧) કુલપતિશ્રી;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી;

(૩) કુલપતિશ્રી નિમણૂક કરે તે બે સભ્યો.

૪. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત ગુજરાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૭૪

"સાયન્સ કૉંગ્રેસ વકતૃત્વ સ્પર્ધા"

પ્રદાનની રકમ : રૂ. ૫,૦૦૦-૦૦ (પાંચ હજાર)

પ્રદાનનો પ્રકાર : પ્રતિ વર્ષે રૂ. ૨૨૫–૦૦, રૂ. ૧૩૫–૦૦ અને રૂ. ૯૦–૦૦નાં એવાં કુલ ત્રણ પરિતોષિકો.

પ્રદાન સ્વીકારવાનું એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

૧. આ વકતૃત્વ સ્પર્ધાઓ ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના અનુસ્નાતક વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત રહેશે.

૨. આ વકતૃત્વ સ્પર્ધા ગુજરાતી ભાષામાં યોજવામાં આવશે.

૩. આ વકતૃત્વ સ્પર્ધા માટેનો વિષય વિજ્ઞાનને લગતો રહેશે.

૪. આ વકતૃત્વ સ્પર્ધાનું સંચાલન નીચે દર્શાવેલ સભ્યોની સમિતિ કરશે :

(૧) કુલપતિશ્રી;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી;

(૩) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી;

(૪) કુલપતિશ્રી નિમણૂક કરે તે બે સભ્યો.

૫. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત ગુજરાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "છ"
ક્રમકાજ ક્રમાંક ૭૫

"સાયન્સ કૉંગ્રેસ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ સહાય ફંડ"

પ્રદાનની રકમ : રૂ. ૧,૧૦,૦૦૦ (એક લાખ દસ હજાર)

પ્રદાનનો પ્રકાર : ૧. પુસ્તકો–જર્નલની ખરીદી

૨. શિષ્યવૃત્તિ

૩. સંશોધન પ્રવૃત્તિઓનું વિસ્તરણ.

પ્રદાન સ્વીકારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં મંજૂરી આપેલી છે.

નિયમો

૧. "સાયન્સ કૉંગ્રેસ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ સહાય ફંડ" માટે દર વર્ષે મળનાર રૂ. ૧૦,૫૪૫ના વ્યાજમાંથી તે માટે નિયુક્ત થયેલી સમિતિ નીચેના હેતુઓ માટે યોગ્ય લાગે તે પ્રમાણે ફાળવણી કરશે :

(૧) પુસ્તકો–જર્નલની ખરીદી માટે

(૨) શિષ્યવૃત્તિ

(૩) સંશોધન પ્રવૃત્તિઓના વિસ્તરણ માટે.

૨. વૈજ્ઞાનિક પ્રવૃત્તિનું સંચાલન નીચે દર્શાવેલ સભ્યોની સમિતિ કરશે :

(૧) કુલપતિશ્રી;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી;

(૩) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી;

(૪) કુલપતિશ્રી નિમણૂક કરે તે બે સભ્યો.

૩. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત ગુજરાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૪. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૭૬

"સાયન્સ કોંગ્રેસ ચંદ્રક"

પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦–૦૦ (સાત હજાર પાંચસો).

પ્રદાનનો પ્રકાર : એક ચંદ્રક

પ્રદાન સ્વીકારવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

૧. "સાયન્સ કોંગ્રેસ ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૬૪૦ની કિંમતનો એક ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીના એમ.એસસી. અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રાણીવિજ્ઞાનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક એનાયત કરતાં બાકીની વધતી રકમ વિજેતાને રોકડ તરીકે ચૂકવવામાં આવશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે અને તેની પદવીદાન સમારંભ વખતે જાહેરાત કરવામાં આવશે.

૪. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકમાંથી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ--૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ફેબ્રુઆરી **માસની સભા, મંગળવાર,** તા. ૧૯–૨–૧૯૮૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી **અને બુધવાર,** તા. ૨૦–૨–૧૯૮૦ના રોજ તે જ સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસે પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. બન્ને દિવસે સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯–૨–૧૯૮૦	તા. ૨૦–૨–૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર	હાજર
૩.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર	હાજર
૫.	ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર	ગેરહાજર
૬.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર	હાજર
૭.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૮.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર	હાજર
૧૦.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૧૨.	શ્રી. એન. આર. શાહ	હાજર	હાજર
૧૩.	શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક	હાજર	હાજર
૧૪.	શ્રીમતી બદરુબહેન એચ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર

૧. તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

ક્રમાંક	બાબત ક્રમાંક	પાના નંબર	છાપભૂલ	સુધારો
૧.	૪	૪	સંલગ્ન કૉલેજોના	સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના
૨.	૧૪	૭	પ્રસ્તાવની પ્રથમ લીટીમાં ૫૦ ટકા	૫ ટકા
૩.	૨૨	૯	કંડિકા ૨(b) in any of the terms	in any of the terms
૪.	૬૯	૨૯	૧૪–૬–૧૯૮૭	૧૪–૬–૧૯૮૩
૫.	૧૦૮	૪૬	શ્રી. વી. આર. ગડાણી	શ્રી. વી. આર. રૂડાણી

૬. બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાંથી નીચેનો ભાગ રદ કરવો :

વધુમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, કાયદાનું શિક્ષણ સુધારવા માટે ઉત્સુક હોઈ, અધ્યાપકોમાં અસંતોષની લાગણી હોય તો શિક્ષણનાં ધોરણ સુધારવાનો હેતુ બર આવે નહીં તેથી આ સમિતિ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે ખંડ સમયના અધ્યાપકોનાં પગારધોરણો બધી કૉલેજોની સાથે કાયદાની કૉલેજોને પણ લાગુ પાડવાં જોઈએ.

તે બાબતમાં ખોટ કરતી કાયદાની કૉલેજોને સરકારશ્રીએ ગ્રાન્ટેબલ ગણવી જોઈએ અને તા. ૨૨–૧–૧૯૮૦ સરકારી ઠરાવ ક્રમાંક પરચ–૧૯૭૮–૬૨૧૯૩–ખ રદ કરવો જોઈએ.

આથી બાબત નં. ૮૨ ઉપરનો ઠરાવ નીચે મુજબ વંચાશે :

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) બાબત નં. ૮૨માં જણાવેલ સમિતિના હેવાલમાંથી નીચેનો ભાગ રદ કરીને બાકીના ભાગનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ કાયદાની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજો અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

"ખંડ સમયના વ્યાખ્યાતાનાં પગારધોરણોમાં વિભેદ ચાલુ રહે તો સંલગ્ન કાયદાની કૉલેજોમાં ઓછામાં ઓછા રૂ. ૫૦ સત્ર દીઠ ફીમાં વધારો કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહે નહીં તેમ આ સમિતિ માને છે."

(૨) ઉપર બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારનો નિર્ણય આવે નહીં ત્યાં સુધી બાબત નં. ૪૮ ઉપરની વિચારણા મોકૂફ રાખવી.

૧. તા. ૧૨—૧—૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૨—૧—૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની ત્રણ વર્ષની મુદત તા. ૩૧-૧૨-૧૯૭૯ના રોજ પૂરી થઈ હોવાથી તેની પુનઃરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની રચના ત્રણ વર્ષ માટે નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી કે. એસ. શાસ્ત્રી
૩. શ્રી અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક
૪. આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ
૫. શ્રી. અરવિંદભાઈ આર. શાહ
૬. શ્રી. શરદભાઈ પટેલ.

૩. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ નં. ૨ના સ્ટે. ૫ હેઠળ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલા આચાર્ય કે. જે. ભટ્ટની ખાલી પડેલી જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તા. ૧૮—૭—૧૯૭૯ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં **સદરહુ** બોર્ડ પર નીચેના અન્ય સભ્યો નિયુક્ત થયેલ છે :

૧. આચાર્ય જે. ડી. તલાટી
૨. શ્રી. એચ. કે. ત્રિવેદી
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. ,, હરિશંકર પંડ્યા
૫. ,, હરિશંકર શુક્લ
૬. ,, ચન્દ્રકાન્ત એ. ટોપીવાલા]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ ઉપર આચાર્ય કે. જે. ભટ્ટની જગ્યાએ બાકી **રહેલા** સમય માટે આચાર્ય કે. ડી. શાહની નિમણૂક કરવી.

૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ (૧) કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ, (૨) સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ, અને (૩) કૉલેજોના જોડાણ-શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ચર્ચા-વિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ તેમજ કૉલેજોના જોડાણની શરતોના પરિપાલન અંગે ત્રણ વર્ષ માટે નીચે મુજબ સ્થાયી સમિતિ

રચવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. ડૉ. પરેશભાઈ મજમુદાર
૫. ડૉ. હર્ષદભાઈ દેસાઇ
૬. શ્રી. એન. આર. શાહ.

સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ ત્રણ વર્ષ માટે નીચે મુજબ રચવી : કુલપતિશ્રી નીમે તે પાંચ સભ્યો અને શ્રી. શરદભાઈ પટેલ.

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં જે તે તારીખથી કાર્યક્ષમતા અંતરાય (E.B.) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી
૧.	શ્રી. એસ. વી. શાસ્ત્રી પરીક્ષા નિયામક	રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-ઈબી- ૬૦-૧,૬૦૦	રૂ. ૧,૩૦૦ પછીનો તા. ૧-૨-૧૯૮૦થી
૨.	શ્રી. એન. જે. પાઠક	રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦- ઈબી-૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦- ઈબી-૪૦-૧,૨૦૦	રૂ. ૧,૦૦૦ પછીનો તા. ૧૭-૪-૧૯૮૦થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો **સભાગૃહ** સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલા પગારધોરણમાં અને તારીખથી અનુક્રમે રૂ. ૧,૩૦૦ અને રૂ. ૧,૦૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય આળંગવા માટે **મંજૂરી** આપવી.

૬. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં જે તે તારીખથી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	પગારધોરણ	હાલનો પગાર	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા અંગેની તારીખ
૧.	શ્રી પી. એસ. ગુજર	મશીનમેન	રૂ. ૩૮૦–૧૨–૪૪૦–૧૫–૪૭૦–ઈબી–૧૫–૫૬૦–૨૦–૬૪૦	૪૭૦	૯–૧–૧૯૮૦
૨.	શ્રી સી. વી. પટેલ	,,	,,	૪૭૦	૯–૧–૧૯૮૦
૩.	શ્રી એચ. કે. પટેલ	,,	,,	૪૭૦	૪–૨–૧૯૮૦
૪.	શ્રી એન. એમ. મકવાણા, આસિ. બાઇન્ડર	,,	,,	૪૭૦	૧૦–૩–૧૯૮૦

સદરહુ સભ્યોની કામગીરી અંગેનાં ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં રસાયણવિજ્ઞાનના લેક્ચરર તરીકે કામ કરતા ડૉ. યુ. આઈ. ભટ્ટ તા. ૧૧-૧૧-૧૯૭૮ના રોજ રાજીનામું આપી ફારેગ થયેલ હોઈ તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૭–૧–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ડૉ. ભટ્ટ તા. ૧–૮–૧૯૭૮ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૧૧–૧૧–૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યુ. આઈ. ભટ્ટને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૮. ઇન્ડિયન લાઇબ્રેરી એસોસિયેશનના પ્રમુખશ્રીની વિનંતીના સંદર્ભમાં ઇન્ડિયન લાઇબ્રેરી એસોસિયેશનનું આગામી ૨૬મું વાર્ષિક અધિવેશન ડિસેમ્બર ૧૯૮૦માં યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા અંગે યુનિ.ના કાર્યકારી ગ્રંથપાલશ્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અંદાજે રૂ. ૨૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવાની થશે તેમ શ્રી ગ્રંથપાલે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી એમ કાર્યકારી ગ્રંથપાલશ્રીને જણાવવું.

૯. વિજ્ઞાનવિદ્યા ભવનમાં માઇક્રોબાયોલોજીના રીડર તરીકે ડૉ. એસ. જી. દેસાઈનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૦–૧૧–૧૯૭૮ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાનવિદ્યા ભવનના માઇક્રોબાયોલોજીના રીડર ડૉ. એસ. જી. દેસાઈની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એસ. જી. દેસાઈને માઇક્રોબાયોલોજીના રીડર તરીકે તા. ૧૦–૧૧–૧૯૭૮થી કાયમ કરવા.

૧૦. યુનિવર્સિટીના મુદ્રણાલયમાં આસિ. કમ્પોઝ ફોરમેન તરીકે કામ કરતા શ્રી. પી. એચ. પટેલને રાજ્ય સરકારના ઠરાવ નં. એમ.એસ.બી.–૧૨૭૮–૮૬–જે, તા. ૫-૨-૧૯૭૯ અન્વયે શારીરિક રીતે અપંગ કર્મચારીઓને ઠરાવની મર્યાદામાં રહીને રૂ. ૫૦–૦૦ સુધીનું વાહનભથ્થું જે રાજ્ય સરકારમાં આપવામાં આવે છે તે તેઓને આપવા અંગેની તેઓની તા. ૨૫-૧-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારના નિયમ મુજબ શ્રી. પી. એચ. પટેલને બે extremitiesવાળી જોગવાઈ લાગુ પડતી હોય તો તે અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ

કર્યેથી તેમને રાજ્ય સરકારના ઠરાવેલા દરે, માસિક રૂ. ૫૦/–ની ગુરુતમ મર્યાદાને આધીન, વાહન-ભથ્થું આપવું.

૧૧. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની પદમી વાર્ષિક સભા જાન્યુઆરી / ફેબ્રુઆરી, ૧૯૮૨માં ગુજરાત યુનિવર્સિટીમાં યોજવા માટે નિમંત્રણ આપવા અંગે ઍસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૧૭–૧–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**–૧. આખરે ૧૦૦ વ્યક્તિઓ માટે રહેવા-જમવાની સગવડ કરવાની રહેશે.
૨. કુલપતિશ્રીઓની હાજરીની સંખ્યાના આધારે રૂ. ૨,૦૦૦–૩,૦૦૦ની પ્રતીક સહાય ઍસોસિયેશન આ અંગે યજમાન યુનિવર્સિટીને આપે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી એમ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના મંત્રીશ્રીને લખી જણાવવું.

૧૨. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના સને ૧૯૭૮–૭૯ની ત્રિવાર્ષિક તપાસના હેવાલના સંદર્ભમાં સદરહુ કૉલેજને પ્રિવેન્ટિવ ઍન્ડ સોશ્યલ મેડિસિન વિભાગમાં એક ઍસોસિયેટ પ્રોફેસરની નિમણૂક કરવા જણાવ્યું હતું તે અંગે કૉલેજના ડીને નીચે મુજબ જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

" .....the proposal of creation of new post involving substantial expenditure can be considered after receiving the reply from Government of Gujarat regarding our request for financial assistance for this college, which is an educational institute It is the known policy of Govt. of Gujarat to provide 100% grant in educational institute of the State. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિનના વિભાગમાં ઍસોસિયેટ પ્રોફેસરની નિમણૂક કરવા માટે યુનિવર્સિટીએ આપેલી સૂચનાનું ઘણો સમય થયો હોવા છતાં પણ પરિપાલન થયું નથી તે યોગ્ય નથી અને સરકાર તરફની ગ્રાન્ટથી નિરપેક્ષ રીતે ઍસોસિયેટ પ્રોફેસરની નિમણૂક કરવી આવશ્યક છે અને તેથી વધુ કાળક્ષેપ કર્યા સિવાય ત્વરિત નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને અનુરોધ કરવો.

૧૩. વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સ્થાપવા અંગેની ભલામણ યુનિવર્સિટી કોર્ટની તા. ૬/૭–૧૨–૧૯૭૯ની સભાએ એક્ઝિકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧ વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી
૨. એલ. એમ કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્યશ્રી
૩. શ્રી. રજનીકાન્ત વી પટેલ
૪ શ્રી એન આર. શાહ.

૧૪. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"દરમિયાન આ ૯૦ જેટલા કર્મચારીઓ સિવાયના તમામ કર્મચારીઓને ૫૦ ટકા વેઇટેજનો લાભ ૧—૧—૧૯૭૩થી મળેલ હોઈ આ ૯૦ ટકા જેટલા કર્મચારીઓને પણ ૧—૧—૧૯૭૩થી મળે જેનો અંદાજી કુલ ખર્ચ ફકત રૂ. ૯૭,૨૦૦ થવા જાય છે કે ૧—૧—૧૯૭૩થી ૩૧-૧૨-૧૯૭૩ સુધી કશું જ આપવાનું નથી. ફકત ૧—૧—૧૯૭૪થી ૩૧—૩—૧૯૭૯ સુધીનો તફાવત આપવાનો હોઈ, આ રકમ યુનિવર્સિટી જેવી સંસ્થા માટે વધુ નહીં હોઈ, તેથી યુનિવર્સિટી એકી સાથે ચૂકવી શકે તેમ છે, તેમ છતાં તેમ શકય ન બની શકે તો, તેના સરખા પાંચ હપતા કરીને ૧લો હપતો ૧—૬-૧૯૮૦ સુધીમાં, બીજો હપતો ૩૧—૧૨—૧૯૮૦ સુધીમાં, ત્રીજો હપતો ૧-૬-૧૯૮૧ સુધીમાં, ૪થો હપતો ૩૧-૧૨-૧૯૮૧ સુધીમાં, પાંચમો હપતો ૧-૬-૧૯૮૨ સુધીમાં ચૂકવી આપી આ ૫ ટકા વેઇટેજનો તફાવત આ ૯૦ કર્મચારીઓને ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે."

[**નોંધ.**—આ બાબત ગઈ સભામાં મુલતવી રહી હતી. આ અંગે આશરે રૂ. ૧,૯૫,૪૨૦નું ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૫ અને ૯૮ સાથે કરવાનું સભાગૃહે ઠરાવ્યું અને તેથી તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬. ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી ઑફ ટેકનોલોજી, નડિયાદના શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રી એમ. એ. શેખને સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે પુનઃ સ્થાપિત કરીને તેમને આનુષંગિક મળતા લાભ આપી તા. ૧૫-૫-૧૯૭૯ સુધીમાં જાણ કરવા કૉલેજના આચાર્યને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮-૨૯ એપ્રિલ ૧૯૭૯ તથા ૧ મે ૧૯૭૯ના રોજની સભાના ઠરાવ અન્વયે જણાવ્યા છતાં તેઓએ તેમ કર્યું ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ બાબતમાં ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદનો આદેશ આવ્યેથી યોગ્ય કરવામાં આવશે તેમ આચાર્ય જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને જણાવવું કે વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવા માટે યુનિવર્સિટીએ આપેલી સૂચનાનું ઘણો સમય થયો હોવા છતાં પરિપાલન થયું નથી તે યોગ્ય નથી અને સરકાર તરફની ગ્રાન્ટથી નિરપેક્ષ રીતે વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક છે અને તેથી વધુ કાળક્ષેપ કર્યા સિવાય ત્વરિત નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને અનુરોધ કરવો.

૧૭. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯/૩૦-૩-૧૯૭૯ અને તા. ૨-૪-૧૯૭૯ની સભામાં સુધારેલ ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડયુલ-IIના સ્ટેચ્યૂટ—૮ને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલવા રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરીએ તેના તા. ૨૪-૧-૧૯૮૦ના પત્રાંક જી.એસ. ૧૧-૪૦-૪-૮૦થી નીચે મુજબ ઠરાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

".....I am directed to inform you that the amendment to Statute 8, Schedule—II has not been approved by the Chancellor as the proposed

amendment reduces the representation of students in the administration of the University hostels which subject vitally concerns their welfare, and it is not considered desirable to reduce their representation. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી

૧૮. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને રાજ્ય સરકારના ધોરણે લીવ ટ્રાવેલ કન્સેશન સહિતના પ્રવાસ ભથ્થા (Travelling allowance including Leave Travel Concession)નો લાભ આપવા અંગેનો 'ગુટા'ના મંત્રીશ્રીના તા. ૮-૧-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૧૦-૧૯૭૯ની સભામાં બાબત ક્રમાંક—૧૭થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકગણના કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે લીવ ટ્રાવેલ કન્સેશન સહિતના પ્રવાસ ભથ્થા (Travelling allowance including Leave Travel Concession)નો લાભ આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ લાભ યુનિવર્સિટીના શિક્ષકવર્ગના કર્મચારીઓને તેમ જ કૉલેજના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ આપવામાં આવે તે માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. ગુરુ નાનક ભવનના ઉપક્રમે ચાલનાર વિવિધ પ્રવૃત્તિઓના સુચારુ સંચાલન અંગે નિયુક્ત થયેલી સ્થાયી સમિતિની તા. ૯-૧-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ભલામણ :

"……તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચેની જગ્યાઓ પર જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ચોકીદાર
(૨) પટાવાળા
(૩) સફાઈ કામદાર અને
(૪) ગ્રાઉન્ડમેનની નિમણૂક કરવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું."

[**નોંધ.**—બજેટમાં નીચે પ્રમાણેની જોગવાઈ છે :

				કુલ
૧.	ચોકીદાર—૧	રૂ. ૩૫૦—૦૦	માસિક	૪,૨૦૦—૦૦
૨.	પટાવાળા—૧	રૂ. ૩૫૦—૦૦	,,	૪,૨૦૦—૦૦
૩.	સફાઈ કામદાર—૧	રૂ. ૩૫૦—૦૦	,,	૪,૨૦૦—૦૦
૪.	ગ્રાઉન્ડમેન—પગારની જોગવાઈ નથી. પરંતુ ગ્રાઉન્ડની જાળવણી માટે રૂ. ૩,૬૦૦—૦૦ની જોગવાઈ છે.]			

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક ભવન માટે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે ભરી કરવી :

એક ક્રેરટેકર
એક ચોકીદાર
એક સફાઈ કામદાર.

૨૦. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર શ્રી. લાખિયા દેસાઈ એન્ડ કું.ની વાર્ષિક ઑડિટ ફીમાં વધારો કરવા અંગેના તેઓના તા. ૩૧—૧૨—૧૯૭૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે (સિન્ડિકેટ) તેની તા. ૯—૧૧—૧૯૬૮થી આ ફી રૂ. ૫,૦૦૦ની હતી અને તેનો અમલ ૧લી એપ્રિલ ૧૯૬૯થી કરવામાં આવ્યો હતો.

(૨) શ્રી. લાખિયા-દેસાઈ આ વધારો ૧૯૭૮—૭૯ના વર્ષથી આપવા જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. માર્ચ ૧૯૮૦માં લેવાનાર પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓમાં અનુત્તીર્ણ થયેલ કે એ.ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓ માટે હવે તે પરીક્ષાઓ વધુ કયાં સુધી લેવાનું રાખવું અને પ્રી-યુનિવર્સિટી વિનયન એક્સ્ટર્નલ પરીક્ષા હવે લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૨૨—૭—૧૯૭૮ બાબત ૪૬થી પ્રી-યુનિ. ઑકસ્ટ. પરીક્ષા ઑકટોબર ૧૯૭૮, માર્ચ ૧૯૭૯ અને ઑકટોબર ૧૯૭૯માં લીધી, પ્રી-કૉમર્સ માર્ચ ૧૯૭૯માં એકસ્ટર્નલ લીધી.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં સત્રો ભરીને પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ (એ.ટી.કે.ટી. મેળવતા વિદ્યાર્થીઓ) સહિત માટે જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી પરીક્ષા ઑકટોબર ૧૯૮૦ માં લેવાનું રાખવું અને તે પછી પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા સદંતર બંધ કરવી.

૨૨. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાની શરતોની કંડિકા ૨ (*b*) અન્વયે સત્રના મોટા ભાગમાં સેવાઓ આપી હોય તેવા શિક્ષકો અને મહિનાના વેકેશન સેલેરીને પાત્ર છે, જ્યારે તા. ૧-૧-૧૯૭૯થી અમલમાં આવેલ શિક્ષકોના રજાઓના નિયમોની ૬(ii) કંડિકા (C) હંગામી શિક્ષકો આને પાત્ર નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઉપર નિર્દિષ્ટ કંડિકાઓ નીચે ટાંકી છે :

કંડિકા ૨ (*b*) : "If he has served for the major part in any to the terms he sh[illegible] one month salary as vacation salary,"

કંડિકા ૬ (*ii*) : "In other cases, the vacation salary may be paid to the teacher, of that temporary appointment continuous for a part or whole of the next academic year and the teacher joins on the opening day and has also served on the last working day before the vacation."]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત અંગે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની બાબતમાં ઠરવામાં આવેલી જોગવાઈ પર્યાપ્ત હોઈ રજાઓના નિયમો (લીવ રૂલ્સ)માંથી કંડિકા ૬ (*i*) અને (*ii*) રદ ઠરવી.

૨૩. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનું બે ડાયરેક્ટોરેટમાં એટલે કે (૧) ડાયરેક્ટર ઑફ હાયર એજ્યુકેશન અને (૨) ડાયરેક્ટર ઑફ પ્રાઇમરી એન્ડ એડલ્ટ એજ્યુકેશનમાં વિભાગીકરણ થયું હોવાથી યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૨), વર્ગ ૨(બી) (૧) તથા ૧૯(૨) (iii)માં સુધારો આવશ્યક બને છે અને આ સુધારો થાય નહિ ત્યાં સુધી ડાયરેક્ટર ઑફ હાયર એજ્યુકેશન એકિઝક્યુટિવ કાઉન્સિલના હોદ્દાગત સભ્ય બનતા નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સે જૂન ૧૯૭૯થી પ્રથમ વર્ષ બી.કૉમ. કક્ષાએ ગુજરાતી માધ્યમના વર્ગો બંધ કર્યા છે તેના અનુસંધાનમાં કુલપતિશ્રીએ સદરહુ કૉલેજના સંચાલક મંડળના પ્રમુખશ્રીને તા. ૪-૭-૧૯૭૯ના રોજ લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૪૪. શિક્ષણના માધ્યમ તરીકે વપરાતી ભાષાનો ઉપયોગ બંધ થવાને કારણે વર્ગોની અને/અથવા વિદ્યાર્થી-સંખ્યા જો કૉલેજોમાં ઘટે તો તે અંગે શું કાર્યવાહી કરવી તે અંગે રિપોર્ટ આપવા એકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિએ ઑર્ડિ. ૧૨૦-ઈ સુધારવા માટે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૨–૧૯૮૦ની સભામાં સ્વીકારેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (એક. કાઉ. બાબત ક્રમાંક ૫૨).

બાબત નં. ૨૪ સાથે બાબત નં. ૪૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બેઉ બાબતો અંગે ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૪૪માં જણાવેલ સમિતિએ કરેલી ભલામણ સ્વીકારવી.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦-ઈ ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૫. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટેના યુનિવર્સિટીએ નિયત કરેલ રજાઓના નિયમો સરકારશ્રીએ ગ્રાન્ટ માટે માન્ય કરેલ ન હોઈ સંલગ્ન કૉલેજોને મુશ્કેલી નડે છે, તેમ જણાવીને સરકારશ્રી સાથે [redacted] અસલત કરી તે અંગે પુનઃ

વિચારણા કરવા માટેના સોસાયટી ઓફ હાયર એજ્યુકેશન ઇન્સ્ટ્રટ્યૂશન્સ, અમદાવાદના માનદ મંત્રીશ્રીના તા. ૧૨-૧-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભરોઈ સંશોધન એવોર્ડ (કેમિસ્ટ્રી) ૧૯૭૮ના વર્ષનો એવોર્ડ નિર્ણાયક સમિતિની તા. ૭-૧-૧૯૮૦ની સભામાં ડો. રસિકલાલ કેશવલાલ શાહને એનાયત કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. "ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ વ્યાખ્યાનમાળા" અંગે તૈયાર કરવામાં આવેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.)

૨૮. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૭૯ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. જયેશ જે. માંકડ ચંદ્રક" ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજીની પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા પ્રદાન અંગેના નિયમોની નકલ **પરિશિષ્ટ 'ખ'** તરીકે સામેલ છે.)

૨૯. પ્રો. કે. આર. ચંદ્રશેખરનના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. બી. જે. પંડ્યાએ રજૂ કરેલ મહાનિબંધ પરત્વેના બાહ્ય રેફરીઓના હેવાલમાં Tie પડતાં એકિઝકયુટિવ કાઉન્સિલની જાન્યુઆરી ૧૯૭૯ની સભાના ઠરાવ અનુસાર નિમાયેલા ચોથા પરીક્ષક ડૉ. જી. એસ. આયુરના હેવાલ પર તેમજ પ્રો. ચંદ્રશેખરનની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. જે. પંડ્યાનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણવો.

૩૦. ડૉ. જી. એસ. ગુપ્તાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. એન. ટી. પટેલે રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની ૧૯૭૯ના એપ્રિલ માસની સભાના ઠરાવ મુજબ નિમાયેલા ચોથા પરીક્ષકના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. ટી. પટેલનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણવો.

૩૧. યુનિવર્સિટી કેમ્પસમાં સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિ તરફથી વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયનાં મકાનો બાંધવામાં આવેલાં છે. તેમાં પાણી-પુરવઠો તથા ડ્રેનેજ-કનેક્શન આપવા માટે ટ્રસ્ટના કાર્યાલયનાં મુખ્ય અધિકારી તરફથી આવેલા પત્ર નં. ૧૪૯૨ તા. ૪–૧–૧૯૮૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાત્રાલયો માટે પાણી-પુરવઠા તથા ગટર-ચોજના માટેનાં જોડાણો લેવા માટે મંજૂરી આપવી અને પાણીના જોડાણ માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ધોરણે તે છાત્રાલયના સંચાલકો પાસેથી ચાર્જ લેવાનું રાખવું.

૩૨. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪–૧–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪–૧–૧૯૮૦ ની સભાની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ સમિતિની તા. ૨૪—૧—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે.]

૩૨–એ. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯–૧૨–૧૯૭૮ની સભામાં કુલપતિશ્રીને આપેલી સત્તા અન્વયે નીચેની વિવિધ પરિષદો/પરિસંવાદો, યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિયુક્તિની વિગતો (જાણ માટે) :

ક્રમાંક	પરિષદ/પરિસંવાદ	સ્થળ	તારીખ	પ્રતિનિધિનું નામ
૧.	ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૦મું અધિવેશન	વડોદરા	૧૮થી ૨૦, જાન્યુ. ૧૯૮૦	શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટ
૨.	ભારતીય હિન્દી પરિષદનું ૨૯મું અધિવેશન	વારાણસી	૨૩થી ૨૫, જાન્યુ. ૧૯૮૦	શ્રી. બી. એસ. પટેલ
૩.	ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસનું ૬૭મું સત્ર	કલકત્તા	ફેબ્રુ આરી ૧થી ૫, ૧૯૮૦	શ્રી. આઈ. ડી. પટેલ
૪.	નેશનલ ઍસોસિયેશન ઑફ જ્યોગ્રાફર્સનું પ્રથમ અધિવેશન	ચંદીગઢ	૧૮થી ૨૧—૧—૧૯૮૦	શ્રી ડૉ. કે. એમ. કુલકર્ણી (અશક્ત દર્શાવી.)
૫.	નેશનલ કૉન્ફરન્સ ઑન ક્રિસ્ટોલોગ્રાફી	કલકત્તા	૧૭થી ૧૯—૧—૧૯૮૦	શ્રી બી. પી અગ્રવાલ
૬.	પ્લાન્ટ ફિઝિયોલોજીનો પરિસંવાદ	ન્યૂ દિલ્હી	ફેબ્રુ. ૧૧થી ૧૨	શ્રી. ઓ. પી. સકસેના
૭.	ઑલ-ઇન્ડિયા સેલ બાયોલોજીનું ૫મું અધિવેશન	કલકત્તા	જાન્યુ. ૧૧થી ૧૩. ૧૯૮૦	ડૉ. વી સી. શાહ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. એમ.એડ. અને એમ.ફિલ.ના પાર્ટટાઇમ અભ્યાસક્રમ માટે સત્ર ફીનો દર નિયત કરવા તથા સંબંધકર્તા ઓર્ડિ. ૧૫૧-સીમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. યુનિવર્સિટી તરફથી પ્રકાશિત થનાર પુસ્તકો માટે લેખકોને જે પુરસ્કાર આપવામાં આવે છે તે બાબતમાં તેમની સાથે કરવાના કરારના સંદર્ભમાં નીચે મુજબની સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરવા બાબત :

"હાલમાં લેખકો/અનુવાદકોને જે પુરસ્કાર અપાય છે તે ધોરણ ચાલુ રાખવું, પણ લેખકો સાથે થયેલ કરારનામામાં સ્પષ્ટતા કરવી કે પુરસ્કારની ૫૦ ટકા રકમ પુસ્તક પ્રકાશિત થયે એક માસમાં આપવામાં આવશે અને બાકીની રકમ દર વર્ષે જે પ્રમાણે પુસ્તકનું વેચાણ થતું જશે તે પ્રમાણે ચૂકવવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે લેખન-અનુવાદના કામ માટે નકલોના વેચાણ પર પુરસ્કાર (રોયલ્ટી) આપવાનો કરાર કરવામાં આવે તેવા કેસોમાં પુરસ્કારના ૫૦ ટકા જેટલી રકમ પુસ્તક પ્રકાશિત થયેથી એક માસમાં આપવામાં આવશે અને બાકીની રકમ દર વર્ષે જે પ્રમાણે પુસ્તકનું વેચાણ થતું જાય તે પ્રમાણે પ્રત્યેક નાણાકીય વર્ષને અંતે હિસાબ કરીને ચૂકવવાનું રાખવું.

૩૫. યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે અનુવાદના કામ માટે પુરસ્કારના દર નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. મૌલિક કામ માટે લેખકોને માટે નીચે પ્રમાણે પુરસ્કારનું ધોરણ આ સભાગૃહે તેની તા. ૧૮—૭—૧૯૭૯ની સભામાં નિયત કરેલું છે :

(૧) મૌલિક કામ માટે પ્રત્યેક નાણાકીય વર્ષની વેચાયેલ નકલો પર ૨૦ ટકા (કોપીરાઇટ હક્ક લેખકના)

અથવા

૧/૮ ડેમી કદના એક પાનાના રૂ. ૧૩-૦૦. જો લેખક પોતે પ્રુફ વાંચે તો પાના દીઠ રૂ. ૨-૦૦ અને શબ્દસૂચિ માટે બે કોલમના એક પૃષ્ઠના રૂ. ૫-૦૦.

(૨) આવૃત્તિના માત્ર પુનર્મુદ્રણ માટે (૧૧૦૦ નકલ કે ઓછી) પ્રથમ આવૃત્તિના પુરસ્કારના ૨૧ ટકા અને સુધારાવધારાવાળી આવૃત્તિ માટે ૧૧૦૦ કે તેથી ઓછી નકલના પ્રથમ આવૃત્તિના પુરસ્કારના ૫૦ ટકા (કોપીરાઇટ હક્ક યુનિવર્સિટીના]

૨. અનુવાદના કામ અંગે અનુવાદકને પુસ્તકના વેચાણ પર ૧૦ ટકા રોયલ્ટી (જેમાં કોપીરાઇટ હક્ક અનુવાદકના) આપવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે અનુવાદના કામ માટે અનુવાદકો પાસેથી તમામ કોપીરાઇટ હક્કોની ખરીદી માટે પુરસ્કારનો દર ૧/૮ ડેમી કદના એક પાન માટે રૂ. ૬-૫૦ (છ રૂપિયા અને પચાસ પૈસા)નો રાખવો.

૩૬. યુનિવર્સિટીના ભૌતિકવિજ્ઞાન વિભાગના વડા ડૉ. એસ. ડી. વર્માની સંશોધન યોજના "Detection of high energy electrons in the upper atmosphere"ને આઈ.એસ.આર.ઓ.એ તેના તા. ૨૪-૧-૧૯૮૦ના પત્રાંક ૧૦-૨-૫૮થી ત્રણ વર્ષ માટે પત્રમાં દર્શાવેલ શરતોએ મંજૂર કર્યાની નોંધ લેવા તેમ જ આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પત્ર સાથે આવેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ રિસર્ચ એસોસિયેટ અને ઇલેકટ્રોનિક એન્જિનિયરનો પગાર, ઇક્વિપમેન્ટ્સ એન્ડ કોમ્પોનન્ટસ ટ્રાવેલ અને બીજા ખર્ચ મળીને કુલ ત્રણ વર્ષ માટે રૂ. ૩,૫૮,૦૦૦ મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે ડૉ. એસ. ડી. વર્માને જણાવવું.

૩૭. ભારત સરકારના ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્ઝ કમિશનના ૪૫મા અધિવેશનની ભલામણોના સંદર્ભમાં યુનિવર્સિટીઓમાં રેકર્ડ્ઝ દસ્તાવેજો વગેરેનો સંગ્રહ કરવા માટે એક યુનિટ (Creation of Archival Cell) સ્થાપવા બાબત તા. ૨૨-૭-૧૯૭૮ની એક્ઝિકયુટિવ કાઉન્સિલે જરૂરી પ્રસ્તાવ તૈયાર કરવા નીમેલ સમિતિની તા. ૧૨-૧૨-૧૯૭૯ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨—૧૨—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવી, પરંતુ તેનો અમલ ભારત સરકાર અને/અથવા રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મળ્યેથી કરવાનું રાખવું.

(સદરહુ સમિતિની તા. ૧૨-૧૨-૧૯૭૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૩૮. ૧૯૮૦ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવાની કાર્યાલયે સૂચવેલ તારીખો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તેમાં જરૂર મુજબ ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ યાદીની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૩૯ ગુજરાતી ભાષામાં "જ્ઞાનકોશ" તૈયાર કરવા અંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ એસ.જી. ૧૧૭૮/૫૪૦૯/૮૦ : ખ તા. ૨૪-૧-૧૯૮૦થી દસ વર્ષના સમય માટે રૂ. ૫૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ) મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે બાબતમાં આગળની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩—૨—૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮—૨—૧૯૮૮ની સભાની ભલામણો અંગે કુલપતિશ્રીએ સભાગૃહને ખ્યાલ આપ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(ક) જ્ઞાનકોશના કામકાજ માટે નીચે મુજબ વહીવટી સમિતિના રચના કરવી :

(૧) કુલપતિશ્રી, અધ્યક્ષ

(૨) શ્રી કંચનલાલ ચં. પરીખ, કુલસચિવ (વ્યક્તિગત રીતે)

(૩) રાજ્ય સરકારના બે પ્રતિનિધિઓ

(૪) હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ જેની નિમણૂક કુલપતિશ્રી કરશે.

(૫) ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ પૈકી એક કુલપતિશ્રી જેની નિમણૂક કુલપતિશ્રી કરશે

(૬) પાંચ સભ્યો જેની નિમણૂક એકિઝકયુટિવ કાઉન્સિલ કરશે અને બે સભ્યો જેની નિમણૂક એકેડેમિક કાઉન્સિલ કરશે.

(ખ) જ્ઞાનકોશના સંપાદન માટે જરૂરી વિદ્વદ્ સમિતિની રચના અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મેળવીને સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

(ગ) જ્ઞાનકોશ માટે બે વિભાગીય સંપાદકો માટે નીચે મુજબ સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી, અધ્યક્ષ, અને

(૨) નીચે મુજબ ૫ નિષ્ણાતો :

(અ) ૩ નિષ્ણાતો જેની નિમણૂક એકિઝકયુટિવ કાઉન્સિલ કરશે.

(બ) ૨ નિષ્ણાતો જેની નિમણૂક એકેડેમિક કાઉન્સિલ કરશે.

(ઘ) જ્ઞાનકોશના કામકાજ માટે ચાલુ નાણાકીય વર્ષમાં જરૂરી પુસ્તકો અને ફર્નિચર ખરીદવા માટે કુલપતિશ્રીની નાણાકીય સત્તાની મર્યાદાને આધીન જરૂરી ખર્ચ કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૪૦. રાજ્ય સરકારે તેના ઠરાવ નં. એ.પી.બી. ૧૯૭૮-૩૯૯૯-૭૯ ઝેડ તારીખ ૨૩-૧૧-૧૯૭૯થી દાખલ કરેલ સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોયઝ ઇન્સ્યુરન્સ સ્કીમ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે દાખલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૧. સંશોધન અને સાંસ્કૃતિક સંસ્થાઓને અનુદાનની સહાયક ચુકવણી અંગેના નિયમોમાં સુધારણા કરવા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૭-૧૧-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક આર.સી.આઈ. ૧૩૭૮-૬૧૧૧૦-(૭૯) (ખ)ની નોંધ લેવા બાબત.

(નોંધ—સદરહુ ઠરાવ માન્ય સંસ્થાઓના વડાઓને તારીખ ૨૪—૧—૧૯૮૦ના પરિપત્રાંક એકેડેમિક ૧૭૫૭૪૫/૮૦થી પરિપત્રિત કર્યો છે)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાના અધ્યાપક ડૉ. ભરતકુમાર ડી. ઠાકરની ગંભીર પ્રકારની બીમારીને કારણે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૦ની સભાના ઠરાવ અન્વયે તા. ૪–૧૨–૧૯૭૯થી ચાલુ વર્ષના અંત સુધીની (જરૂર પડે ઉનાળુ વૅકેશન તેની સાથે જોડવાની મંજૂરી સહિત) રજાઓ મંજૂર કરવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ જણાવતાં આચાર્યશ્રીની તા. ૧૭-૧-૧૯૮૦ના પત્રની પૃચ્છાના સંદર્ભમાં મંજૂર કરેલ રજાઓ ચાલુ પગારની ગણવાની સ્પષ્ટતા કર્યાના;

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦–૧૨–૧૯૭૮ની સભામાં અનાજ, તેલ વગેરે જીવનજરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે વર્ષમાં એક વખત રૂ. ૬૦૦ની ગુરુતમ મર્યાદામાં રહીને બે મૂળ માસિક પગાર રૂ. ૧,૦૦૦/– સુધીના મૂળ માસિક પગારવાળા કર્મચારીઓને આપવાનું ઠરાવ્યું હતું તેને બદલે રૂ. ૧,૧૦૦/– મૂળ માસિક પગાર ધરાવતા શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને આ ઍડવાન્સ આપ્યાના;

(૩) કૉમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર ઑપરેટરનું પગારધોરણ હેડકલાર્કના સમકક્ષતા પ્રમાણે ૪૨૫–૭૫૦ને બદલે રૂ. ૪૨૫–૮૦૦નું મંજૂર કર્યાના અને તે અન્વયે સીનિયર ઑપરેટર શ્રી. પી. પી. મહેતાને રૂ. ૪૨૫–૮૦૦ના પગારધોરણમાં એક ઇજાફો (ઇન્ક્રીમેન્ટ) આપ્યાના;

(૪) ઑક્ટોબર ૧૯૭૯ની તબીબી વિદ્યાશાખાઓની કેટલીક પરીક્ષાઓના ઉત્તરપત્રો પર ડબલ નંબર નાંખનારને ૦૦–૦૮ પૈસાના દરે કુલ રકમ રૂ. ૪૮૦-૧૬ ચૂકવવાની મંજૂરી આપ્યાના;

(૫) ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-લિંગ્વિસ્ટિક્સની તા. ૧૭–૧૦–૧૯૭૯ની વરણી સમિતિની સભાની નોંધમાં હાજર રહેલા ઉમેદવારો પૈકીના ડૉ. કે. એસ. વૈદ્યની સામે તેઓ હાજર હોવા છતાં તે દર્શાવવાની થયેલ છાપભૂલ સુધારીને તેઓને હાજર ગણ્યાના;

(૬) એપ્રિલ ૧૯૮૦માં ખેડા કેન્દ્ર પર લેવાનાર ફર્સ્ટ બી.એ./બી.કૉમ. તથા સેકન્ડ બી.એ./બી.કૉમ.ની પરીક્ષા માટે આ વર્ષ પૂરતું કેન્દ્ર મોકૂફ રાખ્યાના;

(૭) એપ્રિલ ૧૯૮૦માં લેવાનાર ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષા માટે છોટાઉદેપુરને કેન્દ્ર તરીકે મંજૂર રાખ્યાના;

(૮) મનોવિજ્ઞાન વિષયમાં ડૉ. સી. ટી. ભોપટકરના માર્ગદર્શન હેઠળ નોંધાયેલાં કુ. મૈલા મોહીએ પોતાનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ રજૂ કર્યા પછી કૅલિફૉર્નિયા ખાતે સ્થાયી થયાં હોવાથી તેમની મૌખિક પરીક્ષા યુ.એસ.એ.ના નિમાયેલા પરીક્ષક ડૉ. મેકબીનાથનને સ્ટેનફૉર્ડ યુનિવર્સિટીમાં યોજવા માટે ઑર્ડિ. ૩૨૧–એ મુજબ પરવાનગી આપવા બાબત;

(૯) પીએચ.ડી. પદવી માટેના વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના;

(૧૦) "ભારતીય બૅંકિંગ કાનૂન અને વ્યવહાર" પુસ્તકના અનુવાદના પુનર્મુદ્રણ અંગેની જવાબદારી સ્વીકારવા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ માટે તા. ૧૧–૧૨–૧૯૭૯ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંક ૨૨થી જે શરતો મંજૂર કરી હતી તે શરતોમાં નીચેની

વધારાની શરત ઉમેર્યાના :

(૬) પુસ્તકની ૧૦ નકલ બોર્ડ યુનિવર્સિટીને અને ૨ નકલ અનુવાદકને વિનામૂલ્યે આપવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૩. તબીબી વિદ્યાશાખામાં જે તે વિષયોમાં ડિપ્લોમાની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને ઓર્ડિ. એમ.ડી. ૧૩ કે ઓર્ડિ. એમ.એસ. ૧૨ અને અનુ. નિયમ ૧(ડી) અનુસાર વધારાના રજિસ્ટ્રેશન આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૧૫-૧૨-૧૯૭૯ની સભાના ઠરાવ અન્વયે અધ્યક્ષશ્રી, કે. એમ. સ્કૂલ ઑફ પી.જી. મેડિસિન ઍન્ડ રિસર્ચના તા. ૧૪—૨—૧૯૮૦ના પત્રથી ૧૧ વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન તેમ જ સત્ર ફી સાથે આવેલ રજિસ્ટ્રેશન અરજી પૈકી ઠરાવ મુજબ પ્રથમ સત્રમાં પ્રવેશ મેળવનારા ૮ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન આપેલ છે તેમ જ બીજું સત્ર ભરવા પરવાનગી આપી છે. બાકીના નીચે જણાવેલ ૩ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન આપવા માટે કે. એમ. સ્કૂલના અધ્યક્ષશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	ડિપ્લોમા	રજિસ્ટ્રેશન નંબર	પરીક્ષા પસાર કરેલ તારીખ	સીટ નંબર
૧.	ડૉ. પોલ અલાયટ	ડી. એલ. ઓ.	૮૦૫	ઑકટો. ૭૯	૮
૨.	ડૉ. કે. જે. જ્યેશી	,,	૮૦૩	,,	૩
૩.	ડૉ. હસ્તીમલ જૈન	ડી.પેડ.	૪૭૪	,,	૧૨

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રણ વિદ્યાર્થીઓને તેમના અનુસ્નાતક ડિગ્રી કોર્સમાં પ્રવેશ અપાઇ ગયો છે તે હકીકત લક્ષમાં લઈને અપવાદરૂપે તેમનો પ્રવેશ ગ્રાહ્ય રાખવો, અને સદરહુ કૉલેજને જણાવવું કે ભવિષ્યમાં કોઈ પણ વધારાના વિદ્યાર્થીને યુનિવર્સિટીની પૂર્વસંમતિ લીધા સિવાય પ્રવેશ આપવો નહીં.

૪૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૫. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. નરહરિ અમીનના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની જે પરીક્ષાઓમાં ડમી નંબરની પ્રથા દાખલ કરવામાં આવી છે તે માર્ચ ૧૯૮૦થી શરૂ થતી પરીક્ષાઓમાં રદ કરવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિનયન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો.

૪૬. માર્ચ-એપ્રિલ–મે ૧૯૮૦માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે જે તે કૉલેજોના આચાર્યો મારફતે મંગાવવામાં આવેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદી મંજૂર કરવી તથા તેમાં કુલપતિશ્રીને યોગ્ય લાગે તે સુધારાવધારા કરીને જરૂર મુજબ મુખ્ય નિરીક્ષકો(સીનિયર સુપરવાઈઝર્સ)ની નિમણૂકો કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૪૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક–પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૪-૧-૧૯૮૦ તા. ૨૫–૧–૧૯૮૦, તા. ૧–૨–૧૯૮૦ અને તા. ૭–૨ ૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪–૧–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની બાબત નં. ૮, ૯ અને ૧૧ તે સમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલવી અને તે સિવાયની સદરહુ સમિતિની ઉપરોક્ત ત્રણેય સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪–૧–૧૯૮૦, તા. ૨૫–૧–૧૯૮૦, તા. ૧–૨–૧૯૮૦ અને તા. ૭–૨–૧૯૮૦ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહની સંમતિથી મંગળવાર, તા. ૧૯–૨–૧૯૮૦ના રોજ સભાનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને તે પછી આ સભા બુધવાર તા. ૨૦–૨–૧૯૮૦ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યા પર મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપરના ઠરાવ મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલની મોકૂફ રાખવામાં આવેલી સભા બુધવાર તા. ૨૦–૨–૧૯૮૦ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૪૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮૨ સાથે કરવાનું સભાગૃહે ઠરાવ્યું, તેથી તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવન, અમદાવાદની સ્વાયત્તતા માટેની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિ પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૨–૧૯૭૭ની સભાના ઠરાવ અનુસાર કુલપતિશ્રીએ યુ.જી.સી.ના પ્રતિનિધિ પ્રા. બી. એમ. ઉદ્દગાંવકરની નિમણૂક કરેલી પરંતુ તેઓએ સદરહુ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

૫૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અનુસાર સ્વાયત્તતા મેળવવા માટે યુનિવર્સિટી ભાષા-ભવનના અધ્યક્ષ તરફથી આવેલી અરજી પરની સ્થાનિક તપાસસમિતિ પર યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના પ્રતિનિધિની નિમણૂક અંગે કમિશનને લખતાં યુનિવર્સિટી

ગ્રાન્ટ્સ કમિનના ડેપ્યુટી સેક્રેટરીએ તેના તા. ૬-૨-૧૯૮૦ના પત્રથી નીચે મુજબ જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"……request of the University to nominate a U.G.C. representative on the Local Inquiry Committee was considered and it was decided that this is an internal matter of the University and the Commission need not send representative on this Committee."

સદરહુ બાબતની સાથે બાબત નં. ૬૦ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બાબત નં. ૪૯ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિ પર ગુજરાત બહારના એક સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

બાબત નં. ૬૦ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિ પર ગુજરાત બહારના એક સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત સંચાલિત શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એસ. બી. પટેલે ગુજરાતની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ અરજી નં. ૧૨૪૩—૭૯ સંબંધમાં યુનિવર્સિટી તરફે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાના તથા તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૧. વિજ્ઞાનવિદ્યા ભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં બે લેકચરર ઇન માઇક્રોબાયોલોજીની જગ્યા માટે તા. ૧૨—૧૨—૧૯૭૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩—૨—૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા ૧૨—૧૨—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં લેકચરર ઇન માઇક્રોબાયોલોજીની બે જગ્યા પર (૧) ડૉ. એન. કે. યાદવ અને (૨) ડૉ. કે. એસ પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં માઇક્રોબાયોલોજીના લેકચરરની બે જગ્યાઓ પર ડૉ. એન. કે. યાદવ અને ડૉ. કે. એસ. પટેલની નિમણૂક રૂ. ૭૦૦—૪૦—૧૧૦૦—૫૦—૧૩૦૦-એસેસમેન્ટ—૫૦—૧૬૦૦ના પગારધોરણમાં અનુક્રમે મૂળ માસિક પગાર રૂ. ૧૧૦૦ અને રૂ. ૮૨૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૨-૧૨-૧૯૭૯ની સભાની ભલામણો પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૨. સમાજવિદ્યા ભવનમાં મજૂરકલ્યાણ વિભાગના રીડરની જગ્યા અંગેની વરણી સમિતિની તા. ૨૯–૧–૧૯૮૦ની સભાની ભલામણ અન્વયે ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૨–૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકૅ. કાઉન્સિલ બાબત ક્રમાંક ૩૪) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૧–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં મજૂરકલ્યાણ વિભાગના રીડરની જગ્યા પર ડૉ. વી. કે. ચાવડાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં મજૂરકલ્યાણના રીડરની જગ્યા પર ડૉ. વી. કે. ચાવડાની નિમણૂક રૂ. ૧,૨૦૦–૧૦–૧,૩૦૦-૬૦-૧,૬૦૦-ઍસેસમેન્ટ ૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૦૦થી તા. ૨–૪–૧૯૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૧–૧૯૮૦ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૩. વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર ઇન મૅથેમેટિકસની વરણીસમિતિની તા. ૩૦-૧-૧૯૮૦ની ભલામણ અન્વયે ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકૅ. કાઉ બાબત ક્રમાંક ૩૫) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦–૧–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર ઇન મૅથેમેટિકસની જગ્યા પર ડૉ. એલ. કે. પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં ગણિતશાસ્ત્રના રીડરની જગ્યા પર ડૉ. એલ. કે. પટેલની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૧૦–૧,૬૦૦—ઍસેસમેન્ટ–૬૦ –૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦/–થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦–૧–૧૯૮૦ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૫૪. વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના વિભાગ માટે રીડર ઇન સ્ટેટિસ્ટિકસની તા. ૩૦–૧–૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની સભાની ભલામણ અન્વયે ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૨–૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકૅ. કાઉ. બાબત ક્રમાંક ૩૬) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦–૧–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના વિભાગ માટે રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસની જગ્યા પર ડૉ. વાય. કે. શાહની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના રીડરની જગ્યા પર ડૉ વાય. કે. શાહની નિમણૂક રૂ. ૧,૨૦૦—૫૦—૧,૩૦૦-૬૦—૧,૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૩૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦—૧—૧૯૮૦ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે)

૫૫ વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેકચરર-ઇન-ફિઝિકસની એક જગ્યા માટે તા. ૧-૨-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૩૭) :

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનમાં ભૌતિકવિજ્ઞાનના લેકચરરની એક જગ્યા હાલ ખાલી હોઈ, વરણીસમિતિની તા. ૧—૨—૧૯૮૦ની સભાની ભલામણ લક્ષમાં લઈને તે ભવનમાં લેકચરર-ઇન ફિઝિકસની તે જગ્યા પર ડૉ. વી. એમ. રાવળની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં ભૌતિકવિજ્ઞાનના લેકચરરની એક જગ્યા પર ક્રમાનુસાર ડૉ. વી. એમ. રાવળ અને ડૉ. ડી. પી. અહલપરામાંથી એકની નિમણૂક રૂ. ૭૦૦—૪૦—૧,૧૦૦—૫૦-૧,૩૦૦—એસેસમેન્ટ—૧૦—૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

૫૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન સંસ્કૃતની જગ્યા માટે તા. ૨-૨-૧૯૮૦ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલની બાબત ક્રમાંક ૪૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન સંસ્કૃતની જગ્યા પર ડૉ. ટી. એસ. નાન્દીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના રીડરની જગ્યા પર ડૉ. ટી. એસ. નાન્દીની નિમણૂક રૂ. ૧,૨૦૦—૫૦—૧,૩૦૦—૬૦—૧,૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૫૪૦થી તા. ૨-૪-૧૯૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણ પરિશિષ્ટ 'ડ' તરીકે સામેલ છે)

૫૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર ઇન ઝૂલોજીની જગ્યા માટે તા. ૧–૨–૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૨–૧૯૮૦-ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૪૨) :

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧–૨–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર ઇન ઝૂલોજીની જગ્યા પર ડૉ. (કુ.) એન. જે. ચિનોયની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનના ઝૂલોજીના રીડરની જગ્યા પર ડૉ. (કુ.) એન. જે. ચિનોયની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦૦–૧,૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧,૯૮૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ ૧,૨૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧–૨–૧૯૮૦ની સભાની ભલામણ **પરિશિષ્ટ 'ણ'** તરીકે સામેલ છે.)

૫૮. ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિકસની જગ્યા માટે તા. ૮–૨–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૨–૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૪૩):

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮–૨–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર-ઇન-લિંગ્વિસ્ટિકસની જગ્યા રીડરની જગ્યામાં ફેરવવા અને રીડર ઇન લિંગ્વિસ્ટિકસની જગ્યા પર ડૉ. વાય. ડી. વ્યાસની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિકસની જગ્યા રીડરની જગ્યામાં ફેરવવી અને રીડર ઇન લિંગ્વિસ્ટિકસની જગ્યા પર ડૉ. વાય. ડી. વ્યાસની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ ૧,૩૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮–૨–૧૯૮૦ની સભાની ભલામણ **પરિશિષ્ટ 'ત'** તરીકે સામેલ છે.)

૫૯. ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ ઈડર તરફથી ઈડરમાં જૂન ૧૯૮૦થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણ અરજી પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જરૂરિયાત (need) નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫–૧૧–૧૯૭૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી

હતી તે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦નો સભામાં સ્વીકારી હોઈ તે ૫૨ વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૫) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સમગ્ર રીતે ચોકકસપણે તે અંગે પોતાનો સુચિંતિત રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી.

(૧) ડૉ. કે. જી. દેસાઈ
(૨) શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ
(૩) આચાર્ય બી. એમ પીરજાદા
(૪) આચાર્ય કે. એન. શાહ
(૫) શ્રી. બળાભાઈ પટેલ
(૬) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૬૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૧. જૂન ૧૯૮૦થી નવી કોલેજો/વિદ્યાશાખા શરૂ કરવા માટે જે અરજીઓ આવે તે માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬૩ અનુસાર જરૂરિયાત (need) નક્કી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ સમિતિની રચના કરવી :

(૧) વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૨) વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૩) શ્રી કે. એસ. શાસ્ત્રી
(૪) શ્રી. એ. આર. શાહ
(૫) ". એચ કે. ત્રિવેદી.

૬૨. સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા. બા. ક્રં. ૨૧).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૨).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તો રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીના શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૪. એમ. એન. કૉલેજ, વીસનગરની જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડા. શાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૩).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં રૂ. ૨,૫૦૦ના આંકડાશાસ્ત્રના વિષયનાં આધુનિક અભિગમ ધરાવતાં પુસ્તકો ખરીદવામાં આવે;

૪. આંકડાશાસ્ત્ર વિષયને લગતાં ઓછામાં ઓછાં બે વધારાનાં સામયિકો મંગાવવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૫. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૫૦).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારને અનુલક્ષીને બાયોકેમિસ્ટ્રીના ચાર વ્યાખ્યાતાઓની નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથપાલ માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલયનાં બાયોકેમિસ્ટ્રીનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ડીફ્રીઝ વસાવવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેજ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા. બાબત ક્રમાંક ૨૪).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિન્દીના વિષયમાં ઑર્ડિ. ૧૨૦-એની જરૂરિયાત અનુસાર વધારાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(**નોંધ.**—વધારાના જોડાણના સંદર્ભમાં નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે).

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દીનાં પુસ્તકો અને સામયિકો વસાવવા માટે ગ્રંથાલયમાં રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૭. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બાબત ક્રમાંક ૫૨).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનવશાસ્ત્ર; બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૮. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ.(સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ.(સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) પાત્રતા ધરાવતા આચાર્ય

(૨) વ્યાયામ શિક્ષક

(૩) સંસ્કૃતના પૂરા સમયના વ્યાખ્યાતા

(૪) જોડાણના તમામ વિષયો માટે ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર જરૂરી શિક્ષકગણ (જો નવા શિક્ષકની નિમણૂક કરવામાં આવે તો રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણેની જોગવાઈઓ મુજબની મકાનમાં વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૯. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૬) :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.) માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨ થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૦. શ્રી રજની પારેખ આર્ટ્સ, શ્રી કે. બી. કૉમર્સ એન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૭).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે રજની પારેખ આર્ટ્સ, શ્રી કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં ગૃહવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૮૦ થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ફીઝ વસાવવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં પગારધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨ થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. શ્રી નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૮૦થી બી.કૉમ. (પ્રિન્સિ.)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (પ્રિન્સ.)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪–૬–૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ

આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(અ) ઑર્ડિ. ૧૨૦–એના સંદર્ભમાં નીચેની જગ્યા ખાલી છે તે પૂરવામાં આવે :

(૧) અંગ્રેજીના પૂરા સમયના વ્યાખ્યાતા,

(૨) ભૌતિકશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા,

(૩) ગણિતના ખંડ સમયના વ્યાખ્યાતા.

(૪) રસાયણશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા;

(બ) જૂન ૧૯૮૦ થી એસ.વાય.બી.કૉમ.ના વર્ગ શરૂ કરે ત્યારે નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

(ક) જૂન ૧૯૮૧ થી થર્ડ બી.કૉમ.નો વર્ગ શરૂ કરે ત્યારે નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

૧. એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા,

૨. આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા.

૩. મર્કન્ટાઇલ લોના ખંડ સમયના વ્યાખ્યાતા, તેમ જ નવી નિમણૂકો કરવા માટે રાજ્ય સરકારશ્રીની પૂર્વસંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેના વાચનાલયની સગવડ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨ થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૨. સરકારી આર્ટ્સ સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન ૧૯૮૦ થી બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (ઍકૅડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૨૯)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બિઝનેસ મૅનેજમેન્ટના વિષય માટે ઑર્ડિ. ૧૨૦—એ પ્રમાણે જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં બિઝનેસ મૅનેજમેન્ટને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૩. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (ઍકૅ. કાઉ. બાબત ક્રમાંક ૩૮)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા

વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પ્રત્યેક માસની તા. ૭મી પહેલાં શિડ્યુલ્ડ બૅંક દ્વારા પગારની ચુકવણી કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી "ગ્રેચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૪૯)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૬–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારને અનુલક્ષીને બાયોકેમિસ્ટ્રીના ચાર વ્યાખ્યાતા નીમવામાં આવે;

૨. પ્રયોગશાળા માટે રૂ. એક લાખ પૈકી બાકીના રૂ. ૨૫,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનાં ઉપરનાં ભલામણ મંજૂર કરવી.

૭૫. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૩૦)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આચાર્યની કાયમી ધોરણે નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવામાં બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧૫-૬-૧૯૭૫થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૬. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ થી ટેકસટાઇલ ટેકનોલોજી તથા કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (અ. કા. બા. ક્ર. ૩૨).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.ઈ.માં ટેકસટાઇલ ટેકનોલોજી તથા કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ટેકસટાઇલ ટેકનોલોજીના મદદનીશ પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. પ્રાયોગિક કાર્યની સુવિધા થાય તે રીતની જોગવાઇઓ નવા બંધાઈ રહેલા મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ટેકસટાઇલ ટેકનોલોજીનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ટેકસટાઇલ ટેકનોલોજી માટે રૂ. ૨ લાખ અને કેમિકલ એન્જિનિયરિંગ માટે રૂ. ૧,૫૦,૦૦૦નું બજેટ તૈયાર કરવામાં આવે, જેમાંથી નજીકનાં બે વર્ષોમાં આવશ્યક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. તા. ૧૫—૨—૧૯૮૦ના રોજ મળેલ ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણો જોઈતપાસીને તેને આખરી રૂપ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને તે સમિતિનો હેવાલ આવ્યેથી છઠ્ઠી પંચવર્ષીય

યોજનાના પ્રસ્તાવો મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) કુલપતિશ્રી–અધ્યક્ષ
(૨) શ્રી. કે. એસ. શાસ્ત્રી
(૩) આચાર્ય કે. એન. શાહ
(૪) ડૉ. પરેશભાઈ મજમુદાર
(૫) શ્રી. એ. આર. શાહ.

૭૮. તા. ૨૪-૧-૧૯૮૦ના રોજ મળેલી બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"...વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પ્રવૃત્તિઓમાંથી જે પ્રવૃત્તિઓ યોજવાની સ્થાયી સમિતિ ભલામણ કરે તે અંગે જરૂરી અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તેના અમલીકરણ માટે જરૂરી તમામ કાર્યવાહી અને ખર્ચ કરવા કુલપતિશ્રીને સત્તા આપવા માટે આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

[**નોંધ.**—સદરહુ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

૧. નેપાળ સુધીનો મોટરસાયકલ પ્રવાસ
૨. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના વિદ્યાર્થી સભ્યોનો આંતર-રાજ્ય આંતર-યુનિવર્સિટીઓની મુલાકાતનો કાર્યક્રમ
૩. ઘોડેસવારી તાલીમ શિબિર
૪. વૉટર સ્કીઇંગ
૫. વૉટર સ્પોર્ટ્સ.
૬. જંગલ ટ્રેકિંગ
૭. અધ્યાપકો માટે નેતૃત્વ તાલીમ શિબિર
૮. ભાઈઓ માટેના બે પ્રાથમિક પર્વતારોહણ તાલીમ શિબિરો અને બહેનો માટે એક એ મુજબ માઉન્ટ આબુ ખાતે પ્રાથમિક પર્વતારોહણના ત્રણ શિબિરો યોજવા.
૯. યુવક નેતૃત્વ તાલીમ શિબિર (વિદ્યાર્થીઓ માટે)
૧૦. નાટ્ય કે સંગીત તાલીમ શિબિર
૧૧. આઇસ એન્ડ સ્નોનો બેઝિક કન્ડેન્સ્ડ કોર્સ
૧૨. હિમાલય ટ્રેકિંગ
૧૩. કરાટેની તાલીમનો વર્ગ
૧૪. લાંબા અંતરનો સાઇકલ પ્રવાસ
૧૫. પર્વતારોહણના એડવાન્સ શિબિર કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. સી. વી. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં કાયદાના લેક્ચરર તરીકે નિમાયેલા શ્રી ડી. કે. પટેલની નિમણૂક ઑર્ડિ. ૯૭ અન્વયે વરણી સમિતિ પર નિષ્ણાતો સિવાય નિમણૂક કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા પર જરૂરી નિમણૂક કરવા માટેની કાર્યવાહી ફરીથી કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ લેક્ચરરની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૮૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧-૧૯૮૦ ની સભાના ઠરાવ ક્રમાંક ૬ અન્વયે યુનિવર્સિટી કાર્યાલયને કૉલેજોના સંકુલની રચના બાબતમાં નીચેના નિયમો મંજૂર કરવા માટે કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

૧. જે શૈક્ષણિક વર્ષથી સંકુલ કરવાનું હોય તેના અગાઉના શૈક્ષણિક વર્ષની તા. ૩૧મી ઑગસ્ટ પહેલાં તે માટેની અરજી કરવાની રહેશે.

૨. સંબંધકર્તા તમામ શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગ કર્મચારીઓ (આચાર્ય સહિત)ની સેવાનું સાતત્ય જળવાય તથા તેમનો પગાર અને પગારધોરણ આરક્ષિત રાખવાનાં રહેશે.

૩. સંબંધકર્તા કૉલેજોની જોડાણઅરજીઓ પર અગાઉનાં વર્ષોમાં મૂકેલી તમામ શરતોનું પરિપાલન થયેલું હોવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો, નિયમ નં. ૧માં જણાવેલ તા. ૩૧મી ઑગસ્ટને બદલે ૩૦મી સપ્ટેમ્બર મૂકીને મંજૂર કરવા.

૮૧. ૧૯૭૯ના વર્ષમાં જુદી જુદી પરીક્ષાઓના કુલ ૧૫૨ વિદ્યાર્થીઓના કેસોમાં પરિણામ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૮. આગામી શૈક્ષણિક વર્ષથી સત્ર ફીમાં રૂ. ૫૦નો વધારો કરવાની પરવાનગી માગતા સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૬-૨-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૮૨. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૩-૭-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક ૧૦૭૮-૩૬૨૮૮/૭૯-બના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧-૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૩ થી તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની તા. ૪-૨-૧૯૮૦ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની સાથે બાબત નં. ૪૮ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) બાબત નં. ૮૨માં જણાવેલ સમિતિના હેવાલમાંથી નીચેનો ભાગ ભાગ ૨૬ કરીને બાકીના ભાગનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ કાયદાની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજો અનુદાનને પાત્ર

ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

'વધુમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, કાયદાનું શિક્ષણ સુધારવા માટે ઉત્સુક હોઈ, અધ્યાપકોમાં અસંતોષની લાગણી હોય તો શિક્ષણનાં ધોરણ સુધારવાનો હેતુ બર આવે નહીં તેથી આ સમિતિ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે ખંડ સમયના અધ્યાપકોનાં પગારધોરણો બધી કૉલેજોની સાથે કાયદાની કૉલેજોને પણ લાગુ પાડવાં જોઈએ.

તે બાબતમાં ખોટ કરતી કાયદાની કૉલેજોને સરકારશ્રીએ ગ્રાન્ટેબલ ગણવી જોઈએ અને તા. ૨૨—૧—૧૯૮૦ના સરકારી ઠરાવ ક્રમાંક પરચ-૧૯૭૮-૬૨૧૯૩-ખ ૨૬ કરવો જોઈએ.

ખંડ સમયના વ્યાખ્યાતાના પગારધોરણમાં વિભેદ ચાલુ રહે તો સંલગ્ન કાયદાની કૉલેજોમાં ઓછામાં ઓછા રૂ. ૫૦ સત્ર ફીમાં વધારો કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહે નહીં તેમ આ સમિતિ માને છે.'

(૨) ઉપર બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારનો નિર્ણય આવે નહીં ત્યાં સુધી બાબત નં. ૪૮ ઉપરની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીચે મુજબ પરિષદો યોજવા માટે અનુદાન આપ્યાની નોંધ લેવા બાબત :

	પત્ર નંબર	રકમ રૂ.
૧. આર્ટ્સ કૉલેજ, મોડાસાને "કલ્ચરલ ઍન્ડ હિસ્ટોરિકલ મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઑફ સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ, સ્પેશિયલ રેફરન્સ ટુ મોડાસા"	એફ-૧૬-૯૬/૭૯ (એફઆઈપી) (ઈ-સેક્શન) / તા. ૭-૧-૧૯૮૦	૨,૦૦૦
૨. ભાષા-સાહિત્ય ભવનના પર્શિયન વિભાગને "મોડર્ન પર્શિયન" લિટરેચર	એફ-૧૬-૧૧૪/૭૯ (એફઆઈપી) (સી.ઈ.-સેક્શન્ડ)/તા. ૮-૧-૧૯૮૦	૨,૦૦૦
૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોરને "પોસ્ટ-ઇન્ડિપેન્ડન્સ ગુજરાતી લિટરેચર ઍન્ડ પ્રૉબ્લેમ્સ ઑફ નેશનલ ઇન્ટિગ્રેશન	એફ-૧૬-૯૭/૭૯ (એચઆઈપી) (ઈ-સેક્શન્ડ), તા. ૫-૧-૧૯૮૦	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.'

૮૪. લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટે વરણીસમિતિની રચના અંગે પુનઃવિચારણા કરવા બાબત.

[નોંધ.— અગાઉ આ સમિતિમાં નીચે મુજબ સભ્યો હતા :

૧. ડૉ. એ. જી, પાઠક

૨. પ્રો. વાય. એસ. સાઠે]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ ઉપર, ઉપરના સભ્યોની પુનઃ નિમણૂક કરવી.

૮૫. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સની જગ્યાઓ માટે વરણીસમિતિની રચના અંગે પુનર્વિચારણા કરવા બાબત.

[**નોંધ.**– આ સમિતિના નીચેના સભ્યોએ કામ કરવાની અશક્તિ દર્શાવી છે :

૧. શ્રી. બી. વી. ભટ્ટ

૨. શ્રી. બિહારીભાઈ ગોપાલભાઈ પટેલ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૬. ગુજરાત રાજ્યમાં અનુસ્નાતક શિક્ષણ પદ્ધતિનું પુનર્વિલોકન કરવા માટે સમિતિ નીમ્યા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૯–૧–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક યુએસજી. ૧૧૭૮–૧૩૦૫૬–ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ બાબતમાં નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી એમ. જે. પાઠકજી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રીટ અરજી (સિવિલ સ્પે.) એપ્લિકેશન નં. ૪/૧૯૮૦)ના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે પૂરતો થનાર જરૂરી ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૮૮. ડિપ્લોમા ઇન ટ્યુબરકુલોસિસ પરીક્ષાનું નામાભિધાન "ડિપ્લોમા ઇન ટ્યુબરકુલોસિસ એન્ડ ચેસ્ટ ડિસીસ" તરીકે બદલાયું હોવાથી પદવી પ્રમાણપત્રોનો મુસદ્દો "ડિપ્લોમા ઇન ટ્યુબરકુલોસિસ" ને બદલે "ડિપ્લોમા ઇન ટ્યુબરકુલોસિસ એન્ડ ચેસ્ટ ડિસીસ" તરીકે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રમાણપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૮૯. સને ૧૯૭૬–૭૭ના યુનિવર્સિટીના હિસાબો સરકારી ઑડિટરે તપાસેલા તે અંગે તેમની નોંધ (ઑડિટ તથા સામાન્ય) અને તેના કાર્યાલય તરફથી તૈયાર કરેલા જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે ઘડેલા જવાબો જોઈ તપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય કે. એન. શાહ

(૨) શ્રી. રજનીકાન્ત વી. પટેલ

(૩) શ્રી. એન. આર. શાહ.

has been conferred on h————————at Ahmedabad, on the————————————day of the month of————————————————in the year one thousand nine hundred and————————————————————.

In Testimoney whereof are set the Seal of the said University and the signature of the said Chancellor.

——————————————————

Chancellor

પરિશિષ્ટ "ન/૨"
આબત ક્રમાંક ૧૦૧

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify——————————————————that the withinsigned

_____

of _____

_____ having been examined for the Degree of Master of Education (Special Education–Mentally Handicapped) and found qualified for the same, the Degree of

Master of Education

(Special Education–Mentally Handicapped)

has been conferred on h——at Ahmedabad, on the _____ day of the month of _____ in the year one thousand nine hundred and _____. In Testimony whereof are set the Seal of the said University and the Signature of the said Chancellor.

_____

Chancellor.

Gujarat University Press, Navrangpura, Ahmedabad–380009.

મુસદ્દો

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની માર્ચ માસની સભા, શનિવાર, તા. ૧૫-૩-૧૯૮૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને કુલપતિ ડૉ. પ્રહલાદભાઈ ચૂનીલાલ વૈદ્ય સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫–૩–૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૩.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૪.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૫.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર
૬.	ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર
૭.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૮.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૯.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર
૧૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૨.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૩.	શ્રી. એન. આર. શાહ	હાજર
૧૪.	શ્રી. નરહરિ એમ. પરીખ	હાજર
૧૫.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૧૬.	શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક	હાજર
૧૭.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૧૫-૩-૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫–૩–૧૯૮૦ની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(ક) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધની બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાં જે સુધારો સૂચવવામાં આવ્યો છે તે સુધારો નીચે મુજબ વંચાય તેમ સુધારવો :

બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાંથી નીચેનો ભાગ રદ કરવો :

"ખંડ સમયના વ્યાખ્યાતાનાં પગારધોરણોમાં વિભેદ ચાલુ રહે તો સંલગ્ન કાયદાની કૉલેજોમાં ઓછામાં ઓછા રૂ. ૧૦ સત્ર દીઠ ફીમાં વધારો કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહે નહીં તેમ આ સમિતિ માને છે."

આથી બાબત નં. ૮૨ પરના ઠરાવનો પાઠ નીચે મુજબ વંચાશે :

"તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) બાબત નં. ૯૨માં જણાવેલ સમિતિના હેવાલમાંથી ઉપરનો ભાગ રદ કરીને બાકીના ભાગનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ કાયદાનો વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજો અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) વધુમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, કાયદાનું શિક્ષણ સુધારવા માટે ઉત્સુક હોઈ, અધ્યાપકોમાં અસંતોષની લાગણી હોય તો શિક્ષણનાં ધોરણો સુધારવાનો હેતુ બર આવે નહીં; તેથી આ સમિતિ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે ખંડ સમયના અધ્યાપકોનાં પગારધોરણો બધી કૉલેજોની સાથે કાયદાની કૉલેજોને પણ લાગુ પાડવાં જોઈએ, તે બાબતમાં ખોટ કરતી કાયદાની કૉલેજોને સરકારશ્રીએ ગ્રાન્ટપલ ગણવી જોઈએ અને તા. ૨૨–૧–૧૯૮૦ના સરકારી ઠરાવ ક્રમાંક પરચ-૧૯૭૮–૬૨૧૯૩-ખ રદ કરવો જોઈએ.

(૩) ઉપર બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારનો નિર્ણય આવે નહીં ત્યાં સુધી બાબત નં. ૪૮ ઉપરની વિચારણા મોકૂફ રાખવી."

(ખ) ઉપર બાબત નં. ૩૮ પરના ઠરાવમાં તા. ૧–૭–૧૯૮૦નો ઉલ્લેખ છે તે સુધારીને તા. ૧–૩–૧૯૮૦ મૂકવી. આથી ઠરાવનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આ બેઉ લાભ અનુક્રમે તા. ૧–૧–૧૯૮૦થી અને તા. ૧–૩–૧૯૮૦થી આપવામાં આવે."

(ગ) બાબત નં. ૫૦ પરના ઠરાવની કંડિકા નં. ૭માં "વિદ્યાશાખામાં" એ શબ્દને બદલે "વિનયન વિદ્યાશાખામાં" એ શબ્દો મૂકવા.

(ઘ) બાબત નં. ૫૬ અને ૬૫ પરના ઠરાવના સંદર્ભમાં બાબત નં. ૫૬માં જણાવેલ સમિતિની તા. ૨૮–૨–૧૯૮૦, તા. ૧–૩–૧૯૮૦ અને તા. ૧૩-૩-૧૯૮૦ની સભાઓની ભલામણોની નકલ પરિશિષ્ટમાં મૂકવાની રહી ગઈ છે તે પરિશિષ્ટ તેમાં ઉમેરી લેવું.

૧. તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૯/૨૦-૨—૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

ક્રમાંક	બાબત ક્રમાંક	પાના નંબર	છાપભૂલ	સુધારો
૧.	૪	૪	સંલગ્ન કૉલેજોના	સંલગ્ન કૉલેજો/ સંસ્થાઓના
૨.	૧૪	૭	પ્રસ્તાવની પ્રથમ લીટીમાં ૫૦ ટકા	૫ ટકા
૩.	૨૨	૯	કંડિકા ૨(b) in any to the terms	in any of the terms
૪.	૬૯	૨૯	૧૪—૬—૧૯૮૭	૧૪—૬—૧૯૮૩
૫.	૧૦૮	૪૬	શ્રી. વી. આર. ગડાણી	શ્રી. વી. આર. રૂડાણી

૬. બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાંથી નીચેનો ભાગ રદ કરવો :

> વધુમાં આર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, કાયદાનું શિક્ષણ સુધારવા માટે ઉત્સુક હોઈ, અધ્યાપકોમાં અસંતોષની લાગણી હોય તો શિક્ષણનાં ધોરણ સુધારવાનો હેતુ બર આવે નહીં; તેવા આ સમિતિ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે ખંડ સમયના અધ્યાપકોનાં પગારધોરણો બધી કૉલેજોની સાથે કાયદાની કૉલેજોને પણ લાગુ પાડવાં જોઈએ.

તે બાબતમાં ખોટ કરતી કાયદાની કૉલેજોને સરકારશ્રીએ ગ્રાન્ટેબલ ગણવી જોઈએ અને તા. ૨૨—૧—૧૯૮૦ના સરકારી ઠરાવ ક્રમાંક ૫૨૫—૧૯૭૮—૬૨૧૯૩—૫ રદ કરવો જોઈએ.

આથી બાબત નં. ૮૨ ઉપરનો ઠરાવ નીચે મુજબ વંચાશે :

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) બાબત નં. ૮૨માં જણાવેલ સમિતિના હેવાલમાંથી નીચેનો ભાગ રદ કરીને બાકીના ભાગનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ કાયદાની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોને અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

> "ખંડ સમયના વ્યાખ્યાતાના પગારધોરણોમાં વિભેદ ચાલુ રહે તો સંલગ્ન કાયદાની કૉલેજોમાં ઓછામાં ઓછા રૂ. ૧૦ સત્ર દીઠ ફીમાં વધારો કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહે નહીં તેમ આ સમિતિ માને છે."

(૨) ઉપર બાબત નં. ૮૨ ઉપરના ઠરાવમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારનો નિર્ણય આવે નહીં ત્યાં સુધી બાબત નં. ૪૮ ઉપરની વિચારણા મોકૂફ રાખવી.

૨. મનોવિજ્ઞાન ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. આર. જે. મનસૂરીનો એક વર્ષનો લંબાવેલ અજમાયશી સમય તા. ૨૮-૫-૧૯૮૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૯-૫-૧૯૮૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

મનોવિજ્ઞાન ભવનના સ્ટેનોગ્રાફર શ્રી. આર. જે. મનસૂરીની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. જે. મનસૂરીને તેમની જગ્યા પર તા. ૨૯-૫-૧૯૮૦થી કાયમ કરવા.

૩. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના ધોરણે તા. ૧-૬-૧૯૬૭ થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળાના મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ ડી.એ. આપવા અંગે રાજ્ય સરકારે તેના શિક્ષણ વિભાગના પત્રાંક પરચ, ૧૬૭૯-૮૨૧૬૭-ખ, તા. ૧૨-૨-૧૯૮૦ થી અશક્તિ દર્શાવ્યા અંગેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. ગુજરાત યુનિવર્સિટીમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને ગુજરાત રાજ્યના નાણા ખાતાના તા. ૧૮-૧૨-૧૯૭૫ના નોટિફિકેશનના સંદર્ભમાં હેડક્લાર્કનું પગારધોરણ રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦ ને બદલે રૂ. ૪૨૫-૧૫-૪૫૫-૨૦-૬૧૫-ઈ.બી. ૨૦-૬૭૫-૨૫-૭૦૦-૨૫-૮૦૦નું પગારધોરણ તા. ૧-૧-૧૯૭૩ થી આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧—૨—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ પ્રસ્તાવ ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેના તા. ૧૪—૩—૧૯૮૦ ના પત્રથી પાછો ખેંચી લીધેલો હોઈ તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૫. "જ્ઞાનકોશ"ના કામકાજ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૨-૧૯૮૦ની સભામાં થયેલ ઠરાવ અન્વયે—

(ક) 'જ્ઞાનકોશ'ના કામ અંગેની વહીવટી સમિતિ પર પાંચ સભ્યોની નિમણૂક કરવા, તથા

(ખ) 'જ્ઞાનકોશ'ના કામ અંગે બે વિભાગીય સંપાદકો માટે વરણીસમિતિ પર ત્રણ નિષ્ણાતોની નિમણૂક કરવા.

અને

૨૫. ગુજરાતી ભાષામાં "જ્ઞાનકોશ" તૈયાર કરવા અંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૯-૧૦૭૦૭-૮૦ (૫૫), તા. ૧-૩-૧૯૮૦ના ઠરાવથી બીજા હુકમો ના થાય ત્યાં સુધી સદરહુ કામ માટે આપવાનું રૂ. પચાસ લાખનું અનુદાન સ્થગિત રાખવાનું સરકારે ઠરાવ્યું છે, તેની નોંધ લઈને જરૂરી વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫નો સાથે બાબત નં. ૨૫ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બાબત નં. ૫ અંગે ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૨૫ માં જણાવેલ રાજ્ય સરકારના ઠરાવને અનુલક્ષીને સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૨૫ અંગે ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકાર સાથે સદરહુ બાબત અંગે કુલપતિશ્રી વાતચીત કરીને ઘટતી રજૂઆત કરે એમ તેઓશ્રીને વિનંતી કરવી.

૬. એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ થયા પછી ફરજિયાત રેટર્ટિંગ હાઉસમેનશિપ માટે હેલ્થ સેન્ટર, દાંતીવાડાની માન્યતા માટેની ગુજરાત કૃષિ યુનિવર્સિટીના તા. ૩–૩–૧૯૮૦ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી.

૧. ડૉ. પી. પી. મહેતા
૨. ડૉ. સી. આઈ. ઝાલા.

૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(૧) નીચેનો ઑર્ડિ. એમ.ફિલ. (૫) રદ કરવાની :

O. M.Phil. 5 :

Notwithstanding anything contained in O. M.Phil. 4 above, University or college teacher or a candidate who on proper and well defined academic basis is found eligible in the opinion of the guiding teacher for direct registration for Ph.D. degree in the subject concerned, the guiding teacher can do so as an exceptional case.

N B.—The subject in which M.Phil. degree course have not been started present rules regarding registration for Ph.D. degree shall remain in force.

(૨) ઑર્ડિ. એમ.ફિલ. ૧૧ (સી) વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની :

(c) Assign these courses to the concerned teacher ઑર્ડિ. એમ. ફિલ. ૧૧ની કંડિકા "સી" માંથી "to the Departments" શબ્દો રદ કરવા.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) (અ) ઑર્ડિ. એમ. ફિલ. ૧ માં "shall be" ને બદલે "shall be considered" શબ્દો મૂકીને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) ઑ. એમ.ફિલ. ૫ તાત્કાલિક રદ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૧૧(સી) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(૧) ઉપરની ભલામણ નં. (૧) અંગે ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૫ રદ કરવો.

વધુમાં ઑર્ડિ. એમ ફિલ. ૧ માં નીચે મુજબ સ્પષ્ટતા કરવી :

'Clarification : M Phill. shall not be considered a prerequisite for any student seeking registration as a Ph.D. student.'

(૨) ઉપરની ભલામણ નં. (૨) અંગે કરાવવામાં આવ્યું કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૧૧ની કંડિકા (સી) માંથી 'to the departments' શબ્દો રદ કરીને તે મુજબ સુધારેલો ઑર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂકવો

૮. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ની સભામાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"પ્રાકૃત ભાષાના ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસક્રમો શરૂ કરવા શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની ભલામણ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૪-૧૯૭૯ની સભામાં સદરહુ ભલામણમાં રહેલા ખ્યાલ સાથે સંમતિ દર્શાવી તે બાબતમાં ચોક્કસ અને વિગતવાર પ્રસ્તાવ રજૂ કરવા માટે જણાવ્યું છે તે બાબતમાં આ વિદ્યાશાખા નીચે મુજબ ભલામણ કરે છે કે—

૧. પ્રાકૃતનો અનુસ્નાતક સર્ટિફિકેટ અભ્યાસક્રમ એક વર્ષના ગાળાનો દાખલ કરવો.

૨. આ અભ્યાસક્રમ માટે નીચે મુજબ બે પ્રશ્નપત્રો રાખવાં :

પેપર ૧ : પ્રાકૃત પાઠ્યપુસ્તકો

પેપર ૨ : પ્રાકૃત વ્યાકરણ અને અનુવાદ

૩ દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનો રાખવો.

આ અભ્યાસક્રમમાં કોઈ પણ વિષયમાં સ્નાતક પદવી મેળવેલ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે.

આ અભ્યાસક્રમમાં પાસ થવાનું ધોરણ કુલ ગુણના ૩૬ ટકા, બીજા વર્ગ માટે ૪૮ ટકા મેળવવાના રહેશે અને પ્રથમ વર્ગ માટે ૬૦ ટકા કે તેથી વધુ ગુણ રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ વિનયન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩—૨—૧૯૮૦ની સભામાં ઑર્ડિ. ૧૨૦-એની નોંધ ૩માં નીચે મુજબ ઉમેરો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૪) :

"(*i*) One period of tutorial work will be equivalent to 21/22 period of lecturing work.

(*ii*) One period of demonstration work will be equivalent to 21/25 period of lecturing work."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦–એ ની નોંધ ૩ માં નીચે મુજબ ઉમેરો કરીને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો :

"In the case of teachers covered under the Gujarat State Government G.R. No. PRCR 1379-33687 kh. dated 12–6–1979 for the purpose of calculation of their workload the following shall be the basis :

(*i*) One period of tutorial work will be equivalent to 21/22 period of lecturing work.

(*ii*) One period of demonstration work will be equivalent to 21/25 period of lecturing work."

૧૦. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ની સભામાં ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિ. ૬૫ (એમ) (૨)ની નોંધ (ii)માં નીચે મુજબ સુધારો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૮) :

"આથી ઠરાવવામાં આવે છે કે ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાને લગતા અનુસ્નાતક મદદનીશ શિક્ષકોની લાયકાત અંગેનો ઑર્ડિ. ૬૫-એમ (૨)ની નોંધ ૨ માં નીચે મુજબ સુધારવા ભલામણ કરવામાં આવે છે :

O. 65-M (2), Note (ii) :

(*a*) In the Faculty of Dental Surgery any one who holds the degree of M.D.S. or its equivalent qualifications in the subject for which, he is applying and has worked as a Tutor, or Junior Lecturer or Asst. Professor in the same subject for not less than three years, in the Dental College where he/she is working in his own speciality, and

(*b*) Published at least one paper in a recognised Journal shall be recognised as an Asst. Post-graduate teacher in the subject."

આથી ઠરાવવામાં આવે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. ૬૫ (એમ.) (૨) ની નોંધ (*ii*) માં ઉપર મુજબ સુધારો કરીને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧. કાયદાની વિદ્યાશાખાની તા. ૨–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

કાયદાની વિદ્યાશાખાની ભલામણ

૧. ૧૯૮૦ એપ્રિલ પરીક્ષાથી શરૂ કરીને નીચે પ્રમાણે ડમી નંબરની પદ્ધતિ લૉની પરીક્ષાઓમાં દાખલ કરવી :

(૧) ૧૯૮૦ એપ્રિલથી એલએલ.એમ. ભાગ ૧ અને ૨ તથા ત્રીજી એલએલ.બી.ની પરીક્ષાઓ (વર્ષને સેમેસ્ટરની પરીક્ષા)

(૨) ૧૯૮૦ના ઑક્ટોબરથી ઉપરોક્ત પરીક્ષાઓ ઉપરાંત દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષા (બંને સેમેસ્ટરની પરીક્ષા)

(૩) ૧૯૮૧ એપ્રિલથી લૉ ફેકલ્ટી હેઠળની તમામ પરીક્ષાઓ.

૨. જ્યારે કોઈ પણ પરીક્ષા માટે ડમી નંબરની પદ્ધતિ અમલમાં આવતી હોય ત્યારે તે પરીક્ષાના બંને સેમેસ્ટરનાં તમામ પ્રશ્નપત્રોમાં વિભાગો (સેકશન) રાખવા નહીં.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

કાયદાની વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ની બાબતમાં ઠરાવવામાં આવ્યું કે થર્ડ એલએલ.બી.ની પરીક્ષામાં ડમી પદ્ધતિ એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષાથી દાખલ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ કાયદાની વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) સદરહુ ભલામણ નં. ૧ મંજૂર કરવી અને સદરહુ પરીક્ષા માટે ડમી નંબરોની પદ્ધતિનો અમલ કરવા માટે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૧૨. યુનિ. કોર્ટની તા. ૬/૬—૧૨—૧૯૭૯ની સભામાં અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા ઠરાવેલું તે બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૩—૨—૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍકે. કા. બા. ક્ર. ૭) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમા અભ્યાસક્રમો તેના નામ સામે જણાવવામાં આવેલ વિદ્યાશાખા—સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા અને તે ડિપ્લોમાનું ટૂંકું નામાભિધાન નીચે મુજબ રાખવું :

૧.	Development at Developmental Communication	વિનયન વિદ્યાશાખા	(D.D.C.)
૨.	Diploma in Foreign Trade including Export Marketing	વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા	(D.F.T)
૩.	Diploma in Economic and Business Journalism	વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા	(D.E.B.J.)
૪.	Diploma in Business Communication	વાણિજ્ય વિદ્યાશાખા	(D.B.C.)"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સ્ટે. નં. ૧૭૯ નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

Statute 179 :

"The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to or any Institution or Institutions recognised by the University or a Department of University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Education (Dip. Ed.)
2. Diploma in Journalism (Dip. J.)
3. Diploma in Drama / Dip. F. A. (Drama)
4. Diploma in Music / Dip. F. A. (Music)
5. Diploma in Painting and Sculpture / [Dip. F. A. (P. & S.)]
6. Diploma in Architecture / Dip. F. A. (Arch.)
7. Diploma in Dancing / Dip. F. A. (Dancing)
8. Diploma in Physical Education (Dip. P. Ed.)
9. Diploma in Physical Education and Vocational Guidance (Dip. E.V.G.)
10. Diploma in Mathematical Economics, Econometrics and Economic Analysis and Policy
11. Diploma in Linguistics (D.Lg.)
12. Dpiloma in Developmental Communication (D.D.C.).

Faculties of Arts including Education and Medicine :

13. Diploma in Psychotherapy (D.P.)
14. Diploma in Psychiatric Social Work (D.P.S.W.)
15. Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.)
16. Diploma in Special Education for Non-normal Children (D.S.E.N.C.)
17. Diploma in Medical and Social Psychology (D.M. & S.P.)
18. Diploma in Psychiatric Nursing (D.P.N.)
19. Diploma in Community Psychology (D.Com. P.)
20. Diploma in Scientific Study of the Developmentally Handicapped (D.S.S.D.H.)

Faculty of Arts, Science, Commerce and Engineering :

21. Diploma in Computer Training (D.C.T.)

Faculty of Science :

22. Diploma in Electronics and and Radio Phy.ics (D.E.R.P.)

Faculty of Law :

23. Diploma in Labour Laws and Practice ((D.L.P.)
24. Diploma Taxation Laws and Practice (D T.P.)

Faculty of Medicine :

25. Diploma in Ophthalmology (D.O.)
26. Diploma in Anaesthesia (D.A.)
27. Diploma in Paediatrics (D.Paed.)
28. Diploma in Public Health (D.P.H.)
29. Diploma in Laryngology and O.ology (D.L O.)
30. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
31. Diploma in Veneriology and Dermatology (D V.&D.)
32. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
33. Diploma in Occupation and Industrial Health (D.O.I.H.)
34. Diploma in Tuberculosis (T.D.D.)
35. Diploma in Pharmacy (Dip. Pharm.)
36 Diploma in Clinical Pathology (D.C.P.)
37. Diploma in Psychiatric Medicine (D.P.M.)
38. Diploma in Medical Laboratory Technology (D.M L.T.)

Faculty of Commerce :

39. Diploma in Businsss Management (D.B.M.)
40. Diploma in Industrial Management (DIM)
41. Diploma in Banking (D. Banking)
42. Diploma in Costing (D. Costing)
43. Diploma in Accountancy (Dip. in A/C)
44. Diploma in Secretaryship (D.See)
45. Diploma in Business Communication (D.B.C.)
46. Diploma in Co-operation (D. Co-op.)
47. Diploma in Foreign Trade including Export Marketing (D.F.T.)
48. Diploma in Economic and Business Journalism (D.E.B.J.)

Faculty of Arts, Science and Commerce :

49. Diploma in Statistics (D.Stat.)

૧૩. એમ. એન. કૉલેજ, વીસનગરમાં હિંદી વિષયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. આર. એમ. હલારીની નિમણૂક પશ્ચાદ્વર્તી તા. ૨—૭—૧૯૭૧ થી માન્ય કરવા અંગે આચાર્યે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

નોંધ. — ૧. શ્રી. આર. એમ. હલારી કૉલેજમાં જોડાયા તે સમયે યુનિવર્સિટીના નિયમો અનુસાર વ્યાખ્યાતા થવા માટેની પાત્રતા ધરાવતા હતા.

૨. શ્રી. આર. એમ. હલારીની નિમણૂક માન્ય કરવા અંગેની સઘળી માહિતી ભરીને પત્રક મોકલી આપવાનું તે સમયે સરતચૂકથી રહી ગયું છે તેમ આચાર્યે જણાવ્યું છે.

૩. શિક્ષણ સહિત વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ આ નિમણૂક માન્ય કરવા ભલામણ કરી છે.

ટૂંકી ચર્ચાવિચારણા બાદ સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની માન્યતા પશ્ચાદ્વર્તી આપવાના પ્રશ્નો જોઈતપાસીને તે અંગેની પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે મુજબ સ્થાયી સમિતિ રચવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૩ વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસ પણ ઉપર જણાવેલી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના અવકાશવિજ્ઞાનના પ્રા. ડૉ. એસ. ડી. વર્માને મોટર-કાર ખરીદવા માટે યુનિવર્સિટીના નિયમોને આધીન રૂ. ૩૦,૦૦૦ની લોન માટેની તેઓની તા. ૧૨—૨—૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ. — ૧ આ અંગે નિયમો અનુસાર વધુમાં વધુ રૂ ૨૦,૦૦૦ની લોન આપી શકાય.

૨. તેઓની પાંચ વર્ષની સેવા પર્યાપ્ત ન થઈ હોવાથી આ લોન તેઓને આપવામાં આવી ન હતી જે હવે પર્યાપ્ત થાય છે.

૩. જે કર્મચારીઓની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ખાતરી થાય કે તેમની ફરજો બજાવવા માટે પ્રસ્તુત વાહન ધરાવે તો તે યુનિવર્સિટીમાં તેમની કામગીરીને ઉપકારક નીવડે તેમ છે તથા એકિઝકયુટિવ કાઉન્સિલને ખાતરી થાય કે લોનની રકમ પરત ચૂકવવાની તે કર્મચારીની ક્ષમતા છે તો તેવા કર્મચારીને આ ઍડવાન્સ મળવા પાત્ર ગણાશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સના પ્રાધ્યાપક ડૉ. એસ. ડી. વર્માને રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર)ની લોન મોટરકાર ખરીદવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૧૫. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરે આખું શૈક્ષણિક વર્ષ ગ્રંથપાલ વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક મોડામાં મોડી તા. ૧૫ જૂન ૧૯૮૦થી કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું અને ઉપર જણાવેલ ક્ષતિ માટે તેને ઠપકો આપવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના પ્રા. ડૉ. વી. સી. શાહને યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા તરફથી ડૉ. શાહને "ફુલબ્રાઇટ એકસેચેન્જ પ્રોગ્રામ" નીચે યુનાઇટેડ સ્ટેટ્સમાં જવાની પસંદગી થઈ છે તે માટે આશરે ૩ ૧/૨ માસની દ્વિવાણી વેકેશન સાથે અને બે અઠવાડિયાંની "ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑફ બાયોલોજી"ના જર્મની ખાતે મળનાર અધિવેશનમાં હાજરી આપવા એમ કુલ આશરે ૪ માસની તા. ૧૮—૮—૧૯૮૦થી તા. ૨૦-૧૨-૧૯૮૦ સુધી સવેતન રજા આપવા અંગેના તેઓના તા. ૫-૨-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. ડૉ. શાહનો મૂળ માસિક પગાર રૂ. ૨,૧૫૦ છે.

૨. તેઓને ઑગસ્ટ ૧૯૮૦ સુધીમાં આશરે ૨૦ હક્ક રજા મળી શકે.

૩. તેઓને યુનાઇટેડ સ્ટેટ્સમાં દરરોજના ૩૦ ડૉલર એટલે કે રૂ. ૨૭૦નું દૈનિક ભથ્થું મળશે.

૪. તેઓની જર્મનીની મુલાકાત તેમની પોતાની વિનંતીથી છે.)

(અ) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ અને પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહને સદરહુ ફુલબ્રાઇટ એકચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે કુલ સાડાત્રણ મહિનાની રજા નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) ૨૦ દિવસની તેમના હક્કની રજા તેમના પૂરા પગાર અને ભથ્થાં સહિત;

(૨) ૮૫ દિવસની રજા પૂરા મૂળ પગારથી. આ સમય દરમ્યાન તેમને કોઈ પણ પ્રકારનું ભથ્થું મળી શકશે નહીં;

(૩) તેમને આપવામાં આવેલી રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૪) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

(૫) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨), (૩) અને (૪)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ ગાસના પગાર (ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૬) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓને આપવાની રહેશે.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. વી. સી. શાહને જર્મની ખાતે મળનાર ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑફ સેલ બાયોલોજીમાં હાજરી આપવા માટે ૧૫ દિવસની રજા અર્ધા પગારની રજા તરીકે (એટલે કે ½ મૂળ પગારભથ્થાં વિના) મંજૂર કરવી.

૧૭. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪—૬—૧૯૭૯ની સભાના ઠરાવ અન્વયે સંલગ્ન કૉલેજોમાં "કાર્પેન્ટર"ની જગ્યા હોય ત્યાં તેવા કર્મચારીના પગારની રકમ અનુદાનને પાત્ર ગણવા અંગે રાજ્ય સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરી હતી, તેના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેમના તા. ૨૧—૨—૧૯૮૦ના પત્રાંક એનજીસી. ૧૩૮૦—૩૮૮૫—ખ થી નીચે પ્રમાણે જણાવ્યું છે તે પર વિચારણા કરવા બાબત :

"કાર્પેન્ટરની જગ્યાને અનુદાન માટે ગ્રાહ્ય રાખવાની માગણી સરકારે કાળજીપૂર્વકની વિચારણા બાદ નકારી કાઢી છે. વધુમાં આ બાબતે આપનું ધ્યાન તા. ૧૫—૨-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭—એમ તરફ દોરવામાં આવે છે. મકાનના નિભાવ વગેરે માટે ૩ ટકાની ગ્રાન્ટ આપવામાં આવે છે તેમાંથી ચાલુ ખર્ચ ભોગવવાનું હોય છે. કાર્પેન્ટરની જગ્યા માટે અલગ અનુદાન આપવામાં આવે તો એક જ પ્રકારના ખર્ચ માટે બેવડું અનુદાન આપવાનું થાય, જે સ્વીકારી શકાય નહીં. વધુમાં કાર્પેન્ટરની જગ્યા ખૂબ જ મર્યાદિત, કૉલેજોમાં અસ્તિત્વમાં છે જેથી આ જગ્યાને અનાવશ્યક ગણીને તેને ગ્રાન્ટને પાત્ર નહીં ગણવાનું ઠરાવાયું છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૮. ઑર્ડિ. ૯૬ અન્વયે ૧૯૭૯—૮૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની માહિતીમાં શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ગ્રંથાલયમાં ગ્રંથપાલની ક્ષતિ જણાઈ હતી. સદરહુ ક્ષતિ અંગે લખતાં આચાર્યે તેઓના તા. ૧૧—૨—૧૯૮૦ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

"જો સંકુલ જૂન ૧૯૮૦થી કરવા અંગેની મંજૂરી ગુજરાત યુનિવર્સિટી અને સરકારશ્રી તરફથી મળી જાય તો અમારી બંને કૉલેજોનું સંકુલ થતાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે લાયકાત ધરાવતા એક જ ગ્રંથપાલની જરૂર પડે જે હાલમાં આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં છે.

આથી સંકુલ થતાં સુધીના ગાળા દરમ્યાન સાયન્સ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની લાયકાત ધરાવતા ગ્રંથપાલ નીમવાનો આગ્રહ મુલતવી રાખવા વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક મોડામાં મોડી તા. ૧૫ જૂન ૧૯૮૦થી કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું અને ઉપર જણાવેલી ક્ષતિ માટે તેને ઠપકો આપવો.

૧૯. ડૉ. બી. કે. સ્કૂલમાં ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટ તરીકે કામ કરતાં કુ. રુકસાના પઠાણને 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ'ના ઉપક્રમે યોજાનાર "મૅનેજમેન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ ફૉર ડેવલપમેન્ટ ઑફ મૅનેજમેન્ટ ફૅકલ્ટી"ના અભ્યાસ માટે

તા. ૨૫-૬-૧૯૮૦ થી તા. ૮-૪-૧૯૮૧ સુધીના સમય માટેની અભ્યાસ-રજા આપવા સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૯–૨–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. રુકસાના પઠાણની તા. ૨૫–૬–૧૯૮૦થી તા. ૮–૪–૧૯૮૧ સુધીના સમયગાળા માટેની સવેતન અભ્યાસ-રજા મંજૂર કરવી.

૨૦. સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા સર્વશ્રી આર. એલ. રાવળ તથા ઈ. જે. મસીહી તેઓની જ્યારે રીડર તરીકે નિમણૂક થયેલી તે વખતે તેમનો પગાર નીચે પ્રમાણે નક્કી કરવા અંગેની તેઓની તા. ૨૯–૮–૧૯૭૯ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	કઈ તારીખથી કેટલો પગાર ?
૧.	શ્રી. આર. એલ. રાવળ	તા. ૨૪–૮–૧૯૭૭થી મૂળ માસિક રૂ. ૧,૨૫૦ના પગારને બદલે રૂ. ૧,૩૦૦નો મૂળ માસિક પગાર
૨.	શ્રી. ઈ. જે. મસીહી	તા. ૨૪–૪–૧૯૭૭થી મૂળ માસિક રૂ. ૧,૨૫૦ના પગારને બદલે રૂ. ૧,૩૦૦નો મૂળ માસિક પગાર.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શ્રી. આર. એલ. રાવળને તા. ૨૪–૮–૧૯૭૭થી મૂળ માસિક પગાર રૂ. ૧,૨૫૦ને બદલે રૂ. ૧,૩૦૦ (રૂપિયા એક હજાર ત્રણ સો ફક્ત) ગણીને તે મુજબના તેમને મળવાપાત્ર વાર્ષિક ઈજાફા આપવાનું રાખવું.

(૨) શ્રી. ઈ. જે. મસીહીને તા. ૨૪–૪–૧૯૭૭ થી મૂળ માસિક પગાર રૂ. ૧,૨૫૦/–ને બદલે રૂ. ૧,૩૦૦/– (રૂપિયા એક હજાર ત્રણ સો ફક્ત) ગણીને તે મુજબના તેમને મળવાપાત્ર વાર્ષિક ઈજાફા આપવાનું રાખવું.

૨૧. બિનસરકારી ફાર્મસી કૉલેજના શારીરિક શિક્ષણના શિક્ષકો તથા લેબોરેટરી આસિસ્ટન્ટસનાં પગારધોરણોમાં સુધારો કરતા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૯–૨–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક પી.એચ.એમ. ૧૯૭૯–૨૭૫ (ક)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવમાં જણાવ્યા મુજબ શારીરિક શિક્ષણના શિક્ષકો અને લેબોરેટરી આસિસ્ટન્ટનાં પગારધોરણોમાં નીચે મુજબ સુધારો કરવો અને તેનો અમલ તા. ૧–૨–૧૯૭૩થી કરવો :

	રૂ.
(૧) શારીરિક શિક્ષણના શિક્ષકો માટેનું સુધારેલ પગારધોરણ	૫૫૦–૨૫–૭૫૦–ઈબી–૩૦–૯૦૦
(૨) (અ) લેબોરેટરી આસિસ્ટન્ટ (એસએસ.સી. અથવા તેથી વધારે શૈક્ષણિક લાયકાતવાળા માટે)	૨૬૦–૪૩૦
(બ) લેબોરેટરી આસિસ્ટન્ટ (અન્ય માટે)	૨૬૦–૩૫૦

૨૨. અમદાવાદની બિનસરકારી વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને વિજ્ઞાનની કૉલેજોને અગાઉ મોંઘવારી ભથ્થાના એરિયર્સનો ચુકવણી કરી છે તેમને તે ચુકવણી પર અનુદાન આપવા બાબતના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૨-૨-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૯-૪૫૩૮-૮૦ (ખ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૩. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૨-૧૯૭૯ની સભાએ ગુણચકાસણીની અરજીઓનો વેળાસર નિકાલ કરવાની આવશ્યકતા અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૧૮-૨-૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ કાર્યવાહી ગોઠવવા માટે શ્રી. પરીક્ષા નિયામકને જણાવવું.

૨૪. કુલપતિપદ માટેની સેવાના નિયમો અંગેનો સ્ટેચ્યૂટ સુધારવા માટે ઘટતી કાર્યવાહી કરવાની રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળની તા. ૨૩-૨-૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળની ભલામણો સ્વીકારવી અને તે પ્રમાણે સ્ટે. નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી ઍક્ટને ભલામણ કરવી :

Statute :

The following shall be the terms and conditions subject to which the office of the Vice-Chancellor shall be held :

(1) The Vice-Chancellor shall be paid salary or honorarium as per the option exercised by him for the purpose. The salary of the Vice-Chancellor shall be Rs. 2,500 per month. In case, any person appointed as the Vice-Chancellor opts for honorarium, he shall be entitled to an honorarium of Rs. 1,500 per month. In either case, he shall be provided with a furnished residence suitable to his status free of rent and other charges such as water-tax, electricity, garden, and other services. He shall be provided with telephone facilities at his residence free of cost. He shall also be provided with a car by the University and the expenditure on account of driver, maintenance, repairs of the car (including servicing) petrol and oil shall be brone by the University;

(2) The Vice-Chancellor shall be paid travelling and daily allowances as per relevant ordinance framed for the purpose from time to time; and

(3) The Vice-Chancellor and the members of his family shall be entitled to all medical aid available at the University Health Centre, if any, free of cost. The Vice-Chancellor, shall be fully reimbursed for all medical expenses for himself and the members of his family for such medical treatment as is not available at the University Health Centre.

૨૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫ સાથે કરવામાં આંવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવિવામાં આવી છે.

૨૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કેકરની Award of Mutual Educational Exchange Grant by the Council for International Exchange of Scholars, Washington D.C. માટે પૂરા સમયના વિઝિટિંગ રિસર્ચ સ્કોલર તરીકે જવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧/૧૮-૧૧-૧૯૭૮ની સભામાં તેઓ રજા પર જાય તે સમયગાળા માટે મૂળ માસિક પગારના ૫૦ ટકા જેટલી રકમ માસિક વેતન તરીકે તા. ૧૫-૧-૧૯૭૯ થી તા. ૧૪–૬–૧૯૭૯ની જે રજા મંજૂર કરી હતી અને તે સમય પછીની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬/૨૪-૬-૧૯૭૯ની સભામાં તા. ૧૫-૬-૧૯૭૯ થી તા. ૩૧–૭–૧૯૭૯ સુધીની બિનપગારી રજા મંજૂર કરી હતી. આ સમયગાળા દરમ્યાન તા. ૧૫–૭–૧૯૭૯ થી તા. ૧૪–૬–૧૯૭૯ સુધીના વેકેશન સમય માટે તેઓને પૂરા પગારની રજાઓ આપવા અંગેના ડૉ. કેકરના તા. ૨૬–૨–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨–૯–૧૯૭૮ની સભામાં તેઓની અભ્યાસ-રજાની વિનંતી મંજૂર કરવામાં આવી ન હતી.

(૨) ડૉ. કેકર તા. ૧૭–૮–૧૯૭૯ના રોજ રજા પરથી હાજર થયા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કક્કરને આ સભાગૃહે તેની તા. ૧૧/૧૮–૧૧–૧૯૭૮ની સભામાં બાબત નં. ૧૪૮થી જે રજાઓ મંજૂર કરી હતી તે રજાઓ પૈકીના જે દિવસો વેકેશનના હોય તે દિવસો માટે તેમને અર્ધા પગારને બદલે પૂરો પગાર આપવો.

૨૭. મનોવિજ્ઞાન વિષયમાં ડૉ. સી. ટી. ભોપટકરના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ કુ. બેલા મોદીએ પોતાનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ રજૂ કર્યા પછી કેલિફોર્નિયા ખાતે સ્થાયી થયા હોવાથી તેમની મૌખિક પરીક્ષા યુ.એસ.એ.ના નિમાયેલ પરીક્ષક ડૉ. મેકોબી નાથનને (સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં) યોજવા માટે ઓ. ૩૨૧-એ મુજબ પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૮. ગુજરાતી મુખ્ય વિષય તરીકે બંધ કરવાની શેઠ એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીના આચાર્યશ્રીએ તેમના તા. ૨૩–૨–૧૯૮૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— (૧) જૂન, ૧૯૭૭થી ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય બંધ કરવાની તેઓએ તા. ૨૭–૭–'૭૬ના પત્રથી વિનંતી કરેલ જે અંગે સમિતિ નિમાયેલ અને એક સભ્યે અશક્તિ દર્શાવતાં અન્ય સભ્યની નિમણૂક કરવામાં આવેલ પરંતુ સમિતિ કૉલેજની મુલાકાત હજી સુધી લઈ શકી નથી.

(૨) આ બાબતમાં કૉલેજને પુછાવતાં તેઓ ફક્ત ગુજરાતી મુખ્ય વિષય તરીકે બંધ કરવાની અરજી ચાલુ રાખવા ઇચ્છે છે, અને કોઈ પણ શિક્ષકને નોટિસ આપીને છૂટા કરેલ નથી તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને સદરહુ કૉલેજના સત્તાવાળાઓ સાથે વિચારવિમર્શ કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે તેને જણાવવું :

૧. આચાર્ય કે. એન. શાહ

૨. શ્રી. રમણલાલ જોશી.

૨૯. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ ઘોળકાના આચાર્ય તરીકે નિમાયેલ શ્રી. એન. એમ. પરીખની નિમણૂકની માન્યતા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. યુનિ. ધારાધોરણ અનુસાર આચાર્ય તરીકેની નિમણૂક માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થવા માટેની લાયકાત હોવી જરૂરી છે જે તેઓ ધરાવતા નથી તેની અગાઉની એ સભાઓમાં પ્રસ્તુત બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાનો ઠરાવ

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી. એન. એમ. પરીખની નિમણૂક ૧૯૭૮–૭૯ અને ૧૯૭૯–૮૦નાં બે શૈક્ષણિક વર્ષો પૂરતી કામચલાઉ ધોરણે ગ્રાહ્ય રાખીને શ્રી. એન. એમ. પરીખને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ઓછામાં ઓછાં ત્રણ સંશોધનપત્રો રજૂ કરીને અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪ જૂન, ૧૯૮૦ પહેલાં મેળવી લેવાનું રાખવું અને જણાવવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો આચાર્ય તરીકે તેમની નિમણૂક માન્ય રાખવામાં આવશે નહીં....."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૭–૧૧–૧૯૭૯ની સભાનો ઠરાવ

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. પરીખને સદરહુ કૉલેજના આચાર્ય તરીકે તા. ૧૪–૬–૧૯૮૦ સુધી માન્યતા આપવી અને તે દરમ્યાન આ યુનિવર્સિટીનાં

ધારાધોરણો મુજબ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે જરૂરી પાત્રતા હાંસલ કરીને યુનિવર્સિટીની માન્યતા મેળવી લેવી આવશ્યક રહેશે તેમ જણાવવું.'']

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યપદે નિમાયેલ શ્રી. એન. એમ. પરીખનો અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની જરૂરી સંશોધનપત્રો રજૂ કરવા માટેની મુદત ૧૪ જૂન ૧૯૮૧ સુધી લંબાવવી.

૩૦. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરમાં અર્થશાસ્ત્રના ખંડ સમયના લેક્ચરર શ્રી. સી. પી. શાહની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.– (૧) શ્રી. સી. પી. શાહ જરૂરી લાયકાત ધરાવે છે અને તેઓની નિમણૂક તા. ૧–૮–૧૯૭૭ના રોજ કરવામાં આવી છે.

(૨) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેઓની નિમણૂક તા. ૧–૮–૧૯૭૭થી ૧૪–૬–૧૯૮૦ સુધી માન્ય કરવા અભિપ્રાય આપ્યો છે.

(૩) જૂન, ૧૯૮૦થી તે કૉલેજના સંખ્યાધિક શિક્ષક શ્રી. રામજીભાઈ પટેલને રિકૉલ કરવાનું આચાર્યશ્રી તેમના તા. ૨૯–૧૦–૧૯૭૯ના પત્રથી જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અર્થશાસ્ત્રના ખંડ સમયના લેક્ચરર તરીકે નીમવામાં આવેલા શ્રી. સી. પી. શાહની નિમણૂક સંખ્યાધિક શિક્ષક શ્રી. રામજીભાઈ પટેલને જૂન ૧૯૮૦ થી પાછા બોલાવવામાં આવે તે શરતે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૩૧. 'Development of Area Studies Programme in Universities' અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૫–૧–૧૯૮૦ના પત્રાંક એફ. ૩૮–૫/૭૭ (C.E.)ના સંદર્ભમાં સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગના શ્રી. જે આઈ. વ્યાસ અને શ્રી. જે. કે. પટેલની પરદેશમાં જઈ તેમના વિષયમાં સંશોધન કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મંજૂરી માટે મોકલવા આવેલી અરજીઓ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.–(૧) અરજી પસંદ થયેથી અરજદારનો પરદેશ જવા–આવવાનો મુસાફરી ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે અને તે મુજબનું પ્રમાણપત્ર યુનિવર્સિટીએ આપવાનું રહેશે..

(૨) ૬થી ૧૨ અઠવાડિયાંના પરદેશના નિવાસ દરમ્યાન ઉમેદવારને કઈ રજા આપવી તે પણ નક્કી કરવાનું રહેશે.

(૩) અરજદારના પરદેશના રહેઠાણ દરમ્યાન યુ.જી.સી. તેમના નિભાવ માટે મર્યાદિત રકમ ડોલરમાં ફોર્ડ ફાઉન્ડેશનની આર્થિક સહાયના આવેલ ફંડમાંથી આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓ, સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. સંલગ્ન કૉલેજોની ૧૯૭૯–૮૦ના શૈક્ષણિક વર્ષની ઓ. ૯૬ અન્વયે આવેલી માહિતી ચકાસતાં કેટલીક કૉલેજો પાસેથી મળેલ અધૂરી વિગતો અને/અથવા યુનિ-

વર્સિટીનાં ધારાધોરણો અનુસારની ક્ષતિઓનું હજુ સુધી નિરાકરણ થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના જોડાણની શરતોની તપાસ માટેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૩. યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણના નિયામકની જગ્યા પૂરવા માટે અનુસૂચિત જનજાતિના ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી પણ જે અરજીઓ આવી છે તેમાં આ અનુસૂચિત જનજાતિના કોઈ ઉમેદવારોની અરજી આવી ન હોવાથી આ જગ્યાને પૂરવા આગળ શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી અને તે જાહેરખબરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો કે અનુસૂચિત જનજાતિના કોઈ લાયક ઉમેદવાર મળશે નહીં તો સદરહુ જગ્યાને બિનઅનામત ગણીને પૂરવામાં આવશે.

૩૪. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને સરેલા પંચની ભલામણ મુજબ સરકારી કર્મચારીઓની જેમ ઇજાફાનો લાભ આપવાની ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની માગણીના સંદર્ભમાં કાર્યાલયે કરેલી રજૂઆતના જવાબમાં શિક્ષણ વિભાગના પત્રાંક યુએસજી, ૧૨૮૦–૮૮૯૯-ખ, તા. ૪–૩–૧૯૮૦થી આ દરખાસ્ત મંજૂર કરી શકે તેમ નથી તેવું જણાવતા તેમના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત પુનઃ કરવાનું રાખવું.

૩૫. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૭૮–૭૯ના વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૭૮–૭૯ના વાર્ષિક હેવાલની નોંધ લેવી, અને તે યુનિવર્સિટી કોર્ટની જાણ માટે મોકલવો.

(૨) હેવાલમાં જણાવેલ સંબંધકર્તા ક્ષતિઓ અંગે જે તે વિભાગ/વિદ્યાભવનના વડાનું ભવિષ્યના માર્ગદર્શન માટે ધ્યાન ખેંચવું.

(૩) વધુમાં યુનિવર્સિટીની આર્થિક સ્થિતિની સમીક્ષા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. કુલસચિવશ્રી
૫. શ્રી વિકાસ અધિકારી

૩૬. ગુરુ નાનક ભવનના ઉપક્રમે યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓના સુચારુ સંચાલન અંગે નિયુક્ત થયેલી સ્થાયી સમિતિની તા. ૯–૧–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ :

ભલામણ

".....વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવનમાં રમતની પ્રવૃત્તિઓ નિયમિત ચાલે તે માટે અંદાજપત્રમાં કરવામાં આવેલી ખર્ચની જોગવાઈને આધીન ખંડ સમયના તાલીમ શિક્ષકો (ઇન્સ્ટ્રક્ટરો) નિયુક્ત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

[**નોંધ.**—ખંડ સમયના તાલીમ શિક્ષકો માટે અંદાજપત્રમાં નીચે પ્રમાણેની જોગવાઈ છે :

Three Instructors for Games at Rs. 150/- per month.
$150 \times 3 \times 12 = 5,400/-$]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬-અ. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧–૨–૧૯૮૦ની સભાની નીચેના ક્રમાંકોની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૨, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૦, ૨૧

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણો નં. ૨, ૬, ૭ અને ૮ મંજૂર કરવી.

ભલામણ નં. ૧૧ અંગે ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક નિયમ નં. ૩૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

P. G. Rule No. 35 :

The Professor-in-charge/the Head of the Department of the subject concerned in the University School shall properly maintain attendance register for all the candidates registered through the Post-graduate Centres/University Departments for all lectures and/or practicals and/or seminars held at their centre/University Deparment and at other centre or centres and shall submit attendance registers for first term in the first week of the beginning of the second term and for the second term within seven days from the conclusion of that term, the necessary information after consideration, if necessary, regarding the attendance together with two separate statements showing :

(1) the term duly kept by the candidate, and

(2) deficiency in attendance of those who have failed to keep the term together with a medical certificate, if necessary, and such remarks as he may choose to make.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણો નં. ૧૨, ૧૩, ૧૬ અને ૨૦ મંજૂર કરવી.

સદરહુ બોર્ડની ભલામણ નં. ૨૧ અંગે ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક નિયમ નં. ૨૭ (સી)ની પેટાકલમો (i) અને (ii) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી અને તે સુધારેલા નિયમને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો :

P. G. Rule No 27 (c) :

(i) The half freeship or full freeship, as the case may be, granted to the postgraduate student whose total annual income including the income of his guardian is not above Rs. 7,200/-

(ii) The Scholarship may be awarded on the basis of the academic performance of the student irrespective of his income. Only those students who have secured either first or second class should be eligible for scholarship.

(સદરહુ બોર્ડની ઉપરોક્ત ક્રમાંકોની ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૭. બાંધકામ સમિતિની તા. ૧૦-૩-૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૮. કોર્ટ-સભ્ય શ્રી. શરદ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"આ સભાએ યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને, રાજ્ય સરકારના ધોરણે લીવ ટ્રાવેલ કન્સેશન અને યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે તબીબી સહાયનો લાભ આપ્યો છે. રાજ્ય સરકારે તેના તા. ૫–૩–૧૯૮૦ના જી.આર. ક્રમાંક બમશ–૧૧૭૯–ખ—૫૫૩૫—ગથી આ લાભ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓને તથા લીવ ટ્રાવેલનો યુનિવર્સિટીના શિક્ષકોને આપવાનું ઠરાવ્યું છે. રાજ્ય સરકારના સદર જી.આર.નો આ સભા સ્વીકાર કરે છે અને તેનો અમલ કરવા સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને આદેશ આપે છે."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારનો સદરહુ જી.આર. સ્વીકારવો અને તે મુજબનો લાભ યુનિવર્સિટીના શિક્ષકવર્ગના કર્મચારીઓને આપવો અને સંલગ્ન કોલેજોના શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને લીવ ટ્રાવેલ કન્સેશનનો લાભ આપવા અને મેડિકલ વળતરનો લાભ આપવા જણાવવું

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ બેઉ લાભ અનુક્રમે તા. ૧–૧–૧૯૮૦થી અને તા. ૧–૭–૧૯૮૦થી આપવામાં આવે.

૩૯. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૮૦થી બી.એસસી. (જન.)માં ગણિત-શાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ કૉલેજ, કડી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

૧. જરૂરી લાયકાત ધરાવતા એક વ્યાયામ શિક્ષક

૨. યુનિ.નાં ધારાધોરણ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓ;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો ઓવરહેડ ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક તર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૪૦. કેમિકલ એન્જિનિયરિંગની પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "સ્વ. શ્રી. ત્રિકમલાલ વી. દલાલ ચંદ્રક" એનાયત કરવા માટેના ડૉ. મનોરમા ત્રિકમલાલ દલાલ તરફથી મળેલ રૂ. ૭,૫૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૧. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. આર. જે. જોશીને તેઓના મકાન પર પ્રથમ મજલાનું બાંધકામ કરવા માટે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે રૂ. ૨૭,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૧–૩–૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ઉપરોક્ત રકમમાંથી તેઓની પ્રો. ફંડની લોનની રૂ. ૩,૦૦૦ની રકમ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રાધ્યાપક ડૉ. રમણલાલ જોશીને એમના પ્રોવિડન્ટ ફંડમાંથી રૂ. ૨૭,૦૦૦/–(અંકે રૂપિયા સત્તાવીસ હજાર)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૪૨. ફાઇનાન્સ સમિતિની તા. ૧૨–૩–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા ૧૨–૩–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨–૩–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૩. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદીની જગ્યા માટે તા. ૨૯–૨–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨–૩–૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૨–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-ભવનમાં રીડર ઇન હિંદીની જગ્યા માટે ડૉ. બી. એસ. પટેલની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં હિન્દીના રીડરની જગ્યા પર ડૉ. બી. એસ. પટેલની નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦–૧,૩૦૦-૬૦–૧,૬૦૦-એસેસમેન્ટ–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦/– થી તા. ૧–૬–૧૯૮૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૨–૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૪. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન સાયકોલોજીની બે જગ્યાઓ (એક અનામત જગ્યા સહિત) માટે તા. ૨૯–૨–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨–૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા બા. ક્ર. ૨૦):

આથી, ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન સાયકોલોજીની બે જગ્યાઓ પૈકી એક બિનઅનામત જગ્યા પર વરણી સમિતિની તા. ૨૯–૨–૧૯૮૦ની સભાએ કરેલી ભલામણ મુજબ નીચે પ્રમાણે ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. શ્રીમતી પી. એચ. રાવળ

૨. ડૉ. કુ. કે. કે. ભટ્ટ."

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા થઈ તે દરમ્યાન કેટલાક સભ્યોની વિનંતીથી કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે વરણીસમિતિએ સદરહુ જગ્યાઓ માટે જે બે નામોની ભલામણ કરેલી છે તે નામો પ્રાથમિકતાના ક્રમ પ્રમાણે તે સમિતિની નોંધમાં દર્શાવવામાં આવેલાં છે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) મનોવિજ્ઞાન ભવનમાં રીડર ૪ન સાયકોલોજીની બે જગ્યાઓ પૈકીની જે એક જગ્યા બિન-અનામત એટલે કે સામાન્ય પ્રકારની છે તે જગ્યા પર ડૉ. (શ્રીમતી) પ્રતીક્ષા એચ. રાવળની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે કરવી અને તેમને તેમની કૉલેજમાં મળતા પગાર અને ભથ્થાંની વિગતો સાથે તેમનો મૂળ માસિક પગાર નિયત કરવાની બાબત આ સભાગૃહ સમક્ષ પુનઃ રજૂ કરવી અને તે અંગે નિર્ણય લેવાએથી તેમને નિમણૂકપત્ર આપવાનું રાખવું.

(૨) રીડર ૪ન સાયકોલોજીની બીજી જગ્યા કે જે બક્ષી પંચના હેવાલમાં નિર્દિષ્ટ એવા આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના ઉમેદવાર માટે અનામત રાખવામાં આવી છે તે માટે પુનઃ જાહેરખબર આપવી અને તેમાં સ્પષ્ટ જણાવવું કે બક્ષી પંચના હેવાલમાં નિર્દિષ્ટ એવા આર્થિક અને સામાજિક રીતે પછાત એવા કોઈ લાયક ઉમેદવાર મળશે નહીં તો સદરહુ જગ્યા બિનઅનામત ગણવામાં આવશે.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૨–૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૫. સમાજ વિદ્યાભવનમાં રીડર ૪ન સોશિયોલોજીની જગ્યા માટે તા. ૩–૩–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧/૧૨–૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બા. ક્ર. ૨૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩–૩–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજ વિદ્યાભવનમાં રીડર ૪ન સોશિયોલોજીની જગ્યા માટે શ્રીમતી ઉષા એસ. કન્હારેની નિમણૂક કરવા એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ૪ન સોશિયોલોજીની જગ્યા પર શ્રીમતી ઉષા એસ. કન્હારેની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૩૬૦/–થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩–૩–૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ૪ન ગુજરાતીની જગ્યા માટે તા. ૫–૩–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧/૧૨–૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર.૨૮) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૫–૩–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા ભવનમાં રીડર ૪ન ગુજરાતીની જગ્યા માટે ડૉ. સી. આઈ. પરીખની નિમણૂક કરવા એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના રીડરની જગ્યા પર ડૉ. ધીરુભાઈ આઈ. પરીખની નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦/-થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૫-૩-૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૭. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રોફેસરની જગ્યા માટે તા. ૮-૩-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧/૧૨—૩-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૯):

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮—૩—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રોફેસરની જગ્યા માટે ડૉ. જી. પી. કેશવનની નિમણૂક કરવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રોફેસર ઑફ બિઝનેસ મેનેજમેન્ટની જગ્યા પર ડૉ. જી. પી. કેશવની નિમણૂક રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૫૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮-૩-૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૮. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડરની બે જગ્યાઓ માટે તા. ૮-૩-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧/૧૨-૩-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા બા.ક્ર. ૩૦):

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮—૩—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડરની જગ્યા માટે નીચેના ક્રમમાં નિમણૂક કરવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. ડી. જે. મહેતા

૨. શ્રી. બી. એસ. દવે

૩. મિસ વી. આયર."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની બે જગ્યાઓ પર શ્રી. ડી. જે. મહેતા અને શ્રી. બી. એસ. દવેની

નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં ક્રમાનુવર્તી રૂ. ૧,૬૬૦/- અને રૂ. ૧,૨૦૦ના મૂળ માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮–૩–૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૪૮-અ. તે પછી સભાગૃહની સંમતિથી મૅથેમેટિકસના લેક્ચરર તરીકે આ સભાગૃહના તા. ૨–૮–૧૯૭૯ના ઠરાવ અન્વયે નિમાયેલા શ્રી. એન. સી. શાહની પોતાના મૂળ પગારની પુનર્વિચારણા કરવા માટેની તા. ૫–૩–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવામાં આવી.

તેમના કેસની વિગતો જોઈતપાસીને ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

૪૯. ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ તરફથી જૂન ૧૯૮૦ થી વાણિજ્યની વિદ્યાશાખાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર ૩૫).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર–પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કૉમ.ના (એક વર્ગ) અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

૨. વાણિજ્યના એક વ્યાખ્યાતા;

(**નોંધ.**—વધારાના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો માટે રાજ્ય સરકારની પૂર્વ-સંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.)

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) વાણિજ્ય વિદ્યાશાખા માટે ગ્રંથાલયમાં નીચે પ્રમાણે આવર્તક ખર્ચ કરવામાં આવે :

		રૂપિયા
૧. પુસ્તકો	...	૫,૦૦૦
૨. સામયિકો	...	૧,૦૦૦
૩. સંદર્ભગ્રંથો	...	૧,૦૦૦;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨ થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે; અને

(૬) વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં કોઈ પણ વિષયનું શિક્ષણ બંધ કરવામાં નહીં આવે તેવી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨. સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના ઉપરોક્ત ઠરાવમાં અનામત જગ્યાઓ ભરવા માટેની જે કાર્યવાહીનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે કાર્યવાહીને યુનિવર્સિટીમાં પણ શિક્ષક અને બિનશિક્ષક વર્ગોને માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ માટે પણ અનુસરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે વર્ગો માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે તે વર્ગોના યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો અનામતમાંથી બિનઅનામતમાં ફેરવવા માટે ઠરાવમાં દર્શાવેલ પ્રક્રિયાને યુનિવર્સિટીમાંની નિમણૂંકો માટે ચુસ્તપણે પાલન કરવું.

તે પછી સભાગૃહનું કામકાજ તે દિવસે સંજોગવશાત બપોરના ૩–૪૫ વાગ્યે બંધ કરવામાં આવ્યું અને રવિવાર, તા. ૨૦મી એપ્રિલ ૧૯૮૦ના રોજ આ સભા ચાલુ ન રાખવાનું ઠરાવવામાં આવ્યું, અને તેથી બાકી પરનાં બાકીનાં કામકાજ ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાયાં નહીં.

વધુમાં, એક્ઝિકયુટિવ કાઉન્સિલની એક વધુ સભા કુલપતિશ્રીને અનુકૂળતા મુજબ બોલાવવા માટે સભાગૃહે વિનંતી કરી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું.

નં. એક્ઝિક્ઝ. કાઉ. / ૧૯૨૪ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯
તા. ૨૫–૪–૧૯૮૦

ક. ચ. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝક્યુટિવ કાઉન્સિલની એપ્રિલ માસની વિશેષ સભા, શનિવાર, તા. ૨૬–૪–૧૯૮૦ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. અને રવિવાર, તા. ૨૭–૪–૧૯૮૦ના રોજ તે જ સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૪-૧૯૮૦	તા. ૨૭-૪-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. આઈ. જે. ધ્રુવ, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૪.	શ્રી. રજનીકાંત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર	હાજર
૫.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર	ગેરહાજર
૬.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર	હાજર
૭.	ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર	હાજર
૮.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૯.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૧૫.	શ્રી. એન. આર. શાહ	હાજર	હાજર
૧૬.	શ્રી. નરહરિ એમ. પરીખ	ગેરહાજર	હાજર
૧૭.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૮.	શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક	હાજર	હાજર
૧૯.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	ગેરહાજર.

તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત ક્રમાંક ૯૭ પરના ઠરાવમાં જણાવેલ ઑર્ડિનન્સના પાઠમાં નીચે મુજબ સુધારા કરવા :

(૧) સદરહુ ઑર્ડિનન્સનો ક્રમાંક ૧૨૦–એચને બદલે ૧૨૦–આઇ કરવો, તથા

(૨) તેની પેટાકલમ ૩માં Sec. 51(1) of the Gujarat University એમ લખ્યું છે તેને બદલે Sec. 51(1) of the Gujarat University Act એમ સુધારો કરવો.

(૩) તેની નોટ (Note) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

In the cases of teachers suspended already before the date of this Ordinance and the period of their suspension has already exceeded six months, the College or Recognised Institution shall take a final decision within 45 days from the date of this Ordinance. If the decision is not taken within 45 days, the provision under clause 2(c) shall apply.

(૪) તેની છેલ્લી કંડિકા જે નીચે મુજબ છે તે રદ કરવી અને તેને બદલે નીચે મુજબનો વધારાનો ઠરાવ મૂકવો :

(2) Clauses (12) and (13) of Ordinance 120-D shall be deleted.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦–ડીની ઉપરની પેટાકલમ ૧૨ અને ૧૩ રદ કરવી.

૧. તા. ૧૯–૪–૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૯–૪–૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) સદરહુ નોંધના પ્રારંભમાં સભ્યોની નામાવલિમાં નીચે મુજબ ઉમેરો કરવો :

૧૮. ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ હાજર
૧૯. શ્રી. કે. ડી. દેસાઈ હાજર

(૨) પાના નં. ૬ ઉપર બાબત નં. ૩ ઉપરના ઠરાવમાં નોંધ નં. ૨ રદ કરવી અને નોંધ નં. ૩ અને ૪ને અનુક્રમે નં. ૨ અને ૩ એમ ક્રમાંક આપવા.

૨. તા. ૧૯ ૪–૧૯૮૦ના રોજ લેવાયેલ થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ કેન્દ્રમાં બેઠેલા વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર અધરો હોવાનું કારણ આગળ ધરીને પરીક્ષાખંડ છોડી નીકળી ગયા અને શહેરની અન્ય કૉલેજોમાં ચાલતી તે પરીક્ષામાં અનેક સ્થળોએ ભાંગફોડ અને વિક્ષેપ થયો અને મોટા ભાગના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકયા નહીં તે પરિસ્થિતિ પર વિચારણા કરીને જરૂરી નિર્ણય કરવા બાબત.

[નોંધ.—૧. વિદ્યાર્થીઓનાં ટોળાં ધસી આવતાં યુનિવર્સિટી કાર્યાલયમાં પણ ઘણી ભાંગફોડ થવા પામી અને અંદાજે રૂ. ૨૦,૦૦૦નું નુકસાન થયેલું છે.
૨. આ બાબતમાં પોલીસ સત્તાવાળાઓએ ગુનો નોંધીને ફરિયાદ દાખલ કરી છે.]

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ પરિસ્થિતિ ઉપર વિચારણા કરીને આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૨) સદરહુ પ્રશ્નપત્ર ખરેખર અધરો અને/અથવા તેના કોઈ પ્રશ્નો કે પેટાપ્રશ્નો અભ્યાસક્રમ બહારના છે કે કેમ તે અંગે યોગ્ય નિષ્ણાતો દ્વારા તપાસ કરાવવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

(૩) વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ભવિષ્યમાં આ પ્રકારે વિક્ષેપ પાડે નહીં તે માટે શા ઉપાયો યોજવા તે અંગે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૩. જૂન ૧૯૮૦થી પેટલાદની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજનું વિભાગીકરણ કરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજનું સંકુલ કરવા અંગે સંસ્થા તરફથી આવેલી અરજી પર નિયુક્ત થયેલી સમિતિએ આ ફેરફાર જૂન ૧૯૮૦થી કરવા પરવાનગી આપવી નહીં અને તે અંગે કૉલેજને જૂન ૧૯૮૧થી વ્યવસ્થા કરવા માટે ફરીથી અરજી કરવા જણાવવા માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૪. કલોલની આર્ટ્સ-સાયન્સ કૉલેજ તથા કૉમર્સ કૉલેજનું જૂન ૧૯૮૦થી સંકુલ કરવા માટેની અરજી પર નિયુક્ત કરવામાં આવેલી સમિતિએ જૂન ૧૯૮૦થી આ સંકુલ

કરવા પરવાનગી આપવી નહીં અને ટ્રસ્ટને જૂન ૧૯૮૧થી આ વ્યવસ્થા કરવા માટે ફરીથી અરજી કરવા જણાવવા માટે કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૫. બિનસરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને શિક્ષણની કૉલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓના પગારધોરણ સુધારવા અન્વયે લેબોરેટરી આસિસ્ટન્ટને જૂના પગારધોરણમાં ચાલુ રાખવા માટેનો વિકલ્પ તા. ૧૬–૬–૧૯૮૦ સુધીમાં આપવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૮–૪–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭–૬૭૩૧૭–ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો.

૬. અનુસ્નાતક કેન્દ્રોમા અનુસ્નાતક વ્યાખ્યાનો લેવા આવતા મુલાકાતી શિક્ષકોને અનુસ્નાતક નિયમ ૩૮–બી પ્રમાણે રૂ. ૧૦ હૉલ્ટિંગ ઍલાવન્સને બદલે રૂ. ૧૫ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦ની સભામાં ઠરાવ્યું હોવાથી અનુસ્નાતક નિયમ ૩૮(બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

P.G. Rule No. 38(b) :

"The halting allowances shall be paid by the centre at the rate of Rs. 15/- per day."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૩૮(બી) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે સુધારેલા નિયમને ૧૫ જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો.

૭. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૯–૭૦ના વર્ષના સરકારી ઑડિટ–રિપોર્ટના પેરા નં. ૨૬માં ઇન્ટર–યુનિવર્સિટી ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં કોચિંગ કૅમ્પ યોજવામાં આવેલ તે અંગે અમદાવાદમાં રહેતા વિદ્યાર્થીઓને દૈનિક રૂ. ૪-૦૦ પ્રમાણે ભથ્થું ચૂકવવામાં આવેલ હોઈ ઑડિટમાં વાંધો આવેલ.

[નિયમ પ્રમાણે અમદાવાદના વિદ્યાર્થીઓને રૂ. ૨–૦૦ ચૂકવી શકાયા હોઈ વધારે ચૂકવાયેલ રૂ. ૨૦૦ની રકમ માંડવાળ કરવા બાબત.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને આપવામાં આવેલું રૂ. ૪/–નું દૈનિક ભથ્થું મંજૂર કરવું.

૮. શ્રમિક વિદ્યા કેન્દ્ર (પૉલિવેલન્ટ સેન્ટર) ની સલાહકાર સમિતિની તા. ૩૧-૩-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" ૧૯૮૦–૮૧નું અંદાજપત્ર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :
૧૯૮૦–૮૧ માટેનું કેન્દ્રનું અંદાજપત્રક સભ્યોએ સૂચવેલ ફેરફારો સાથે મંજૂર કરવામાં આવ્યું."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રમિક વિદ્યા કેન્દ્રનું ૧૯૮૦–૮૧ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલા અંદાજપત્રની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. ૧૯ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે જે તે અભ્યાસસમિતિઓએ રેફરીઓનાં નામોની કરેલ ભલામણ મુજબ તેઓની નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦. પ્રોવિડંટ ફંડના ઑ. ૧૧૭ પ્રમાણે ઊપજેલ વ્યાજની રકમ સભ્ય ફાઇબરને ફાળવી આપવાની છે; પરંતુ તા. ૩૧–૩–૧૯૭૯ સુધી આ અંગે રૂ. ૨,૧૦,૮૬૧–૫૮ પૈસાનો વધારો થવા પામ્યો છે જે સરકારી ઑડિટરની સૂચના પ્રમાણે સભ્ય ફાઇબરને ફાળવી આપવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તા ૩૧–૩–૧૯૭૯ સુધી કુલ ફંડ રૂ. ૧,૧૦,૮૬૧–૫૮ પૈસા હતું, તેથી તે રકમ ઉપર ૧.૫ ટકા પ્રમાણે ફાળવી શકાય તેમ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડમાં તા. ૩૧–૩–૧૯૭૯ના રોજ જે રકમ જમા હોય તે પર દોઢ ટકાના દરે વધારાનું વ્યાજ આપવું.

૧૧. બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૮૦થી બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ.-(ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬-૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે; શિક્ષકોની નિમણૂકો સંખ્યાધક શિક્ષકોમાંથી કરવામાં આવે;

(૨) હાલના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર જરૂરી બધી જ સવલતો માટે પ્રબંધ કરવામાં આવે;

(૩) કૉલેજ નિયમિત પગારોની ચુકવણીનો પ્રબંધ કરે અને તે માટે રૂપિયા પચાસ હજારનું ભંડોળ હાથ પર રાખે અથવા તેના વિકલ્પે યુનિવર્સિટીને સંતોષ થાય તે મુજબ બૅંક ઓવરડ્રાફ્ટની સવલત પ્રાપ્ત કરે.

(૪) એકાઉન્ટન્સી (મુખ્ય) માટે રૂ. ૨,૦૦૦ તથા સેક્રેટરિયલ પ્રેક્ટિસ (ગૌણ) માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કૉલેજના પોતાના ભંડોળમાંથી કરવામાં આવે;

(૫) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૬) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦–૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૮) પ્રોવિડંટ ફંડની બાકી રકમ જમા કરાવવામાં આવે; અને

(૯) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી કૉલેજના સ્થાપના વર્ષથી (આ જૂન ૧૯૭૨ પછી સ્થપાયેલી કૉલેજોને લાગુ પડે છે) 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણમાં 'બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે' એ શબ્દને બદલે 'એસ.વાય.બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે એમ છાપભૂલ હોઈ તે સુધારવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજની જૂન ૧૯૮૧થી ચાલુ જોડાણ માટેની અરજી આવ્યેથી તે સ્વીકારીને તે અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી,

૧૨. સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજ, ગાંધીનગરમાં જૂન ૧૯૮૦થી "ઇકોનોમિક્સ ઑફ કોટન"નો વિષય મુખ્ય ને બદલે ગૌણ તરીકે શીખવવાની પરવાનગી માગતી કૉલેજની અરજીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧–૯–૧૯૭૯ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજને ૧૯૮૦–૮૧ના વર્ષથી મુખ્ય અને ગૌણમાં 'રૂનું અર્થશાસ્ત્ર'ના વિષયનું શિક્ષણ બંધ કરવાની પરવાનગી આપવી.

૧૩. સંલગ્ન બિન-સરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોમાં વેકેશન નહીં મેળવતા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પ્રાપ્ત રજાઓને રેકર્ડમાં રૂપાંતરિત કરવા દેવા અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૦–૩–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૯–૭૮૪૨–ખ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવ મુજબ બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોમાં વેકેશન નહિ મેળવતા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને

પોતાની હક્ક રજાઓને, રાજ્ય સરકારના કર્મચારીઓના ધોરણે, રોકડમાં રૂપાંતરિત કરવા દેવાનો લાભ તા. ૧–૧–૧૯૮૦થી આપવા સંલગ્ન કૉલેજોને જણાવવું

૧૪. સંલગ્ન કૉલેજો ઇત્યાદિના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની મતદાર યાદીમાં "Confirmed full-time employees"ને બદલે "all employees" સમાવવા માટે યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦–૩–૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભાએ સ્ટે. ૧૪-બી સુધારીને કુલાધિપતિશ્રીની સંમતિ માટે મોકલ્યો હતો. તે અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭–૧૧–૧૯૭૯ની સભાના ઠરાવ ક્રમાંક ૧૭ અન્વયે કુલપતિશ્રીએ કુલાધિપતિશ્રીને રજૂઆત કરેલી. તેના સંદર્ભમાં તેઓશ્રીના સચિવ તરફથી આવેલ તા. ૨૧–૨–૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માહિતી કુલાધિપતિશ્રીના સચિવશ્રીને મોકલી આપવી.

૧૫. એસ્ટાબ્લિશમેન્ટ ઑફ યુનિવર્સિટી સેન્ટર ફૉર પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્ટડીઝ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલ તા. ૧–૩–૧૯૮૦ના પત્ર નં. એફ. ૧૭-૫-૧૯૭૮ (સીપી) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવી.

૧૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧–૨–૧૯૮૦ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"અમદાવાદમાં કેન્દ્રોની જરૂરિયાત (need) નક્કી કરવા વિષયવાર સમિતિ નીમવા અને તેની ભલામણો ન્યાયતપાસીને યુનિવર્સિટીનાં કેન્દ્રો ચાલુ રાખવાનું વિચારવામાં આવે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીનાં જે અનુસ્નાતક કેન્દ્રો ૧૯૭૯–૮૦ના વર્ષ માટે મંજૂર કરવામાં આવ્યાં હતાં તે ૧૯૮૦–૮૧ના વર્ષ માટે પણ ચાલુ રાખવાં.

(૨) દરમ્યાન અમદાવાદ નગર વિસ્તારમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની એક સંકલન સમિતિ નીમવી અને તે સમિતિને અનુસ્નાતક કેન્દ્રોના સુચારુ સંચાલન માટે જરૂરી ધોરણો (નોર્મ્સ) તેમ જ વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં સ્પષ્ટ નીતિનિયમો ઘડવા માટે જણાવવું :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. કાયદા વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૫. આચાર્ય એમ. સી. શાહ
૬. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૭. આચાર્ય કે. એન. શાહ

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સંકલન સમિતિના હેવાલ ઉપર જરૂરી નિર્ણયો લેવાયેથી અમદાવાદ નગર વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોની કામગીરી તપાસીને તેની જરૂરિયાત અંગે પોતાનો

સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે વિષયવાર સમિતિઓની રચના નીચે મુજબ કરવી તથા તે સમિતિને પોતાનો રિપોર્ટ તા. ૩૧–૧૦–૧૯૮૦ સુધીમાં આપવા માટેની સમયમર્યાદા નિયત કરવી :

૧. સંબંધકર્તા વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. સંબંધકર્તા અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી
૩. સંબંધકર્તા અનુસ્નાતક વિભાગના વડા
૪. કુલપતિશ્રી નિયુક્ત કરે તેવા એક સભ્ય.

૧૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦–૨–૧૯૮૦ની સભામાં થયેલ ઠરાવ મુજબ લેખન/અનુવાદના કામ માટે પુરસ્કારની બાકીની ૫૦ ટકા રકમ નકલોના વેચાણ પર આપવાની બાબતમાં હવેથી લેખકો/અનુવાદકો સાથે કરવાના કરારનામાના મુસદ્દામાં આ સાથેના પરિશિષ્ટ મુજબનો સુધારો મંજૂર કરી, ઉમેરો કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ કરારનામાના મુસદ્દામાં જરૂરી સુધારો કરવો.

(સદરહુ સુધારાના પાઠ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૮. એન. એસ. એસ. સલાહકાર સમિતિની તા. ૨૨–૨–૧૯૮૦ની સભાની ભલામણ મુજબ આગામી ઉનાળાના વૅકેશનમાં યુનિવર્સિટીના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ પ્રકારના ચાર આંતર-કૉલેજ શિબિરો યોજવા અને તે અંગેનું અંદાજી ખર્ચ રૂ. ૩૩,૦૦૦ ભારત સરકારની સૂચના મુજબ રૂ. ૩૨,૦૦૦ શિબિરની ગ્રાન્ટમાં અને રૂ. ૧,૦૦૦નું ખર્ચ પ્રોજેક્ટની ગ્રાન્ટ ખાતે પાડવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો તથા તે મુજબ રૂ. ૩૩,૦૦૦/– (અંકે રૂપિયા તેત્રીસ હજાર)નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૯. સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર સંસ્કૃત વિષયમાં પૂરા સમયના એક વ્યાખ્યાતા હોવા જોઈએ તે છેલ્લાં ત્રણ શૈક્ષણિક વર્ષથી નહીં હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સંસ્કૃત વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કુ. એ. સી. તન્ના છે. તેઓ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોવાથી તેઓની નિમણૂક માન્ય કરવા કૉલેજે વિનંતી કરી છે.

(૨) પૂર્ણ સમયનાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા બાબતમાં કૉલેજે તેની તા. ૨૧–૩–૧૯૮૦ના પત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

"સંસ્કૃત વિષય ફક્ત એફ.વાય.બી.એ.ના વર્ગમાં ફરજિયાત હોઈ તે વર્ગના સંસ્કૃત વિષયના અઠવાડિક તાસ ફક્ત **ત્રણ** યુનિવર્સિટી નિયમ પ્રમાણે હોય છે. ફક્ત ત્રણ તાસ માટે જો પૂરા સમયના વ્યાખ્યાતા નીમવામાં આવે તો પૂરા સમયના વ્યાખ્યાતાનો પગાર પે-પૅકેટને કારણે રાજ્ય સરકારનું શિક્ષણખાતું ગ્રાન્ટના હેતુ માટે માન્ય રાખે નહીં. વળી વ્યાખ્યાતાને અઠવાડિક તાસ **૧૫** આપવાનો નિયમ છે, જ્યારે પંદર તાસ માટેનો કાર્યભાર

ન હોય તે વિષય માટે પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાથી સંસ્થાને નાણાકીય બોજો વધે. સરકાર જો પૂરા સમયના વ્યાખ્યાતાનો પગાર તે વિષયના ત્રણ તાસ માટે ગ્રાન્ટના હેતુ માટે પે-પૅકેટને માન્ય રાખે તો પૂરા સમયના સંસ્કૃતના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં એને કોઈ હરકત ન હોય પરંતુ જ્યારે સરકારી ત્રણ તાસના કાર્યભાર માટે પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂકને અને તેના પગારને માન્ય ન રાખે તે સંજોગોમાં સંસ્કૃતના ત્રણ તાસ માટે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક આપવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક જૂન ૧૯૮૦ સુધી ગ્રાહ્ય રાખવી.

૨૦. ગુજરાત સરકારના ગૃહવિભાગના ઠરાવ નંબર જી.ટી.એસ. ૪૨૭૪-૨૨૭૩ ઈ. ૨. તા. ૧૬—૧—૧૯૭૯ના અનુસંધાનમાં યુનિવર્સિટી કાર્યાલયની મોટરકારનો કર્મચારીઓ માટે અંગત વપરાશનો દર કિ.મી. દીઠ રૂ. ૦—૭૫ પૈસા હતો તે સુધારીને કિ.મી. દીઠ રૂ. ૧—૦૫ પૈસા તથા રોકાણ અંગે ૧ કલાક દીઠ રૂ. ૧—૫૦ પૈસા દર નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—મોટરકારના અંગત વપરાશ અંગે ૧ કિ.મી. દીઠ રૂ. ૦-૭૫ દર એકિઝ. કાઉ.ની તા. ૨૨-૭-૭૯ની સભામાં બાબત નં. ૭૦થી નિયત કરેલ હતો જે જાણ માટે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની મોટરકારના અંગત ઉપયોગ માટે જે તે કર્મચારી-સભ્ય પાસેથી લેવામાં આવતો હાલનો દર રૂ.૦—૭૫ છે તે સુધારીને કિલોમીટર દીઠ રૂ. ૧-૦૫નો રાખવો.

૨૧. ભારતીય વહીવટી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટે તાલીમ અંગેની યોજના કે જે રાજ્ય સરકારશ્રીએ તેમના તા. ૨૮—૫—૧૯૭૯ના ઠરાવ ક્રમાંક આઈ.એ.એસ. ૧૦૭૮-૩૪૬૯૨-અથી મંજૂર કરેલ છે તે અન્વયે નાયબ નિયામકશ્રીની જગ્યા ઊભી કરવા તેમ જ શૈક્ષણિક લાયકાત નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નિયત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. ડૉ. ડી. એન. પાઠક
૫. શ્રી. વી. જે. ત્રિવેદી
૬. પ્રો. એમ. પી. ભટ્ટ

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ ઉપર પણ ઉપરના સભ્યોની નિમણૂક કરવી.

૨૨. જે. એન. મેડિકલ કૉલેજ, બેલગામ મારફતે કર્ણાટક યુનિવર્સિટી, ધારવારની ફર્સ્ટ એમ.બી.બી.એસ. પરીક્ષા ૧૯૭૮ (જૂન)માં ઉત્તીર્ણ કરેલ ન હોવા છતાં તે પાસ કરી છે તેવી ખોટી માહિતી રજૂ કરી વિદ્યાર્થી શ્રી. રાજાણી રફીકહુસેન માસુમઅલીએ

સેકન્ડ એમ.બી.બી.એસ.ના વર્ગમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ નં. ૩૬૩૨, તા. ૧૭-૭-૧૯૭૮નું મેળવી બી. જે. મેડિકલ કૉલેજ, અસારવા, અમદાવાદ-૧૬માં પ્રવેશ મેળવ્યો તે અંગે વિચારણા કરવા બાબત.

(કૉલેજે વિદ્યાર્થીએ એમ.બી.બી.એસ. પરીક્ષા ઉત્તીર્ણ કર્યાનો પુરાવો રજૂ ન કર્યો હોવાથી તેમજ જવાહરલાલ નહેરુ કૉલેજ, બેલગામના તા. ૭—૨—૧૯૮૦ના કાગળ અન્વયે પ્રવેશ રદ કર્યો છે અને આપણે પણ ઉપરોક્ત પી.ઇ.સી. રદ કર્યાની જાણ વિદ્યાર્થીને કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રાજાણી રફીકહુસેન માસુમઅલીને આ યુનિવર્સિટીમાં તા. ૩૦ એપ્રિલ ૧૯૮૩ સુધી કોઈ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં પ્રવેશ આપવો નહીં.

૨૩. આગામી ઉનાળાની રજાઓમાં યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી પસંદ કરેલ વ્યાયામ શિક્ષક ભાઈઓ-બહેનો માટે એક "રિફ્રેશર કોર્સ" યોજવાનું અને તે માટે નીચે પ્રમાણે રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર)નું અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

વ્યાયામ શિક્ષકો માટેના "રિફ્રેશર કોર્સ"નું અંદાજી ખર્ચ :

૧.	ભોજન અને નિવાસ વ્યવસ્થા (૪૦ વ્યક્તિઓ ૬ દિવસ રોજના રૂ. ૧૦ પ્રમાણે)	...	રૂ. ૨૪૦૦
૨.	રેલવે કે બસભાડું એક જ વેળાનું	...	રૂ. ૧૦૦૦
૩.	સાધનો-મેદાન	...	રૂ. ૩૦૦
૪.	આમંત્રિત નિષ્ણાતોનું ટી.એ.ડી.એ. ખર્ચ	...	રૂ. ૭૦૦
૫.	પરચૂરણ ખર્ચ	...	રૂ. ૬૦૦
	એકંદર કુલ	...	રૂ. ૫૦૦૦

(નોંધ.— ઉપરોક્ત ખર્ચ ડી.પી.ઈ. વિભાગના અંદાજપત્રમાં તાલીમ શિબિર ખર્ચ ખાતે ફાળવવામાં આવેલ રકમમાંથી કરવાનો રહેશે અને બજેટમાં અન્ય કોઈ નવી જોગવાઈ કરવાની રહેતી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે માટે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર)નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૪. સ્ટે. ૨૧૦ની નીચેની કલમ (૧) અને તેની પેટાકલમ (૨), (૩), (૪) અને (૫) અનુસાર સંલગ્ન કૉલેજ કે માન્ય સંસ્થાની તપાસસમિતિની સભ્યોની યાદી (Panel) તૈયાર કરવા માટે જરૂરી નિયુક્તિ કરવા બાબત :

1. The panel for the appointment of Inspection Committee to inspect an affiliated college or a recognised or an approved institution, as the case may be, shall consist of the following members, namely :

(*ii*) Two members to be nominated by the Executive Council from amongst themselves.

(iii) Two members to be nominated by the Executive Council from amongst the members of the Academic Council;

(iv) Three members to be nominated, preferably one from North Zone, one from South Zone and one from Ahmedabad Zone, by the Executive Council from amongst the members of the University Court;

(v) Two members to be appointed by the Executive Council from the Unviersity Staff not below the rank of an Assistant Registrar.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિ ઉપર સ્ટે. ૨૧૦ ની પેટાકલમ (૧) હેઠળ સંબંધેની યાદી (Panel) નીચે મુજબ રચવી :

કલમ (૧)ની પેટાકલમ (૨) હેઠળ ૧. આચાર્ય એમ. સી. શાહ
૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી

કલમ (૧)ની પેટાકલમ (૩) હેઠળ ૧. શ્રી. એ. ટી. દેસાઈ
૨. શ્રી. એ. આર. શાહ

કલમ (૧)ની પેટાકલમ (૪) હેઠળ ૧. આચાર્ય બી. સી. પટેલ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. શ્રી. નગીનભાઈ શાહ

કલમ (૧)ની પેટાકલમ (૫) હેઠળ ૧. શ્રી. વિકાસ અધિકારી
૨. શ્રી. નાયબ કુલસચિવ.

૨૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. જી. મુનશી તા. ૨૫-૩-૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૨૮-૩-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. મુનશી યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં તા. ૧૭–૩—૧૯૭૮ના રોજ જોડાયા હતા અને તા. ૨૫-૩–૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. મુનશીને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પરત કરવી.

૨૬. યુનિવર્સિટીના બિનશિક્ષક ગણના કર્મચારીઓને દેસાઈ પંચના હેવાલના સંદર્ભમાં જૂના પગારધોરણમાં રહેવાના વિકલ્પ આપવા બાબત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૯-૮૦-ખ, તા. ૨૬-૨-૧૯૭૦થી તા. ૧-૧-૧૯૭૩ના દિવસે કે ત્યાર પછી ઉક્ત હુકમ થયાની તારીખથી એટલે કે તા. ૨૩-૬-૧૯૭૬ના રોજ જેમની નિમણૂક-ભરતી થઈ હોય તેવા યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને

તેઓને જૂના પગારધોરણમાં રહેવું છે કે નવા પગારધોરણમાં રહેવું છે તેનો વિકલ્પ આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૭. ફાઇનાન્સ સમિતિના સભ્ય ડૉ. શ્રી. કે. એન. શાહની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય કે. એન. શાહની જગ્યાએ ડૉ. એમ. એન. દેસાઈની નિમણૂક કરવી.

૨૮. કૉલેજ ડેવેલપમેન્ટ કાઉન્સિલ પર એવોર્ડ ૧૬૬–૨ (બી) (૫) અન્વયે સંલગ્ન કૉલેજોના પાંચ શિક્ષકો પૈકી શ્રી. બબાભાઈ એસ. પટેલ સભ્ય હતા; પરંતુ શ્રી. બબાભાઈ એસ. પટેલ, આર્ટ્સ ફેકલ્ટીના ડીન તરીકે આ કાઉન્સિલ પર હોદ્દાની રૂઇએ સભ્ય બને છે અને તેથી તેમની ખાલી પડતી જગા પર કૉલેજના શિક્ષકોમાંથી નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલ પર શ્રી. બબાભાઈ એસ. પટેલની જગ્યાએ શ્રી. અંબુભાઈ દેસાઈની નિમણૂક કરવી.

૨૯. કૉલેજ ડેવેલપમેન્ટ કાઉન્સિલ પર ઑર્ડિ. ૧૬૬–૨ (બી)(૧) અન્વયે એકિઝકયુટિવ કાઉન્સિલના બે સભ્યો પૈકી શ્રી. બટુકચંદ્ર કે. શાહ સભ્ય હતા, પરંતુ હવે તે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય નથી, તો તેમની ખાલી પડેલી જગ્યાએ નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલ પર શ્રી. બટુકચંદ્ર કે. શાહની જગ્યાએ આચાર્ય હર્ષદભાઇ દેસાઈની નિમણૂક કરવી.

૩૦. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના ધોરણે તા. ૧–૬–૧૯૬૭થી ૩૧–૧૨–૧૯૭૨ના ગાળાના મર્જ્ડ સ્કેલ ઉપર અન-મર્જ્ડ ડી.એ. આપવા અંગે રાજ્ય સરકારે તેના શિક્ષણ વિભાગના પત્રાંક પરચ-૧૩૭૯ ૮૨૧૭-ખ તા. ૧૨-૨-૧૯૮૦થી અશક્તિ દર્શાવ્યા અંગેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાંથી હાલ ૮.૩૩ ટકાના દરે પ્રૉવિડંટ ફંડની કપાત છે તેને બદલે ૧૦ ટકાના દરે કપાત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯–૪–૧૯૭૯ની સભામાં કરેલી ભલામણ અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સચિવાલયના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૯/૭૨૮૫–૮૦–ખ તા. ૨૩–૨–૧૯૮૦થી તેનો અસ્વીકાર કર્યો છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. હરિઓમ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ આંભડાઈ સંશોધન એવોર્ડ (ફિઝિક્સ) ૧૯૭૯ના વર્ષ માટે નિયુક્ત થયેલ નિષ્ણાત સમિતિની ભલામણ પરથી સદ્દરહુ એવોર્ડ (૧) ડૉ. સી. સી. શાહ અને (૨) ડૉ. વી. બી. ગૌહિલને સરખા ભાગે એનાયત કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ બાબતની નોંધ લેવી.

૩૩. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) હજુ સુધી રજૂ કર્યું નથી, તેમને તે પ્રમાણપત્ર મેળવી લેવાની મુદ્દત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૧—૧૯૮૦ની સભામાં ઉપરોક્ત પ્રમાણપત્ર મેળવવા અંગે તા. ૭—૪—૧૯૮૦ સુધી મુદ્દત લંબાવવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૯—૮૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન જે વિદ્યાર્થીઓએ પ્રવેશ-પાત્રતાનું પાકું પ્રમાણપત્ર મેળવી શકયા હોય નહીં તેમને યુનિવર્સિટીની જે તે પરીક્ષામાં તેમનો પ્રવેશ તેમના હિસાબે અને જોખમે ગ્રાહ્ય રાખવો, પરંતુ તેમની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું નહીં.

૩૪. આઈ.એ.એસ. વર્ગ માટે રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક આઈ.એ.એસ. ૧૦૭૮-૩૪૩૯૨-૭૯–ખ, તા. ૨૮-૫-૧૯૭૯થી ઊભી કરેલી નાયબ અધ્યક્ષશ્રીની માસિક રૂ. ૨૦૦૦ના પગારની જગ્યા માટેની લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નાયબ નિયામકને બીજું કશું મહેનતાણું આપવામાં આવશે નહીં. આ જગ્યાને શૈક્ષણિક જગ્યા ગણવાની છે.)

ઉપર બાબત નં. ૨૧ ઉપરનો ઠરાવ જોતાં સદ્દરહુ બાબત અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૩૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ અને બી.એ. (સબો.)માં ભૂગોળ વિષય માટે નવી નિમણૂકોની મંજૂરી બાબતમાં રાજ્ય સરકારે તેમના તારીખ ૨૮-૨-૧૯૮૦ના પત્રથી અગાઉના નિર્ણયમાં ફેરફાર કરવાનું યોગ્ય જણાયું નથી તેમ જણાવ્યું હોઈ તેની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—(૧) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬/૨૪—૬—૧૯૭૯ની સભામાં રાજ્ય સરકારને આ બાબતમાં પુનર્વિચારણા કરવા માટે વિનંતી કરવાનું ઠરાવ્યું હતું.]

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૧—૧૯૮૦ની સભામાં આ બાબત રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા નીમેલી સમિતિને સોંપવા તેમજ સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને રાજ્ય સરકારને ઘટતો પત્ર લખી યુનિવર્સિટીની લાગણી વ્યક્ત કરવા ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકાર સાથે યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના કેટલાક પ્રશ્નો અંગે વિચારવિમર્શ કરવા માટે આ સભાગૃહે તેની તા. ૧૨—૧—૧૯૮૦ની સભામાં બાબત નં. ૧૨

હેઠળ જે સમિતિ નીમી છે તે સમિતિને સદરહુ બાબત અંગે પણ રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવા માટે જણાવવું.

૩૬. કોર્ટ–સભ્ય શ્રી. હરીશ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ.—"એમ.એલ.ડબલ્યુ.ના વર્ગમાં પ્રવેશ માટે લેખિત ટેસ્ટ અને (Viva) પરીક્ષા લેવી જોઈએ. આ બંને પરીક્ષાનું પરિણામ તથા વિદ્યાર્થીની ડિગ્રી પરીક્ષાના પરિણામની સંયુક્ત ગણતરી કરી પ્રવેશ આપવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૩૭. માર્ચ–એપ્રિલ ૧૯૭૯ની એમ.એ. પદવી પરીક્ષામાં "મહારાજા નથ્થુરામ શર્મા ચંદ્રક" માટે સદરહુ પ્રદાનની શરતો અનુસાર તત્ત્વજ્ઞાનના વિષયમાં કોઈ વિદ્યાર્થી ન થતાં એમ.એ.ની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને વિકલ્પે મહારાજા નથ્થુરામ શર્મા પારિતોષિક આપવામાં આવેલ છે, પરંતુ એમ.એ. પદવી પરીક્ષાના ભાગરૂપે ફિલોસોફી વિષયમાં શાંકરાચાર્ય તત્ત્વજ્ઞાનના ઐચ્છિક વિષય સહિત એપ્રિલ ૧૯૭૮ની એમ.એ. પાર્ટ–૧ની ઉપરોક્ત પરીક્ષાના વિદ્યાર્થી નંબર ૧૨૯૭ શ્રી. રાજેશ્વરી મુકુંદભાઈ ભણસાળીએ તત્ત્વજ્ઞાન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી પસાર કરી હોવાથી તેઓને સદરહુ ચંદ્રક આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અભ્યાસક્રમના શિક્ષણની વ્યવસ્થાના કારણે આ બાબત ધ્યાન પર આવી નહોતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી પરિસ્થિતિમાં અપવાદ તરીકે એક વધારાનો ચંદ્રક તૈયાર કરાવવો અને તે કુ. રાજેશ્વરી મુકુંદભાઈ ભણસાળીને આપવો.

૩૮. ઉન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૯-૧૧-૧૯૭૯ની સભાની ભલામણ પર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦માં ઑર્ડિ. ૩૭૭ અન્વયે બદલો નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપી હતી, તે મુજબ ઑર્ડિ. ૩૭૭ નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Ordinance 377 :

(*a*) Every candidate for admission to the degree of M.D.S. must have taken the degree of B.D.S. of this University or of any University recognised by this University as equivalent thereto.

(*b*) A post-graduate dental student shall get himself registered immediately after he is admitted in the branch in which he seeks admission.

(*c*) Candidates can be registered at any time of the year, but the candidate who registers 10th of August (for the First term) shall lose that term (unless he/she satisfies the director of post-graduate studies).

(*d*) A candidate admitted in one branch shall not be allowed to change his branch in ordinary cricumstances.

(*e*) The candidate who has been conferred M.D.S./M.Sc. (Medical) in basic subjects qualification in one speciality by this University or any other University shall not in ordinary circumstances, be allowed to register for M.D.S. qualification in other speciality. However, candidate having M.D.S., M.Sc. (Medical) in basic subjects qualification in one speciality from this University or any other University, if he applies for fresh admission in any other speciality shall not be entitled for any other addition or deduction under regulation 260-AA, but shall be entitled to an addition of only one per cent to the total percentage of marks obtained at the Third B.D.S. and Final B.D.S. Examination for weightage basis for the final preparation of the merit order list.

A candidate who has been registered under this provision will be governed by the requirements of Ordinance 377-G.

(*f*) In the event of doubt or dispute regarding the attendance or any other matter in relation to post-graduate rules the decision of Vice-Chacellor shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઉપર જણાવેલ ઑર્ડિ. ૩૭૭ની પેટાકલમ (સી)માં "the Director of Postgraduate Studies" એ શબ્દોને બદલે "the Vice-Chancellor" શબ્દો મૂકીને સદરહુ ઑર્ડિનન્સ સુધારવો અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૯. શિક્ષણની નવી તરાહથી સંખ્યાધિક થતા શિક્ષક તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાનું રક્ષણ તા. ૩૦–૯–૧૯૮૦ સુધી ચાલુ રાખવા બાબત શિક્ષણ-નિયામક (ઉ.શિ.) તરફથી આવેલ તા. ૩૧–૩–૧૯૮૦ના પત્રાંક ઉબક (સરપ્લસ) ક–૨૦૭૫૩ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા અંગે :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી

(૩) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫–૪–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫–૪–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫–૪–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૨. ઓર્ડિ. ૯૬ અન્વયે શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની માહિતી નિયત સમયમર્યાદા વીતી ગઇ હોવા છતાં કૉલેજો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલવામાં આવે તો તે અંગે સમગ્ર રીતે વિચારણા કરી હેવાલ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ તેની તા. ૧–૪–૧૯૮૦ની સભાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧–૪–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧–૪–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૩. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના ભૂતપૂર્વ શિક્ષક ડૉ. પી. બી. પટેલને મળવાપાત્ર પગારઘોરણનો તફાવત, પ્રોવિડંટ ફંડ અને ગ્રેચ્યુઇટીની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સ્થાયી સમિતિની નીચેની જે ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧-૧૯૮૦ની સભામાં મંજૂર રાખી તેના સંદર્ભમાં સદરહુ કૉલેજે તેઓને મળવાપાત્ર રકમની હજુ સુધી ચુકવણી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના ભૂતપૂર્વ શિક્ષક શ્રી. પી. બી. પટેલને મળવાપાત્ર પગારઘોરણનો તફાવત, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ઇત્યાદિની રકમની ચુકવણી અંગે સંચાલક મંડળે સંકુલ અંગેની સમિતિને લેખિત બાંયધરી આપી હોવા છતાં સદરહુ રકમની ચુકવણી થઇ નથી, તે યોગ્ય નથી અને આ રકમની ચુકવણી તાકીદે કરવા માટે જણાવવું."

નોંધ.—આ અગાઉ શિક્ષક-બિનશિક્ષકના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિનો, એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭–૫–૧૯૭૮ની સભામાં મંજૂર રાખેલી ભલામણ અનુસાર કૉલેજને મળતી આર્થિક સહાય કાપી લેવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૮(૧)(૨૧)(સી)ના સંદર્ભમાં રાજ્ય સરકારની ભલામણ કરવા બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧–૧–૧૯૭૯-ની સભાએ નીચે મુજબ ભલામણ કરી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ભૂતપૂર્વ શિક્ષક ડૉ. પી. બી. પટેલને ચૂકવવા પાત્ર થતા વેતન જેટલી રકમ ઉપરાંત શિક્ષાત્મક પગલારૂપે જરૂરી રકમની કપાત, સદરહુ કૉલેજના પગાર ગ્રાન્ટ સિવાયના અનુદાનમાંથી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના આચાર્યશ્રીની તથા ડૉ. પી. બી. પટેલની સાથે વિચારવિમર્શ કરીને આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. મનોવિજ્ઞાન ભવનના રીડર ઇન સાયકોલોજીની ખાલી જગ્યા અંગે બક્ષી પંચે નિર્દિષ્ટ કરેલ એવા આર્થિક અને સામાજિક રીતે પછાત એવા વર્ગ માટે અનામત રાખવામાં આવેલી, પણ આવા ઉમેદવાર ન મળતાં હવે ફરીથી જાહેરખબર આપવા અંગે તેમાં બક્ષી પંચે નિર્દિષ્ટ કરેલ એવા આર્થિક અને સામાજિક રીતે પછાત એવા ઉમેદવાર ન મળે તો જગા બિન-અનામત ગણીને પૂરવામાં આવશે તેમ કર્યાની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—આ બાબત એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩–૩–૧૯૮૦ની સભામાં ધ્યાન પર લાવવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. બિનસરકારી કૉલેજોમાં ગૅસ-મિકેનિકનું પગારધોરણ રૂ. ૨૬૦–૬–૩૦૮ ઈબી–૬–૩૨૬–૮–૩૫૦ ઈબી.–૮–૩૬૦–૧૦–૪૦૦ના બદલે રૂ. ૩૫૦–૧૨–૪૧૦ ઈબી–૧૨–૪૭૦ ઈબી–૧૫–૫૬૦ અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧–૨–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એનજીસી–૧૩૭૭–૭૭૦૩–૮૦–ખ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. સદરહુ ઠરાવમાં તેની જાણ સંબંધિત કૉલેજોને કરવા માટે ઉચ્ચ શિક્ષણનિયામકશ્રીને જણાવવામાં આવ્યું છે.

૨. એ. ૧૬૮માં ઉપર મુજબ સુધારો કરવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં ગૅસ મિકેનિકનું પગારધોરણ રૂ. ૩૫૦–૧૨–૪૧૦–ઈબી–૧૨–૪૭૦–ઈબી–૧૫–૫૬૦નું નિયત કરવું અને આ સુધારેલા પગારધોરણનો અમલ કરવા માટે બિનસરકારી સંલગ્ન કૉલેજોને જણાવવું અને ઑર્ડિ. ૧૬૮માં જરૂરી સુધારો કરવો.

૪૬. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં વ્યાખ્યાતાની બે જગ્યા પૂરવા તથા કૉમ્પ્યુટર વિભાગની કામગીરીને લક્ષમાં લઈને તેની તંત્રરચના અને ગોઠવણીની બાબતમાં સર્વગ્રાહી વિચારણા કરી હેવાલ આપવા અંગે એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯–૪–૧૯૭૯ તથા તા. ૧–૫–૧૯૭૯ની સભાના ઠરાવ અન્વયે નીમેલી સમિતિની તા. ૧૩–૩–૧૯૮૦ના રોજ મળેલી સભ્યની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કૉમ્પ્યુટર સાયન્સનો ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાને સૂચવવું.

૪૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) જૂન ૧૯૮૧થી વિનયન અને વાણિજ્ય ઉપરાંત કાયદા અને શિક્ષણની નવી કૉલેજો શરૂ કરવાની જોડાણની અરજીઓ મળી હોઈ એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની

સભામાં ઠરાવ ૬૧થી જૂન ૧૯૮૧થી શરૂ કરાનાર નવી કૉલેજો માટેની જરૂરિયાત (Need) નક્કી કરવાની બાબતમાં નિયુક્ત થયેલી સમિતિ પર (૧) કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી અને (૨) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખનો ઉમેરો કર્યાના;

(૨) સ્વાયત્તતા માટેના સુધારેલા ધોરણોના સંદર્ભમાં તેઓ સ્વાયત્તતા મેળવવા ઇચ્છે છે કે કેમ તે પુછાવતાં નીચેની કૉલેજો તરફથી યુનિવર્સિટીના પત્રો-સ્મૃતિપત્રો છતાં દર્શાવેલ સમય-મર્યાદામાં કોઈ જવાબ ન મળતાં તેઓની અરજીઓ દફતરે કરવાનો આદેશ આપ્યાની :

ક્રમ	કૉલેજનું નામ
૧.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૨.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૪.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ;

(૩) મોડાસાની સર પી. ટી. સાયન્સ કૉલેજ, એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, અને એસ. કે. શાહ કૉમર્સ કૉલેજ, તરફથી સ્વાયત્તતા માટે આવેલી અરજીઓના અનુસંધાનમાં તેઓએ કોઈ માહિતી ન મોકલાવી અને તેઓ અરજીઓ પર કાર્યવાહી ચાલુ રાખવા માંગે છે કે કેમ તે અંગેના યુનિવર્સિટીના પત્રોનો કોઈ જવાબ ન મળતાં સદરહુ અરજીઓ દફતરે કરવાનો આદેશ આપ્યાના;

(૪) બી.એ. (સમો.)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવાતો હોવા છતાં સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જૂન ૧૯૭૮ થી ચાલુ જોડાણ માટેની અરજીમાં તેનો ઉલ્લેખ ન હોઈ ચાલુ જોડાણના અન્ય વિષયો ઉપરાંત આ વિષયનું પણ જૂન ૧૯૭૮ થી કાયમી જોડાણ મંજૂર રાખી તે પ્રમાણે જોડાણ અંગેનું જાહેરનામું સુધાર્યાના;

(૫) ધી એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા સંચાલિત શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્ય શ્રી. બી. આર. પટેલે પોતાને નોકરીમાંથી દૂર કર્યા અંગે કૉલેજ સંચાલકે આપેલી નોટિસ સામે ગુજરાતની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ અરજીના સંબંધમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના;

(૬) પરીક્ષા વિભાગમાં લાકડાનું પાર્ટિશન ત્વરિત કરવાની જરૂરિયાત સંબંધમાં તે બાબત અંગે ફાઇનાન્સ કમિટીની તા. ૫—૪—૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ મંજૂર કર્યાના :

"આથી ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગમાં કોન્ફિડેન્શિયલ કામ કરતા વિભાગ માટે પાર્ટિશન કરવા માટે આવેલ ટેન્ડરોમાંથી ઓછા ભાવ આપનાર મે. ન્યૂ ફર્નિચર માર્ટ પાસે એક ચો. ફૂટના રૂ. ૧૬ (સોળ રૂપિયા)ના ભાવે પાર્ટિશન કરાવવા અને તે અંગે રૂ. ૨૧,૦૦૦ (એકવીસ હજાર પૂરા)નું ખર્ચ મંજૂર કરવું."

(૭) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨—૬—૧૯૭૮ના પત્રના સંદર્ભમાં ઑ. ૧૬૭ અન્વયે કુલપતિશ્રીની ભલામણથી એકિઝકયુટિવ કાઉન્સિલે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડાયરેક્ટર તરીકે પ્રિ. કે. એન. શાહની કરેલ પસંદગીના સંદર્ભમાં તેમને તેમની કૉલેજમાંથી

હાલ છૂટા થવાનું શકય નથી એમ તેમણે તા. ૨૮—૩—૧૯૮૦ના પત્રથી જણાવતાં પૂરા સમયની નિમણૂકની અવેજીમાં બીજો હુકમ થાય ત્યાં સુધી માનાર્હ ડાયરેકટર તરીકે પ્રિ. કે. એન. શાહની નિમણૂક કર્યાના;

(નોંધ.—આચાર્ય શ્રી. કે. એન. શાહની નિમણૂક માસિક રૂ. ૨૫૦૦ના ઉચ્ચક પગારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૩—૧૯૭૯ની સભામાં કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

(૮) ડેટા-૧૦૦ કંપનીનું (પ્રિન્ટર અમેરિકા)ની જે કંપની પાસેથી લેવામાં આવેલું તે કંપની હવે અસ્તિત્વમાં ન હોઈ તેની જવાબદારીઓ સંભાળનાર બીજી નોરઈન ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ કૉર્પોરેશન : એન. ટી. એસ. સી. નામની કંપનીએ આવા પ્રિન્ટર માટે Technical Support આપવાનું શકય ન હોઈ પૂરી કિંમત ચૂકવી પરત મેળવવાની ઇચ્છા દર્શાવ્યાની સી.એમ.સી. કંપનીને જાણ કરતાં આ પરત રકમમાંથી વધઘટ મજરે આપવા-લેવાની થાય તે રીતે નવું પ્રિન્ટર મેળવી વધારાના કોઈ પણ ચાર્જ વગર ફરીથી ૧૬૨૦ કૉમ્પ્યુટર સાથે જોડી આપવાના સી.એમ.સી. કંપનીના પ્રસ્તાવને મંજૂરી આપ્યાના.

(આ પ્રિન્ટર આપણા કૉમ્પ્યુટર સાથે સી એમ.સી. (કૉમ્પ્યુટર મેઇન્ટેનન્સ કૉર્પોરેશન) ભારત સરકારની સંસ્થાએ જોડી આપ્યું હતું.)

(૯) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧-૧૯૮૦ની બાબત ક્રમાંક ૬૯ના મૂળ પ્રસ્તાવમાં જણાવેલ તારીખોમાં રહેલ છાપભૂલ તેમ જ ક્ષતિ નીચે પ્રમાણે સુધારવાની મંજૂરી આપ્યાના :

"……અનુક્રમે રૂ. ૨૨૪૧ તા. ૬—૧—૧૯૮૦થી અને રૂ. ૬૪-૩૦ તા. ૧૭-૧૨-૧૯૭૯થી પ્રતિમાસે કૉમ્પ્યુટર મેઇન્ટેનન્સ કૉર્પોરેશન મેન્ટેનન્સ ચાર્જ તરીકે ચૂકવવા બાબત."

(૧૦) શ્રી. રાજેશ મોતીભાઈ પટેલે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૪૪૩થી તેમને સ્થાનિક બી. જે. મેડિકલ કૉલેજમાં ટ્રાન્સફર નહિ આપવા અંગે કરેલ રિટ માટે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગે થનાર ખર્ચને મંજૂર કર્યાના;

(૧૧) મે ૧૯૭૮માં લેવાયેલ એમ.ઈ. પદવી પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. પટેલ મંગુભાઈ એ. ને રેગ્યુ. એમ.ઈ. ૦૫ મુજબ જાહેર થયેલ તેમના પરિણામ સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ એપ્લિકેશન નં. ૧૬૨—૮૦ કરી છે તે માટે યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગેનું ખર્ચ મંજૂર કર્યાના;

(નોંધ.— આ વિદ્યાર્થીએ સેમેસ્ટર ૧ અને ૨નો પરીક્ષા બે ભાગમાં પાસે કરી હોવાથી વર્ગ આપવામાં આવ્યો નથી, એમ.ઈ. પાંચ જૂન ૧૯૭૬થી અમલમાં આવ્યો છે. આ વિદ્યાર્થી જુલાઈ ૧૯૭૫માં દાખલ થયા છે.)

(૧૨) અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં એમ.એસ. બા. ૪થી માર્ચ ૧૯૮૦ની પરીક્ષામાં બેસવા દેવા અંગે ડૉ. અનિલ પરીખે કરેલા દાવા નં. ૯૬૦-૮૦ અંગે યુનિવર્સિટી વતી એડવોકેટ શ્રી. વિનોદ એમ. ચોકસીને રોકયાના તથા તેનો ખર્ચ મંજૂર કર્યાના;

(૧૩) અનુસ્નાતક વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા માટેનો અનુ. નિયમ નં. ૩ (એ) (૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના :

(2) It shall be competent for the Vice-Chancellor to condone the deficiency in attendance of a candidate caused on account of illness or any other reason deemed satisfactory in any one of the two terms for Part-I and/or Part-II examination on receiving an application in that behalf supported a medical certificate in case of illness, provided that the candidate has attended not less than 40 per cent or more of the total number of lectures delivered during the term being considered for condonation.

It shall be competent for the Vice-Chancellor to condone the deficiency in attendance of a candidate, caused on account of illness or any other reason deemed satisfactory in both the terms for part I or bother terms for part-II as the case may be on receiving an application in that behalf supported by a medical certificate in case or illness provided that the deficiency in both the terms taken together does not exceed 15% of the total requirement as laid down by the University from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૮. બિનશિક્ષકગણની જગ્યાઓમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ ૧૦૭૯-૨૮૫૦૮-ખ તા. ૨૪–૩–૧૯૮૦માં દર્શાવ્યા પ્રમાણે અનામત રાખવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ સભાગૃહે તેની તા. ૧૭–૧૧–૧૯૭૯ની સભામાં બાબત નં. ૯ થી કરેલો ઠરાવ પર્યાપ્ત છે અને હાલને તબક્કે તે અંગે કશું વિશેષ કરવાની જરૂર જણાતી નથી.

૪૯. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. વાય. કે. શાહને યુનિવર્સિટી ઓફ ઝામ્બિયામાં સીનિયર લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ તરીકે ઓછામાં ઓછાં બે વર્ષ માટે અને વધુમાં વધુ ચાર વર્ષ માટે કોન્ટ્રેક્ટ એપૉઇન્ટમેન્ટ મળી હોઈ તે માટે જૂન ૧૯૮૦થી ત્રણ વર્ષની બિનપગારી રજા આપવા અંગેના તેઓના તા. ૩–૪–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — ૧. ડૉ. શાહને વર્તના K. ૮૭૪૮ એટલે કે અંદાજે રૂ. ૮૭,૪૮૦નો પગાર મળશે.
૨. ડૉ. શાહનો હાલ રૂ. ૧૩૦૦નો મૂળ માસિક પગાર મળે છે અને માર્ચ ૧૯૮૦માં આ જગ્યા ઉપર નિમાયા છે તે અગાઉ તેઓ ૧૯૬૫થી લેક્ચરરની જગ્યા પર કામ કરતા હતા.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. વાય કે શાહને તા. ૧૫–૬–૧૯૮૦થી ત્રણ વર્ષ માટે બિનપગારી રજા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે જુદા જુદા પ્રકારની રજાઓ મંજૂર કરવાની બાબતમાં એકસમાન નીતિ પ્રવર્તે તે દૃષ્ટિએ કેટલાંક નીતિવિષયક ધોરણો નક્કી કરવાનું આવશ્યક જણાય છે, તો તે બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. ડૉ. વી. સી. શાહ
૫. ડૉ. વી. પી. શાહ

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૪. યુનિવર્સિટી વાણિજ્ય વિદ્યાભવનમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. વી. એ. પાઠકને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ્ મેનેજમેન્ટના આશ્રયે ચાલતા પ્રોગ્રામ ફૉર ડેવલપમેન્ટ ઑફ્ મેનેજમેન્ટ ફેકલ્ટી માટેના અભ્યાસક્રમમાં પસંદગી થઈ હોઈ તેઓને જૂન ૨૫, ૧૯૮૦થી એપ્રિલ ૮, ૧૯૮૧ સુધીની અભ્યાસ-રજા આપવા તથા આ અંગે થનાર ટીચિંગ મટીરિયલ્સ, રહેવા, જમવા વિગેરે માટે આ સંસ્થાને આપવી પડતી રૂ. ૫,૦૦૦ની ફી મંજૂર કરવા અંગે તેઓના તા. ૧૭–૪–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. શ્રી. પાઠકનો મૂળ માસિક પગાર રૂ. ૯૮૦/— છે.

૨. શ્રી. પાઠક યુનિવર્સિટીમાં તા. ૧૬–૧૧–૧૯૭૬ના રોજ કાયમી જગા પર જોડાયા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકને તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૭–૪–૧૯૮૧ સુધી પૂરા પગારે અભ્યાસ-રજા આપવી.

(**નોંધ.**—આ અભ્યાસ–રજા દરમ્યાન યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેમને ઘરભાડા ભથ્થું આપી શકાશે નહીં તેની સ્પષ્ટતા કરવી.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૯ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૯. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના લેક્ચરર ડૉ. એચ. વી. સુથારને પરદેશની મુલાકાતે જવા તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૭–૪–૧૯૮૧ના સમય માટે નિયમો મુજબ રજા આપવા અંગેના તેઓનાા તા. ૮–૪–૧૯૮૦ના પત્ર તથા તેના સંદર્ભમાં ભવનના અધ્યક્ષશ્રીની તા. ૧૮–૪–૧૯૮૦ની નોંધ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ડૉ. સુથારને કયા પ્રકારની રજા જોઈએ છે જેની તેમણે સ્પષ્ટતા કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની બાબતમાં જરૂરી માહિતી ડૉ. એચ. વી. સુથારની પાસેથી મેળવીને આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૨૬–૪–૧૯૮૦ના રોજ બંધ રાખવામાં આવ્યું અને રવિવાર, તા. ૨૭–૪–૧૯૮૦ના રોજ સભા પુનઃ મળતાં યાદી ઉપરની આગળની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

સભાનું કામકાજ શરૂ થતાં સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૭ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૭. શ્રી. કે. એસ. શાસ્ત્રીના (૧) ઑર્ડિનાન્સ ૧૨૦-એચ ઘડવા, (૨) ઑર્ડિનાન્સ ૧૨૦-ડી સુધારવા અને (૩) ઑર્ડિનાન્સ ૧૬૫ સુધારવા અંગેના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

Ordinance 120-H be framed as follows :

Ordinance 120-H

Rules regarding Suspension

(1) When there are charges of gross Misconduct or Moral Turpitude against a teacher of an Affiliated college or Recognised Institution and an inquiry is instituted, if in the opinion of the Governing Body of the College or Recognised Institution concerned. The presence of the teacher concerned is prejudicial in the working of the college or the Institution, the Governing Body may place him under Suspension.

(2) (*a*) During the first three months of the period of suspension, the suspended teacher shall be entitled to receive 50% of the basic salary plus allowances taken together other than personal allowance, if any.

(*b*) During three to six months of the period of suspension, the suspended teacher shall be entitled to receive 75% of the basic salary plus allowances taken together other than personal allowance, if any.

(*c*) Where the period of suspension exceeds six months, the suspension shall be treated as cancelled and the teacher concerned shall be reinstated in his position and shall be paid the balance salary of the period under suspension.

(3) At the end of enquiry, if such employee is declared innocent, he will be paid the remaining pay (including allowances) for the period of suspension and will be entitled to all the rights and benefits as per rules to which he would have been entitled had he not been suspended. If, however, he is declared guilty, he shall have to undergo the punishment (including the loss of remaining salary) that may be imposed by the manage-

બ્રિહ્સ્પુરિલ્ગ્ગ્ગ

affiliated college in the faculties of Arts including Education, Science and Commerce shall be filled in from amongst the persons rendered surplus, if any, in the affiliated Arts, Science and Commerce Colleges due to the introduction of the 10+2+3 pattern of education, provided, the persons so appointed possess the minimum qualifications prescribed for the post concerned.

Notwithstanding anything contained in this sub-clause, it shall be competent for the University to appoint on its staff on a permanent basis in the vacancies mentioned above, any person or persons employed by it on a temporary post,

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦–આઈ મંજૂર કરવો અને ઑર્ડિ ૧૨૦–ડી અને ઑર્ડિ. ૧૬૫ સુધારવા અને સદરહુ નવા ઘડેલા ઑર્ડિ. ૧૨૦–આઈ અને સુધારેલા ઑર્ડિ. ૧૨૦–ડી અને ઑર્ડિ. ૧૬૫ ને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સદરહુ મંજૂર કરેલા ઑર્ડિ. ૧૨૦–આઈ અને સુધારેલા ઑર્ડિ. ૧૨૦–ડી અને ઑર્ડિ. ૧૬૫ની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૫૦. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનાં નીચેની શિક્ષકગણની જગ્યાઓ માટે વરણી-સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧.	પ્રોફેસર ઑફ બોટની	એક જગ્યા
૨.	પ્રોફેસર ઑફ મૅથેમેટિકસ	,,
૩.	પ્રોફેસર ઑફ સાયકોલોજી	,,
૪.	પ્રોફેસર ઑફ ઇકોનોમિકસ	,,
૫.	લેકચરર ઇન એજ્યુકેશન	,,
૬.	લેકચરર ઇન સોશિયોલોજી	,,
૭.	લેકચરર ઇન લેબર વેલફેર	,,
૮.	લેકચરર ઇન હિંદી	,,
૯.	લેકચરર ઇન ગુજરાતી	,,
૧૦.	લેકચરર ઇન સંસ્કૃત	,,
૧૧.	લેકચરર ઇન બોટની	,,
૧૨.	લેકચરર ઇન મૅથેમેટિકસ	,,
૧૩.	લેકચરર ઇન ઝૂલોજી	,,
૧૪.	લેકચરર ઇન ફિઝિકસ	,,
૧૫.	લેકચરર ઇન એનાલિટિકલ કેમિસ્ટ્રી	,,
૧૬.	લેકચરર ઇન કોમ્પ્યુટર સાયન્સ	બે જગ્યાઓ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે આ સભાગૃહ વતી જરૂરી વરણીસમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એલ. સી. પંચાલ તા. ૧૪–૪–૧૯૮૦થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને ખાતે નીકળતી પ્રો. ફંડ તથા ગ્રેચ્યુઈટીની રકમ પરત કરવા અંગેના તેઓના તા. ૮-૪-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પંચાલ આ યુનિવર્સિટીમાં તા. ૧૦–૪–૧૯૭૩ના રોજ જોડાયા હતા અને તા. ૧૪–૪–૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવનના છૂટા થયેલા સ્ટેનોગ્રાફર શ્રી. એલ. સી. પંચાલને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની તથા ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને પરત કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૩-૧૯૮૦ની સભામાં રીડર ઇન સાયકોલોજીની જગ્યા પર પસંદ થયેલાં ડૉ. (શ્રીમતી) પ્રતીક્ષા એચ. રાવલને હાલ શું મૂળ માસિક પગાર તથા વેતન મળે તે અંગેની માહિતી મંગાવી ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું ઠરાવ્યું હોઈ તેના સંદર્ભમાં ડૉ. (શ્રીમતી) પ્રતીક્ષાબેન રાવલ તરફથી તેમના તા. ૧૭–૪–૧૯૮૦ના પત્રથી આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત.

ટૂંકી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન સાયકોલોજીનાં રીડર તરીકે ડૉ. (શ્રીમતી) પ્રતીક્ષા એચ. રાવળને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦/– થી રૂ. ૧૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧૯૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે તા. ૧૫-૬-૧૯૮૦ થી નીમવાં.

૫૨. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૧–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ એક્ઝેકયુમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૩–૧૯૮૦ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે કાયદાની વિદ્યાશાખાની યુનિવર્સિટી સ્કૂલ, કૉલેજોમાં વિન્ટર સેમેસ્ટરનું સત્ર પહેલા ડિસેમ્બરથી સાતમી એપ્રિલ સુધીનું રાખવું." (એ. કા. બા. ક. ૭(૨))

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ પૈકી સને ૧૯૮૦–૮૧માં જે કૉલેજો અને માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ કરવાની છે તે માટે તપાસસમિતિઓ નીમવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૧૦ હવે મંજૂર થયેલો હોઈ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ યોજવાનું કામ હવે તે સ્ટેચ્યૂટ હેઠળ કરવું તથા તે તપાસ માટે તેમ જ કોઈ કૉલેજ અંગે જો અને જ્યારે જરૂર જણાય તો અને ત્યારે આ સભાગૃહ વતી જરૂરી તપાસ-સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી

૫૪. યુનિવર્સિટી કોર્ટ પરની ચૂંટણી અંગેના સ્ટેચ્યૂટમાં સુધારાવધારા કરી સર્વગ્રાહી હેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮–૧૧–૧૯૭૮ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૧–૨–૧૯૮૦ની સભાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯માં સુધારો કરવાની જે ભલામણ કરી છે તેની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિએ સ્ટે. ૧૬૫, સ્ટે. ૧૬૫–એ, સ્ટે. ૧૬૫–બી, સ્ટે. ૧૬૫–સી, સ્ટે. ૧૬૫–ડી, સ્ટે. ૧૬૫–ઈ, સ્ટે. ૧૬૫–એફ, સ્ટે. ૧૬૫–જી, સ્ટે. ૧૬૫–એચ, સ્ટે. ૨૬૫–આઈ, સ્ટે. ૧૬૬, સ્ટે. ૧૬૭ અને સ્ટે. ૧૬૮ સુધારવા માટે જે ભલામણો કરી છે તે ભલામણો, ચૂંટણી અંગેની રિટ અરજી નં. ૧૫૪૨/૭૩ની બાબતમાં આવેલા ચુકાદાના અનુસંધાનમાં જોઈતપાસીને પોતાનો સુચિંતિત અભિપ્રાય રજૂ કરવા માટે સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું.

૫૫. તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ ઑર્ડિનન્સ એમ.બી.બી.એસ.–૭ સુધારી તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૩-૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૩૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડ. એમ.બી.,બી.એસ. ૭ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરેલા સુધારેલા ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૭ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૬. તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ ઑર્ડિનન્સ ડી. પી. એન. ૧ અને ૨ નવા ઘડી તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧–૩–૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૪૦).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મુજબ નવા ઘડેલા ઑર્ડિ. ડી.પી. એમ. ૧ અને ૨ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ડી.પી.એન. ૧ અને ૨ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૭. ઉચ્ચતર માધ્યમિક તરાહના અમલને કારણે ફાજલ પડતા કૉલેજ શિક્ષકો-બિનશૈક્ષણિક કર્મચારીઓને તા. ૩૦–૯–૧૯૮૦ સુધી અથવા તેઓને અન્યત્ર સમાવવામાં આવે ત્યાં સુધી—એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી રક્ષણ લંબાવ્યા અંગેનો ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૯–૪–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૦૮૦–૨૫૭૦૬ –ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૮. બાંધકામ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૯. અનુસ્નાતક વિદ્યાર્થીઓની સત્ર ફીમાં વધારો કરવા માટેના રાજ્ય સરકારના તા. ૨૪-૫-૭૯ના પત્રાંક યુએસજી. ૪૨૭૭-૭૪૧૩-ખના અનુસંધાનમાં અનુસ્નાતક વિદ્યાર્થી-ઓની સત્ર ફી અંગેના ઑર્ડિ. ૧૫૧-સી સુધારવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૫૧–સી મંજૂર કરવો તથા તેને તા. ૧૫ જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૧૫૧-સી ની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૬૦. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં વ્યાયામ શિક્ષક તરીકે તા. ૪-૧૦-૧૯૬૯થી કાર્ય કરતા શ્રી. પી. એચ. પટેલની નિમણૂક માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના નિયમ મુજબ ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન, અથવા ગ્રેજ્યુએટ અને કાંદીવલી ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ અથવા વાય. એમ. સી. એ. મદ્રાસ અથવા ડી. પી. ઈ. પંજાબ યુનિવર્સિટી અથવા રાજપીપળા અથવા ગુજરાત રાજ્ય જોઈએ, જ્યારે શ્રી. પટેલ એમ.એ., સી. પી. એડ., એ. સી. સી. (પૂના) છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૨-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ અન્વયે ઘટતાં પગલાં લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"ચાલુ વર્ષની એમ.ફિલ. પરીક્ષાઓની સંપૂર્ણ યોજના તૈયાર કરવા કુલપતિશ્રી ઉપરાંત એમ.ફિલ. કમિટીઓના કન્વીનરોની મીટિંગ બોલાવીને ચાલુ વર્ષ પૂરતું યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૨. યુનિવર્સિટીના મદદનીશ ડી.પી.ઈ. મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર અને મદદનીશ એડમિનિસ્ટ્રેટરની જગ્યાઓનાં નામાભિધાન બદલી તેઓને રૂ. ૭૦૦-૧,૩૦૦નું પગારધોરણ આપવાના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પત્રાંક યુએસજી. ૧૦૭૯-૨૦૩૧૭–૮૦–ખ, તા. ૭-૪-૧૯૮૦થી આ દરખાસ્ત મંજૂર રાખી શકાય તેમ નથી તેમ જણાવતા આ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે પુનઃ મોકલવો.

૬૩. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. આઈ. વી. પટેલને હાઉસિંગ બોર્ડના ટેનામેન્ટની રકમ ચૂકવવા સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૨૬,૦૦૦–૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૧–૪–૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. પટેલને ખાતે રૂ. ૧૭,૦૮૮–૦૦ની બિલ્ડિંગ લોનની રકમ તથા તે પર વ્યાજની રકમ બાકી છે તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના લેક્ચરર ડૉ. આઈ. વી. પટેલને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી રૂ. ૨૬,૦૦૦(રૂપિયા છવ્વીસ હજાર)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૬૪. પ્રૌઢશિક્ષણના પ્રોજેક્ટ ઑફિસરની બે હંગામી જગાઓ માટે તા. ૨૧–૪–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો ઉપર પુનઃ વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને સદરહુ સમિતિનો હેવાલ આવ્યેથી તે અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૬૫. "ભાઈ રુક્મિણી ચિમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ શિષ્યવૃત્તિ વિ." અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ વગેરે અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સદરહુ સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૬. ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના આચાર્યોના મંડળની કારોબારી સભાના નીચે જણાવેલ ઠરાવ પર વિચારણા કરવાની સદરહુ મંડળના પ્રમુખશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યોને કૉલેજની નજીક ૧૦૦ ચો.વારનું ભાડામુક્ત મકાન આપવામાં આવે તથા જ્યાં સંચાલક મંડળ આચાર્યને કૉલેજ નજીક ભાડામુક્ત મકાન ન આપે ત્યાં આચાર્યને બરોબર ભરવું પડતું ભાડું અથવા રૂ. ૪૦૦ માસિક જે ઓછું હોય તે આપવું, અથવા જો આચાર્યો પોતાના મકાનમાં રહેતા હોય તો તેમને ભાડાની અવેજીમાં રૂ. ૪૦૦ ઘરભાડા તરીકે આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૭. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાના અધ્યાપક શ્રી. એન. એમ. પંડ્યાએ સંચાલક મંડળે તેમને કાયમી ધોરણે નિમણૂક ન આપ્યાની બાબતમાં ગુજરાત રાજ્યની

વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ અરજી નં. ૮૩૬–૮૦ પર યુનિવર્સિટી તરફે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાના તથા તે પેટે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૮. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ ક્રમાંક વીએલબી. ૧૧૮૦–૬૪૪–જે, તા. ૯–૪–૧૯૮૦થી મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧–૧૧–૧૯૭૯થી કરેલો વધારો યુનિવર્સિટીના કર્મચારીઓ(શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ને ચૂકવવા અંગેની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત;

અને

આ ઠરાવ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના–માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ ઉપર નં. (૧)માં જણાવેલ મોંઘવારી ભથ્થાના સુધારેલા દરો તા. ૧–૧૧–૧૯૭૯થી લાગુ પાડવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૬૯. ગ્રુપ ગ્રેચ્યુઇટી ટ્રસ્ટીઓની તા. ૧૫–૪–૧૯૮૦ના રોજ મળેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ યુનિવર્સિટીના કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૦. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૮–૪–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી યુનિવર્સિટીની ટુકડી સાથે મૅનેજર અને કોચ એમ બે અલગ વ્યક્તિઓને મોકલવી અને તે માટે થનાર વધુ ખર્ચને પહોંચી વળવા માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ ખાતે વધુ ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર)ની જોગવાઈ કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને આગ્રહભરી વિનંતી કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પાસે દરેક રમતનાં જરૂરી મેદાનો અને તેનાં સ્ટાન્ડર્ડ સાધનો હોવાં જોઈએ તે આવશ્યક છે. આથી આવતા વર્ષમાં હૉકી, ફૂટબૉલ, ટેનિસ અને ક્રિકેટની રમતનાં મેદાનો તૈયાર કરાવવા અને તે માટે અલાયદી જરૂરી નાણાંની જોગવાઈ કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને આગ્રહભરી ભલામણ કરે છે.

(૩) સને ૧૯૮૦-૮૧ના વર્ષ માટે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી ટેનિસની હરીફાઈઓ અથવા વૉલીબૉલ (બહેનો)ની હરીફાઈઓ આપણી યુનિવર્સિટીના આશ્રયે યોજવા અંગે

એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હીને આમંત્રણ આપવાનું આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(આ અંગેનો ખર્ચ આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ માટે ફાળવેલ બજેટ હેડ હેઠળથી થઈ શકશે.)

(૪) જિમખાના ફંડની આવક અને તેમાં થતા ખર્ચ વગેરેને લક્ષમાં રાખીને જિમખાના વિભાગમાં કામ કરતા પટાવાળાભાઈનો પગાર કૉલેજના સામાન્ય ફંડમાંથી એટલે કે કૉલેજના અન્ય કર્મચારીઓને જે ફંડમાંથી આપવામાં આવે છે તે ફંડમાંથી પગાર આપવાનું મંજૂર કરવા અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. યુનિવર્સિટી કોર્ટની તા. ૬–૭ ડિસેમ્બર ૧૯૭૯ની સભાએ ઑર્ડિનન્સ ૬૫–એફ (૧)(એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સત્તામંડળોને ભલામણ કરેલી તે પર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧–૨–૧૯૮૦ની સભાની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૩–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(*i*) A recognised post-graduate teacher or (*ii*) an assistant to a recognised post-graduate teacher with five years' teaching experience at post-graduate level or eight years' teaching experience (teaching) at graduate level in the subject and three research papers, or three articles of high quality or a published monograph in a subject provided that their research papers or articles or the monograph, as the case may be, as adjudged by a competent person are of a sufficiently high quality.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ

"યુનિવર્સિટી કોર્ટની તા. ૬–૭–૧૯૭૯ની સભાએ ઑર્ડિ. ૬૫–એફ (૧)(એ) સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવા સત્તામંડળોને ભલામણ કરી છે તે અંગેનો સુધારો કરવાની ભલામણ નહીં સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫–એફ (૧)(એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*i*) A recognised post-graduate teacher, who, or

(*ii*) A recognised assistant post-graduate teacher with three years' teaching experience at post-graduate level in the

subject concerned, who has three research papers, or three articles of high quality or a published monograph in a subject, provided that his research papers, or articles, or the monograph, as the case may be, are / is adjudged by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. ૬૫–એફ (૧)(ગ્રે) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૨. કપડવંજની કૉલેજોનું એક સંકુલ કરવા અંગેની કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રીની અરજીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮/૨૯–૪–૧૯૭૯ તથા તા. ૧–૫–૧૯૭૯ની સભાએ ઠરાવ ક્રમાંક ૧૨૮થી કેટલીક શરતોના પરિપાલનને આધીન સદરહુ સંકુલ આપવા ઠરાવ્યું હતું. તેના જવાબમાં મંડળે તેના તા. ૯–૪–૧૯૮૦ના પત્રથી નીચે મુજબ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

"સરકારશ્રીએ ફાજલ પડતા આચાર્ય તથા અન્ય સ્ટાફ અંગે નિર્ણય કર્યો ન હોવાથી સંકુલ જૂન ૧૯૮૧થી કરવા વિચાર્યું છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૦-૮૧ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૯-૮૦ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપર તા. ૨૭/૨૮–૩–૧૯૮૦ની કોર્ટની વાર્ષિક સભામાં નીચે મુજબ થયેલ ઠરાવ અંગે વિચારણા કરવા તથા એકિઝકયુટિવ કાઉન્સિલ સદરહુ ઠરાવ ઉપર વિચારણા કરી અંદાજપત્ર આખરી સ્વીકારે તે દરમિયાન નવું નાણાકીય વર્ષ તા. ૧–૪–૧૯૮૦થી શરૂ થતું હોઈ અંદાજપત્રની યુનિવર્સિટી કોર્ટે નોંધ લીધી છે તેમ ગણીને અંદાજપત્રની મર્યાદામાં રહીને રાબેતા મુજબના ખર્ચ કરવાનું ચાલુ રાખી આગળની કાર્યવાહી કરવા કુલપતિશ્રીએ આપેલ મંજૂરીના કાર્યની નોંધ લેવા બાબત.

કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૮૦ની વાર્ષિક સભાનો ઠરાવ

"સને ૧૯૮૦–૮૧ના વર્ષના અંદાજપત્રમાં 'યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન' મથાળા હેઠળ કુલ ખર્ચ રૂ. ૭,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને કુલ રૂ. ૨૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ લાખ પૂરા)ની જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને ૧૯૮૦–૮૧ના વર્ષનું યુનિવર્સિટીનું અંદાજપત્ર, યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૮૦ની સભાએ કરેલ ઉપરના ઠરાવ મુજબ સુધારીને મંજૂર કરવું.

૭૪. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષક / બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરી હૈયાલ આપવા એકિઝ

કયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિએ તેની તા. ૫–૪–૧૯૮૦ની સભામાં કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૫–૪–૧૯૮૦ની સભાની ભલામણ નં. ૯ ઉપરની વિચારણા મોકૂફ રાખવી તથા સદરહુ સમિતિની ભલામણ નં. ૧૦ની બાબતમાં શ્રી. વિનુભાઈ પુ. પટેલે પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધેલી હોઈ તે અંગે કશું કરવાપણું રહેતું નથી.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (ક)માં જણાવેલ ભલામણો સિવાયની સદરહુ સમિતિની અન્ય ભલામણો મંજૂર કરવી અને યુનિવર્સિટી કોર્ટ તેની તા. ૬/૭–૧૨–૧૯૭૯ની સભામાં રિફર બેક કરેલ સ્ટે. ૨૧૨ સમિતિની ભલામણ યુજીસી સુધારવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની તા. ૫–૪–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૭૫. જૂન ૧૯૮૧થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓની બાબતમાં આ સભાગૃહ વતી જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. સદરહુ બાબતની વિચારણા અગળ બાબત નં. ૫૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૭. આ યુનિવર્સિટીની થર્ડ બી. કોમ., એમ.બી.બી.એસ., એમ.એ. (ભાગ એક અને બે), એમ.કોમ. (ભાગ એક અને બે)માં ડમી પદ્ધતિ ચાલુ રાખવાનું અને થર્ડ એલએલ.બી.માં ડમી પદ્ધતિ દાખલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે તેના સંદર્ભમાં બદલી કાર્યવાહી ગોઠવવા માટે જરૂરી ખર્ચ અંદાજે રૂ. ૬૮,૦૦૦ (અડસઠ હજાર) મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૭૮ હવે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવે— Pass on to the next item.

૭૮. યુનિવર્સિટી કોર્ટની તા. ૬/૭–૧૨–૧૯૭૯ની સભાએ તેની સમક્ષ મુકાયેલ નીચેનો પ્રસ્તાવ એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯–૨–૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૬–૪–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટી કોર્ટની સભામાં મુકાયેલ પ્રસ્તાવ

"વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્ષટાઈલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સમિતિની ભલામણ

"એવું ઠરાવવામાં આવ્યું કે, બી.એસસી. (કેમિસ્ટ્રી મુખ્ય) સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસીમાં ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં જૂન

૧૯૮૦થી ત્રણ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. આ વિદ્યાર્થીઓને એમ.ફાર્મ. (ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી)ને બદલે એમ.એસસી. (ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી)ની પદવી આપવાની રહેશે. આ અંગે આ સમિતિ યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૪-૪-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૪–૪–૧૯૮૦ની સભાની નોંધમાં બાબત નં. ૨ અને ૩ પરની નીચેની ભલામણો ઉપરની વિચારણા મોકૂફ રાખવી.

બાબત

"૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં બક્ષી કમિશનની ભલામણો અંગે અનામત જગ્યાઓ રાખવા અંગે નીમેલી સમિતિએ નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કાર્યાલય નિયામકોએ રૂબરૂમાં જણાવ્યું કે રાજ્ય સરકારમાં ડેપ્યુટી સેક્રેટરી અને અન્ડર-સેક્રેટરીની જગ્યા માટે સ્નાતકનું ધોરણ ઉમેદવાર સ્નાતક ન હોય તો પણ નિમણૂક કરવામાં આવે છે. સમિતિ પાસે આ અંગે માહિતી સત્તાવાર ન હોવાથી વિચારણા કરી શકાઈ નહિ પરંતુ ઠરાવવામાં આવ્યું કે આ અંગે રાજ્ય સરકાર પાસેથી માહિતી મંગાવી, માહિતી આવ્યેથી આ બાબત સ્થાયી સમિતિમાં મૂકવી."

ભલામણ

રાજ્ય સરકાર તરફથી મળેલ માહિતી જોઈ-તપાસીને ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં મદદનીશ કુલસચિવશ્રીની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સ્નાતકનું નિયત થયેલું છે તેમાં કશો ફેરફાર કરવો નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વધુમતે ભલામણ કરવી.

બાબત

૩. એસ.એસ.સી. પાસ થયેલ પટાવાળા કે જેઓ આઠ વર્ષથી પટાવાળા તરીકે સેવા કરતા ભાઈઓને ગુજરાત રાજ્ય સરકારના તા. ૨૨—૫—૧૯૭૩ના પરિપત્ર મુજબ યુનિવર્સિટીમાં ખાલી પડતી કારકુન-ટાઇપિસ્ટની જગ્યાઓ પર તદ્દન હંગામી ધોરણે કામચલાઉ બઢતી આપવા અંગે કોર્ટના સભ્યશ્રી શરદ પટેલની ભલામણના સંદર્ભમાં પટાવાળા શ્રી એન. ડી. વાઘેલાની તા. ૨૫—૨—૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

ભલામણ

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુનિયર ક્લાર્કની જગા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સ્નાતક હોવાથી શ્રી. એન. ડી. વાઘેલાની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી. વધુમાં ટાઇપિસ્ટની જગા માટેનું ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ હાલ એસ.એસ.સી. હોઈ જે કોઈ કર્મચારી ટાઇપિસ્ટની જગા માટે લાયકાતનું આ ધોરણ ધરાવતા હોય તેઓને તે જગા માટે યથાસમયે પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે."

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪–૪–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૮૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. જે. પંડ્યાને સ્ટે. ૧૮૮(૨) મુજબ જમીનનો પ્લૉટ ખરીદવા અંગે મકાન બાંધકામ માટે રૂ. ૧૪,૪૦૦/-ની લોન આપવા અંગેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— તા. ૩૧–૩–૧૯૮૦ ના રોજ રૂ. ૧૪,૪૭૨–૦૮ પૈસાની રકમ પ્રૉવિડંટ ફંડ ખાતે જમા છે. તેઓ પેન્શન લેવા માંગતા નથી. તેઓને ઑપ્શન આપ્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. જે. પંડ્યાને તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૧૪,૪૦૦/–ની લોન મંજૂર કરવી.

૮૧. તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૮૧થી બી.એ.(સબો.)માં સંસ્કૃતનો વિષય શીખવવા માટે આવેલી અરજીના અનુસંધાનમાં સદરહુ વિષય જૂન ૧૯૮૦થી શીખવવા ખાસ કેસ તરીકે પરવાનગી આપવા વિનંતી કરતા ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડના મંત્રીશ્રીના પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— આ વિષય શરૂ કરવાને કારણે કોઈ નવી નિમણૂક કરવી પડશે નહિ તેમ મંત્રીશ્રીએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જૂન ૧૯૮૦થી ઍડહૉક ધોરણે બી.એ.માં ગૌણ વિષય તરીકે સંસ્કૃતનું શિક્ષણ આપવા માટે મંજૂરી આપવી.

૮૨. ફાઇનાન્સ સમિતિની તા. ૧૮–૪–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮–૪–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮–૪–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૧ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૮–૪–૧૯૮૦ની સભામાં બાબત નં. ૯થી યુનિવર્સિટી હૉસ્ટેલ "એ" અને "બી" બ્લૉકના છાપરાનાં પતરાં તથા લાકડું વગેરે રૂ. ૩૫,૫૦૨/ નાં કિંમતે શ્રી. મીનેશ એસ. ગાંધીને વેચાણ આપવાની ભલામણને મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૩. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને જુલાઈ ૧૦, ૧૯૮૦થી ઑક્ટોબર ૩૦, ૧૯૮૦ સુધી ટ્રેએટા, ઇટાલી મુકામે "International Summer School on Statistical Distributions in Scientific work"માં હાજરી આપવા અભ્યાસ રજા આપવા તથા આ અર્થના ૫૦ ટકા પ્રમાણે રૂ. ૧૦,૫૦૦ની

આર્થિક સહાય મળી શકે તો તે આપવા અંગેના તેઓના તા. ૯–૪–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. ખત્રીનો મૂળ માસિક પગાર રૂ. ૨,૧૨૫/– છે.

(૨) ડૉ. ખત્રીને અત્યાર સુધીમાં નીચે પ્રમાણે રજાઓ આપવામાં આવી છે :

(૧) તા. ૧–૬–૧૯૬૭ થી તા. ૩૦–૬–૧૯૬૭	Indian Statistics Institute, Calcutta
(૨) તા. ૨૦–૬–૧૯૭૦ થી તા. ૩૧–૩–૧૯૭૦	Toranto University, Canada
(૩) તા. ૮–૧–૧૯૭૩ થી તા. ૧૫–૬–૧૯૭૩	NRCCના Representative તરીકે Canada
(૪) તા. ૧–૭–૧૯૭૪ થી તા. ૩૧–૮–૧૯૭૪	International Conference, Toranto in Canada
(૫) સને ૧૯૭૪–૭૫	Indian Statistical Inst., New Delhi
(૬) તા. ૨–૯–૧૯૭૬ થી ચાર માસ માટે	University of Toranto
(૭) તા. ૫–૪–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૭૯	University of Waterloo (Ontario)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૫. યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગ્યાની વરણીસમિતિ પરના સભ્ય શ્રી. હરિશંકર પંડ્યા હવે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય ન હોઈ તેમની જગાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અન્ય સભ્યો નીચે પ્રમાણે છે :

૧. કુલપતિશ્રી	૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ	૫. પ્રિ. એમ. સી. શાહ
૩. પ્રિ. કે. એન. શાહ	૬. શ્રી. કં. ચં. પરીખ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર આચાર્ય હરિશંકર પંડ્યાની જગ્યાએ શ્રી. અરવિંદભાઈ શાહની નિમણૂક કરવી.

૮૬. માર્ચ ૧૯૮૦માં લેવાનાર એમ.એસસી. પાર્ટ ૧ની પરીક્ષામાં પ્રવેશ અંગે શ્રી. ભારદ્વાજ અનિલ આર. અને બીજા વિદ્યાર્થીઓએ ગુજરાતની વડી અદાલતમાં

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૦૯ કરેલ છે તે અંગે યુનિવર્સિટી વતી શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે માટે થનાર ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૭. સ્પેસ એપ્લિકેશન સેન્ટર, પી. આર. એલ.ના સ્ટાફ કવાર્ટર્સમાં ડ્રેનેજ લાઈન લઈ જવા માટે યુનિવર્સિટી કેમ્પસની જમીનમાંથી આ લાઈન પસાર કરીને મુખ્ય રસ્તા સુધી લઈ જવા દેવા માટની અનુમતિ મેળવવા માટે સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સિવિલ એન્જિનિયરના તા. ૮—૪—૧૯૮૦ના પત્ર ક્રમાંક સીડીઇ (સીએમઈ)૨૧૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ એપ્લિકેશન સેન્ટર / ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના કર્મચારીગણ માટેનાં આવાસોને ગટરનું જોડાણ મળી શકે તે માટે ડ્રેનેજ લાઈન યુનિવર્સિટી કેમ્પસની જમીનમાંથી પસાર કરીને લઈ જવા માટે સંમતિ આપવી.

૮૮. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને આઇનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટ (Ionospheric Research Project માટે સ્ટાફ કવાર્ટર્સ નં. ૫/૨૫ વધુ બે વર્ષ આપવા માટે પી. આર. એલ.ના એડમિનિસ્ટ્રેટિવ ઑફિસરના તા. ૭—૪—૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—સિન્ડિકેટના તા. ૬—૫—૧૯૭૧, મંજૂરી ક્રમાંક નં. ૧૫ મુજબ કવાર્ટર્સ નં. ૫/૨૫ આપેલ હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આવાસ નં. ૫/૨૫માં રહેઠાણ માટેના ઉપયોગની મુદત વધુ બે વર્ષ લંબાવવા માટેની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૮૯. શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા અંગેની સલાહકાર સમિતિના નીચેના સભ્યોની ત્રણ વર્ષની મુદત તા. ૧૬-૫-૧૯૮૦ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. યશવંતભાઈ પ્રા. શુકલ
૨. ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા

[**નોંધ.**—સદરહુ સમિતિ પર અન્ય સભ્યો નીચે પ્રમાણે છે :

૧. કુલપતિશ્રી,
૨. ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી
૩. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક
૪. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ભાષાવિજ્ઞાન વિષયના પ્રાધ્યાપક]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. અંગ્રેજી–ગુજરાતી બૃહદ્ કોશ અંગે હરિ ૐ આશ્રમ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) નું જે પ્રદાન આ સભાગૃહે તેની તા. ૮-૨-૧૯૭૫ના ઠરાવથી સ્વીકાર્યું છે, તેની નીચે જણાવેલ શરતના ઉપલક્ષ્યમાં સદરહુ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી સાથે તાજેતરમાં થયેલા પત્રવ્યવહારના સંદર્ભમાં તે બાબત અંગે વિચારણા કરવા બાબત :

"આ કોશનું કાર્ય વધુમાં વધુ બે વર્ષમાં પૂરું થઈ રહેશે તેવી ગણતરી ને સમજણ છે છતાં ત્રણ વર્ષમાં પણ તે પૂરું થઈને પ્રેસમાં છપાવા માટે ના જ જાય અને પ્રેસમાં ગયા પછી પણ પ્રેસકામ શરૂ થયા બાદ પણ થંભી જઈને અને વચ્ચે વચ્ચે અટકી જઈને અપેક્ષિત વાજબી ગતિ ના જ પકડે અથવા તો કોઈ કાળે યુનિવર્સિટીની હસ્તી જ મટી જાય તો ટ્રસ્ટની બધી વ્યાજ સાથેની રકમ તથા તૈયાર થયેલું અને છપાયેલું બધું સાહિત્ય જે હોય તથા જે કાંઈ બીજું આ ટ્રસ્ટની માલિકીનું હોય તે બધું યુનિવર્સિટી હરિ ૐ આશ્રમને પરત કરશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત **નં. ૮૨** પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૯૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિષયના માર્ગદર્શક શિક્ષક ડૉ. આઈ. એમ. ભક્ના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થી શ્રી કે. બી. સોનીના મહાનિબંધ પર આવેલા રેફરીઓના હેવાલમાં મતભેદ (tie) થતાં ઑર્ડિ. ૩૨૧ (૨) પ્રમાણે ચોથા રેફરીની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૩. ડૉ. ટી. પી. ચિતાનંદના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે અંગ્રેજી વિષયમાં નોંધાયેલા શ્રી ડી. આર. શર્માએ રજૂ કરેલા મહાનિબંધ પરના પરીક્ષકોના હેવાલ પર વિચારણા કરીને એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬-૧૦-૧૯૭૯ની સભાના ઠરાવ ક્રમાંક ૩૫ થી સદરહુ નિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણવાનું ઠરાવ્યું છે. તે મહાનિબંધ ફરીથી સુધારાવધારા કરીને રજૂ કરવાની પરવાનગી માંગતા શ્રી શર્માના તા. ૧૬-૪-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[નોંધ.— ૧. ઑ. ૩૨૩ નો પાઠ નીચે પ્રમાણે છે :

"A work that has been rejected may be resubmitted after the revision and subject to the payment of half the original fee.

૨. અગાઉ શ્રી ડી. આર. શર્માને રજૂ કરેલ મહાનિબંધ પરના પરીક્ષકોના હેવાલ પર "Tie" પડતાં ઑ. ૩૨૧ હેઠળ ચોથા રેફરીની નિમણૂક કરવાની થતી હતી પરંતુ મહાનિબંધ પરના પરીક્ષકોના હેવાલોને આધારે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬-૧૦-૧૯૭૯ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"સદરહુ મહાનિબંધ ઉપરના તમામ પરીક્ષકોના હેવાલો પર લંબાણ ચર્ચા-વિચારણા કરવામાં આવી તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. શ્રી. ડી. આર શર્માએ રજૂ કરેલા મહાનિબંધમાં અન્ય લેખકોના લખાણોમાંથી વિસ્તૃત અવતરણો તેના સ્વીકારનો ઉલ્લેખ પણ કર્યા સિવાય, ઉદ્ધૃત કર્યાં છે તે બાબત નૈતિક વિદ્યાપ્રવૃત્તિના પાયાનાં ધોરણોનો ભંગ કરે છે અને તેથી આ સભાગૃહ આ બાબતને ભારે ગંભીરતા અને ઊંડી ચિંતાની નજરે નિહાળે છે અને શ્રી શર્માનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણવાનું ઠરાવે છે અને આ ઠરાવની નકલ શ્રી શર્માને અને તેના માર્ગદર્શક શિક્ષક શ્રી ચિતાનંદને મોકલી આપવાનું ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડાના પ્રમુખ તરફથી લુણાવાડાની વિનયન અને વિજ્ઞાનની કૉલેજ સાથે જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી.

અકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
  (૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
  (૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
  (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

  વધારાના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવીને તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે;

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેની સંપૂર્ણ સવલતો ધરાવતું કૉલેજ માટેનું મકાન ૧૯૮૨ સુધીમાં તૈયાર કરવામાં આવશે તેની બાંયધરી આપવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) વાણિજ્યની વિદ્યાશાખા માટે ગ્રંથાલયમાં નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભ ગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષણવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી "ગ્રેચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે;

(૮) વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં કોઈ પણ વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવામાં નહીં આવે તેવી બાંયધરી આપવામાં આવે"

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી :

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની વાણિજ્ય વિદ્યાશાખાનું જૂન ૧૯૮૧થી ચાલુ જોડાણ માટેની અરજી આવ્યેથી તે સ્વીકારવા અને તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. સને ૧૯૬૮-૬૯ના વર્ષના જનરલ હિસાબો અંગે ઑડિટ રિપોર્ટના નીચેના પેરાઓ (નં. ૪, ૭(૨), ૧૦ અને ૧૯) અંગે સરકારી ઑડિટ તરફથી વાંધાઓ ચાલુ રહ્યા હોઈ તે પર કાર્યાલયની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

Para 4 :

(*a*) It was observed that the Gujarat University had invested its surplus funds from time to time in the form of fixed deposit in eight scheduled Banks and at the end of March of 1969, a total investment of Rs. 28,00,000/- was made in the form of fixed deposits. The above investments were made as per approval of the Syndicate from time to time. Besides the Syndicate under its resolution No. 85(A) (1) of the Syndicate meeting on 4/5–1–1969 had resolved that for the purpose of investment of the surplus amount of University Fund in the short term fixed deposit, the Gujarat University Central Consumers Co-operative Stores Ltd. was appointed as broker and the Co-operative Store was authorised to accept the brokerage of the investment of the University Fund. The Syndicate in its meeting held on

1/2–3–1969 had further resolved vide its resolution No. 82 authorising further the Co-op. Stores to accept the brokerage over the past investments of the Gujarat University with the Banks, i.e., from retrospective effect. In this connection following remarks are offered :

(1) The grants received by the Gujarat University for various objects from the State, University Grants Commission and Central Government also form part of the University Fund. Hence the investment out of this fund invariably includes the amount of grants received for specific objects, which cannot legitimately be invested so as to earn interest thereon. It is, therefore, requested to please intimate the amount of interest earned over such investments. It is further requested that the certificate issued to the University Grants Commission that no interest was earned over the amount of grant placed with the University may also please be shown to audit.

(2) The total amount of brokerage earned by the Co-operative Stores on the investments of the Gujarat University Fund may please be intimated to audit. It may also further stated whether the same has been credited to the University Fund.

(3) The authority under which the broker was appointed for the purpose of investment of the University Fund may also please be quoted.

(*b*) An amount Rs. 20,000/- was invested in the shares of the Gujarat University Central Consumers Co-operative Stores Ltd. by the approval of the Syndicate vide its resolution No. 28/29–9–1968(13). The authority under which the above investment was made in the shares of the Co-operative Stores may please be stated. The investment in shares of the Co-aperative Stores is not covered within the meaning of securities authorised by the Indian Trusts Act, 1882. Hence the same may please be explained,

Para 7:

(2) Similaly the maximum remuneration of Rs. 500/- payable to Examiners who were the members of the Academic Council, was also increased by Rs. 250/- as per the above resolution of the Syndicate. Since this resolution has the effect of modifying the Ordinance 67-A(2), the excess payment made in this regard cannot be admitted in audit and the amount of Rs. 1,698.67 P. as detailed in Statement 1-B of this report may please be recovered from the persons concerned.

Para 10. Payment to Chief Minister Relief Fund

Vr. No. 4103, dated 31-3-1969 for Rs. 1,001/- Under the above Vr. an amount of Rs. 1,001/- was paid to Chief Minister's Relief Fund as Syndicate Resolution No. 1-A of the Syndicate meeting held on 10/11-8-1968.

The powers and duties as enumerated under Section 20 of the Gujarat University Act, 1949 does not cover such expenditure. The authority under which the payment of Rs. 1,001/- to the 'Chief Minister's Relief Fund was sanctioned' may pleases be intimated to audit.

Para 18. Creation of fund :

The total liabilities on accounts of the General funds amounted to Rs. 96,30,294-08 p. against which actual investments amounted to Rs. 59,48,826-35 Paise.

Besides against the liabilities on the account of trust fund liabilities aggregating Rs. 36,45,430-52 Paise no corresponding assets could be separately shown and it was explained by the University authorities that the asset position was amalgamated with other capital assets, viz., Buildings, Lands, etc. It was however seen that the total assets on the whole fell short of the total liabilities by Rs. 32,48,507-72 Paise as could be evident from the deficit shown in the annual financial statement. It, therefore, appears that amounts taken to certain funds must have been either wiped of partially or utilised for purpose other than for which the same were created. The exact liabilities on account of each fund could not be separately ascertained as separate fundwise account was shown. Besides creation of funds by debits to revenue results in inflating the expenditure which also affects the claim of Government grant dependent on the expenditure, it is necessary the real accounts are only reflected in the University accounts. The

University, authorities are therefore requested to prepare the fundwise account separately, so as to exactly determine the real picture of about these liabilities.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આ સભાગૃહે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં બાબત નં. ૮૯ ઉપરના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯૬. યુનિવર્સિટીની જમીન–જાયદાદ વગેરેની બાબતમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસે વાંધા-અરજી, અપીલ ઇત્યાદિ કાનૂની કાર્યવાહી કરવા માટે એડવોકેટ શ્રી. કુલીનસિંહ એમ. શેઠની વર્ષ ૧૯૮૦–૮૧ તથા ૧૯૮૧–૮૨ એમ બે વર્ષ માટે નિયુક્ત કરવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલ તા. ૨૦–૮–૧૯૭૭ બાબત ક્રમાંક ૬૫થી શ્રી શેઠની બે વર્ષ માટે નિમણૂક કરેલ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જમીન, મકાનો અને અન્ય સ્થાવર અસ્કયામતોની બાબતમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સમક્ષ જે કાનૂની કાર્યવાહી કરવાની જરૂર પડે તે માટે ઍડવોકેટ શ્રી. કુલીન સી. શેઠની નિમણૂક તા. ૩૧–૩–૧૯૮૨ સુધી ચાલુ રાખવી.

૯૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૯ પછી કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૮. યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં સીનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. જે. પટેલને રૂ. ૧૬,૯૦૦–ની રૂ. ૧૮૮(૨) પ્રમાણે લોન આપવા અંગેની તેઓની તા. ૨૩–૪–૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. આર. જે. પટેલે પેન્શન યોજના સ્વીકારી નથી તેવો વિકલ્પ કાર્યાલયને આપ્યો છે.

(૨) તેઓને ખાતે રૂ. ૧૬,૯૮૭–૫૬ પૈસા જમા છે તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૧૨,૧૬૪–૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જે. પટેલને તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી રૂ. ૧૬,૯૦૦/ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૯૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮૪ પછી કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૦૫૯૪૩ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ–૩૮૦૦૦૯
તા. ૨૧–૫–૧૯૮૦

હુકમથી
કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮

POLYVALENT ADULT EDUCATION CENTRE

Budget for the year 1980–81 (Revised)

Name of the Head	*Budget for the year* 1979-80	*Actual Expen. up to January* 1980	*Budget for the Year* 1980–81
1	2	3	4
(*a*) Recurring :			
1. **Pay & Allowances**	**84,182,76**		**99,106..21**
(1) Pay	52,786–00	54,855–50	59,171–00
(2) Allowances	31,396–76		39,935–21
2. Programme Expenditure	80,000–00	31,127–55	80,000–00
3. **Overhead Expenditure**	**41,000–00**	**15,152–51**	**39,000–00**
(1) Printing/Stationery and Translation etc.	10,000–00	1,476–80	10,000–00
(2) Telephone	5,000–00	1,906–85	5,000–00
(3) Motor Expenditure	15,000–00	9,261–58	15,000–00
(4) Postage	2,000–00	89–05	1,000–00
(5) Advertisement	1,500–00	151–41	1,000–00
(6) Travelling Expenditure for Staff and members	2,000–00	—	2,000–00
(7) Seminar	1,000–00	—	—
(8) Contingencies	3,000–00	1,875–29	3,000–00
(9) Guest Expenditure	1,000–00	—	1,000–00
(10) Furniture Repairs	500–00	391–53	1,000–00
		Total Recurring :	2,18,106–21

1	2	3	4
(*b*) **Non-Recurring :**			
Equipment & Furniture	**37,400–00**		**20,000–00**
(1) Equipment	32,400–00	1,786–40 3 Cupboards etc 1 Slide Projector	15,000–00
(2) Furniture	5,000–00	Furniture	5,000–00
	2,42,582–76	1,02,921–96	**2,38,106–21**

Sd/– A. G. Munshi

Director,

Polyvalent Centre.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨૧

ગવર્નમેન્ટ આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

વિષય. —"રૂનું અર્થશાસ્ત્ર" વિષય અને તેનું ડિપાર્ટમેન્ટ બંધ કરવાની કૉલેજની અરજી.

હું તા. ૧૭-૩-૧૯૮૦ના રોજ ગાંધીનગર કૉલેજની મુલાકાતે ગયો હતો. "રૂનું અર્થશાસ્ત્ર" સ્પેશ્યલ વિષય તરીકે આ કૉલેજમાં ભણાવવામાં આવે છે. એફ.વાય.બી.કૉમ.થી ટી.વાય.બી.કૉમ. સુધી તેનાં પાંચ પેપર્સ હોય છે. પ્રો. બી. એન. મહેતા તે વિષયના વ્યાખ્યાતા અને ડિપાર્ટમેન્ટના વડા છે.

સન ૧૯૭૮–૭૯ અને ૧૯૭૯–૮૦ દરમ્યાન એફ.વાય.બી.કૉમ.માં સૌથી વધુ વિદ્યાર્થીસંખ્યા હતી, પણ કોઈ પણ વિદ્યાર્થીએ આ વિષય ઑફર કર્યો ન હતો તેમ જ વિષય રાખવા માટેની ઇચ્છા પણ કરી ન હતી. ગૌણ વિષયનાં કુલ બે પેપર્સમાંથી એક પેપર એફ.વાય.બી.કૉમ.માં અને બીજું પેપર એસ.વાય.બી.કૉમ.માં રાખવાનું હોય છે. ૧૯૭૮–૭૯માં રૂનું અર્થશાસ્ત્ર ગૌણ વિષય તરીકે ચાર વિદ્યાર્થીઓએ એફ.વાય.માં ઑફર કરી હતી. ૧૯૭૯–૮૦માં એક પણ વિદ્યાર્થીએ તેની ઑફર કરી નથી.

આ સંજોગોમાં આ વિષય બંધ કરવાની કૉલેજે માગણી કરી છે. વળી આ વિષય બંધ કરીને કૉલેજ, બિઝનેસ મૅનેજમેન્ટ, મુખ્ય વિષય તરીકે ૧૯૮૦–૮૧થી શરૂ કરવા માંગે છે, અને તે માટે કૉલેજને જોડાણ મળી ગયું છે.

પ્રો. બી. એન. મહેતા એમ.કૉમ. માટે બિઝનેસ મૅનેજમેન્ટના માન્ય શિક્ષક છે અને બિઝનેસ મૅનેજમેન્ટના માન્ય શિક્ષક તરીકે તેમને યુનિવર્સિટીએ માન્ય કરેલા છે. કૉલેજના સત્તાવાળાઓ તેમને બિઝનેસ મૅનેજમેન્ટ વિષયમાં બદલી તેના ડિપાર્ટમેન્ટના વડા તરીકે મૂકવા માંગે છે. પ્રો. મહેતાને પણ આ પરિવર્તનની સામે કોઈ વાંધો નથી.

સમગ્ર સંજોગો જોતાં રૂનું અર્થશાસ્ત્ર વિષય મુખ્ય તેમ જ ગૌણ તરીકે ૧૯૮૦–૮૧થી કૉલેજને બંધ કરવાની પરવાનગી આપવામાં કશો વાંધો નથી.

બી. એમ. પીરઝાદા

પરિશિષ્ટ "ખ"
તારાંકિત પ્રશ્ન નંબર ૧૭

(*iii*) For subsequent editions :

The royalty shall be admissible at the rate of 25% of the amount paid to the Author for the first edition for reprints and for revised editions it will be available at the rate of 50% of the amount paid to the Author for the first edition :

(*iv*) The amount of royalty as per clause (*ii*) and (*iii*) shall be paid as under :

(1) 50% of the amount shall be paid within a month from the date of Publication ;

(2) The remaining amount shall be paid on the basis of the sale effected during the year ending 31st March every year. The amount shall be calculated by the multiplying the number of copies sold by the price of the publication and dividing it by double the number of copies printed (for this purpose 1000 copies printed for sale only to be considered).

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૦

કુલપતિશ્રીએ માન્ય કરેલ શિક્ષકોની યાદી

નવગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ

૧. શ્રી. આર. જી. ખારકર	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૫૧૩૫૮	તા. ૧૫–૨–૧૯૮૦

ગુજરાત કોલેજ, અમદાવાદ

૨. શ્રી. જે. બી. મિશ્રા	માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાતા	,, /૮/૧૫૧૯૩	તા. ૯–૧–૧૯૮૦

સરકારી દંતમહાવિદ્યાલય અને ચિકિત્સાલય, અમદાવાદ

૩ ડૉ. વી. કે. પટેલ	જનરલ ફાર્મોકોલોજીના પ્રાધ્યાપક	,, /૮/૧૫૨૩૭	તા. ૯–૧–૧૯૮૦
૪. ડૉ. જી. જે. દવે	જનરલ પેથોલોજી અને બેક્ટરિયોલોજીના પ્રાધ્યાપક	,, ,,	,,
૫. ડૉ. કે. એફ. જોશી	જનરલ ફિઝિયોલોજીના પ્રાધ્યાપક	,, ,,	,,

બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ

૬. ડૉ. પૂર્ણિમાબહેન જે. ભટ્ટ	ફિઝિયોલોજીના ટ્યૂટર	,, /૮/૧૮૧૧૬	તા. ૧૮–૨–૧૯૮૦
૭. ડૉ. વર્ષા કે. શાહ	બાયોકેમિસ્ટ્રીના ટ્યૂટર	,, /૮/૧૯૯૨૪	તા. ૨૩–૨–૧૯૮૦
૮. ડૉ. અંજના એમ. ગાંધી	બાયોકેમિસ્ટ્રીના ટ્યૂટર	,, ,,	,,
૯. ડૉ. એન. એસ. વોરા	ફિઝિયોલોજીના ટ્યૂટર	,, ,,	,,
૧૦. ડૉ. એમ. આર. કેવલરામાની	,,	,, ,,	,,
૧૧. ડૉ. ડી. આર. પટેલ	મેડિસિનના આસિ. પ્રાધ્યાપક	,, /૮/૧૯૩૬૭	તા. ૧૯–૨–૧૯૮૦

માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ

૧૨. શ્રી. એમ. એસ. શેઠ	કાયદાના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૮૧૧૯૭ તા	૧૮–૨–૧૯૮૦	
૧૩. શ્રી. એમ. એસ. શાહ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,	,,
૧૪. શ્રી. એસ. વી. પરમાર	કાયદાના વ્યાખ્યાતા	,,	,,	,,

વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

૧૫. શ્રી. એચ. એસ. પટેલ	શિક્ષણના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૯૦ તા.	૯–૧–૧૯૮૦

(પશ્ચાદ્વર્તી તા. ૨૭—૭—૧૯૭૨થી માન્ય)

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૧૬. શ્રી. જી. કે. પટેલ	ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૯૪ તા.	૯–૧–૧૯૮૦

અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧૭. શ્રી. એ. ડી. દરજી	માઈક્રોબાયોલોજીના વ્યાખ્યાતા	,,	/૮/૧૧૧૯૯૮ તા.	૯–૧–૧૯૮૦
૧૮. શ્રી. એ. કે. ભટ્ટ	,,	,,	,,	,,
૧૯. શ્રી. બી. વી. ભટ્ટ	,,	,,	,,	,,
૨૦. શ્રી. ડી. એમ. દવે	,,	,,	,,	,,
૨૧. શ્રી. એન. પી. નાયર	,,	,,	,,	,,

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા

૨૨. શ્રી. એચ. ડી. બુદ્ધભટ્ટી	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૯૩૬૫ તા.	૧૯–૨–૧૯૮૦

સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર

૨૩. શ્રી. દિલીપકુમાર એ. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૩૬૦ તા.	૧૫–૨–૧૯૮૦

એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૨૪. શ્રી. આર. આર. દેસાઈ	ફિઝિકસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૩૫૯ તા.	૧૫–૨–૧૯૮૦

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર

૨૫. શ્રી. આર. એસ. ત્રિવેદી	ગુજરાતીના વ્યાખ્યાતા	,,	,,	,,

(**નોંધ.**—પશ્ચાદ્વર્તી તા. ૧૫—૬—૧૯૭૫થી માન્ય)

આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૨૬. શ્રી. જી. એ. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	/૮/૧૭૫૨૬૮ તા.	૧૫–૨–૧૯૮૦

શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર				
૨૭. શ્રીમતી મંગળાબહેન બી. દાતાર	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૫૧૯૫		તા. ૯–૧–૧૯૮૦
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કડી				
૨૮. શ્રી. પી. બી. ઠાકર	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૩૬૧	તા. ૧૫–૨–૧૯૮૦
લૉ કૉલેજ, ગોધરા				
૨૯. શ્રી. ડી. કે. પટેલ	કાયદાના વ્યાખ્યાતા	,,	/૮/૧૯૩૮૪	તા. ૧૯–૨–૧૯૮૦
સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ				
૩૦. શ્રી. જે. પી. પરીખ	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	/૮/૧૯૯૨૫	તા. ૨૩–૨–૧૯૮૦
૩૧. શ્રી. પી. એસ. ઠક્કર	,, ,,	,,	,,	,,
૩૨. કુ. કલ્પનાબહેન જે. શાહ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,	,,
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પેટલાદ				
૩૩. કુ. બીના એન. શાહ	સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતા	,,	/૮/૧૯૯૨૬	તા. ૨૩–૨–૧૯૮૦
આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ				
૩૪. શ્રી. એસ. જે. દવે	કેમિસ્ટ્રીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૩૬૨	તા. ૧૫–૨–૧૯૮૦
સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા				
૩૫. શ્રી. કૌશિક એસ. મહેતા	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૯૩૬૬	તા. ૧૯–૨–૧૯૮૦
તોલાની આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, આદિપુર				
૩૬. શ્રી. એ. આર. વૈશ્ય	ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૧૩૬૧	તા. ૧૫–૨–૧૯૮૦
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ				
૩૭. શ્રી. જી. એમ. પુરિયાણી	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૦	તા. ૨૯–૨–૧૯૮૦
બી. ડી. કૉલેજ, અમદાવાદ				
૩૮. શ્રી. ડી. ડી. બારડ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૮	તા. ૨૭–૨–૧૯૮૦
આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ				
૩૯. શ્રી. એ. બી. સોલંકી	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૭	તા. ૨૯–૨–૧૯૮૦

૪૦. શ્રી. એસ. કે. પરીખ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા		સિ. અધ્યા./૮/૧૫૨૭૯૭ તા. ૨૯–૨–૧૯૮૦
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તલોદ			
૪૧. શ્રી. એચ. એમ. મહેતા	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૬ તા. ૨૯–૨–૧૯૮૦
દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ			
૪૨. કુ. એસ. વી. પરીખ	અર્થશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૫ તા. ૨૯–૨–૧૯૮૦
મ્યુનિ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા			
૪૩. શ્રી. પી. કે. પટેલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૪ તા. ૨૯–૨–૧૯૮૦
૪૪. શ્રી. એમ. આર. વરસાણી	રાજ્યશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,, ,,
આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પિલવાઈ			
૪૫. શ્રી. પી. ડી. વૈસ્ય	હિન્દીના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૩ તા. ૨૯–૨–૧૯૮૦
શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા			
૪૬. શ્રી. ડી. ડી. બારડ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૨ તા. ૨૯–૨–૧૯૮૦
આર્ટ્સ કૉલેજ, મોડાસા			
૪૭. શ્રી. પી. આર. ચાવડા	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	/૮/૧૫૨૭૯૧ તા. ૨૯–૨–૧૯૮૦
૪૮. શ્રી. જે. એચ. જોશી	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,, ,,
૪૯. શ્રી. જી. વી. પટેલ	હોમસાયન્સના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,, ,,

કુલપતિશ્રીએ અમાન્ય કરેલ શિક્ષકોની યાદી

સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ			
૧. શ્રી. ડી. એસ. દવે	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહીં હોવાથી	સિ. અધ્યા./૮/૧૫૧૩૫૬ તા. ૧૫–૨–૧૯૮૦
લુણાવાડા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લુણાવાડા			
૨. શ્રી. એન. એમ. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનમાંથી ફાજલ શિક્ષકોની યાદી મેળવી તેમાંથી નિમણૂક કરવા અંગે	સિ. અધ્યા./૮/૧૫૧૩૬૪ તા. ૧૫–૨–૧૯૮૦

શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા

૩.	શ્રી, વી. આર. કોઠારી	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહીં હોવાથી	સિં. અધ્યા. ૮/૧૮૧૧૯૪ તા. ૧૮–૨–૧૯૮૦

યુનિ. ટ્રસ્ટ સૂરજ બા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ

૪.	શ્રી. ડી, એન. સબોલિયા	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	ઑર્ડિ. ૧૬૫ અનુસાર સંખ્યાધિક શિક્ષકોમાંથી નિમણૂક નહીં કરી હોવાથી	સિ. અધ્યા. ૮/૧૮૧૧૯૮ તા. ૧૮–૨–૧૯૮૦

આ અગાઉ માન્ય થયેલા અને જેમના પક્ષમાં કોઈ ફેરફાર થયો નથી અને જેમની નિમણૂકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી

જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ

૧.	શ્રી. એ. એમ. અનસારી	પર્શિયનના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા.	૮/૨૧૫૯૫	તા. ૨૦–૩–૧૯૮૦

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૨.	ડૉ. એસ. કે. નારંગ	ઓર્થોપ્મોલોજીના પ્રોફેસર	,,	૮/૧૫૨૭૯૯	તા. ૨૯–૨–૧૯૮૦

માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ

૩.	શ્રી. એમ. આર. જોશી	કાયદાના વ્યાખ્યાતા	,,	૮/૧૮૦૬૬૭	તા. ૭–૨–૧૯૮૦

સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૪.	શ્રી. સી. સી. પટેલ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	,,	૮/૧૪૧૫૪૭	તા. ૧૨–૧૨–૧૯૭૯
૫.	શ્રી. એન. આર. પટેલ	ગુજરાતીના વ્યાખ્યાતા	,,	,,	,,
૬.	શ્રી. પી. આર. જાની	સંસ્કૃત વ્યાખ્યાતા	,,	,,	,,
૭.	શ્રી. આઇ. આઈ. લાલીવાલા	વાણિજ્યના વ્યાખ્યાતા	,,	,,	,,

ગુજરાત કૉલેજ, અમદાવાદ

૮.	શ્રી. આઈ. એ. માસ્તર	ઝૂલોજીના ટચ ટર	,,	૮/૧૬૫૬૫૯	તા. ૨૯–૧–૧૯૮૦

એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૯.	શ્રી. એ. કે. ત્રિવેદી	વેપારી કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૮/૧૬૫૬૫૮	તા. ૨૯–૧–૧૯૮૦

સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧૦. શ્રીમતી રીતાબેન સી. શાહ	તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા.	૮/૧૬૫૫૩૧	તા. ૨૮–૧–૧૯૮૦
૧૧. કુ. હેમાંગિની ટી. વ્યાસ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યતા	,,	,,	,,
૧૨. શ્રી. આર. કે. પટેલ	ભૂગોળના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,	,,

સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૩. શ્રી. જી. એન. શાહ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૮/૧૬૨૭૩૨	તા. ૧૮–૧–૧૯૮૦
૧૪. શ્રી. જી. એ. પટેલ	,,	,,	,,	,,
૧૫. શ્રી. ટી. આર. થાનકી	,,	,,	,,	,,
૧૬. શ્રી. બી. પી. જોશી	,,	,,	,,	,,

દેસાઇ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ

૧૭. શ્રી. વાય. એસ. હાશ્મી	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	૮/૧૬૫૯૭	તા. ૨૪–૧–૧૯૮૦

આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૧૮. શ્રી. બી. સી. પટેલ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા.	૮/૧૬૫૫૩૨	તા. ૨૮–૧–૧૯૮૦

એમ. બી. કૉમર્સ એન્ડ શ્રી ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ

૧૯. શ્રી. બી. ડી. પટેલ	કૉમર્સ-એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૮/૧૬૫૬૬૦	તા. ૨૮–૧–૧૯૮૦

લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા

૨૦. શ્રી. એમ. એન. વણકર	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૮/૧૮૦૬૭૦	તા. ૭–૨–૧૯૮૦

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૧

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૫–૪–૧૯૮૦ ને શનિવારના રોજ બપોરના ૧૧–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પી. સી. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્યશ્રી કે. એન. શાહ	ગેરહાજર
૩. શ્રી. અરવંદભાઈ શાહ	હાજર
૪. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૨–૩–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૨–૩–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. પરીક્ષા વિભાગમાં પાર્ટિશન કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગમાં કોન્ફિડેન્શિયલ કામ કરતા વિભાગ માટે પાર્ટિશન કરવા માટે આવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ આપનાર મે. ન્યૂ ફર્નિચર માર્ટ પાસે એક ચો. ફૂટના રૂ. ૧૬(રૂ. સોળ)ના ભાવે પાર્ટિશન કરાવવા અને તે અંગે રૂ. ૨૧,૦૦૦(એકવીસ હજાર પૂરા)નું ખર્ચ મંજૂર કરવો.

૩. પરીક્ષા વિભાગ માટે એક ફેસીટ (સરવાળા-બાદબાકી માટે) મશીન મંગાવવા અંગે કુલપતિશ્રીએ રૂ. ૨૦૦૦નું ખર્ચ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કામની નોંધ લેવી.

૪. ગ્રંથાલયના રીડિંગ સેન્ટરની બારીઓના પડદા માટે સાગી લાકડાની પટ્ટીઓ નાંખવા રૂ. ૧૩૫(અંકે રૂપિયા એકસો પાંત્રીસ પૂરા)નું વધારે ખર્ચ થયું તે મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—ફાઇનાન્સ સમિતિની તા. ૧૦—૧૨—૧૯૭૯ની બાબત નં. ૫ થી રીડિંગ સેન્ટર માટે ફર્નિચર ખરીદવાનું મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રીડિંગ સેન્ટરની બારીઓના પડદા માટે સાગી લાકડાની પટ્ટીઓ નાંખવા અંગે વધારાનું ખર્ચ રૂ. ૧૩૫ મંજૂર કરવું.

૫. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના વૉટરકૂલરને મે. વૉલ્ટાસ લિ. પાસે રૂ. ૨૬૯૦ના ખર્ચે રિપેરિંગ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વૉટરકૂલર વૉલ્ટાસ બનાવટનું હોવાથી મે. વૉલ્ટાસ લિ. પાસે રૂ. ૨૬૯૦(બે હજાર છસો નેવું)ના ખર્ચે રિપેરિંગ કરાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૨

સંલગ્ન કૉલેજમાંથી ઑર્ડિ. ૯૬ અન્વયે શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની માહિતી નિયત સમયમર્યાદા વીતી ગઈ હોવા છતાં નહિ આપવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬—૧૦—૧૯૭૯ની સભામાં એક સમિતિની રચના કરી હતી. જે સમિતિની સભા તા. ૧—૪—૧૯૮૦ના રોજ ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩. પ્રા. એમ. એન. દેસાઈ	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે સંભાળ્યું હતું.

સને ૧૯૭૯-૮૦ના શૈક્ષણિક વર્ષમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની માહિતી નથી આવી તેવી કૉલેજો—

૧. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૨. માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ
૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૪. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ

જે સંલગ્ન કૉલેજો તરફથી ઑર્ડિ. ૯૬ અન્વયેની શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગની માહિતી હજુ સુધી આવી ન હોય તેવી કૉલેજોને જે પત્ર લખ્યેથી પંદર દિવસમાં મોકલી આપવા જણાવવું. જો પંદર દિવસમાં માહિતી ન મોકલે તો તે માહિતી મેળવવા માટે યુનિવર્સિટીએ રૂબરૂ માણસ મોકલવો અને તે તેના જવા–આવવાનો તથા દૈનિક ભથ્થા, જો લેવા પાત્ર થાય તો તેનો ખર્ચ કૉલેજ પાસેથી વસૂલ કરવા પગલાં લેવા આ સમિતિ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજોના શિક્ષક, બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ અંગેની માહિતી નિયત પત્રકમાં ૧૬મી ઑગસ્ટ સુધીમાં પ્રતિવર્ષ મોકલવાના નિયમનું પાલન જો કૉલેજ તરફથી કરવામાં ન આવે તો નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં લેવા આ સમિતિ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

(૧) નિયત સમયમર્યાદામાં માહિતી કૉલેજ તરફથી ઉપલબ્ધ થાય નહીં તો તેવી કૉલેજોને ઑર્ડિનન્સનું પાલન કરવામાં આવ્યું નથી તેમ જાણ કરી તે માહિતી સમયસર નહીં મોકલવા માટે ઠપકો આપવો.

(૨) ઉપર (૧)માં જણાવ્યા પ્રમાણે પત્ર લખ્યા છતાં પણ જો સદરહુ માહિતી પંદર દિવસમાં ન આવે તો, ત્યાર પછી સદરહુ માહિતી નિયત સમયમર્યાદામાં નહીં મોકલનાર કૉલેજોની યાદી યુનિવર્સિટી કૉર્ટના સભ્યોને પરિપત્રિત કરવી તથા તેમ કર્યાની સંબંધકર્તા કૉલેજોને જાણ કરવી.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણે પગલાં લીધા પછી પણ જો કોઈ કૉલેજ તરફથી ઑર્ડિ. ૯૬ અન્વયેની માહિતી ઉપલબ્ધ ન થાય તો યુનિવર્સિટીએ સદરહુ માહિતી મેળવવા માટે રૂબરૂ કોઈને મોકલી વ્યવસ્થા કરવી અને તે માટેનો ખર્ચ કૉલેજ પાસેથી વસૂલ કરવા પગલાં લેવાં.

(૪) ઉપર પ્રમાણેનાં પગલાં લીધા છતાં સદરહુ માહિતી કૉલેજ તરફથી ઉપલબ્ધ ન થાય તો તેવી કૉલેજોના વિદ્યાર્થીઓનાં પરીક્ષાઓનાં આવેદનપત્રો સ્વીકારી શકાશે નહીં તેની સંબંધકર્તા કૉલેજોને જાણ કરી તેવી કૉલેજોના વિદ્યાર્થીઓનાં પરીક્ષાનાં આવેદનપત્રો સ્વીકારવાં નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ઢ. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઇ"
કોમકોજ ક્રમાંક ૫૫

First M.B.,B.S. Course modified as per I.M.C. recommendations

FIRST M.B.,B.S. COURSE

O. M.B.,B.S. 2, 3, 4, 5 and 6 (Same as before)

O. M.B.,B.S. 7 (For students joining in June 1980 and thereafter and appearing in the 1st M.B.,B.S. examination in Oct. 1981 and thereafter).

Candidates before presenting themselves for the first examination shall produce certificates of—

having attended the following courses to the satisfaction of the head of the College.

1. Human Anatomy including Embryology and Histology :

(*a*) A course of lectures and demonstrations extending over 1½ years on :

(*i*) Principles of human embryology

(*ii*) Principles of human genetics

(*iii*) Histology

(*iv*) Gross anatomy of the entire body including living Anatomy and applied Anatomy.

(*b*) The practical teaching in gross Anatomy done by :

(*i*) students dissecting the human body alongwith demonstrations of dissected parts.

(*ii*) or models and charts of other parts.

(*c*) Practical classes in Histology, Embryology and Genetics.

2. Human Physiology :

A course of lectures and demonstrations and practical work extending over 1½ years — comprising of :

(*a*) General systemic physiology of the human body.

(*b*) principles of bio-physics as applicable to the human body.

(*c*) growth, development, nutrition and dietetics.

(*d*) experimental work involving demonstration of functions of various organ systems on mammalian and other animals including use of instruments required for such demonstration for the purpose of assessment of functions in the human body.

(*e*) general aspects of the applied physiology and clinical human physiology.

3. Bio-chemistry :

A course of lectures, demonstrations and practical work extending for a period of $1\frac{1}{2}$ years—comprising of :

(*a*) Principles of Bio-chemistry as applicable to the human body.

(*b*) bio-chemical examinations of samples of body fluids etc.

(*c*) laboratory work in practical Bio-chemistry.

(*d*) general aspects of the metabolic basis of diseases.

4. Introductory lectures on the following subjects :

(*a*) Principles of Psychology

(*b*) Principles of Bio-Statistics.

(*c*) Role of nutrition in health and diseases.

5. Community Medicine :

The course of theoretical and practical teaching comprising of—

(*a*) Introduction to Community Medicine.

(*b*) Principles of Sociology including demography, population dynamics and elements of bio-statistics, social factors related to health and diseases, urban and rural societies, impact of urbanisation on health and disease, community behaviour and ecology.

(*c*) Elements of normal psychology and social psychology.

(*d*) The students shall also be introduced to the principles of practice of medicine including visits to the hospital for familiarisation with elementary nursing practices, practices of sterilisation, injection and dressing techniques, necessity for record keeping art of communication with patients including history taking, medico social work and immunisation against diseases and health check up.

Note : 1. Teaching of community medicine should be both theoretical as well as practical. The practical aspects of the training programme should include visits to the health establishments and to the community where health intervention programmes are in operation. For this purpose full time staff are necessary. Part time and Honorary staff will not be able to give proper orientation.

Note : 2. In order to inculate in the mind of the students the basic concepts of community medicine to be introduced in this phase of training, it is suggested that the detailed curriculum drawn should include at least 30 hours of lectures, demonstrations, seminars over 18 months. (See Appendix -B).

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૬

COLLEGE OF NURSING, AHMEDABAD

SYLLABUS AND EXAMINATIONS FOR THE POST-BASIC COURSE DIPLOMA IN PSYCHIATRIC NURSING D.P.N.

Ordinance (D.P.N.) – 1

To be eligible for admission to the Diploma in Psychiatric Nursing the candidate shall :

(*i*) have passed the basic nursing course prescribed by the Indian Nursing Council in an approved School of Nursing or B.Sc.(N) and be duly registered as a nurse.

(*ii*) have a minimum of two years experience after completing the basic nursing programme and having worked in Psychiatric Department for at least 3 months.

(*iii*) have a working knowledge of English.

(*iv*) should not be more than 45 years of age at the time of admission.

Diploma in Psychiatric Nursing

Ordinance (D.P.N.)–2

Candidates before presenting themselves for the examinations shall produce a certificate of having attended the course in the subjects mentioned in Regulation (Nursing)-1 to the satisfaction of the head of the college.

The Course shall be considered on semester system.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૫૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૪–૪–૧૯૮૦ને સોમવારના રોજ સાંજના ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. એમ. કાંટાવાળા	હાજર
૩. શ્રી. સી. એસ. શાહ	હાજર
૪. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૫. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૦–૩–૧૯૮૦ની સભાની કાર્યવાહીમાં બાબત નં. ૨ અને ૮ નીચે મુજબ વંચાય તે પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યા :

(૨) આથી ઠરાવવામાં આવે છે કે Section Measurement પ્રમાણે જ માપ લેવાય તે રીતે ક્રમાનુવર્તી નીચેની પાર્ટીઓને કોન્ટ્રાક્ટ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	૩. ૩૦–૦૦	બાસ એકના
૨. શ્રી. જેઠાભાઈ ભલાભાઈ ગોહિલ	૩. ૩૦–૦૦	,,

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવે પછી ભાવિષ્યમાં માટી પુરાણનાં તમામ કામો માટે પ્રમાણે માટી પુરાણ કામનાં ટેન્ડરો મંગાવવાનું રાખવું.

(૮) (ક) આથી ઠરાવવામાં આવે છે કે ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના મકાન પરની લોન પર લઈને સ્ટીલ આ કામ માટે વાપરવાનું રાખવું.

(ખ) આથી ભલામણ કરવામાં આવે છે કે આગળની વરંડા તથા રૂમનો સ્લેબ એક જ લેવલે રાખવો અને ધાબા પર વોટર પ્રૂફિંગ કમ્પાઉન્ડ (બપ્રમો) વાપરીને ધાબાની સાથે સાથે ફિનિશ (Simultaneous Finish) કરવાનું રાખવું.

ઉપરના સુધારા સિવાયની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કૅમ્પસનાં જુદાં જુદાં મકાનોને વ્હાઇટવૉશ / ડિસ્ટેમ્પર કરવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે કૅમ્પસનાં જુદાં જુદાં મકાનોના વ્હાઇટવૉશ / ડિસ્ટેમ્પરના કામ અંગે જે તે મકાનોના માપ પ્રમાણે ચોઝ્કસ જથ્થો જોઈતપાસીને તે મુજબ તેના ભાવ ચકાસીને તે અંગે સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. સી એસ. શાહનાં સલાહસૂચનો લઈને મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે વ્હાઇટવૉશનું કામ બ્રશ વડે થાય તેમ કરવું. વ્હાઇટવૉશમાં ગળી તેમજ સરેશ નાંખીને રાજ્ય સરકારના સ્પેસિફિકેશન પ્રમાણે થાય તેમ રાખવું.

૩. યુનિવર્સિટી કૅમ્પસમાં આવેલાં રીડર્સ તથા લેકચરર્સ ક્વાર્ટર્સનાં મકાનોને વ્હાઇટવૉશ / વૉટરપ્રૂફ / પેઇન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂના રીડર્સ ક્વાર્ટર્સ તથા લેકચરર્સ ક્વાર્ટર્સનાં મકાનોને વ્હાઇટ-વૉશ કરવા માટેનો રૂ. ૩,૩૫૮–૯૫નો અંદાજ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. ભૂગોળ ભવનમાં મકાનના બાંધકામની સમયમર્યાદા વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૂગોળ ભવનનું મકાન ખાડામાં હોઈ તેમજ બહાર મોટું કચરાનું પુરાણ થયું હોવાથી તેના બાંધકામની સમયમર્યાદા તા. ૧૦–૧૧–૧૯૭૯ સુધીની વધારી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. શિક્ષકગણ માટેનાં ટાઇપ II ક્વાર્ટર્સના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષકગણ માટેના ટાઇપ II ક્વાર્ટર્સના બાંધકામની સમયમર્યાદા તા. ૧૫–૪–૧૯૮૦ સુધી વધારીને આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ટેક્ષટાઇલ કેમિસ્ટ્રીના બાંધકામ અંગે કૉન્ટ્રેક્ટરના તા. ૧૪–૪–૧૯૮૦ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્ષટાઇલ કેમિસ્ટ્રીના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. વાઢી ઍન્ડ પટવાને જણાવવું કે યુનિવર્સિટી સાથે થયેલા કરાર પ્રમાણે મૂળ અંદાજ પ્રમાણે બાંધકામ કરવા તેઓ બંધાયેલા છે તેથી તે કામ તેઓએ તાત્કાલિક શરૂ કરીને વેળાસર પૂરું કરી આપવા તેમને જણાવવું.

પી. ડી. મીઝી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "૮"

ફામફાળ ક્રમાંક ૫૯

Ordinance 151 (c) :

The following shall be the rates of tuition and other fees for post-graduate students including M.Phil. and Ph.D. students per term in the University's post-graduate departments and at post-graduate teaching centres, if any, instituted by the University :

		Rs. P.
(*a*)	Tuition fees for full time students :	
(1)	For the subjects comprised under the Faculty of Arts including Education, Science Commerce, Law, Engineering Medicine, Pharmacy and Dentistry for Masters', M.Phil. and Ph.D. degrees per term	200–00
(*ii*)	For Diplonmas run at the B. M. Institute and all diplomas in the Medical Faculty per term	200–00
(*iii*)	For Diploma in Linguistics per term.	145–00

Note.— A post-graduate student in the Faculty of Medicine who is registered both for Degree as well as Diploma examination in the same subject simultaneously and concurrently shall not be required to pay separatet uition fees per term for both the Degree and Diploma Courses, but shall pay a single tuition fee per term as laid down for the Degree Examination course. However, he shall be required to pay additional tuition fees for tuition fees for each of the two terms at its beginning for the Degree course after the required terms for the diploma course are completed.

(*b*)	Laboratory fees for full-time/part-time students :	
(*i*)	For the subject–Home Science and all Science subjects other than Mathematics and Statisticals for Master's M.Phil. and Ph.D. Degree per term	60–00
(*ii*)	For the subjects Geography and Statistics for Master's M.Phil. and Ph.D. Degree per term.	35–00

		Rs. P.
(*c*)	**For Master of Business Administration :**	
	(*i*) Tuition fees for M.B.A. and Ph.D. Degree	375–00
	(*iii*) Reading material fees for the M.B.A. course students	50–00
	(*iii*) Library fees for the M.B.A. Course students.	40–00
(*d*)	**Tuition fees for part-time students :**	
	(*i*) For all the subjects comprised under the Faculty of Arts including Education, Science and Commerce for M.Ed. and M.Phil. Degrees per term.	100–00
	(*ii*) For M.E. degree per term	125–00
(*e*)	Other fees as service charges for Library, Gymkhana, Union activities etc. per term per student.	15–00

(*f*) When on leaving a Department of the University School concerned/a post-graduate centre, a student claims refund of his tuition fees from the Department/Centre, he shall apply in writing to the Director of the University School concerned/the Professor-in-Charge of the Post-graduate centre, as the case may be. On receipt of such an application through the Director of the School/Professor-in-charge, refund may be given in the following circumstances at the rate indicated :

(*i*) Full fees for the term concerned shall be refunded in case of the death of the student concerned.

(*ii*) Tuition fees (including laboratory fees if any) for the term concerned shall be refunded after deducting Rs. 15/- if a student applies within 10 days from the date of payment of fees or the last date fixed for payment of fees by the department or the post-graduate centre whichever is earlier.

(*iii*) Half of the tuition fees (including laboratory fees if any) for the term concerned shall be refunded if a student applies after 10 days but within 20 days from the date of payment of fees or the last date fixed for payment of fees by the department or post-graduate Centre, whichever is earlier.

Transitory Ordinance for the year 1980--81 only :

Notwithstanding anything contained in O. 151(*c*) revised, tuition fees per term payable by post-graduate students who had been admitted either for the Master's Degree or the Ph.D. Degree during the academic year 1979–80 or in the previous year in any of the P.G. department or P.G. centres of the University shall be as under :

		Rs. P.
(1)	Faculties of Arts including Education (Except in Diploma in Linguistics) Science, Commerce and Law	185–00
(2)	Diploma in Linguistics.	135–00

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૬૫

"બાઈ રૂક્ષ્મણી ચિમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ શિષ્યવૃત્તિ"

દાતાનું નામ : ટ્રસ્ટીશ્રી
બાઈ રૂક્ષ્મણી ચિમનલાલ કમૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ
દ્વારા : શ્રી. સાકરલાલ બાલાભાઈ
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

પ્રદાનની રકમ : ૧. રૂ. ૨૫,૦૦૦—૦૦ની હિંદ સરકારની ૩ ટકા કન્વર્ઝન લોન
તથા
૨. રૂ. ૨૦,૦૦૦—૦૦નું અન્ય રોકાણ

દાનનો પ્રકાર : ૧. એક શિષ્યવૃત્તિ અને
૨. શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત ફિલસૂફી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો કે અણુભાષ્ય પર વ્યાખ્યાનો તથા પ્રકાશન

દાનનો સ્વીકાર : સિન્ડિકેટની તા. ૧૬/૧૭—૧૧-૧૯૫૭ની સભા.

નિયમો

૧. "બાઈ રૂક્ષ્મણી ચિમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" એ નામની આશરે રૂ. ૬૦૦-૦૦ની એક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટીની માર્ચ—એપ્રિલમાં લેવાતી ટી.વાય. બી.એ.ની પરીક્ષામાં મુખ્ય વિષય ફિલોસોફી અથવા સંસ્કૃત વધુ ગુણાંક મેળવી પ્રથમ ઉત્તીર્ણ થઈ અને આ યુનિવર્સિટીમાં એમ.એ. અથવા પીએચ.ડી.માં દાખલ થયેલા વિદ્યાર્થીઓ પૈકી શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત, ફિલસૂફી, પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો કે અણુભાષ્યમનો વિષય લઈ અભ્યાસ કરનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. આ શિષ્યવૃત્તિની કુલ રૂ. ૬૦૦-૦૦ની રકમ એ વર્ષ માટે સત્રદીઠ રૂ. ૧૫૦—૦૦ પ્રમાણે ચૂકવવામાં આવશે જે માટે સત્ર પૂરું થયેથી વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩. વિજેતાને શિષ્યવૃત્તિ આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. શિષ્યવૃત્તિ એનાયત કર્યા પછી બાકી વધતી રકમ અને અન્ય કરેલ રોકાણના વ્યાજમાંથી ઉત્પન્ન થતી રકમમાંથી પ્રત્યેક વર્ષે શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત ફિલસૂફી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો કે અણુભાષ્ય ઉપર આ માટેના યોગ્ય લાયકાતવાળા વિદ્વાનને વ્યાખ્યાન માટે આમંત્રણ આપવામાં આવશે.

૫. આ વ્યાખ્યાનશ્રેણીમાં વ્યાખ્યાતાએ ઓછામાં ઓછાં બે વ્યાખ્યાનો આપવાનાં રહેશે.

૬. સદરહુ પ્રદાનની વાર્ષિક અંદાજી આવક રૂ. ૨,૦૦૦ માંથી વ્યાખ્યાતાને આ વ્યાખ્યાન શ્રેણી નિમિતે રૂ. ૭૫૦નું માનદ વેતન તથા આવવા-જવાનું ખરેખર મુસાફરી ખર્ચ તથા અન્ય યુનિવર્સિટી તરફથી જે કાંઈ કન્ટિન્જન્સી ખર્ચ કરવામાં આવે તેનો સમાવેશ થશે.

૭. આ વ્યાખ્યાનમાળા અમદાવાદમાં અથવા કુલપતિશ્રી નક્કી કરે ત્યાં યોજવામાં આવશે.

૮. વ્યાખ્યાતાએ વ્યાખ્યાનોની હસ્તપ્રત વ્યાખ્યાન આપતા પહેલાં અથવા વ્યાખ્યાનો પૂરાં થયા બાદ યુનિવર્સિટી નક્કી કરે તે મુદ્દતમાં યુનિવર્સિટીને સુપરત કરવી પડશે. અને તેનો કોપીરાઈટ યુનિવર્સિટીનો રહેશે.

૯. આ સંખાવતની આવકની બચતમાંથી આ વ્યાખ્યાનમાળા હસ્તપ્રત યુનિવર્સિટી છપાવીને પ્રસિદ્ધ કરી શકશે અને તેની દસ નકલ સદરહુ ટ્રસ્ટને વિનામૂલ્યે મોકલશે.

૧૦. આ સંખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૧૧. આ સંખાવતની વાર્ષિક આવકમાંથી ઉપર જણાવેલ વિગતો ખર્ચ કરતાં વધતી રકમ મૂળ રકમનાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ " ડ "
બાબત ક્રમાંક ૭૪

સંલગ્ન કૉલેજો–માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની એક સભા તા. ૫–૪–૧૯૮૦ના રોજ બપોરના ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨. આચાર્યશ્રી ઘનશ્યામભાઇ પરીખ	હાજર
૩. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. પ્રા. એન. આર. શાહ	હાજર
૫. શ્રી. શરદભાઇ પટેલ	હાજર
૧. શ્રી. નરહરિ અમીન	હાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદના ભૂતપૂર્વ આચાર્યશ્રી જે. એસ. સેવકના વેકેશન સેલરી અંગે તેઓ તરફથી આવેલ તા. ૧–૫–૧૯૭૯ની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨. શ્રીમતી એમ. સી. પટેલ (કંડારીવાલા) આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, મિયાંગામ–કરજણના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. આર. એસ. દણકના રાજીનામા અંગે તેઓ તરફથી આવેલ તા. ૧૯–૧–૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મેાડાસાના એકાઉન્ટન્ટ શ્રી. આર. એચ. શાહ તરફથી તેઓને એકાઉન્ટન્ટનું પગારધોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ નહિ આપવા અંગે તેઓ તરફથી આવેલ તા, ૭–૯–૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

સમિતિએ જુદે જુદે તબકકે કૉલેજ સંચાલક મંડળના હોદ્દેદારો, આચાર્યશ્રી અને શ્રી. આર. એમ. શાહની રજૂઆતો સાંભળી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એમ. શાહને એકાઉન્ટન્ટ તરીકે રૂ. ૪૨૫–૭૦૦નું પગારધોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ચૂકવી આપે અને તેમ કર્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરે તેમ કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. પ્રભુદાસ કપ્પર કૉલેજ, અમદાવાદના પટાવાળા શ્રી ચંદુભાઈ પશાભાઈના જૂન ૧૯૭૩થી ડિસેમ્બર ૧૯૭૪ સુધીના બાકી પગાર તથા તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ન ચૂકવ્યા અંગે તેઓ તરફથી તા. ૪—૪—૧૯૭૯ના રોજ આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની શૈક્ષણિક લાયકાતનાં ધારાધોરણ નિયત કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. નવજીવન આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દાહોદના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી. જે. આર. સોનીની યુનિવર્સિટી ધારાધોરણોનો ભંગ કરી છૂટા કરવા અંગેની તા. ૩૦—૩—૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. આર. સોનીને ફાજલ ગણી તે પછીના વર્ષમાં આ જ વિષયમાં શ્રી. નારિયેળવાળાની નિમણૂક કરવામાં આવી છે. આ જોતાં શ્રી સોનીની નિમણૂક કાયમી જગ્યા પર હતી તેમ ફલિત થાય છે. વળી ૧૯૭૫—૭૬ અને ૧૯૭૬—૭૭ના વર્ષની ઑડિ. ૯૬ અન્વયે આવેલ માહિતીમાં પણ શ્રી. સોનીને છૂટા કર્યા પછી શ્રી. નારિયેળવાળાની નિમણૂક થયેલ છે. આમ કૉલેજમાં કાર્યભાર હોવા છતાં શ્રી. સોનીને છૂટા કરવામાં આવ્યા છે તે યુનિવર્સિટી ધારાધોરણ સાથે સુસંગત નથી તો તેઓને તેમની મૂળ જગ્યા પર સેવાના સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવા કૉલેજને જણાવવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મેાડાસાના એકાઉન્ટન્ટ શ્રી. પી. એ. દોશીની એકાઉન્ટન્ટના પગારધોરણ પર મૂકવા અંગે તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ચૂકવવા અંગે તેઓ તરફથી આવેલ તા. ૧૩—૬—૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

પ્રથમ જુદા જુદા તબકકે આચાર્ય અને શ્રી. પી. એ. દોશીની રજૂઆતો સ્થાયી સમિતિએ સાંભળી. ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. એ. દોશીની નિમણૂક એકાઉન્ટન્ટ તરીકે થયેલી હોઈ તેઓની માગણી અનુસાર એકાઉન્ટન્ટ તરીકેનું પગારધોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ચૂકવી આપવા અને તેમ કર્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા કૉલેજને જણાવવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૮. આચાર્ય, આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ, ખંભાતના એકાઉન્ટ્સ કલાર્ક શ્રી. મહેન્દ્રભાઈ એ. શાહને તા. ૯—૮—૧૯૭૮ થી સસ્પેન્ડ કર્યા હોવા છતાં સસ્પેન્શન એલાવન્સ ચૂકવ્યું નથી કે આગળ બીજી કોઈ કાર્યવાહી કરી નથી તે અંગે તેઓ તરફથી આવેલ તા. ૨૧—૧૦—૧૯૭૮ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેન્દ્રભાઈ એ. શાહને સસ્પેન્ડ કર્યાને આજે ઘણો સમય પસાર થઈ ગયો હોવા છતાં સસ્પેન્શન અંગેની કાર્યવાહી પૂર્ણ કરી નથી કે યુનિવર્સિટી ધારાધોરણ અનુસાર સસ્પેન્શન એલાવન્સ ચૂકવ્યું નથી તો ઑર્ડિ. ૧૬૮માં નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદામાં તેઓનો

સસ્પેન્શન અંગે નિર્ણય લેવો અને તેઓને ચૂકવવા પાત્ર થતી સસ્પેન્શન એલાવન્સની રકમ તાકીદે ચૂકવી યુનિવર્સિટીને જાણ કરવા કૉલેજને લખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૯. આર્ટ્સ કૉલેજ, મેાડાસાના આચાર્યશ્રી બી. આર. પટેલને સંચાલક મંડળે તા. ૧—૫—૧૯૮૦થી છૂટા કરવા નોટિસ આપી છે તે અંગે તેઓ તરફથી આવેલ તા. ૫-૧૧-૧૯૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ બાબત પરત્વે સ્થાયી સમિતિએ તેની તા. ૨૭—૧૨—૧૯૭૯ની સભામાં કરેલ નીચેની ભલામણ એકિચકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૧—૧૯૮૦ની સભામાં સમિતિની પુનઃ વિચારણા માટે પાછી મેાકલેલ છે:

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, મેાડાસાના આચાર્યની જગ્યા કાયમી હોવા છતાં સદરહુ જગ્યા પર કામચલાઉ કે મુદતી નિમણૂક આપવી યેાગ્ય નથી તથા આ જગ્યા પર આચાર્યશ્રી બી. આર પટેલને પ્રેાબેશન પર નિમણૂક કરી હોઇ તેમને છૂટા કરવા આપેલ નોટિસથી યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એની જોગવાઇનેા ભંગ થાય છે. આથી તેમને તા. ૧—૫—૧૯૮૦ થી છૂટા કરવા આપેલી નોટિસ પાછી ખેંચી લઇ તથા તેમને આપેલ સાતત્ય-ભંગ યુનિવર્સિટી ધારા સાથે સુસંગત ન હોઇ તે દૂર કરવા તેમ જ તેમને નહીં ચૂકવાયેલ જુલાઇ માસનેા પગાર ચૂકવી આપવા તથા તેમ કર્યાની જાણ કરવા કૉલેજને જણાવવું."]

શરૂઆતમાં સંચાલક મંડળની રજૂઆત સ્થાયી સમિતિએ સાંભળી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સ્થાયી સમિતિએ તેની તા. ૨૭—૧૨—૧૯૭૯ની સભામાં કરેલ ઉપરની ભલામણ કે જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧—૧૯૮૦ની સભામાં મૂકવામાં આવેલ હતી અને જે આ સ્થાયી સમિતિને પુનઃ વિચારણા માટે મેાકલેલ હતી; તેમાં થયેલ ઠરાવને આ સ્થાયી સમિતિ વળગી રહે છે અને તેમાં કોઇ ફેરફાર કરવાની જરૂરિયાત લાગતી નથી તેમ કર્યાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૦. શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મેાડાસાના ટચૂટર શ્રી વિનુભાઈ પુ. પટેલનું આચાર્યે બળજબરીથી રાજીનામું લખાવી લીધું છે તે અંગે તેઓ તરફથી આવેલ તા. ૧૭—૧૨—૧૯-૭૯ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

શ્રી. વિનુભાઈ પુ. પટેલની ફરિયાદ અંગે યુનિવર્સિટી પેાતાનેા નિર્ણય ન જણાવે ત્યાં સુધી જગ્યા ભરવા માટે કોઇ કાર્યવાહી ન કરવી એમ કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૧. ઑર્ડિ. ૧૨૦માં નીચે પ્રમાણે સુધારેા કરવા લાગતાંવળગતાં સત્તામંડળેાને અનુરેાધ કરવામાં આવે છે :

"There shall not.....and the college shall continue to admit students still such a limit is reached."

(યુનિવાસટી કોર્ટ સભા તા. ૬-૭ ડિસેમ્બર ૧૯૭૯ બાબત ક્રમાંક ૫)

(એકિઝ. કાઉન્સિલની સભા તા. ૧૨-૧-૧૯૮૦ બાબત ક્રમાંક ૧૧)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૧૨. ૧૯૭૪થી ૧૯૭૭ વચ્ચેના મોંઘવારી ભથ્થાના વધારા બધી કૉલેજોએ ચૂકવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(૧. યુનિ. કૉર્ટ સભા તા. ૬–૭ ડિસેમ્બર ૧૯૭૯ બાબત ક્રમાંક ૨(૪) પ્રશ્ન ક્રમાંક ૩૫૧)

(૨. એકિઝ. કાઉન્સિલની સભા તા. ૧૨–૧–૧૯૮૦ બાબત ક્રમાંક ૧૨)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે જોઈન્ટ કન્સલ-ટેટિવ કમિટીની રચના અંગેનો સ્ટે. ૨૧૨ યુનિવર્સિટી કૉર્ટે તેની તા. ૬/૭ ડિસેમ્બર ૧૯૬૯ની સભામાં રિફર-બૅક કરેલ હોઇ તે અંગે વિચારણા કરવા બાબત.

(એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૦ની સભા બાબત ક્રમાંક ૩૯).

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે જોઈન્ટ કન્સલટેટિવ કમિટીની રચના અંગેનો સ્ટે. ૨૧૨ આ સાથે સામેલ કર્યા મુજબ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૪. શ્રીમતી ટી. આર. કૉમર્સ કૉલેજ, પાટણના જુનિયર કલાર્કશ્રી દેવેન્દ્રકુમાર જી. તુવારને તા. ૧–૭–૧૯૭૪થી પગારઘોરણ આપવા અને તે પેટે નીકળતા તફાવત પેટેની રકમ ચૂકવી આપવા અંગે તેઓ તરફથી આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ કૉલેજ, પાટણના જુનિયર કલાર્ક શ્રી દેવેન્દ્રકુમાર જી. તુવારની પગારઘોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ચૂકવવા માટેની ફરિયાદ બાબતમાં આ સમિતિએ તેની તા. ૯–૩–૧૯૭૯ની સભામાં કરેલ નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૩–૧૯૭૯ની સભામાં મંજૂર રાખેલ છે, તેથી વિશેષ કાંઇ ઉમેરવાનું કે વિચારવાનું રહેતું નથી તેમ આ સમિતિને લાગે છે. તે જોતાં કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

ભલામણ

"કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે કૉલેજે શ્રી. તુવારને ૧૯૭૨થી ૧૯૭૬ના સમયગાળા દરમિયાન અવારનવાર નિમણૂકપત્રો આપ્યા છે અને શ્રી. તુવારે તે મુજબ ફરજ બજાવી છે. તેઓને તા. ૧–૨–૧૯૭૬થી જુનિયર કલાર્કના ગ્રેડમાં મૂકયા છે તે જોતાં તા. ૧–૭–૧૯૭૪થી પગાર ઇત્યાદિનો તફાવત આપવાની વિનંતી અંગે યુનિવર્સિટી દરમિયાન થઈ શકે નહિ તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

૧૫. શેઠ એસ. વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીના સંખ્યાધિક અધ્યાપક શ્રી. ડી. પી. જયસિંઘાણીની પી.એફ. રકમ તથા પી.એફ. વ્યાજની રકમ ચૂકવવા અંગે તેઓ તરફથી આવેલ તા. ૩૧–૭–૧૯૭૮ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એસ. વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીના વ્યાખ્યાતા શ્રી. ડી. પી. જયસિંઘાણીની પ્રોવિડન્ડ ફંડની રકમ તથા તે પર આજદિન સુધી જે વ્યાજની રકમ થાય તે ચૂકવી આપવા કૉલેજના આચાર્યને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૬. સંલગ્ન લૉ કૉલેજમાં બિનશિક્ષકવર્ગના કર્મચારી ગણનું મહેકમ નિયત કરવા અંગે પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી મંડળ, અમદાવાદ તરફથી તા. ૨૮—૨—૧૯૮૦ના પત્રથી આવેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

પી. પી. શાહ
કુલસચિવ વતી.

* * *

Statute 212 :

Joint Consultative Committee for the non-teaching staff of the affiliated colleges and recognised institutions :

(1) There shall be constituted a Staff Joint Consultative Commiettee (here-in-after referred to as the Committee) for the non-teaching staff of the affiliated Colleges and recognised institutions, for the purpose herein-after appearing.

(2) It shall be consist the following members, namely :

(*i*) Vice-Chancellor, who shall be the Chairman

(*ii*) Pro-Vice-Chancellor, if any

(*iii*) Two representatives to be nominated from the non-teaching staff Association having membership of not less than 50% of the total employees of the affiliated Colleges and recognised institutions situated in Ahmedabad Zone.

(*iv*) Two representatives to be nominated from the non-teaching staff association having membership of not less than 50% of the total employees of the affiliated Colleges and recognised institutions situated in the North Zone comprising of the Districts of Gandhinagar, Mehsana, Sabarkantha, Banaskantha and Kutch.

(*v*) Two representatives to the nominated from the non-teaching staff association having membership of not less than 50% of the total employees of the affiliated colleges and recognised institutions situated in the South Zone comprising of the districts of Panchmahals, Kaira and Baroda.

(*vi*) Two representatives of the Governing Bodies to be nominated by the Management's Association of Ahmedabad, affiliated colleges and recognised institutions from amongst its members, out of whom one shall be the President or Secretary thereof.

(*vii*) Two representatives of the Governing Bodies (One from North Zone and one from South Zone) to be nominated by the Management's Association of the affiliated colleges and recognised institutions in the mofussil areas, out of whom of one shall be the President Secretary thereof.

(*viii*) Three members nominated by the Executive Council from the amongst themselves.

(*ix*) Four members to be nominated by the Executive Council from amongst the members of the University Court out of which at least two shall be the principals of affiliated college belonging to the different zone.

(3) The following shall be the objects of the Committee namely :

(*a*) to incalculate and promote amongst the employees of the University a spirit of co-operation harmony and efficient service in the functioning of thee olleges and the University.

(*b*) to smoothen the relations between the management of colleges as employers and their employees :

(*c*) to promote harmonious relations and secure the greatest measure of co-operation between the management of the colleges in their capacity as the employers and the general body of their nonteaching employees in matters of common concern and with a view to further increasing the efficiency of services and promoting the well being of the employees.

(4) The scope of the committee shall include matters relating to conditions of services and work, welfare of the employees and improvement of efficiency and standard of work;

Provided that the consultation shall be limited to general principles only and individual cases shall not be considered by the committee, unless they are referred to it by any of the members of the Committee.

(5) The term of office of all members of Committee shall be three years.

(6) The Committee shall elect a Convener for convening the meaning of the Committee and he shall act as the Secretary of the Committee.

(7) Eight members of the committee shall form a quorum among any of the the committee. The meeting shall be convened if atleast eight members of the committee request to discuss specific issue.

(8) The committee shall meet atleast two times in a year.

(9) Nothing contained in this Statute shall be deemed to prevent any employee of an affiliated Colleges recognised institution from making individual representation to the Management of his college or institution, as the case may be in respect of a matter concerning him as an employee.

પરિશિષ્ટ " ઘ "

કામકાજ ક્રમાંક ૭૯

કર્મચારીઓના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગેની એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા સોમવાર, તા. ૧૪–૪–૧૯૮૦ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્ર ચુ. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. પ્ર. ચુ. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	શ્રી. અનિરુદ્ધ એચ. યાજ્ઞિક	ગેરહાજર
૪.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૫.	શ્રી. એ. આર. શાહ	હાજર
૬.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર.

૧. તા. ૨૮–૨–૧૯૮૦, તા. ૧–૩–૧૯૮૦ અને તા. ૧૩–૩–૧૯૮૦ની સમિતિની સભાઓની નોંધ લેવા બાબત.

તા. ૨૮–૨–૧૯૮૦, તા. ૧–૩–૧૯૮૦ અને તા. ૧૩–૩–૧૯૮૦ની સમિતિઓની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં બક્ષી કમિશનની ભલામણો અંગે અનામત જગ્યાઓ રાખવા અંગે નીમેલી સમિતિએ નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કાર્યાલય નિયામકોએ રૂબરૂમાં જણાવ્યું કે રાજ્ય સરકારમાં ડેપ્યુટી સેક્રેટરી અને અન્ડર સેક્રેટરીની જગ્યા માટે સ્નાતકનું ધોરણ ઉમેદવાર સ્નાતક ન હોય તો પણ નિમણૂક કરવામાં આવે છે. સમિતિ પાસે આ અંગે માહિતી સત્તાવાર ન હોવાથી વિચારણા કરી શકાઈ નહિ પરંતુ ઠરાવવામાં આવ્યું કે આ અંગે રાજ્ય સરકાર પાસેથી માહિતી મંગાવી, માહિતી આવ્યેથી આ બાબત સ્થાયી સમિતિ સમક્ષ મૂકવી.

રાજ્ય સરકાર તરફથી મળેલ માહિતી જોઈ તપાસીને ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં મદદનીશ કુલસચિવશ્રીની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સ્નાતકનું નિયત થયેલું છે તેમાં કશો ફેરફાર કરવો નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને વધુમતે ભલામણ કરવી.

૩. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" રાજ્ય સરકારની અમદાવાદમાં આવેલી કચેરીઓના ત્રીજા અને ચોથા વર્ગના સ્ટાફ ક્વાર્ટર્સમાં, તેમને પ્રત્યેક રૂમમાં સીલિંગ પંખાની સવલતો અપાય છે. સરદાર પટેલ યુનિવર્સિટી અને મ. સ. યુનિવર્સિટીમાં પણ સ્ટાફને આ સવલત ઉપલબ્ધ છે તે જોતાં હાલ સ્ટાફને બધા રૂમમાં તે સવલત આપણે ન આપી શકતા હોઈએ તો પણ એક રૂમમાં ૪૮"ની સાઈઝનો સીલિંગ ફેન ઉનાળાની સીઝન શરૂ થાય તે પહેલાં નાખી આપવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે. "

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં રહેઠાણોમાં દરેક રહેઠાણ દીઠ એક ૪૮" સાઇઝનો સીલિંગ ફેન, અંદાજપત્રની મર્યાદામાં રહીને, આપવા માટે ઘટતી કાર્યવાહી કરવી.

૪. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઇઝરી સ્ટાફ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૯-૮-૧૯૭૯ના પત્ર પર કોર્ટના સભ્ય શ્રી શરદ પટેલની નોંધ અન્વયે વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ કે જેઓ ડિપ્લોમાની પદવી ધરાવે છે તેઓને હાલ રૂ. ૫૫૦-૯૦૦નું પગારધોરણ આપવામાં આવે છે. પરંતુ તેઓને ફુલ્લી કવોલિફાઇડ ગણીને રૂ. ૭૦૦-૧૩૦૦નું પગારધોરણ આપવા અંગે તેમના તા. ૨૯-૮-૧૯૭૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસેથી જે માહિતી મંગાવવામાં આવી છે તે ત્વરિત મેળવીને આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૫. શ્રી શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના કર્મચારીઓ માટે હવે પેન્શન યોજના પણ દાખલ થતાં તેમને પ્રવર્તમાન બિલ્ડિંગ લોનના સ્ટેચ્યૂટ મુજબ બિલ્ડિંગ લોન મળી શકશે નહિ તેથી રાજ્ય સરકારના ધોરણે યુનિવર્સિટીના કર્મચારીઓને તેના પગારના ૭૫ પગાર બિલ્ડિંગ લોન તરીકે તેઓ માગે ત્યારે આપવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકગણના જે કર્મચારીઓ પેન્શન યોજનાનો વિકલ્પ સ્વીકારે તેઓને મકાન બાંધકામ માટે લોન આપવા માટે જે ફંડની જરૂર રહેશે તે માટે રાજ્ય સરકાર પાસેથી રૂપિયા દસ લાખની રકમ યુનિવર્સિટીને ફાળવવા તેને વિનંતી કરવી.

૬. સુપરવાઇઝરી સ્ટાફને હાલ મૂળ માસિક પગારના ૧૦ ટકા લેખે પરીક્ષા માનાર્હ ભથ્થું તા. ૧-૪-૧૯૭૯થી આપવામાં આવે છે. અગાઉ ૧૨½ ટકા આપવામાં આવતું હતું તે વિસંવાદિતા દૂર કરીને તે ભથ્થું ૧૫ ટકા આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી સુપરવાઇઝરી સ્ટાફ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૬—૨—૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના કાર્યાલય નિયામક અને ઉપરની કક્ષાના અધિકારીઓ (સુપરવાઇઝરી સ્ટાફ)ને કે જેઓ મૂળ પગારના ૧૦ ટકા પરીક્ષાનું માનાર્હ ભથ્થું મેળવવાને પાત્ર છે તેઓ આ અગાઉ ૧૨½ ટકાની ગણતરી પ્રમાણે વધુ-કામ ભથ્થા તરીકે મેળવવાને પાત્ર હતા તથા દેસાઈ પંચની ભલામણોના અમલ પહેલાં જે કર્મચારીઓને જુદી જુદી જાતનાં ખાસ ભથ્થાં મેળવવાને પાત્ર હતા તેને ફરીથી આપવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યું છે તેના સંદર્ભમાં આ સુપરવાઇઝરી સ્ટાફને મૂળ માસિક પગારના ૨½ ટકા પ્રમાણે અંગત ભથ્થા (પર્સનલ એલાઉન્સ) વધારાના ભથ્થા તરીકે આપવા તથા આ ભલામણનો અમલ તા. ૧—૪—૧૯૮૦થી કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. એસ. એસ. સી. પાસ થયેલ પટાવાળા કે જેઓ આ વર્ષથી પટાવાળા તરીકે સેવા કરતા હોય તેવા ભાઈઓને ગુજરાત રાજ્ય સરકારના તા. ૨૨—૫—૧૯૭૩ના પરિપત્ર મુજબ યુનિવર્સિટીમાં ખાલી પડતી કારકુન-ટાઈપિસ્ટની જગ્યાઓ પર તદ્દન હંગામી ધોરણે ક્રમચલાઉ બઢતી આપવા અંગે કોર્ટના

સભ્ય શ્રી. શરદ પટેલની ભલામણના સંદર્ભમાં પટાવાળા શ્રી. એન. ડી. વાઘેલાની તા. ૨૫–૨–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુનિયર કલાર્કની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સ્નાતક હોવાથી શ્રી. એન. ડી. વાઘેલાની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી. વધુમાં ટાઇપિસ્ટની જગ્યા માટેનું ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ હાલ એસ.એસ.સી. હોઈ જે કોઈ કર્મચારી ટાઈપિસ્ટની જગ્યા માટે લાયકાતનું આ ધોરણ ધરાવતા હોય તેઓ તે જગ્યા માટે યથાસમયે પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૮. યુનિવર્સિટી કર્મચારીઓની કેટલીક જગ્યાઓનાં નામાભિધાન અંગે નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ બાબત કયા કયા વિભાગોમાં કેટકેટલી જગ્યાઓ ફાળવવી તે અંગે વિગતવાર હેવાલ તૈયાર કરવા માટે સદરહુ સમિતિને જરૂરી વિચારણા કરવા માટે પાછી મોકલવી.

૯. સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. કે. ડી. વાઘેલાને ભવનનું કબાટ ખસેડતાં થયેલા અકસ્માતના કારણે ૧૦ દિવસ ગેરહાજર રહેવું પડયું હતું તેથી તા. ૧૯–૨–૧૯૮૦થી તા. ૨૯–૨–૧૯૮૦ની રજાઓ ફરજ-રજાઓ તરીકે ગણવા અંગેની તેઓની તા. ૨૦–૨–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત :

અને

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના લેબોરેટરી આસિસ્ટન્ટ શ્રી. એમ. એફ. પરમારને ટાઇપિંગ ભથ્થું આપવા અંગે રસાયણ વિભાગના વડાના તા. ૧૨–૩–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૧૧. કોમ્પ્યુટર સેન્ટરના સીનિયર ઓપરેટર શ્રી. પી. પી. મહેતાને તેમના સુધારેલા પગારધોરણમાં પગારવધારો તેમની જૂના પગારધોરણની તારીખે એટલે કે તા. ૧૮–૫–૧૯૮૦થી આપવા અંગેની તેમની તા. ૧૮–૨–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

અને

૧૨. સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના ફિલ્ડ વર્ક સુપરવાઈઝર અને ફિલ્ડ વર્ક આસિસ્ટન્ટની લાયકાતનાં ધોરણો સુધારવા અંગે વિભાગના વડાશ્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

અને

૧૩. યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ સર્વશ્રી આર. એસ ગાંધી અને ડી.એન. શુકલનું પગારધોરણ સુધારવા અથવા તાસ દીઠ ભથ્થું વધારી આપવા અંગેની તા. ૨–૪–૧૯૮૦ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૯થી ૧૩ની વિચારણા સમયના અભાવે મુલતવી રાખવામાં આવી હતી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૮૨

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૮-૪-૧૯૮૦ ને શુક્રવારના રોજ સાંજના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પી. સી. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્યશ્રી કે. એન. શાહ	હાજર
૩. શ્રી. અરવિંદભાઈ શાહ	ગેરહાજર
૪. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૪-૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૫-૪-૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં વર્ષ ૧૯૮૦-૮૧ માટે કાગળ ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રેસ માટે વર્ષ ૧૯૮૦—૮૧ માટે કાગળનાં આવેલ ટેન્ડરો તથા આપેલા સેમ્પલ વગેરે જોતાં આ સાથેના પરિશિષ્ટ "અ" પ્રમાણે જુદી જુદી જાતના કાગળો જુદા જુદા વેપારી પાસેથી ટેન્ડરની શરતો પ્રમાણે ખરીદવા.

૩. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગનાં નીચેનાં એરકન્ડિશનર મશીન તથા વૉટરકૂલર્સનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ રૂ. ૪,૯૪૫ નો ખર્ચ કરવા અંગે વિચારણા કરવા બાબત :

મશીનનો નંબર	વિભાગ	વાર્ષિક સર્વિસ ચાર્જ
		રૂ.
૧. ૫૧ ડી. આર. ૯૬૮	પ્રાણીવિજ્ઞાન વિભાગ	૫૬૦/—
૨. ૫૧ ડી. આર. ૨૩૨૨	,,	૫૬૦/—
૩ બીઝ ૧૯૦૦૫૯	કુલપતિશ્રીના રૂમમાં	૬૧૦/—
૪. બીઝ ૧૯૩૩૯૨	,,	૬૧૦/—
૫. બીઝ ૧૯૫૬૪૩	ટ્રાન્સમીટર રૂમ ૫૨	૬૧૦/—
૬. બીઝ ૧૯૫૬૬૭	,,	૬૧૦/—
૭. બીઝ ૧૯૫૭૧૫	,,	૬૧૦/—
૮. એસ. સી. ૪૦/૪૦/૭૭૧૯૮	ગ્રંથાલય	૭૭૫/—
	કુલ રૂ.	૪,૯૪૫/—

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એરકન્ડિશનર મશીનો તથા વૉટરકૂલરો વૉલ્ટાસ બનાવટનાં હોવાથી એક વર્ષ માટે સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. વૉલ્ટાસ લિ. સાથે ઉપરના ભાવે કરવો.

૪. યુનિવર્સિટી કાર્યાલયના ટપાલ કામકાજ અંગે એક નવું વીકી મોપેડ યાંત્રિક વાહન કંપની ભાવે મે. સુશીલ ઑટોમોબાઇલ્સ, અમદાવાદ પાસેથી રૂ. ૪,૪૧૧/–ની કિંમતે ખરીદવા અંગે કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનનો સેન્ટ્રલ લેબોરેટરી માટે ગૅસ સિલિન્ડરનાં રેગ્યુલેટર્સ ખરીદતાં થયેલ વધુ ખર્ચ રૂ. ૫૦૨/– વત્તા ટેક્ષનો મંજૂરી કુલપતિશ્રીએ આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ આપેલી ઉપરોક્ત મંજૂરીની નોંધ લેવી.

૬. સમાજવિદ્યા ભવન, પરીક્ષા વિભાગ તથા સરસપુર વાચન કેન્દ્ર માટે પંખા તથા ટ્યૂબ લાઇટ ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે પંખા તથા ટ્યૂબ લાઈટ ફિટિંગ્સ ટેન્ડરની શરત પ્રમાણે ખરીદવાં :

	વેપારીનું નામ	વિગત	જથ્થો	ભાવ	નોંધ
૧	શ્રી. ભાગ્યોદય ઇલેક્ટ્રિક કું.	પંખા ૫૬" ઉપા	૧૦ નંગ	૪૫૫ નંગના	સૌથી ઓછા ભાવ હોવાથી
૨.	ધી. ભાગ્યોદય ઇલેક્ટ્રિક કું.	પંખા ૪૮" ઉપા	૧૧ નંગ	૪૩૦ નંગના	,,
૩.	જૅશી બ્રધર્સ	ટ્યૂબ લાઇટ ૪×૪૦ વૉલ્ટ ફ્રેમ્પટન	૨૭ નંગ	રૂ. ૬૪-૧૦	,,
૧.	સમાજ વિદ્યાભવન	૩ નંગ પંખા	૪ નંગ ટ્યૂબ ફિટિંગ્સ		
૨.	પરીક્ષા વિભાગ	૧૦ ,,	૧૧ ,, ,,	,,	
૩.	સરસપુર વાચન કેન્દ્ર	૧૨ ,,	—		
૪.	ભાષા-સાહિત્ય ભવન	—	૧૨ નંગ ટ્યૂબ ફિટિંગ્સ		

૭. યુનિવર્સિટીનાં ભવનોનાં નીચેનાં વૉટરકૂલર્સને વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ રૂ. ૩,૭૫૦/–ના ખર્ચે મે. ઇલેક્ટ્રો એરકન્ડિશનિંગ કું. સાથે કરવા અંગે વિચારણા કરવા બાબત :

	વોટરકૂલર મોડેલ		વિભાગ	સર્વિસ ચાર્જ
૧.	એસ. આર. ઓ ૪૦૦ એસ.		કેમેસ્ટ્રી વિભાગ	૭૫૦/–
૨.	,,	,,	ભાષા ભવન	૭૫૦/–
૩.	,,	,,	એચ. કે. સેન્ટર ફોર મૅનેજમેન્ટ	૭૫૦/–
૪.	,,	,,	યુનિવર્સિટી લાઇબ્રેરી	૭૫૦/–
૫.	,,	,,	પ્રાણીવિજ્ઞાન વિભાગ	૭૫૦/–
			કુલ રૂ....	૩૭૫૦/–

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત વૉટરકૂલર ઉષા બનાવટનાં હોવાથી મે. ઇલેક્ટ્રો એરકન્ડિશનિંગ કું. જેઓ ઉષા કું.ના સ્થાનિક એજન્ટ હોવાથી તેઓની પાસે એક વર્ષ માટે ઉપરના દરે વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ (All in All Service Scheme) આપવો.

૮. યુનિવર્સિટી હિસાબમાં બાબત નં. ૭૮૪૮ તા. ૨૯–૨–૧૯૭૬થી રૂ. ૧૯૯૬૫–૬૨ અને વા. નં. ૯૦૪૩ તા. ૨૮–૨–૧૯૭૮થી રૂ. ૨૫૩ સસ્પેન્સ એકાઉન્ટ ખાતે ઉધાર છે તે રકમ બૅંક વટાવ ખાતે લખી વાળવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની રકમ ઘણાં વર્ષથી જૂની હોવાથી અને હવે તે અંગેના કાગળ મળે તેમ ન હોવાથી ઇન્ટરનલ ઑડિટર મે. લાખિયા ઍન્ડ કું.નો ભલામણ પ્રમાણે આ રકમ સસ્પેન્સ ખાતેથી બૅંક વટાવ ખાતે લખી વાળવી.

૯. યુનિવર્સિટી હૉસ્ટેલના બ્લૉક "એ" અને "બી"ના છાપરાનાં પતરાં તથા લાકડાં વગેરે માલ-સામાન વેચાણ આપવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે આવેલાં ટેન્ડરોમાં સૌથી ઊંચા ભાવ આપનાર વેપારી મે. મીનેષ એસ. ગાંધીને રૂ. ૩૫,૫૦૨/– (અંકે પાંત્રીસ હજાર પાંચ સો બે પૂરા)ની કિંમતે પતરાં તથા લાકડું આપી દેવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી ટેરસ પર વૉટરપ્રૂફિંગ કામ અંગે થયેલ ખર્ચ રૂ ૧૧૪૧–૯૬ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરી ટેરસ પર વૉટરપ્રૂફિંગ કામ અંગે થયેલ ખર્ચ રૂ. ૧૧૪૧–૯૬ મંજૂર કરવું.

૧૧. યુનિવર્સિટી ઍકેડેમિક વિભાગ માટે બે નગ સ્ટીલ કબાટ મે. ખીરા ઇન્ડસ્ટ્રીઝ લિ. પાસેથી તેઓના ટેન્ડરની શરતોએ ખરીદવા અંગે રૂ. ૨,૫૯૨–૪૦ નું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. ખીરા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. પાસેથી બે સ્ટીલનાં સ્ટોરવેલ ટાઇપ કબાટ ટેન્ડરની શરત મુજબ રૂ. ૨,૫૯૨–૪૦ની કિંમતે ખરીદવાં.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના બાયફોર્બાયોલોજી વિભાગ માટે લાકડાનું ફર્નિચર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સૌથી આછા ભાવ આપનાર વેપારી પાસેથી નીચે પ્રમાણે ફર્નિચર ખરીદવું :

ફર્નિચરનું વર્ણન	જથ્થો	વેપારીનું નામ	ભાવ	નોંધ
૧. ટેબલ ૫×૩×૨॥"	૫ નંગ	સત્યેન્દ્ર ગોસ્વામી	૭૫૦/- નંગના	સૌથી ઓછા ભાવ
૨. ,, ૪×૨॥॥×૨॥	૨ ,,	,,	૫૬૦/- ,,	,,
૩. સ્ટુલ	૨૫ ,,	,,	૫૦/- ,,	,,
૪. ટેબલ ૪×૪×૨॥"	૨ ,,	ન્યૂ ફર્નિચર માર્ટ	૪૮૫/- ,,	,,
૫. સેમિનાર ચેર	૪૦ ,,	,,	૧૨૧/- ,,	,,
૬. કમિટી ટેબલ ૮×૪	૩ ,,	પ્રકાશ ફર્નિચર સેન્ટર	૧૦૨૪/- ,,	,,
૭. ટેબલ પ્લાયવુડ ટોપ ૬×૩	૨ ,,	,,	૬૦૦/- ,,	,,
૮. ટેબલ પ્લાયવુડ ટોપ ૪×૨	૨ ,,	,,	૩૦૦/- ,,	,,
૯. ખુરશીઓ	૩૦ ,,	,,	૧૧૫/- ,,	,,
૧૦. ઇઝી ચેર	૧ ,,	,,	૧૯૦/- ,,	,,

(નોંધ.—ટેબલ ૫×૩×૨॥" નંગ ૪ લો ભવન માટે)

૧૩. યુનિવર્સિટી આઈ. એ. એસ. સેન્ટર, ફિઝિક્સ વિભાગ તથા ભાષા-સાહિત્ય ભવન માટે સ્ટીલ ફર્નિચર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે ટેન્ડરની શરતો અને ભાવે સ્ટીલ કબાટ વગેરે ખરીદવાં.

વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ	નોંધ
૧. સ્ટોરવેલ સ્ટીલ કબાટ	૪ નંગ	ખીરા ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.	૧,૨૯૬-૨૦	સૌથી ઓછા ભાવ હોવાથી
૨. ગ્લાસડોર સ્ટીલ કબાટ	૩ નંગ	,,	૧,૬૮૭-૪૫	,,

(નોંધ.—૧. સ્ટોરવેલ સ્ટીલ કબાટ નંગ ૧ આઈ. એ. એસ. સેન્ટર માટે
૨. ,, ,, નંગ ૩ ફિઝિક્સ વિભાગ માટે
૩. સ્ટીલ રેક નંગ ૩ ફિઝિક્સ વિભાગ માટે
૪. ,, ,, નંગ ૩ આઈ. એ. એસ. સેન્ટર માટે
૫. ગ્લાસ ડોર સ્ટીલ કબાટ નંગ ૩ આઈ. એ. એસ. સેન્ટર માટે)

વધુમાં ઠરાવવામાં આવે છે કે ફાર્મલિંગ કેબિનેટ ખરીદવા અંગે જે તે વિભાગ સાથે વાતચીત કરી કુલપતિશ્રીને યોગ્ય કરવા સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ માટે નીચે જણાવેલ વેપારીઓ પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને કિંમતે કાગળ ખરીદવા :

ક્રમ	ખરીદવાના કાગળની જાત, માપ તથા વજન	ખરીદવાનો જથ્થો રીમ	વેપારીનું નામ	રીમ એકનો ભાવ રૂ. પૈસા	રિમાર્ક
૧.	સફેદ બૅંક પેપર ૪૫.૫×૫૮.૫ સે.મી. ૧૪ રતલી, ૬.૪ કિલો.	૫૦ રીમ	વેસ્ટર્ન ઇન્ડિયા સીકૂડ પ્રાઇવેટ લિમિટેડ	૫૮-૦૦	૬.૫ કિલો. સહેગલ ભાવ સૌથી નીચો હોવાથી.
૨.	રંગીન બૅંક પેપર ૪૫.૫×૫૮.૫ સે.મી. ૬.૪ કિલો.	૧૦૦ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૬૦-૦૦ ગુજરાત	ભાવ સૌથી નીચો હોવાથી
૩.	સફેદ બૉન્ડ કાગળ ૪૫.૫×૫૮.૫ સે.મી. ૭.૭ કિલો.	૫૦ રીમ	એન. દેસાઈ એન્ડ કંપની	૧૧૮-૫૦ સનલિટ બૉન્ડ રેગફન્ટેન્ટ	કાગળ સારો હોવાથી
૪.	સફેદ મેની ફેલ્ડ ૪૫.૫×૫૮.૫ સે.મી. ૩.૬ કિલો.	૭૫ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૭૫-૦૦ જે. કે. એરમેઈલ રેગફન્ટેન્ટ ૩.૮ કિલો.	કાગળ સારો હોવાથી
૫.	ડબલ ફુલસ્કેપ લેજર ૪૩×૬૯ સે.મી. ૧૨.૨ કિલો.	૧૦૦ રીમ	વિનસ કૉર્પોરેશન	૧૨૯-૮૦ વેસ્ટકોસ્ટ	કાગળ સારો હોવાથી
૬.	ડબલ ફુલસ્કેપ કવર પેપર ૪૩×૬૯ સે.મી. ૧૩.૨ કિલો.	૧૫ રીમ	એન. દેસાઈ એન્ડ કંપની	૧૬૮-૨૫ સનલિટ બ્લૂ ૧૪.૮ કિલો.	કાગળ સારો હોવાથી

ક્રમ	ખરીદવાના કાગળની જાત, માપ તથા વજન	ખરીદવાનો જથ્થો રીમ	વેપારીનું નામ	રીમ એકનો ભાવ રૂ. પૈસા	રિમાર્ક
૭.	ડબલ ક્રૂલસ્કેપ સફેદ મેનીફોલ્ડ ૪૩ × ૬૯ સે.મી. ૪.૫ કિલો.	૧૦૦ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૮૫-૦૦ જે. કે. એરમેઈલ રેગકન્ટેન્ટ ૪.૩ કિલો.	કાગળ સારો હોવાથી
૮.	ક્રાઉન સફેદ પ્રિન્ટિંગ ૫૧×૭૬ સે.મી. ૧૨.૭ કિલો.	૨૫૦ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૧૧૬-૦૦ ફોરેનપેપર લોકલ પેકિંગ ૧૧.૬ કિલો.	કાગળ સારો હોવાથી
૯.	રોયલ સફેદ પ્રિન્ટિંગ કાગળ ૫૧ × ૬૯ સે.મી. ૧૨·૭ કિલો.	૨૫૦ રીમ	એન. દેસાઈ એન્ડ કંપની	૧૪૨-૦૦ સનલિટ ઓફસેટ રેગકન્ટેન્ટ ૧૨·૩ કિલો.	કાગળ સારો હોવાથી
૧૦.	ક્રાઉન મેજર ૫૧ × ૭૮·૫ સે.મી. ૧૯થી ૨૧·૮ કિલો.	૨૫ રીમ	બાલગોવિંદ કુબેરદાસની કું.	૧૭૫-૯૦ રોહિત બૅંકર્સ ૫૧ × ૭૬ સે.મી. ૧૮·૪ કિલો.	,,
			અથવા		
	,, ,,	,,	વિનસ કૉર્પોરેશન	૨૦૬-૦૦ વેસ્ટકોસ્ટ ૧૯ કિલો.	,,
૧૧.	ક્રાઉન કવર પેપર ૫૧ × ૭૬ સે.મી. ૨૧·૮ કિલો.	૧૦ રીમ	એન. દેસાઈ એન્ડ કંપની	૨૨૨-૦૦ સનલિટ યલોકવર ૫૨ × ૭૭·૫ સે.મી. ૨૦ કિલો. **નોંધ.**—વિદ્યાના સંપાદકો પાસે એપ્રૂવ્ડ કરાવીને.	કાગળ સારો હોવાથી
૧૨.	ક્રાઉન આર્ટ પેપર ૫૧ × ૭૬ સે.મી. ૧૮·૧ કિલો.	૧૦ રીમ	એન. દેસાઈ એન્ડ કંપની	૩૦૭-૦૦ સનલિટ આર્ટ ૧૮·૪ કિલો.	કાગળ સારો હોવાથી
૧૩.	સફેદ કાર્ડ ૫૬ × ૭૧ સે.મી. ૧૨·૭ કિલો.	૫૦ ગ્રોસ	વિનસ કૉર્પોરેશન	૧૪૫-૦૦ વેસ્ટકોસ્ટ ૧૧.૫ કિલો.	,,

૧૪.	સફેદ આર્ટ કાર્ડ ૫૬×૭૧ સે.મી. ૧૨·૭ કિલો.	૧૦ ગ્રોસ	એન. દેસાઈ એન્ડ કંપની	૧૮૬-૦૦ સનલિટ આર્ટ કાર્ડ ૧૧·૭ કિલો.	ભાવ સૌથી નીચો હોવાથી
૧૫.	રંગીન કાર્ડ ૫૬ × ૭૧ સે.મી. ૧૨·૭ કિલો.	૨૫ ગ્રોસ	વિનસ કોર્પોરેશન	૧૫૯-૦૦ શેષસાઈ, ટીટાઘર, સીરપુર, એસોર્ટેડ કલરમાં ૧૧·૫ કિલો.	,,
૧૬.	ડબલ ડેમી સફેદ પ્રિન્ટિંગ ૫૭×૮૯ સે.મી. ૧૬.૭ કિલો.	૨૫૦ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૧૩૫-૩૦ ભદ્રચેલમ ૧૫.૨ કિલો.	ભાવ સાથી નીચો હોવાથી
૧૭.	ડબલ ડેમી કવર પેપર ૫૮.૫×૯૧.૪ સે.મી. ૩૪.૫ કિલો.	૧૫ રીમ	—	— **નોંધ.**— વેપારીઓએ આપેલા સેમ્પલ એસોર્ટેડ કલર વગરના તેમજ સારી જાતના કાગળ નહિ હોવાથી ફરીથી ભાવ મંગાવી યોગ્ય કરવા મે. વા. ચા. સાહેબને યોગ્ય કરવા સત્તા આપવામાં આવે છે.	
૧૮.	ક્રાફ્ટ પેપર ૯૧.૪×૧૧૬.૮ સે.મી. ૨૭.૨ કિલો,	૫૦ રીમ	કલ્યાણ પેપર માર્ટ	૨૭૫-૦૦ રોહતાઝ એમ. જી. રીબ્ડ ૩૦.૮ કિલો.	કાગળ સારો હોવાથી.
૧૯.	સર્ટિફિકેટ માટેના ગુ. યુનિ.ના ડબલ વોટર માર્કવાળો હેન્ડ-મેઈડ કાગળ ૮.૫ કિલો.	૪૦ રીમ	હેન્ડ મેઈડ પેપર ઈન્સ્ટિટ્યૂટ, પૂના	૧૮-૦૦ ૧ કિલોના +બીજા ખર્ચા ૪૨ × ૨૯ સે.મી. ૯.૫ કિલો.	કાગળ સારો હોવાથી.
				નોંધ.— વોટર માર્ક બનાવવાનો ખર્ચ અલગ થશે. + કાર્ટિંગ, વગેરે ટેન્ડરની શરતો પ્રમાણે.	

પરિશિષ્ટ "ક"

ક્રમાંક ૮૭ ક્રમાનુસાર

Ordinance 120--H :

Rules regarding Suspension :

(1) When there are charges of gross Misconduct or Moral Turpitude against a teacher of an Affiliated college or Recognised Institution and an inquiry is instituted, if in the opinion of the Governing Body of the College or Recognised Institution concerned. The presence of the teacher concerned is prejudicial in the working of the college or the Institution, the Governing Body may place him under Suspension.

(2) (*a*) During the first three months of the period of suspension, the suspended teacher shall be entitled to receive 50% of the basic salary plus allowances taken together other than personal allowance, if any.

(*b*) During three to six months of the period of suspension, the suspended teacher shall be entitled to receive 75% of the basis salary plus allowances taken together other than personal allowance, if any.

(*c*) Where the period of suspension exceed six months, the suspension shall be treated as cancelled and the teacher concerned shall be reinstated in his position and shall be paid the balance salary of the period under suspension.

(3) At the end of enquiry, if such employee is declared innocent he will be paid the remaining pay (including allowances) for the period of suspension and will be entitled to all the rights and benefits as per rules to which he would have been entitled had he not been suspended. If, however, he is declared guilty he shall to undergo the punishment (including the loss of remaining salary) that may be imposed by the Management, subject to the approved by the Vice-Chancellor of the University or such officer as

nominated by hin in that behalf under Sec. 51 (*a*) of the Gujarat University.

Note.— In the cases of teachers suspended already before the date of this ordinance and the period of suspension has already exceed six months. The College or Recognised Institution shall take final decision within 45 days from the date of this Ordinance.

If the decision is not taken within 45 days the provision under clause 2 (*c*) above shall apply.

(2) Clauses (12) and (13) of the Ordinance 120–D shall be deleted.

Ordinance 165 be amended as follows

Ordinance 165 :

(1) All vacancies on the teaching staff arising out of retirement, death or leaving the services by any member of the teaching staff or for any other reason in any affiliated college in the faculties of Arts including Education, Science and Commerce shall be filled in from amongst the persons mentioned below :

(*a*) A lecturer rendered surplus from the same college or any of the colleges under the same management.

(*b*) If any person mentained in (*a*) above is not available, any lecturer rendered surplus from any other college.

(*c*) If any peson mentioned in (*a*) and (*b*) above is not available any part–time lecturer who was working at two colleges when rendered surplus.

(*d*) If any person under (*a*), (*b*) and (*c*) above is not available Tutor/Demonstrator eligible for the post of a lecturer from the the same college or any other college under the same management. And if such Tutor/Demonstrator is not available in any of the colleges under the same management, any Tutor/Demonstrator from any other college provided he is eligible for the post of lecturer.

No fresh appointment shall be made till person under (*a*), (*b*), (*c*) and (*d*) above is available. Any appointment made in contravension of this provision shall not be recognised by the University.

(2) All vacancies on the non-teaching staff in the catagories, namely, Junior Clerks, Junior Typists, Laboratory Assistants and Peons arising out of retirement, death or leaving the services or for any other reasons in the University or in any affiliated college in the faculties of Arts including Education, Science and Commerce shall be filled in from amongst the persons rendered surplus, if any, in the affiliated Arts, Science and Commerce Colleges due to the introduction of the 10+2+3 pattern of education, provided, the persons so appointed possess the minimum qualifications prescribed for the post concerned.

Notwithstanding anything contained in this sub-clause, it shall be competent for the University to appoint on its staff on a permanent basis in the vacancies mentioned above, any person or persons employed by it on a temporary post.

Gujarat University Press, Ahmedabad-380 009.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની મે માસની સભા, શનિવાર, તા. ૨૪–૫–૧૯૮૦ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૨૫–૫–૧૯૮૦ના રોજ તે જ સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ સભાનુ પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહલાદભાઈ ચનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪-૫-૧૯૮૦	તા. ૨૫-૫-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. આઈ. જે. ધ્રુવ, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુ. રા.	હાજર	હાજર
૩.	આચાર્ય શ્રી. એમ. પીરઝાદા	હાજર	હાજર
૪.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર	હાજર
૭	ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર	હાજર
૮.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯.	આચાર્ય ઘનશ્યામભાઈ શ્રી. પરીખ	હાજર	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૧.	આચાર્ય ઇર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર	હાજર
૧૩	શ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૧૫.	શ્રી. એન. આર. શાહ	હાજર	ગેરહાજર
૧૬.	શ્રી. એન. એમ પરીખ	ગેરહાજર	ગેરહાજર
૧૭.	શ્રી કે. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૮.	શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક	હાજર	હાજર
૧૯.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	હાજર	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર	ગેરહાજર

૧. તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા ૨૪/૨૫-૫-૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૪ ઉપરના ઠરાવમાં 'તા. ૧-૪-૧૯૭૩'ના ઉલ્લેખ છે તે 'તા. ૧-૧-૧૯૭૩' વંચાય તે રીતે સુધારવામાં આવે.

(૨) બાબત નં. ૧૭ અને ૫૬ ઉપરના ઠરાવમાં સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીની પેટાકલમ (૮)ની પહેલી લીટીમાં 'his' શબ્દને બદલે 'its' શબ્દ મૂકીને સદરહુ પેટાકલમ સુધારવામાં આવે.

૧. તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા ૨૬/૨૭–૪–૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત ક્રમાંક ૯૭ પરના ઠરાવમાં જણાવેલ ઑર્ડિનન્સના પાઠમાં નીચે મુજબ સુધારા કરવા :

(૧) સદરહુ ઑર્ડિનન્સનો ક્રમાંક ૧૨૦–એચ ને બદલે ૧૨૦–આઈ કરવો, તથા

(૨) તેની પેટાકલમ ૩માં Sec. 51(1) of the Gujarat University એમ લખ્યું છે. તેને બદલે Sec. 51(1) of the Gujarat University Act એમ સુધારો કરવો.

(૩) તેની નોટ (Note) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

In the cases of teachers suspended already before the date of this Ordinance and the period of their suspension has already exceeded six months, the College or Recognised Institution shall take a final decision within 45 days from the date of this Ordinance. If the decision is not taken within 45 days, the provision under clause 2(c) shall apply.

(૪) તેની છેલ્લી કંડિકા જે નીચે મુજબ છે તે રદ કરવી અને તેને બદલે નીચે મુજબનો વધારાનો ઠરાવ મૂકવો.

(2) Clauses (12) and (13) of Ordinance 120–D shall be deleted.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦–ડીની ઉપરની પેટાકલમ ૧૨ અને ૧૩ રદ કરવી.

૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. જી. વી. શિનોય	રીડર	તા. ૧–૮–'૮૦	તા. ૨–૮–'૮૦
૨.	શ્રી. આર. આર. શાહ	ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સ	તા. ૨૮–૭–'૮૦	તા. ૨૯–૭–'૮૦
૩.	શ્રી રમેશચંદ્ર વાઢવા	,,	તા. ૩૦–૬–'૮૦	તા. ૧–૭–'૮૦

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. ડૉ જી. વી. શિનોયને સદરહુ ભવનમાં રીડરની જગ્યા પર તા. ૨–૮–૧૯૮૦થી કાયમ કરવા,

અને

"૨. ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સ સર્વશ્રી આર. આર. શાહ અને રમેશચંદ્ર વાઢવાની બાબતમાં જરૂરી તપાસ કરીને તથા સર્વગ્રાહી વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી

૨. આચાર્ય બી. એમ. પીરજાદા

૩. શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક.

૩. વિજ્ઞાનવિદ્યા ભવનના ડૉ. વી. સી. શાહની રિસર્ચ પ્રોજેક્ટ "સાઇટોજેનેટિક સર્વે" અંગેની યુ.જી.સી. ગ્રાન્ટમાંથી જીપગાડી ખરીદતાં ભાવ વધવાને કારણે થયેલ વધારાનું ખર્ચ રૂ. ૫,૯૮૦/-(પાંચ હજાર નવસો એંસી પૂરા)ને કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

[નોંધ.- કુલ ખર્ચ રૂ. ૮૧,૯૮૦/- થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. વી. આર. રણદીવેએ પગાર તફાવત તથા ગ્રેચ્યુઇટીની રકમ ચુકવણી અંગે ગુજરાતની વડી અદાલતમાં કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૫૪૬/૧૯૭૯ પર વડી અદાલતે તા. ૨–૫–૧૯૮૦ના રોજ કરેલ હુકમની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોના પગારધોરણમાં તા. ૧–૪–૧૯૭૩થી સુધારણા કરવામાં આવેલી છે તેને અનુલક્ષીને મોંઘવારી તથા અન્ય ભથ્થાંઓમાં થતા આનુષંગિક વધારાઓને કારણે કૉલેજોને થતું વધારાનું ખર્ચ રાજ્ય સરકારે ત્વરિત ભરપાઇ કરી આપવું જોઇએ એમ રાજ્ય સરકારને, ગુજરાતની વડી અદાલતના ઉપરના ચુકાદાના સંદર્ભમાં લખી જણાવવું.

૫. ૧૯૮૦-૮૧ના વર્ષ માટે રમતગમતનાં સાધનો ખરીદવા માટે આર્થિક સહાય આપવા માટે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળ તરફથી તેમના તા. ૧૮-૪-૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલી વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને ૧૯૮૦–૮૧ના વર્ષ માટે રમતગમતનાં સાધનો ખરીદવા માટે રૂ. ૧,૦૦૦–૦૦ (રૂપિયા એક હજાર)ની આર્થિક સહાય મંજૂર કરવી અને તે સાધનો યુનિવર્સિટીના રમતગમત વિભાગ દ્વારા ખરીદ કરવાનાં રહેશે એમ સદરહુ મંડળને જણાવવું.

૬. ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. (સિવિલ) ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ આ યુનિવર્સિટીમાં એમ.ઈ. અનુસ્નાતક પદવી (સિવિલ) પરીક્ષા માટે અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે "શ્રીનિવાસ દ્વિવેદિયા શિષ્યવૃત્તિ" એ નામની શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે શ્રીમતી પલ્લવી મહેતા મારફતે શ્રીમતી ઇરાવતી એસ. દ્વિવેદિયા તરફથી રૂ. ૧૦,૦૦૦ અંકે રૂપિયા

ફસ હજારનું પ્રદાન સ્વીકારવા માટે તેમના તા. ૧૨-૫-૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૭. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યોના એસોસિયેશનના પ્રમુખશ્રીએ તેમના તા. ૨૮–૪–૧૯૮૦ના પત્રથી નીચેનાં સૂચનો સાથે આચાર્યની અધિકાર-ફરજની કેટલીક સામાન્ય મર્યાદાને દર્શાવતા નિયમો ઘડી કાઢવા કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

૧. આચાર્યની વહીવટી સત્તા અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.
૨. આર્થિક વહીવટ તેમની પાસે કેટલો તે સ્પષ્ટ કરવું.
૩. નવી નિમણૂંકો, યુનિવર્સિટી નિયમોનું પાલન, અનુશાસન, પ્રવેશપાત્રતા નક્કી કરવી, વગેરે અંગે આચાર્યની સત્તા નક્કી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના સ્ટાફના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૪૫થી સુધારેલ ગૅસ મિકેનિકના પગારધોરણનો અમલ કઈ તારીખથી ગણવો તે અંગે ઑર્ડિનન્સ ૨૬૮ની કંડિકા ૧૮(૧૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. [illegible] (14) :

14 Gas Mechanic Rs. 350-12-410-E.B.-12-470-E.B.-15-560.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ. ૧૬૮ની પેટાકલમ ૧૮(૧૪) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને સદરહુ સુધારેલા ઑર્ડિનન્સનો અમલ તા. ૧–૧–૧૯૭૩થી કરવો.

૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૧–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ અકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૩–૧૯૮૦ની સભામાં મંજૂર કરેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે કાયદાની વિદ્યાશાખાની યુનિવર્સિટી સ્કૂલ, કૉલેજોમાં વિન્ટર સેમેસ્ટરનું સત્ર પહેલી ડિસેમ્બરથી સાતમી એપ્રિલ સુધીનું રાખવું."

[ઍકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૭(૨) :]

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવન માટે વિન્ટર સેમેસ્ટરનું બીજું સત્ર તા. ૨૨ નવેમ્બરથી ૭મી એપ્રિલ સુધીનું રાખવું, અને તે માટે ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તે સુધારેલો ઑર્ડિનન્સ તા. ૧૫મી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો :

Second Term :

Date of commencemnt	Date of conclusion
22nd November.	7th April.

(No Christmas holidays)

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને જુલાઈ ૧૦, ૧૯૮૦થી સપ્ટેમ્બર ૩૦, ૧૯૮૦ સુધી ટ્રેઐટા, ઇટાલી મુકામે "ઇન્ટરનેશનલ સમર સ્કૂલ ઑન સ્ટેટિસ્ટિકલ ડિસ્ટ્રિબ્યુશન્સ ઇન સાયન્ટિફિક વર્ક" ખાતે હાજરી આપવા અભ્યાસ-રજા આપવા તથા આ અર્થના ૫૦ ટકા પ્રમાણે રૂ. ૧૦,૫૦૦-૦૦ની આર્થિક સહાય મળી શકે તો તે આપવા અંગેના તેઓના તા. ૯-૪-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–૧. ડૉ. ખત્રીનો મૂળ માસિક પગાર રૂ. ૨,૧૨૫-૦૦ છે.

૨. ડૉ. ખત્રીને અત્યાર સુધીમાં નીચે પ્રમાણે અભ્યાસ-રજાઓ આપવામાં આવી છે:

(૧) તા. ૧–૬–૧૯૬૭થી ૩૦–૬–૧૯૬૭	Indian Statistics Inst., Calcutta
(૨) તા. ૨૦–૬–૧૯૭૮થી ૩૧–૮–૧૯૭૦	Toronto Uni., Canada
(૩) તા. ૮–૧–૧૯૭૩થી ૧૧–૬–૧૯૭૩	NRCC Representative, Canada
(૪) તા. ૧–૭–૧૯૭૪થી ૩૧–૮–૧૯૭૪	International Conference, Toronto in Canada
(૫) સને ૧૯૭૪-૭૫	Indian Statistical Inst., New Delhi
(૬) તા. ૨–૯–૧૯૭૬થી ૪ માસ માટે	Uni. of Toronto
(૭) તા. ૭–૪ ૧૯૭૯થી ૧૪–૬–૧૯૭૯	Uni. of Waterloo (Ontario)]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પાંચ વર્ષમાં ફક્ત એક જ વખત અભ્યાસ-રજા આપી શકાય તેમ હોઈ, ડૉ. સી. જી. ખત્રીની સહરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી એમ તેમને સવિનય જણાવવું.

૧૧. અંગ્રેજી-ગુજરાતી બૃહદ્ કોશ અંગે હરિ ૐ આશ્રમ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર)નું જે પ્રદાન આ સભાગૃહ તેની તા. ૮–૨–૧૯૭૫ના ઠરાવથી સ્વીકારેલ છે, તેની નીચે જણાવેલી શરતના ઉપલક્ષ્યમાં સહરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી સાથે તાજેતરમાં મળેલા પત્રવ્યવહારના સંદર્ભમાં તે બાબત અંગે વિચારણા કરવા બાબત :

"આ કોશનું કાર્ય ધારવા કરતાં વધુ બે વર્ષમાં પૂરું થઈ રહેશે તેવી ગણતરીને સમજાવું છે છતાં ત્રણ વર્ષમાં પણ તે પૂરું થઈને પ્રેસમાં છપાવા માટે ના જ જાય અને પ્રેસમાં ગયા પછી પણ પ્રેસ કામ શરૂ થયા બાદ પણ થંભી જઈને અને વચ્ચે વચ્ચે અટકી જઈને અપેક્ષિત વાજબી ગતિ ના જ પકડે અથવા તો કોઈ કારણે યુનિવર્સિટીની હસ્તી જ મટી જાય તો ટ્રસ્ટની બધી વ્યાજ સાથેની રકમ તથા તૈયાર થયેલું અને છપાયેલું બધું સાહિત્ય જે હોય તથા જે કાંઈ બીજું આ ટ્રસ્ટની માલિકીનું હોય તે બધું યુનિવર્સિટી હરિ ૐ આશ્રમને પરત કરશે"

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રદાનની રકમ, તે પરના વ્યાજ સાથે જે રકમ તે ખાતે યુનિવર્સિટીમાં જમા થયેલ છે તે સહિત, હરિઉૐ આશ્રમને સાભાર પાછી આપવી.

૧૨. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૮–૪–૧૯૮૦ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી યુનિવર્સિટીની ટુકડી સાથે મેનેજર અને કોચ એમ બે અલગ વ્યક્તિઓને મોકલવી અને તે માટે થનાર વધુ ખર્ચને પહોંચી વળવા માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ ખાતે વધુ રૂ. ૫,૦૦૦(રૂપિયા પાંચ હજાર)ની જોગવાઈ કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને આગ્રહભરી વિનંતી કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પાસે દરેક રમતનાં જરૂરી મેદાનો અને તેનાં સ્ટાન્ડર્ડ સાધનો હોવાં જોઈએ તે આવશ્યક છે. આથી આવતા વર્ષમાં હૉકી, ફૂટબૉલ, ટેનિસ અને ક્રિકેટની રમતનાં મેદાન તૈયાર કરાવવાં અને તે માટે અલાયદી જરૂરી નાણાંની જોગવાઈ કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને આગ્રહભરી ભલામણ કરે છે.

(૩) સને ૧૯૮૦–૮૧ના વર્ષ માટે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી ટેનિસની હરીફાઈઓ અથવા વૉલીબૉલ(બહેનો)ની હરીફાઈઓ આપણી યુનિવર્સિટીના આશ્રયે યોજવા અંગે એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હીને આમંત્રણ આપવાનું આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(આ અંગેનો ખર્ચ આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ માટે ફાળવેલ બજેટ હેડ હેઠળથી થઈ શકશે.)

જિમખાના ફંડની આવક અને તેમાં થતા ખર્ચ વગેરેને લક્ષમાં રાખીને જિમખાના વિભાગમાં કામ કરતા પટાવાળા ભાઈઓનો પગાર કૉલેજના સામાન્ય ફંડમાંથી એટલે કે કૉલેજના અન્ય કર્મચારીઓને જે ફંડમાંથી આપવામાં આવે છે તે ફંડમાંથી પગાર આપવાનું મંજૂર કરવા અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેના નિયમો ઘડીને રજૂ કરવા માટે યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગને જણાવવું;

(૨) સદરહુ પ્રસ્તાવ, ખર્ચના અંદાજની વિગતો સાથે આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવા માટે યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગને જણાવવું;

(૩) ૧૯૮૦–૮૧ના વર્ષ દરમિયાન અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી ટેનિસની હરીફાઈઓ અથવા તો બહેનો માટેની વૉલીબૉલની હરીફાઈ એ બે પૈકી એક હરીફાઈ, યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો અભિપ્રાય લઈને આ યુનિવર્સિટીના ઉપક્રમે યોજવાનું મંજૂર કરવું

(૪) સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૩. શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા અંગેની સલાહકાર સમિતિના નીચેના સભ્યોની ત્રણ વર્ષની મુદત તા. ૨૬-૫-૧૯૮૦ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. યશવંતભાઈ પ્રા. શુકલ
૨. ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા.

[**નોંધ.**— સદરહુ સમિતિ પર અન્ય સભ્યો નીચે પ્રમાણે છે :

૧. કુલપતિશ્રી
૨. ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી
૩. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક
૪. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ભાષાવિજ્ઞાન વિષયના પ્રાધ્યાપક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય ય. પ્રા. શુકલને વધુ ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા તથા ડૉ. ભોગીલાલ જે. સાંડેસરાની જગ્યાએ ડૉ. સુરેશ જોશીને નીમવા.

૧૪. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં વ્યાયામ શિક્ષક તરીકે તા. ૪-૧૦-૧૯૬૯થી કાર્ય કરતા શ્રી. પી. એચ. પટેલની નિમણૂક માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** – (૧) યુનિવર્સિટીના નિયમ મુજબ ડિપ્લો ઇન ફિઝિકલ એજ્યુકેશન અથવા ગ્રેજ્યુએટ અને કાંદીવલી ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ અથવા વાય.એમ.સી.એ., મદ્રાસ અથવા ડી.પી.ઈ. પંજાબ યુનિવર્સિટી અથવા રાજપીપળા અથવા ગુજરાત રાજ્ય જોઈએ. જ્યારે શ્રી પટેલ એમ.એ., સી.પી.એડ., એ.સી.સી. (પૂના) છે.

(૨) માહિતી સમયસર ન મોકલવા અંગે સ્પષ્ટતા માગતાં કૉલેજ જણાવે છે કે અગાઉ માહિતી મોકલેલ છે કે કેમ તેની માહિતી મળતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજના સ્ટાફના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

સદરહુ બાબતના સંદર્ભમાં તલોદના ગ્રંથપાલની નિમણૂકની માન્યતા અંગેનો પ્રશ્ન પણ એક સભ્યના સૂચન પરથી વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો.

તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત પણ કૉલેજોના સ્ટાફના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૧૫. સંલગ્ન કૉલેજોએ પ્રૉવિડન્ટ ફંડની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાના સરકારી ઠરાવના અમલના સંદર્ભમાં સંયુક્ત શિક્ષણનિયામક (ઉ. શિ.)એ તેમના તા. ૨૧–૪–૧૯૮૦ના પત્રાંક ક(૨) પી.એફ. ૩૪૫થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

"આ બાબતમાં જણાવવાનું કે નામદાર હાઈકોર્ટે આ કચેરીને કૉલેજ પ્રૉવિડન્ટ ફંડની યોજનાનો અમલ, બીજો હુકમ થતાં સુધી ન કરવા જણાવેલ છે. આથી કૉલેજોએ ભવિષ્યનિધિ

ફંડ અંગેની રકમ મનાઈ હુકમ ન ઊઠે ત્યાં સુધી સરકારમાં જમા કરાવવી નહીં, પરંતુ આવી રકમ કૉલેજોએ પોતાની પાસે રાખવી તેવી સૂચના આપવામાં આવેલ છે. જે કૉલેજોએ ભવિષ્ય-નિધિ ફંડની રકમ, ૭મી સપ્ટેમ્બર ૧૯૭૯ પછી ભરેલ હોય તેમને આવી રકમ પરત કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. અમદાવાદ શહેરની વિજ્ઞાનની કૉલેજોના આચાર્યોએ રાજ્ય સરકારના શિક્ષણ સચિવને તા. ૧–૫–૧૯૮૦ના રોજ આપેલ નીચે જણાવેલ યાદી (મેમોરન્ડમ) પર સરકારશ્રીને જરૂરી ભલામણ કરવા અંગે તેઓ વતી સેંટ ઝેવિયર્સ કૉલેજના ઉપાચાર્યે લખેલ તા. ૧–૫–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

1. Due to the introduction of the new pattern of education (10+2+3), it was necessary for the university to revise the curriculum of different classes of the universities. The curriculum of F.Y.B.Sc. and S.Y.B.Sc. were revised in the years 1978-79 and 1979-80 respectively. The T.Y.B.Sc. curriculum has to be revised for the year 1980–81. New equipments worth Rs. 35,000/-- has to be bought by each college. We request you to arrange for a special additional grant of Rs. 35,000/– to each Science College, teaching Physics at T.Y.B.Sc. level.

2. The prices of petrol, chemicals have increased enormously this year. The new syllabus of Physics requires electronic equipments. The repairs of such instruments are very costly. Grants on such expenses at present are 50% of the difference between Laboratory expenses and Laboratory fees. It is proposed that it should be 90% of the difference.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી તથા કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના માનાર્હ અધ્યક્ષશ્રીની સલાહ લઈને રાજ્ય સરકારને આ સબાબતે વતી જરૂરી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં વર્ગની ગુરુતમ વિદ્યાર્થીસંખ્યા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯–૪–૧૯૮૦ની સભામાં ૧૦૦ નક્કી કરી છે. પરંતુ ગ્રામ વિસ્તારની કૉલેજોને ઑર્ડિ. ૧૨૦-બી (૪)માં જણાવ્યા પ્રમાણે વર્ગની ગુરુતમ સંખ્યા ૧૧૫ તથા ૧૦ વધુ વિદ્યાર્થીઓને વિશિષ્ટ સંજોગોમાં કુલપતિશ્રીની પૂર્વમંજૂરીથી પ્રવેશ આપવાની જે જોગવાઈ છે તે પ્રમાણે રાખવા છૂટ આપવા વિચારણા કરવા બાબત :

અને

૫૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની ભલામણ મુજબ ઑર્ડિનન્સ ૧૨૦–બી સુધારવા અંગે વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૩૦ અને ૩૭)

બાબત નં. ૧૭ અને ૧૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦–બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવો તથા તેને ૧૫મી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો :

O. 120–B :

(*i*) There shall not be more than thee faculty units in a college.

(*ii*) The maximum number of students admissible in an affiliated Arts, Science, Commerce or Law College (including a college having two or three faculty units) shall be 1250, provided that the number of students admissible in diploma courses, if any, in an affiliated Law colleges, such diploma students being not more than 300, shall be exclusive of this ceiling of 1250 students in a College.

(*iii*) The maximum number of students admissible in an affiliated Education College shall be determined by the Executive Council from time to time for each college.

(*iv*) No affiliated Arts, Science or Commerce college shall have more than four divisions of a class.

(*v*) No affiliated Law College shall have more than five divisions of a class.

(*vi*) In an affiliated Arts, Science, Commerce or Law College, each class or a division thereof shall be not more than 100 students. However, the Vice-Chancellor may, in his discretion, permit admission of not more than 10 students in a class (all divisions taken together) only in cases where the students of the same college are left out in cases of migration from other States or in peculiar circumstances like choice of medium or combination of subjects, subject to a maximum total of 1250 students, provided that an affiliated Arts, Science, Commerce or Law College situated outside the Ahmedabad city area having only a single division in one or more class may admit not more than 130 students in such a division of a class or classes.

(*vii*) In an affiliated Engineering college the Vice-Chancellor may, in his discretion, permit admission of ten percent additional students provided that such permission will be considered effective only if and when the college obtains necessary approval thereto by the Government of India.

(*viii*) Each affiliated College shall first admit his own students (including those who have been allowed to keep terms) to the higher class. However, those students who fail to secure their admission within a week from the date of the declaration of their result shall forfeit their right of admission to the higher class or their own college.

૧૮. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણના બિનશિક્ષકવર્ગના કર્મચારી શ્રી. આર. એ. વ્યાસને નીચલી પાયરી પર ઉતારી પાડવા બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતના આદેશ અનુસાર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૨–એ અનુસાર નિમાયેલ લવાદપંચના ચુકાદાના અમલ અંગે કૉલેજ તરફથી કોઈ પ્રત્યુત્તર મળતો ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના આચાર્યશ્રીને રૂબરૂ બોલાવીને તેમને ઘટતી સૂચના આપવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૯. "શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫–૨–૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ નિયમ અન્વયે તૈયાર કરેલ નીચેના સૂચિત નિયમ અંગે વિચારણા કરવા બાબત :

અગાઉ મંજૂર થયેલ નિયમ :

"શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" એ નામની આશરે વાર્ષિક રૂ ૯૫૦ની એક શિષ્યવૃત્તિ પ્રતિવર્ષ ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો, કેન્દ્રો તથા યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં બિઝનેસ મેનેજમેન્ટ, ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી, પોલિમર સાયન્સ, કૉમ્પ્યુટર સાયન્સ તથા સ્પેસ સાયન્સના વિષયોમાં અભ્યાસ કરતા હોય એવા વિદ્યાર્થીઓની આવેલી અરજીઓમાંથી વિદ્યાર્થીનો અભ્યાસ તથા તેની જરૂરિયાત જોઈને એક શિષ્યવૃત્તિ યુનિવર્સિટીએ નીમેલી સમિતિ જે વિદ્યાર્થીને એનાયત કરશે તેને આપવામાં આવશે.

સૂચિત નિયમ :

"શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" એ નામની આશરે વાર્ષિક રૂ ૯૫૦ની એક શિષ્યવૃત્તિ પ્રતિવર્ષ ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો તથા યુનિવર્સિટી માન્ય સંસ્થાઓમાં બિઝનેસ મેનેજમેન્ટ, ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી, ઓર્ગેનિક કેમિસ્ટ્રી, એનેલિટિકલ કેમિસ્ટ્રી, પોલિમર સાયન્સ તથા કૉમ્પ્યુટર સાયન્સના વિષયોમાં અભ્યાસ કરતા હોય એવા વિદ્યાર્થીઓની આવેલી અરજીમાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ તથા તેની જરૂરિયાત જોઈને એક શિષ્યવૃત્તિ યુનિવર્સિટીએ નીમેલી સમિતિ જે વિદ્યાર્થીને એનાયત કરશે તેને આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો ઉપરનો સુધારેલો નિયમ મંજૂર કરવો.

૨૦. (અ) યુનિવર્સિટી છાત્રાલયમાં હોલમાં વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ લેવાના વીજળી ચાર્જના દરમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—હોલમાં વીજળી ચાર્જના દર નીચે મુજબ છે :

(૧) ટર્મ દીઠ રૂ ૨૫ (ડબલ સીટેડ રૂમ માટે)

(૨) ટર્મ દીઠ રૂ. ૩૦ (સિંગલ સીટેડ રૂમ માટે).]

(બ) યુનિવર્સિટી છાત્રાલયના રસોડામાં એક–એક વૉટર કૂલર આપવા અંગે તથા છાત્રાલયના ભાડાના દરમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—૧. છાત્રાલય ભાડાનો હાલનો દર રૂ. ૭૫ (ડબલ સીટની રૂમ માટે)
રૂ. ૬૨૫ (સિંગલ ,, ,, ,,)

૨. કુલ ત્રણ રસોડાં માટે ત્રણ કૂલર ખરીદવા અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૬,૦૦૦ થશે.]

ઠરાવ : ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું છે —

(અ) સદરહુ બાબત અંગે સર્વપ્રથમ વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. એમ. એન. દેસાઈ
(૨) શ્રી. અરવિંદભાઈ શાહ
(૩) શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ (વિકાસ અધિકારી)

(બ) ઉપર (અ)માં જણાવેલ સમિતિની ભલામણો પરથી જરૂરી નિર્ણય લેવામાં ના આવે ત્યાં સુધી તદર્થ ધોરણે છાત્રાલયમાં વૉટરકૂલરની સુવિધા માટે પ્રત્યેક વિદ્યાર્થી પાસેથી સત્રદીઠ રૂ. ૫–૦૦ની વધારાની ફી લેવાનું રાખવું.

૨૧. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ તરફથી સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલો માટે દર વર્ષે યોજવામાં આવતા પરિસંવાદમાં હાજર રહેવા માટે "ડ્યુટી લીવ" આપવા અંગેની જોગવાઈ કરવા માટેની સદરહુ સેવા સંઘના મંત્રીશ્રીએ તેમના તા. ૧૪-૪-૧૯૮૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં હાજર રહેવા માટે કૉલેજોના ગ્રંથપાલોને ફરજ પરની રજા (ડ્યુટી લીવ) મંજૂર કરવા માટે સંલગ્ન કૉલેજોના આચાર્યોને જલ્લામણ કરવી.

૨૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦–૨–૧૯૮૦ની સભાના ઠરાવ ક્રમાંક-૧૬ અનુસાર ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદે તેના શારીરિક શિક્ષણના અધ્યાપક શ્રી. એમ. એ. શેખને તેઓની સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે પુનઃ સ્થાપિત કર્યાની હજુ સુધી જાણ કરી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. તાલુકા હેડ ક્વાર્ટર્સમાં કામ કરતા સરકારી કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવા અંગેના રાજ્ય સરકારના નાણાં વિભાગના તા. ૨૬–૧–૧૯૮૦ના ઠરાવ ક્રમાંક વીએલએ. ૧૨૮૦-૧૮૬ જે અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૧૮-૪-૧૯૮૦ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૮૦/૧૮૭૭૨-અથી કરેલ સ્પષ્ટતાની નોંધ લેવા બાબત.

ઘરભાડા ભથ્થાંનો દર

5% of pay subject to a maximum of Rs. 60/— p.m. and minimum of Rs. 15/— p.m.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની સ્પષ્ટતા

"વધુમાં તા. ૨૭-૭-૧૯૭૭ના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એન.જી.સી.–૧૩૦૭–ખમાં ઠરાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓને જે સંસ્થાઓએ જે દરે ઘરભાડું મળે છે તે સ્થળોએ તે જ દરે અનુદાન મેળવતી સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને ઘરભાડું મળવાપાત્ર છે અને તે અનુદાન માટે માન્ય ગણવામાં આવેલ છે. આથી આ અંગેના તમામ સુધારા જેમના તેમ અનુદાન મેળવતી સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને પણ લાગુ પડે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા સદરહુ જી.આર.માં જણાવેલ ધોરણે કૉલેજોના સંબંધકર્તા કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના)ને ઘરભાડાભથ્થું તા. ૧–૧–૧૯૮૦થી આપવા માટે સંલગ્ન કૉલેજોને જણાવવું.

૨૪. એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ અને બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધામાં ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર સંસ્કૃતમાં ઓછામાં ઓછા એક પૂરા સમયના લેક્ચરર હોવા આવશ્યક છે પણ તે નથી, તો તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સંસ્કૃત વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રીમતી ડી. એસ. પંડિત હાલમાં છે.

(૨) સદરહુ બાબત અંગે કૉલેજે સ્પષ્ટતા કરી છે કે, આ વિષય ફરજ્યાત વિષય તરીકે શીખવાય છે. આથી તેમાં ફક્ત ચાર તાસનો કાર્યભાર હોવાથી, ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સંસ્કૃતના પૂરા સમયના ઓછામાં ઓછા એક લેક્ચરરને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રાખવા માટેનો યુનિવર્સિટીનો આગ્રહ ચાલુ રાખવો.

૨૫. સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં લેબોરેટરી સ્ટાફને હક રજાઓ મળી શકે નહીં તે અંગે સ્થાયી સમિતિની તા. ૫-૩-૧૯૮૦ની સભાની જે ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૩-૧૯૮૦ની સભામાં સ્વીકારી છે તે અન્વયે નીચેની નોંધ જે સ્થળે એટલે કે Rules, regulations, leave and allowances હેઠળ મૂકવામાં આવે તો લેબોરેટરી સ્ટાફ આકસ્મિક રજાઓ મેળવવા પાત્ર બને નહીં જેવું અર્થઘટન થાય તે જોતાં તે નોંધ II. Privilege leave or Earned Leave મથાળા પછી મૂકવા અંગે સ્પષ્ટતાદર્શક સુધારો કરવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—"II. Privilege leave or Earned leave" (These leave Rules shall not be applicable to the Laboratory staff of Science Colleges having Vacations benefit.]

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને લગતા ઑર્ડિનન્સ નં. ૧૬૯ની નોંધ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

Note.—'II. Privilege leave or Earned leave (These leave rules shall not be applicable to the Laboratory staff of Science Colleges having the benefits of Vacations.)"

૨૬. સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની કૉલેજોમાં શિક્ષણ-કાર્ય કરતા બંધ સમયના અધ્યાપકોનાં પગારધોરણો સુધારવા રાજ્ય સરકારના તા. ૩-૭-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક ૧૦૭૮-૩૬૨૮૬-૭૯ના અનુસંધાનમાં સરકારશ્રીએ તેના તા. ૨૨-૧૧-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક પરા૦-૧૯૭૮-૬૨૧૬૩-૭૯ અથી સદરહુ પગારધોરણો કાયદાની કૉલેજોને લાગુ પડશે નહિ તેમ જણાવતાં, એક્ઝિકયુટિવ કાઉન્સિલે તે બાબતમાં નીમેલ સમિતિની ભલામણ તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભાના ઠરાવ અન્વયે પગાર-ધોરણોમાં પડતા ભેદભાવને તાત્કાલિક દૂર કરી જાણ કરવા રાજ્ય સરકારને લખેલ તેના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૨૫-૪-૧૯૮૦ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"આપની દરખાસ્ત ધ્યાન રાખી શકાય તેમ નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરવાનું રાખવું.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૬. તા. ૫-૫—૧૯૮૦ના રોજ લેવાયેલ એમ.એ. પરીક્ષાના અબનોરમલ સાયકોલોજી પેપરમાં પુછાયેલા પ્રશ્નોના શું જવાબ આપવા તે સમજાયું નથી અને જે કાંઈ ભણાવવામાં આવ્યું છે તે અને આ પ્રશ્નપત્રમાં જે પ્રશ્નો પુછાયા તે બન્ને વચ્ચે કોઈ સંબંધ નથી અને પ્રશ્નપત્રની ભાષા મનોવિજ્ઞાનની સ્વીકાર્ય પરિભાષા પ્રમાણેની નથી તે કારણ આગળ કરીને એક સિવાય બાકીના વિદ્યાર્થીઓ પરીક્ષા-બંધ છોડી નીકળી ગયા તે પરિસ્થિતિ પર વિચારણા કરીને જરૂરી નિર્ણય કરવા બાબત.

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ પ્રશ્ન અંગે વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય મેળવીને આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. શ્રી. એસ. બી. પોરાના તા. ૧૬-૪-૧૯૮૦ના પત્રથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) ડિપ્લોમા ઇન ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન બાબતમાં અને કોર્ટની સમક્ષ જણાવવામાં આવેલું હતું કે છઠ્ઠી યોજનામાં એનો સમાવેશ કરવાની ધારણા છે એનો અર્થ એ થાય કે ૧૯૮૨ થી ૧૯૮૫ સિવાય આ કોર્સ શરૂ નહીં થાય આ યોજના બોરંભે પડે એ આપણા માટે ઘાતક (Disastrous) થશે (SIRD)માં આપણું માટે સ્ટુડીઓ પણ તૈયાર કર્યા રાખવામાં આવ્યા છે. જો આપણે નહીં જાગીએ તો આ સ્ટુડીઓ જબલપુર કે લખનૌને આપી દેવામાં આવશે અલબત્ત આપણે પોતાના સ્ટુડીયા કરવાના છીએ પણ તેમ કરતાં ૧૯૮૬ થઈ જાય. અત્યારનાં તો ત્રણ ચાર વર્ષ સુધી ઇસ્ટર્નનો સ્ટુડીઓ વાપરી શકાશે. દરમિયાનમા, આપણે સ્ટુડીઓ કરી શકાએ માટે આપણે જૂન, ૧૯૮૦થી જ આ કોર્સની શરૂઆત કરવી જોઈએ. છઠ્ઠી યોજનામાં આ કોર્સ મંજૂર

થાય ત્યાં સુધી આપણે પાર્ટટાઈમ કો-ઑર્ડિનેટરથી કોર્સની શરૂઆત કરવી જોઈએ અને રૂ. ૯૦,૦૦૦ કે નાનું બજેટ મંજૂર કરવું જોઈએ. આપણે એ જાણવું જોઈએ કે આ કોર્સના જે ૧૭ વિદ્યાર્થીઓ ડિપ્લોમા લેશે એટલે નોકરીની કોઈ પણ મુશ્કેલી નહીં પડે. માટે રૂ. ૯૦,૦૦૦ મંજૂર કરી કોર્સની શરૂઆત કરવી. તેથી એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યોની આ કમિટી. વાઈસ-ચાન્સેલર-સાહેબ અને ગવર્નરશ્રીના સલાહકારને તાત્કાલિક મળે એ પણ જરૂરી છે.

(૨) બિનગુજરાતી શિક્ષકો યુનિવર્સિટી ભવનોમાં દાખલ થાય કે બે વર્ષમાં એમણે ગુજરાતી શીખવું જ જોઈએ, તાત્કાલિક એમને માટે ટ્રેનિંગ ક્લાસ શરૂ કરવો જોઈએ, એમને ફરજિયાત ગુજરાતી ભણાવવું જોઈએ તથા એમની પરીક્ષા લેવી જોઈએ પરીક્ષામાં લેખિત તથા મૌખિક હોવી જોઈએ. નાપાસ થાય તો ઇન્ક્રીમેન્ટ અટકવું જોઈએ. આ માટે છેલ્લાં ત્રણ વર્ષથી હું તથા મારા મિત્રો કોર્ટમાં પ્રશ્નો પૂછીએ છીએ, પણ આ ચૂસી ગયેલા બિનગુજરાતી માટે કોને સહાનુભૂતિ છે એ સમજાતું નથી. આ માટે આપણે આટલો બધો ઉદારતા રાખીએ છીએ. એકતા ખાતર આપણું ગાડું અટકી પડવાનું તથા આપણે ગુજરાતીઓ એમનાથી વધુ હોંશિયાર છીએ જ. છતાં આટલી બધી ઉદારતા શા માટે ? માટે તાત્કાલિક મેં સૂચેલ વ્યવસ્થા અમલમાં મૂકવા ઘટતું કરો.

(૩) બી. કે. સ્કૂલ ઑફ મૅનેજમેન્ટમાં માધ્યમ તથા લેખિત પરીક્ષા અંગ્રેજીમાં ભલે લેવાય પણ ઇન્ટરવ્યુમાં તો ગુજરાતી હોવું જ જોઈએ. વાસ્તવમાં લેખિત પરીક્ષા પણ ગુજરાતીમાં કેમ ન હોય ? આઈ.એ.એસ.ની પરીક્ષામાં પણ ગુજરાતીની છૂટ છે તો આપણે ત્યાં આવો દંભ શા માટે ? માધ્યમ એકલું અંગ્રેજી જ હોવું જોઈએ, પણ પરીક્ષા ગુજરાતીમાં જ થવી જોઈએ. જો એમ નહીં થાય તો સમાજના મધ્યમવર્ગના ગુજરાતી માધ્યમવાળા વિદ્યાર્થીઓ અને ગામડાંના વિદ્યાર્થીઓ કદી પ્રવેશ નહીં મેળવી શકે. આ બાબતમાં પણ તાત્કાલિક નિર્ણય લેવો ઘટે.

(૪) એક પંચવર્ષીય યોજના કરી યુનિવર્સિટીએ પોતાના જ ક્રિકેટ, હોકી, ફૂટબૉલ, ગ્રાઉન્ડની ટેનિસ કોર્ટ, સ્વિમિંગ પુલ, બૉક્સિંગ રિંગ, સ્કેટિંગ, શૂટિંગ રેન્જની વ્યવસ્થા કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબત અંગે શ્રી. શિક્ષણસંચાલકને સ્મૃતિપત્ર પાઠવીને રાજ્ય સરકારનો નિર્ણય ત્વરિત લેવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે વિનંતી કરવી.

(૨) સદરહુ બાબત આ સભાગૃહની કાર્યવાહીની યાદીમાંથી કમી થયેલી ગણવી.

(૩) બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની પરીક્ષા (ચર્ચા, મુલાકાત સહિત) તેમજ દાખલ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા માટે માધ્યમ તરીકે અંગ્રેજીના વિકલ્પે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાની છૂટ રહેશે એમ સ્પષ્ટતા કરીને સદરહુ ભવનના અધ્યક્ષને જરૂરી પગલાં લેવા માટે જણાવવું.

૨૮. બહારગામનાં પરીક્ષાકેન્દ્રો પર એકત્રિત કરેલ ઉત્તરવહીઓ લઈને જે વ્યક્તિ કેન્દ્ર પરથી યુનિવર્સિટીમાં રૂબરૂ આપવા આવે તેઓને યુનિવર્સિટી કર્મચારીઓને ચૂકવાતાં મુસાફરી ભથ્થાં અને દૈનિક ભથ્થાંને ધોરણે જવા-આવવાનું ભાડું તેમ જ દૈનિક ભથ્થું તથા વાહન ભથ્થું તથા મજૂરી અર્થ વગેરે જે કાંઈ જરૂરી અર્થ થાય તે વધુમાં વધુ કાર્યાલય નિયામકના દરે ચૂકવવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૯. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦–૩–૧૯૭૭ની સભાના ઠરાવ અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણેનાં પગારધોરણ તેમ જ અન્ય ભથ્થાં ચૂકવવા બાબતમાં કેટલીક કૉલેજોએ ગંભીર ઉપેક્ષા કરી હોવાથી આવા કિસ્સાઓમાં ધારાધોરણોનો અસરકારક અમલ થાય તે માટે યોગ્ય પગલાં લેવાની જોગવાઈ કરવા રાજ્ય સરકારને ભલામણ કરી હતી તેના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેમના તા. ૨૩-૨-૧૯૮૦ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ તેમ જ અન્ય ભથ્થાં ચૂકવવાના બાબતમાં યુનિવર્સિટીના નિયમોનું કોઈ સંલગ્ન કૉલેજ ઉલ્લંઘન કરે તો જોડાણની શરતોના ભંગ બદલ તેવી કૉલેજનું જોડાણ રદ કરવાની હાલના યુનિવર્સિટીના અધિનિયમમાં પૂરતી જોગવાઈ છે જ. યુનિવર્સિટીઓના અધિનિયમોમાં સુધારા અંગેની પાલેજવાળા સમિતિએ પણ તેવી જ ભલામણ કરી છે. ઉક્ત સમિતિનો અહેવાલ હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે."

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, કોઈ પણ કૉલેજનું જોડાણ રદ કરવાનું અંતિમ પગલું લેવાને બદલે અન્ય અસરકારક ઉપાયો યોજવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૧-૩-૧૯૮૦ અને તા. ૨૫-૪-૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧–૩–૧૯૮૦ અને તા. ૨૫–૪–૧૯૮૦ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૧. ડા. એન. એલ. રામનાથનના માર્ગદર્શન હેઠળ રસાયણવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી સી. બી. પંડ્યાએ રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની માર્ચ, ૧૯૭૯ માસની સભાના ઠરાવ મુજબ નિમાયેલા ચોથા પરીક્ષકના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે ગ્રાહ્ય ગણવો.

૩૨. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદની જૂન ૧૯૮૦થી માસ્ટર ઑફ સાયન્સ (સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી) (M.Sc. P.O.T.), માસ્ટર ઑફ એજ્યુકેશન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર મેન્ટલી હેન્ડિકેપ્ડ (M.Ed.), ડિપ્લોમા ઇન સાયકોથેરાપી (D.P.), ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી (D.P.O.T.), ડિપ્લોમા ઇન ઍડવાન્સ્ડ સાયકિયાટ્રિક સોશ્યલ વર્ક (D.P.S.W.), ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર નોન-નોરમલ ચિલ્ડ્રન (D.S.E.N.C.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૧૧–૧૯૮૦ સુધીમાં કરે તો તેને (૧) માસ્ટર ઑફ સાયન્સ સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી (M.Sc. P.O.T.), (૨) માસ્ટર ઑફ એજ્યુકેશન-સ્પેશિયલ એજ્યુકેશન ફૉર મેન્ટલી હેન્ડિકેપ્ડ (M.Ed.), (૩) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી (D.P.), (૪) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી (D.P.O.T.), (૫) ડિપ્લોમા ઇન ઍડવાન્સ્ડ સાયકિયાટ્રિક સોશિયલ વર્ક (D.P.S.W) અને (૬) ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર નોન-નોરમલ ચિલ્ડ્રન(D.S.E.N.C.)ના અભ્યાસક્રમો માટે તા. ૧૫-૬-૧૯૮૦ થી કાયમી માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા :

૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, ગ્રેચ્યુઇટી કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

[**નોંધ.**—જૂન ૧૯૭૯થી નીચેના વિષયોમાં ચાલુ માન્યતા આપવાની રહે છે :

૧. ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (D.M., S.P.),

૨. પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઍન્ડ સ્વિચ થેરાપી (B.Sc. & A.S.T.),

૩. ડિપ્લોમા ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (D.S.S., D.A.)."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

દરમિયાન સદરહુ સંસ્થાની ચાલુ માન્યતા અંગેની કાર્યવાહી હજુ પૂરી થઈ નથી તે હકીકતના સંદર્ભમાં સદરહુ સંસ્થાના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પરીક્ષામાં બેસવા માટે ખાસ પરવાનગી આપવા.

૩૩. પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષાઓની ફી પરત કરવાનાં ધોરણ અન્ય પરીક્ષાઓ મુજબ કરવા માટે ઓર્ડિ. ૧૭૪-ઈના પાઠમાં સુધારો કરવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૭૪–ઈ મંજૂર કરવો તથા માર્ચ–એપ્રિલ ૧૯૮૧ની પરીક્ષાથી તે લાગુ પડે તે રીતે તેને અમલમાં મૂકવો.

૩૪. નીચે ટાંકયા પ્રમાણેનો ઑર્ડિ. ૧૬૯ મંજૂર કરવા શ્રી. કે. એસ. શાસ્ત્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

O. 169 :

The employees of the affiliated colleges and recognised institutions both teaching and non-teaching be paid gratuity under the following rules :

(1) No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.

(2) Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of 1/2 month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service, at the rate of 3/4 month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 12 years' service. The gratuity shall on completion of 15 years' service be revised to one month's basic salary (including all allowances) for each completed year of service. The total amount of the gratuity shall be a maximum of 20 months' salary or Rs. 30,000 which ever is less.

Nothwithstanding anything contained above, in the event of the death of employee, during the course of his employment gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service subject to a maximum of 20 years' salary or Rs. 30,000/–, which ever is less.

(3) Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement, resignation or termination of service as the case may be.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૬૮ની કંડિકા નં. ૧૧ રદ કરવી. સદરહુ ઑર્ડિ. ૧૬૯ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

તે પછી તા. ૨૩–૫–૧૯૮૦ના રોજ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું.

તે પછી સભા રવિવાર, તા. ૨૪–૧૧–૧૯૮૦ના રોજ સવારે ૯–૦૯ વાગ્યે ફરી મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૩૫. ડા. ટી. પી. ચિતાનંદના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે અંગ્રેજી વિષયમાં નોંધાયેલા શ્રી. ડી. આર. શર્માએ રજૂ કરેલા મહાનિબંધ પરના પરીક્ષકોના અહેવાલ પર વિચારણા કરીને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬-૧૦-૧૯૭૯ની સભાના ઠરાવ ક્રમાંક ૩૫ થી સદરહુ નિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણવાનું ઠરાવ્યું તે મહાનિબંધ ફરીથી સુધારાવધારા કરીને રજૂ કરવાની પરવાનગી માંગતા શ્રી શર્માના તા. ૬-૬-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી આર. શર્માને તેમનો મહાનિબંધ પુનઃ રજૂ કરવા માટે પરવાનગી આપવી તથા તે રજૂ થયેથી તે બાબતમાં ઘટતી કાર્યવાહી કરવાનું રાખવું.

૩૬. બાંધકામ સમિતિની તા. ૧૬–૫–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૫–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૫–૧૯૮૦નાં સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૩૭. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૨–૭–૧૯૭૮ની સભાના ઠરાવ અનુસાર ત્રણ વિદ્યાશાખાઓ ધરાવતી કોલેજોનું એક સંકુલ કરવાને કારણે ફાજલ પડનાર શિક્ષક તથા બિનશિક્ષક કર્મચારીઓની સેવાઓ આરક્ષિત રાખવા અંગે ઘટતું કરવા માટે તે વખતના કુલપતિશ્રીએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી, તેના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૩-૫-૧૯૮૦ના પત્રાંક એમ.જી.પી-૧૩૭૮(૧૯૦૪૮)થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

> "એક કરતાં વધુ વિદ્યાશાખાવાળી જુદી જુદી કોલેજોનું એક સંકુલ બનાવવા બાબતે કોઈ નિર્ણય નહિ કરવાનું સરકારે નક્કી કર્યું છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગ રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે આ સભાગૃહે તેની તા. ૨૨–૭–૧૯૭૮ની સભામાં બાબત નં. ૧૨થી નીમેલી સમિતિને જણાવવું અને રાજ્ય સરકાર સાથે વિચારવિમર્શ કરવા માટે આ બાબતને અગ્રિમતા આપવી.

૩૮. એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલના હિન્દીના અંડ સમયના વ્યાખ્યાતા શ્રી. આઈ. સી. ઉપાધ્યાયને છૂટા કર્યા બાબતમાં તેઓની ફરિયાદના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૨–૭–૧૯૭૭ની સભાએ કરેલ ઠરાવ અન્વયે સને ૧૯૭૬–૭૭ના વર્ષની પગાર સહિતની મળવાપાત્ર રકમની તાત્કાલિક ચુકવણી કરી તેની જાણ કરવા આચાર્યને તા. ૨૬–૧૧ ૧૯૭૭ના પત્રથી જણાવેલ પરંતુ અવારનવાર સ્મૃતિપત્રો અને અર્ધસરકારી પત્રો પાઠવવા છતાં કોલેજે તેઓને મળવાપાત્ર રકમ હજુ સુધી ચૂકવી ન હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં કાપ મૂકવા માટેની કાર્યવાહી કરવાના સૂચન સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી

૩૯. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગનાં રીડર શ્રીમતી ઉષાબહેન કન્હારેની સંશોધન યોજના " Status and Role of Women and Socialization in the family among the lower strata in the City of Ahmedabad "ને ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હીએ તેમના તા. ૧૬-૪-૧૯૮૦ના પત્રાંક એફ. ૧૮(૭૭)૭૯૯૫ પી.થી તે પત્રમાં દર્શાવેલ શરતોએ રૂ. ૧૨,૫૦૦ની ગ્રાન્ટ ૨ વર્ષ માટે મંજૂર કર્યાની નોંધ લેવા તેમ જ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવા માટે શ્રીમતી ઉષાબહેન કન્હારેને જણાવવું.

૪૦. જૂન ૧૯૮૧ થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સમિતિમાંથી વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષની રૂએ નિયુક્ત આચાર્ય બી. એમ. પીરજાદાએ સદરહુ સમિતિના સભ્યપદેથી રાજીનામું આપેલ છે તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહે આચાર્ય બી. એમ. પીરજાદાને સદરહુ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે વિનંતી કરી.

તે પછી સભાગૃહની ઇચ્છાને માન આપીને આચાર્ય બી. એમ. પીરઝાદાએ સદરહુ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે પોતાની સંમતિ આપી તેથી સદરહુ બાબત અંગે વિશેષ કરવાનું રહ્યું નહીં.

૪૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગ્યા માટે તા. ૩-૫-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત : (એકેડેમિક કાઉન્સિલ બા. ક્રમાંક ૭)

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩–૫–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગા માટે નીચે પ્રમાણે ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. એમ. પી. જર્ડોવા
૨. શ્રી. એ. એમ. પરીખ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની

જગ્યા પર રૂ. ૧,૧૦૦—૫૮—૧,૩૦૦ ઇબી—૬૦—૧,૬૮૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦ થી એક વર્ષના અજમાયશી ધોરણે ઉપરના સભ્ય પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩—૫—૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૪૧. (અ) કેટલીક બાબતો અંગે સર્વસામાન્ય ધોરણે વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક કરવા માટેની વરણીસમિતિની સભામાં સંબંધકર્તા વિભાગના વડાને નિમંત્રિત વ્યક્તિ તરીકે હાજર રહેવા માટે નિમંત્રણ આપવાનું આ સભાગૃહે તેની તા. ૪—૧૧—૧૯૭૩ની સભામાં ઠરાવેલું છે તે અંગે સ્પષ્ટતા કરવાની કે ભવિષ્યમાં સંબંધકર્તા વિભાગના જે વડા હોય તેમને જ નિમંત્રિત વ્યક્તિ તરીકે બોલાવવા અને કોઈ પણ કારણસર તેઓ હાજર રહી શકે નહીં તો તેમની અવેજીમાં અન્ય વ્યક્તિને નિમંત્રિત તરીકે બોલાવવા નહીં.

(બ) આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કેટલીક બાબતોમાં કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે; તો તેના સંદર્ભમાં કુલપતિશ્રી તરફથી જે નિર્ણયો લેવામાં આવે તેની જાણ આ સભાગૃહને કરવાનું ભવિષ્યમાં રાખવું.

૪૨. ડો. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની એક જગ્યા માટે તા. ૨-૪-૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૩૮) :

> "આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨—૪—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ડો. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે શ્રી. પી. એમ. ધનામદારની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડો. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા પર શ્રી પી. એમ. ધનામદારની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૯૦૦-ઇબી-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૯૮૦ થી તા. ૧૬-૬-૧૯૮૦થી એક વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨—૪—૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સની બે જગ્યાઓ માટે તા. ૨૮-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે

તેની તા. ૨૦-૫-૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્રમાંક ૯) :

"આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટે જાહેરખબર આપીને અરજીઓ મંગાવવામાં આવી હતી ત્યારે એક જ જગ્યા ખાલી હતી અને બીજી જગ્યા તે પછી ખાલી પડેલ હોઈ, બે જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતાની ૩ જગ્યાઓ માટે મળેલી વરણીસમિતિની તા. ૧-૫-૧૯૮૦ની સભાએ કરેલી ભલામણ મુજબ કોઈ ઉમેદવાર આ જગ્યા માટે પાત્ર જણાયેલ ન હોઈ તે જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા બા. ક્રમાંક ૧૦) :

સદરહુ બાબતના સંદર્ભમાં પ્રમુખશ્રી તરફથી સભાગૃહને જાણ કરવામાં આવી કે ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના પ્રોફેસર તરીકે નીમવામાં આવેલા ડૉ. એચ. ટી. લોખંડેએ નિમણૂક સ્વીકારી પછી પોતે ગુજરાત યુનિવર્સિટીમાં જોડાવાની અશક્તિ દર્શાવી છે.

તે પછી સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી અને ઠરાવ્યું કે ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના પ્રોફેસરની એક જગ્યા માટે તથા લેક્ચરરની ત્રણ જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ જગ્યાઓ પૈકી કઈ જગ્યા કયા વર્ગ માટે અનામત રાખવી તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રીની ત્રણ જગ્યાઓ માટે તા. ૨૪-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્રમાંક ૧૧) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રીની ત્રણ જગ્યાઓ માટે નીચે પ્રમાણે નિમણૂકો કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ડૉ. આઈ. જી. વશી

(૨) ડૉ. જે. સી. વૈરા

(૩) ડૉ. આઇ. એમ. ભટ્ટ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન કેમિસ્ટ્રીની ત્રણ જગ્યાઓ પર નીચેના સભ્યોની નિમણૂક તેમનાં નામ સામે જણાવેલ તારીખથી રૂ. ૧,૨૦૦-૧૮૦–૧,૩૦૦–

૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં તેમનાં નામ સામે જણાવેલ મૂળ માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી :

ક્રમાંક	નામ	શરૂઆતનો મૂળ માસિક પગાર		તારીખ
૧.	ડૉ. આઈ. જી. વશી	રૂ. ૧,૪૨૦/-	...	૧૬-૬-૧૯૮૦
૨.	ડૉ. જે. સી. વોરા	રૂ. ૧,૪૮૦/-	...	૧૬-૬-૧૯૮૦
૩.	ડૉ. આઈ. એમ. ભટ્ટ	રૂ. ૧,૩૬૦/-	...	૧૭-૬-૧૯૮૦

(સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગ્યા માટે તા. ૨૪-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. આર. કે. શાહની નિમણૂક કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. આર. કે. શાહની નિમણૂક તા. ૧૬-૬-૧૯૮૦ થી રૂ. ૧,૧૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૮૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.

૪૭. ભાષા-ભવનમાં રીડર ઇન ઈંગ્લિશની જગ્યા માટે તા. ૨૩-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૩) :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા થઈ તે દરમિયાન કેટલાક સભ્યોની વિનંતીથી કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે વરણીસમિતિએ સદરહુ જગ્યા માટે જે નામોની ભલામણ કરેલી છે તે નામો પ્રાથમિકતાના ક્રમ પ્રમાણે તે સમિતિની નોંધમાં દર્શાવવામાં આવેલાં છે. તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની તા. ૨૩-૪-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ભાષા-ભવનમાં રીડર-ઇન-ઈંગ્લિશની જગ્યા માટે ક્રમાનુવર્તી એક ઉમેદવારની નિમણૂક કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. (શ્રીમતી) સગુણા રામનાથન
૨. ડૉ. ભગવતી સિંઘ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. ભાષા-ભવનમાં રીડર ફૉર લેંગ્વેજ લેબોરેટરી ફૉર ઇંગ્લિશ ઍન્ડ ફૉરેન લેંગ્વેજની જગ્યા માટે તા. ૨૩-૪--૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની સભાની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૪) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૩-૪-૧૯૮૦ની સભાની ભલામણમાં જણાવેલ ઉમેદવાર શ્રી. પી. કે. ઠાકરને ભાષા ભવનમાં રીડર ફૉર લેંગ્વેજ લેબોરેટરીની જગ્યા ઉપર નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ફૉર લેંગ્વેજ લેબોરેટરીની જગ્યા પર શ્રી. પી. કે. ઠાકરની નિમણૂક તા. ૧૬-૬-૧૯૮૦ થી રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-ઍસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૩-૪-૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૯. સમાજવિદ્યાભવનના રીડર ઇન હિસ્ટરીની જગ્યા માટે તા. ૨૬-૪-૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૫-૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૨૫) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૬—૪—૧૯૮૦ની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટરીની જગ્યા માટે ડૉ. (શ્રીમતી) શિરીન એમ. મહેતાની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટરીની જગ્યા પર ડૉ. (શ્રીમતી) શિરીન એમ. મહેતાની નિમણૂક તા. ૧૬-૬-૧૯૮૦ થી રૂ. ૧૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦-ઍસેસમેન્ટ-૬૦-૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦/- થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ સરણીસમિતિની તા. ૨૬-૪-૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૦. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ ઍસોસિયેટની બે જગ્યાઓ માટે તા. ૨૫-૩-૧૯૮૦ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો અન્વયે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯—૫—૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૨૬) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૫—૩—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ

એસોસિયેટસની બે જગ્યાઓ માટે નીચે મુજબ નિમણૂંક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. સી ગોપાલકિશ્નન
૨. મિસ લક્ષ્મી સુબ્રમણ્યમ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડો. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ એસોસિયેટ્સની બે જગ્યાઓ પર નીચેની વ્યક્તિઓની તા. ૧૬-૬-૧૯૮૦ થી રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦ના પગારધોરણમાં પ્રત્યેક મૂળ માસિક પગાર રૂ. ૮૨૦/-થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી :

૧. શ્રી. સી. ગોપાલકિશ્નન
૨. મિસ લક્ષ્મી સુબ્રમનિયમ

(સદરહુ વરણીસમિતિની તા. ૨૫-૩-૧૯૮૦ની સભાની ભલામણનો નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૧. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧–૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણો પર એકેડમિક કાઉન્સિલની તા. ૨૦–૫–૧૯૮૦ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઓફ યુનિ. ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ :

(ક) ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન તદર્થ ધોરણે બહારના ગ્રામવિસ્તારોમા અનુસ્નાતક કેન્દ્રો અંગે નીચે પ્રમાણે કરવા એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) અમદાવાદ બહારનાં અનુ. કેન્દ્રો જે ચાલુ હોય તે જ કેન્દ્રો ફકત તદર્થ ધોરણે (એડહોક) વધુ એક વર્ષ માટે એટલે કે ૧૯૮૦–૮૧ના શૈક્ષણિક વર્ષ માટે ચાલુ રાખવા જે કેન્દ્રોને જૂન ૧૯૭૯થી શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી હોય પણ પછી ચાલુ થયાં ન હોય તો આ વર્ષે હવે તે કેન્દ્રો પુનઃ ચાલુ કરવા મંજૂરી આપવી નહિ.

(૨) આ અનુસ્નાતક–જે વિદ્યાર્થીઓએ પાર્ટ ૧ પસાર કરી પાર્ટ ૨માં આવે તેમને તેમ જ પાર્ટ ૧માં નવા વિદ્યાર્થીઓને એટલે કે પાર્ટ ૧ અને પાર્ટ ૨ બંનેમાં જે તે નિયત થયેલ પ્રવેશમર્યાદામાં રહીને પ્રવેશ આપી શકે એમ પણ સ્પષ્ટતા કરવી.

(૩) અમદાવાદ બહારની કૉલેજો / સંસ્થાઓની નવાં કેન્દ્રો શરૂ કરવાની અરજીઓ ઉપર સને ૧૯૮૦–૮૧ના વર્ષ પૂરતી વિચારણા કરવી નહિ.

(૪) અમદાવાદ બહાર અનુસ્નાતક કેન્દ્રો જે તદર્થ ધોરણે ચાલે છે તે જે તે કેન્દ્રોના કામકાજનું મૂલ્યાંકન જરૂર મુજબ સમિતિઓ રચીને તેમના દ્વારા કરવા માટે ભલામણ કરવી.

(ખ) સ્ટે ૧૨૧(ડી) અન્વયે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો વતી અમદાવાદમાં જે અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે તે અંગે નીચે પ્રમાણે કરવા એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનો વતી નવાં કેન્દ્રો અમદાવાદમાં શરૂ કરવાં નહિ.

(૨) જે કેન્દ્રો શરૂ કરવા માટે ૧૯૭૯–૮૦ના વર્ષ માટે પરવાનગી આપવામાં આવી હોય પણ તે ચાલુ થયાં ન હોય તો તે હવે આ તબક્કે પુનઃ ચાલુ કરવા માટે મંજૂરી આપવી નહીં.

એકેડેમિક કાઉન્સિલની ભલામણો (ખા. ક. ૪)

(અ) સદરહુ ભલામણ ક્રમાંક ૬ (૧), (૩) અને (૪) મંજૂર કરવી.

(બ) સદરહુ ભલામણ ક્રમાંક ૬(૨) વિદ્યાર્થીસંખ્યા પ્રત્યેક પાર્ટ દીઠ અલગ અલગ ગણવી એ સ્પષ્ટતા સાથે મંજૂર કરવી.

(૬) સદરહુ ભલામણો ક્રમાંક (૧) અને (૨) ચાલુ વર્ષ પૂરતું મંજૂર કરવા.

સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૬) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો નં. ૧ થી ૬ મંજૂર કરવી; જ્યારે ભલામણ નં. ૪ અંગે જરૂરી વિચારણા કરીને વિગતવાર ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. કાયદા વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૫. આચાર્ય એમ. સી. શાહ
૬. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૭. આચાર્ય કે. એન. શાહ

(બ) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો મંજૂર કરવી.

૫૨. રાજ્ય સરકારના ગુજરાત એક્ટ નંબર ૩૧ ઑફ ૧૯૭૮ના શિડયુલ ૩માં પ્રવર્તમાન સ્ટે. ૧૭૩ની જોગવાઈઓ આવરી લેવાઈ હોઈ તે રદ કરવાની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૫-૧૯૮૦ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૩ રદ કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૫૩. તબીબી વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૮૦ની સભાની ભલામણ મુજબ સ્ટે. ૧૭૯માં તબીબી વિદ્યાશાખા હેઠળ ૩૫-એ તરીકે ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિન (ડી.એફ.એમ.)નો અભ્યાસક્રમ દાખલ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક. ૨૨)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સ્વીકારવી અને તે મુજબ સ્ટે. ૧૭૯માં જરૂરી સુધારો કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

સુધારેલો સંબંધકર્તા ભાગ નીચે મુજબ રહેશે :

Faculty of Medicine :

35-A. Diploma in Forensic Medicine (D.F.M.).

૫૪. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩ અને ૨-૪-૧૯૭૯ની સભાએ "રિફર બેક" કરેલ સ્ટે. ૨૦૨ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૪–૧૯૭૯ની સભામાં અને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮–૪–૧૯૭૯ની સભામાં કરાવ ક્રમાંક ૧૦૭થી સદરહુ સ્ટેચ્યુટ પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સંયુક્ત સમિતિએ તેની તા. ૨૧–૩-૧૯૮૦ની સભામાં સ્ટેચ્યૂટ ૨૦૨ સુધારવા કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૫-૧૯૮૦ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક–૨૯)

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો સ્ટે. ૨૦૨ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૨૦૨ની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૫૫. તબીબી વિદ્યાશાખાની તા. ૭-૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦–૫–૧૯૮૦ની સભામાં તે સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક–૧૭)

"આથી ઠરાવવામાં આવે છે કે ભારત **સરકારના** મિનિસ્ટ્રી ઑફ હેલ્થ ઍન્ડ ફેમિલી વેલફેર, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૫–૫–૧૯૭૯ના પત્રાંક વી. ૧૧૦૨૧-૪-૭૯ એમ એચ. (પૉલિસી)થી જણાવવામાં આવ્યું છે કે તબીબી કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે એમ.એન.એ.એમ.એસ.–એમ.એ.એમ.એસ. પદવીને માન્યતા આપ્યા બાબતમાં ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકારાઈ છે તે **સ્વીકારવા** ભલામણ કરવી :

> "The MNAMS qualifications granted after passing Part II Examination may be considered as requisite post-graduate qualification for purposes of appointment of teachers in medical colleges/teaching institutions; provided that a holder of the M.N.N.,M.S. qualification without M.D. or M.S. degree of an Indian University, shall undergo one year's research experience in an institution recognised by the Council and duly accepted by the Medical Council of India after necessary evaluation."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૭ સાથે કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૭. ફાઇનાન્સ સમિતિની તા. ૧૫-૫-૧૯૮૦નો સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫–૫ ૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

૫૮. તબીબી વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૮૦ની સભાની ભલામણ મુજબ ત્રીજી એમ.બી.બી.એસ ની મેડિસિન વિષયની પ્રાયોગિક પરીક્ષા નિયત સમયમાં પરીક્ષકો વચ્ચે સરખે ભાગે કામ વહેંચીને પૂરી કરી શકાય તે માટે પરીક્ષકોને આપવાની ખાસ સૂચનામાં નીચે મુજબનો સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦–૫–૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૧૯)

In Third M.B , B.S. in the subject of Medicine in the Practical Examination, when there are four pairs of examiners, distribution of marks should be done accordingly

There should be uniformity in the structure of Practical Examination in Medicine & in Surgery.

Practical Examination in Medicine.

Practical Examination as detailed below :

In the practical examination in Medicine, the distribution of Marks shall be as follows :

Clinical Examination

(1) Long Case	...	60 marks
		(Due consideration should be given for elicitation of Physical finding, their interpretation & discussion of the case)
(2) Short Cases :		
Short Case–I	...	30 marks
Short Case–II	...	30 marks
(3) Viva-Voce I	...	40 marks
Viva-Voce II	...	40 marks

The time to be devoted to the various practical Examinations in Medicine at the Third M.B.,B.S. Examination shall be as follows :

Not more than 10 candidates will be examined at a time and they will be divided into four groups called A, B, C and D. There will be four pairs of Examiners.

They will be numbered as Pair-I, Pair-II, Pair-III & Pair-VI. The work practical examination will be distributed as (1), (2), (3) & (4) shown above (other details remain unchanged).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૦. હરિ ૐ આશ્રમ પ્રેરિત (૧) કવિશ્રી ન્હાનાલાલ કલપતરામ ગુજરાતી પ્રતિભા શોધ સ્પર્ધાની નિર્ણાયક સમિતિમાં પ્રો. રમેશ ભટ્ટ, (૨) આર્યભટ્ટ વિજ્ઞાન પ્રતિભા શોધ સ્પર્ધાની નિર્ણાયક સમિતિમાં ડૉ. બી. એમ. દેસાઈ અને (૩) રામાનુજ ગણિત પ્રતિભા શોધ સ્પર્ધાની નિર્ણાયક સમિતિમાં પ્રો. આર. એમ. મહેતાની હરિ ૐ આશ્રમ ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. અમદાવાદ શહેરની (૧) પ્રભુદાસ હકકર કૉલેજ, (૨) ગુજરાત કૉલેજ, (૩) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, (૪) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, (૫) એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજે જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા કરેલી અરજી પરત્વે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે વાણિજ્યની વિદ્યાશાખાની જરૂરિયાત (Need) એકિઝકયુટિવ કાઉન્સિલે સ્વીકારી નથી તે નિર્ણય સામે સદરહુ કૉલેજોએ યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) અન્વયે રાજ્ય સરકારને કરેલી અપીલ પર રાજ્ય સરકારે તેના તા. ૧૭–૫–૧૯૮૦ના પત્રથી આપેલા નીચેના આદેશની નોંધ લેવા બાબત :

2. After careful consideration of what has been represented by the appellant colleges in their appeals as well as at the time of hearing, Govt. has come to the conclusion that so far as Ahmedabad city is concerned, it will be possible for the Gujarat University to provide seats for students seeking admission to commerce faculty in the beginning of academic year starting from June, 1980 by expansion of facilities existing in commerce colleges/mixed colleges having commerce faculty.

(2) The Log book is now being maintained in pucca bound register. In past it was being maintained as per the procedure of the University in respect of other vehicles. The Log-book for Vicky No. 1467 is not required to be maintained as this vehicle is more or less a cycle mounted with machine. The maintanance of the log-book for vicky may not, therefore be insisted.

(2) Necessary adjustment in accounts will be carried out and shown during next Audit.

(3) Details of expenditure will be produced during next audit. The expenditure was not debited during 1975–76 on account of mis. classification through over sight.

(4) Necessary Register of dismantled spare parts was inadvertantly not maintained by the concerned section i.e. N.S.S. The same will now be maintained and produced before next audit.

(5) Necessary adjustment in accounts in respect of receipt of Rs. 30 will be carried out and the same will be produced during next audit for verification.

(6) As explained in sub-para 1 above, the maintenance of log-book for Vicky may not be insisted and the expenditure may therefore please be allowed against Govt grant.

(7) Necessary details of the expenditure will be produced during next audit for its verification Register is being maintained by the N.S.S. Department and the same will be produced during next audit.

(8) Deleted.

(9) The Stock position duly authenticated of the scarfs after distribution will be shown during next audit.

(10) The Diaries were printed on looking to the total number of students actually enrolled during the year. During this year 6242 students were enrolled as against the allocation of 5300 students. The Diaries have also been distributed to the members of concerned staff viz. members of Advisory Committee, Social Institutions, Development Departments and Social workers who are closely connected with N.S.S, Activities.

Regarding suitability of supplying a simple note-book to the students instead of the Diaries, we have to state that looking to the social services being rendered by the students it was found necessary to provide a scarf and a diary to the student as a token of appriciation and recognition of his social services in N.S.S. scheme.

(11) Necessary certificates regarding completion of 120 hours of every students will be shown to audit during next visit.

(12) Necessary certificate for verification of the stock at the end of the year is being taken since four years and the same will be shown to audit during next visit.

Para 7 : College Science Improvement Programme University Leadership project in Chemistry.

(1) Deleted

(2) In previous weeks as the lectures were delivered less than four, the remaining lectures were delivered during the weeks pointed out in audit. The same was necessary in order to complete the course. The total number of lectures does not exceed the limit prescribed by the U.G.C. The objection may therefore pleased be treated as settled.

(3) In this connection, there appears some misunderstanding. It is therefore necessary to make it clear that as per scheme itself, this work can only be done on Saturday or Sunday because the participants of the affiliated colleges can

not be made free to remain present during their normal duties on other days The lectures or Practicals were therefore arranged on Saturday or Sunday for which extra remunerations were paid to Sarvashri M. N Desai, I. G. Vashi, J. C. Vora and R. K. Shah. In the budget sanctioned by the U.G.C. for which a provision of Rs 3625 p.a has already been made.

In view of the above, the expenditure of Rs. 675/- incurred thereto is in order.

Para 8 : *Financial Assistance to teachers for Research scheme :*

(1) In this connection necessary justification received from Dr. Saxena will be produced during next audit for their consideration. The U.G.C. has already sanctioned 2nd instalment of grant after considering the progress report of Dr. Saxena in respect of his work towards first instalment.

(2) Necessary formalities were observed for purchasing the equipment in question The sanction was also obtained from the appropriate authorities and the same will be produced during next audit.

Para 9 : *XXIII Annual conference of the Neurological Soiety of India 17th to 20th December*, 1973.

In this connection Dr. Damodi who had organised this annual conference in question had been repeatedly requested by the University to send the statement of accounts etc. so as to enable this office to take further action but no reply has so far been received from him. Necessary further actions are being taken and it will be intimated to audit during its next visit

Para 10 : *VII Annual conference of the Indian Pharmacological Society at Ahmedabad.*

In this connection the U.G.C. has conveyed its necessary approval vide its letter No. F. 3-25/78(Fip/(E II) dated 12th Sept. 1979, a copy of which has been forwarded to the Asstt. Examiner, Local Fund Accounts, Ahmedabad District vide University's letter No. Acc/2/130-B.99687 dated 28-9-1979 requesting therein to settle the audit objection in view of U.G.C.'s letter.

Para 11 : *Regarding Utilisation of services of retired teachers Dr. J. J. Chinoy.*

(1) In this connection necessary information was called for from Prof J.J. Chidoy and he had replied vide his letter No. GU/Bot/162/458 dated 5-1-1978 which will be produced during next audit. It will be seen therein that he had already

sent the requsite information to U.G.C. and hence copies of the same will be produced during next audit. It may also please be added that Prof. Chioy has since died.

(2) The unspent balance of Rs. 135—90 only which was required to be refunded to U.G.C has been refunded vide Uni.'s letter No. Acc/2/1498/87179 dated 31—3—'78. The same will be produced to audit for verification.

11. A Symposium on Nuclear and Solid State Physics in December, 1976.

Necessary adjustment in grant accounts has been carried out and the upspent balance of Rs. 10,384=50 has been refunded to University Grants Commission vide University's letter no. Acc/2/1186 B/101087 dated 9–12–78.

The objection may therefore be treated as setlled.

Para 12 : *Regarding Refund of unspent balance—University Grants Commission Schemes.*

(1) Out of the unspent balance of Rs. 3,614–63, an amount of Rs. 1,912—95 was adjusted against the grant accounts and the remaining amount of Rs. 1,701—68. only has been refunded to University Grants Commission vide University's letter no. Acc/2/64-B/89167 dated 10–9—79.

(2 & 3) Regarding the unspent balance of Rs. 10,000/ and Rs. 738.70 stops are being being taken and the same will be intimated to Audit.

Para 13 : *Non-Hindi Speaking Scholarship.*

The matter has been referred to Government of India by the Director of University School of Languages vide his No. 658 dated 19–12–'77. The reply is awaited. It is being expedited and hance final result will be intimated to Audit.

Para 14 : *Regarding Award of B.C. and E.B.C. Scholarship to the students of University School of Languages.*

There is no time limit prescribed by the sanctioning authority for disbursement. However in these cases as the students had not claimed for payment of their scholarships amounts till 1976—77 though they were informed by the Director of University School of Languges immediately on receipt of the grant received by the University during 68–69 and 70—71.

As the amounts of Scholarship were lying in the University and the students had claimed for it during the year 1976–77, the payment was made as pointed out in the audit.

In view of the above clarification the objection may please be treated as settled.

Para 15 : *Regarding Refund of unspent balances*

In this connection correspondence with granting authorities i.e. Director of Manpower and Training is going on, and hence final decision will be intimated to Audit on receipt from him.

Para 16 : *Regarding grant for Kavi Nanalal Centenary Celebration*

The amount of grant sanctioned for Rs. 15000/- by State Government vide their R. No. NIS-6076/5152-F dated 10-2-77 was actually received by the University on 28-3-1977 vide University's Receipt no. 2049 and hence the grant could not be utilised during that year.

The grant has been utilised during subsequent years as under :

		Rs. P.
During 1977-78	...	5,604-03
,, 1978-79	...	943-67
Total	...	6,547-70

The remaining grant is being utilised as per the programmes being carried out as required thereto.

Pora 17 :

Necessary actions are being taken and final position will be intimated to Audit.

Para 18 :

Silver Jubilee Programme Wire Fancing the Campus of the University.

(1) Noted.

(2) In the year 1976-77 except in case of Civil works, the tenders were not prepared as per schedule of rates of Government. It is not being prepared as per schedule rates of Government.

(3) The tenders were sanctioned on the recommendations of the Building Committee which is appointed by the Executive Council which is the Expert Committee for the same. The Contractors are requested to give details of the works and experiences in the fields etc. But in this case, as such information was not mentioned in his tenders, the Committee might not have recommended so accept the tender of S. H. Sheth.

It is noted for future about the mentioning the actual date of receipt of tenders.

(4) The suggestion of audit to inform all the tenders about the date of opening of the tenders is noted for future guidance.

(5) As the land in front of Library Building was found to be very low and hence it was required to be levelled. The work of wire fancing was therefore not carried out in time.

(6) The remaining three gates which were remained to be provided were not provided as the work of wire fancing was not completed.

(7) The measuremeut Book and Work Register will be produced during next Audit for verification.

(8) In view of that is explained above, the audit objection may please be treated as settled.

Para 19 : *Books not accounted for in Library Register.*

The Books, as pointed out by the Audit, were inadvertantly remained to be entered in Library Register. They have now been entered and it will be show during next Audit.

Para 20 : *Minor objection shown in Annexture No. 2*

Necessary compliance as pointed out in audit will be carried out and the same will be shown during next Audit.

Para 21 *to* 24 : *Noted.*

ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૬–૭૭ના હિસાબો અંગે સરકારી ઑડિટ નોંધ (જનરલ)ના જવાબો

ભાગ ૧

અગાઉનું ઑડિટ

આ અંગે જુદા પત્રવ્યવહાર ચાલતો હોવાથી આ માટે કોઈ જવાબ અહીં આપેલાં નથી.

ચાલુ ઑડિટ

૩. (એ) જે સત્તામંડળોને મંજૂરી આપવાની સત્તા હોય તે અંગેની સમયસરની મંજૂરી આપી શકે તેમ ન હોય તો કુલપતિશ્રી યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪,એ મુજબ મળેલ પોતાની સત્તાના રૂએ કાયદા પ્રમાણેની કાર્યવાહી ન થઈ હોય તો તેમાં કટોકટી (Emergency)ની પરિસ્થિતિ ઊભી થઈ તેવા પરિસ્થિતિ ઊભી થઈ છે કે કેમ તે યુનિવર્સિટી ધારાની ઉપરોક્ત કલમ કુલપતિશ્રીના અભિપ્રાયની બાબત છે, કુલપતિશ્રીના અભિપ્રાય સામે વાંધો ઉઠાવી શકાય નહીં.

૪. (એ) અને ૪(બી), જે તે કૉલેજો પાસેથી માહિતી મંગાવી છે જે આવ્યેથી આવતા ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

૫. મજકૂર શિક્ષકોને દિવસના ૨ તાસ સળંગ લેવાની જરૂર હોવાથી અપવાદરૂપે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આ મંજૂર કરે અને તેના સંદર્ભમાં હવે ઑડિટ આ વાંધો જતો કરે તેમ વિનંતી કરે છે.

૭. આ અંગે સ્ટેટ બૅંક જે સ્પષ્ટતા કરી છે તે અંગેનો પત્ર એકઝામિનર લોકલ ફંડ એકાઉન્ટનો ક્રમાંક એકા. ૧૦૬૧૭ તા. ૧૪–૧૨–૧૯૭૯થી મોકલેલ છે તે જોતાં આ વાંધાની પતાવટ થઈ છે તેમ ગણવા વિનંતી છે.

૮. ગોદરેજ કંપનીનાં કબાટોની ગુણવત્તા જોતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તે ખરીદવા માટે મંજૂર કર્યું છે તે જોતાં વાંધો જતો કરવા વિનંતી છે.

૯. (૧) લાઇબ્રેરીનાં પુસ્તકો વિગેરેની વિગતો ઑડિટમાં હવે પછી બતાવીશું.
(૨) બાઇન્ડિંગ અંગેનાં ટેન્ડરોની વિગેરેની માહિતી હવે પછી ઑડિટને બતાવીશું.
(૩) યુનિવર્સિટી પ્રેસ બીજાં અગત્યનાં કામોમાં રોકાયેલ હોવાથી આ કામ પ્રેસને આપેલ ન હતું.

૧૦. (૧) શ્રી. પી ડી. મિસ્ત્રીની સેરેન્ડર લીવ અંગેની રીકવરી કરીને ઑડિટને બતાવીશું.

(૨) શ્રીમતી એ. જે. છાયાનો ઈજાફો ફક્ત એક વર્ષ માટે રોકવામાં આવ્યો છે, કાયમી અસર થાય તે રીતે નહિ. પહેલા વર્ષે તે અંગેની એન્ટ્રી તેમની સેવાપત્રકમાં મોડી પાડેલ તેથી તે વર્ષે તેમને ઈજાફો આપેલ; પરંતુ બીજા વર્ષે કરાવના સંદર્ભમાં કુલપતિશ્રીના આદેશ અનુસાર આ ઈજાફો એક વર્ષ માટે અટકાવેલ છે જે ઑડિટને બતાવીશું.

૧૧. આ અંગે સ્ટેટ બેંન્કે જે જવાબ મોકલેલ છે તેની નકલ એકઝામિનર લોકલ ફંડ એકાઉન્ટને પત્રાંક ૧૦૬૫૭ તા. ૧૪–૧૨–૧૯૭૯થી મોકલેલ છે. તેમાં દર્શાવેલ વિગતો જોતાં આ પેરાની પતાવટ થઈ છે તેમ ગણવા વિનંતી છે.

૧૨. (૧) અગાઉ ઇલેક્ટ્રિકના કામ માટેનાં ટેન્ડરો માટે એસ.ઓ.આર. તૈયાર કરવામાં આવતાં ન હતાં. હવે કરવામાં આવે છે. વળી સિવિલ કામના યુ.જી.સી.એ મંજૂર કરેલ અંદાજના ટકાવારી ધોરણે અંદાજ મંજૂર કરવામાં આવે છે. તેથી આવી પ્રથા રાખવાની જરૂર ન હતી.

(૨) ટેન્ડરો ખોલવા માટે જે તારીખ નક્કી કરવામાં આવી—પરંતુ તે સમયે કોઈ કોન્ટ્રાક્ટર હાજર ન હોય તો તે પાછળથી ખોલવામાં આવે છે. ભવિષ્યમાં ઑડિટના સૂચનને ધ્યાનમાં લઈશું.

(૩) યુનિવર્સિટીનાં ટેન્ડરો આપનાર જથાને વાતચીત માટે બોલાવવામાં આવતા નથી. આવેલાં ટેન્ડરોની ગુણવત્તા જોઈને યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલ નિર્ણય લે છે અને તેની સમયમર્યાદામાં આવી જાય છે તે જોતાં આ વાંધો જતો કરવા વિનંતી છે.

(૪) ઑડિટના સૂચન પ્રમાણે કામની પ્રગતિ વર્ક રજિસ્ટરમાં નોંધવામાં આવશે.

૧૩. યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પ્રિ. કે. એન. શાહને વ્યાખ્યાન માટેનું માનદ વેતન રૂ. ૫૦ અને અમદાવાદથી મોડાસા સુધીનું આવવાજવાનું પ્રથમ વર્ગનું ભાડું અને દૈનિક ભથ્થાના કુલ રૂ. ૧૫૦ ચૂકવવામાં આવ્યા છે અને તે અંગે તેમના ડેકલેરેશન પ્રમાણે તે કરવામાં આવ્યું છે જેથી ઑડિટ વાંધો જતો કરવા વિનંતી છે.

૧૪. (૧) મજકૂર મકાનમાંની બધી ખામીઓ કોન્ટ્રાકટરે સુધારી આપેલ છે.

(૨) યુનિવર્સિટીની હાલની પ્રથા પ્રમાણે મેઝરમેન્ટ બુક છૂટાં શીટ પર લેવામાં આવે છે, ત્યાર બાદ સમયની અનુકૂળતા પ્રમાણે મેઝરમેન્ટ બુકમાં લખવામાં આવે છે. હવેથી ઑડિટના સૂચન મુજબ મેઝરમેન્ટ બુકમાં નોંધ કરવામાં આવશે.

(૩) આ અંગે ભવિષ્યમાં ચોકસાઈ રાખવામાં આવશે અને માપની નોંધણી થયા પછીથી જ પેમેન્ટ કરવામાં આવશે.

ઉપર પ્રમાણે આ અંગેની વ્યવસ્થા છે તે જોતાં આ નોંધ અસ્થાને જણાય છે.

(૧) મેઝરમેન્ટ ચેક કરીને હવે પછી ઑડિટને બતાવીશું.

(૨) હવેથી આ બુકમાં જેણે મેઝરમેન્ટ લીધું હશે તેની સહી લેવામાં આવશે.

(૩) જરૂરી માહિતી હવે પછી ઑડિટને બતાવવામાં આવશે.

૧૧. વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેબોરેટરી ખર્ચ અંગે કોઈ મર્યાદા કરવામાં આવી નથી. લેબોરેટરીની જરૂરિયાત સંશોધન યોજના વિગેરેની જરૂરિયાત જોઈને આ અંગેનો ખર્ચ નક્કી કરીને તે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ અને તેમ અનુસ્નાતક કક્ષાએ વિજ્ઞાનના જુદા જુદા વિષયોમાં શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિઓ સતત ખર્ચાળ જ હોય છે અને તેને સરકારે અને સમાજે જ પોષવાની હોય છે.

૧૬. રેફ્રિજરેટરના રિપેરિંગમાં મોટર રિવાઇન્ડિંગ અને બીજા રિપેરિંગના કામ સાથે તેને ચાલુ કરી આપવાનું તેમનું બીલ હોય છે. વળી ૦ાાની મોટરમાં તાંબાના તાર જે નીકળે તેની કિંમત નજીવી હોય છે અને કુલ રિપેરિંગના બીલમાં આવી કોઈ શરત હોતી નથી તેથી તે પાછું લેવાનો પ્રશ્ન રહેતો નથી; કારણ કે રેફ્રિજરેટરનું રિપેરિંગ એક ખાસ પ્રકારનું કામ છે તે જોતાં આ અંગેના કુલ રૂ. ૭૪૦—૦૦નું ખર્ચ માન્ય રાખવામાં આવે છે અને તે અંગેનો ઓડિટ વાંધો પડતો મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૧૭. રૂ. ૧૦૪—૫૦નું બિલ મળેલ નથી તો તે ખર્ચ માન્ય રાખી પેરા પડતો મૂકવા વિનંતી છે.

૧૮. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબની હિસાબની નકલ માંગાવી છે જે હવે પછી ઓડિટને બતાવવામાં આવશે.

૧૯. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના ભાવો તાજા સુધારવામાં આવ્યા છે. પ્રેસના ખર્ચમાં શકય હોય ત્યાં કરકસર થાય તે માટે જરૂરી પગલાં લેવા શ્રી. પ્રેસ–મેનેજરને જણાવવામાં આવશે.

૨૦. ઓડિટના સૂચન મુજબ હવે અમલ કરવામાં આવશે દરમ્યાન, આ પેરો હાલ પડતો મૂકવા વિનંતી છે.

૨૧. કવાર્ટર્સ ખાલી હોય કે ખાલી થવાનું હોય ત્યારે એલોટમેન્ટ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. આ વિધિમાં સારો એવો સમય જાય છે. વળી કવાર્ટર્સના કબજો લેવા માટે ૧ માસનો સમય આપવામાં આવે છે. સ્ટાફના માણસોને તે લેવામાં એવો કોઈ ખાસ રસ હોતો નથી. આવાં કારણોને લઈને કેટલાંક કવાર્ટર્સ કેટલાક સમય માટે ખાલી રહે છે. યુનિવર્સિટીએ બંધાવેલાં નિવાસસ્થાનોની બાબતમાં આવક અને બોટની દૃષ્ટિએ વિચારવું કેટલે અંશે યોગ્ય છે તેમ પ્રશ્ન છે

૨૩. સદરહુ નોંધમાં જરૂરી ખર્ચનાં વાઉચરો મળી શકયાં ન હોવાથી અને ખર્ચના વાજબીપણાને લક્ષમાં લઈને આ ખર્ચ મંજૂર કરવામાં આવે એમ સૂચન છે.

૨૫. ભવિષ્યમાં વ્યાજની ગણતરી રાજય સરકારના નિયમો પ્રમાણે કરવામાં આવશે.

૨૬. આ અંગે જે સામવિકા પાછળથી મળ્યાં છે તેની માહિતી ઓડિટને બતાવીશું અને જે મલી શકે તેમ નથી તે અંગે જરૂરી મંજૂરી મેળવી ઓડિટને જાણ કરીશું.

૨૮. કુલપતિશ્રીના આદેશ અનુસાર બેન્ક રિકન્સિલેશન અંગેની તફાવત માંડી (Written off) વાળવામાં આવ્યો છે તે માન્ય રાખવા સૂચન છે.

૨૯ ઓડિટના સૂચનને ધ્યાનમાં લેવામાં આવ્યું છે, અને તે હવે પછી અમલી બનાવવામાં આવશે.

૩૦. ડિપોઝિટરોની માગણી આવ્યેથી તે આપવામાં આવે છે અને તે પ્રમાણેની કાર્યવાહી ચાલુ છે.

૩૨ અને ૩૩. નોંધ લેવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની જુલાઈ માસની સભા, શનિવાર, તા. ૫–૭–૧૯૮૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૬–૭–૧૯૮૦ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૫–૭–૧૯૮૦	તા. ૬–૭–૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. આઈ. જે. ધ્રુવ, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય બી. એમ. પીરઝાદા	હાજર	હાજર
૪.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર	ગેરહાજર
૬.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર	હાજર
૭.	ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર	હાજર
૮.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૯.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	ગેરહાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર	હાજર
૧૫.	શ્રી. એન. આર. શાહ	હાજર	હાજર
૧૬.	શ્રી. નરહરિ એમ. પરીખ	હાજર	હાજર
૧૭.	શ્રી. કે. ડી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૮.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૯.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	હાજર	ગેરહાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર

૨. તા. ૫/૬-૭-૧૯૮૦ ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૫/૬—૭—૧૯૮૦ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેની બે ભાપમૂલેા સુધારીને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૪૩ ના **પરિશિષ્ટ "ક"** માં ડૉ. જે. જે. ત્રિવેદીને બદલે ડૉ. જે. પી. ત્રિવેદી વાંચવું.

(૨) બાબત ક્રમાંક ૪૫ના ઠરાવમાં (૧) પ્રોફેસર હેઠળ કંડિકા (૨) ની બીજી લીટીમાં 'enternal' ને બદલે 'external' વાંચવું.

૧. તા. ૨૪/૨૫—૫—૧૯૮૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૫ ઉપરના ઠરાવમાં 'તા. ૧-૪-૧૯૭૩'નો ઉલ્લેખ છે તે 'તા. ૧-૧-૧૯૭૩' વંચાય તે રીતે સુધારવામાં આવે.

(૨) બાબત નં. ૧૭ અને ૧૬ ઉપરના ઠરાવમાં સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બી ની પેટાકલમ (૮)ની પહેલી લીટીમાં 'his' શબ્દને બદલે 'its' શબ્દ મૂકીને સદરહુ પેટાકલમ સુધારવામાં આવે.

૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી નીચેનો **શોકદર્શક ઠરાવ** સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો :

"ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા તેના એક સભ્ય શ્રી. અનિરુદ્ધભાઈ યાજ્ઞિકના અકાળ અને અણચિંતવ્યા અવસાનથી ઊંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે અને આ કાઉન્સિલના તથા તેની અનેક સમિતિઓના સભ્ય તરીકે તેમણે કરેલા યોગદાનનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ સભા સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને આ ઠરાવની નકલ સદ્‌ગતના સુપુત્રોને મોકલી આપવા માટે કુલપતિશ્રીને વિનંતી કરે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો.

૨. વિજ્ઞાન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશ તેમ જ અન્ય આનુષંગિક બાબતો અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિએ તેની તા. ૧૬—૬—૧૯૮૦ના રોજ મળેલી સભામાં કરેલી નીચેની ભલામણ અનુસાર અનુસ્નાતક નિયમ નં. ૪૪નો (b)વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

ભલામણ

"અનુસ્નાતક નિયમ નં. ૪૪ અન્વયે કોમર્સ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી કૉલેજોને સબ્સિડી પેટે હાલના નિયમ મુજબ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦ વાર્ષિક આપવાની જોગવાઈ છે તેમાં સુધારો કરી તેને બદલે રૂ. ૫૦૦ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ (વાર્ષિક) આપવાનું રાખવું અને તે અનુસ્નાતક નિયમ નં. ૪૪નો (b)વાળો ભાગ નીચે મુજબ સુધારવો :

(b) Faculty of Science :

1. Chemistry	...	**Rs.** 500/—	per student per year
2. Physics	...	Rs. 150/—	—do—
3. Botany	...	Rs. 150/—	—do—
4. Zoology	...	Rs. 150/—	—do—
5. Geology	...	Rs. 150/—	—do—
6. Microbiology	...	Rs. 150/—	—do—
7. Statistics	...	Rs. 100/—	—do—. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ અનુસ્નાતક નિયમ નં. ૪૪ની પેટાકલમ (b) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તે સુધારેલા નિયમને તા. ૧૫ જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવો.

તે પછી બાબત નં. ૩ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાના ઠરાવ નં. ૬ અનુસાર ૧૯૭૯-૮૦ના શૈક્ષણિક વર્ષ માટે નિયુક્ત થયેલ રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદ્દત પૂરી થતી હોઈ ૧૯૮૦–૮૧ના વર્ષ માટે તેની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના પત્રાંક ડી.ઓ. નં. એફ. ૧૯-૮/૭૬ એસવાય, તા. ૨૨-૫-૧૯૭૬માં નીચે મુજબ ભલામણ કરવામાં આવી છે :

> The Universities should set up Advisory Committees for the N.S.S. under the Chairmanship of the Vice-Chancellor. The University Advisory Committee should consist of Principals of all Colleges selected for the programme, the concerned teachers, office-bearers of college NSS units and the President of the University Student's Union. The Constitution of the Advisory Committees for affiliating universities whose colleges may be widely dispursed, may be suitably modified to suit their requirements.'']

સદરહુ બાબત ઉપર ચર્ચાવિચારણા ચાલુ હતી તે દરમ્યાન એસ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમમાં બીજો વધારાનો ગૌણ વિષય ચાલુ વર્ષે ફરજિયાત ધોરણે દાખલ કરવામાં આવ્યો છે તે કાઢી નાખવાની વિદ્યાર્થીઓની માગણીના સંદર્ભમાં તેમના કેટલાક પ્રતિનિધિઓ અનધિકૃત રીતે સભા-ખંડમાં ઘસી આવ્યા અને મોટેથી સૂત્રોચ્ચાર કરીને ભારે કોલાહલ મચાવી મૂકયો. આ સંજોગોમાં પ્રમુખશ્રીએ સભાનું કામકાજ હાલ પૂરતું બંધ રાખવામાં (સસ્પેન્ડ કરવામાં) આવે છે એમ જણાવ્યું. તે પછી કેટલાક સભ્યો સભાખંડમાંથી બહાર ગયા. ત્યાર બાદ થોડાક સમય પછી વિદ્યાર્થી પ્રતિનિધિઓ પણ સભાખંડમાંથી બહાર ચાલ્યા ગયા.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૫–૭–૧૯૮૦ના દિવસ પૂરતું બંધ રાખવામાં આવ્યું અને પ્રમુખશ્રીએ જણાવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલની સભા તા. ૨૭–૬–૧૯૮૦ની નોટિસમાં જણાવ્યા મુજબ રવિવાર, તા. ૬–૭–૧૯૮૦ના રોજ સવારે ૯–૦૦ વાગ્યે ફરીથી મળશે.

તે પછી રવિવાર, તા. ૬–૭–૧૯૮૦ના રોજ સવારે ૯–૦૦ વાગ્યે સભા ફરી મળી અને સભાની કાર્યવાહી આગળ ચાલી.

તે પછી કેટલાંક તાકીદનાં અને/અથવા નોંધ માટે રજૂ થયેલાં કામકાજ જ ફક્ત હાથ ધરવાનું સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું.

તે મુજબ બાબત નં. ૩ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪. બોર્ડ ઓફ સ્પોર્ટ્સની રચના અંગેના ઓર્ડિનન્સ ૭ની કલમ (iii) પ્રમાણે બોર્ડ ઓફ સ્પોર્ટ્સ ઉપર ત્રણ વિભાગમાંથી એક એક આચાર્યશ્રી અને કલમ (v) પ્રમાણે ચાર નિષ્ણાત સભ્યોની ત્રણ વર્ષ માટે નિયુક્તિ કરવા તેમ જ કલમ (vi) અને (vii)

પન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫. સ્વ. ડૉ. ન. મૂ. શાહ સ્મારક સન્માન નિધિ ગ્રંથમાળા માટે નીમેલી પ્રકાશન લાહકાર સમિતિ પર વિજ્ઞાન વિષયના બે વિદ્વાનોની નિમણૂક કરવા બાબત :

[**નોંધ.**—સદરહુ સમિતિની રચના નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી,

૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી, અને

૩. બે વિજ્ઞાન વિષયના વિદ્વાનો.

હાલ બે વિદ્વાનો (૧) ડૉ. એમ. એન. દેસાઈ—તેઓ વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન છે અને ૨) ડૉ. જે. જે. ત્રિવેદી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬. Indian Society for Studies In Co-operation, Poona તરફથી મના તા. ૯-૫-૧૯૮૦ના પત્રથી યુનિવર્સિટીને સંસ્થાકીય સભ્યપદ સ્વીકારવા માટે રવામાં આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(સદરહુ સંસ્થાની સંસ્થાકીય સભ્યપદનો વાર્ષિક ફી રૂ. ૫૦ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭. વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિ વિભાગ તરફથી પ્રકાશિત કરવામાં આવતા "અંકુર"ના અંક માટે યુનિવર્સિટી તરફથી પ્રતિ વર્ષે આપવામાં આવતી આર્થિક હાય રૂ. ૬૦૦ થી વધારીને રૂ. ૧,૦૦૦ આપવા માટે ભવનના અધ્યક્ષશ્રી તરફથી તા. ૨૧-૫-૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮. એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ એન્ડ વી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાના આચાર્યશ્રીએ યુનિવર્સિટીની પરીક્ષા માટે કૉલેજના શિક્ષકોને સીનિયર સુપરવાઈઝરનું મ નોકરીના એક ભાગ તરીકે ગણી ફરજિયાત કરવાના સૂચન અંગે વિચારણા રવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરનું સંચાલન તા. ૧-૪-૧૯૮૦થી શ્રી. પાલનપુર સોસાયટી ફૉર ટીચર્સ એજ્યુકેશન, પાલનપુરને સોંપવા અંગેની જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧—૫—૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** –૧. ગુજરાત સરકારના તા. ૨૭-૭-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭—ખના પેરા ૬(સી) અનુસાર કૉલેજનું સંચાલન ત્રણ વર્ષની મુદતમાં સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ સોસાયટી / ટ્રસ્ટને સોંપવું જરૂરી છે તેમ આચાર્યે નોંધ કરી છે.

૨. સદરહુ ઠરાવની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં ઠરાવ નં. ૧૧૩થી નોંધ લીધી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦. યુવરાજ મુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કોમર્સ કોલેજ, દેવગઢબારિયામાં જૂન ૧૯૮૦થી બી.કોમ. ગૌણમાં : ૧) ઇન્સ્યોરન્સ અને (૨) માર્કેટિંગ વિષયોનું શિક્ષણકાર્ય ચાલુ ન કરી શકાયાના સદરહુ કોલેજના આચાર્યશ્રીના પત્રની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—સદરહુ કોલેજના આ વધારાના જોડાણ માટેની અરજી અંગેની રૂ. ૨૦૦ની અનામત બક્ષત કરવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. એચ. કે. કોમર્સ કોલેજ, અમદાવાદમાં શ્રી. યુ. બી. ગાઠીની નિમણૂક દ્વારા આંકડાશાસ્ત્રના શૈક્ષણિક કાર્ય માટે કરેલ વ્યવસ્થાને ૧૯૭૯–૮૦ના શૈક્ષણિક વર્ષ પૂરતી ચાલુ રાખવા માટેની સદરહુ કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. શ્રી. યુ. બી. ગોઠી બી.એસસી. પ્રથમ વર્ગ (૬૯ ટકા) અને એમ.એસસી. આંકડાશાસ્ત્ર સાથે પ્રથમ વર્ગ (૬૨ ટકા) ધરાવે છે.

૨. સંખ્યાધિક શિક્ષકોની યાદીમાંથી નિમણૂક કરવી જોઈએ તે કોલેજે કરેલ નથી.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવે.

૧૨. અમદાવાદ આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં આચાર્ય તરીકે નિમાયેલા શ્રી નયનાબહેન કે. શાહની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આચાર્યપદ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ, તેઓને ઓર્ડિ. ૬૫–એફ અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષક થવા માટે મદદનીશ શિક્ષક તરીકેનો પૂરતો શૈક્ષણિક અનુભવ નથી, અને ૩ સંશોધન પેપર્સ પ્રગટ કરેલાં હોવાં જોઈએ જે તેઓએ પ્રગટ કરેલાં નથી.

(૨) તેઓની નિમણૂક તા. ૧૫–૬–૧૯૭૮થી થયેલ છે.

(૩) તેઓની નિમણૂક બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવો નીચે ટાંકયા છે :

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૭–૧–૧૯૭૯ની સભાના ઠરાવ ક્રમાંક ૯૪

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજના સંચાલક મંડળને જણાવવાનું કે, યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક અંગે જરૂરી કાર્યવાહી કરીને તાત્કાલિક પણ મોડામાં મોડી તા. ૩૧–૩–૧૯૭૯ સુધીમાં કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું."

એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૬–૧૦–૧૯૭૯ની સભાનો ઠરાવ ક્રમાંક ૬૧

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજના આચાર્ય તરીકે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવા માટે આગ્રહ રાખવો."

(૪) અમદાવાદ કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીએ તેમની તા. ૨૩–૫–૧૯૮૦ના પત્રથી આ નિમણૂક કન્ફર્મ કરવા વિનંતી કરી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવે.

૧૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેર-વાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૦-૩-૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૪૪. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો અને નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યો હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૬—૬—૧૯૮૦ના અને તા. ૨૭-૬-૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૩ અને ૪૪ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૨૦—૬—૧૯૮૦, તા. ૨૬—૬—૧૯૮૦ અને તા. ૨૭—૬—૧૯૮૦ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૮૦, તા. ૨૬-૬-૧૯૮૦ અને તા. ૨૭-૬-૧૯૮૦ની સભાઓની ભલામણોની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૪. પ્રભુદાસ હકકર કોલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૧થી વાણિજ્ય વિદ્યા-શાખા શરૂ કરવા માટેની અરજી જે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અને ઓર્ડિ. ૧૨૦ અનુસાર તા. ૩૧-૩-૧૯૮૦ સુધીમાં આવવી જોઈતી હતી, પરંતુ તા. ૨૧-૫-૧૯૮૦ના રોજ આવી છે, તે પર કુલપતિઓએ યુનિવર્સિટી ધારાની કલમ ૩૧(૨)ના પ્રોવિઝો અન્વયે વિચારણા કરવા ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજની જૂન ૧૯૮૧થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે તા. ૩૧-૩-૧૯૮૦ની નિયત સમય-મર્યાદા બહાર મળેલ છે અને સદરહુ કલમમાં જણાવ્યા પ્રમાણે તે વિચારણામાં લેવા માટે કોઈ વિશિષ્ટ કારણ આ સભાગૃહને જણાતું નથી તે જોતાં અરજી પર વિચારણા કરવી નહિ.

૧૫. એમ.એ.,એમ.કોમ.(એકસ્ટર્નલ) પાર્ટ-૧ અને ૨ની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોય તેઓએ સદરહુ પરીક્ષાઓમાં પરિણામ જાહેર થયા તારીખથી છ માસમાં પરીક્ષા ફી પરત મળવી લેવાનું રાખવાની જોગવાઈ માટે ઓર્ડિ. એમ.એ. (એકસ્ટ.) ૬(૩) અને ઓર્ડિ. એમ.કોમ. (એકસ્ટ.) ૬(૩) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. M.A. (Ext.) 6 :
O. M.Com. (Ext.) 6 :

(3) Where a candidate remains absent at the M.A./M.Com. External Part-I or Part-II Examination, as the case may be, an amount of Rs 25/- only will be refunded to him at his cost.

Such refund must be claimed by the candidate within a period of s months from the date of declaration of the result of the examination in whi he/she was to have appeared.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૬. 'ભારતીય બેંકિંગ કાનૂન અને વ્યવહાર(Banking Law and Practic in India)'ના ગુજરાતી અનુવાદના પુનર્મુદ્રણ અંગે તા. ૧૫-૧૨-૧૯૭૯ ની એકિઝકયુટિ કાઉન્સિલની સભામાં જે શરતો નક્કી કરી હતી તે બાબતમાં યુનિવર્સિટી ગ્રંથ નિર્મા બોર્ડ તેમના તા. ૨૬-૪-૧૯૮૦ ના પત્રથી નવી જ શરતો સૂચવેલ હોઈ તે અંગે વિચારણ કરવા બાબત.

(નોંધ.—સદરહુ પુસ્તકનું પુનર્મુદ્રણ કરવામાં આવે તો ૧૦૦૦ નકલના અંદાજે રૂ. ૨૫,૦૦ જેટલો ખર્ચ થાય તેમ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" દરમ્યાન આ ૯૦ જેટલા કર્મચારીઓ સિવાયના તમામ કર્મચારીઓને ૫ ટકા વેઈટેજને લાભ તા. ૧—૧—૧૯૭૩થી મળેલ હોઇ, આ ૯૦ જેટલા કર્મચારીઓને પણ ૧—૧—૧૯૭૩થી મળે તે જેનો અંદાજી કુલ ખર્ચ ફક્ત રૂ. ૯૭,૨૦૦ થવા જાય છે. ૧-૧-૧૯૭૩થી ૩૧-૧૨-૧૯૭૩ સુધી કશું જ આપવાનું નથી. ફક્ત ૧-૧-૧૯૭૪થી ૩૧—૩-૧૯૭૯ સુધીનો તફાવત આપવાનો હોઈ આ રકમ યુનિવર્સિટી જેવી સંસ્થા માટે વધુ નહિ હોઇ તેથી યુનિવર્સિટી એકાસાથે ચૂકવી શકે તેમ છે, તેમ છતાં તેમ શકય ન બની શકે તો, તેના સરખા પાંચ હપતા કરીને ૧લો હપતો ૧—૬—૧૯૮૦ સુધીમાં બીજો હપતો ૩૧—૧૨—૧૯૮૦ સુધીમાં, ત્રીજો હપતો ૧—૬—૧૯૮૧ સુધીમાં, ૪થો હપતો ૩૧—૧૨—૧૯૮૧ સુધીમાં અને પાંચમો હપતો ૧—૬—૧૯૮૨ સુધીમાં ચૂકવી આપી આ ૫ ટકા વેઈટેજનો તફાવત આ ૯૦ કર્મચારીઓને ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે. "

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. નીચે જણાવેલાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની સને ૧૯૮૦-૮૧ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ માટે સમિતિ નીમવા અંગે :

૧. વિજ્ઞાન વિદ્યાભવન
૨. ભાષા-સાહિત્ય ભવન
૩. સમાજવિદ્યા ભવન
૪. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૯. યુનિવર્સિટી કાર્યાલય અને વિજ્ઞાન વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ

તેમના નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગનું નામ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એચ. એન. શાહ	સાયન્ટિફિક ઇલેક્ટ્રોનિકસ ટેકનિકલ આસિસ્ટન્ટ	ભૌતિક વિભાગ	૩૧—૮—૧૯૮૦	૧—૯—૧૯૮૦
૨.	શ્રી. એમ. પી. સુબૈયા	ક્લાર્ક	ડી. પી. ઈ.	૩૧—૮—૧૯૮૦	૧—૯—૧૯૮૦

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેમના નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમના નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. કુ. એમ. એચ. ગાંધી	રીડર (એનાલિટિકલ કેમિસ્ટ્રી)	૨૮—૭—૧૯૮૦	૨૯—૭—૧૯૮૦
૨.	ડૉ. યુ. સી. પાંડે	,,	૧—૯—૧૯૮૦	૨—૯—૧૯૮૦
૩.	ડૉ. સી. બી. શાહ	લેક્ચરર (એનાલિટિકલ કેમિસ્ટ્રી)	૩૧—૭—૧૯૮૦	૧—૮—૧૯૮૦

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. (કુ.) એમ. એચ. ગાંધી તથા ડૉ. સી. બી. શાહને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવાં અને ડૉ. યુ. સી. પાંડેને કાયમ કરવા અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ની જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના રીડર ડા. વાય કે. શાહને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવના સંદર્ભમાં તારીખ ૧૫-૬-૧૯૮૦ થી ત્રણ વર્ષ માટે બિન-પગારી અભ્યાસ-રજા મંજૂર કરવામાં આવેલ હોઈ તેમની ગેરહાજરી દરમિયાન તે જગ્યા પર હંગામી ધોરણે લેક્ચરરની નિમણૂક માટે વરણીસમિતિની રચના કરવા બાબત :

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૩. યુનિવર્સિટીમાં નીચેની જગ્યાઓ હંગામી ધોરણે પૂરવા અંગે જરૂરી જાહેરખબર આપી કાર્યવાહી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) આંકડાશાસ્ત્રના લેક્ચરર	વિજ્ઞાન વિદ્યા-ભવન	તા. ૧૬-૬—૧૯૮૦થી ૧૪-૬-૧૯૮૩ સુધી (આશરે ૩ વર્ષ માટે હંગામી)
(૨) અર્થશાસ્ત્રના ,,	સમાજવિદ્યા ભવન	તા. ૧૬-૬-૧૯૮૦ થી તા. ૭-૪-૧૯૮૧ સુધી (૧ વર્ષ માટે હંગામી)
(૩) પ્રોજેક્ટ ઑફિસરની (બે જગ્યા)	વિદ્યાર્થી કલ્યાણ વિભાગ (પ્રૌઢશિક્ષણ)	સ્કીમના સમય સુધી તા. ૨—૫—૧૯૮૨ સુધી

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૪. વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકને અભ્યાસ-રજા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ની સભામાં થયેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકને તા. ૧૧-૬-૧૯૮૦ થી તા. ૭-૪-૧૯૮૧ સુધી પૂરા પગારે રજા આપવી અને ટીચિંગ મટિરિયલ્સ વિ. માટે રૂ. ૫,૦૦૦/- આપવા અંગેની તેમની વિનંતી મંજૂર કરવી નહિ."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૫. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. પી. શાહ પ્રોફેસરની જગ્યા પર, તા. ૨૪-૮-૧૯૭૭ના રોજ જોડાયા હતા તે પહેલાં તેઓની રીડરની જગ્યાની પગારવધારાની તા. ૧ લી ઑક્ટોબર હોઈ તે તારીખ પછીથી તેમણે પ્રોફેસરની જગ્યાનો ચાર્જ લીધો હોત તો તેમને રીડરની જગ્યાના પગારવધારાનો લાભ મળ્યો હોત તેવી ગણતરી કરી તેઓ જ્યારે પ્રોફેસરની જગ્યાએ નિમાયા ત્યારે તે લાભ હવે આ તબક્કે આપવા તેમના તા. ૨-૬-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૬. ડૉ. બી. કે. સ્કૂલમાં પ્રોફેસર તરીકે નિમાયેલા પ્રો. જી. પી. કેશવને પ્રોફેસરના રૂ. ૧,૫૦૦-૨,૫૦૦ના પગારધોરણમાં તેઓને રૂ. ૧,૫૦૦/-ના મૂળ માસિક પગારને બદલે ચાર વધારા સાથેનો મૂળ પગાર (એટલે કે રૂ. ૧,૭૪૦/-નો મૂળ પગાર) આપવા અંગેના તેઓના તા. ૯-૬-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનનાં પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહની ફુલ-બ્રાઇટ વિનિમય કાર્યક્રમ હેઠળ યુનાઇટેડ સ્ટેટ ઑફ અમેરિકામાં જવા તથા જર્મની ખાતે મળનાર કૉંગ્રેસ ઑફ સેલ-બાયોલૉજીના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તારીખ ૨૫-૩-૧૯૮૦ની સભામાં મંજૂર કરેલી રજાના સંદર્ભમાં તેમની તે રજામાં ફેરફાર કરી નીચે પ્રમાણે રજાઓ માટેની તેમની તા. ૪-૫-૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત :

૧. સદરહુ આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં તેઓ I.N.S.A.ના સત્તાવાર પ્રતિનિધિ તરીકે જતા હોઈ તે સમયની પૂરા પગાર(ભથ્થા સહિત)ની રજા આપવી.

૨. તેમના પરદેશ જવા માટેની રજા દરમ્યાન દિવાળી વેકેશન આવતું હોવાથી તે સમયની પૂરા પગારની રજા (ભથ્થાં સહિતની) આપવી.

૩. તેઓએ વેકેશનમાં જે હાજરી આપી છે તેની નિયમ પ્રમાણે જે રજા જમા લેવાની હોય તે જમા લઈને તેટલી રજાઓ મંજૂર આપવી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૮. બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં કામ કરતા કર્મચારીઓના મૃત્યુ પછી કે અપંગતાના સંજોગોમાં તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા બાબતમાં પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ બિનશિક્ષક કર્મચારી મંડળ (અમદાવાદ શહેર) તરફથી આવેલ તા. ૧૮-૫-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૯. યુનિવર્સિટીના શિક્ષકોની ચરણી અંગેની કાર્યવાહીના સંદર્ભમાં ડૉ. કુસુમ કે. ભટ્ટ હાઈકોર્ટમાં કરેલી રિટ કુમાંક રૂપે. સી.એ. નં. ૧૨૮૫—૧૯૮૦ના સંદર્ભમાં એડવોકેટ શ્રી. એસ. એન. શેલતની નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

Note —The University being a public body is answerable to the High Court under Article 226 of the Constitution of India for the appointments made in any of its institutions. The University as "State" within the meaning of Article 12 and any appointment is appointment to a public office.

When an appointment is to be made on merit by the Selection Committee, the Supreme Court has insisted that the Selection Committee should act in an objective manner and avoid arbitrariness. In order to avoid a charge of arbitrariness, it is desirable that while assessing the merit of each candidate several heads of criteria may be laid down and marks be allotted under the several heads. A record be maintained, so that in future any recommendation of the Selection Committee is challenged the record would speak for itself. Presently the minutes of the Selection Committee do not show as to what weighed with the Selection Committee while marking recommendation

in order of preference. The various heads on which an individual candidate can be assessed has been well explained by the Supreme Court in 1971. (2) Supreme court cases 452 at page 468. The relevant observations are as under :

"..... No doubt the term 'merit' is not capable of an easy definition, but it can be safely said that merit is a sum total of various qualities and attributes of an employee such as his academic qualifications, his distinction in the University, his character, integrity, devotion to duty and the manner in which he discharges his official duties. Allied to this may be various other matters or factors such as his punctuality in work, quality and outturn of work done by him and the manner of his dealings with the superiors and subordinate officers and the general public and his rank in the service. We are only indicating some of the broad aspects that may be taken into account in assessing the merits of an officer."

The passage digested aforesaid can well serve a guide to the selection Committee.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૦. યુનિવર્સિટીના કર્મચારી ગણના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ પર શ્રી. અનિરુદ્ધ યાજ્ઞિકના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત :

[**નોંધ.**—૧. આ સમિતિ પર યુનિવર્સિટી કર્મચારી સંઘના પ્રતિનિધિને નીમવા માટેની સંઘ તરફથી તેમના તા. ૩-૫-૧૯૮૦ના પત્રથી વિનંતી કરવામાં આવી છે

૨. હાલની સ્થાયી સમિતિ પર અન્ય સભ્યો :

(૧) કુલપતિશ્રી

(૨) શ્રી. કે. એસ. શાસ્ત્રી.

(૩) શ્રી. અનિરુદ્ધ એચ યાજ્ઞિક (તેઓનું તા. ૨૯-૫-૧૯૮૦ના રોજ અવસાન થયેલ હોઈ આ જગા ખાલી છે)

(૪) આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બી. પરીખ

(૫) શ્રી. અરવિંદભાઈ આર. શાહ

(૬) શ્રી. શરદભાઈ પટેલ.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૧. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રી અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિકનું દુઃખદ અવસાન થવાથી નીચેની સમિતિઓ પરની તેમની ખાલી પડેલી જગ્યા પર બાકીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત :

૧. ગ્રાન્ટસ યુટિલાઈઝેશન કમિટી

૨. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ
૩. સ્થાયી કાનૂન વિષયક (લીગલ) સમિતિ
૪. પરીક્ષા શુદ્ધિ સમિતિ

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૨. વિજ્ઞાન વિદ્યાશાખામાં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સને ૧૯૭૯ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" તે અંગેની સમિતિની ભલામણ પરથી ડૉ. જે. ડી. તલાટીને પાત્ર જાહેર કરવામાં આવેલા છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના લેકચરર ડૉ. એચ. વી. સુથારની તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૭—૪—૧૯૮૧ સુધી રજા મંજૂર કરવામાં આવેલ હોઈ તેમની ગેરહાજરી દરમ્યાન તે જગ્યા પર હંગામી ધોરણે નિમણૂક કરવા માટે વરણીસમિતિની રચના કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૪. શેઠ દામોદરદાસ સ્કૂલ ઓફ કૉમર્સના રીડર શ્રી. બી. એ. દેસાઈની સંશોધન યોજના "Cost benefit analysis of Proprietors of Projects financed by State and Central Government Finance Corporation during the decade 1968 to 1978" (with Special reference to Gujarat State) માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૪-૫-૧૯૮૦ના પત્રાંક એફ—૨૧-૭-૮૦ (એચઆર. ૨)થી રૂ. ૭,૦૦૦(અંકે રૂપિયા સાત હજાર)નો આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે ડૉ. બી. એચ. દેસાઈને જણાવવું.

૩૫. ગુજરાત યુનિવર્સિટીની એમ.કૉમ.ની માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી પહેલી પરીક્ષામાં જે વિદ્યાર્થી માર્કેટિંગ અને મૅનેજમેન્ટના બન્ને વિષયો રાખીને પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને "સ્વ. શ્રી. લક્ષ્મીદાસ કરસનજી ઘોળકિયા ચંદ્રક" એનાયત કરવા માટે શ્રી. હર્ષદરાય લક્ષ્મીદાસ ઘોળકિયા" અમદાવાદ તરફથી રૂ. ૭૫૦૦(અંકે રૂપિયા સાત હજાર પાંચસો પૂરા)નું પ્રદાન સ્વીકારવા માટે તેમના તા. ૧૭—૬—૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૬. તા. ૧૦ થી ૧૬ ઑગસ્ટ ૧૯૮૦ દરમિયાન બર્કલી (કેલિફોર્નિયા) મુકામે "યુનેસ્કો" દ્વારા નિયુક્ત "ઇન્ટરનેશલ કમિશન ઑન મૅથેમેટિકલ ઇન્સ્ટ્રકશન" ના ચોથા આંતરરાષ્ટ્રીય પરિસંવાદના એક અધિવેશનનું પ્રમુખપદ સ્વીકારવાનું આમંત્રણ મળ્યું હોઈ તેમ જ રિલેટિવિટીનાં સંશોધન કેન્દ્રોમાં તેઓ પરિસંવાદો યોજવાના હોઈ અમેરિકાની મુલાકાત બાબતમાં કુલપતિશ્રીની તા. ૩-૬-૧૯૮૦ની નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. જાપાનની એતેમોન ગાકુઇન યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે શિક્ષક વિનિમય યોજનાના આ યુનિવર્સિટીના પ્રસ્તાવના સંદર્ભમાં ભારત સરકારના તા. ૨૯–૫–૧૯૮૦ના પત્રાંક એફ્–૩૮–૧–૭૮–યુ–૪ (Vol. II) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૮. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને પ્રાકૃતનું શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવાની અરજી પર નિયુક્ત થયેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૯. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટેના યુનિવર્સિટીએ નિયત કરેલ રજાઓના નિયમો સરકારશ્રીએ ગ્રાન્ટ માટે માન્ય કરેલ ન હોઈ કૉલેજોને મુશ્કેલી નડે છે, તેમ જણાવીને સરકારશ્રી સાથે સલાહમસલત કરીને તે અંગે પુનઃવિચારણા કરવા માટેના સોસાયટી ઑફ હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન્સ, અમદાવાદના માનદ મંત્રીશ્રીના તા. ૧૨–૧–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૦. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. એમ. એ. શાહના સસ્પેન્શન અને ઑર્ડિનન્સ–૧૬૮(૭)ની જોગવાઈના સંદર્ભમાં ખંભાત તાલુકા કેળવણી મંડળના મંત્રી તરફથી આવેલા તા. ૧૦–૬–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૧. યુનિવર્સિટીનાં પ્રકાશનો અંગે નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીનાં લોકભોગ્ય શ્રેણીનાં પ્રકાશનો તથા વ્યાખ્યાનોનાં પ્રકાશનોને શાળા, મહાશાળાઓ અને અન્ય શિક્ષણસંસ્થાઓ તથા પંચાયતોને વેચાણ કિંમત પર ૫૦ ટકા વળતરથી વેચાણ માટે પરવાનગી આપવા;

નોંધ.—એક પ્રકાશનની ઓછામાં ઓછી બે નકલો ખરીદવી પડશે.

(૨) જે પ્રકાશનો યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહાયથી પ્રકાશિત થયેલ છે તેવાં પ્રકાશનોની માત્ર પાંચ નકલો રાખીને બાકીની નકલો સદરહુ બોર્ડને પડતર કિંમતે વેચાણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—બોર્ડ આવાં પુસ્તકો લેશે તો તેની પડતર કિંમત તે ચૂકવશે.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૨. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન બાંધકામ માટે રૂ. ૧,૨૬,૪૦૦–૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧–૭–૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ઉપરોક્ત રકમમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોનની તથા પ્રૉ. ફંડની રકમ તથા તે પર થતું વ્યાજ કાપીને બાકીની રકમ આપવાની રહેશે.

(૨) કુલસચિવશ્રીએ પેન્શન યોજના સ્વીકારતા નથી તેવો વિકલ્પ આપ્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમમાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ લોન મંજૂર કરવી.

૪૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે જણાવેલ યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

૨. આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી

૩. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૫. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨—૩—૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસર/રીડરની જગ્યા માટે લાયકાતનાં ધારાધોરણોના સંદર્ભમાં અન્ય કેટલીક યુનિવર્સિટીઓનાં ધારાધોરણો જોઈતપાસીને સદરહુ બાબત સમગ્ર રીતે વિચાર કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૨૫—૪—૧૯૮૦, તા. ૩—૫—૧૯૮૦ અને તા. ૧૯—૫—૧૯૮૦ની સભાએ કરેલ ભલામણો પરથી એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭—૬—૧૯૮૦ની સભામાં વધુમત કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિ.નાં વિદ્યાભવનોમાં પ્રોફેસર/રીડરની જગ્યાઓ પર નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધારાધોરણો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(1) Professors :

(1) A First or Second Class Bachelor's Degree in the subject.

and

As First or Second Class Master's Degree in the subject.

(2) Doctorate Degree in the subject or equivalent Research work—the equivalence to be determined by two enternal eminent experts to be appointed by the Executive Council in the subject other than the experts on the Selection Committee. These experts shall be of the level of Ph.D. referees.

(3) Independent Research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or the Ph.D. Degree, or the work determined of equivalent level. Experience of successfully guiding research; and

(4) About ten years' experience of teaching in the subject at a University or a College, of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

(2) Reader :

(*i*) A First or Second Class Master's degree in the subject with a First or a Second Class Bachelor's degree in the subject.

(*ii*) A Doctoral degree in the subject or equivalent Research work—the equivalence to be determined by two external eminent experts (to be appointed by the Executive Council) in the subject other than the experts on the selection committee. These experts shall be of the level of Ph.D. referees.

(*iii*) At least five years' experience of teaching at a University or a College or a recognised Institute, provided that at least two out of five years' experience shall be that of teaching the subject to post-graduate classes; and

(*iv*) Research work published in Journal of repute, provided that—

(*a*) a candidate who possesses qualification as mentioned in (*ii*), (*iii*) and (*iv*) above may be considered, if he has a consistently good academic record i.e. has an average of at least 52.5% marks at all the University examinations in his under-graduate and post-graduate studies taken together; and

(*b*) A candidate who possesses the qualifications mentioned in (*i*), (*iii*), (*iv*) above, but does not have a Doctoral degree may be considered eligible for appointment as a Reader, if (*I*) his published work is published in Journals of repute and he possesses not less than ten years' experience of teaching at a University or a College, on condition that he shall not be entitled to earn any increments, if he fails to obtain a doctoral degree within five years of his appointment as a Reader;

OR

(*II*) in the case of a recognised Ph.D. guide at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. Degree.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯—૪—૧૯૭૯ની સભામાં કાર્યાલય કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટેની સમિતિ પર સ્વ. શ્રી. અનિરુદ્ધભાઈની જગ્યાએ એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. મફાજી ભૂદરજી મકવાણા તા. ૩૦—૬—૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થતા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઇટીની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૨૦-૬-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ. --તેઓ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૭—૧૦—૧૯૬૪ના રોજ જોડાયા હતા અને તા. ૩૦-૬-૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાંથી છૂટા થયેલા પટાવાળા શ્રી. મફાજી ભૂદરજી મકવાણાને તેમને ખાતે નીકળતી (૧) પ્રોવિડન્ટ ફન્ડની તથા (૨) ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૪૮. એમ. એન. કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૮૦થી બી.એ.(સબો.)માં ફારસી વિષય શીખવવાનો બંધ કરવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૨-૧૯૮૦ની સભાએ નિયુક્ત કરેલી સમિતિના નીચેના હેવાલ પર વિચારણા કરવા બાબત :

"વધુ તપાસ કરતાં માલૂમ પડયું કે હાલ ત્યાંની એક સ્થાનિક સ્કૂલમાં ફારસીના બધા મળીને કુલ સત્તાવીશ વિદ્યાર્થીઓએ જુદા જુદા વર્ગોમાં ફારસી વિષય રાખ્યો છે. આસપાસના ક્ષેત્રની કૉલેજો (મહેસાણા) સુધી કોઈ કૉલેજમાં ફારસી શીખવવાની સુવિધા નથી માટે તેઓ અમદાવાદ આવીને ફારસી વિષય રાખી શકે, એ કારણે ફારસીને જે સદંતર બંધ કરવામાં આવ્યો છે તે બરાબર નથી. એમાં એવી જોગવાઈ કરવી જોઈએ કે જો વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ફારસી વિષય કૉલેજ કક્ષાએ રાખવા માગતા હોય અને તેમના તરફથી તેની માગણી થાય તો ફારસી શીખવવાનો પ્રબંધ ફરીથી કરવો જોઈએ."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

બાબત નં. ૪૯ અને ૫૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૯. જૂન ૧૯૮૧થી નવી કૉલેજો માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦—૨—૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૬—૬—૧૯૮૦ની સભાની ભલામણો અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૧માં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન વિદ્યાશાખા માટેની કૉલેજોની જરૂરિયાત નહીં હોવા અંગેનો સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવા

(૨) માધ્યમિક શાળાની પરીક્ષાનું પરિણામ છેલ્લાં ત્રણ વર્ષની સરખામણીમાં સારૂ આવેલું હોઇ ચાલુ વર્ષે વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રવેશ માટે ધસારો છે પરંતુ તે પ્રવાહ આવતે વર્ષે સતત રહેવાની શકયતા આ સભાને જણાતી ન હોઈ ૧૯૮૧—૮૨ના શૈક્ષણિક વર્ષમાં વાણિજ્ય કૉલેજોની જરૂરિયાત હોવા અંગેની સદરહુ સમિતિની ભલામણ નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. ''

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે બાબત નં. ૪૯ અંગે ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો વધુમતે મંજૂર કરવી.

૫૬. જૂન ૧૯૮૧ થી ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, ગાંધીધામ (આદિપુર) તરફથી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી તથા હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર તરફથી શિક્ષણ તેમ જ કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી બાબતમાં યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (need) નક્કી કરવા નીમેલ સમિતિની તા. ૫-૫-૧૯૮૦ની સભાની ભલામણો અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭—૬—૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) '' આથી ઠરાવવામાં આવે છે કે ઉપર નિર્દિષ્ટ નીડ સમિતિની ભલામણો સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) જરૂરિયાત બાબતમાં ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ તરફથી તેમની તા. ૨૪ જૂન, ૧૯૮૦ પત્રથી આવેલ રજૂઆત એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ રજૂ કરવામાં આવી હતી.]

તે પછી બાબત નં. ૫૬ વધુમતીએ ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. ઑર્ડિનાન્સ ૬૨-ડી હેઠળ ભાવતાલ તથા બિલો પાસ કરવા અંગે મંજૂર કરેલ નિયમોમાં અનુક્રમ નં. ૪ના પેટા '' ખ '' નીચે પ્રમાણે છે :

(ખ) મુસાફરી ભથ્થાનાં બિલો અને વાઉચરો શ્રી. એકાઉન્ટન્ટ અને વિકાસ અધિકારી પાસ કરશે.''

તેને બદલે નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારો મંજૂર કરવા અંગે :

(ખ) મુસાફરી ભથ્થા, પેટીકેશ અને રિફંડનાં બિલો અને વાઉચરો શ્રી. કેશિયર અને શ્રી. ચીફ એકાઉન્ટન્ટ્સ ઑફિસર પાસ કરશે.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ નં. ૪ની પેટાકલમ (ખ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૫૧. ઑર્ડિનાન્સ ૬૨-ડી હેઠળ ભાવતાલ મંગાવવા અંગે તથા બિલો પાસ કરવા અંગેના મંજૂર થયેલા નિયમોમાં જ્યાં જ્યાં 'શ્રી. એકાઉન્ટન્ટ' છે ત્યાં ત્યાં સુધારો કરી '' શ્રી. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર '' વંચાય તે રીતે વંચાણમાં લેવા બાબત.

(અ) અંગે નિયમ ૪, ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ અને ટની નકલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ નં. ૪ની પેટાકલમ ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ અને ટમાં 'શ્રી. એકાઉન્ટન્ટ'ને બદલે 'શ્રી. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર' એ શબ્દો મૂકીને સદરહુ સુધારેલો નિયમ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૨. ઑર્ડિનન્સ ૬૨-ડી હેઠળ "શ્રી. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર" ને ખરીદી અંગે તથા ભાવતાલ મંગાવવા અંગે નીચે પ્રમાણે સત્તા આપવા વિચારણા કરવા બાબત :

"A committee consisting of the Chief Accounts Officer only to sanction all expenditure other than (1) conduct of the examination and (2) post-graduate works upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૨-ડી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાભવનો, ગ્રંથાલય વિ.ના કાર્યાલય નિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓનાં બાળકોની ફી, પુસ્તકો વિ. માટે રૂ. ૫૦૦ની ગુરુતમ મર્યાદામાં રહીને એજ્યુકેશન એડવાન્સની રકમ આપ્યાના;

(૨) ગુજરાત વિધાનસભાની ચૂંટણી નિમિત્તે બુધવાર, તા. ૨૮—૫—૧૯૮૦ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં રજા જાહેર કર્યાના;

(૩) યુનિવર્સિટીમાં પ્રૌઢશિક્ષણની પ્રોજેક્ટ ઑફિસરની બે હંગામી જગ્યાનાં લાયકાતનાં ધોરણે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ની સભામાં કુલપતિશ્રીને આપેલી સત્તા અન્વયે કુલપતિશ્રીએ નીચે મુજબનાં લાયકાતનાં ધોરણો નક્કી કર્યાના :

A Master's Degree in Second Class with about three years' experience in Adult Education Programme and/or Villege Education Development Programme or extension work of village project;

OR

A master's Degree in Pass Class with about five years' experience in Adult Education Programme and/or Village Education Development Programme or extension work of village project.

OR

A Bachelor's degree in the 1st Class with about six years' experience in Adult Education Programme and/or Village Education Development Programme or extension work of village project.

(૪) મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સાયકોલોજીની જગ્યા માટે મળેલ વરણીસમિતિની તા. ૨૯-૨-૧૯૮૦ની સભાની નોંધમાં બાબત ક્રમાંક ૪ હેઠળ સમિતિના એક સભ્ય ડૉ. બી. સી. મુથૈયાનું નામ છાપભૂલને લીધે રહી ગયેલ હોઈ તે છાપભૂલ સુધાર્યાના;

(૫) યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓનાં બાળકોને ફી, પુસ્તકો વિ. માટે રૂ. ૫૦૦ની ગુરુતમ મર્યાદાને આધીન, એજ્યુકેશન એડવાન્સની રકમ આપવા માટે મંજૂરી આપ્યાના;

(૬) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૯થી બી.એસસી.માં બાયોકેમિસ્ટ્રીનો અભ્યાસક્રમ શીખવવા અંગેની અરજી પર જોડાણ માટેનું જાહેરનામું બહાર પડાવાના;

(૭) એચ. કે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના આચાર્યની નિમણૂક બાબતમાં ગુજરાત લૉ સોસાયટી તરફથી ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પે. એપ્લિકેશનમાં યુનિવર્સિટી પક્ષે એડવોકેટ શ્રી. આઈ. સી. ભટ્ટને રોકવાના તથા તે કામમાં થનાર ખર્ચ મંજૂર કર્યાના;

(૮) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૮૦ થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા કરેલી જોડાણ અરજીના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે વાણિજ્ય વિદ્યાશાખા માટે જરૂરિયાત નહીં હોવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તા. ૨૦–૨–૧૯૮૦ની સભામાં કરેલ ઠરાવ પરત્વે સદરહુ કૉલેજે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પેશિયલ એપ્લિકેશન નં. ૧૪૮૨ (૧૯૮૦)ના કામમાં યુનિવર્સિટી તરફે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાના તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના;

(૯) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજના એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા શ્રી. જે. એસ. પ્રજાપતિએ સંખ્યાધિક્ય તરીકે રક્ષણ આપવાની બાબતમાં ગુજરાત હાઈકોર્ટમાં કરેલી સ્પે. સિ. એપ્લિ. ૧૫૯૬/૮૦ની બાબતમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાના તથા થનાર જરૂરી ખર્ચ મંજૂર કર્યાના;

(૧૦) વિજ્ઞાન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી-પ્રવેશ તેમજ અન્ય આનુષંગિક બાબતો અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિએ તેની તા. ૧૭-૬-૧૯૮૦ના રોજ મળેલી સભામાં કરેલી નીચેની ભલામણો નં. ૧ અને ૨ મંજૂર રાખ્યાના :

સમિતિની ભલામણો

"(૧) અનુ. નિયમ નં. ૧(એ) હેઠળ (I) subjects comprised under the Faculty of Science હેઠળ આપેલ વિદ્યાર્થી પ્રવેશ અંગેની સંખ્યામાં નીચે મુજબનો સુધારો કરવો :

"The maximum number of students that can be admitted to P.G. Centre in various subjects shall be as under :

(1)	Chemistry :	
	(*a*) Organic Chemistry	25 in each part
	(*b*) Physical Chemistry	15 in each part
	(*c*) Inorganic Chemistry	15 in each part
(2)	Physics	15 in each part
(3)	Botany	15 in each part
(4)	Mathematics	15 in each part.

(૨) એમ.એસસી. પાર્ટ ૧ની પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થી એક અનુ. કેન્દ્રમાંથી બીજા અનુ. કેન્દ્રમાં પાર્ટ ૨માં જોડાવા ઇચ્છે તથા બંને અનુ. કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પાસેથી "નો ઑબ્જેકશન" સર્ટિફિકેટ આવશ્યક હોવાથી અનુ. નિયમ નં. ૮ પ્રત્યે અનુ. કેન્દ્રોનું ધ્યાન દોરવું."

(૧૧) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૧–૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૫૦થી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ તરફથી પરિસંવાદ ઑન પબ્લિક એન્ટરપ્રાઈઝ યોજવા માટે રૂ. ૨,૫૦૦ની અંદાજી આવક સામે રૂ. ૨,૩૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કર્યા તેના સંદર્ભમાં સદરહુ સ્કૂલના અધ્યક્ષે તેમના તા. ૨ જૂન ૧૯૮૦ના પત્રથી મોકલેલ રૂ. ૧૦,૦૦૦ની અંદાજી આવક સામે રૂ. ૧૦,૦૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કર્યાના;

(૧૨) ગાંધીનગર કેન્દ્ર પર થર્ડ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. વિજય બાળકૃષ્ણને ગેરરીતિના કેસમાં પરીક્ષા દરમ્યાન ઉઠાડી મૂકતાં તે સામે સદરહુ વિદ્યાર્થીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ અરજી કરી મનાઈ હુકમ મેળવતાં આ અંગે ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગેનું ખર્ચ મંજૂર રાખ્યાના;

(૧૩) રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-કમ-ચાર્જોનો જુલાઈ માસમાં આબોલ ખાતે અને વિદ્યાર્થી નેતાઓનો ઑગસ્ટ માસમાં અમદાવાદ ખાતે પરિસંવાદ યોજવા અંગે અનુક્રમે રૂ. ૧૦,૯૦૪ (દસ હજાર નવસો ચાર) અને રૂ. ૪,૫૫૭ (ચાર હજાર પાંચસો સત્તાવન) મળી કુલ રૂ. ૧૫,૪૬૧ (પંદર હજાર ચારસો એકસઠ)નું ખર્ચ મંજૂર કર્યાના;

(૧૪) યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારી શ્રી. આર. જે. પટેલ (સીનિયર કલાર્ક)ને ખાસ કેસ તરીકે તા. ૩૧–૧૨–૧૯૮૦ સુધી ટીચર્સ હૉસ્ટેલમાં એક રહેઠાણ કામચલાઉ ધોરણે મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૪. યુનિવર્સિટી જર્નલ "વિદ્યા"—બી(સાયન્સીઝ)ના સંપાદક મંડળના સભ્ય ડૉ. જે. જે. ત્રિવેદી એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના આચાર્યશ્રી તરીકે નિવૃત્ત થતાં તેમની જગ્યા પર અન્ય સભ્યની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—સદરહુ સંપાદક મંડળ પર હાલમાં અન્ય નીચેના સભ્યો સેવા આપી રહ્યા છે:

૧. ડૉ. વી. સી. શાહ (ચેરમૅન)
૨. ડૉ. સી. કે. શાહ
૩. ડૉ. સી. જી. ખત્રી
૪. આચાર્ય કે. એન. શાહ
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. ડૉ. એસ. ડી. વર્મા.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી,

૫૫. એમ.એસસી. રસાયણવિજ્ઞાન પાર્ટ—૧ના વિદ્યાર્થી શ્રી. આનલ રમાકાન્ત ભારદ્વાજ અને અન્યોએ હાજરી માફ કરવાની બાબતમાં કરેલ ગુજરાત રાજ્યની વડી અદાલતે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૦૦૯ને કાઢી નાખ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૭. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ઉત્તરવહીઓના પુનર્મૂલ્યાંકન અંગે શ્રી.

નરહરિભાઈ અમીને તેમના તા. ૩૦-૬-૧૯૮૦ ના પત્રથી રજૂ કરેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આ યુનિવર્સિટીના વિવિધ પરીક્ષાઓનાં પરિણામો બહાર પડયા બાદ જે કોઈ વિદ્યાર્થી પોતાની ઉત્તરવહીનું પુનર્મૂલ્યાંકન (રિ-એસેસમેન્ટ) કરવા માંગતો હોય તો તેમ કરવાનું આ સભા ઠરાવે છે અને તેનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલી પરીક્ષાઓથી અમલ કરવો અને વિષય દીઠ રૂ. ૭૫ (અંકે રૂપિયા પંચોતેર પૂરા) ફી લેવાનું આ સભા ઠરાવે છે."

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૩-૧૯૮૦ની સભામાં પરીક્ષાઓના ઉત્તરપત્રોના પુનર્મૂલ્યાંકનના પ્રશ્ન અંગે નીમેલ સમિતિનો રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની અને તા. ૨૭-૬-૧૯૮૦ની સભામાં મૂકવામાં આવેલ હતો પણ સભામાં ગણપૂર્તિને અભાવે તેના પર વિચારણા થઈ શકી નથી.]

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે અગ્રિમતાના ધોરણે વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૫૮. યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી. રઘુવીર ચૌધરીના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"(૧) ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક ભવનોમાં કામ કરતા વ્યાખ્યાતા અને રીડર પોતાની કારકિર્દીનાં દસ વરસ અહીં પૂરાં કરે એમનો મૂળ પગાર રીડર અને પ્રોફેસરના પગારધોરણને સ્પર્શી ગયો હોય અને નિષ્ણાતોની સમિતિ ઉચ્ચતર પદ માટે એમની યોગ્યતા સ્વીકારે તો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ વ્યાખ્યાતાને રીડર અને રીડરને પ્રોફેસરનું પદ આપવા ઠરાવ કરી શકશે.

(૨) છેલ્લાં બે વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓનાં પરિણામ જૂનની પંદરમી પહેલાં આપી શકાતાં નથી તેથી ઉત્તીર્ણ થનાર સ્નાતકો અને અનુસ્નાતકોની આગળની કારકિર્દીના આરંભે ચિંતાજનક વિલંબ થાય છે તો ચાલુ શૈક્ષણિક વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓનાં છેલ્લાં વર્ષની પરીક્ષાઓ માર્ચના ચોથા અઠવાડિયામાં શરૂ કરી દેવા લાગતાં-વળગતાં સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે.

(૩) ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં જે સભાગૃહ છે તેમાં નાના સ્ટેજની સુવિધા છે પરંતુ ગ્રીન રૂમની સગવડના અભાવે તેમ જ પડદા પડતા હોવાથી નાટક આદિ કલાઓની સાહિત્યપૂરક પ્રવૃત્તિઓ કરવામાં અગવડ પડે છે તો ભાષા ભવનના સભાગૃહને સગવડભર્યું કરવા માટે જરૂરી ખર્ચ મંજૂર કરવામાં આવે અને તેની કાર્યવાહી તુરત હાથ ધરવામાં આવે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. કોલગેટ-પામોલિવ (ઇન્ડિયા) લિ. તરફથી આ યુનિવર્સિટીમાં લેવામાં આવતી બી.ડી.એસ. ની ફાઇનલ પરીક્ષામાં (Prosthetic Dentistry) વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને "કોલગેટ ચંદ્રક" એનાયત કરવા માટે મળનાર રૂ. ૭,૫૦૦ના પ્રદાનનો સ્વીકાર કરવા તેમના તા. ૧૭-૬-૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર

મકાન બાંધવા-મરામત કરાવવા અંગે રૂ. ૧૮૮ (૨) પ્રમાણેની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ અને હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
૧.	શ્રીમતી ભદ્રાબહેન એસ. દેસાઈ વૉર્ડન-લેડીઝ હૉસ્ટેલ	૨૨,૦૦૦	ના	ફ્લેટ ખરીદવા માટે
૨.	શ્રી. પી. સી. ચાવડા, હેડ ક્લાર્ક	૧૫,૦૦૦	ના	...

[**નોંધ.**—(૧) તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા તે પર થતી વ્યાજની રકમ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.

(૨) ઉપરના કર્મચારીઓ પેન્શન યોજના સ્વીકારતા નથી તેવો કાર્યાલયને વિકલ્પ આપેલો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ લોન મંજૂર કરવી.

૬૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એન. એન. ઠક્કર (ભૂતપૂર્વ ટેલિફોન ઑપરેટર)ને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦—૨૪૩ ઈ.બી. ૨૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં તા. ૨૩-૧-૧૯૭૯થી રૂ. ૨૪૩ પછીના કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા દેવા બાબત અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૧૨-૩-૧૯૭૯ના ઠરાવ અન્વયે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના આવેલા આનગી હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૨. સ્પેસ સાયન્સના અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને ટી.એ./ડી.એ. આપવા માટે ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી મોકલાવેલા તા. ૨૨-૫-૧૯૮૦ના પત્રાંક યુએસજી. ૧૧૭૯-૨૯૩૪૮૮-૮૦-ખ થી આર્થિક સહાય આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદની સ્વાયત્તતાની અરજી તેઓ ચાલુ રાખવા માંગતા નથી એમ જણાવતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૬-૬-૧૯૮૦ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૪. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન ઇંગ્લિશની જગ્યા માટે તા. ૨૩-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૫-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૩) :

"સદરહુ બાબત અંગે ઊંડાણપૂર્વક ચર્ચાવિચારણા થઈ તે દરમિયાન કેટલાક સભ્યોની વિનંતીથી કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે સમિતિએ સદરહુ જગ્યા માટે જે બે નામોની ભલામણ કરેલી છે તે નામો પ્રાથમિકતાના ક્રમ પ્રમાણે તે સમિતિના નોંધમાં દર્શાવવામાં આવેલાં છે. તે પછી

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની તા. ૨૩-૪-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન ઇંગ્લિશની જગ્યા માટે ક્રમાનુવર્તી એક ઉમેદવારની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. (શ્રીમતી) સગુણા રામનાથન

૨. ડૉ. ભગવતી સિંગ."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૫. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો સર્વશ્રી એ. આર. શાહ, પરેશ મજમુદાર અને કે. ડી. દેસાઈના નીચેના સંયુક્ત પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" The consolidated salary of Research Assistant in the University Departments may be increased from Rs. 300/- per month to Rs. 500/- per month with retrospective effect from 1st April, 1980."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૬. યુનિવર્સિટીમાં હેડકલાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૧૮-૧૨-૧૯૭૫ના જાહેરનામાના સંદર્ભમાં રૂા. ૪૨૫-૧૫-૪૫૫-૨૦-૬૧૫ ઈબી-૨૦-૬૭૫-૨૫-૭૦૦-ઈબી-૨૫-૮૦૦નું પગારધોરણ તે પ્રમાણે તા. ૧-૧-૧૯૭૩થી આપવા અંગેની કેટલાક કર્મચારીઓની તા. ૨૫-૪-૧૯૮૦ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) હાલ યુનિવર્સિટીના હેડકલાર્કને રૂ. ૪૨૫—૧૫—૫૦૦—ઈ.બી.—૧૧—૫૬૦—૨૦—૭૦૦—ઈ.બી.—૨૫—૮૦૦નું પગારધોરણ છે, જ્યારે રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં કૉલેજોમાં અને સરકારમાં ઉપરનું પગારધોરણ છે.

(૩) ઉપરોક્ત પગારધોરણ અપનાવવાથી કેટલાક સભ્યોને આર્થિક ફાયદો થાય છે, જ્યારે કેટલાક સભ્યોને આ તબક્કે નુકસાન થાય છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૭. એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગની એડવાઈઝરી કમિટીની તા. ૩૦-૬-૧૯૮૦ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૮. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૧થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે સમયમર્યાદા બહાર હોવા છતાં સદરહુ કલમની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ તે પર કાર્યવાહી કરવા ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની જૂન ૧૯૮૧થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે તા. ૩૧-૩-૧૯૮૦ની નિયત સમય-મર્યાદા બહાર મળેલ છે અને સદરહુ કલમમાં જણાવ્યા પ્રમાણે તે વિચારણામાં લેવા માટે કોઈ વિશિષ્ટ કારણ આ સભાગૃહને જણાતું નથી તે જોતાં તે અરજી પર વિચારણા કરવી નહીં.

૬૯. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યે વિજ્ઞાનની કૉલેજમાં સંખ્યા ઘટવાના કારણે એફ.વાય.બી.એસસી.માં ચોથો વર્ગ આપવાની પરવાનગી આપવા માટે તા. ૩૦-૬-૧૯૮૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯—૪—૧૯૮૦ની સભામાં કેવળ વિજ્ઞાનની વિદ્યાશાખાવાળી કૉલેજો તેમ જ વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંયુક્ત વિદ્યાશાખાવાળી કૉલેજો માટે ૧૯૮૦—૮૧ના શૈક્ષણિક વર્ષ માટે ત્રણ વર્ગ નિયત કર્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના પ્રશ્નો અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૦. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના ઠરાવ પ્રમાણે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદનું નામ બદલીને તે "શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ" કરવા માટે મંજૂરી માંગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ની વાણિજ્યની નવી વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓ ઓ. ૧૨૦ અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 અન્વયે સમયમર્યાદા બહાર છે, પરંતુ તે પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની જૂન ૧૯૮૧ થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે તા. ૩૧-૩-૧૯૮૦ની નિયત સમય-મર્યાદા બહાર મળેલ છે અને સદરહુ કલમમાં જણાવ્યા પ્રમાણે તે વિચારણામાં લેવા માટે કોઈ વિશિષ્ટ કારણ આ સભાગૃહને જણાતું નથી તે જોતાં તે અરજી પર વિચારણા કરવી નહીં.

૭૨. નવી વાણિજ્યની વિદ્યાશાખાના જોડાણ બાબતમાં પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ-અરજી પરના ચુકાદાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી એમ. પી. ભટ્ટની (૧) Hoover Institute Stanford Universityની મુલાકાતે તથા International Economic Conference, Mexicsમાં તા. ૪-૮-૧૯૮૦થી તા. ૮-૮-૧૯૮૦ દરમિયાન હાજરી આપવા જવા માટે Unassigned grantમાંથી હવાઈ પ્રવાસનું ખર્ચ, હોટેલનો ખર્ચ તથા કન્સિડન્ટલ ખર્ચ માટે એમ કુલ રૂ. ૧૧,૦૦૦ની સહાય આપવા અંગેના તેમના તા. ૨૬-૬-૧૯૮૦ના પત્રથી આવેલી અરજી ઉપર અને તા. ૨૮-૭-૧૯૮૦ થી તા. ૨૦-૯-૧૯૮૦ સુધીની ફરજ પરની રજા/હક્ક રજા મંજૂર કરવા માટેની તેમની તા. ૨-૭-૧૯૮૦ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. તેઓને આ કામ માટે કેટલી અને કયા પ્રકારની રજા જરૂરી છે તેની માહિતી તેમના પત્રમાં આવી નથી.

૨. તેઓને છેલ્લે તા. ૧—૧૦—૧૯૭૬થી તા. ૩૦—૧૧—૧૯૭૯ સુધી યુ. કે. જવા માટે પૂરા પગારની રટડો લીવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૬-૧૦-૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ છે. (તા. ૧૫—૧૦—૧૯૭૬થી તા. ૪—૧૧—૧૯૭૬ની વેકેશન રજાઓ જોડીને.)

૩. આપણા નિયમો પ્રમાણે Study leave may be granted more than once provided not less than five years have lapsed after the teachers returned to duty on completion of earlier spell of study leave.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૪. ડા. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના પ્રોફેસર તથા અધ્યક્ષ ડા. એમ. પી. કક્કરને તા. ૧૬-૭-૧૯૮૦થી ૧૯-૭-૧૯૮૦ દરમ્યાન Bogazici University Istambul, Turckyના આશ્રયે યોજનાર Second International Conference on the Economics of Workers Self-managementમાં હાજરી આપવા એક અઠવાડિયાની રજા તથા તે અંગે થનાર ખર્ચના પેટે આર્થિક સહાય આપવા તેઓના તા. ૪-૭-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ સંસ્થાએ તેઓને ૧૦૦ ડોલર-ના આર્થિક સહાય આપવાનું જણાવેલ છે.

(૨) યુનિવર્સિટીને આ અંગે ડા. કક્કરને ૧૦૦ ડોલર મુસાફરી ખર્ચ તથા ૧૦૦ ડોલર રજિસ્ટ્રેશન ફી તરીકે એમ કુલ ૨૦૦ ડોલર (અંદાજે રૂપિયા ૫,૦૦૦) આપવા પડે.

(૩) વિઝિટિંગ રિસર્ચ સ્કૉલર તરીકે જવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વૉશિંગ્ટન જવા માટે તા. ૧૫-૧ ૧૯૭૯ થી ૧૪-૧-૧૯૭૯ સુધીની રજા આપી હતી.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. યુનિવર્સિટીના કર્મચારીઓનાં સી.ડી.એસ.ની રકમનાં નાણાં રિજિયોનલ પ્રોવિડંટ ફંડ કમિશનરની ઑફિસમાંથી યુનિવર્સિટીમાં મોકલેલ સ્ટેટમેન્ટના સંદર્ભમાં મળે તે પહેલાં કર્મચારીઓને યુનિવર્સિટી ફંડમાંથી આપવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા તથા ભવિષ્યમાં આ પ્રથા ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. પ્રથમ વર્ષ વિનયન તથા પ્રથમ વર્ષ વાણિજ્યના એક એક વધારાનો વર્ગ આપવા સારૂ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રી તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કૉલેજમાં ચાલુ પ્રથમ વર્ષ વિનયનના બે અને પ્રથમ વર્ષ વાણિજ્યના બે એમ બધા કુલ ચાર વર્ગો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અગાઉ બાબત નં. ૬૯ના ઠરાવમાં જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિ પર શ્રી ધુધીરભાઈ નાણાવટીને એક વધારાના સભ્ય તરીકે નીમવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કોલેજોમાં ચાલુ વર્ષે પ્રવેશ અંગેના તમામ પ્રશ્નો પણ સદરહુ સમિતિની વિચારણા માટે મૂકવાનું રાખવું.

૭૭. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨-૭-૧૯૮૦ના પત્રથી આવેલી નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) જ્યારે જ્યારે વિદ્યાર્થી આંદોલન થાય છે ત્યારે પોલીસોની વાન દોડતી આવે છતાં યુનિવર્સિટી ઉપર પથ્થરમારો અને તોડફોડ કરવામાં આવે છે. ત્યારે કર્ફ્યુ જાહેરાત બોલાવવામાં આવે છે, તેને બદલે વિદ્યાર્થીઓનું સામૂહિક ટોળું કેમ્પસના સંકુલમાં દાખલ થાય કે તુરત જ કર્મચારીઓની સલામતી યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવી જોઈએ.

(૨) પરીક્ષા વિભાગ અને હિસાબ વિભાગ પર પ્રત્યેક બારી કાચની સાથે સાથે લોખંડની જાળી વાળી અંદરથી બંધ થઈ શકે તેવી બારીઓ મૂકી છે તેવી બારીઓ અન્ય તમામ વિભાગોમાં મૂકવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે.

(૩) કર્મચારીઓનાં વાહનો જેવાં કે સાઈકલ-સ્કૂટર વગેરે માટે યુનિવર્સિટીએ કેન્ટીનની બાજુમાં સ્ટેન્ડ રાખ્યું છે ત્યાં જે વાહનો મૂકવામાં આવેલાં છે તેનો સામૂહિક વીમો ઉતરાવવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, જેનું પ્રીમિયમ યુનિવર્સિટીએ ભરવાનું રહેશે.

(૪) ધાંધલ-ધમાલ દરમ્યાન કોઈ પણ કર્મચારીને શારીરિક કોઈ પણ પ્રકારની ઈજા થાય તેના કોમ્પેન્સેશન માટે વીમો ઉતરાવવાની તાત્કાલિક જોગવાઈ કરવામાં આવે, જેનું પ્રીમિયમ ઑફિસે ભરવાનું રહેશે

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૮. યુનિવર્સિટીના પ્રકાશન વિભાગનું પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી. કે. ડી. પંડ્યાને કાયદાવાણિજ્યની કૉલેજમાં અંડ સાયન્સના વ્યાખ્યાતા તરીકેની કામગીરી સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગેનો તેઓનો તા. ૩૦-૬-૧૯૮૦નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૮-૧૯૭૩ની તથા ત્યાર બાદ તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભાઓમાં શ્રી. પંડ્યાની આ પ્રકારની વિનંતી સ્વીકારવામાં આવી નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. ચનશ્યામભાઈ પરીખના રાજીનામા અંગેના પ્રસ્તાવ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની સભામાં સભ્યોની ગેરહાજરી રહેલી હોવાથી અને તેથી હેવાલ તૈયાર થતો ન હોવાથી આ બાબત સીધી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ સીધી ચર્ચા અને યોગ્ય નિર્ણય લેવા માટે તેમના તા. ૨-૭-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૫–૧૯૮૦ની સભામાં આ અંગે એક સમિતિની રચના કરી હતી જે સમિતિની એક બેઠક તા. ૧૧–૬–૧૯૮૦ના રોજ મળેલ, બીજી સભા તા. ૨૦–૬–૧૯૮૦ના રોજ રાખેલ પણ મોટા ભાગના સભ્યો હાજર ન હોવાથી સભા મળી શકી નહીં. ત્રીજી સભા તા. ૭–૭–૧૯૮૦ના રોજ રાખી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૦. સમાજવિદ્યા ભવનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. કે. વ્યાસનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૩–૭–૧૯૮૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૪–૭–૧૯૮૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. કે. વ્યાસની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડિરેક્ટર તરીકે હાલ માનાર્હ ધોરણે વ્યવસ્થા કરવામાં આવી છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કુલપતિશ્રીએ ઑર્ડિ. ૧૬૭ની પેટાકલમ ૨ અન્વયે પોતાની નીચેની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરી :

" કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના પૂરા સમયના ડિરેક્ટર તરીકે શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ (હાલ કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી)ને નીમવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને મારી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખને નીમવા તથા સદરહુ નિમણૂકના અમલની તારીખ તથા અન્ય સંબંધકર્તા વિગતો ઉપર આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી અને સદરહુ ઠરાવ અમલમાં ન આવે ત્યાં સુધી કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડિરેક્ટરની માનાર્હ ધોરણે કરવામાં આવેલી વ્યવસ્થા ચાલુ રાખવી.

૮૨. નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદના પ્રમુખશ્રી તરફથી જૂન ૧૯૮૨ થી નડિયાદ ખાતે વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે મોડી હોવા છતાં કુલપતિશ્રીએ વાણિજ્ય વિદ્યાશાખામાં ચાલુ વર્ષે પ્રવેશ માટે નડિયાદમાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં અરજી પર કાર્યવાહી કરવા ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ચાલુ વર્ષે નડિયાદની એકમાત્ર કૉમર્સ કૉલેજ—આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ—માં ફર્સ્ટ ઈયર કૉમર્સના વર્ગમાં ૫૦૦ વિદ્યાર્થીઓને દાખલ કર્યા પછી પણ લગભગ ૪૦૦ જેટલી અરજીઓ બાકી રહેવા પામી છે તે હકીકત લક્ષમાં લઈને ઠરાવવામાં આવ્યું કે સદરહુ સોસાયટીની બેડાણુ-અરજી પર આગળની કાર્યવાહી કરવી.

૮૩. ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, નડિયાદના માનદ મંત્રીશ્રી તરફથી જૂન ૧૯૮૧થી નડિયાદ ખાતે વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે મોડી હોવા છતાં કુલપતિશ્રીએ વાણિજ્ય વિદ્યાશાખામાં ચાલુ વર્ષે પ્રવેશ માટે નડિયાદમાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં અરજી પર કાર્યવાહી કરવા ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ચાલુ વર્ષે નડિયાદની એકમાત્ર કૉમર્સ કૉલેજ—આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ—માં ફર્સ્ટ ઈયર કૉમર્સના વર્ગમાં ૫૦૦ વિદ્યાર્થીઓને દાખલ કર્યા પછી પણ લગભગ ૪૦૦ જેટલી અરજીઓ બાકી રહેવા પામી છે તે હકીકત લક્ષમાં લઈને ઠરાવવામાં આવ્યું કે સદરહુ ટ્રસ્ટની જોડાણઅરજી પર આગળની કાર્યવાહી કરવી.

૮૪. સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, નડિયાદના ટ્રસ્ટી તરફથી જૂન ૧૯૮૧થી તેમના મંડળ દ્વારા ચાલતી યુનિ. ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ સાથે વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે મોડી હોવા છતાં કુલપતિશ્રીએ વાણિજ્ય વિદ્યાશાખામાં ચાલુ વર્ષે પ્રવેશ માટે નડિયાદમાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં અરજી પર કાર્યવાહી કરવા ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ચાલુ વર્ષે નડિયાદની એકમાત્ર કૉમર્સ કૉલેજ—આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ—માં ફર્સ્ટ ઈયર કૉમર્સના વર્ગમાં ૫૦૦ વિદ્યાર્થીઓને દાખલ કર્યા પછી પણ લગભગ ૪૦૦ જેટલી અરજીઓ બાકી રહેવા પામી છે તે હકીકત લક્ષમાં લઈને ઠરાવવામાં આવ્યું કે સદરહુ ટ્રસ્ટની જોડાણ-અરજી પર આગળની કાર્યવાહી કરવી.

૮૫. ઑર્ડિનન્સ ૧૨૦-બીની પેટાકલમ (૪)માં સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦-બીની પેટાકલમ (૪)માં "four divisions of a class" એ શબ્દોને બદલે "four divisions of a class in all faculties taken together" એ શબ્દો મૂકીને સદરહુ ઑર્ડિનન્સ સુધારવો અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૫૫૭૮૨ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ—૩૮૦ ૦૦૯
તા. ૨૧-૭-૧૯૮૦

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪૩

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

ક્રમાંક	નામ	વિષય	માન્યતા નંબર/તારીખ
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ			
૧.	ડૉ. આર. ડી. ભટ્ટાચાર્ય	ફિઝિયોલોજીના આસિ. પ્રાધ્યાપક	સિં./અધ્યા./૮/૪૧૨૫૭ ૧૮-૬-'૮૦
૨.	ડૉ. જી. ડી. મજમુદાર	સર્જરીના ખંડ સમયના જુ. લેક્ચરર	સિં./અધ્યા./૮/૪૧૨૭૩ ૧૮-૬-'૮૦
૩.	ડૉ. એ. એમ. પારેખ	મેડિસિન અને પેરાપ્યુટિકસના જુ. લેક્ચરર	,,
૪.	ડૉ. એન. એમ. દારૂવાળા	ફિઝિયોલોજીના ટ્યૂટર	સિં./અધ્યા./૮/૧૭૫૩૮ ૧૪-૫-'૮૦
૫.	ડૉ. એસ. બી. પટેલ	,,	,,
૬.	ડૉ. વી. જે. પટેલ	બાયોકેમિસ્ટ્રીના ટ્યૂટર	સિં./અધ્યા./૮/૨૧૭૪૩ ૨૧-૪-'૮૦
૭.	ડૉ. એસ. યુ. કાંત્રોડીઆ	જનરલ સર્જરીના જુ. લેક્ચરર	સિં /અધ્યા./૮/૨૨૪૭૮ ૨૫-૪-'૮૦
૮.	ડૉ. એન. જી. સોની	એનેસ્થેસિયોલોજીના જુ. લેક્ચરર	સિં./અધ્યા/૮/૩૯૭૩ ૧૭-૫-'૮૦
૯.	ડૉ, એમ. એચ. પરમાર	એનેસ્થેસિયોલોજીના ટ્યૂટર	,,
૧૦.	ડૉ. કે. એલ. શેઠ	સર્જરીના ખંડ સમયના આસિ. પ્રાધ્યાપક	સિં./અધ્યા./૮/૩૬૧૧૪ ૧૯-૬-'૮૦
નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ			
૧૧.	શ્રી. એમ. આઈ. શાહ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૫ ૧૦-૪-'૮૦
સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ			
૧૨.	શ્રી. ડી. એસ. દવે	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા	સિં./અધ્યા.'૮/૪૦૨૩૨
એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ			
૧૩.	ડૉ. જે. જે. ત્રિવેદી	આચાર્ય	સિં./અધ્યા./૮/૪૬૩૨ ૨૯-૫-'૮૦

૧	૨	૩	૪

અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧૪.	શ્રી. એમ. વાય. કૉન્ટ્રાક્ટર	માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૪૦૨૩૧ ૫-૬-'૮૦
૧૫.	શ્રી. જી. એન. સુવા	ભૌતિકવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,

શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ

૧૬.	શ્રી. એસ. વી. અગ્રવાલ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૯ ૧૦-૪-'૮૦

(**નોંધ.**—પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાનો પ્રશ્ન થાય તો સંખ્યાધિક્યમાંથી નિમણૂક કરવાનું રાખવા વિનંતી છે.)

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૧૭.	શ્રી. એસ. એમ. દેસાઈ	કેમિસ્ટ્રીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૪૦૨૨૬ ૫-૬-'૮૦

કલોલ મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ

૧૮.	શ્રી. જી. એન. સુવા	ભૌતિકવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૪૦૨૨૭ ૫-૬-'૮૦

શ્રી. એચ. એસ. શાહ કૉલેજ, મોડાસા

૧૯.	શ્રી. એસ. એન. મહેતા	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિ./અધ્યા./૮/૮૫૮ ૧૦-૪-'૮૦

શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

૨૦.	શ્રી. જી. વી. પટેલ	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૪

એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા

૨૧.	શ્રી. જી. વી. પટેલ	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૩ ૧૦-૪-'૮૦

દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ

૨૨.	શ્રી. એસ. ટી. પટેલ	કૉમર્સના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૧ ૧૦-૪-'૮૦

શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વિસનગર

૨૩.	શ્રી. એન. બી. શાહ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૫૭ ૧૦-૪-'૮૦

૧	૨	૩	૪
શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા			
૨૪.	શ્રી. આર. એચ. દેસાઈ	ભૌતિક વિજ્ઞાન ખંડ સમયના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૪૦૨૩૩ ૫—૬—'૮૦
શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ			
૨૫.	શ્રી. જે. એસ. પ્રજાપતિ	એકાઉન્ટન્સી અને કૉમર્સના વ્યાખ્યાતા	સિ/અધ્યા/૮/૬૪૧૬ ૨૯—૫—'૮૦
જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ			
૨૬.	શ્રી. પી. સી. શાહ	એકાઉન્ટન્સી અને કૉમર્સના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૧૯૩૬૨ ૧૯—૫—'૮૦
સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, કપડવંજ			
૨૭.	શ્રી. એસ. જે. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૪૦૨૨૯ ૫—૬—'૮૦
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર			
૨૮.	શ્રી. ડી. એ. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૪૦૨૩૦ ૫—૬—'૮૦
એમ. ડી. કૉમર્સ એન્ડ બી. ડી. શાહ આર્ટ્સ કૉલેજ, મહુધા			
૨૯.	શ્રી. એસ. જે. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૪૦૨૩૦ ૫—૬—'૮૦

આ અગાઉ માન્ય થયેલા અને જેમના પદમાં કોઈપણ ફેરફાર થયો નથી અને જેમની નિમણૂંકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી :

સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ			
૧.	શ્રી. વાય. પી. દવે	મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૩૪૯૭૩ તા ૪—૬—'૮૦
આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ			
૨.	શ્રી. કે. પી. પટેલ	વેપારી કાયદાના ખંડ-સમયના વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૨૨૪૭૪ તા. ૨૫—૪—'૮૦
સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ, ગાંધીનગર			
૩.	શ્રી. આર. આઈ. અલવાણી	કૉમર્સ અને એકાઉન્ટન્સી વ્યાખ્યાતા	સિં/અધ્યા/૮/૪૦૩૫ ૨૭—૫—'૮૦
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર			
૪.	શ્રીમતી એચ. એમ. પંડ્યા	ગુજરાતીના ખંડસમયના	સિં/અધ્યા/૮/૨૨૪૭૩ તા. ૨૫—૪—'૮૦

કુલપતિશ્રીએ અભ્યાન્ય કરેલા શિક્ષકોની યાદી

ભવન્સ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ડાકોર

૧. શ્રી. એસ. બી. અમીન	ભૌતિક વિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક લાયકાત નહિ ધરાવતા હોવાથી	સિં./અધ્યા./૮/૪૦૨૩૪ તા. ૫—૬—'૮૦

શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વિસનગર

૧. શ્રી. જી. એન. પટેલ	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહિ હોવાથી	,, ૧૧૪૦૪ તા. ૧૪—૮—'૮૦

એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાત

૩. શ્રી. સંતપ્રસાદ શ્રીવાસ્તવ	ફાર્મા. કેગ્નોસીના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક અનુભવ નહિ હોવાથી	,, ૨૧૯૮૦ તા. ૨૧—૪—'૮૦
૪. શ્રી. જવાહરસીંગ દાનગી	ફાર્મસીના ટ્યુટર	,,	,, ,,

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની જુલાઇ માસની વિશેષ સભા, બુધવાર, તા. ૨૩—૭—૧૯૮૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઇ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩-૭-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઇ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલકશ્રી ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૪.	શ્રી. રજનીકાંત વિઠ્ઠલભાઇ પટેલ	હાજર
૫	શ્રી. સુધીરભાઇ આઇ. નાણાવટી	હાજર
૬.	શ્રી. નરહરિ એચ. અમીન	હાજર
૭.	ડૉ. પરેશભાઇ એમ. મજમુદાર	હાજર
૮.	ડૉ. મહેન્દ્ર નાનુભાઇ દેસાઇ	હાજર
૯.	આચાર્ય ઘનશ્યામભાઇ બી. પરીખ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઇ એમ. દેસાઇ	હાજર
૧૨.	શ્રી. અરવિંદભાઇ આર. શાહ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૫.	શ્રી. એન. આર. શાહ	હાજર
૧૬.	શ્રી. નરહરિ એમ. પરીખ	હાજર
૧૭.	શ્રી. કે. ડી. દેસાઇ	હાજર
૧૮.	શ્રી. શાન્તુભાઇ સી. પટેલ	હાજર
૧૯.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૫/૬/૨૩-૭-૧૯૮૦ ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૩—૭-૧૯૮૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

૧. પાના નં. ૨૧, બાબત ક્રમાંક ૪૮ : પાંચ પછી નીચે પ્રમાણે ઠરાવ વાંચવો :
'સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.'

૨. પાના નં. ૩૨, બાબત ક્રમાંક ૬૨ : '(અ) તા. ૨૨—૭—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે બતાવેલ છે તે પરિશિષ્ટ "ટ" તરીકે વાંચવું.'

(બ) પરિશિષ્ટ "ઝ"ની નકલ આ સાથે સામેલ છે.'

સભાના પ્રારંભમાં કુલપતિશ્રીએ સભાગૃહના નવા સભ્ય શ્રી. શાન્તુભાઈ પટેલને સદ્‌ભાવપૂર્વક આવકાર આપ્યો.

૧. તા. ૫/૬-૭-૧૯૮૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૫/૬—૭—૧૯૮૦ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેની બે છાપભૂલો સુધારીને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૪૩ ના **પરિશિષ્ટ "ક"** માં 'ડૉ. જે. જે. ત્રિવેદી'ને બદલે 'ડૉ. જે. પી. ત્રિવેદી' વાંચવું; અને

(૨) બાબત ક્રમાંક ૪૫ના ઠરાવમાં '(૧) પ્રોફેસર' હેઠળ કંડિકા (૨) ની બીજી લીટીમાં 'enternal' ને બદલે 'external' વાંચવું.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪-૬-૧૯૭૯ની સભાના ઠરાવ નં. ૬ અનુસાર ૧૯૭૯-૮૦ના શૈક્ષણિક વર્ષ માટે નિયુક્ત થયેલી રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત પૂરી થતી હોઈ ૧૯૮૦—૮૧ ના વર્ષ માટે તેની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**-સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના પત્રાંક ડી.ઓ નં. એફ ૧૯-૮ : ૭૬—એસ.વાય., તા. ૨૨-૫-૧૯૭૬માં નીચે મુજબ ભલામણ કરવામાં આવી છે :

"The Universities should set up Advisory Committees for the N.S.S. under the Chairmanship of the Vice-Chancellor. The University Advisory Committee should consist of Principals of all colleges selected for the programme, the concerned teachers, office-bearers of college NSS units and the President of the University Students' Union. The Constitution of the Advisory Committee for affiliating Universities whose colleges may be widely dispersed may be suitably modified to suit their requirements.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. બોર્ડ ઓફ સ્પોર્ટ્સની રચના અંગેના ઓર્ડિ. ૭ ની કલમ (ii) પ્રમાણે બોર્ડ ઓફ સ્પોર્ટ્સ ઉપર ત્રણ વિભાગોમાંથી એક એક આચાર્યશ્રી અને કલમ (v) પ્રમાણે ચાર નિષ્ણાત સભ્યોની ત્રણ વર્ષ માટે નિયુક્તિ કરવા તેમ જ કલમ (vi) અને (vii) અન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪. સ્વ. ડૉ. ન. મૂ. શાહ સ્મારક સન્માન નિધિ ગ્રંથમાળા માટે નીમેલી પ્રકાશન સલાહકાર સમિતિ પર વિજ્ઞાન વિષયના બે વિદ્વાનોની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—૧. સદરહુ સમિતિની રચના નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી, અને
૩. બે વિજ્ઞાન વિષયના વિદ્વાનો.....હાલ બે વિદ્વાનો ૧. ડૉ. એમ. એન. દેસાઈ (જેઓ વિદ્યાશાખાના અધ્યક્ષ છે, અને ૨. ડૉ. જે. જે. ત્રિવેદી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રંથમાળા માટે નીમવામાં આવેલી પ્રકાશન સલાહકાર સમિતિ પર આચાર્ય કે. એન શાહ અને આચાર્ય એમ. જે. પટણીને નીમવા.

૫. નીચે જણાવેલાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની સને ૧૯૮૦-૮૧ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ માટે સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. વિજ્ઞાન વિદ્યાભવન
૨. ભાષા-સાહિત્ય ભવન
૩. સમાજવિદ્યા ભવન
૪. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર તત્ત્વજ્ઞાન વિદ્યાભવન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે નીચે મુજબ સમિતિઓ નીમવી :

ક્રમાંક ભવનનું નામ		**સભ્યોનાં નામ**
૧. વિજ્ઞાન વિદ્યાભવન	...	૧. ડૉ. ડી. લાલ ૨. ડૉ. રાધાકૃષ્ણન્
૨. ભાષા-સાહિત્ય ભવન	...	૧. શ્રી. નગીનદાસ શાહ ૨. શ્રી. બી. જે. સાંડેસરા
૩. સમાજવિદ્યા ભવન	...	૧. ડૉ. વાય. કે. અલઘ ૨. ડૉ. એસ. સી મિશ્ર (વડોદરા)
૪. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન	...	૧. ડૉ. એસ. કે. મિત્ર ૨. ડૉ. દોલતભાઈ બી. દેસાઈ

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ "૨"ની જગ્યા વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે મુજબ વરણીસમિતિ રચવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. શ્રી. સુધીરભાઈ નાણાવટી
૩. શ્રી. કુલસચિવ
૪. શ્રી. વિકાસ અધિકારી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના રીડર ડૉ. વાય. કે. શાહને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવના સંદર્ભમાં તા. ૧૫-૬-૧૯૮૦થી ત્રણ વર્ષ માટે બિનપગારી અભ્યાસ-રજા મંજૂર કરવામાં આવેલ હોઈ તેમની ગેરહાજરી દરમિયાન તે જગ્યા પર હંગામી ધોરણે લેક્ચરરની નિમણૂક કરવા માટે વરણીસમિતિની રચના કરવા બાબત :

અને

૨૩. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના લેક્ચરર ડૉ. એચ. વી. સુથારને તા. ૧૫-૬-૧૯૮૦-થી ૭-૪-૧૯૮૧ સુધી રજા મંજૂર કરવામાં આવેલ હોઈ તેમની ગેરહાજરી દરમિયાન તે જગ્યા પર હંગામી ધોરણે નિમણૂક કરવા માટે વરણીસમિતિની રચના કરવા બાબત.

બાબત નં. ૭ અને ૨૩ ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૭માં જણાવેલી જગ્યા માટે નીચે મુજબ વરણીસમિતિ રચવી :

૧. પ્રો. એ. જી. પાઠક
૨. ડૉ. વાય. એસ. સાઠે

બાબત નં. ૨૩ અંગે ઠરાવવામાં આવ્યું કે એક વર્ષથી ઓછી મુદતની જગ્યા માટે હંગામી ધોરણે નિમણૂક કરવાનું રાખવું નહીં.

૮. બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં કામ કરતા કર્મચારીના મૃત્યુ પછી કે અપંગતાના સંજોગોમાં તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા બાબતમાં પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ બિનશિક્ષક કર્મચારી મંડળ (અમદાવાદ શહેર) તરફથી આવેલ તા. ૧૪-૫-૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીની કોઈ જગ્યા તેના મૃત્યુ કે અપંગપણાને કારણે ખાલી પડે તે સંજોગોમાં, શક્ય હોય ત્યાં સુધી, તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને ભલામણ કરવી.

૯. વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકને અભ્યાસ રજા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ ની સભામાં થયેલ ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકને તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૭—૪—૧૯૮૧ સુધી પૂરા પગારે રજા આપવી અને ટીચિંગ મટિરિયલ્સ વિ. માટે રૂ. ૫,૦૦૦ આપવા અંગેની તેમની વિનંતી મંજૂર કરવી નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૧૦. શ્રી. શરદભાઈ પટેલના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"દરમ્યાન આ ૯૦ જેટલા કર્મચારીઓ સિવાયના તમામ કર્મચારીઓને ૫ ટકા વેઈટેજનો લાભ તા. ૧--૧—૧૯૭૩થી મળેલ હોઈ આ ૯૦ જેટલા કર્મચારીઓને પણ તા. ૧-૧-૧૯૭૩

મળે કે જેનો અંદાજી કુલ ખર્ચ રૂ. ૯૭,૨૦૦ થવા જાય છે. તા. ૧—૧—૧૯૭૩થી ૩૧—૧૨–૧૯૭૩ સુધી કશું જ આપવાનું નથી. ફક્ત તા. ૧–૧–૧૯૭૪થી તા. ૩૧–૩–૧૯૭૯ સુધીનો તફાવત આપવાનો હોઈ આ રકમ યુનિવર્સિટી જેવી સંસ્થા માટે વધુ નહીં હોઈ તેથી યુનિવર્સિટી એકી સાથે ચૂકવી શકે તેમ છે તેમ છતાં તેમ શકય ન બની શકે તો તેના સરખા પાંચ હપતા કરીને પહેલો હપતો તા. ૧—૬–૧૯૮૦ સુધીમાં, બીજો હપતો તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધીમાં, ત્રીજો હપતો તા. ૧—૬—૧૯૮૧ સુધીમાં, ચોથો હપતો તા. ૩૧–૧૨–૧૯૮૧ સુધીમાં, પાંચમો હપતો તા. ૧—૬—૧૯૮૨ સુધીમાં ચૂકવી આપી આ પાંચ ટકા વેઇટેજનો તફાવત આ ૯૦ કર્મચારીઓને ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહે તેની તા. ૨૪/૨૫–૨–૧૯૭૯ની સભામાં કરેલા ઠરાવના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૧૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રોફેસર તરીકે નિમાયેલા પ્રો. જી. પી. કેશવને પ્રોફેસરના રૂ. ૧,૫૦૦-૨,૫૦૦ના પગારધોરણમાં તેઓને રૂ. ૧,૫૦૦ ના મૂળ માસિક પગારને બદલે ચાર ઇજાફા સાથેનો મૂળ પગાર (એટલે કે રૂ. ૧,૭૪૦નો મૂળ પગાર) આપવા અંગેના તેઓના તા. ૯–૬–૧૯૮૦ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં નિમાયેલા પ્રાધ્યાપક પ્રો. જી. પી. કેશવને તેમની નિમણૂકની તારીખથી સદરહુ પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૨૦ કરી આપવો.

૧૨. "ભારતીય બૅંકિંગ કાનૂન અને વ્યવહાર" (બૅંકિંગ લૉ ઍન્ડ પ્રેક્ટિસ ઇન ઇન્ડિયા)-ના ગુજરાતી અનુવાદના પુનર્મુદ્રણ અંગે તા. ૨૫–૧૨–૧૯૭૯ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં જે શરતો નક્કી કરી હતી તે બાબતમાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ તેમના તા. ૨૬–૪–૧૯૮૦ ના પત્રથી નવી જ શરતો સૂચવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—સદરહુ પુસ્તકનું પુર્નમુદ્રણ કરવામાં આવે તો ૧,૦૦૦ નકલના અંદાજે રૂ. ૨૫,૦૦૦ જેટલો ખર્ચ થાય તેમ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રંથની બીજી આવૃત્તિ યુનિવર્સિટીએ પોતા થકી પ્રકાશિત કરવાનું રાખવું.

૧૩. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં શ્રી. યુ. બી. ગોઠીની નિમણૂક દ્વારા આંકડાશાસ્ત્રના શૈક્ષણિક કાર્ય માટે કરેલ વ્યવસ્થાને ૧૯૭૯–૮૦ના શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય રાખવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**– ૧. શ્રી. યુ. પી. ગોઠી, બી.એસસી. પ્રથમ વર્ગ (૬૯ ટકા) અને એમ એસસી. આંકડાશાસ્ત્ર સાથે પ્રથમ વર્ગ (૬૨ ટકા) ધરાવે છે.

૨. સંખ્યાધિક શિક્ષકોની યાદીમાંથી શિક્ષકની નિમણૂક કરવી જોઈએ તે કૉલેજે કરેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરી શકાય તેમ નથી એમ સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૧૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં આચાર્ય તરીકે નિમાયેલ શ્રી. નયનાબહેન કે. શાહની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ૧. આચાર્યપદ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ, તેઓને ઑર્ડિ. ૬૫—એફ અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષક થવા માટે મદદનીશ શિક્ષક તરીકેનો પૂરતો શૈક્ષણિક અનુભવ નથી અને સંશોધન પેપરો પ્રગટ કરેલાં હોવાં જોઈએ જે તેઓએ પ્રગટ કરેલાં નથી.

૨. તેમની નિમણૂક તા. ૧૫—૬—૧૯૭૮થી થયેલ છે.

૩. તેમની નિમણૂક બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવો નીચે ટાંક્યા છે :

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૭-૧-૧૯૭૮ની સભાનો ઠરાવ ક્રમાંક ૯૪

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલક મંડળને જણાવવાનું કે યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક અંગે જરૂરી કાર્યવાહી કરીને તાત્કાલિક પણ મોડામાં મોડી તા. ૩૧—૩—૧૯૭૯ સુધીમાં કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું."

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૬-૧૦-૧૯૭૯ની સભાનો ઠરાવ ક્રમાંક ૬૫

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવા માટે આગ્રહ રાખવો."

૪. અમદાવાદ કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીએ તેમના તા. ૨૩—૫—૧૯૮૦ના પત્રથી આ નિમણૂક કૉન્ડોન કરવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, એન્ડ વી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાના આચાર્યશ્રીએ યુનિવર્સિટીની પરીક્ષા માટે કૉલેજના શિક્ષકોને સીનિયર સુપરવિઝનનું કામ નોકરીના એક ભાગ તરીકે ગણી ફરજિયાત કરવાના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરનું સંચાલન તા. ૧-૪-૧૯૮૦ થી શ્રી પાલનપુર સોસાયટી ફૉર ટીચર્સ એજ્યુકેશન, પાલનપુરને સોંપવા અંગેની જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧-૫-૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ :** (૧) ગુજરાત સરકારે તા. ૨૭-૭-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭-ખ ના પેરા ૬(૮) અનુસાર કૉલેજનું સંચાલન ત્રણ વર્ષની મુદતમાં સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ સોસાયટી/ટ્રસ્ટને સોંપવું જરૂરી છે તેમ આચાર્યે નોંધ કરી છે,

(૨) સદરહુ ઠરાવની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૧૩ થી નોંધ લીધી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૭. વિજ્ઞાનવિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ તરફથી પ્રકાશિત કરવામાં આવતા "અંકુર" ના અંક માટે યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ આપવામાં આવતી આર્થિક સહાય રૂ. ૬૦૦–૦૦થી વધારીને રૂ. ૧,૦૦૦–૦૦ આપવા માટે ભવનના અધ્યક્ષશ્રી તરફથી તા. ૨૧–૫–૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રકાશન 'અંકુર' માટે વાર્ષિક આર્થિક સહાય રૂ. ૬૦૦/–થી વધારીને રૂ. ૧,૦૦૦/– કરવી.

૧૮. એમ.એ./એમ.કોમ. (એકસ્ટ.) પાર્ટ ૧ અને ૨ ની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોય તેઓને સદરહુ પરીક્ષાઓનાં પરિણામ જાહેર થયા તારીખથી ૬ માસમાં પરીક્ષા ફી પરત મેળવી લેવાનું રાખવાની જોગવાઈ માટે ઓર્ડિ. એમ.એ. (એકસ્ટ.) ૬ (૩) અને ઓર્ડિ. એમ.કોમ. (એકસ્ટ.) ૬(૩) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. M.Com. (Ext.) 6 :

3. Where a candidate remains absent at the M.A./M.Com. (External) Part–I or Part–II Examination, as the case may be, amount of Rs. 25/– only will be refunded to him at his cost.

Such refund must be claimed by the candidate within a period of six months from the date of declaration of the result of the examination in which he/she was to have appeared.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૯. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. પી. શાહ પ્રોફેસરની જગ્યા પર તા. ૨૪–૮–૧૯૭૭ ના રોજ જોડાયા હતા તે પહેલાં તેઓની રીડરની જગ્યાની પગારવધારાની તારીખ ૧ લી ઓકટોબર હોઈ તે તારીખ પછીથી તેમણે પ્રોફેસરની જગ્યાનો ચાર્જ લીધો હોત તો તેમને રીડરની જગ્યાના પગારવધારાનો લાભ મળ્યો હોત તેવી ગણતરી કરી તેઓ જ્યારે પ્રોફેસરની જગ્યાએ નિમાયા ત્યારે તે લાભ હવે આ તબક્કે આપવા તેમના તા. ૨–૬–૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. પી. શાહની સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી એમ તેમને સખેદ જણાવવું.

૨૦. યુનિવર્સિટીના શિક્ષકોની વરણી અંગેની કાર્યવાહીના સંદર્ભમાં ડા. કુસુમ કે. ભટ્ટે હાઈ કોર્ટમાં કરેલી રિટ ક્રમાંક સ્પે.સી.એ. નં. ૧૨૮૫–૧૯૮૦ ના સંદર્ભમાં એડવોકેટ શ્રી. એસ. એન. શેલતની નીચેની નોંધ પર વિચારણા કરવા બાબત :

The University being a public body is answerable to the High Court under Artical 226 of the constitution of India for the appointment made in any of its institutions. The University is "State" within the meaning of Article 12 and any appointment to a public office.

When an appointment is to be made on merit by the Selection Committee, the Supreme Court has insisted that the Selection Committee should act in an objective manner and avoid arbitrariness. In order to avoid a charge of arbatrariness, it is desirable that while assessing the merit of each candidate several heads of criteria may be laid down and marks be allotted under the several heads. A Record be maintained, so that in future any recommendations of the selection committee is challenged the record would speak for itself. Presently the minutes of the Selection Committee do not show as to what weighod with the Selection Committee while making recommendation in order of preference. The various heads on which an individual candidate can be assessed has been will explained by the Supreme Court in 1971.

(2) Supreme Court cases 452 at page 468. The relevant observation are as under :

"...No doubt the term "merit" is not capable of an easy definition, but it can be safely said that merit is a sum total of various qualifies and attributes of an employee such as his academic qualifications, his distinction in the University, his character, intergrity, devotion to duty and the manner in which he discharges his official duties. Allied to this may be various other matters or factors such as his punctuality in work, quality and outturn of work done by him and the manner of his dealings with the superiors and subordinate officers and the general public and his rank in the service. We are only indicating some of the broad aspects that may be taken into account in assessing the merits of an officer.

The passage digested aforesaid can well servo a guide to the Selection Committee.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૨૧ અને ૨૨ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૧. યુનિવર્સિટીના કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ પર શ્રી. અનિરુદ્ધ યાજ્ઞિકના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—૧. આ સમિતિ પર યુનિ. કર્મચારી સંઘના પ્રતિનિધિને નીમવા માટે સંઘ તરફથી તેમના તા. ૩-૫-૧૯૮૦ના પત્રથી વિનંતી કરવામાં આવી છે.

૨. હાલની સ્થાયી સમિતિ પર અન્ય સભ્યો :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. કે. એસ. શાસ્ત્રી
(૩) શ્રી. અનિરુદ્ધ એચ. યાજ્ઞિક
(તેઓનું તા. ૨૯-૫-૧૯૮૦ના રોજ અવસાન થયેલ હોઈ આ જગા ખાલી છે.)
(૪) આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ
(૫) શ્રી. અરવિંદભાઈ આર. શાહ
(૬) શ્રી. શરદભાઈ પટેલ.]

૨૨. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિકનું દુઃખદ અવસાન થવાથી નીચેની સમિતિઓ પરની તેમની ખાલી પડેલી જગ્યા પર બાકીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત :

૧. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટી
૨. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ
૩. સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિ
૪. પરીક્ષાશુદ્ધિ સમિતિ

તે પછી કરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિઓ પર સ્વ. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિકની જગ્યાએ નીચે મુજબ નિમણૂકો કરવી :

ક્રમાંક	**સમિતિનું નામ**	**સભ્યનું નામ**
૧.	ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટી	: શ્રી. કે. ડી. દેસાઈ
૨.	સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ	: શ્રી. નરહરિ પરીખ
૩.	સ્થાયી કાનૂનવિષયક (લિગલ) કમિટી	: શ્રી. કે. ડી. શાહ
૪.	પરીક્ષાશુદ્ધિ સમિતિ	: ડૉ. એમ. એન. દેસાઈ.

૨૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૪. ગુજરાત યુનિવર્સિટીની એમ.કૉમ.ની માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી પદવી પરીક્ષામાં જે વિદ્યાર્થી માર્કેટિંગ અને મૅનેજમેન્ટના બન્ને વિષયો રાખીને પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને "સ્વ. શ્રી. લક્ષ્મીદાસ કરસનજી ઘેાળકિયા ચંદ્રક"

એનાયત કરવા માટે શ્રી. હર્ષદરાય લક્ષ્મીદાસ ઘેાળકિયા, અમદાવાદ તરફથી રૂ. ૭,૫૦૦- (રૂપિયા સાત હજાર પાંચ સેા પૂરા)નું પ્રદાન સ્વીકારવા માટે તેમના તા. ૧૭-૬-૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનેા સાભાર સ્વીકાર કરવેા અને તે અંગે જરૂરી નિયમેા ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૨૫. જાપાનની ઐાતેમેાન ગાકુઇન યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે શિક્ષક વિનિમય યેાજનાનેા આ યુનિવર્સિટીના પ્રસ્તાવના સંદર્ભમાં ભારત સરકારના તા. ૨૯–૫–૧૯૮૦ ના પત્રાંક એફ–૩૮–૧–૭૮ યુ–૪ વેાલ્યુમ–II પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૨૬. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ.(સબ્સે.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને પ્રાકૃતનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી આપવાની અરજી પર નિયુક્ત થયેલી સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) તા. ૧૫–૩–૧૯૮૦ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની બાબત ક્રમાંક ૫૨ના ઠરાવ અનુસાર વિદ્યાર્થીસંખ્યાની વિગતેા આવ્યેથી બાબત પુનઃ રજૂ કરવાની હતી. હવે વિગતેા આવી છે જે નીચે પ્રમાણે છે :

વિદ્યાર્થીસંખ્યા (૧૯૭૯-૮૦)

વિષય	પ્રથમ વર્ષ		દ્વિતીય વર્ષ	
	(પ્રથમ ગાણુ)	(દ્વિતીય ગૌણુ)	(પ્રથમ ગૌણુ)	(દ્વિતીય ગૌણુ)
(૧) રાજ્યનીતિશાસ્ત્ર	૪	૩	૫	૩
(૨) પ્રાકૃત	ફરજિયાત ૩	૪	—	—

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર જણાવેલી સ્થાનિક તપાસસમિતિની પુનર્વિચારણા માટે પાછી મેાકલવી.

૨૭. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકેા માટેના યુનિવર્સિટીએ નિયત કરેલ રજાઓના નિયમેા સરકારશ્રીએ ગ્રાન્ટ માટે માન્ય કરેલ ન હેાઈ સંલગ્ન કૉલેજોને મુશ્કેલી નડે છે તેમ જણાવીને સરકારશ્રી સાથે સલાહમસલત કરી તે અંગે પુનર્વિચારણા કરવા માટેના સેાસાયટી ઑફ હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુશન્સ, અમદાવાદના માનદ મંત્રીશ્રીના તા. ૧૨-૧-૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટીના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સાથે વિચારવિમર્શ કરવા માટે નિમાયેલી સમિતિને મેાકલવી અને તે અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે તેને જણાવવું.

૨૮. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. એમ. એ. શાહના સસ્પેન્શન અને ઑર્ડિ. ૧૬૮ (૭) ની જોગવાઈના સંદર્ભમાં ખંભાત તાલુકા કેળવણી મંડળના મંત્રી તરફથી આવેલા તા. ૧૦–૬–૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૨) શ્રી. એમ. એ. શાહની સસ્પેન્શન બાબતમાં સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૫–૪–૧૯૮૦ની સભામાં કરેલી નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ની સભામાં મંજૂર રાખી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી મહેન્દ્રભાઈ એ. શાહને સસ્પેન્ડ કર્યાને આજે ઘણો સમય પસાર થઈ ગયો હોવા છતાં સસ્પેન્શન અંગેની કાર્યવાહી પૂર્ણ કરી નથી કે યુનિવર્સિટી ધારાધોરણ અનુસાર સસ્પેન્શન ઍલાવન્સ ચૂકવ્યું નથી તો ઑર્ડિનન્સ ૧૬૮ માં નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદામાં તેઓનો સસ્પેન્શન અંગેનો નિર્ણય લેવો અને તેઓને ચૂકવવા પાત્ર થતી સસ્પેન્શન ઍલાવન્સની ૨૬મ તારીખે ચૂકવી આપવા અને તેમ કર્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૨૯. યુનિવર્સિટીનાં પ્રકાશનો અંગે નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીનાં લોકભોગ્ય શ્રેણીનાં પ્રકાશનો તથા વ્યાખ્યાનોનાં પ્રકાશનોને શાળા, મહાશાળાઓ અને અન્ય શિક્ષણસંસ્થાઓ તથા પંચાયતોને વેચાણ કિંમત પર ૫૦ ટકા વળતરથી વેચાણ માટે પરવાનગી આપવી.

(નોંધ.—એક પ્રકાશનની ઓછામાં ઓછી બે નકલો ખરીદવી પડશે.)

(૨) જે પ્રકાશનો યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહાયથી પ્રકાશિત થયેલ છે તેવાં પ્રકાશનોની માત્ર પાંચ નકલો રાખીને બાકીની નકલો સદરહુ બોર્ડને પડતર કિંમતે વેચાણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બોર્ડ આવાં પુસ્તકો લેશે તો તેની પડતર કિંમત તે ચૂકવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ પ્રસ્તાવો મંજૂર કરવા.

બાબત નં. ૩૦ અને ૮૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૦. અકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૧૨–૩–૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસર-રીડરની જગ્યા માટે લાયકાતનાં ધારાધોરણોના સંદર્ભમાં અન્ય કેટલીક યુનિવર્સિટીઓનાં ધારાધોરણો જોઈતપાસીને સદરહુ બાબત સમગ્ર રીતે વિચાર

કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૫-૪-૧૯૮૦, તા. ૩-૫-૧૯૮૦ અને તા. ૧૯-૫-૧૯૮૦ની સભાએ કરેલ ભલામણો પરથી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૮૦ની સભામાં વધુમતે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રોફેસર–રીડરની જગ્યાઓ પર નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધારાધોરણો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(1) Professor :

(1) A First or Second Class Bachelor's Degree in the Subject

and

A First or Second Class Master's Degree in the subject.

(2) Doctorate Degree in the subject or equivalent Research work—the equivalence to be determined by two external eminent experts (to be appointed by the Executive Council) in the subject other than the experts on the Selection Committee. These experts shall be of the level of Ph.D. referees.

(3) Independent research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or the Ph.D. Degree, or the work determined of equivalent level. Experience of sucessfully guiding research, and

(4) About ten years' experience of teaching in the subject at a University or a College of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

(2) Reader :

(*i*) A First or Second Class Master's degree in the subject with a First or a Second Class Bachelor's degree in the subject.

(*ii*) A Doctoral degree in the subject; or equivalent Research work—the equivalence to be determined by two external eminent experts (to be appointed by the Executive council) in the subject other than the experts on the selection Committee. These experts shall be of the level of Ph.D. referees.

(*iii*) At least five years' experience of teaching at a University or a College or a recognised institute, provided that at least two out of five years' experience shall be that of teaching the subject to post-graduate classes and

(*iv*) Research work published in Journal of repute provided that—

(*a*) a candidate who possesses qualification as mentioned in (*ii*), (*iii*) and (*iv*) above may be considered, if he has a consistently good academic record i.e. has and average of at least 52.5 % marks at all the University examinations in his under-graduate and post-graduate studies taken together; and

(*b*) A candidate who possesses the qualifications mentioned in (*i*), (*iii*), (*iv*) above, but dose not have a Doctoral degree may be considered eligible for appointment as a reader, if (*i*) his published work is published in Journals of repute and he possesses not less than ten years' experience of teaching at a University or a College, on condition that he shall not be entitled to earn any increments, if he fails to obtain a doctoral degree within five years of his appointment as a reader

OR

(*ii*) in the case of a recognised Ph.D. guide at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. degree.

૮૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં રીડર અને પ્રોફેસરની જગ્યાઓ માટે લાયકાતનાં ધોરણો સુધારવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૮૦ ની સભામાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી છે તેમાં નીચેની નોંધ ઉમેરવા માટે ડૉ. એમ. એન. દેસાઈનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૮૦ની સભામાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને મોકલવા ઠરાવેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

Note.--Notwithstanding anything contained above, it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee a person as a Professor or Reader provided he has his credit independent and original achievement of recognised merit in the subject and at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. Degree for Reader's post and at least four students for professor's post.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણા થઈ તે દરમ્યાન આચાર્ય બી. એમ. પીરજાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે પ્રોફેસરો, રીડરો ઇત્યાદિ અંગેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો સ્ટેચ્યૂટથી નિયત કરવાં જોઈએ એમ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૮ની પેટાકલમ (ix) હેઠળ જોગવાઈ કરવામાં આવેલી છે તેના સંદર્ભમાં આ ધોરણો એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવથી નિયત કરવાં તે કાનૂન વિરુદ્ધ છે, અને તેથી સદરહુ પ્રસ્તાવ કાયદેસર ગણી શકાય નહીં.

સદરહુ કાનૂની મુદ્દા ઉપર કેટલીક ચર્ચાવિચારણા થઈ તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને પોતપોતાનો નિર્ણય જણાવશે.

ઉપરની પરિસ્થિતિમાં સદરહુ બાબતોની વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૧. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯—૪-૧૯૭૯ની સભામાં કાર્યાલય કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટેની સમિતિ પર સ્વ. શ્રી અનિરુદ્ધભાઈ યાજ્ઞિકની જગ્યાએ એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર સ્વ. અનિરુદ્ધપ્રસાદ યાજ્ઞિકની જગ્યાએ શ્રી. નરહરિ અમીનને નીમવા.

૩૨. એમ. એન. કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૮૦ થી બી.એ. (સબો.)માં ફારસી વિષય શીખવવાનો બંધ કરવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલ તા. ૧૫-૧૨-૧૯૭૯ની સભાએ નિયુક્ત કરેલી સમિતિના નીચેના હેવાલ પર વિચારણા કરવા બાબત :

"વધુ તપાસ કરતાં માલૂમ પડયું કે હાલ ત્યાંની એક સ્થાનિક સ્કૂલમાં ફારસીના બધા મળીને કુલ સત્તાવીસ વિદ્યાર્થીઓએ જુદા જુદા વર્ગોમાં ફારસી વિષય રાખ્યો છે. આસપાસના ક્ષેત્રની કૉલેજો (મહેસાણા) સુધી કાંઈ કૉલેજમાં ફારસી શીખવવાની સુવિધા નથી માટે તેઓ અમદાવાદ આવીને ફારસી વિષય રાખી શકે, એ કારણે ફારસીને જે સદંતર બંધ કરવામાં આવ્યો છે તે બરાબર નથી. એમાં એવી જોગવાઈ કરવી જોઈએ કે જો વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ફારસી વિષય કૉલેજ કક્ષાએ રાખવા માંગતા હોય અને તેમના તરફથી તેની માગણી થાય તો ફારસી શીખવવાનો પ્રબંધ ફરીથી કરવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો ઉપરનો હેવાલ સ્વીકારવો.

૩૩. યુનિવર્સિટી જર્નલ "વિદ્યા"—બી-સાયન્સીઝના સંપાદક મંડળના સભ્ય ડૉ. જે. જે. ત્રિવેદી એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટના આચાર્યશ્રી તરીકે નિવૃત્ત થતાં તેમની જગ્યા પર અન્ય સભ્યની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંપાદક મંડળ ઉપર ડૉ. જે. જે. ત્રિવેદીની જગ્યાએ શ્રી. એન. આર. શાહને નીમવા.

૩૪. કૉલગેટ પામોલિવ (ઇન્ડિયા) લિ. તરફથી આ યુનિવર્સિટીમાં લેવામાં આવતી બી.ડી.એસ.ની ફાઇનલ પરીક્ષા "Prosthetic Dentistry" વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને "કૉલગેટ ચંદ્રક" એનાયત કરવા માટે મળનાર રૂ. ૭૫૦૦ના પ્રદાનનો સ્વીકાર કરવા તેમના તા. ૧૭-૬-૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં જુ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એન. એન. ઠક્કર (ભૂતપૂર્વ ટેલિફોન ઓપરેટર) ને રૂ. ૧૫૩—૫—૧૮૩—૧૦—૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં તા. ૨૩—૧—૧૯૭૯ થી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઈ.બી.) ઓળંગવા દેવાની બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૧૨-૩-૧૯૭૯ના ઠરાવ અન્વયે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના આવેલા ખાનગી હેવાલ પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના જુનિયર ક્લાર્ક શ્રી. એન. એન. ઠક્કરની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એન. ઠક્કરને રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩–ઈ બી.–૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી અને આ ઠરાવનો અમલ તા. ૨૩–૧–૧૯૭૯થી કરવો.

૩૬. ભાષા-ભવનમાં રીડર-ઇન-ઇંગ્લિશની જગ્યા માટે તા. ૨૩–૪–૧૯૮૦ ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦–૫–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકે. કાઉ. બાબત ક્રમાંક ૧૩ પરનો ઠરાવ

"સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા થઈ તે દરમ્યાન કેટલાક સભ્યોની વિનંતીથી કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે વરણીસમિતિએ સદરહુ જગ્યા માટે જે બે નામોની ભલામણ કરેલી છે તે નામો પ્રાથમિકતાના ક્રમ પ્રમાણે તે સમિતિની નોંધમાં દર્શાવવામાં આવેલા છે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની તા. ૨૩–૪–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ભાષા-ભવનમાં રીડર-ઇન-ઇંગ્લિશની જગ્યા માટે ક્રમાનુવર્તી એક ઉમેદવારની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. (શ્રીમતી) સગુણા રામનાથન

૨. ડૉ. ભગવતી સિંગ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો સર્વશ્રી એ. આર. શાહ, પરેશ મજમુદાર અને કે. ડી. દેસાઈના નીચેના સંયુક્ત પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

'The consolidated salary of research Asst. in the University Departments may be increased from Rs. 300/– p.m. to Rs. 500/– per month, with retrospetive effect from 1st April 1980.'

આથી ઠરાવવામાં આવે છે તે યુનિવર્સિટીમાં સંશોધન મદદનીશોની જગ્યાનું પગારધોરણ હાલ માસિક રૂ. ૩૦૦ (ઉચ્ચક) છે તે સુધારીને માસિક રૂ. ૫૦૦/- (ઉચ્ચક) કરવું અને તેનો અમલ તા. ૧–૮–૧૯૮૦ થી કરવો.

૩૮. યુનિવર્સિટીમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને રાજ્ય સરકારના નાણાં ખાતાના તા. ૧૮–૧૨–૧૯૭૫ના જાહેરનામાના સંદર્ભમાં રૂ. ૪૨૫–૧૫––૪૫૫–૨૦ –૬૧૫–ઈબી–૨૦–૬૭૫–૨૫–૭૦૦–૬બી–૨૫–૮૦૦ નું પગારધોરણ તે પ્રમાણે તા. ૧–૧–૧૯૭૩ થી આપવા અંગેની કેટલાક કર્મચારીઓની તા. ૨૫–૪–૧૯૮૦ ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટી કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૯. એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગની એડવાઇઝરી કમિટીની તા. ૩૦-૬-૧૯૮૦-ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦—૬—૧૯૮૦ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી:

ભલામણ નં. (૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

"(૨) સરકારશ્રીની આ યોજનાનો લાભ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં મળે તે હેતુસર (અ) અનુસૂચિત જાતિઓ કે જનજાતિઓ કે બક્ષી પંચની ભલામણમાં સમાવિષ્ટ જાતિઓના વિદ્યાર્થીઓને ફી લીધા વિના પ્રવેશ આપવો. (બ) આ ઉપરાંત પણ આર્થિક રીતે પછાત વર્ગના (ઇ.બી.સી) જે વિદ્યાર્થીઓને ફી માફી આપવાની જરૂર જણાય તેમને માટે તેમ કરવાની યોજના ઘડીને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી. આ યોજનાનો અમલ ચાલુ સત્રથી કરવો."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેન્દ્રમાં કામ કરતા કોઈ પણ મુલાકાતી શિક્ષકની તેમના પુરસ્કારની ગુરુતમ મર્યાદા સત્ર દીઠ રૂ. ૬૦૦ (છસો રૂપિયા) નિયત કરવી, અને આ ઠરાવનો અમલ ચાલુ સત્રથી કરવો.

(સદરહુ સમિતિની તા. ૩૦—૬—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધનો નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૪૦. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના ઠરાવ પ્રમાણે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદનું નામ બદલીને તે "શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ" કરવા માટે મંજૂરી માંગતા સદરહુ કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૪૧. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી એમ. પી. ભટ્ટની (૧) Hoover Institute –Stanford University ની મુલાકાતે તથા International Economic Conference, Maxicoમાં તા. ૪—૮—૧૯૮૦ થી ૮—૮—૧૯૮૦ સુધી હાજરી આપવા જવા માટે unassigned grantમાંથી હવાઈ પ્રવાસનું ખર્ચ, હોટેલનો ખર્ચ તથા કન્સિડન્ટલ ખર્ચ માટે એમ કુલ ખર્ચ રૂ. ૧૧,૦૦૦ની સહાય આપવા અંગેના તેમના તા. ૨૬-૬-૧૯૮૦ના પત્રથી આવેલી અરજી ઉપર અને તા. ૨૮—૭—૧૯૮૦ થી ૨૦—૯—૧૯૮૦ સુધીની ફરજ પરની રજા/હક્ક રજા મંજૂર કરવા માટેની તેમની તા. ૨—૭—૧૯૮૦ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એમ. પી. ભટ્ટને સદરહુ પરિષદમાં હાજરી આપવા માટે રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર)ની આર્થિક મદદ ટ્રાવેલ ગ્રાન્ટ તરીકે અનએસાઇન્ડ ગ્રાન્ટ ખાતેથી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રો. એમ. પી. ભટ્ટને નિયમો પ્રમાણે જરૂરી રજાઓ આ સભાગૃહ વતી મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના પ્રોફેસર તથા અધ્યક્ષ ડૉ. એમ. પી. કક્કરને તા. ૧૬-૭-૧૯૮૦થી તા. ૧૯-૭-૧૯૮૦ દરમ્યાન **Bogazici University, Istambul,** તૂર્કીના આશ્રયે યોજાનાર **Second International Conference on the Economics of Workers Self-Management**ના સેમિનારમાં હાજરી આપવા એક અઠવાડિયાની રજા તથા આ અંગે થનાર ખર્ચના ૫૦ ટકાની આર્થિક સહાય આપવા અંગેના તા. ૪—૭—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ પરિષદ આ પહેલાં પૂરી થઈ ગયેલી હોઈ તે અંગે વિચારવાપણું રહ્યું નહીં.

૪૩. યુનિવર્સિટીના કર્મચારીઓની સી.ડી.એસ.ની રકમનાં નાણાં રિજિયોનલ પ્રોવિડંટ ફંડ કમિશનરની ઑફિસમાંથી યુનિવર્સિટીએ મોકલેલ સ્ટેટમેન્ટના સંદર્ભમાં મળે તે પહેલાં કર્મચારીઓને યુનિવર્સિટી ફંડમાંથી આપવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા તથા ભવિષ્યમાં આ પ્રથા ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૮૯. યુનિવર્સિટી મુદ્રણાલયનાં સી.ડી.એસ.ની રકમનાં નાણાં રિજિયોનલ પ્રોવિડંટ ફંડ કમિશનરની ઑફિસમાંથી યુનિવર્સિટીએ મોકલેલ સ્ટેટમેન્ટના સંદર્ભમાં મળે તે પહેલાં કર્મચારીઓને યુનિ. ફંડમાંથી આપવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા તથા ભવિષ્યમાં આ પ્રથા ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૪૩ અને ૮૯ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતમાં જણાવેલ કુલપતિનાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કર્મચારીઓને સી.ડી.એસ.ની રકમનાં નાણાં રિજિયોનલ પ્રોવિડન્ટ ફન્ડ કમિશનરની કચેરીમાંથી ચૂકવવામાં આવે તે પહેલાં તેટલી રકમ યુનિવર્સિટીના ફન્ડમાંથી ઍડવાન્સ પેમેન્ટ તરીકે આપવાનું ભવિષ્યમાં રાખવું કે કેમ તે બાબત યુનિવર્સિટી કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૪. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨-૭-૧૯૮૦ ના પત્રથી આવેલી નીચેની માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) જ્યારે જ્યારે વિદ્યાર્થી આંદોલન થાય છે ત્યારે પોલીસોની વાન હાજર હોવા છતાં યુનિવર્સિટી ઉપર નુકસાન અને તોડફોડ કરવામાં આવે છે. ત્યાર બાદ પોલીસને બોલાવવામાં આવે છે તેને બદલે વિદ્યાર્થીઓનું સામૂહિક ટોળું કૅમ્પસના ઝાંપામાં દાખલ થાય કે તરત જ કર્મચારીઓના જાનમાલની રક્ષાની યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવી જોઈએ

(૨) પરીક્ષા વિભાગ અને હિસાબ વિભાગની પ્રત્યેક બારી (કાચની)ની સાથે સાથે લોખંડની જાળીવાળી અંદરથી બંધ થઈ શકે તેવી બારીઓ મૂકી છે તેવી બારીઓ અન્ય તમામ વિભાગોમાં મૂકવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે.

(૩) કર્મચારીઓનાં વાહનો જેવાં કે સાઇકલ, સ્કૂટર વગેરે માટે યુનિવર્સિટીએ કેન્ટીનની બાજુમાં સ્ટેન્ડ રાખ્યું છે ત્યાં જે વાહનો મૂકવામાં આવેલાં છે તેનો સામૂહિક વીમો ઉતરાવવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે જેનું પ્રીમિયમ યુનિવર્સિટીએ ભરવાનું રહેશે.

(૪) ધાંધલ–ધમાલ દરમ્યાન કોઈ પણ કર્મચારીને શારીરિક કોઇ પણ પ્રકારની ઈજા થાય તેના કોમ્પેન્સેશન માટે વીમો ઉતરાવવાની તાત્કાલિક જોગવાઇ કરવામાં આવે જેનું પ્રીમિયમ ઑફિસે ભરવાનું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે–

(૧) ઉપરની માગણી નં (૧)ની નોંધ લેવી.

(૨) ઉપરની માગણી નં. (૨) બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવી.

(૩) ઉપરની માગણી નં. (૩) અને (૪)માં જણાવેલા મુદ્દામાંથી ઊભા થતા પ્રશ્નો ઉપર સમગ્ર રીતે વિચારણા કરીને સદરહુ બાબત અંગે સ્વતંત્ર રીતે પોતાની ભલામણો રજૂ કરવા માટે કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૫. યુનિવર્સિટીના પ્રકાશન વિભાગમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી. કે. ડી. પંડ્યાને કાયદાશાસ્ત્રની કૉલેજમાં અંડ સમયના વ્યાખ્યાતા તરીકેની કામગીરી સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગેની તેઓની તા. ૩૦–૬–૧૯૮૦ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અધિકારી શ્રી. કે ડી. પંડ્યાની સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી એમ તેમને સખેદ જણાવવું.

૪૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ઘનશ્યામભાઈ પરીખના રોસ્ટર અંગેના પ્રસ્તાવ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની સભામાં સભ્યોની ગેરહાજરી રહેતી હોવાથી અને તેથી હેવાલ તૈયાર થતો ન હોવાથી આ બાબત સીધી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ સીધી ચર્ચા અને યોગ્ય નિર્ણય લેવા માટેના તેમના તા. ૨–૭–૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૬૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે શ્રી. ઘનશ્યામભાઈ પરીખના પ્રસ્તાવ અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાના સુચિંતિત હેવાલ માટે નીમેલી સમિતિ તા. ૭–૭–૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૪૬ અને ૬૪ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ સમિતિની તા. ૭–૭–૧૯૮૦ની સભાની ભલામણો નં. અ(૧) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

(૧) પ્રોફેસર અને રીડરની કક્ષાની જગ્યાઓમાંથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે તથા આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બક્ષી કમિશને નિર્દિષ્ટ કરેલા વર્ગો માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાના ઠરાવ નં. ૧૦૦થી જે પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવો નહિ, પરંતુ લેક્ચરરની જગ્યા માટે રાજ્ય સરકારના તા. ૨–૭–૧૯૮૦ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ માટે ૭ ટકા, અનુસૂચિત જનજાતિ માટે ૧૪ ટકા અને આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બક્ષી કમિશને નિર્દિષ્ટ કરેલા વર્ગો માટે ૧૦ ટકા પ્રમાણ રાખવું અને તે માટે રાજ્ય સરકારે નક્કી કરેલું ૧૦૦ પોઇન્ટનું રોસ્ટર સ્વીકારવુ.

બાબત નં. ૧(અ)(૪) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

(૪) અનામત જગ્યા રાખવામાં આવેલી હોય પરંતુ તે માટે કોઈ લાયક ઉમેદવાર મળે નહિ તો ફરીથી જાહેરખબર આપીને તે પૂરવાનું રાખવું અને તેમ છતાં પણ લાયક ઉમેદવાર ન મળે તો બે વર્ષ સુધી તે અનામત જગ્યા તરીકે આગળ ખેંચવી. દરમ્યાન કામચલાઉ ધોરણે તેવી જગ્યા કે જગ્યાઓ બિનઅનામત જગ્યા ગણીને પૂરી શકાશે. આ સમય દરમ્યાન ત્રણ વાર જાહેરખબર આપવી આવશ્યક રહેશે. સદરહુ જાહેરખબરમાં જણાવવું કે જે જાતિ/વર્ગ માટે જગ્યા અનામત રાખવામાં આવી હોય તે જાતિ/વર્ગના ઉમેદવાર મળશે નહિ તો અરસપરસ બિનઅનામત જાતિ/જાતિઓના ઉમેદવારોને તે જગ્યા કે જગ્યાઓ પર નિમણૂકને પાત્ર ગણવામાં આવશે. પરંતુ જે જાતિ/વર્ગના ઉમેદવારોને પસંદ કરવામાં આવે તે પછીની તે જાતિ/વર્ગ માટે અનામત રાખેલી જગ્યા મૂળ અનામત જાતિ માટે રાખેલ ગણવામાં આવશે અને રોસ્ટરમાં એ પ્રમાણે જરૂરી ફેરફાર કરવાનો રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચર્ચા મુજબ નિયમોનો મુસદ્દો કાર્યાલયે તૈયાર કરીને તે પર સદરહુ સમિતિની વિચારણા માટે મૂકવો. દરમ્યાન સમિતિએ સૂચવ્યા પ્રમાણે બાકીના નિયમો મંજૂર કરી તે પ્રમાણે ખાલી જગ્યા પૂરવાની કાર્યવાહી કરવી.

(સદરહુ સમિતિની તા. ૭—૭—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૭. ઇન્ડિયન સોસાયટી ફૉર સ્ટડીઝ ઇન કો-ઑપરેશન, પૂના તરફથી તેમના તા. ૯—૫—૧૯૮૦ ના પત્રથી યુનિવર્સિટીને સંસ્થાકીય સભ્યપદ સ્વીકારવા માટે કરવામાં આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૮. યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી. રઘુવીર ચૌધરીના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

"ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક ભવનોમાં કામ કરતા વ્યાખ્યાતા અને રીડર પોતાની કારકિર્દીનાં દસ વરસ અહીં પૂરાં કરે, એમનો મૂળ પગાર રીડર અને પ્રોફેસરના પગારધોરણને સ્પર્શી ગયો હોય અને નિષ્ણાતોની સમિતિ ઉચ્ચતર પદ માટે એમની યોગ્યતા સ્વીકારે તો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ વ્યાખ્યાતાને રીડર અને રીડરને પ્રોફેસરનું પદ આપવા ઠરાવ કરી શકશે."

પ્રસ્તાવ ૨

"છેલ્લાં બે વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓનાં પરિણામ જૂનની પંદરમી પહેલાં આપી શકાતાં નથી તેથી ઉત્તીર્ણ થનાર સ્નાતકો અને અનુસ્નાતકોની આગળની કારકિર્દીના આરંભે ચિંતાજનક વિલંબ થાય છે તો ચાલુ શૈક્ષણિક વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓનાં છેલ્લાં વર્ષની પરીક્ષાઓ માર્ચના ચોથા અઠવાડિયામાં શરૂ કરી દેવા લાગતાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે."

પ્રસ્તાવ ૩

"ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં જે સભાગૃહ છે તેમાં નાના સ્ટેજની સુવિધા છે પરંતુ ગ્રીનરૂમની સગવડના અભાવે તેમ જ પડધા પડતા હોવાથી નાટક આદિ કલાઓની સાહિત્યપૂરક પ્રવૃત્તિઓ કરવામાં અગવડ પડે છે તો ભાષા-ભવનના સભાગૃહને સગવડભર્યું કરવા માટે જરૂરી ખર્ચ મંજૂર કરવામાં આવે અને તેની કાર્યવાહી તુરત હાથ ધરવામાં આવે."

૪૯. સમાજવિદ્યા ભવનમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ કે. વ્યાસનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૩–૭-૧૯૮૦ના રોજ પૂરા થતો હોઈ તેઓને તા. ૧૪-૭-૧૯૮૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૦. કૉલેજની સ્વાયત્તતા અંગેની અરજી ચાલુ રાખવા ઇચ્છતા નથી એમ જણાવતા માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૩૦-૬--૧૯૮૦ના પત્રની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૧. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.), પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઑન્ડ સ્પિચ થેરાપી (બી.એસસી. એન્ડ એ.એસ.ટી.) તથા ડિપ્લોમા ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (ડી.એસ.એસ.ડી.એમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટે આવેલી અરજી પરની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ ન આવ્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**– ૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૧–૩–૧૯૮૦ની સભાએ નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાની માન્યતા ચાલુ રાખવા અંગે નિમાયેલ સમિતિનો હેવાલ તથા અગાઉની તેની અરજીઓ ઉપરથી નિમાયેલ બીજી સ્થાનિક તપાસસમિતિઓના હેવાલો સમગ્ર રીતે ન્યેઇતપાસીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) શ્રી. નરહરિ પરીખ

(૨) ડૉ. પી. પી. મહેતા

(૩) ડૉ. કે. જી. દેસાઈ

સદરહુ સમિતિની ભલામણમાં હેવળ ૧૯૮૦થી આગળની માન્યતા માટેનો ઉલ્લેખ હોવાથી તે અંગેની કાર્યવાહી આગળ ચાલી છે. ૧૯૭૯વાળી અરજી પરની કાર્યવાહી બાકી છે.

૨. ૧૯૭૯ની માન્યતાની અરજી પર નીચે પ્રમાણેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિની રચના કરવામાં આવી છે :

૧. ડૉ. પી. પી. મહેતા
૨. શ્રી. નરહરિ પરીખ]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૨. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતી બાબતો ઇત્યાદિ અંગે ઊભા થતા પ્રશ્નોની બાબતમાં વિચારણા કરી ઉકેલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૨૩–૬–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૩. કેટલાંક રાજ્યોમાં પ્રોફેશનલ કૉલેજો કેપિટેશન ફી લેતી હોઈ કૉલેજોને જોડાણ આપવાના નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈ રાખવાનું સૂચવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૦–૬–૧૯૮૦ના પરિપત્રાંક એફ–૩–૬ / ૭૪ (ટી) પર વિચારણા કરવા બાબત :

You are also requested to frame rules for affiliation of colleges in such a way that no college proposed to be established on the basis of capitation fee is granted affiliation or a college found to be charging capitation fee could be disaffiliated by the University.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં હેડમાળી તરીકે કામ કરતા શ્રી. બેની માધવ કુર્મીનું તા. ૯–૭–૧૯૮૦ને બુધવારે દુઃખદ અવસાન થયું હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની તથા ગ્રેચ્યુઇટીની રકમ પરત આપવા અંગેની તેઓના પુત્ર શ્રી સુરજપ્રસાદની તા. ૧૧-૭-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. બેની માધવ કુર્મી ભવનમાં તા. ૨૧–૨–૧૯૬૧ના રોજ જોડાયા હતા અને તા. ૯–૭–૧૯૮૦ના રોજ તેઓનું દુઃખદ અવસાન થયું હતું.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૫. સમાજવિદ્યા ભવનમાં ફેલો-કમ-ટ્યૂટર તરીકે કામ કરતા શ્રી. પી. આઈ. ખત્રી તા. ૨–૫–૧૯૭૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૧–૭–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ખત્રી ભવનમાં તા. ૧૨–૭–૧૯૭૭ના રોજ જોડાયા હતા અને તા. ૨–૫–૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ એસોસિયેટ તરીકે કામ કરતાં કુમારી રુકસાના પઠાણને આઈ. આઈ. એમ.ના ઉપક્રમે યોજાનાર મૅનેજમેન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ ફોર ડેવલપમેન્ટ ઑફ મૅનેજમેન્ટ ફૅકલ્ટીના અભ્યાસક્રમ માટે તા. ૨૫—૬—૧૯૮૦થી તા. ૮—૪—૧૯૮૧ સુધીની સંવેતન રજા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫—૩—૧૯૮૦ની સભામાં મંજૂર કરેલ તેના સંદર્ભમાં તેઓ હવે આમાં ભાગ લેવા જવા માગતા નથી તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના રીડર ડૉ. યુ. સી. પાન્ડે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી કેનેડા(ડેન્માર્ક)ની ફેલોશિપ સ્વીકારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તેની તા. ૨૭/૨૮-૧-૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ એક વર્ષની બિનપગારી અભ્યાસ રજાની મુદ્દત ૩૧-૮-૧૯૮૦ ના રોજ પૂરી થાય છે. તેમાં ૪ માસનો વધારો આપવા અંગેની તેઓની તા. ૫—૩—૧૯૮૦ની અરજીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૮. તા. ૧૫-૩-૧૯૮૦ ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની નીચેની ભલામણ મોકૂફ રાખવામાં આવી હતી તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની કાર્યવાહીની નોંધની બાબત નં. ૮ ઉપરની ભલામણ ઉપરની વિચારણા મોકૂફ રાખવી."

સ્થાયી સમિતિની બાબત ક્રમાંક ૮ની ભલામણ નીચે મુજબ છે :

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકારના નાણાખાતાના ઠરાવ નં. એબીબી ૧૯૭૮-૧૯૯૯(૭૯) ઝેડ તા. ૨૩—૧૧—૧૯૭૯થી દાખલ કરેલ સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોઇઝ ઇન્સ્યુરન્સ સ્કીમ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે તેની દર્શાવેલ નિયમોને આધીન મરજિયાત ધોરણે દાખલ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. હરિ ઓમ આશ્રમ પ્રેરિત (૧) રામાનુજન ગણિત સ્પર્ધા (૨) વિજ્ઞાન સ્પર્ધા અને (૩) કવિશ્રી નહાનાલાલ ગુજરાતી સ્પર્ધાના આયોજન અંગેની વિચારણા સમિતિની તા. ૯—૫—૧૯૮૦ ના રોજ મળેલ સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત :

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. સંલગ્ન કૉલેજોમાં જોડાણ અરજી પરત્વે મુકાયેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તે ચકાસીને હેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની

તા. ૯–૭–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"કડી સાર્વજનિક કૉલેજ, કડીએ શરતોના પરિપાલનનો હેવાલ મોકલ્યો ન હોઈ સત્વરે મોકલી આપવા જણાવવું અને જ્યાં સુધી હેવાલ ન મોકલે ત્યાં સુધી "ગણિતશાસ્ત્ર" વિષયમાં કૉલેજ વિદ્યાર્થી-પ્રવેશ આપે નહિ તેમ કૉલેજને આદેશ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૧. કર્મચારીગણના બહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૫–૭–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૨. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૯૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૩. ભારતીય બહીવટી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટે તાલીમ અંગેની યોજના જે રાજ્ય સરકારે તેના તા. ૨૮–૫–૧૯૭૮ના ઠરાવ ક્રમાંક આઈ. આઈ–એ.એસ. ૧૦૭૮–૩૪૬૯૨–અથી મંજૂર કરેલ છે તે અન્વયે નાયબ નિયામકશ્રીની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦-ની સભામાં નીમેલી સમિતિનો તા. ૧૦–૭-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૫. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતા ડૉ. ઉષાબહેન કન્હારેને રૂ. ૭૦૦-૪૦ ૧,૧૦૦-૫૦–૧,૩૦૦ મૂલ્યાંકન-૫૮–૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦/- પછીનો પગારવધારો તા. ૧–૪- ૧૯૮૦ થી આપવા અંગેની સમિતિનો તા. ૧૮–૭–૧૯૮૦ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૬. ઑકટોબર–નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑકટોબર/નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કાર્યાલયે સૂચવેલાં કેન્દ્રો મંજૂર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન ફાર્મસીની પરીક્ષા માટે ખંભાત કેન્દ્રને વધારાના કેન્દ્ર તરીકે નિયત કરવું.

(કાર્યાલયે સૂચવેલાં કેન્દ્રોની યાદી આ સાથે **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૭. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨–૨–૧૯૮૦ના રોજ મળેલ સ્થાયી સમિતિની સભામાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્યોને આપવાના યુનિવર્સિટીના ક્રેસ્ટ સાથેના પરિધાનની ડિઝાઇન ઇત્યાદિ બાબતો અંગે જરૂરી ભલામણો કરવા માટે નીમવામાં આવેલી સમિતિની તા. ૨૬–૭–૧૯૮૦ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આ સાલ દરેક સભ્યને પુલ ઓવર આપવું. (એક પુલ ઓવરની કિંમત લગભગ ૧૨૫-૦૦ સુધીની હોવા સંભવ છે.)

(૨) આ પુલ ઓવર ઉપર "ગુજરાત યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડ–મેમ્બર" એમ સંક્ષિપ્ત અને યોગ્ય રીતે લખાણ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાના ઉપલક્ષ્યમાં સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની વિચારણા માટે પાછી મોકલવી.

૬૮. વિજ્ઞાન વિદ્યાભવનનાં ઝૂલોજીના સ્ટોરકીપર શ્રી. આર. એસ. કંદોઈને રૂ. ૪૨૫–૧૫–૫૦૦–ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦–૭૦૦ના પગારધોરણમાં રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૮-૭-૧૯૮૦ થી ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૯. યુનિવર્સિટીના ઑડિટ વિભાગમાં રે.એકા. (ઑડિટ) તરીકે કામ કરતા શ્રી. વી. વી. શાહને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦ ઈ.બી. ૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦ ઈ.બી. ૪૦–૧,૨૦૦ના પગારધોરણમાં રૂ.૧,૦૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઑફિશિયન્સી બાર) તા.૨૨–૯–૧૯૮૦થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. કાયદાશાસ્ત્ર ભવનના રીડર તરીકે કામ કરતા શ્રી. બી. એમ. શુકલને રૂ. ૧,૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧,૬૦૦ મૂલ્યાંકન–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનો પગાર વધારો તા. ૧૫–૬–૧૯૮૦થી આપવા અંગેની મૂલ્યાંકન સમિતિની તા. ૧૯–૭–૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સદરહુ સમિતિની ભલામણ નીચે પ્રમાણે છે :

> " After going through Shri Shukla's record as a teacher in Law, the Committee is of the opinion that he should be allowed to cross the assessment stage at Rs. 1,600/- from the due date. "

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ. એમ. એન. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

" યુનિવર્સિટી ભવનોના શિક્ષકો વધુ અભ્યાસ અર્થે કે અન્ય કારણોસર રજા પર જાય કે કોઈ ચાલુ જગ્યા ખાલી પડે તો તે જગ્યા પર જે તે વિભાગના શિક્ષકોમાંથી સિનિયર સભ્યને (જો 'ડયુલી ક્વોલિફાઈડ' હોય તો) કામચલાઉ ધોરણે તે જગ્યા પર નિયુક્ત કરવા આ સભા ઠરાવે છે. "

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૨. ફાઈનાન્સ સમિતિની તા. ૧૬–૭–૧૯૮૦નો સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૭–૧૯૮૦ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૭–૧૯૮૦ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૭૩. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. એનવી એન.-૧૦૭૯–૧૬૮૮-૫, તા. ૫–૭–૧૯૭૯ અન્વયે વર્ધિત પ્રોવિડંટ ફંડમાં સરકારી કર્મચારીઓના ફાળાની રકમ અને વર્ધિત પ્રોવિડંટ ફંડમાં સરકારનો ફાળો ગણતી વખતે આ ફાળો જેના પર આધારિત હોય તે પગારને અનુરૂપ મોંઘવારી પગાર આવા પગારના એક ભાગ તરીકે તા. ૫–૭–૧૯૭૯થી ગણવાનું રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે સ્વીકારેલ હોઈ તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને તેમના પ્રોવિડંટ ફંડની કપાત માટે આપવા માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના સામાન્ય મંત્રીના તા. ૨૬-૬-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૪. પ્રકાશન બોર્ડની તા. ૧૭–૭-૧૯૮૦ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ ક્રમાંક વલભ-૧૦૮૦–૧૩૨૬-જ, તા. ૧–૭–૧૯૮૦ થી મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧-૨–૧૯૮૦ થી કરેલો વધારો યુનિવર્સિટીના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ) ને ચૂકવવા અંગેની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા આ ઠરાવનો લાભ યુનિવર્સિટીના સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં Placement Officerની જગા પર નિમાયેલ શ્રી. પી. એમ. ઈનામદાર ગુજરાત સ્ટેટ ફાઈનાન્શિયલ કૉર્પોરેશનમાં રૂ. ૪૨૫-૮૦૦ના પગારધોરણમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. જ્યારે Placement Officerની જગાની અરજીમાં તેમણે તેમનું રૂ. ૬૧૦-૧૦૫૦નું પગારધોરણ અને આસિસ્ટન્ટ સેક્રેટરીનો હોદ્દો દર્શાવેલ તથા તેમની આ અરજીમાં બીજાં ચેડાં કરેલ હોઈ આ ગેરરીતિ-ઓના સંદર્ભમાં તેમની Placement Officerની નિમણૂક રદ કર્યાના;

(૨) સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તથા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. પી. ભટ્ટને Conference at the Hoover Institution, Stanford તથા International Economic Conference, Maxico માં હાજરી આપવા રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ની વ્યાજમુક્ત લોન આપ્યાના;

[**નોંધ.**- (૧) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭—૮—૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"...વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકોને આંતરરાષ્ટ્રીય પરિષદો/પરિસંવાદમાં ભાગ લેવા માટે પરદેશ જવાની ઇચ્છા હોય તો રૂ. ૫,૦૦૦/- સુધી વગર વ્યાજની લોન, તે લોન ૩૬ સરખા હપતામાં પરત કરવામાં આવશે તેવી બાંયધરી સાથે અરજી આવ્યેથી મંજૂર કરવાનું સામાન્ય ધોરણ રાખવું.

(૨) પ્રો. ભટ્ટને યુ.એસ.એ. જવા માટે તા. ૨૪—૯—૧૯૭૯ના રોજ રૂ. ૫,૦૦૦ની રકમ લોન તરીકે આપવામાં આવેલી.

(૩) ચાલુ વર્ષે લેવામાં આવેલ સઘળી યુનિવર્સિટીની પરીક્ષાઓ પૈકી નીચે જણાવેલ પરીક્ષાનાં પરિણામો તેના અગાઉ નક્કી કરેલ તારીખને બદલે નીચે દર્શાવેલ તારીખોએ જાહેર કરવા મંજૂરી આપ્યાના :

પરીક્ષાનું નામ	નક્કી થયેલ તારીખ	પરિણામ જાહેર થયેલ તારીખ
૧. ફર્સ્ટ બી.એ.	૯—૬—૧૯૮૦	૨૦—૬—૧૯૮૦
૨. ફર્સ્ટ બી.કૉમ.	૧૧—૬—૧૯૮૦	૨૧—૬—૧૯૮૦
૩. સેકન્ડ બી.એ.	૧૪—૬—૧૯૮૦	૨૬—૬—૧૯૮૦
૪. સેકન્ડ બી.કૉમ.	૧૫—૬—૧૯૮૦	૨૮—૬—૧૯૮૦
૫. થર્ડ બી.એ.	૧૯—૬—૧૯૮૦	૧—૭—૧૯૮૦
૬. થર્ડ બી.કૉમ.	૨૪—૬—૧૯૮૦	૩—૭—૧૯૮૦
૭. એમ.એ પાર્ટ ૧-૨	૨૨—૬—૧૯૮૦	૧૩—૭—૧૯૮૦

(૪) વિજ્ઞાનવિદ્યા ભવનના પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. એ. બી. વ્યાસનું તા. ૯–૬–૧૯૮૦થી રાજીનામું મંજૂર કર્યાના તથા આ વ્યાખ્યાતાની ખાલી જગ્યા પૂરવા જા.ખ. આપવા કાર્યવાહી કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓને પરદેશના પ્રવાસ માટે એક વખત લોન આપવામાં આવેલી હોય તે લોન પૂરેપૂરી ભરપાઈ થાય નહીં ત્યાં સુધી તેમને બીજી લોન આપવી નહીં.

૭૭. ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના લેક્ચરરની બે જગ્યાઓ માટે તા. ૧૫–૫–૧૯૮૦ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૭–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બા.ક્ર. ૪ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૫—૫—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના લેક્ચરરની બે જગ્યાઓમાંથી એક જગ્યા પર શ્રી. એ. વી. ભંડારીને નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના લેક્ચરરની બે જગ્યાઓમાંથી એક જગ્યા પર શ્રી. એ. વી. ભંડારીનો નિમણૂક રૂ. ૭૦૦–૪૦—૧,૧૦૦—૫૦—૧,૩૦૦—એસેસમેન્ટ—૫૦—૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦/- થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫–૫—૧૯૮૦ની સભાની ભલામણનો નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૮. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની સને ૧૯૭૭-૭૮ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેના સમિતિના હેવાલોમાં કરવામાં આવેલાં સૂચનો સમગ્ર રીતે જોઈતપાસીને કયાં વ્યવહારક્ષમ પગલાં લઈ શકાય તેમ છે તે સુચવવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩—૨–૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની તા. ૬–૬–૧૯૮૦ની સભાની નોંધ પરત્વે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧—૬–૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભવનોના દ્વિવાર્ષિક તપાસસમિતિના હેવાલોની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ તરફથી ભીલોડા મુકામે જૂન ૧૯૮૦થી વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ અન્વયે એકેડેમિક કાઉન્સિલે જોડાણ ન આપવા

કરેલી ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ ની સભાએ સ્વીકારી હતી તેના અનુસંધાનમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ ની જોગવાઈ અનુસાર સદ્દરહુ સંસ્થાએ રાજ્ય સરકારને કરેલી અપીલ તેણે સ્વીકારી હોવાથી તે અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૭–૧૯૮૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ.કા.બાબત ક્રમાંક ૧૫)

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. બાંધકામ સમિતિની તા. ૧૫-૭–૧૯૮૦ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ સમિતિની તા. ૧૫–૭–૧૯૮૦ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદ્દરહુ સમિતિની તા. ૧૫–૭–૧૯૮૦ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૮૧. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (યુનિવર્સિટી બ્રાંચ)ના કાઉન્ટર પર યુનિવર્સિટીની જુદી જુદી જાતની ફીઓ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. જૂન ૧૯૮૧થી નડિયાદ મુકામે (૧) સરદાર વલ્લભભાઈ સમાજ સેવક ટ્રસ્ટ, નડિયાદ તરફથી વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની, (૨) ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, નડિયાદ તરફથી વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવાની અને (૩) નડિયાદ એજ્યુકેશન ટ્રસ્ટ, નડિયાદ તરફથી વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટેની આવેલી જોડાણ અરજીઓ બાબતમાં યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (need) નક્કી કરવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૭-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૩)

"સદ્દરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે નડિયાદમાં વાણિજ્ય વિદ્યાશાખાની હાલ એક કૉલેજ ચાલે છે તે ઉપરાંત ત્યાં વધુ કૉલેજ કે કૉલેજનો જરૂરિયાતની બાબતમાં આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી

૮૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી આચાર્ય બી. એમ. પીરજાદાના નીચેના પ્રસ્તાવ પર બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૮–૭-૧૯૮૦ની સભાએ કરેલ નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૭–૧૯૮૦નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"પી. જી. ટીચર તરીકેની માન્યતા મેળવવા માટે હાલમાં ત્રણ સંશોધન પેપર્સ પ્રકાશિત કરવાની જે જોગવાઈ છે તેને રદ કરવા માટે સંબંધિત ઑર્ડિનન્સમાં જરૂરી સુધારો કરવા આ સભા ઠરાવે છે."

બી.યુ.ટી.આર.ની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહિ એમ સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૭–૧૯૮૦ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આચાર્ય બી. એમ. પીરજાદાનો પ્રસ્તાવ સ્વીકારવા તથા તે મુજબ ઑર્ડિ. ૬૫-એફ અને ઑર્ડિ. ૬૫-એમ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૬૫–એફ અને ઑર્ડિ. ૬૫–એમ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૮૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૫. ચાલુ વર્ષથી એસ.વાય.બી.સાયન્સી.માં વનસ્પતિવિજ્ઞાન ગૌણ વિષય તરીકે શીખવવા જોડાણ આપવા નવજીવન સાયન્સ કૉલેજ, કાલોદના આચાર્ય તરફથી તા. ૧૦–૭–૧૯૮૦ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. એકિઝક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. બી. એમ. પીરજાદાના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"હાલના વાહનવ્યવહાર અને જીવનનિર્વાહના ખર્ચને લક્ષમાં લેતાં કન્વેયન્સ ઍલાવન્સ રૂ. ૮–૦૦ના બદલે રૂ. ૧૨–૦૦ કરવા અને ડેઇલી ઍલાવન્સ રૂ. ૧૫–૦૦ને બદલે રૂ ૨૦–૦૦ કરવા, આ સભા ઠરાવે છે અને તા. ૨૪–૭–૧૯૮૦થી તેનો અમલ કરવા પણ ઠરાવે છે"

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સભાસમિતિઓના કામકાજ/અનુસ્નાતક શિક્ષણના કાર્ય માટે સ્થાનિક વાહન ભથ્થું હાલ રૂ. ૮ છે તે સુધારીને રૂ. ૧૦ કરવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે દૈનિક ભથ્થાના હાલના દરમાં કશો ફેરફાર કરવો નહીં.

૮૭. બંધ થયેલા યુવક મહોત્સવની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પુનઃ શરૂ કરવા માટે સ્વૈચ્છિક રીતે તેમાં ભાગીદારી ઊભી થાય અને પાયામાંથી વાતાવરણ સર્જાય તથા તેનું આયોજન ગોઠવાય તે માટે યુનિવર્સિટી વિસ્તારના જે તે વિભાગોના કેટલાક આચાર્યશ્રીઓ આ પ્રવૃત્તિ યોજવાની જવાબદારી સ્વીકારવા તત્પર થાય તેવી સંભવિતતા

હોવાથી હવે ઊભા થયેલા સંજોગો અને સંદર્ભમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે જે તે આચાર્યશ્રીને તેની જવાબદારી સોંપવા માટે તે અંગેનાં નાણાકીય તથા અન્ય તમામ જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહની કુલ-પ્રાઇટ વિનિમય કાર્યક્રમ હેઠળ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા જવા તથા જર્મની ખાતે મળનાર કૉન્ફરન્સ ઑફ સેલ બાયોલોજીના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦ ની સભામાં મંજૂર કરેલી રજાના સંદર્ભમાં તેમની તે રજામાં ફેરફાર કરી નીચે પ્રમાણે રજાઓ માટેની તેમની તા. ૪–૬–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત :

૧. તેમના પરદેશ જવા માટેની રજા દરમ્યાન દિવાળી વૅકેશન આવતું હોવાથી તે સમયની પૂરા પગારની રજા (ભથ્થાં સહિતની) આપવી.

૨. તેઓએ વૅકેશનમાં જે હાજરી આપી છે તેની નિયમ પ્રમાણે જે રજા જમા લેવાની હોય તે જમા લઈને તેમની રજાઓ મંજૂર આપવી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૦. ગુજરાત હાઈ કોર્ટના ચુકાદાને અનુલક્ષીને પુનઃસુનાવણી આવ્યા બાદ નીચેની કૉલેજોએ વાણિજ્ય વિદ્યાશાખા ઉભેરવા કરેલી અરજી પર જરૂરિયાત નહીં હોવાના યુનિ-વર્સિટીના નિર્ણય સામે સદરહુ કૉલેજોએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33(૪) (એ) હેઠળ રાજ્ય સરકારને કરેલ અપીલ રાજ્ય સરકારે તેના તા. ૨૧–૭–૧૯૮૦ ના હુકમથી ઘનઠારી છે તેની નોંધ લેવા બાબત :

૧. પ્રભુદાસ ઠક્કર કૉલેજ
૨. ગુજરાત કૉલેજ
૩. અમદાવાદ આર્ટ્સ કૉલેજ
૪. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ
૫. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. શ્રી. ચીફ એકાઉન્ટ્સ ઑફિસરને યુનિવર્સિટીના જુદા જુદા કામકાજના ખર્ચ માટે એડવાન્સ પેટે રૂ. ૨૦૦/- ને બદલે રૂ. ૧,૦૦૦/– (એક હજાર પૂરા) સુધીની સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

તે પછી બાબત નં. ૬૨ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી

૬૨. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૨-૭–૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં કાર્યાલય નિયામક, હેડ-ક્લાર્ક અને સિનિયર ક્લાર્કોની જગ્યાઓમાં આ સાથે જોડેલા પરિશિષ્ટ "ઝ" મુજબ, રાજ્ય સરકારની મંજૂરીને આધીન, ફેરફાર કરવાનું રાખવું.

(સદરહુ **પરિશિષ્ટ "ઝ"** આ સાથે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

(સદરહુ સમિતિની તા. ૨૨–૭–૧૯૮૦ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૫૫૭૮૨ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ—૩૮૦ ૦૦૯
તા ૧૬-૯-૧૯૮૦

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૯

એચ. કે. સેન્ટર માટેની સમિતિની એક સભા તા. ૩૦–૬–૧૯૮૦ ને સોમવારે એકિઝકયુટિવ કાઉન્સિલના સભાખંડમાં મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. ડૉ. પી. સી. વૈદ્ય

૨. ડૉ. કે. જી. દેસાઈ

૩. આચાર્યશ્રી એમ. સી. શાહ

૪. શ્રી. શેખ (ડાયરેકટર ઑફ મેનપાવર પ્લાનિંગ)

૫. શ્રી. રમેશ એમ. ભટ્ટ.

૧. પ્રારંભમાં સેન્ટરના કો-ઑર્ડિનેટર પ્રા. રમેશ ભટ્ટે સેન્ટરની ગયા વર્ષની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. સેન્ટરની પ્રવૃત્તિઓ અંગે સમિતની મીટિંગ વખતે લેખિત હેવાલ સભ્યોને પરિપત્રિત કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને ઠરાવવામાં આવે છે કે સેન્ટરની પ્રવૃત્તિનો હેવાલ એક અઠવાડિયામાં પરિપત્રિત કરવો.

૨. સરકારશ્રી તરફથી મોકલવામાં આવેલ તા. ૧૯–૪–૧૯૮૦ના પરિપત્ર નં. ઈ.યુ.આર. ૧૬૨-૨૧૯૬૪-ધ-૨૧૯ દ્વારા મોકલવામાં આવેલા ઉમેદવારોની ભરતી કરવા અંગેના સુધારેલા નિયમોની નોંધ લેવામાં આવી હતી.

સાથોસાથ સરકારશ્રીએ યુનિવર્સિટીને આ અભ્યાસક્રમો ચલાવવા માટે જે તા. ૧–૬–૧૯૭૮નો નં. ૩૫૭૩૯-મનો જે જી.આર. કરેલો છે તેને ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવ્યું હતું કે–

(૧) આગામી ૧૯૮૦–૮૧ના વર્ષ માટે ગત વર્ષની માફક નીચે દર્શાવેલા અભ્યાસક્રમો ચલાવવાનું રાખવું :

(૧) ઑફિસ મૅનેજમેન્ટ

(૨) બૅંકિંગ મૅનેજમેન્ટ

(૩) એક્ષપોર્ટ મૅનેજમેન્ટ

(૪) મટિરિયલ મૅનેજમેન્ટ

(૫) માર્કેટિંગ ઍન્ડ સેલ્સમેનશિપ

(૬) ઇંગ્લિશ ઈમ્પ્રુવમેન્ટ કોર્સ

(૭) સ્ટેનોગ્રાફી ઍન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસીઝ (અંગ્રેજી)

(૨) સરકારશ્રીની આ યોજનાનો લાભ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં મળે તે હેતુસર (અ) અનુસૂચિત જાતિ કે જનજાતિના કે બક્ષી પંચની ભલામણમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને ફી લીધા વિના પ્રવેશ આપવો. (બ) આ સિવાયના પણ જે વિદ્યાર્થીઓને ફી માફી આપવાની જરૂર જણાય તેમને માટે તેમ કરવાની યોજના ઘડીને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી. આ યોજનાનો અમલ આગામી સત્રથી કરવો.

૩. સમિતિમાં ગુજરાતી સ્ટેનોગ્રાફીના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ વર્ગ માટે સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળવાની શકયતા હોઈ, અગાઉના નિર્ણય ફરી વાર સમીક્ષિત કરવામાં આવ્યો હતો અને આ વર્ગો ચલાવવાની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૪. સેન્ટરમાં મળતી ફીમાંથી તેમ જ તે સિવાય પણ (૧) સેન્ટરમાં વિકાસ માટેના ખર્ચ માટે તેમ જ (૨) પ્રયોગાત્મક અભ્યાસક્રમો ચલાવવા માટે જરૂરી નાણાં પ્રાપ્ત કરવા માટે ડાયરેક્ટર ઑફ મેનપાવર પ્લાનિંગ ઍન્ડ ટ્રેનિંગ સમક્ષ જરૂરી વાતચીત કરી દરખાસ્તો કરવાનું પણ ઠરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓની પરીક્ષાઓ લેવા માટેની ગ્રાન્ટ મેળવવા માટે પણ દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રીનો આભાર માનીને સભા બરખાસ્ત થઈ હતી.

રમેશ મ. ભટ્ટ,
ઓ. કો-ઑર્ડિનેટર.

પરિશિષ્ટ "બ"

કામકાજ ક્રમાંક ૬૪

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા ૨૪/૨૫–૫–૧૯૮૦ની સભામાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. ઘનશ્યામભાઈ પરીખના પ્રસ્તાવ અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની એક સભા તા. ૭–૭–૧૯૮૦ના રોજ બપોરે ૩—૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૨. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૪. શ્રી. નરહરિભાઈ પરીખ	ગેરહાજર
૫. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૬. શ્રી. એ. આર. શાહ	હાજર

શિક્ષકગણ માટે અનામત જગ્યાઓ અંગે તૈયાર કરવામાં આવેલા રોસ્ટર અંગે વિચારણા કરવામાં આવી હતી. વહીવટી અને બીજી મુશ્કેલીઓ ધ્યાનમાં લેતાં ફેરવિચારણા કરવાની જરૂર સમિતિને જણાઈ હતી. તેથી નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવ્યું હતું :

(૧) રાજ્ય સરકારના ઠરાવ બી.એમ.એ. ૨૫૭૩–૫૫૮૭૪–જે.જે. (રોલ) તા. ૨–૭–૧૯૮૦નો ઠરાવ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાના ઠરાવ નં. ૧૦૦થી નીચે પ્રમાણે અનામત જગ્યા રાખવાનું ઠરાવ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવો નહીં :

(૧) પ્રોફેસર, રીડર અને લેક્ચરર કક્ષાની જગ્યાઓમાંથી અનુસૂચિત જાતિ ૫ ટકા, અનુસૂચિત જનજાતિ ૧૦ ટકા અને આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બક્ષી કમિશને નિર્દિષ્ટ કરેલા માટે ૧૦ ટકા.

(૨) અનામત જગ્યાઓ માટે ૨૦ પોઈન્ટના સ્કેલનું રોસ્ટર બનાવવું અને તેમાં જગ્યા નંબર પ્રથમ અને ૧૩મો ક્રમ અનુસૂચિત જનજાતિ માટે, પાંચમો, અને ૧૭મો ક્રમ આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગ માટે અને નવમા ક્રમમાં અનુસૂચિત જાતિ માટે રાખવો. આ સિવાયની જગ્યાઓ બિનઅનામત ગણવી.
(ઉપરના સૂચન પ્રમાણેનું રોસ્ટર આ સાથે પરિશિષ્ટ "અ" સાથે સામેલ છે.)

(૩) પ્રોફેસર, રીડર અને લેક્ચરર માટે જુદું જુદું રોસ્ટર બનાવવું તથા તે માટેનાં પાકાં રજિસ્ટર રાખવાં.

(૪) અનામત જગ્યા રાખવામાં આવેલી હોય પરંતુ તે માટે કોઈ લાયક ઉમેદવાર મળે નહીં તો બે વર્ષ સુધી તે અનામત જગ્યા તરીકે આગળ ખેંચવી. દરમ્યાન કામચલાઉ ધોરણે બિનઅનામત જગ્યા ગણીને પૂરવી. આ સમય દરમ્યાન ત્રણ વાર જાહેરખબર આપવી. સદરહુ જાહેરખબરમાં જણાવવું કે જે જાતિ/વર્ગ માટે જગ્યા અનામત રાખવામાં આવી હોય તે જાતિ/વર્ગના ઉમેદવાર મળશે નહીં તો અરસપરસ બીજી અનામત જાતિઓના ઉમેદવારોની જગ્યા માટે નિમણૂક કરી શકાશે પરંતુ જે જાતિ/વર્ગના ઉમેદવારોને પસંદ કરવામાં આવે તે પછીની તે જાતિ/વર્ગ માટે અનામત રાખેલી જગ્યા મૂળ અનામત જાતિ માટે રાખેલ ગણવામાં આવશે અને રોસ્ટરમાં તે પ્રમાણે જરૂરી ફેરફાર કરવાનો રહેશે.

(૫) બે વર્ષ પછી પણ અનામત જગ્યા માટે કોઈ લાયક ઉમેદવાર ન મળે તો તે જગ્યાને બિનઅનામત જગ્યા તરીકે ગણવી. અને ત્યાર પછીના ક્રમમાં આવતી બિનઅનામત જગ્યાને અનામત જગ્યા તરીકે ગણવી.

(૬) એકસાથે એક જ કક્ષાની વધુ જગ્યાઓ ભરવાની હોય તો કોઈ એક જગ્યાને અનામત જગ્યા તરીકે ન ગણતાં બધી જ જગ્યાઓમાં જેટલી જગ્યાઓ અનામત હોય તે જાહેરખબરમાં દર્શાવવી અને અનામત જાતિ/વર્ગના જે જગ્યા માટેના લાયક ઉમેદવાર હોય તેઓને ઇન્ટરવ્યૂ જુદા રાખી જગ્યાઓ ભરવાની વ્યવસ્થા કરવી. બાકીની જગ્યાઓ બિનઅનામત ગણીને ભરવા.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત રાખેલ પ્રોફેસર, રીડર અને લેકચરરની જગ્યા માટે લાયકાતનાં ધોરણમાં કોઈ છૂટછાટ મૂકવામાં આવશે નહિ.

ઉપરની બાબતોને સુસંગત ન હોય તેવા અગાઉના બધા ઠરાવો આથી રદ ગણવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

20 point scale Roaster for Professor, Reader and Lecturer on the basis of 5% for S. C., 10% for S. T. and 10% for economically and Socially backward class

Sr. No.	*Whether post is reserved or unreserved*
1.	Scheduled Tribes
2.	Unreserved
3.	Unreserved
4.	Unreserved
5.	Economically and socially backward classes an per Baxi Commission report.
6.	Unreserved
7.	Unreserved
8.	Unreserved
9.	Scheduled caste
10.	Unreserved
11.	,,
12.	,,
13.	Scheduled Tribes
14.	Unreserved
15.	,,
16.	,,
17.	Economically and socially backward classes as per Baxi Commission
18.	Unreserved
19.	,,
20.	,,

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૬૬

૧. અમદાવાદ : આ યુનિવર્સિટીની બધી જ પરીક્ષાઓ.

૨. ભૂજ : પ્રી-યુનિવર્સિટી વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. (એકસ્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુ.), થર્ડ બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), સેકન્ડ એલએલ.બી. (મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), થર્ડ એલએલ.બી. (મોનસૂન-વિન્ટર), પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય, ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૩. ગોધરા : પ્રી-યુનિવર્સિટી વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એકસ્ટર્નલ) અને થર્ડ બી.એ. (રેગ્યુલર), થર્ડ બી.કૉમ. અને ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન વિન્ટર), તથા સેકન્ડ એલએલ.બી. (મોનસૂર-વિન્ટર), પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૪. નડિયાદ : પ્રી-યુનિવર્સિટી વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એકસ્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુલર), થર્ડ બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન અને વિન્ટર), સેકન્ડ એલએલ.બી. (મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), થર્ડ એલએલ.બી. (મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), કેમિકલ એન્જિનિયરિંગ, પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૫. વીસનગર : પ્રી-યુનિવર્સિટી વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એકસ્ટર્નલ), અને થર્ડ બી.એ. (રેગ્યુલર) અને થર્ડ બી.કૉમ., પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. (એ.ટી.કે.ટી), સેકન્ડ બી.એ. અને બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૬. ડભોઇ : ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૭. મહેસાણા : ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ. (એ.ટી.કે.ટી.) સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ. (ન્યૂ કોર્સ) (એ.ટી.કે.ટી.), ફર્સ્ટ અને સેકન્ડ એલએલ.બી. (મોનસૂન-વિન્ટર).

૮. મોડાસા : ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી., ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન-વિન્ટર), સેકન્ડ એલએલ.બી. (મોનસૂન-વિન્ટર).

૯. ખંભાત : ફસ્ર્ટ બી.એ અને ફસ્ર્ટ બી.કૉમ. (એ.ટી.કે.ટી.), સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી.

૧૦. ઊંઝા : ફસ્ર્ટ અને સેકન્ડ એલએલ.બી. (મોનસૂન–વિન્ટર);

૧૧. પાટણ : ફસ્ર્ટ બી.એ. અને ફસ્ર્ટ બી.કૉમ. એ.ટી.કે.ટી. સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ. (ન્યૂ કોર્સ) એ.ટી.કે.ટી., ફસ્ર્ટ અને સેકન્ડ એલએલ.બી. (મોનસૂન–વિન્ટર).

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૨

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬–૭–૧૯૮૦ ને બુધવારના રોજ સાંજના ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પી. સી. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩. શ્રી. અરવંદભાઈ શાહ	હાજર
૪. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૫–૧–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૧૫–૫–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે વર્ષ ૧૯૮૦–૮૧ માટે ૩૦૦ લિટર સ્પિરિટ તથા ૨૦૦ લિટર આલ્કોહોલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૩૦૦ લિટર સ્પિરિટ અને ૨૦૦ લિટર આલ્કોહોલ રૂ. ૩૫૦૭ની કિંમતે લાયસન્સ ધરાવતા વેપારી પાસેથી ખરીદવાનું મંજૂર કરવું.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગની સ્પેસ સાયન્સ લેબોરેટરી માટે ક્રિસ્ટલ નંગ ૨ મે. ઇલેક્ટ્રોનિક કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા (ભારત સરકાર સંચાલિત સંસ્થા) પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિક વિભાગની સ્પેસ સાયન્સ લેબોરેટરી માટે મે. ઇલેક્ટ્રોનિક કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા, હૈદ્રાબાદ (ભારત સરકાર સંચાલિત સંસ્થા હોવાથી) પાસેથી નીચે પ્રમાણેનાં સાધનો તેઓના પત્ર નં. આઈ.એમ.જી. ૬–૧–એમ. ૨૦૪૩૪–૦૯૬૫ તા. ૨૯–૫–૧૯૮૦માં જણાવેલ શરતોએ ખરીદવાં :

Type No.	*Products code*	*Description*	*Price—each*
1. EC7 F. 8	211800046	Nai (Ti) Crystal of size 1 3/4 dia HT	Rs. 4,070/—
2. EC 8 D8	211800049	Nai (TL) Crystal of size 2" dia × 2"HT	Rs. 4,040/—

૪. વિજ્ઞાન વિદ્યાભવનનાં પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે બે નંગ વિન્ડો એર-કન્ડિશનર વૉલ્ટાસ બનાવટનાં ખરીદવા એક્સાઈઝ ડ્યૂટીમાં વધારો થવાથી થયેલ વધારાનું ખર્ચ રૂ. ૧,૪૭૫ મંજૂર કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વિન્ડો એર-કન્ડિશનર ખરીદતાં એક્સાઈઝ ડ્યૂટીમાં વધારો થવાથી થયેલ વધારાનું ખર્ચ રૂ. ૧,૪૭૫ મંજૂર કરવું.

૫. પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે વર્ષ ૧૯૮૦–૮૧ દરમિયાન એનિમલ ફૂડ રૂ. ૯,૦૦૦ની કિંમતની મે. મોડર્ન બેકરીઝ ઇન્ડિયા પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. મોડર્ન બેકરીઝ (ઇન્ડિયા) લિ. પાસેથી પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે વર્ષ ૧૯૮૦-૮૧ દરમિયાન એનિમલ ફૂડ રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)ની મર્યાદામાં રહી ખરીદવાની ૭ માસ માટે અધ્યક્ષશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટીના લાકડાના ફર્નિચરને વર્ષ ૧૯૮૦–૮૧ દરમિયાન પૉલિશ કામ કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનું લાકડાનું ફર્નિચર પૉલિશ કરવા અંગે નીચેના વેપારીઓના ભાવ સૌથી ઓછા હોવાથી મંજૂર કરવા :

નં.	વસ્તુનું નામ	વિગત	ભાવ	વેપારીનું નામ
૧.	ટેબલ	૫–૩" ૨–૬"	૧૬–૦૦ નંગના	રામકિશોર સુદામલ શર્મા
૨.	ટેબલ	૪–૨" ૨–૬"	૧૨–૦૦ ,,	,,
૩.	પાર્ટિશન	બંને બાજુ જુદી કાચનો ભાગ બાદ	૦–૫૦ ચો.ફૂટ	,,
૪.	પાર્ટિશન બારણાં	,,	૦–૫૦ ,,	,,
૫.	ટ્યૂન સ્ટૂલ		૩–૦૦ નંગના	,,
૬.	કમિટી ટેબલ	,,	૧૨–૦૦ ,,	,,
૭.	ડ્રેસિંગ ટ્રે		૬–૦૦ ,,	,,
૮.	રૂમનાં બારણાં		૦–૬૦ ચો.ફૂટ	,,
૯.	ખુરશી	દરેક જાતની	૪–૫૦ નંગના	મહાલક્ષ્મી ઇન્ટેરિયર ડેકોરેટર્સ
૧૦.	વુડન રેક	,,	૬–૦૦ ,,	,,
૧૧.	ઇઝી ચેર	,,	૫–૫૦ ,,	,,

૭. યુનિવર્સિટીને સ્ટીલ તથા લાકડાનું ફર્નિચર પૂરું પાડવા અંગે વેપારીઓનાં નામ રજિસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી રાખવી. દરમ્યાન સ્ટીલ તથા લાકડાના ફર્નિચરના બીજા પ્રતિષ્ઠિત વેપારીઓ અંગે તપાસ કરી કાર્યાલયને રિપોર્ટ કરવો.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગનાં બે વૈજ્ઞાનિક સાધન ૧. પોટેન્શિયોસ્ટેટ, ૨. પોટેન્શિયોરકાન આયાત કરતાં વિનિમય દરના તફાવતના કારણે થયેલ વધારાનું ખર્ચ રૂ. ૮૨૫ની મંજૂરી કુલપતિશ્રીએ આપી તેની નોંધ લેવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૯. યુનિવર્સિટી પરીક્ષાઓના તારીફના કામ માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના કોમ્પ્યુટર મશીનનો ઉપયોગ કરવા અંગે રૂ. ૧૫,૦૦૦ સુધીનું ખર્ચ કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૧૦. યુનિવર્સિટી પરીક્ષાઓના ઑફિસ રજિસ્ટર માટે લેજર પેપરનો ઑર્ડર મે. પ્રિસિશન પ્રિન્ટર્સ મુંબઈને આપેલ હતો પણ લેજર પેપર બજારમાંથી ઉપલબ્ધ ન થતાં તથા પરીક્ષા કામની અગત્ય જોતાં તેટલી જ ગુણવત્તાવાળો સફેદ કાગળ વાપરવા અંગેની પરવાનગી કુલપતિશ્રીએ આપી તેની નોંધ લેવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટીનાં પ્રકાશનો વેચાણ આપવા અંગે સેલ એજન્સી માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે આવેલ ટેન્ડરો જોતાં મે. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદને તેઓના ટેન્ડરની શરતો પ્રમાણે ત્રણ વર્ષ માટે યુનિવર્સિટી પ્રકાશનોની વેચાણ અંગેની એજન્સી આપવી.

વધુમાં તેજ શરતોએ યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ.ને પણ તેઓના વેચાણ માટે પ્રકાશનો આપવાં.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના વિભાગો માટે કેમિકલ્સ, ગ્લાસવેર તથા સ્લાઈડ, કવર-સ્લિપ્સ વગેરે વર્ષ ૧૯૮૦-૮૧માં ખરીદવા અંગે રેઈટ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે વર્ષ ૧૯૮૦-૮૧ માટે નીચેના વેપારીઓ સાથે રેટ કોન્ટ્રાક્ટ કરવાનું રાખવું.

ક્રમાંક	વસ્તુનું નામ	વેપારીનું નામ
૧.	સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ	૧. સિસ્ટોનિક્સ, અમદાવાદ
		૨. ઇલેક્ટ્રોનિક કોર્પોરેશન ઑફ ઇન્ડિયા
		૩. ફિલિપ્સ ઇન્ડિયા લિ.
		૪. રોશનીવાલા બ્રધર્સ
		૫. સરકારી સંસ્થાઓ
૨.	કેમિકલ્સ	૧. સારાભાઈ એમ. કેમિકલ્સ, વડોદરા
		૨. ઈ. મર્ક. ઇન્ડિયા પ્રા. લિ., મુંબઈ
		૩. ગ્લેક્ષો લેબોરેટરીઝ (ઇન્ડિયા) પ્રા. લિ., મુંબઈ
૩.	ગ્લાવેર	૧. વેનસિલ ગ્લાસ વર્ક્સ પ્રા. લિ., બેંગલોર
		૨. બોરોસીલ ગ્લાસ વર્ક્સ, મુંબઈ
૪.	સ્લાઈડ અને કવર સ્લિપ્સ	૧. પોલાર ઇન્ડસ્ટ્રિયલ કોર્પોરેશન, મુંબઈ.

વધુમાં ઇક્વિપમેન્ટ સિવાય કેમિકલ્સ, ગ્લાસવેર તથા સ્લાઈડ ઉપરની કંપનીઓ અથવા તેઓના માન્ય ડીલરો પાસેથી જ રેટ કોન્ટ્રાક્ટ દરે ખરીદવાનું રાખવું.

Note.—Notwithstanding anything contained above, it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee a person as a Professor or Reader provided he has to his credit independent and original achievement of recognised merit in the subject and at least two students working under his exclusive guidance has qualified themselves for the award of a Ph.D. Degree for Reader's post and at least four students for Professor's post.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી. રઘુવીર ચૌધરીના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક ભવનોમાં કામ કરતા વ્યાખ્યાતા અને રીડર પોતાની કારકિર્દીનાં દસ વરસ અહીં પૂરાં કરે ત્યારે એમનો મૂળ પગાર રીડર અને પ્રોફેસરના પગારધોરણને સ્પર્શી ગયો હોય અને નિષ્ણાતોની સમિતિ ઉચ્ચતર પદ માટે એમની યોગ્યતા સ્વીકારે તો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ વ્યાખ્યાતાને રીડર અને રીડરને પ્રોફેસરનું પદ આપવા ઠરાવ કરી શકશે."

(૨) "છેલ્લાં બે વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓનાં પરિણામ જૂનની ૧૫મી પહેલાં આપી શકાતાં નથી તેથી ઉત્તીર્ણ થનાર સ્નાતકો અને અનુસ્નાતકોની આગળની કારકિર્દીના આરંભે ચિંતાજનક વિલંબ થાય છે તો ચાલુ શૈક્ષણિક વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓના છેલ્લા વર્ષની પરીક્ષાઓ માર્ચના ચોથા અઠવાડિયામાં શરૂ કરી દેવા લાગતાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે."

(૩) "ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં જે સભાગૃહ છે તેમાં નાના સ્ટેજની સુવિધા છે પરંતુ ગ્રીન રૂમની સગવડના અભાવે તેમ જ પડધા પડતા હોવાથી નાટક આદિ કલાઓની સાહિત્યપૂરક પ્રવૃત્તિઓ કરવામાં અગવડ પડે છે, તો ભાષા-ભવનના સભાગૃહને સગવડભર્યું કરવા માટે જરૂરી ખર્ચ મંજૂર કરવામાં આવે અને તેની કાર્યવાહી તુરત હાથ ધરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ નં. ૧ અને ૨ની વિચારણા મોકૂફ રાખવી અને સદરહુ પ્રસ્તાવ નં. ૩ બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવો.

બાબત નં. ૩૮ અને ૫૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. યુ. સી. પાન્ડે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી ડેનીડા(ડેન્માર્ક)ની ફેલોશિપ સ્વીકારવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૧-૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ એક વર્ષની બિનપગારી અભ્યાસ-રજાની મુદત ૩૧-૮-૧૯૮૦ ના રોજ પૂરી થાય છે તેમાં ૪ માસનો વધારો આપવા અંગેની તેઓની તા. ૫—૩—૧૯૮૦ની અરજીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

અને

૫૬. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન એનાલિટિકલ તરીકે કામ કરતાં ડૉ. યુ. સી. પાંડેનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧-૬-૧૯૮૦ ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨-૬-૧૯૮૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

તે પછી બાબત નં. ૩૮ના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામા આવી કે ડૉ. યુ. સી. પાંડે તા. ૪—૯—૧૯૮૦ના રોજ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં પુનઃ હાજર થઈ ગયા છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. યુ. સી. પાંડેની બિનપગારી અભ્યાસ-રજાની મુદત તા. ૩૧-૮-૧૯૮૦થી તા. ૩-૯-૧૯૮૦ સુધી લંબાવવી અને તેમના અજમાયશી સમયની ગણતરીના હેતુ માટે આ યુનિવર્સિટીમાં તેમની સક્રિય સેવાઓને જ લક્ષમાં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે અજમાયશી સમય અંગેના યુનિવર્સિટીના નિયમમાં જરૂરી સુધારો કરીને તેમાં સક્રિય સેવાઓનો સમયગાળો લક્ષમાં લેવામાં આવે એવી જોગવાઈ કરવી.

૩૯. ચાલુ વર્ષથી એસ.વાય.બી.એસસી.માં વનસ્પતિવિજ્ઞાન ગૌણ વિષય તરીકે શીખવવા જોડાણ આપવા નવજીવન સાયન્સ કૉલેજ, ડાહોદના આચાર્ય તરફથી તા. ૧૦-૭-૧૯૮૦ ના પત્રથી આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષથી એસ.વાય.બી.એસ.સી.ના વર્ગમાં ગૌણ કક્ષાએ વનસ્પતિવિજ્ઞાનનું શિક્ષણકાર્ય તા. ૧૫-૬-૧૯૮૦ થી શરૂ કરવા માટે મંજૂરી આપવી.

૪૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ. એમ. એન. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટી ભવનોના શિક્ષકો વધુ અભ્યાસ અર્થે કે અન્ય કારણોસર રજા પર જાય કે કોઈ ચાલુ જગ્યા ખાલી પડે તો તે જગ્યા પર જે તે વિભાગના શિક્ષકોમાંથી શ્રેયાન સભ્યને (જો ડ્યુલી ક્વોલિફાઈડ હોય તો) કામચલાઉ ધોરણે તે જગ્યા પર નિયુક્ત કરવા આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. એનવીએન. ૧૦૭૯/૧૬૮૮-૫ તા. ૫-૭-૧૯૭૯ અન્વયે વર્ધિત પ્રોવિડંટ ફંડમાં સરકારી કર્મચારીઓના ફાળાની રકમ અને વર્ધિત પ્રોવિડંટ ફંડમાં સરકારનો ફાળો ગણતી વખતે આ ફાળો જેના પર આધારિત હોય તે પગારને અનુરૂપ મોંઘવારી પગાર—આવા પગારના એક ભાગ તરીકે તા. ૧-૪-૧૯૭૯થી સ્વીકારેલ છે પરંતુ આમ છતાં તા. ૩૦-૯-૧૯૭૭ની તારીખથી ફાળાની રકમ સરકારી કર્મચારી ચૂકવવા માગતો હોય તો તે તારીખથી ઉપરોક્ત ફાળાની ગણતરી માટે મોંઘવારી

પગાર પણ એક ભાગ તરીકે ગણવાનું રાજ્ય સરકારશ્રીએ સ્વીકાર્યું છે જેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને તેમના પ્રોવિડન્ટ ફંડની કપાત માટે આપવા માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના સામાન્ય મંત્રીના તા. ૨૬–૬–૧૯૮૦ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ જી.આર.માં જણાવ્યા મુજબનો પ્રોવિડન્ટ ફંડનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને પણ તા. ૧–૪–૧૯૭૯થી આપવાનું રાખવું, તેમ છતાં તા. ૩૦–૯–૧૯૭૭થી કે ત્યાર પછીની તારીખથી ફાળાની રકમ યુનિવર્સિટી કર્મચારી ચૂકવવા માગતો હોય ત્યાં તે તારીખથી આપવાનું રાખવું.

૪૨. કેટલાંક રાજ્યોમાં પ્રોફેશનલ કૉલેજો કેપિટેશન ફી લેતી હોઈ કૉલેજોને જોડાણ આપવાના નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈ રાખવાનું સૂચવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૦–૬–૧૯૮૦ ના પરિપત્રાંક એફ ૩–૬. ૭૪ ટી. પર વિચારણા કરવા બાબત :

You are also requested to frame rules for affiliation of colleges in such a way that no college proposed to be established on the basis of capitation fee is granted affiliation of a college found to be charging capitation fee could be disaffiliated by the University.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું સદરહુ સૂચન સ્વીકારવું.

૪૩. તા. ૧૫-૩-૧૯૮૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની નીચેની ભલામણ મોકૂફ રાખવામાં આવી હતી તે ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની કાર્યવાહીની નોંધની બાબત નં. ૮ ઉપરની ભલામણ ઉપરની વિચારણા મોકૂફ રાખવી."

સ્થાયી સમિતિની બાબત ક્રમાંક ૮ની ભલામણ નીચે મુજબ છે :

"આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકારના નાણાં ખાતાના ઠરાવ નં. એબીબી ૧૯૭૮–૩૯૯૯(૭૯) ઝેડ, તા. ૨૩–૧૧–૧૯૭૯થી દાખલ કરેલ સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ ઇન્સ્યુરન્સ સ્કીમ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે તેના દર્શાવેલ નિયમોને આધીન મરજિયાત ધોરણે દાખલ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૪૪ અને ૫૩ ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૪. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯ થી ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી એન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી એન્ડ એ.એસ.ટી.) તથા ડિપ્લોમા ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (ડી.એસ.એસ.ડી.એસ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટે આવેલી અરજી પરની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ ન આવ્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૫૩. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૮૦ થી—

(૧) માસ્ટર ઑફ સાયન્સ સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી (M.Sc. P.O.T.)
(૨) માસ્ટર ઑફ એજ્યુકેશન (સ્પેશિયલ એજ્યુકેશન ફૉર મેન્ટલી હેન્ડિકેપ્ડ (M.Ed.)
(૩) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી (D.P.)
(૪) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી (D.P.O.T.)
(૫) ડિપ્લોમા ઇન એડવાન્સ્ડ સાયકિયાટ્રિક સ્પેશિયલ વર્ક (D.P.S.V)
(૬) ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર નોન-નોરમલ ચિલ્ડ્રન (D.S.E.N.C)
—ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪-૬-૧૯૮૩ સુધીની માન્યતા આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના હેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૪૪માં જણાવેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સભ્યો પાસેથી મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું. દરમિયાન સ્થાનિક તપાસસમિતિએ માંગેલી માહિતી સદરહુ સંસ્થા પાસેથી મંગાવવી.

૪૫. જૂન ૧૯૭૯થી કાયદાનું શિક્ષણ આપતી સંસ્થાઓ સ્વતંત્ર કૉલેજો હોવી જોઈએ તે બાબતના બારકાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના ઠરાવના અનુસંધાનમાં એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવ અન્વયે ખાસ કેસ તરીકે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ તથા વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાને પરવાનગી આપવા માટે કરેલી વિનંતી બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ નામંજૂર કરી હોવા બાબતમાં સંબંધકર્તા કૉલેજોનું વક્તવ્ય મંગાવેલું જે હજુ સુધી આવ્યું ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે તા. ૧૧ જૂન ૧૯૮૧થી સદરહુ કૉલેજોમાં કાયદાની વિદ્યાશાખા માટે અલગ કૉલેજ કરવી આવશ્યક રહેશે.

૪૬. એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલના હિન્દી વિષયના ખંડ સમયના લેકચરર શ્રી. આઈ. સી. ઉપાધ્યાયને છૂટા કર્યા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૨-૧૦-૧૯૭૭ની સભામાં કરેલ ઠરાવ અન્વયે સને ૧૯૭૬-૭૭ના વર્ષની પગાર સહિતની મળવાપાત્ર રકમની ચુકવણી કરી તેની જાણ કરવા જણાવ્યું હતું, પરન્તુ કૉલેજ તરફથી તેમ નહીં કરવામાં આવતાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં સદરહુ કૉલેજનો રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં કાપ મૂકવા માટેની કાર્યવાહી કરવાના સૂચન સાથે સદરહુ બાબત એકેડમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં એકેડમિક કાઉન્સિલની તા. ૨૧-૭-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાંથી છૂટા થયેલા હિંદીના ખંડ સમયના લેકચરર શ્રી. આઈ. સી. ઉપાધ્યાય મળવાપાત્ર રકમની ચુકવણી કરીને તેની જાણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે આપેલા આદેશનું પરિપાલન ઘણો સમય થયો હોવા છતાં તે કૉલેજે કર્યું નથી તે બાબત અતિશય ગંભીર છે અને તેના સંદર્ભમાં આ સભાગૃહ ઠરાવે છે કે બાકી

નીકળતી રકમની ત્રણ ગણી જેટલી રકમ સદરહુ કૉલેજ માટેની વહીવટી અને મકાનભાડા પેટે મળવાપાત્ર ગ્રાન્ટમાંથી કાપી લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. ડી. એન. રાબોલીઆની નિમણૂકને તા. ૧-૭-૧૯૭૮ થી તા. ૧૫-૬-૧૯૮૦ સુધીના સમય માટે માન્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના લેકચરર તરીકે શ્રી. ડી. એન. રાબોલીઆની નિમણૂક તા. ૧—૭—૧૯૭૮થી તા. ૧૫—૬—૧૯૮૦ સુધીના સમયગાળા માટે અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવી.

૪૮. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના ભૌતિકવિજ્ઞાનના ખંડ સમયના લેકચરર શ્રી. જી. ટી. ભટ્ટની નિમણૂકને તા. ૧૯-૬-૧૯૭૯ થી તા. ૫-૧૧-૧૯૭૯ સુધીના સમય માટે માન્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ભૌતિકવિજ્ઞાનના લેકચરર તરીકે શ્રી. જી. ટી. ભટ્ટની નિમણૂક તા. ૧૯—૬—૧૯૭૯થી તા. ૫—૧૧—૧૯૭૯ સુધીના સમયગાળા માટે અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવી.

બાબત નં. ૪૯ અને ૧૨૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૯. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ ક્રમાંક-વલભ-૧૦૮૦-૧૩૨૬-જ તા. ૧-૭-૧૯૮૦ થી મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧-૨-૧૯૮૦ થી કરેલ વધારો યુનિવર્સિટીના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ) ને ચૂકવવા અંગેની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા આ ઠરાવનો લાભ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના / માન્ય સંસ્થાઓના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૨૩. રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ ક્રમાંક વલભ—૧૧૮૦—૧૭૫૭-જ તા. ૧૨-૮-૧૯૮૦થી મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧-૫-૧૯૮૦ થી કરેલો વધારો યુનિવર્સિટીના કર્મચારીઓ(શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ને ચૂકવવા અંગેની મંજૂરી આપ્યાના; અને આ ઠરાવ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોમાં જણાવેલ કુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોમાં જણાવેલા સુધારેલા દર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ રાજ્ય સરકારના જે તે ઠરાવમાં જણાવેલ તારીખથી લાગુ પાડવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાના દરમાં વખતોવખત જે ફેરફાર કરે તે ફેરફાર યુનિવર્સિટીના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તેમ જ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે ઠરાવે તે તારીખથી લાગુ પાડવા.

૫૦. શ્રી. જે. આર. શાહની એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરીકે થયેલ નિમણૂકને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. ઑક્ટોબર–નવેમ્બર ૧૯૮૦ માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો હોય, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૩) (૩) અન્વયે પ્રાશ્નિકો-પરીક્ષકો તરીકે સૂચવાયા હોવાથી તેમની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી નિમણૂકોની યાદી સામેલ કરવામાં આવી નથી.)

બાબત નં. ૫૨ની સાથે બાબત નં. ૧૨૫ની પેટાબાબતો (૧) અને (૨) ઉપર પણ વિચારણા કરવામાં આવી.

૫૨. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર ઍકેડેમિક કાઉન્સિલે કરેલાં સૂચનો (જો હોય તો)ને અનુલક્ષીને પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૨૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑક્ટોબર ૧૯૮૦ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે પરીક્ષા સમિતિ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ નીચેના સભ્યોની સમિતિ નીમ્યાના :

૧. પ્રિન્સિ. કે. એન. શાહ
૨. શ્રી. એન. આર. શાહ
૩. પ્રિન્સિ. એમ. સી. શાહ
૪. શ્રી. એ. આર. શાહ
૫. શ્રી. આર. વી. પટેલ
૬. ડૉ. પી. પી. મહેતા
૭. પ્રિન્સિ. જી. બી. પરીખ
૮. પ્રિન્સિ. બી. એમ. પીરજાદા
૯. શ્રી. પી. એમ. મજમુદાર
૧૦. શ્રી. એચ. એમ. દેસાઈ
૧૧. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ;

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણ મુજબ ઑકટોબર ૧૯૮૦ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો–પરીક્ષકો નીમ્યાના;

સદરહુ બાબતના સંદર્ભમાં ગુજરાત રાજ્યની વડી અદાલત સમક્ષ યુનિવર્સિટી તરફથી કરવામાં આવેલ નિવેદન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑકટોબર–નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો પર કુલપતિશ્રીએ નીમેલી સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ નિમણૂકોની યાદી સામેલ કરવામાં આવી નથી.)

૫૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૪. શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર દ્વારા સંચાલિત (૧) શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, તથા (૨) શેઠ સી. એન. કૉમર્સ કૉલેજનું જૂન ૧૯૮૧ થી સંકુલ કરવા દેવાની પરવાનગી માગતા સદરહુ મંડળના પ્રમુખશ્રીના તા. ૨૪–૭–૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૫૫. પ્રાકૃતની અનુસ્નાતક સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગેનો નીચેનો ઑર્ડિનન્સ પ્રાકૃત-૧ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

Ordinance Prakrit–1

" A candidate having passed a Bachelor's degree examination will be eligible for admission to the Post-graduate Certificate Course in Prakrit of one year duration."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૭. ભાષા–સાહિત્ય ભવનમાં પર્શિયનના લેક્ચરર ડૉ. એ. એન. કુરેશીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૭–૮–૧૯૮૭ ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૮–૮–૧૯૮૦ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પર્શિયનના લેક્ચરર ડૉ. એ. એન. કુરેશીની કામગીરી અંગેનો ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ભાષાસાહિત્ય ભવનમાં પર્શિયનના લેક્ચરર ડૉ. એ. એ. કુરેશીને તેમની જગ્યા પર તા. ૮–૮–૧૯૮૦થી કાયમ કરવા.

૫૮. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના સ્ટેનોગ્રાફર શ્રી. એન. સી. ચૌહાણનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૦-૮-૧૯૮૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૧-૮-૧૯૮૦ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેનોગ્રાફર શ્રી એન. સી. ચૌહાણની કામગીરી અંગેનો ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના સ્ટેનોગ્રાફર શ્રી. એન. સી. ચૌહાણને તેમની જગ્યા પર તા. ૧૧—૮—૧૯૮૦થી કાયમ કરવા.

૫૯. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. આર. કે. શાહને રૂ. ૧૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦ મૂલ્યાંકન-૬૦-૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦ પછીનો પગાર-વધારો તા. ૧૬-૬-૧૯૮૦થી આપવા અંગે મૂલ્યાંકન સમિતિની તા. ૨૫-૭-૧૯૮૦ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. કે. શાહને રૂ. ૧૨૦૦—૫૦-૧૩૦૦—૬૦—૧૬૦૦—મૂલ્યાંકન ૬૦—૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦ પછીનો વાર્ષિક પગારવધારો તા. ૧૬—૬—૧૯૮૦થી મંજૂર કરવો.

૬૦. અસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની તા. ૮—૯ માર્ચ, ૧૯૭૯ના રોજ પતિયાળા મુકામે મળેલ ૫૪મી વાર્ષિક સભામાં અસોસિયેશન પર નિયમિત સભ્યપદ ધરાવતી પ્રત્યેક યુનિવર્સિટીના કામકાજની દર ૧૨ વર્ષના નિયતકાલીન અંતરે સમીક્ષા કરવા માટે લીધેલ નિર્ણયના અનુસંધાનમાં પશ્ચિમ વિભાગમાં ગુજરાત યુનિવર્સિટી સહિત ૧૨ યુનિવર્સિટીઓ અંગે સમીક્ષા સમિતિના હેવાલ પર અસોસિયેશન બરહ્વાન ખાતે તા. ૧૦ માર્ચ ૧૯૮૦ના રોજ મળેલ તેની ૫૫મી વાર્ષિક સભામાં કરેલ નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"Resolved that the report of the Review Committee in respect of the Universities (names given in the enclosures) be accepted and their continued membership of the AIU be re-affirmed."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૧. સોશિયલ સર્વિસ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી જૂન ૧૯૮૦ થી ગાંધીધામ મુકામે હિન્દી માધ્યમની બી.એડ. કૉલેજ શરૂ કરવાની જોડાણઅરજીના સંદર્ભમાં જોડાણના આપવાના એકિઝકયુટિવ કાઉન્સિલના નિર્ણય સામે તેણે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૮) અન્વયે રાજ્ય સરકારને કરેલી અપીલ પરત્વે રાજ્ય સરકારે તેમના તા. ૧૧—૭—૧૯૮૦ના પત્રાંક યુ.એસ.જી. ૧૦૭૬-૪૦૮૮૫-ખ થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

Memorandum :

The Social Service Circle Trust had submitted application under Section 33 (8) of the Gujarat University Act seeking permission for starting the B.Ed.

Hindi Medium Training College at Gandhidham from June 1980 was rejected by the Gujarat University and Social Service Circle Trust appealed to the State Govt. under Section 33 (8) of the Gujarat University Act. A hearing was given by the Secretary, Education and Labour Department on 23-6-1980 when the representatives of the Trust and representatives of the Gujarat University were present.

2. After careful consideration of what has been represented by the appealant trust in its appeal memo as well as at the time of hearing, Govt. has come to the conclusion that there is no need to start B.Ed. Hindi medium training college as the total number of Hindi medium schools is 27 and Sindhi medium 21 and Urdu medium 2. This total number of minority language school is only 50 and present training colleges are of turning out trained teacher rate very much in excess of total annual requirements for this State. In view of these Government have decided that the appeal under section 33 (8) of Gujarat University Act, may be rejected.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. સાયન્સ કૉલેજ, કંડીએ જૂન ૧૯૮૦થી બી.એસસી. (જનરલ)માં ગણિત-શાસ્ત્રનો વિષય શીખવવા માટે કરેલ અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન રિવ્યૂ કમિટીના હેવાલના સંદર્ભમાં એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીએ નીમેલ સમિતિનો હેવાલ એસોસિયેશનની તા. ૧૨-૧૩ મે, ૧૯૮૦ની સ્પેશિયલ જનરલ સભાએ દેશની બધી યુનિવર્સિટીઓના મંતવ્ય માટે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે અંગે આ યુનિવર્સિટીનું મંતવ્ય જણાવવા માટેના સદરહુ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૧૧—૭—૧૯૮૦ના પત્રાંક EV/vii/(1:7) 80/ 91/46-258 પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. શ્રમિક વિદ્યાકેન્દ્રના નિયામકશ્રીના રહેઠાણ પર ટેલિફોનની સગવડ આપવા અંગે સદરહુ કેન્દ્રના નિયામકશ્રી તરફથી આવેલા પત્ર નં. પીવીસી—૫૨૦ તા. ૧૭-૭-૧૯૮૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રમિક વિદ્યાકેન્દ્રના નિયામકશ્રીના નિવાસસ્થાને ટેલિફોનની સગવડ નીચેની શરતોએ આપવી :

(૧) આ ટેલિફોનની સગવડ માટે ટેલિફોનનું જે ભાડું (Rental) ટેલિફોન ખાતાને આપવાનું થાય તે યુનિવર્સિટી ચૂકવશે.

(૨) વિના ફીના કૉલ (free calls) ઉપરાંત વધારાના જે કૉલનું ખર્ચ થાય તે વ્યક્તિને શિરે રહેશે અને યુનિવર્સિટી કાર્યાલય તરફથી તે મજરે આપી શકાશે નહીં તેમ સ્પષ્ટતા કરવામાં આવે.

૬૫. સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારકનિધિ તરફથી યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવેલ વિદ્યાર્થીઓના છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં પૉલીટેકનિક તથા આયુર્વેદિક કૉલેજમાં અભ્યાસ કરતા જૂના વડોદરા રાજ્યના છાત્રોને ચાલુ વર્ષ માટે પ્રવેશ આપવા માટે તેમને મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા ભવિષ્ય માટે તેમને જરૂરી છૂટ આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને સદરહુ પ્રસ્તાવમાં જણાવેલ છૂટ ભવિષ્યમાં પણ સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારકનિધિને આપવી.

૬૬. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં આચાર્ય તરીકે નિમાયેલાં શ્રી. નયના-બહેન કે. શાહની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કેળવણી ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૧૯-૯-૧૯૮૦ના પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના આચાર્યપદે કરવામાં આવેલી કુ. નયનાબહેન કે. શાહની નિમણૂક અપવાદ તરીકે માન્ય કરવી.

૬૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સને ૧૯૮૦—૮૧ના વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વધુ વિદ્યાર્થી-પ્રવેશ અંગેના પ્રશ્નો બાબતમાં કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણો અન્વયે પગલાં લીધાના;

(૨) સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા પશ્ચાદ્વર્તી તારીખથી આપવાના પ્રશ્નો જોઈતપાસીને તે અંગેની પોતાની ભલામણો રજૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫—૩—૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૫—૭—૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર રાખ્યાના;

(૩) (૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજ/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૨) યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો / સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોની અનુસ્નાતક શિક્ષક તરીકેની અરજીઓ નામંજૂર કર્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો / સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો / સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોની માન્યતા એક કૉલેજ / સંસ્થામાંથી બીજી કૉલેજ / સંસ્થામાં બદલી આપ્યાના;

(૫) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.ઈ. (સિવિલ)ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. જે. પી. જોશીપરાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ નિમણૂક કર્યાના;

(૬) કૉમર્સ કૉલેજ, ડભોઈમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. ટી. શાહની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ નિમણૂક કર્યાના;

(૭) પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરામાં ઑર્ડિ. ૬૧-પી(ડી) અનુસાર સ્થાનિક શિક્ષકગણની ઊણપ હોવાથી ઊણપ દૂર કરવા અન્યથા આવતા શૈક્ષણિક વર્ષથી મજકૂર કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં તેની જાણ કર્યાના;

(૪) પીએચ.ડી. પદવી મહાનિબંધ તપાસવા તથા મૌખિક પરીક્ષા યોજવા માટે જે તે અભ્યાસ-સમિતિએ રેફરીઓનાં નામોની કરેલ ભલામણ મંજૂર કરવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮—૭—૧૯૮૦ના સભાની ભલામણ અન્વયે સદરહુ નિમણૂકો મંજૂર કર્યાના;

(૫) પીએચ.ડી. પદવી માટેના વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના;

(૬) ડૉ. બી. કે. ગોરના માર્ગદર્શન હેઠળ વનસ્પતિવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.નાં વિદ્યાર્થી શ્રીમતી સુધા આર. રાવ તથા ડૉ. એ. બી. વોરાના માર્ગદર્શન હેઠળ વનસ્પતિવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. પી. કે. ગોપાલકિશ્નના મહાનિબંધો તપાસવા માટે નિમાયેલા રેફરીઓનાં નામો ઊલટસૂલટ થયાનું વનસ્પતિવિજ્ઞાનનો અભ્યાસ-સમિતિના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૨૭—૬—૧૯૮૦ના પત્રથી જણાવતાં જે તે વિદ્યાર્થીઓની રેફરીઓની નિમણૂકમાં તે પ્રમાણે સુધારો કર્યાના;

(૭) (૧) સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદના એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. બી. પંચોલીની નિમણૂક કર્યાના;

(૨) કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. એચ. એલ. શાહની નિમણૂક કર્યાના;

(૮) ઑકટોબર—નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર થર્ડ એલએલ.બી. પરીક્ષા માટે ગોધરાને કેન્દ્ર તરીકે મંજૂર કર્યાના;

(૯) કુ. શાહ શિલ્પા સુબોધચંદ્ર અને અન્ય વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૯૧૬થી થર્ડ બી.કૉમ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર નહિ ગણવા અંગે કરેલ રિટ માટે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા તે અંગે થનાર ખર્ચને મંજૂર કર્યાના;

(૧૦) ઑકટોબર માસમાં ડભોઇ કેન્દ્રને થર્ડ બી.એ. અને થર્ડ બી.કૉમ.ની પરીક્ષા માટે વધારાના કેન્દ્ર તરીકે મંજૂર રાખ્યાના;

(૧૧) ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યાની મળેલી વરણી સમિતિની તા. ૨—૪—૧૯૮૦ની નોંધ હેઠળ સમિતિના સભ્યો સર્વશ્રી ડૉ. બિહારીલાલ કનૈયાલાલ, હરીશ યુ. શાહ તથા એમ. પી. કેકર (આમંત્રિત)નાં નામો છાપભૂલના કારણે રહી ગયેલ હોઇ તે સુધાર્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૮. નડિયાદની (૧) સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, (૨) ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, અને (૩) નડિયાદ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૩થી અને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૮૨થી જે તે સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ કુલપતિશ્રીએ લીધેલા નીચેના નિર્ણયના સંદર્ભમાં જે તે અરજીની બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

કુલપતિશ્રીનો નિર્ણય

" નડિયાદમાં હાલ વાણિજ્યની એક જ કૉલેજ છે જેમાં ચાલુ વર્ષે પ્રથમ વર્ષમાં નવા સાતસો જેટલા વિદ્યાર્થીઓને ઑર્ડિ. ૧૨૦-બીમાં અપવાદ કરીને દાખલ કરવાની પરવાનગી વિદ્યાર્થીઓનું હિત લક્ષમાં લઈને, આપવાનું આવશ્યક બન્યું છે. આ વર્ષે આ ધસારો ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાનું પરિણામ અગાઉનાં વર્ષોની સરખામણીમાં ઉદાર નીકળેલું હોવાનું કારણ હશે, તોપણ વાણિજ્યની વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓનો પ્રવાહ છેલ્લાં કેટલાંક વર્ષોથી સતત વધતો રહ્યો છે તે સુવિદિત છે. આ હકીકતના ઉપલક્ષમાં નડિયાદમાં વાણિજ્યની ઓછામાં ઓછી એક વધુ કૉલેજ માટેની જરૂરિયાત છે એ નિર્વિવાદ છે.

૧૯૮૧ના વર્ષથી નડિયાદમાં વાણિજ્યની નવી ત્રણ કૉલેજો માટે અરજીઓ આવેલી છે. તે ત્રણે માટે કે તેમાંથી એક કે બે માટે અવકાશ છે તે બાબત સ્થાનિક તપાસના હેવાલો આવ્યેથી વિચારી શકાશે.

દરમિયાન નડિયાદમાં વાણિજ્યની વધુ કૉલેજ/કૉલેજો માટેની જરૂરિયાત પ્રથમ દર્શને સ્વીકારવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. આચાર્ય બી. એમ. પીરજાદા.

૬૯. યુનિ. કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૮૦ની સભામાં થયેલાં સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૦. તા. ૧૮–૭–૧૯૮૦ તથા તા. ૧૦–૮–૧૯૮૦ના રોજ મળી ગયેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૯૯ અને ૧૩૦ની પણ વિચારણા સાથે કરવામાં આવી.

૯૯. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૮–૮–૧૯૮૦ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત

અને

૧૩૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો–પરીક્ષકો–નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૮–૮–૧૯૮૦, ૪–૯–૧૯૮૦, ૧૧–૯–૧૯૮૦ અને ૧૨–૯–૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૮૦, તા. ૮-૮-૧૯૮૦, તા. ૧૦-૮-૧૯૮૦, તા. ૨૮-૮-૧૯૮૦. તા. ૪-૯-૧૯૮૦, તા. ૧૧-૯-૧૯૮૦, તા. ૧૨-૯-૧૯૮૦ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપર જણાવેલી સભાઓની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણે બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૮થી બંધ કરવા ઑર્ડ. ૧૨૦-એફ્ અનુસાર કરેલી અરજીના સંદર્ભમાં નિયુક્ત થયેલી સમિતિનો હેવાલ હજુ સુધી આવ્યો ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે હાલને તબક્કે વિશેષ કરવાપણું રહેતું નથી.

૭૨. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-સાયકોલોજીની જગ્યાના સંદર્ભમાં સર્વશ્રી ડૉ. કુસુમબહેન ભટ્ટ તથા એસ. પી. ગોસાઈએ ગુજરાત હાઈ કોર્ટમાં કરેલી અપીલ (અનુક્રમે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૮૫-૧૯૮૦ અને ૧૪૦૬-૧૯૮૦)ના સંદર્ભમાં નામદાર હાઈ કોર્ટે આપેલ ચુકાદાઓ અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. 4th International Congress on Mathematical Education at Berkley, California, U.S.A.માં હાજરી આપવા માટે કુલપતિશ્રી પ્રોફે. પી. સી. વૈદ્યને હવાઈ જહાજ તથા પર્યટન ખર્ચ કરવા માટેની આર્થિક સહાય મંજૂર કર્યાની

જાણ કરતા યુ.ગ્રા.ક.ના તા. ૧૯-૭-૧૯૮૦ના પત્રાંક એફ. ૪-૨-૧૯૭૯ (બી. ૭)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૪. ખંડ સમયના શિક્ષકો માટેનું સુધારેલું પગારધોરણ સંલગ્ન લો કૉલેજને લાગુ પાડવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભાના ઠરાવ અન્વયે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સચિવશ્રીને તેમના તા. ૨૫-૪-૧૯૮૦ના પત્ર પરત્વે પુનઃ વિચારણા કરવા જણાવેલ તે બાબતમાં શિક્ષણ વિભાગે તેના તા. ૧૧-૭-૧૯૮૦ના પત્રથી "દરખાસ્ત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી" તેમ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૫. **Gujarati migrants their problems of preservation of language and culture અંગેનો ત્રણ દિવસનો પરિસંવાદ નવેમ્બર ૧૯૮૦ના સમય દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજવા અંગે International School of Dravidian Linguistics ના મુલાકાતી પ્રાધ્યાપકના તા. ૨૦-૮-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ (International School of Dravidian Linguistics) અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજવાનું રાખવું અને તે માટે હાલ રૂ. ૧૦૦૦ (રૂપિયા એક હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૭૬. અમદાવાદની ત્રણ સંસ્થાઓ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના સંયુક્ત ઉપક્રમે ઑકટોબર ૩૧ થી ૨ નવેમ્બર ૧૯૮૦ના સમય દરમિયાન અમદાવાદ મુકામે The Indian Academy of Applied Psychologyનું આગામી અધિવેશન યોજવા અંગેના યુનિવર્સિટીના માનસશાસ્ત્ર વિષયના વડા શ્રી. એચ. ડી. બક્ષીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનના સહપુરસ્કર્તા તરીકે ગુજરાત યુનિવર્સિટીએ જોડાવાનું રાખવું.

૭૭. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થતા શ્રી. કે. એસ. શાસ્ત્રીએ આ યુનિવર્સિટીની તમામ સભા-સમિતિઓમાંથી રાજીનામું આપેલું હોઈ સ્ટે. ૨૧૦ની કલમ ૬ની પેટાકલમ (૨) અનુસાર સંલગ્ન કૉલેજોની "ઇન્સ્પેકશન કમિટી" પર તેમના સ્થાને એકિઝકયુટિવ કાઉન્સિલના અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્પેકશન્સ કમિટી પર શ્રી. કે. એસ. શાસ્ત્રીની જગ્યાએ શ્રી. એન. આર. શાહને નીમવા.

૭૮. શ્રી કે. એસ. શાસ્ત્રી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિપદે નિયુક્ત થયા હોઈ તેઓએ તેમના તા. ૨૨-૮-૧૯૮૦ના પત્રથી સમિતિઓમાંથી રાજીનામું આપતાં નીચે જણાવેલ સમિતિઓ પરની તેમની ખાલી પડેલ જગ્યા પર અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) કલોલની કૉલેજોના સંકુલ અંગેની સમિતિ
(૨) જોડાણની શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિ
(૩) ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ
(૪) કૉલેજ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સમિતિ
(૫) કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ
(૬) પરીક્ષા પુરસ્કાર સમિતિ
(૭) કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિઓ પર શ્રી. કે. એસ. શાસ્ત્રીની ખાલી પડેલી જગ્યાઓ પર નીચે મુજબ નિમણૂક કરવી :

૧. કલોલની કૉલેજોના સંકુલ અંગેની સમિતિ : અન્ય સભ્ય નીમવાની જરૂર નથી.

૨. જોડાણની શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિ : આચાર્ય બી. એમ. પીરજાદા

૩. ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ : આચાર્ય બી. એમ. પીરજાદા

૪. કૉલેજ શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સમિતિ : શ્રી. નરહરિભાઈ પરીખ

૫. કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ : સદરહુ સ્થાયી સમિતિ પર શ્રી. કે. એસ. શાસ્ત્રીની ખાલી પડેલી જગ્યા પર શ્રી. નરહરિભાઈ અમીનને નીમવા અને વધારાના સભ્ય તરીકે ડૉ. એમ. એન. દેસાઈને નીમવા.

૬. પરીક્ષા પુરસ્કાર સમિતિ : અન્ય કોઈ સભ્ય નીમવાની જરૂર નથી.

૭. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ : આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૭૯. શ્રી. કે. એસ. શાસ્ત્રી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિમાતાં તેઓશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યપદ પરથી રાજીનામું આપ્યું હોઈ યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૫) મુજબ તેઓની જગ્યાએ એકેડેમિક કાઉન્સિલ પર એક સભ્યની વરણી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ પર સભાગૃહના પ્રતિનિધિ તરીકે શ્રી. કે. એસ. શાસ્ત્રીની ખાલી પડેલી જગ્યાએ આચાર્ય ઘનશ્યામભાઈ પરીખની નિમણૂક કરવી.

૮૦. ફાર્મસી વિદ્યાશાખામાં સ્વ. ડૉ. સી. આર. મહેતા સ્મારક કોર્થ બી.ફાર્મ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયત્ને ફાર્માસ્યુટિકલ વિષયમાં સોથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવે છે.

એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલ ફેાર્થ બી.ફાર્મ. પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૨ શ્રી. અમીન દીપકકુમાર પ્રફુલ્લચંદ્ર અને નં. ૫૩ શ્રી. રૂપારેલીયા પ્રફુલ્લ ચંદુલાલ સદ્દરહુ વિષયમાં એકસરખા ૧૩૨ ગુણ મેળવતા હેાવાથી સદ્દરહુ ચંદ્રક કેાને એનાયત કરવેા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ બાબતમાં જણાવેલ હકીકતના સંદર્ભમાં એક વધારાનેા ચંદ્રક યુનિવર્સિટીના ખર્ચે આપીને સદ્દરહુ બેઉ વિદ્યાર્થીઓને તે ચંદ્રકેા આપવા અને પુરસ્કાર તરીકે સદ્દરહુ ચંદ્રક-ભંડેાળમાંથી આ વર્ષે આપવા પાત્ર થતી રકમ સદ્દરહુ બેઉ વિદ્યાર્થીઓને સરખે ભાગે વહેંચી આપવી.

૮૧. એમ.એલ.ડબલ્યુ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એલએલ.બી.માં અભ્યાસ કરવાની છૂટ આપવા બાબતમાં આવેલી અરજીના સંદર્ભમાં એલએલ.બી.નેા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્ય કેાઈ અનુસ્નાતક અભ્યાસ કરવાની છૂટ નહીં આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮-૮-૧૯૮૦ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકે. કા. બા. ક્ર. ૧૩).

આથી ઠરાવવામાં આવે છે કે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા સાથે પત્રવ્યવહાર કરીને ફર્સ્ટ એલએલ.બી. અને સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમ સાથે અન્ય કેાઈ અભ્યાસક્રમ (જેમકે એમ.એ., એમ.કેામ., એમ.એલ.ડબલ્યુ. વગેરે) કરવા માટે વિદ્યાર્થીઓને મંજૂરી આપવાની શકયતા તપાસવી. દરમ્યાન થર્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમ સાથે એમ.એ, એમ.કેામ. એમ.એલ.ડબલ્યુ. કે અન્ય કેાઈ અભ્યાસક્રમ કરવાની છૂટ આપવી નહીં અને આ ઠરાવનેા અમલ તા. ૧૫ જૂન ૧૯૮૧થી કરવાનું રાખવું.

૮૨. મનેાવિજ્ઞાન ભવનમાં રીડર-ઇન-સાયકેાલેાજીની જગ્યાના સંદર્ભમાં બક્ષી-પંચના નિયત કરેલ પછાત જાતિના એક ઉમેદવાર ડેા. એસ. પી. ગેાસાઈએ કરેલી રિટ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૦૬ (૧૯૮૦)ના સંદર્ભમાં નામદાર જસ્ટિસ શ્રી. બી. કે. મહેતાએ આપેલા ચુકાદામાંની નીચેની સૂચના ઉપર વિચારણા કરવા બાબત:

"The result is that this petition fails and is dismissed and the Rule is discharged.

Before parting with this judgement, I would like to put on record that the authorities of the respondent—University should immediately take steps so as to provide by issuing executive regulations till suitable provisions are incorporated in the Statutes for reservation of seats for the candidates from these handicapped class and communities and also provide a detailed scheme for carry forward of these seats and for incidental matters such as relaxation of qualifications, issuance of advertisement, holding of interviews, etc., so that the candidates like the petitioner who has by a dint of effort and perseverance achieved such high qualifications, may not feel frustrated in their attempts to shape career according to their inclination."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૮૩. જનરલ હોસ્પિટલ, ઈ.એસ.આઇ. સ્કીમ, બાપુનગર, અમદાવાદને હાઉસમેન લેવા માટે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ સાથે સંકળાયેલ સંસ્થા તરીકે માન્યતા આપવા માટે જરૂરી કાર્યવાહી કરવાનું જણાવતા બી. જે. મેડિકલ કૉલેજના ડીનશ્રીના તા. ૧૨–૮–૧૯૮૦ના પત્રાંક ૪ (પીજી) રેકગ્નાઇઝ (૧૯૮૦) ૧૯૦૪૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧ ડૉ. પી. પી. મહેતા
૨. ડૉ. એચ. એસ. શાહ (ડીન, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ)
૩. ડૉ. આર. જી. પટેલ.

૮૪. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૭-૮-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષની આંતર-વિભાગીય ખેલકૂદ હરીફાઈઓ દક્ષિણ વિભાગની યજમાન કૉલેજ ભવન્સ આર્ટ્સ-કૉમર્સ અને સાયન્સ કૉલેજ, ડાકોર ખાતે યોજવાનું અને તે માટે આંતર-વિભાગીય હરીફાઈઓ ખાતે અંદાજપત્રમાં મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેન અને મંત્રીશ્રીને આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષની યુનિ આંતર-વિભાગીય હરીફાઈઓના પંચોને નીચે પ્રમાણેનું મહેનતાણું આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

૧. ચેસ, ટેબલ-ટેનિસ, બેડમિન્ટન શૂટિંગ ટેનિસ, કુસ્તી, બેસ્ટ ફિગર, વેઈટ લિફ્ટિંગ, ખેલકૂદ, જલસ્પર્ધા વિ. સેશન દીઠ રૂ. ૧૦/-
૨. ક્રિકેટના અમ્પાયર્સને રોજના રૂ. ૧૫-૦૦
૩. ક્રિકેટ સ્કોરરને રોજના રૂ. ૭-૦૦
૪. પસંદગી સમિતિના સભ્યને રૂ. ૧૦-૦૦ (સેશનના)
૫. આંતર-વિભાગીય હરીફાઈઓ માટે બહારગામથી આવનાર કે બહારગામ જનાર પંચને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ટી.એ.ડી.એ. ઉપરાંત જે તે રકમ માટે મંજૂર થયેલ મહેનતાણું આપવું.
૬. પ્રશિક્ષણના શિબિર માટેના પ્રશિક્ષકને સેશન દીઠ રૂ. ૧૦-૦૦ આપવા.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિ. હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ, કેસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિ. ટીમના ફોટોગ્રાફ્સ, પ્રશિક્ષણ વગેરે માટે

જરૂરી ખર્ચ કરવાનું તેમ જ રાજ્યકક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈંડમાં યુનિ ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિ. હરીફાઈઓ માટે મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૪) સાંઘિક રમતો : વૉલીબૉલ, કબડ્ડી, હૉકી, બાસ્કેટબૉલ, ક્રિકેટ, બોબો વિ. તેમ જ વ્યક્તિગત રમતો કુસ્તી, બેલફૂદ, વિ. આંતર-યુનિ. હરીફાઈઓમાં ભાગ લેવા જતા યુનિવર્સિટીની ટુકડી સાથે જનાર મૅનેજરોને અન્ય કામગીરીમાં રોકાયેલ હોવાથી ટીમના ખેલાડીઓને રમત અંગે પૂરેપૂરું માર્ગદર્શન આપી શકતા નથી. આથી ચાલુ વર્ષથી શકય હોય તેટલી રમતોની ટીમો સાથે મૅનેજર અને કોચ એમ બે અલગ વ્યક્તિઓને મોકલવાનું રાખવું અને તે માટે થનાર ખર્ચ પેટે આંતર-યુનિ. હરીફાઈઓ ખાતે વધુ રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર પૂરા)ની જોગવાઈ કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટેના મુસાફરી તથા ભોજન ખર્ચ લક્ષમાં લઈને આંતર-કૉલેજ બેલફૂદ સ્પર્ધાઓ માટે મંજૂર થયેલ રૂ. ૧૬,૦૦૦ (રૂપિયા સોળ હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા માટે આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

ઉત્તર વિભાગ ...રૂ. ૫,૫૪૦-૦૦
દક્ષિણ વિભાગ ...રૂ. ૫,૭૦૦-૦૦
અમદાવાદ વિભાગ...રૂ. ૪,૭૬૦-૦૦.

(૬) વધુમાં ઠરાવવામાં આવે છે કે રમતોનાં સાધનોમાં થયેલ ભાવવધારો તેમ જ વિભાગીય સ્થાનિક રમત સમિતિને આપવામાં આવતા રમતના ફાળા વગેરેને લક્ષમાં રાખતાં હાલમાં કૉલેજોમાં જિમખાના ફી રૂ. ૫-૦૦ લેવાય છે તે ખૂબ જ ઓછી પડે છે અને તેથી ઘણી રમતોમાં ભાગ લેવાનું શકય બનતું નથી. આથી ૧૯૮૧-૮૨ના શૈક્ષણિક વર્ષથી જિમખાના ફી હાલમાં સત્ર દીઠ રૂ. ૫-૦૦ લેવાય છે તેને બદલે રૂ. ૭-૦૦ ઉઘરાવવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં હાલમાં લેવામાં આવતી શારીરિક ક્ષમતામાપક કસોટીઓની જગ્યાએ ચાલુ વર્ષથી "રાષ્ટ્રીય શારીરિક યોગ્યતા કાર્યક્રમની કસોટીઓ (એન.આર.એફ.પી.) લેવા માટે આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી અને સ્પષ્ટતા કરવી કે તેમાં જણાવેલ ખર્ચ માટેની સત્તા અંગેનો ઉપયોગ, ટેન્ડર મંગાવવા અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, કરવાનો રહેશે.

(૨) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

(૩) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૩ મંજૂર કરવી અને સ્પષ્ટતા કરવી કે તેમાં જણાવેલ ખર્ચ માટેની સત્તા અંગેનો ઉપયોગ ટેન્ડર મંગાવવા અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન કરવાનો રહેશે.

(૪) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૪ મંજૂર કરવી.

(૫) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૫ મંજૂર કરવી.

(૬) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૬ મંજૂર કરવી.

(૭) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૭ મંજૂર કરવી.

૮૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિષયના માર્ગદર્શક શિક્ષક ડૉ. આઇ. એમ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ વિદ્યાર્થી શ્રી. કે. બી. સોનીના મહાનિબંધ પર આવેલ રેફરીઓના હેવાલમાં મતભેદ (ટાઇ) પડતાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ ની સભાના ઠરાવ અનુસાર ચોથા રેફરીને મહાનિબંધ મોકલતાં તેમના તરફથી આવેલા હેવાલમાં નીચે પ્રમાણે જણાવ્યું છે તેના સંદર્ભમાં મૌખિક પરીક્ષા યોજવા અંગે વિચારણા કરવા બાબત :

As I have explained the work is suitable for the award of Ph.D. provided that Chapter II is satisfactory. As I am an electrochemist I was not able to assess the second chapter on Physiological activity.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય મેળવીને તે અંગે આ સભાગૃહવતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૬. ભૂસ્તરવિજ્ઞાનના વિષયમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓએ કરવાના ફરજિયાત ફિલ્ડવર્ક માટે ૧૯૮૦-૮૧ના વર્ષ દરમિયાન રૂ. 3000 (રૂ. ત્રણ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવા માટે સદરહુ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જના તા. ૪-૮-૧૯૮૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે મુજબ ચાલુ વર્ષે રૂ. 3000 (રૂ. ત્રણ હજાર) સુધીની આર્થિક સહાય ભૂસ્તરવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રને માટે મંજૂર કરવી.

૮૭. સ્ટે. ૯૬ અન્વયે યુનિવર્સિટીના નીચેનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવનનું નામ	સ્થાપના વર્ષ
૧.	શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન	૧૯૭૬
૨.	ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ	૧૯૭૬
૩.	યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૉ	૧૯૭૭

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૮. રસાયણવિજ્ઞાનના વિષયમાં ડૉ. એચ. સી. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા શ્રી. એ. એચ. ખાન તેમનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ રજૂ કર્યા પછી લીડ્ઝ (યુ.કે.) ગયા છે. તેમની મૌખિક પરીક્ષા લીડ્ઝમાં નિમાયેલા પરીક્ષક ડૉ. જે. ઈ. મૈક ઇન્ટીરે (લીડ્ઝ યુનિવર્સિટી) યોજવા માટે ઓ. ૩૨૧–એ મુજબ પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એ. એચ. ખાનની મૌખિક પરીક્ષા અંગેનો ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૮૯. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. વી. આર. રણદીવેએ તેમની લેણી રકમ અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલી સિવિલ એપ્લિકેશન પરત્વે વડી અદાલતે તા. ૧–૫–૧૯૮૦ના રોજ કરેલ હુકમ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૫–૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૪ થી કરેલ નીચે મુજબના ઠરાવ અન્વયે રાજ્ય સરકારને લખતાં શિક્ષણ અને મજૂર વિભાગે તેના તા. ૧૪–૭–૧૯૮૦ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૮૦–૪૩૩૨૦–ખ થી નીચે મુજબ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

એકિઝકયુટિવ કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજમાં કામ કરતા શિક્ષકોના પગારધોરણમાં તા. ૧–૪–૧૯૭૩ થી સુધારણા કરવામાં આવેલી છે તેને અનુલક્ષીને મોંઘવારી તથા અન્ય ભથ્થાંઓમાં થતા આનુષંગિક વધારાઓને કારણે કૉલેજોને થતું વધારાનું ખર્ચ રાજ્ય સરકારે ત્વરિત ભરપાઈ કરી આપવું જોઈએ એમ રાજ્ય સરકારને વડી અદાલતના ઉપરના ચુકાદાનો સંદર્ભ લખી જણાવવો.

રાજ્ય સરકારનો તા. ૧૪–૭–૧૯૮૦નો પત્ર

"સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૫૪૬–૧૯૭૯ (વી. આર. રણદીવે વિ. ગુજરાત સરકાર અને બીજાઓ) તા. ૧–૫–૧૯૮૮ના રોજ નામદાર કોર્ટે આપેલ ચુકાદો ચોથી પંચવર્ષીય યોજનાના પોસ્ટ–ગ્રેજ્યુએટ ટીચર્સના પગારધોરણની સુધારવાની યોજના નીચે સુધારાયેલાં પગારધોરણો જ લાગુ પડે છે. આથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપર જણાવેલ ચુકાદાના સંદર્ભમાં તા. ૧–૪–૧૯૭૩ થી સુધારવામાં આવેલાં પગારધોરણો ઉપર મોંઘવારી તથા અન્ય ભથ્થાંઓના વધારાના તફાવતની રકમ ચૂકવવાની આપની માગણી અપ્રસ્તુત હોઈ સરકાર સ્વીકારી શકે તેમ નથી જે વિદિત થાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૦. વિદ્યાભવનો માટે સ્વાયત્તતા અંગેનાં ધારાધોરણોમાં ભૂગોળના વિષયનાં પુસ્તકો તથા સામયિકો પેટે અનાવર્તક તથા આવર્તક ખર્ચ ઓછામાં ઓછો કેટલો કરવો જોઈએ તેનાં ધોરણો નિયત થયેલાં નથી તો તે નિયત કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વાયત્તતા અંગેનાં આ યુનિવર્સિટીએ નિયત કરેલ ધારાધોરણોમાં

ભૂગોળના વિષય માટેનાં પુસ્તકો તથા સામયિકોની ખરીદી માટે ખર્ચનું ધોરણ નીચે મુજબ મંજૂર કરવું :

અનાવર્તક ખર્ચ ... રૂ. ૪૦,૦૦૦ (ચાળીસ હજાર) અને
આવર્તક ખર્ચ ... રૂ. ૨૦,૦૦૦ (વીસ હજાર) (વાર્ષિક)

૯૧. શ્રી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ દ્વારા યોજાનાર "સેમિનાર ઑન પબ્લિક એન્ટાયર પ્રાઇઝ" ના મુલાકાતી શિક્ષકોને આપવાના માનદ વેતનનો દર નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ માટે મુલાકાતી વ્યાખ્યાતાઓના પુરસ્કારનું ધોરણ વ્યાખ્યાન દીઠ રૂ. ૫૦, કુલ રૂ. ૫૦૦ની ગુરુત્તમ મર્યાદાને આધીન રાખવું.

૯૨ વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં સ્થાપિત એમ.એડ.ના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થી-પ્રવેશ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રમાં ચાલુ વર્ષે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગ્રાહ્ય રાખવો.

૯૩. (૧) યુનિવર્સિટીના સંશોધન સામયિક "વિદ્યા"-સી : લેંગ્વેજીઝના ૧૯૮૦-૮૧ના વર્ષ માટે સદરહુ સંપાદક મંડળના આહ્વાયક (કન્વીનર) તરીકે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીએ ડો. આર. એ. મલગીના નામની કરેલ ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત; અને

(૨) સદરહુ સામયિકના તંત્રીમંડળના એક સભ્ય શ્રી. કે. એસ. શાસ્ત્રી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ-પદે નિયુક્ત થયા હોઈ તેમની જગાએ અન્ય કોઈની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તંત્રીમંડળ પર શ્રી. કે. એસ. શાસ્ત્રીની જગ્યાએ ડો. નગીનદાસ શાહની નિમણૂક કરવી.

૯૪. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં કાયદાની વિદ્યાશાખામાં વિન્ટર સેમેસ્ટર તા. ૨૨ નવેમ્બરથી ૭ મી એપ્રિલ સુધી રાખવાનું ઠરાવ્યું છે તે અંગે પુનઃવિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખામાં બીજા સત્રની એટલે કે વિન્ટર સેમેસ્ટરની વ્યવસ્થા નીચે મુજબ કરવી અને તે મુજબ ઑર્ડિનન્સમાં જરૂરી સુધારો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

૧લી ડિસેમ્બરથી ૭મી એપ્રિલ.

(નોંધ.—કાયદાની વિદ્યાશાખાની કૉલેજો માટે નાતાલની રજાઓ રહેશે નહીં.)

૯૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના રીડર શ્રી. એ. બી. વોરાની સંશોધન યોજના X "Prolone accumulation in leaves during Water deficit of wheat Udad and Mustard Plants" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના તા. ૧-૮-૧૯૮૦ના પત્રાંક એફ.૨૫-૧૦ (૧૬૩૪)૮૦ (એસ.આર.-૧) થી રૂ. ૪૦૦૦/- (રૂ. ચાર હજાર) ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૬. હાર ઓમ આશ્રમ પ્રેરિત શ્રીકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવોર્ડ પ્રાણીવિજ્ઞાનના વિષયમાં ૧૯૭૮ના વર્ષ માટે ડૉ. (કુમારી) નિલોફર જમશેદ ચિનોયને પાત્ર જાહેર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૭. ગુજરાત યુનિવર્સિટી છાત્રાલયના ચીફ વૉર્ડન, વૉર્ડન તથા સહાયક વૉર્ડનના વ્યક્તિગત નામે તેઓના ફર્નિચર વિ.ના આગ, ભાગફોડ વગેરે સામે વીમો લેવા અંગે ચીફ વૉર્ડનશ્રી અરવિંદભાઈ શાહના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. અરવિંદભાઈ શાહે પોતાનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો; તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૯૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮-૭-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૮-૧૯૮૦ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત : (ઍકે. કા. બા. ક્ર. ૮)

" યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સંરક્ષણ અંગેનો અનુસ્નાતક અને સંશોધન કક્ષાનો આવેલ અભ્યાસક્રમ હાલના સંજોગોમાં શરૂ કરી શકાય તેમ નથી તેમ ઍકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૯૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭૦ અને ૧૩૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૦. યુનિવર્સિટી કાર્યાલય અને ભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલ કયાં કામ કરે છે ?	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. અશોક ટી. નેવે	ટાઇપિસ્ટ	બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	૨-૧૧-'૮૦	૩—૧૧—'૮૦
૨.	શ્રી. જે. જી. મકવાણા	જુ. પ્રોગ્રામર	કૉમ્પ્યુટર સેન્ટર	૧૯-૧૧-'૮૦	૨૦-૧૧-'૮૦

શ્રી. અશોક ટી. નેવેની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી અશોક ટી. નેવેને ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટાઇપિસ્ટની જગ્યા પર કાયમ કરવા.

શ્રી. જે. જી. મકવાણાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને સભાનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે શ્રી. મકવાણા તા. ૨૩-૯-૧૯૮૦થી યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ થાય છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. જી. મકવાણાને કાયમ કરવાની બાબતમાં વિશેષ કરવાપણું રહેતું નથી.

૧૦૧. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગના વાયરમેન શ્રી. ડી. એમ. વ્યાસને રૂ. ૩૫૦—૧૨—૪૧૦ ઈ.બી. ૧૨—૪૭૦ ઈ.બી. ૧૫-૫૬૦ ના પગારધોરણમાં રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૮-૧૦-૧૯૮૦થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

વાયરમેન શ્રી. ડી. એન. વ્યાસની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. એમ. વ્યાસને રૂ. ૩૫૦—૧૨—૪૧૦ ઈ.બી. ૧૨—૪૭૦ ઈ.બી. ૧૫—૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦/— પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૮-૧૦-૧૯૮૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૦૨. ૧૯૮૦-૮૧ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બૅંકિંગ અને બચતને લગતા વિષય ઉપર યોજાનાર બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૩. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓ સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના ખાતામાંથી પ્રૉવિડંટ ફંડની લોન મકાન મરામત-બાંધવા માટે આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	રકમ	શા માટે ?
૧.	શ્રી. એસ. એ. ત્રિવેદી	રૂ. ૧૫,૦૦૦	મકાનમાં બીજી સુવિધા પાણીની ટાંકી, ઓટલો, બારણાં તૈયાર કરવા
૨.	શ્રી. કે. વી. સોલંકી	રૂ. ૫,૧૦૦	મકાન મરામત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમના પ્રૉવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જરૂરી લોન મંજૂર કરવી.

૧૦૪. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૨–૧૯૮૦ થી પેન્શન યોજના અંગેનો સ્ટે. ૧૮૦-સી અમલી બનતો હોઈ કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડંટ ફંડ પેન્શન અંગેનો વિકલ્પ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧–૭–૧૯૮૦ હતી, પણ નીચેના કર્મચારીઓએ તે તારીખ બાદ વિકલ્પ આપેલ તથા કેટલાકે આપેલ વિકલ્પમાં સુધારો કરવા માટે વિનંતી કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

" સ્ટે. ૧૮૦-સી પ્રમાણે યુનિવર્સિટી કર્મચારીઓને પેન્શન અગર કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડંટ ફંડ લેવા માટે યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગના પરિપત્ર એકા–૧–૧૫૧૨૦૪ તા. ૧૨–૨–૧૯૮૦થી પરિપત્ર બહાર પાડવામાં આવેલ તેમાં ઑપશન સ્વીકારવા માટે તા. ૩૧–૭–૧૯૮૦ છેલ્લી તારીખ હતી પરંતુ નીચેના કર્મચારીઓએ તેઓએ ભરેલ ઑપશન બદલવા માટે મંજૂરી આપવા વિનંતી કરેલ છે:

	ઑપશન ભરેલ ફૉર્મ?	સ્વીકારવા ઇચ્છે છે?
૧. શ્રી. એન. જે. પાઠક, ડે. એકા.	કૉન્ટ્ર. પી.એફ.	પેન્શન
૨. શ્રી. એ. બી. દવે	પેન્શન	કૉન્ટ્રિ. પી.એફ.
૩. શ્રીમતી એન. પી. શાહ	કૉન્ટ્રિ. પી.એફ.	પેન્શન
૪. શ્રી. એલ. જી. દવે	પેન્શન	કૉન્ટ્રિ. પી.એફ.

ઉપર પ્રમાણે બદલવા મંજૂરી આપવા વિનંતી છે.

બીજું આ સાથે જે ફૉર્મ તા. ૩૧—૭—૮૦ સુધીમાં નહીં આવેલ તેઓને ઉપરોક્ત તારીખ સુધીમાં આવેલ છે તેમ માની તેઓએ જણાવેલ ઑપશન સ્વીકારવાની મંજૂરી આપવા વિનંતી છે :

૧. શ્રી. કે. આર. જોશી	પેન્શન
૨. શ્રી. કે. બી. મકવાણા	કૉન્ટ્રિ. પ્રૉ. ફંડ
૩. પ્રભાબહેન ચૌહાણ	,,
૪. ડી. જી. મોઢી	,,
૫. શ્રી. ડી. બી. મહેતા	,,
૬. શ્રી. ડી. આર. પ્રજાપતિ	,,
૭. શ્રી. એમ. કે. શાહ	,,
૮. શ્રી. બી. આર. ચૌહાણ	,,
૯. શ્રી. કે. એન. કડિયા	,,

	કોન્ટ્ર. પ્રો. ફંડ
૧૦. શ્રી. સી. જી. વળોદરા	,,
૧૧. શ્રી. બી. એન. મોદી	,,
૧૨. શ્રી. એમ. ડી. સોની	,,
૧૩. શ્રી. ઈ. વાય. ક્રિશ્ચિયન	,,
૧૪. શ્રી. એન. એમ. પટેલ	,,
૧૫. શ્રી. બી. જે. પંડ્યા	,,
૧૬. શ્રી. જી. બી. જાદવ	,,
૧૭. શ્રી. એન. એ. ગઢવી	,,
૧૮. શ્રી. પીટર મેકવાન	,,

ઉપર મુજબ તેઓનું ઓપશન તેઓના નામ સામે બતાવ્યા પ્રમાણે સ્વીકારવા મંજૂરી આપશોજી.

ઉપરાંત જે કર્મચારીઓનાં ફૉર્મ આવેલ નથી તેઓની પાસે રૂબરૂ જઈ તેઓની પોતાની સંમતિ સહી સાથે લાવેલ છે જે નીચે પ્રમાણે છે તો તેઓને ઓપશન તે પ્રમાણે સ્વીકારવા મંજૂરી આપશોજી :

૧. શ્રી. જે. એચ. શાહ	ઓપશન—પેન્શન અંગે
૨. શ્રી. આર. સી. પરમાર	કોન્ટ્રિ. પી.એફ.
૩. શ્રી. એચ. એસ. શાહ	,,
૪. શ્રી. એસ. આર. બગસરાવાલા	,,
૫ શ્રી. એસ. બી. વાળંદ	,,
૬. શ્રી. પીટર મેકવાન	,,
૭. શ્રી. એ. એચ. પટેલ	,,
૮. શ્રી. એચ. જે. તિવારી	,,
૯. શ્રી. કે. એસ. લેઉવા	,,
૧૦. શ્રી. એમ. એસ. ભટ્ટ	,,
૧૧. શ્રી. એ. એમ. ચાવડા	,,

નોંધ.—સ્ટે. ૧૮૦—સી.નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

Notwithstanding anything contained elsewhere in the Statutes, a non-teaching employee of this University who has already been in the employment of this University on or before 31st December, 1976 shall be entitled to exercise his option either to opt for the above provision of Pension Scheme or to continue to draw the benefits of Contributory Provident Fund and Gratuity as are available under Statute 180, 181, 182, 183, 184, 185, 186, 187, 189 and Statute 193-A provided that such an option is exercised within a period of six months from the date on which this Statute comes into force.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે વિકલ્પ બદલવા માટે અપવાદ તરીકે મજૂરી આપવી :

	ઓપશન ભરેલ ફોર્મ ?	સ્વીકારવા ઇચ્છે છે ?
૧. શ્રી. એન. જે. પાકક રે. એકા.	કોન્ટ્રિ. પી.એફ.	પેન્શન
૨. શ્રી. એ. બી. દવે	પેન્શન	કોન્ટ્રિ પી. એફ.
૩. શ્રીમતી એન. પી. શાહ	કોન્ટ્રિ પી.એફ.	પેન્શન
૪. શ્રી. એલ. જી. દવે	પેન્શન	કોન્ટ્રિ પી. એફ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિકલ્પ સ્વીકારવા માટે અપવાદ તરીકે મંજૂરી આપવી :

૧. શ્રી. કે. આર. જોશી	પેન્શન	૧૬. શ્રી. જી. બી. જાદવ	કોન્ટ્રિ પ્રૉ. ફંડ
૨. શ્રી. કે. બી. મકવાણા	કોન્ટ્રિ. પ્રૉ. ફંડ	૧૭. શ્રી. એન. એ. ગઢવી	,,
		૧૮. શ્રી. પીટર મેકવાન	,,
૩. શ્રી. પ્રભાબહેન ચૌહાણ	,,	૧૯. શ્રી. જે. એચ. શાહ	ઓપશન-પેનશન અંગે
૪. શ્રી. ડી. જી. મોઢી	,,		
૫, શ્રી. ડી. બી. મહેતા	,,	૨૦. શ્રી. આર. સી. પરમાર	કોન્ટ્રિ. પી. એફ.
૬. શ્રી. ડી. આર. પ્રજાપતિ	,,		
૭. શ્રી. એમ. કે. શાહ	,,	૨૧. શ્રી. એચ. એસ. શાહ	,,
૮. શ્રી. બી. આર. ચૌહાણ	,,	૨૨, શ્રી. એસ. આર. બગસરાવાલા	,,
૯. શ્રી. કે. એન. કડિયા	,,	૨૩. શ્રી. એસ. બી. વાળંદ	,,
૧૦. શ્રી. સી. જી. વળોદરા	,,	૨૪. શ્રી. પીટર મેકવાન	,,
૧૧. શ્રી. બી. એન. મોઢી	,,	૫૫. શ્રી. એ. એચ. પટેલ	,,
૧૨. શ્રી. એમ. ડી. સોની	,,	૨૬. શ્રી. એચ. જે. તિવારી	,,
૧૩. શ્રી. ઈ. વાય. ક્રિશ્ચિયન	,,	૨૭. શ્રી. કે. એસ. લેઉવા	,,
૧૪. શ્રી. એન. એમ. પટેલ	,,	૨૮. શ્રી. એમ. એસ. ભટ્ટ	,,
૧૫. શ્રી. બી. જે. પંડ્યા	,,	૨૯. શ્રી. એ. એમ. ચાવડા	,,

૧૦૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૧ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૬. Establish of departments of Fine Arts & Culture including Drama in Universities the 6th plan period અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તેમના તા. ૨૭-૮-૧૯૮૦ ના પત્ર નં. ફ. ૧.૨૫/૮૦ (ઓ.પી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં નાટ્યશાસ્ત્ર સહિત લલિતકળાઓ અને સંસ્કૃતિનું વિદ્યાભવન સ્થાપવા માટે જરૂરી પ્રસ્તાવ તૈયાર કરવા માટે એક સમિતિ નીમવા

તથા તે અંગે હેવાલ આવ્યેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તે મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮૭. પ્રેસ વ્યવસ્થાપકની ખર્ચ કરવાની સત્તાને લગતા ઑર્ડિ. ૬૨-ડી, કંડિકા-૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા બાબત :

"A committee consisting of the Press Manager only to Sanction all normal expenditure pertaining to the Press upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૨-ડીની કંડિકા નં. ૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને, સદરહુ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો :

"A Committee consisting of the Press Manager only to sanction all normal expenditure pertaining to the Press upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations."

૧૮૮. યુનિવર્સિટી કોર્ટ પરની ચૂંટણીઓ અંગેના સ્ટેચ્યૂટમાં સુધારાવધારા કરી સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૧૧-૧૯૭૮ની સભામાં નિમાયેલ સમિતિની તા. ૨૮-૭-૧૯૮૦ની સભાએ સ્ટે. ૪(૧૦), ૯, ૧૦, ૧૦(અ) ૧૨, ૧૪-બી, ૨૭, ૧૪૭ અને ૧૫૫ સુધારવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૫-૧૯૮૦ની સભામાં હૉસ્ટેલની ફી અંગે નીમેલી સમિતિની તા. ૨૭-૭-૧૯૮૦ ને મંગળવારના રોજ મળેલી સભાની કાર્યવાહી—ભલામણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯૦. ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળને આપેલ ભાડામુક્ત બી-૬ રહેઠાણને પ્રતિમાસે ચૂકવવાના સર્વિસ ચાર્જ રૂ. ૧૫-૨૦ પૈસામાંથી મુક્તિ આપવા અંગે કૅમ્પસ મંડળના તા. ૨૧—૮—૧૯૮૦ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળને તેના ઉપયોગ માટે આપવામાં આવેલ મકાન નં. બી-૬નો સર્વિસ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવી.

સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કૅમ્પસ ઉપર ગુજરાત બાળકલ્યાણ સંઘ સંચાલિત શિશુ સંસ્કાર કેન્દ્રને બાલભવનનો સર્વિસ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવી

૧૯૧. એમ.એ. એમ.કૉમ. પાર્ટ ૧-૨ (એક્સ્ટર્નલ) પરીક્ષાઓની ફી પરત કરવા બાબતમાં અન્ય પરીક્ષાઓનાં ધોરણોને અનુલક્ષીને બી. એમ.એ. (એક્સ્ટર્નલ)-૬ અને

ઓ. એમ.કૉમ. (એકસ્ટર્નલ)-૬ના પાઠમાં સુધારો કરવા અંગે કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૬ અને ઑર્ડિ. એમ.કૉમ. (એકસ્ટર્નલ) ૬ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૬ અને ઑર્ડિ. એમ.કૉમ. (એકસ્ટર્નલ) ૬ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૧૨. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં નીચેની બાબત આચાર્ય ઘનશ્યામભાઈ પરીખના પ્રસ્તાવ અંગે વિચારણા કરીને અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે મળેલ સમિતિએ તેની તા. ૧૪—૮—૧૯૮૦ની સભામાં કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ચર્ચા મુજબ નિયમોનો મુસદ્દો કાર્યાલયે તૈયાર કરવો અને તે સદરહુ સમિતિની વિચારણા માટે મૂકવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ શિક્ષકવર્ગના કર્મચારીઓના રોસ્ટર અંગે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૧૧૩. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઇન ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન અંગેની યોજના મંજૂર કરી તે માટે સરકારશ્રી વાર્ષિક રૂ. ૯૨,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કર્યા અંગેના શિક્ષણ અને મજૂર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૨૮૦-૪૬૯૦-ખ તા. ૧૦-૭-૧૯૮૦ની નોંધ લેવા તથા તે અંગે આગળની કાર્યવાહી કરવા માટેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(રાજ્ય સરકારના સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૧૧૪. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪—૮—૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪—૮—૧૯૮૦ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪—૮—૧૯૮૦ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૧૫. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીમાં ઑર્ડિ. ૧૨૦-એફ અન્વયે જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતીનું શિક્ષણકાર્ય અંધ

કરવા બાબતની અરજીના સંદર્ભમાં તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ.માં ગુજરાતી મુખ્ય વિષય તરીકે શીખવવાનું બંધ કરવાની સદરહુ કૉલેજની વિનંતી સ્વીકારવી નહીં.

૧૧૬. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૮–૧૯૮૦ની સભામાં ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) સુધારવા અને તાત્કાલિક અમલમાં મૂકવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારલ ઑર્ડિ. ૬૫–એફ(૧) તથા સુધારેલ ઑર્ડિ. ૬૫–એમ.(૧) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૧૭. આર્ટ્સ કૉલેજ, મોડાસાના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અનુ. નિયમ ૨૩(એ)ના સંદર્ભમાં શ્રી. એલ. ડી. જોશી (કાર્યકારી આચાર્ય) તથા શ્રી. એચ. એ. વ્યાસ—એમાંથી કોની નિમણૂક કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સ્થાપવામાં આવેલા યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. એ. વ્યાસની નિમણૂક કરવી.

૧૧૮. શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં પ્રાકૃતના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી એ. સી. દવેની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં પ્રાકૃતના ખંડ સમયના લેકચરર તરીકે શ્રી. એ. સી. દવેની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી માન્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૮૧થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાકૃતના લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૧૯. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ઈડરના અંગ્રેજીના લેકચરર શ્રી. લલિતશંકર જોશીની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેકચરર તરીકે શ્રી. લલિતશંકર જોશીની નિમણૂક માન્ય રાખવી.

૧૨૦. શ્રમિક વિદ્યાકેન્દ્રમાં હંગામી ધોરણે નિમાયેલ તેના નિયામક ડૉ. એ. જી. મુન્શીના એક વર્ષનો અજમાયશી સમય તા. ૪-૧૧-૧૯૮૦ના રોજ પૂરો થતો હોઈ તેમની નિમણૂકની મુદત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રમિક વિદ્યાકેન્દ્રના નિયામક ડૉ. એ. જી. મુનશીની નિમણૂક હંગામી ધોરણે તા. ૩૧-૩-૧૯૮૧ સુધી લંબાવવી.

૧૨૧. પ્રો. ડી. એન. પાઠકની નીચેની વિનંતીઓ પર વિચારણા કરવા બાબત :

(૧) રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ નં. પી. ઈ. એન. ૧૦૭૪-૧૭૬૯ જે તા. ૮-૧-૧૯૭૦ના

આધારે નિવૃત્ત થતાં પહેલાં મળી શકતી રજાઓનો અધિકાર આપવા તથા તે અંગે ૧૨૦ દિવસની અથવા કે તેના ભાગ તરીકે રજાનો લાભ આપવા.

(૨) પ્રો. પાઠક જણાવે છે કે તેઓ સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ હતા ત્યારે તેઓએ વૅકેશન સમય દરમ્યાન કામ કર્યું છે તો નિયમ પ્રમાણે મળતી ½ હક્ક રજાઓ આપવા અંગે.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે પ્રો. ડી. એન. પાઠકે તા. ૨૩-૯-૧૯૮૦થી યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક અને વિભાગના વડા તરીકે પોતે જોડાવાના હોવાનું જણાવ્યું છે, અને કુલપતિશ્રીએ તેઓ જોડાય ત્યારથી તેમની નિવૃત્તિની તારીખ સુધી એટલે કે તા. ૩૦–૧૧–૧૯૮૦ સુધીના ગાળા માટે તેમને વચગાળાની વ્યવસ્થા તરીકે વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરીકે પુનઃ નીમ્યા છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની અને તે અંગે કુલપતિશ્રીએ લીધેલા કાર્યની નોંધ લેવી.

ઉપરની હકીકતના સંદર્ભમાં પ્રો. પાઠકની વિનંતી અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૧૨૨. સ્ત્રીઓ માટે નૉન-ફૉર્મલ ઍજ્યુકેશન કન્ડેન્સ્ડ કોર્સ, સોશિયો–ઇકોનોમિક પ્રોગ્રામ જેવા અભ્યાસક્રમો માટે ખાસ સેલ ઊભું કરવાનું જણાવતા ભારત સરકારના તા. ૫–૧૨–૧૯૭૯ના રાજ્ય સરકાર પરના પત્રના અનુસંધાનમાં સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૧-૧૨–૧૯૮૦ના ક્રમાંક ઉશચ–૭–જનરલ-ક-૮૦-૮૧-૬૩૯૩થી પરિપત્રની ભલામણો પરત્વે યુનિવર્સિટી તરફથી કાર્યવાહી કરવામાં આવે તો નાણાકીય જવાબદારી કેટલી ઉપસ્થિત થાય તેની વિગતો માગેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પોતાનો સુચિંતિત હેવાલ આપવા માટે યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા અને સમાજશાસ્ત્ર વિભાગના વડાની બનેલી સમિતિ નીમવી.

૧૨૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૪. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક–બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિની બાબતમાં ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરી અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિએ તેની તા. ૧૧–૮–૧૯૮૦-ના રોજ મળેલ સભામાં બી. ડી. કૉલેજ, અમદાવાદના લેક્ચરર શ્રી. કે. એમ. જોશીને બોટી રીતે ફાજલ ગણ્યાની ફરિયાદ પર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે જે વિષયમાં કૉલેજ જોડાણ ધરાવે છે તે વિષયમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીને પ્રવેશ નહીં આપવાનું આચાર્યનું પગલું ગેરવાજબી છે અને ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા આચાર્યને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૩) ઑક્ટોબર-નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવાની કાર્યાલયે સૂચવેલ તારીખોને મંજૂરી આપ્યાના;

(૪) થર્ડ બી.કૉમ.ની પરીક્ષા પાસ કર્યાને આધારે ડીસા (આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ)ના વિદ્યાર્થી શ્રી. એ. ડી. જોશીએ ફર્સ્ટ બી.એ. કે સેકન્ડ બી.એ.માં દાખલ થવા અંગે ગુજરાતની વડી અદાલતમાં કરેલ રિટ-અરજીની બાબતમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તેમ જ તે અંગેનો ખર્ચ મંજૂર કર્યાના;

(૫) ગુજરાત યુનિવર્સિટી કોર્ટ અને બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પરની ચૂંટણી-પેટાચૂંટણી માટે મતદાનમથકો મંજૂર કર્યાના;

(૬) અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ અને જુનિયર રિસર્ચ ફેલોશિપ ઍનાયત કરવા અંગે વિચારણા કરી પોતાની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલને કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની તા. ૧૨-૮-૧૯૮૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર રાખ્યાના;

(૭) શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ૧૯૮૦-૮૧ તથા ૧૯૮૧-૮૨ના વર્ષ દરમ્યાન એસ વાય.બી.એસસી.ના વર્ગમાં બીજા ગૌણ વિષય તરીકે ગણિતનો વિષય શીખવવા માટે તદર્થ ધોરણે (Adhoc) પરવાનગી આપ્યાના

કુલપતિશ્રીનાં ઉપર જણાવેલ કાર્યો નં. (૧) અને (૨) અંગેની નોંધ અંગેની વિચારણા બાબત નં. ૫૨ સાથે કરવામાં આવેલો હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત (૩) અને (૪) અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી અને વધુમાં બાબત નં. (૫)માં જણાવેલ મતદાન મથકોમાં નીચે મુજબ ફેરફાર કરવો :

ચૂંટણીનું સ્થળ	ચૂંટણી મથક
અમદાવાદ	૨. આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ કાયદાની વિદ્યાશાખા (અનુસ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાની)ને બદલે 'સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદાર વિભાગ (વિજ્ઞાન વિદ્યાશાખા).
	૧૦. ગુજરાત કૉલેજ, અમદાવાદ સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદાર વિભાગ (વિજ્ઞાન વિદ્યાશાખા) ને બદલે 'કાયદાની વિદ્યાશાખા' (અનુસ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાની).

બાબત નં. (૬) અને (૭) અંગેનાં કુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવી.

૧૨૬. રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે રજા દરમિયાન વતનમાં જવા માટે અથવા ગુજરાતમાં ગમે તે સ્થળે જવા માટે જે નિયમો હતા તેમાં સુધારો કરી તેના નાણાખાતાના ઠરાવ ક્રમાંક એસએસ.બી. ૨૧૮૦-૮૬૮-જે તા. ૧૨-૮-૧૯૮૦થી દર બે

વર્ષે વતન પ્રવાસ અને દર ચાર વર્ષે ૩૦૦૦ કિલોમીટર સુધીના પ્રવાસની છૂટછાટ આપેલ હોઈ તે નિયમો યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને લાગુ પાડવા અંગે વિચારણા કરવા અને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ તેનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે ઘડેલા સદરહુ નિયમોનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને પણ તા. ૧-૧-૧૯૮૦થી આપવો.

૧૨૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા શ્રી. એન. આર. પરમાર તા. ૩૧-૮-૧૯૮૦-થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ અને ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે તેમની તા. ૪—૯—૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. આર. પરમારને તેમને ખાતે નીકળતી (૧) પ્રોવિડન્ટ ફંડની રકમ અને (૨) ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૧૨૮. રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૨૫-૭-૧૯૮૦ના ઠરાવ નં. એલ.વી. ૧૦૮૦-૨૨૫૧ મુજબ કર્મચારીઓને તેમનાં કુટુમ્બીજનો માંદાં હોય તોપણ તેમને માંદગીની (Commuted) રજાઓ મળી શકે છે તો તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે તેમનાં કુટુમ્બીજનોની માંદગી અંગેની રજાઓ અંગેના મંજૂર કરેલા નિયમો યુનિવર્સિટીના કર્મચારીઓને પણ લાગુ પાડવા.

૧૨૯. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની શિક્ષકગણની જગ્યાઓ માટે વરણી-સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	પ્રોફેસર ઑફ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી	એક
૨.	પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ	એક
૩.	પ્રોફેસર ઑફ સોશિયોલોજી	એક
૪.	પ્રોફેસર ઑફ સાયકોલોજી	એક
૫.	રીડર ઇન ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી	બે
૬.	રીડર ઇન ઝૂલોજી	એક
૭.	લેક્ચરર ઇન લિંગ્વિસ્ટિક્સ	એક
૮.	લેક્ચરર ઇન ઝૂલોજી	બે
૯.	લેક્ચરર ઇન ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી	ત્રણ
૧૦.	લેક્ચરર ઇન કેમિસ્ટ્રી	ત્રણ
૧૧.	લેક્ચરર ઇન હિસ્ટરી	બે
૧૨.	લેક્ચરર ઇન ફિઝિક્સ	એક

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧૩.	લેક્ચરર ઇન ઇલેક્ટ્રોનિક્સ ફોર એનાલિટિકલ કેમિસ્ટ્રી	એક
૧૪	ટીચિંગ—રિસર્ચ ઍસોસિયેટ્સ	ત્રણ
૧૫.	લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજી	એક

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટેની જરૂરી વરણીસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭૦ અને ૯૯ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૩૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત.

(૧) બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન, ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ મેળવવા માટે આવેલી અરજીના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાના :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે બી. પી બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૭—૮—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, બી એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં

આવે, અને જ્યે તેમ કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

એકિઝકયુટિવ કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી".

(૨) શ્રી. રજની પારેખ આર્ટ્સ, કે. બી. કોમર્સ એન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કોલેજ, ખંભાતના જૂન, ૧૯૮૦થી જોડાણ અંગેના જાહેરનામામાં "ભારતીય સંસ્કૃતિ"નો વિષય ઉમેરીને સુધાર્યાના;

(૩) તબીબી વિદ્યાશાખાની તા. ૭—૩—૧૯૮૦ની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮—૮—૧૯૮૦ની સભામાં સ્ટેટ ગવર્નમેન્ટ અને બી.એ.એસ.એફ.માં પાંચ વર્ષની સર્વિસ કરી હોય તેવા તબીબી વિદ્યાર્થીઓને ડિપ્લોમાના અભ્યાસક્રમમાં એક સત્રની અને અનુસ્નાતક ડિગ્રીના અભ્યાસક્રમમાં બે સત્રની મુક્તિ આપવા ભલામણ કરી છે તેના આધારે ડિપ્લોમા અભ્યાસક્રમના ચાર વિદ્યાર્થીઓને એક સત્રની અને અનુસ્નાતક ડિગ્રીના બે વિદ્યાર્થીઓને બે સત્રની મુક્તિ આપ્યાના;

(૪) તા. ૧—૧—૧૯૮૦થી તા. ૩૧—૮—૧૯૮૦ સુધીના સમય દરમ્યાન જુદી જુદી પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓનાં પરિણામ સુધાર્યાનાં કુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૩૨. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કોલેજોમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોમાં કામ કરતા શિક્ષકોના કાર્યભારની ગણતરી અંગે નીચે પ્રમાણે સૂચનો કરતા શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા. ૪-૮-૧૯૮૦ના પરિપત્રાંક ઉમક. ૯(૧)(ગ્રાન્ટ)-૩-૭૫૨૯૭ પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કોલેજોના જે કોઈ શિક્ષક આવાં અનુસ્નાતક કેન્દ્રોમાં કામ કરશે, વર્ગો લેશે તેની ગણતરી પૂર્વસ્નાતક કક્ષાએ તેઓ કામ કરે છે અને વર્ગો લે છે તે માટે નક્કી કરેલા કાર્યભારમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવામાં આવશે.

(૨) આ અંગેની વિગત ગ્રાન્ટ માટે નિયત કરવામાં આવેલ કાર્યભારના પત્રકમાં દર્શાવવાની રહેશે, અને વર્ષ દરમિયાન ખરેખર લેવામાં આવેલ તાસનું કેન્દ્રના વડાનું પ્રમાણપત્ર ખરેખર ખર્ચનાં પત્રકો સાથે આપવાનું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સલગ્ન કોલેજોમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોના શિક્ષકોના કાર્યભારની ગણતરીની બાબતમાં ઉપરનાં સૂચનો મંજૂર કરવાં, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાં.

૧૩૩. એપ્રિલ ૧૯૮૦ માં લેવાયેલ પરીક્ષાનાં પરિણામો વેળાસર જાહેર થાય તે હેતુથી પરીક્ષકોને તે જે પરીક્ષામાં નિમાયા હોય તે પરીક્ષાનું કે બીજી પરીક્ષાનું તે જ પ્રકારના વિષયનું વધારાનું કામ આપ્યું હોય અને તેઓનું મહેનતાણું રૂ. ૧૦૦૦થી વધે તો તેમને વધારાનું મહેનતાણું વિશિષ્ટ સંજોગોમાં યુનિવર્સિટીની સેવા બજાવેલ હોઈ, આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે માર્ચ–એપ્રિલ ૧૯૮૦ ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોને માટે નિયત કરવામાં આવેલી રૂપિયા એક હજારની ગુરુતમ મર્યાદા કરતાં વધુ રકમ આપવાની થાય તે પ્રાશ્નિકો–પરીક્ષકોને રૂપિયા એક હજાર ઉપરાંત બાકીના વધારાના ૫૦ ટકા જેટલી રકમ સદરહુ વિશિષ્ટ સંજોગોમાં અપવાદ તરીકે ચૂકવવાનું રાખવું.

૧૩૪. ફાઈનાન્સ સમિતિની તા. ૧૬–૯–૧૯૮૦ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા ૧૬-૯-૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૯–૧૯૮૦ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) "જ્ઞાનકોશ"ના સંપાદકની જગ્યા પર ડૉ. ધીરુભાઈ ઠાકરની નિમણૂકની મુદત તા. ૩૧—૧૦—૧૯૮૦ સુધી લંબાવ્યાના;

(૨) ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ પરની શિક્ષક મતદારવિભાગની શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની એક બેઠક માટે ગુજરાત કૉલેજ, અમદાવાદને ચૂંટણી મથક તરીકે રાખ્યાના.

નોંધ.—અમદાવાદ સિવાય બહારનાં નિયત થયેલ ચૂંટણી મથકોએ આ મતદારવિભાગની ચૂંટણી થશે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૩૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર ડૉ. યુ. એમ. રાવળને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના મકાનના પ્રથમ માળનું બાંધકામ કરવા માટે તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી રૂ. ૨૩,૦૦૦ ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. યુ. એમ. રાવળને તેમના પ્રૉવિડન્ટ ફન્ડ ખાતેથી રૂ. ૨૩૦૦૦/- (ત્રેવીસ હજાર)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૩૭. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૭-૯-૧૯૮૦ ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિએ તેની તા. ૧૭-૯-૧૯૮૦ના સંબંધમાં બાબત નં. ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અંગે કરેલી ભલામણો મંજૂર કરવી.

સદરહુ સ્થાયી સમિતિની બાબત નં. ૧૧ અંગે કરેલી ભલામણ અંગે ઠરાવવામાં આવ્યું કે

યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં વોર્ડબોયની હાલ બે જગ્યાઓ છે તે પૈકી એક જગ્યાનું નામાભિધાન ડ્રેસર તરીકેનું, ફેરવીને નીચેની સ્પષ્ટતા સાથે રાખવું :

સ્પષ્ટતા : તેઓનું પગારધોરણ સુધારવા માટે રાજ્ય સરકારની અનુમતિ મળે નહીં ત્યાં સુધી કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

સદરહુ સમિતિએ તેની બાબત નં. ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨માં કરેલી ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૭–૯–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૩૮. સને ૧૯૮૦–૮૧ના ચાલુ નાણાકીય વર્ષ માટે યુ. ગ્રા. ક. તરફથી તેમના તા. ૧૦–૯–૧૯૮૦ના પત્ર ક્રમાંક એફ. ૪-૨-૭૯-બી. ૨ થી બિનફાળવેલ (અનએસાઈન્ડ) ગ્રાન્ટ માટેની યોજના માટે રૂ. ૩૦,૦૦૦ (રૂપિયા ત્રીસ હજાર પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા તથા નીચે જણાવેલ વિવિધ યોજનાઓ માટે તેની ફાળવણી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	યોજનાનું નામ	સને ૧૯૭૯-૮૦ દરમ્યાન થયેલ ખરેખર ખર્ચ	સને ૧૯૮૦-૮૧ના વર્ષ માટેનો અંદાજ	યુ. ગ્રા. ક.ના હિસ્સાની ટકાવારી
1.	Travel grant to teachers / Scientific technical officers for participation at the International conference/ seminars/symposia etc. held abroad.	5,535–00	7,000–00	50% of the travel exps. & maintenance etc.
2.	(*a*) Travel grant to teachers Research scholars/technicians for visiting centers etc. research.	—	3,000–00	100% of the T.A. D.A. as per Uni. Rules
	(*b*) to attend academic conference/seminar within India	13,057–65	15,000–00	—do—
3.	Exchange of teachers	2204–20	5000–00	100% of T.A. & Honorarium
	Total	20,796–85	30,000–00	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૩૯. યુનિવર્સિટીમાં પ્રૌઢશિક્ષણ વિભાગ માટે મે ૧૯૮૨ના સમય સુધીની હંગામી પ્રોજેક્ટ ઑફિસરની બે જગ્યાઓ માટે બે વખત જાહેરખબર આપી અરજીઓ મંગાવેલ છતાં નિયત કરેલા અનુભવ અને લાયકાતનાં ધોરણો પ્રમાણે આવેલ અરજીઓમાંથી કોઈ ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવતા ન હોવાથી આ અંગે આગળ શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૦. સમાજવિદ્યા ભવનનાં મજૂર કલ્યાણનાં વ્યાખ્યાતા ડૉ. જયશ્રીબહેન ઠાકોરને રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦–૫૦-૧૩૦૦–મૂલ્યાંકન-૫૦-૧૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧૩૦૦ પછીનો પગારવધારો તા. ૧–૪–૧૯૮૦ થી આપવા અંગેની સમિતિની તા. ૧૫-૯-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણનાં વ્યાખ્યાતા ડૉ. જયશ્રીબહેન ઠાકોરને રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦–મૂલ્યાંકન–૫૦–૧૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧૩૦૦/- પછીનો વાર્ષિક પગારવધારો તા. ૧–૪–૧૯૮૦થી મંજૂર કરવો.

૧૪૦–એ. ઉપર બાબત નં. ૧૪૦ના સંદર્ભમાં મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના મનોવિજ્ઞાનના રીડર ડૉ. એચ. ડી. બદામીને રૂ. ૧૬૦૦/- પછીનો પગારવધારો આપવા અંગેની સમિતિની તા. ૧૯–૯–૧૯૮૦ની ભલામણ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે મનોવિજ્ઞાનના રીડર ડૉ. એચ. ડી. બદામીને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–મૂલ્યાંકન–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦/- પછીનો વાર્ષિક પગારવધારો તા. ૮–૭–૧૯૮૦થી મંજૂર કરવો.

૧૪૧. ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યૂટ, ન્યૂ દિલ્હી તરફથી કૉર્પોરેટ સભ્યપદ સ્વીકારવા કાયદા વિદ્યાશાખાના તા. ૩૦–૮–૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટનું કૉર્પોરેટ સભ્યપદ સ્વીકારવું અને તે માટે વાર્ષિક રૂ. ૧૦૦૦ના લવાજમનું ખર્ચ મંજૂર કરવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૬૬૯૫૪ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦ ૦૦૯
તા. ૧૩-૧૦-૧૯૮૦

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧(૨)

ક્રમાંક	વિભાગનું નામ	જુ. કલાર્ક			કાર્યાલય નિયામક			હેડ કલાર્ક			સીનિયર કલાર્ક			નોંધ
		નવી ફોર્મ્યુલા પ્રમાણેની જગ્યાઓ	હાલની જગ્યાઓ	થતો વધારો કે ઘટાડો	નવી ફોર્મ્યુલા પ્રમાણેની જગ્યાઓ	હાલની જગ્યાઓ	થતો વધારો કે ઘટાડો	નવી ફોર્મ્યુલા પ્રમાણેની જગ્યાઓ	હાલની જગ્યાઓ	થતો વધારો કે ઘટાડો	નવી ફોર્મ્યુલા પ્રમાણેની જગ્યાઓ	હાલની જગ્યાઓ	થતો વધારો કે ઘટાડો	
૧.	પરીક્ષા	૨૫	૩૧	—૬	૪	૩	+૧	૭	૬	+૧	૧૩	૯	+૪	
૨.	એકેડેમિક	૬	૯	—૩	૨	૨	—	૨	૨	—	૪	૧	+૩	
૩.	અનુસ્નાતક	૬	૮	—૨	૧	૧	—	૨	૧	+૧	૪	૨	+૨	
૪.	સામાન્ય	૬	૭	—૧	૧	૧	—	૧	૫	—	૩	૨	+૧	
૫.	હિસાબ વિભાગ	૧૪	૨૨	—૮	૧	—	+૧	૪	૪	૨ + ૨—	૮	૧	+૭	
									આ. એકા.					
૬.	ઑડિટ	૩	૫	—૨	૧	૧	—	૧	—	+૧	૧	—	+૧	
૭.	ટાઇપિંગ	૯	૧૧	—૨	—	—	—	—	—	—	૪	૨	+૨	
૮.	લીવ વેકેન્સી પુલ	૬	૯	—૩	—	—	—	—	—	—	૨	—	+૨	
૯.	એસ્ટેટ	૩	૪	—૧	—	—	—	—	—	—	૧	—	+૧	
૧૦.	ડી.પી.ઈ.	૩	૪	—૧	—	—	—	૧	—	+૧	૧	૧	—	
૧૧.	ગ્રંથાલય	૧૪	૧૮	—૪	૧	૧	—	૨	૨	—	૬	૨	+૪	
૧૨.	ટાઇપિસ્ટ	૩	૪	—૧	—	—	—	—	—	—	૧	—	+૧	
*૧૩.	ભાષા-ભવન	૨	૩	—૧	—	—	—	૧	—	+૧	—	—	—	
*૧૪.	મનોવિજ્ઞાન ભવન	૨	૩	—૧	—	—	—	—	—	—	૧	—	૧	

૦૨૬૬—૨૦—૨૨ ૫૫૦ : ૬૬૬૩૧૫૨૪ ૬૮૫૬૬૬૬૬૬

*૧૫.	વિજ્ઞાન વિદ્યા-ભવન	3 લે. આસિ.	૮	—૫	૧	—	+૧	૧	—	+૧	3+૨ =૫	—	+૩ +૨ =૫	સી. ક્લાર્કનું પગાર-ધોરણ આપવું.
*૧૬.	વાણિજ્ય વિદ્યાભવન	૨	૨	—	—	—	—	—	—	—	૧	—	+૧	
*૧૭.	સમાજવિદ્યા ભવન	૨+૧ =3	૨+૧ =3 ટાઈપિસ્ટ	—	—	—	—	૧	—	+૧	૧	૧	—	
*૧૮.	બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ	૨+૧ =3	૨+૧ =3	—૧	—	—	—	—	—	—	૧	—	+૧	
					૧૨	૯	+૩	૨3	૧૬	+૭	૫૭	૨૧	+3૬	

નોંધ. — ક્રમાંક—૧. જુદા જુદા વિભાગો હોવાથી ૬ ની સામે ૪ સૂચવ્યા છે.

૨. ૭ જુ. ક્લાર્ક સામે ૩ સી. ક્લાર્ક મૂક્યા છે કારણ કે હેડ ક્લાર્કમાં ૭ ની સામે ૨ મૂક્યા છે.

૧૬. ટેક્નિકલની પાંચ જગ્યાઓ છે તેથી સી. ક્લાર્કની ૧૪ ની સામે ૬ સી. ક્લાર્ક સૂચવ્યા છે.

* વિભાગીય ગ્રંથાલયમાં એક જુ. ક્લાર્ક રહેશે.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૬

Confidential

A meeting of the Selection Committee for recommendation names for appointment to the post of Reader in English was held on Wednesday the 23rd April 1980 at 12-30 p.m. at University Office, Gujarat University, Ahmedabad—9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee Members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. C. C. Bannerjee	Present
3. Dr. R. B. Patankar	Present
4. Dr. S. Nagrajan	Absent
5. Dr. R. A. Malagi (Invitee)	Present

The following candidates were called for interview :

1. Dr. N. M. Rao	Present
2. Dr. (Smt.) Saguna Ramnathan	Present
3. Dr. S. D. Kapoor	Present
4. Dr. Bhagwati Singh	Present
5. Shri P. K. Thaker	Absent
6. Shri A. K. Bhatt	Present

After interviewing the candidates present and considering their respective merits, the committee is of the opinion that the following two candidates are found suitable for the Post of Reader in English.

1. Dr. Saguna Ramanathan
2. Dr. Bhagwati Singh

P. C. Vaidya
Vice-Chancellor
G. C. Bannerjee
R. B. Patankar
R. A. Malagi

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૭

સંલગ્ન કૉલેજો — માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઈ.ના પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૩-૬-૧૯૮૦ના રોજ બપોરના ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩—૬—૧૯૮૦
૧.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨.	આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩.	પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રા. એન. આર. શાહ	હાજર
૫.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. નરહરિ અમીન	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. ત્યાર બાદ નીચે પ્રમાણે કામકાજની વિચારણા કરવામાં આવી :

૧. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદના પટાવાળા શ્રી. ચંદુભાઈ પશાભાઈના જૂન ૧૯૭૩થી ડિસેમ્બર ૧૯૭૪ સુધીના બાકી પગાર તથા તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ન ચૂકવ્યા અંગે તેઓ તરફથી તા. ૪—૪—૧૯૭૯ના રોજ મળેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

સ્થાયી સમિતિએ બે વખત બોલાવવા છતાં સદરહુ કૉલેજના આચાર્ય તથા પટાવાળા શ્રી. ચંદુભાઈ પશાભાઈ હાજર રહ્યા નથી તેથી તે અંગે ઠરાવવામાં આવ્યું કે સ્થાયી સમિતિની આગામી મળનાર સભામાં અચૂક હાજર રહેવા તેઓને જણાવવું અને તેઓ સદરહુ સભામાં હાજર નહિ રહે તો તેઓને કંઈ કહેવાનું નથી તેમ માની યુનિવર્સિટી કાર્યાલય પાસે ઉપલબ્ધ માહિતીના આધારે નિર્ણય લેવામાં આવશે તેવી તેઓને જાણ કરવી.

૨. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીગણના શૈક્ષણિક લાયકાતનાં ધારાધોરણો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટી કાર્યાલય પાસે સરકારી સંલગ્ન કૉલેજોમાંથી ઉપલબ્ધ થયેલ માહિતીના આધારે જે તે કક્ષાની શૈક્ષણિક લાયકાત નિયત કરવાની માહિતી આગામી સભા સમક્ષ રજૂ કરવા માટે સમિતિના સભ્ય શ્રી. શરદ પટેલને જણાવવું.

૩. ઑર્ડિ. ૧૨૦-બી માં નીચે પ્રમાણે સુધારો કરવા લાગતાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરે કરવામાં આવે છે :

"There shall not.....and the College shall continue to admit students still such limit is reached."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-બી એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં સુધાર્યા હોઈ હવે તે બાબતમાં કાંઈ કરવાપણું રહેતું નથી તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. ૧૯૭૪થી ૧૯૭૭ વચ્ચેના મોંઘવારી ભથ્થાના વધારા બધી કૉલેજોએ ચૂકવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી આવેલ ૩૪ કૉલેજોની માહિતી ચકાસી અને ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરને બાકી રહેતી રકમ તાકીદે ચૂકવી આપવા તેમજ તેની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા જણાવવું.

૫. સંલગ્ન લૉ કૉલેજોમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણનું મહેકમ નિયત કરવા અંગે પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી મંડળ, અમદાવાદ તરફથી તા. ૨૮-૨-૧૯૮૦ના પત્રથી આવેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ બિનશિક્ષક કર્મચારી મંડળ, અમદાવાદ શહેરના પ્રમુખશ્રી તથા અન્ય પ્રતિનિધિઓની અગાઉથી જાણ કર્યા અનુસાર આજની સભામાં રૂબરૂમાં રજૂઆત કરવા માટે હાજર રહ્યા હતા. તેઓની રજૂઆત સાંભળીને ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકાર અનુદાનને પાત્ર ગણે નહિ ત્યાં સુધી લૉ કૉલેજના મહેકમ માટે આગ્રહ રાખવો નહિ તથા તા. ૧૫મી ઑગસ્ટ ૧૯૮૦ સુધી કોઈ નિર્ણયની જાણ સરકારશ્રી તરફથી કરવામાં ન આવે તો સદરહુ મુદત પછી તેનો અમલ કરવા આગ્રહ રાખવો તેમ એકિઝકયુટિવ કાઉન્સિલ ભલામણ કરવામાં આવે છે.

૬. લેબોરેટરી સ્ટાફની ટયૂટી સળંગ ગણાવી જોઈએ તે અંગે લેબોરેટરી સ્ટાફ યુનિયન તરફથી આવેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં સંલગ્ન કૉલેજોના લેબોરેટરી સ્ટાફ યુનિયનના હોદ્દેદારો પ્રમુખશ્રી ધનશ્યામભાઈ ઠક્કર, મંત્રીશ્રી જી કે. પરીખ તથા શ્રી. આત્મારામ આચાર્યે કરેલ રજૂઆતો સ્થાયી સમિતિએ સાંભળી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતે વધુ વિચારણા કરવા આચાર્યશ્રી કે. એન. શાહ, ભવન્સ સાયન્સ કૉલેજ, અમદાવાદ તથા લેબોરેટરી સ્ટાફ યુનિયનના હોદ્દેદારોને આગામી સભા સમક્ષ જરૂરી ચર્ચા વિચારણા માટે બોલાવવા અને ત્યાર બાદ નિર્ણય લેવો.

૭ બી. ડી. કૉલેજ, અમદાવાદના તત્ત્વજ્ઞાન વિષયના અધ્યાપક શ્રી. કે. એચ. જોશીને ખોટી રીતે ફાજલ ગણ્યાની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે એચ જોશી તથા આચાર્યશ્રી બી. ડી. કૉલેજ, અમદાવાદને સ્થાયી સમિતિની આગામી સભા સમયે રૂબરૂ બોલાવવા અને તેઓની રજૂઆતો સાંભળ્યા બાદ આખરી નિર્ણય લેવો.

૮. સાયન્સ કૉલેજમાં લેબોરેટરી સ્ટાફના મહેકમમાં ફેરફાર કરવા અંગે પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ લેબોરેટરી સ્ટાફ યુનિયન, અમદાવાદ તરફથી આવેલ તા. ૨૩-૭-૧૯૭૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં સંલગ્ન કૉલેજ લેબોરેટરી સ્ટાફ યુનિયન, અમદાવાદની રજૂઆતો સાંભળવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારે નિયત સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં પ્રયોગશાળાનું જે મહેકમ રાજ્ય સરકારે નિયત કરેલ છે, તેના આધારે યુનિવર્સિટીએ જે લઘુતમ મહેકમ નિયત કર્યું છે તે મહેકમ ઑર્ડિ. ૯૬ અન્વયે બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની કૉલેજો તરફથી મોકલવામાં આવતી માહિતીમાં ચકાસવાનું રાખવું અને તેમાં મહેકમની ક્ષતિ જણાય તો તે અંગે કૉલેજો પાસે આગ્રહ રાખવો તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૯. બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગારની વિસંગતતા દૂર કરી સુધારા કરવા અંગે પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી મંડળ તરફથી આવેલ તા. ૧૪-૪-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતે શરૂઆતમાં સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારી મંડળ, અમદાવાદ શહેરના પ્રતિનિધિ મંડળે કરેલ રજૂઆતો સાંભળી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે જે પરત્વે સરકારને તેઓના નિર્ણયની તાકીદે જાણ કરવા લખવું.

૧૦. પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી મંડળ અમદાવાદ તરફથી તા. ૯-૬-૧૯૮૦ના પત્રથી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીગણને ગ્રેચ્યુઇટીની બાબતમાં આવેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ બિનશિક્ષક કર્મચારી મંડળની રજૂઆતો સ્થાયી સમિતિએ સાંભળી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું ગ્રેચ્યુઇટીની ચુકવણી અંગે ઑર્ડિ. ૧૬૯ અમલમાં મૂકવામાં આવ્યો છે તે યુનિવર્સિટીના કર્મચારીગણ માટે તાજેતરમાં જે સ્ટેચ્યૂટ સરકારશ્રીએ મંજૂર કરેલ છે તેના આધારે ઘડવો છે. સદરહુ સ્ટેચ્યૂટ વીસ પગારની મર્યાદા અને રૂ. ૩૦,૦૦૦ની મર્યાદા મૂકાઈ હોઇ, મંડળની માગણી અનુસાર ત્રીસ પગારની મર્યાદા મૂકી શકાય તેમ નથી તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. ઉત્તર ગુજરાત ગ્રામ વિસ્તાર આચાર્ય મંડળના કન્વીનર તરફથી તા. ૨૧-૪-૧૯૮૦ના પત્રથી આચાર્યશ્રીને છૂટા કરવાની બાબતમાં કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયે પત્ર લખેલ હોવા છતાં કન્વીનર શ્રી. ગ્રામ વિસ્તાર સંલગ્ન કૉલેજીસ મંડળ—હાજર રહ્યા નથી. વ્યક્તિગત ફરિયાદ પર યુનિવર્સિટી કાર્યવાહી કરે છે. તેથી સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી અને આગામી સભા સમયે સદરહુ મંડળના કન્વીનરને રૂબરૂ હાજર રહેવા જણાવવું.

૧૨. આચાર્ય, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી તા. ૨૯—૫—૧૯૮૦ના પત્રથી કાર્યકારી આચાર્યના પગારઘોરણની બાબતમાં કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

સદરહુ પત્ર સ્થાયી સમિતિએ વાંચ્યો અને ત્યારબાદ તેમાં જણાવેલ મુદ્દા અંગે ચર્ચા-વિચારણાને

અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પત્રમાં જણાવેલ બાબત યુનિવર્સિટીએ ગ્રાન્ટ અંગે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવા નીમેલી સ્થાયી સમિતિને સોંપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૩. મ્યુનિસિપલ આર્ટ્સ--કોમર્સ કૉલેજ, મહેસાણાના આચાર્યે જોડાણ સંબંધમાં ખોટી માહિતી આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫—૩—૧૯૮૦ની સભામાં કરેલ નીચેની ભલામણ પર આચાર્યે તા. ૧૦-૬-૧૯૮૦ના પત્રથી કરેલ સ્પષ્ટતા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, મહેસાણાના આચાર્યશ્રીનો માન્યતા શા માટે રદ ન કરવી તેમ જ મહેસાણા પરીક્ષાનું કેન્દ્ર છે તે રદ કેમ ન કરવું તે માટે કૉલેજને ઘટતો પત્ર લખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યની માન્યતા રદ કરવા અંગેની બાબત હાલ તુરત મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાકી રહેલ મોંઘવારી ભથ્થાની ચુકવણી કૉલેજ ન કરે ત્યાં સુધી હવે પછી લેવાનાર યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર રદ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૪. શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજના સંખ્યાધિક શિક્ષક શ્રી. એસ. એલ. દવેના જગ્યાએ નવી નિમણૂક કર્યા અંગે આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ. ૧૬૫ અન્વયે સંખ્યાધિક શિક્ષકને જગા ખાલી પડે તો પુનઃ પાછા લેવા જોઈએ તે નિયમને ધ્યાનમાં લઈ કૉલેજને જણાવવું કે શ્રી. એસ. એલ. દવેને પુનઃ તેઓની જગાએ પૂર્વવત્ પાછા લઈ યુનિવર્સિટીએ કાર્યાલયને જાણ કરે.

વધુમાં ઉમેરવાનું કે જો એક માસમાં તેઓને તેઓની મૂળ જગાએ પુનઃ પાછા લેવામાં નહિ આવે તો ગ્રાન્ટ-કાપ, યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર રદ કરવા ઈ. અંગે આગળ કાર્યવાહી કરવામાં આવશે તેમ કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૫. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ અમદાવાદમાં વ્યાયામ શિક્ષક તરીકે તા. ૪—૧૦—૧૯૬૯થી કાર્ય કરતા શ્રી. પી. એચ. પટેલની નિમણૂક માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— ૧. યુનિવર્સિટીના નિયમ મુજબ ડિગ્રી ઈન ફિઝિકલ એજ્યુકેશન અથવા ગ્રેજ્યુએટ અને કાંદીવલી ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈ અથવા વાય.એમ.સી.એ., મદ્રાસ અથવા ડી.પી.ઈ. પંજાબ યુનિવર્સિટી અથવા રાજપીપળામાં ગુજરાત રાજ્ય જોઈએ. જ્યારે શ્રી. પટેલ એમ.એ.,સી.પી.એડ , એ.સી.સી. પૂના છે.

૨. માહિતી સમયસર ન મોકલવા અંગે સ્પષ્ટતા માગતાં કૉલેજ જણાવે છે કે અગાઉ માહિતી મોકલેલ છે કે કેમ તેની માહિતી મળતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. સાયન્સ કૉલેજ, તલોદના શ્રી. વી. જી. પંડ્યાને ગ્રંથપાલ તરીકે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫—૫—૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક ૧૪મી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ આચાર્ય મંડળ, અમદાવાદના પ્રમુખશ્રી તરફથી

તા. ૧૨—૪—૧૯૮૦ના પત્રથી આવેલ નીચેના સૂચનો પર વિચારણા કરવા બાબત :

૧. આચાર્યની વહીવટી સત્તા અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.
૨. આર્થિક વહીવટ તેમની પાસે કેટલો તે સ્પષ્ટ કરવું.
૩. નવી નિમણૂક યુનિવર્સિટી નિયમોનું પાલન અનુશાસન પ્રવેશપાત્રતા, નક્કી કરવી વગેરે અંગે આચાર્યની સત્તા નક્કી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના હોદ્દેદારોને આગામી સભા સમયે રૂબરૂ રજૂઆત કરવા માટે બોલાવવા.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી.

૧૮. સંલગ્ન કૉલેજોના ચોથા વર્ગના કર્મચારી ગણના ગણવેશની ધોલાઈ ભથ્થાનો દર નિયત કરવા અંગે પ્રમુખશ્રી સંલગ્ન કૉલેજીસ બિનશિક્ષક કર્મચારી મંડળ, અમદાવાદ શહેર તરફથી આવેલ તા. ૧૩—૬—૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે સામાન્ય વહીવટી ખાતાના તા. ૧૭—૩—૧૯૮૦ના ઠરાવ ક્રમાંક વલભ—૧૦૮૦—૩૨૨૨—ખ અનુસાર ધોલાઈ ભથ્થું આપવા માટેનો દર રૂ. ૮—૦૦ કર્યો છે. તે આપવા માટે સંલગ્ન કૉલેજીસ—માન્ય સંસ્થાઓને જણાવવું. દરમ્યાન સદરહુ રકમ અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૧૯. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને કાર્યકારી જગા પર કામ કરતી વખતે અપાતાં ભથ્થા અંગે વિચારણા કરવા બાબત પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીઝ, અમદાવાદે રૂબરૂમાં કરેલ, રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૧૬૮માં ઓફિસિયેટિંગ એલાઉન્સના જે નિયમો નિયત કર્યા છે તે અનુસાર તે જગા પર જે ભથ્થા આપવા પાત્ર થાય તે અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે છે

૨૦. પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળ તરફથી સમિતિ સમક્ષ આજરોજ રજૂ કરવામાં આવેલ પત્રમાં જણાવેલ નીચેની બાબતો પર વિચારણા કરવા અંગે :

(૧) સેનેટ અને સિન્ડિકેટમાં પ્રતિનિધિત્વ
(૨) કૉલેજોમાં તથા શિક્ષણ સંસ્થાઓમાં કર્મચારીઓના બાળકોના પ્રવેશ અંગે
(૩) કર્મચારીના બાળકોને શિક્ષણ સહાય
(૪) બિનશિક્ષક કર્મચારીઓના બાળકો માટે સ્કૉલરશિપ
(૫) હેડકલાર્ક—એકાઉન્ટન્ટની જગ્યા અંગે

સદરહુ બાબતો અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) હાલના યુનિવર્સિટી ધારામાં બિનશિક્ષકવર્ગના કર્મચારીને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે જ. તે જોતાં ઝોન પ્રમાણે પ્રતિનિધિત્વ આપવાની જોગવાઈ હાલના સંજોગોમાં સ્વીકારી શકાય તેમ નથી.

(૨) યુનિવર્સિટી—રાજ્ય સરકારે કૉલેજો અને શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ માટે જે નિયમો નિયત કર્યા છે તેનાથી અન્ય નિયમો બનાવવાનું વિપરીત અસરો ઊભી થાય તેમ છે તેમ ગુણવત્તાને લક્ષમાં લીધા વગર સીધો પ્રવેશ આપવાની માંગણી શકાય તેમ નથી.

(૩) જે તે કૉલેજ—સંસ્થા તેઓના કર્મચારીના બાળકોને શિક્ષણ ફીમાં માફી આપવા માટે વિચારી શકે છે. યુનિવર્સિટીએ દરમ્યાન થવાપણું જણાતું નથી.

(૪) હાલમાં શિક્ષકોના બાળકો માટે ટીચર્સ'સન સ્કૉલરશિપ આપવામાં આવે છે તેની માહિતી સરકારશ્રી પાસેથી મંગાવવી તે માહિતી આવેથી આ સભા સમક્ષ રજૂ કરવી અને ત્યારબાદ આખરી નિર્ણય લેવો.

(૫) હાલમાં જે મહેકમ નિયત કરવામાં આવેલ છે તે મંજૂર કરતા પહેલાં મંડળની રજૂઆત સામેલ હતી અને તેઓની માંગણી અનુસાર જ લઘુત્તમ મહેકમ નિયત કરેલ છે તેથી પ્રત્યેક કૉલેજના હેડકલાર્ક અને એકાઉન્ટન્ટની જગા ફરજિયાત રાખવાની માગણી સ્વીકારી શકાય તેમ નથી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૦

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગેની એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા મંગળવાર, તા. ૧૫–૭–૧૯૮૦ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્ર. ચૂ. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. પ્ર. ચૂ. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	ગેરહાજર
૪. શ્રી. એ. આર. શાહ	હાજર
૫. શ્રી. શરદભાઈ પટેલ	હાજર

૧. તા. ૧૪–૪–૧૯૮૦ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૧૪–૪–૧૯૮૦ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. કે. ડી. વાઘેલાને ભવનનું કબાટ બસેડતાં થયેલ અકસ્માતના કારણે ૧૦ દિવસ ગેરહાજર રહેવું પડયું હતું. તેથી તા. ૧૯–૨–૧૯૮૦થી તા. ૨૯–૨–૧૯૮૦ સુધીની રજાઓ ફરજ રજાઓ તરીકે ગણવા અંગેની તેઓની તા. ૨૦–૨–૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે શ્રી. કે. ડી. વાઘેલાને ખાસ કેસ તરીકે તા. ૧૯–૨–૧૯૮૦થી તા. ૨૮–૨–૧૯૮૦ સુધીની ફરજ રજાઓ મંજૂર કરવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના લેબો. આસિ. શ્રી. એમ. એફ પરમારને ટાઇપિંગ ભથ્થું આપવા અંગે રસાયણ વિભાગના વડાના તા. ૧૨–૩–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે લેબોરેટરી આસિસ્ટન્ટ શ્રી. એમ એફ. પરમારને ટાઇપિંગનું કામ સોંપવામાં આવે છે તે જોતાં આ કામ માટે રૂ. ૧૦નું માસિક ભથ્થું આપવું.

૪. કોમ્પ્યુટર સેન્ટરના સીનિયર ઑપરેટર શ્રી પી. પી. મહેતાને તેમના સુધારેલા પગારધોરણમાં પગારવધારો તેમની જૂના પગારધોરણની તારીખે એટલે કે તા. ૧૮–૫–૧૯૮૦થી આપવા અંગેની તેમની તા. ૧૮–૨–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર ઑપરેટર શ્રી. પી. પી. મહેતાને સુધારેલા પગારધોરણમાં તેમના જૂના પગારધોરણની તારીખે એટલે કે તા. ૧૮–૫–૧૯૮૦થી પગાર-વધારો આપવો.

૫. સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના ફીલ્ડ વર્ક સુપરવાઈઝર અને ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટનાં લાયકાતનાં ધોરણો સુધારવા અંગે વિભાગના વડાશ્રીના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. પરેશ મજમુદાર
૨. શ્રી. એ. આર. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ.

૬. યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ સર્વશ્રી આર. એસ. ગાંધી અને ડી. એન શુક્લનું પગારધોરણ સુધારવા અથવા તાસ દીઠ ભથ્થું વધારી આપવા અંગેની તા. ૨–૪–૧૯૮૦ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૧–૫–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૧–૫–૧૯૮૦ના પત્રમાં જણાવેલ બાબતો અંગે નીચે પ્રમાણે ભલામણ કરવી :

(૧) બઢતી (પ્રમોશન) માટે ૬૦ ટકા જેટલી જગ્યાઓ પર અંદરના કર્મચારીઓને લેવાની કે મદદનીશ કુલસચિવશ્રી સુધી બઢતી લંબાવવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

(૨) ૫ ટકા વેઇટેજનો લાભ તા. ૧–૧–૧૯૭૩થી આપવા અંગે યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી. શરદભાઈ પટેલે એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ અલગ પ્રસ્તાવ રજૂ કરેલ હોઈ આ બાબતમાં અત્રે આ સમિતિમાં વિચારણા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) જે પટાવાળા ભાઈઓ પગારધોરણમાં છેલ્લા પગથિયે પહોંચી ગયા હોય તેવા કર્મચારીઓને બે વર્ષે એક ઇજાફાનો લાભ તા. ૧–૪–૧૯૭૯ને બદલે ૧૯૭૩થી આપવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ની સભામાં નીચેની બાબત આ સમિતિની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીના મદદનીશ ડી. પી. ઈ., મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર અને મદદનીશ એડમિનિસ્ટ્રેટરની જગ્યાઓનાં નામાભિધાન બદલી તેઓને રૂ. ૭૦૦–૧૩૦૦નું પગારધોરણ આપવાના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પત્રાંક યુ.એસ.જી. ૧૦૭૯–૧૦૩૧૭–૮૦–ખ તા. ૭–૪–૧૯૮૦થી આ દરખાસ્ત મંજૂર રાખી શકાય તેમ નથી તેમ જણાવતા આ પત્ર ઉપર વિચારણા કરવા બાબત."

(૧) આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કલ્યાણ પ્રવૃત્તિ વિભાગને જુદો કરવો. યુવક કલ્યાણના કામકાજની પ્રવૃત્તિઓ વધી હોવાથી તેમ જ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી હોવાથી હાલ ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને યૂથ વેલ્ફેરની બે જગા છે તે જગામાંથી યૂથ વેલ્ફેર ખાતું જુદું પાડી રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં છે તે પ્રમાણે ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેરની

જગા રૂ. ૧૧૦૦—૧૬૦૦ના પગારધોરણમાં ઊભી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી અને તે માટે મંજૂરી મળ્યેથી ઉપરોક્ત જગા ઊભી કરી. આસિ. ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેરની જગા રદ કરવી તથા હાલના શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના અને શારીરિક નિયામકની જગાનું નામાભિધાન ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન રાખવું અને આ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના એસ્ટેટ સુપરિટેન્ડેન્ટ અને બિલ્ડિંગ સુપરવાઈઝરની ફરજો અને જવાબદારી જોતાં રાજ્ય સરકારની જગ્યાઓનું નામાભિધાન અનુક્રમે યુનિ. એન્જિનિયર અને યુનિ. ડેપ્યુટી એન્જિનિયર રાખવા તથા તેઓનું પગારધોરણ અનુક્રમે રૂ. ૧૧૦૦—૧૬૦૦ અને રૂ. ૭૦૦—૧૩૦૦ રાખવા માટે અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલે જે ઠરાવ કરેલો તેના સંદર્ભમાં આ બાબતની રાજ્ય સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરવી.

ઉપરની બાબતના સંદર્ભમાં યુનિવર્સિટીમાં તથા પ્રેસમાં (૧) સ્ટેશનરી સ્ટોર્સ, (૨) પ્રકાશન સ્ટોર્સ, (૩) પ્રેસના કાગળો વિગેરેના સ્ટોર્સ અને (૪) એસ્ટેટ વિભાગના સ્ટોર્સ માટે દેસાઈ પંચની મંજૂરી પ્રમાણે યુનિવર્સિટી ક્લાર્કની જગાને બદલે સ્ટોરકીપરની ચાર જગ્યાઓ રૂ. ૪૨૫—૭૦૦ના પગારધોરણમાં ઊભી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. મદદનીશ કુલસચિવની જગ્યાઓ સીનિયોરિટીના ધોરણે યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને બઢતી આપીને પૂરવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૮-૫-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૧૦. પ્રૌઢશિક્ષણમાં કો-ઑર્ડિનેટરની હંગામી નિમણૂક અંગે વરણી સમિતિની તા. ૧૦-૪-૧૯૮૦ની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૧. પેન્શન યોજનાના સ્ટે. ૧૮૦-સીનો લાભ તા. ૧-૨-૧૯૮૦ પહેલાં નિવૃત્ત થયેલા કર્મચારીઓને (સર્વશ્રી જે. એમ. મહેતા, એસ. પી. મેઢ, બી. કે. શાહ, બી. એમ. વૈશ્ય અને પી. એલ. પરમારને વગેરેને) આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારને જણાવવું કે તા. ૩૧—૧૨—૧૯૭૬ના રોજ યુનિવર્સિટીમાં જે કર્મચારીઓ હોય અને સ્ટે. ૧૮૦-સી જે તારીખથી અમલી બન્યો તે તારીખ પહેલાં નિવૃત્ત થયા હોય તેઓને પેન્શન યોજનાનો લાભ લેવા અંગેનો વિકલ્પ રાખવાની છૂટ આપી શકાય તેવી માન્યતા માટે રાજ્ય સરકારનું અનુમોદન મંગાવવું અને સાથે સાથે આ સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારા કરવાની કાર્યવાહી પણ હાથ ધરવી. વધુમાં પ્રેસના કર્મચારીઓને પ્રોવિડંટ ફંડ ઍક્ટ ૧૯૫૨ લાગુ પડતો હોવાથી પેન્શન અંગેનો લાભ આપતાં પહેલાં પ્રોવિડંટ ફંડ કમિશનરની વ્યક્તિગત કેસની મંજૂરી લેવાની રહેશે તેમ તપાસ કરતાં જાણવા મળ્યું છે તેના સંદર્ભમાં તે અંગે પણ સ્ટે. ૧૮૦-સી પ્રેસના કર્મચારીઓ માટે પણ તેમાં પેન્શનની યોજનાની જોગવાઈનો સમાવેશ કરવા માટે પણ સદરહુ સ્ટે. ૧૮૦-સીમાં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી હાથ ધરવી.

૧૨. યુનિવર્સિટી મુદ્રણાલયમાં આસિ. કમ્પોઝ ફોરમેન તરીકે કામ કરતા શ્રી. પી. એચ. પટેલને રાજ્ય સરકારના ઠરાવ અન્વયે અપંગ કર્મચારીઓને વાહનભથ્થું તા. ૧૬—૪—૧૯૮૦થી આપવામાં

આવ્યું છે તેને બદલે ઠરાવની તારીખથી એટલે કે તા. ૧—૧૨—૧૯૭૮થી આપવા અંગેની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ ભથ્થું રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે તા. ૧—૧૨—૧૯૭૮થી શ્રી. પી. એચ. પટેલને, તેઓ તે તારીખથી અપંગ છે, તે અંગેનું પ્રેસ-મેનેજરનું પ્રમાણપત્ર મળ્યેથી આપવાનું રાખવું.

૧૩. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં કામકાજના વધેલા ભારણના સદર્ભમાં જુનિ. ક્લાર્કની ૧૧ જગ્યાઓ ઊભી કરવા અંગેની કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૪. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા સર્વશ્રી એ. એન. દેસાઇ તથા જે. જી. શીંગાડેની તેમની સમકક્ષના કર્મચારીઓ જેઓ તેમનાથી જુનિયર છે તેઓ તેમનાથી વધુ પગાર મેળવતા હોવાથી તેમનો પગાર પણ તેમનાથી જુનિયર કર્મચારીના પગાર સાથે સરખો કરી આપવા અંગેની તેઓની તા. ૫–૧૨–૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હેડક્લાર્ક શ્રી. એ. એન. દેસાઈનો પગાર, તેઓથી જુનિયર શ્રી. એસ. ડી. ભટ્ટ તા. ૩—૭—૧૯૭૭ના રોજ જે મૂળ માસિક પગાર મેળવતા હતા તેટલો મૂળ માસિક પગાર કરી આપી બંનેનો પગાર સરખો કરવો અને બંનેની પગારવધારાની તારીખ પણ સરખી રાખવી, તથા શ્રી. જે. જી. શીંગાડેને પણ તેઓના જુનિયર શ્રી. આર. કે. વાઝિકને તા. ૧–૭–૧૯૭૭ના રોજ જે મૂળ માસિક પગાર મેળવતા હતા તેટલો પગાર કરી આપો તે બેઉ સભ્યોનો મૂળ માસિક પગાર સરખો કરવો અને બંનેની પગારવધારાની તારીખ સરખી કરવી અને આવા બીજા કેસોમાં પણ આ પ્રમાણે 'એડજસ્ટમેન્ટ' કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પરીક્ષાના સમયમાં દિવસની ફરજને ઉપરાંત અતિરિક્ત સમય માટે પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોના છાપકામ અંગે વધારાની ફરજો બજાવવી પડે છે તે જોતાં પ્રેસ-મેનેજર તથા આસિ. પ્રેસ-મેનેજરને અગાઉ જે એક મૂળ માસિક પગાર પરીક્ષા ભથ્થા તરીકે મળતો હતો (દેસાઈ પંચની ભલામણ પ્રમાણે બંધ કરેલ છે) તે પુનઃ આપવા માટે પ્રેસ-મેનેજરશ્રી જે. એમ. પુરોહિત અને આસિ. પ્રેસ-મેનેજર શ્રી. પી. એમ. ગાંધીની તા. ૧૬—૬—૧૯૮૦ ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા કેટલાક કર્મચારીઓને મળતાં માસિક ભથ્થાં જે દેસાઈ પંચનો રિપોર્ટ આવેથી બંધ કરવામાં આવ્યાં હતાં તે ભથ્થાંઓ એક્ઝિકયુટિવ કાઉન્સિલના તા. ૨૮/૨૯—૪—૧૯૭૯ના ઠરાવથી પુનઃ ચાલુ કરેલ હોઈ તેના સંદર્ભમાં શ્રી. પ્રેસ-મેનેજર તથા આસિ. પ્રેમ-મેનેજરને પણ તેઓને અગાઉ જે એક મૂળ માસિક પગાર જેટલું પરીક્ષા ભથ્થું મળતું હતું તે ઉપરોક્ત ઠરાવમાં જણાવેલ તારીખથી આપવાનું મંજૂર કરવું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૩૧

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા મંગળવાર તા. ૨૨–૭–૧૯૮૦ના રોજ બપોરે ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્ર. ચૂ. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. પ્ર. ચૂ. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો, કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૪. શ્રી. એ. આર. શાહ	હાજર
૫. શ્રી. શરદભાઈ પટેલ	હાજર.

૧. તા. ૧૭–૭–૧૯૮૦ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

બાબત નં ૭(૧) નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારી તા. ૧૭–૭–૧૯૮૦ની સ્થાયી સમિતિની સભાની નોંધ મંજૂર કરી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત ૭(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય તથા ભવનોના જુનિયર ક્લાર્કના કામના પ્રકાર પ્રમાણે નામાભિધાન બદલવા અંગે સ્થાયી સમિતિએ નીમેલી પેટા સમિતિએ સ્થાયી સમિતિની તા. ૧૪–૪–૧૯૮૦ની ભલામણ અન્વયે જગ્યાઓની ફાળવણી અંગે તૈયાર કરેલ હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

૩. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં કામકાજના વધેલાં ભારણના સંદર્ભમાં જુનિયર ક્લાર્કની અગિયાર જગ્યાઓ ઊભી કરવા અંગેની કાર્યાલયની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબ વિભાગના વધેલાં કામકાજોને ધ્યાનમાં લેતાં ૧૦ જુનિયર ક્લાર્કની કાયમી જગ્યાઓ તથા એક મદદનીશ કુલસચિવની કાયમી જગ્યા અનુક્રમે રૂ. ૨૬૦–૪૦૦ અને રૂ. ૭૦૦–૧૩૦૦ના પગારધોરણમાં રાજ્ય સરકારની મંજૂરીને આધીન ઊભી કરવી. દરમ્યાન જુનિયર ક્લાર્કની જગ્યાઓ પર દૈનિક વેતનથી કામચલાઉ નિમણૂક કરવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં હાલ નીચેની હંગામી જગ્યાઓ સ્થાપવા અંગે વિભાગના વડાના તા. ૨૧–૬–૧૯૮૦ના પ્રસ્તાવ ઊપર વિચારણા કરવા બાબત.

૧. લેબો. આસિ. કમ-ટાઇપિસ્ટ	એક જગ્યા	દૈનિક રૂ. ૧૭ની
૨. પટાવાળા-કમ-લેબો. એટેન્ડન્ટ	એક જગ્યા	દૈનિક રૂ. ૯ની

આથી ભલામણ કરવામાં આવે છે કે માધ્યકોળાયેલોજી વિભાગમાં વધેલા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં એક લેબોરેટરી આસિસ્ટન્ટની હંગામી જગ્યા દૈનિક રૂ. ૧૭થી મંજૂર કરવી. પટાવાળા તથા સફાઈ કામદારની જગ્યાઓ અંગેની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૫. ભાષા-સાહિત્ય ભવનમાં પાણી પિવડાવવા માટે એક હંગામી જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પાણી પાવાનું કામ કરનાર કર્મચારીને રાજ્ય સરકારે આ અંગે જે ભથ્થું નક્કી કરેલ છે તે આપવું અને આ વ્યવસ્થા અમલમાં આવેથી અધ્યક્ષશ્રીએ કરેલ અવેજી વ્યવસ્થા બંધ કરવી.

૬. કુલસચિવશ્રીના સુધારેલા સ્ટે. ૧૩૪ અન્વયે પરીક્ષા ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સુધારેલા સ્ટે. ૧૩૪ જોતાં તેઓને નિયમ પ્રમાણે પરીક્ષા ભથ્થું આપી શકાય તેમ યુનિવર્સિટી માને છે તે અંગે રાજ્ય સરકાર પાસે અનુમોદન મંગાવવું.

[**નોંધ.**— આ ચર્ચા દરમિયાન કુલસચિવશ્રી સભાગૃહ છોડી ગયા હતા.]

૭. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૧-૫-૧૯૮૦ના પત્રમાં જણાવ્યા પ્રમાણે બઢતી માટે ૬૦ ટકા જેટલી જગ્યાઓ પર કર્મચારીઓમાંથી બઢતી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે આ અંગે જે પ્રમાણ નક્કી કરેલ હતું તેમાં સુધારો કરી યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક સુધીની જગ્યાઓ ૭૫ ટકા બઢતીથી ભરવી અને ૨૫ ટકા જગ્યાઓ સીધી ભરતીથી ભરવી. વધુમાં ઉપર પ્રમાણે અગાઉ મંજૂર કરવામાં આવેલી શિડયુલ કાસ્ટ, શિડયુલ ટ્રાઈબ્સ અને બક્ષી પંચના ઉમેદવારો માટે અનામત જગ્યાઓનું પ્રમાણ બન્ને પ્રકારની નિમણૂંકો (એટલે કે ૭૫ ટકા : ૨૫ ટકાના પ્રમાણવાળી) માટે ચાલુ રાખવું. વધુમાં રાજ્ય સરકારશ્રીના બઢતી અંગેના નિયમો ધ્યાનમાં રાખી નિયમો ઘડવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. આ નિયમો તૈયાર થઈ મંજૂર થાય ત્યાં સુધી હાલની પ્રથા અને નિયમો ચાલુ રહેશે.

૮. ભારત સરકારના ડે. પ્રોગ્રામર ડૉ. મુકુંદ ત્રિવેદીના તા. ૯-૭-૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન. એસ. એસ. અધિકારીનું નામાભિધાન કો-ઑર્ડિનેટર કરવા અંગે રાજ્ય સરકારનું અનુમોદન મંગાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૨

હરિૐ આશ્રમ પ્રેરિત તથા ગુજરાત યુનિવર્સિટી સંચાલિત રામાનુજન્ ગણિત સ્પર્ધા–આર્યભટ્ટ વિજ્ઞાન સ્પર્ધા, કવિશ્રી ન્હાનાલાલ ગુજરાતી સ્પર્ધાના આયોજન અંગેની વિચારણા સમિતિ તા. ૯–૫–૧૯૮૦ ને શુક્રવારના રોજ બપોરના ૩—૩૦ વાગે કુલપતિશ્રીના ખંડમાં મળી હતી.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પી. સી. વૈદ્યે સંભાળ્યું હતું, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૩.	ડૉ. રમણભાઈ જોશી	હાજર
૪.	પ્રા. એચ. એન. રાવલ	હાજર
૫.	ડૉ. આઈ. એચ. શેઠ	હાજર
૬.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર
૭.	શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, વિકાસ અધિકારી (આમંત્રિત)	હાજર

સૌ પ્રથમ ૧૯૭૯ની સ્પર્ધાઓ માટે ડૉ. આઈ. એચ. શેઠે રજૂ કરેલ અંતિમ અહેવાલને મંજૂર કરવામાં આવ્યો. ત્યાર બાદ ડૉ. શેઠે કુલપતિશ્રીને લખેલ કાગળ પર ચર્ચા કરવામાં આવી અને નીચેના નિર્ણયો લેવામાં આવ્યા :

૧. ૧૯૮૦ની સ્પર્ધાઓ માટે સમયપત્રક નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું :
   (અ) વર્તમાનપત્રમાં જુલાઈના અંતમાં સ્પર્ધાની જાહેરાત આપવી.
   (બ) પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૩૧–૮—૧૯૮૦ રાખવી.
   (ક) પ્રાથમિક સ્પર્ધાઓ કેન્દ્રો પર ૨૭, ૨૮ સપ્ટેમ્બરે, ૧૯૮૦ના રોજ રાખવી.
   (ડ) અંતિમ સ્પર્ધાઓ અમદાવાદ ખાતે ૬, ૭ ડિસેમ્બર ૧૯૮૦ના રોજ રાખવી.
   (ઇ) ઉપરની તારીખોને ધ્યાનમાં રાખી ડૉ. આઈ. એચ. શેઠ નિષ્ણાત કમિટીઓની બેઠક બોલાવાશે. આ બેઠકમાં પ્રાથમિક તથા અંતિમ સ્પર્ધા માટેના પેપર-સેટર્સ તથા પેપર-એકઝામિનર્સની નિમણૂક કરવામાં આવશે. માધ્યમિક કક્ષા તેમ જ ઉચ્ચતર, માધ્યમિક કક્ષા એમ બે વિભાગ માટે નિમણૂક કરવાની રહેશે. ઉપરાંત નિષ્ણાત કમિટીની બેઠકમાં જરૂરી ક્લેરિકલ મદદ કાર્યાલયે આપવી તેમ જ પ્રાથમિક તથા અંતિમ સ્પર્ધાનાં પરિણામો ડૉ. આઇ. એચ. શેઠ તૈયાર કરશે તેવો ઠરાવ પસાર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(ફ) માર્ચ ૧૯૮૧ માં ડૉ. આઈ. એચ. શેઠ સ્પર્ધાનો અંતિમ અહેવાલ આપશે. આ અહેવાલની ચર્ચા કરવા કુલપતિશ્રી વિચારણા સમિતિની બેઠક બોલાવશે અને આ બેઠકમાં ૧૯૮૧ ની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

૨. વિદ્યાર્થીઓને ઇનામમાં આપવામાં આવતી રકમ એમ. ઓ. થી મોકલવી અને તેનો ખર્ચ મંજૂર કરવો. (આ ડ્રાવ ઑડિટ વિભાગને મોકલી આપવો) સ્પર્ધાની પરીક્ષા માટેનું કાર્ય કરનાર પ્રાધ્યાપક સાહેબોને માનદ વેતન ચેકથી મોકલવું.

૩. સ્પર્ધાના કાર્યમાં પ્રાધ્યાપક સાહેબોને ઓછામાં ઓછું માનદ વેતન રૂ. ૫૦ આપવું.

૪. વિજ્ઞાનના પ્રત્યેક વિભાગ તપાસવાના પ્રાથમિક સ્પર્ધામાં ઓછામાં ઓછા રૂ. ૧૫ તથા અંતિમ સ્પર્ધામાં ઓછામાં ઓછા રૂ. ૨૧ આપવા.

૫. ડૉ. આઈ. એચ. શેઠ મારફત થતા પત્રવ્યવહારનો થયો ખર્ચ વિજ્ઞાન ભવનમાંથી કરવામાં આવે અને વિજ્ઞાનભવનના અધ્યક્ષશ્રીને તેની જાણ કરવી.

૬. વિદ્યાર્થીઓની જવાબ પુસ્તિકાઓ યુનિવર્સિટીમાં જમા કરવાની વ્યવસ્થા કરવી અને પરીક્ષા વિભાગમાં તેની જાણ કરવી.

૭. યુનિવર્સિટી પ્રેસમાંથી જવાબી પુસ્તિકાઓ મળે તેવી વ્યવસ્થા કરવા શ્રી. પ્રેસ-મેનેજરને જણાવવું.

(અવાચ્ય)
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "છ"

બાબત ક્રમાંક ૩૩

ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન બોર્ડની ૩૪ મી સભા ગુરુવાર તા. ૧૭—૭—૧૯૮૦ના રોજ બપોરના ૪—૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૭-૧૯૮૦
૧.	ડૉ. પ્રહલાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. બળાભાઈ એસ. પટેલ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	આચાર્ય બી. એમ. પીરજાદા	ગેરહાજર
૫.	આચાર્ય કે. ડી. શાહ	હાજર
૬.	શ્રી. જે. પી. જોશીપુરા	હાજર
૭.	આચાર્ય ડૉ. (મિસ) ભાનુબહેન એમ. ત્રિવેદી	ગેરહાજર
૮.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૯.	ડૉ. સી. આઈ. ઝાલા	ગેરહાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. રમણલાલ જે. જોશી	હાજર
૧૨.	ડૉ. નગીનદાસ જે. શાહ	હાજર
૧૩.	આચાર્ય દાઉદભાઈ ઘાંચી	હાજર
૧૪.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૫.	આચાર્ય દર્શનસીંગ એમ. શીખ	ગેરહાજર

૧. તા. ૧૮—૬—૧૯૭૯ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૩૩મી સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૮ ૯—૧૯૭૯ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૩૩મી સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને કુલપતિશ્રીએ તે પર સહી કરી.

૨ અને ૧૦. તા. ૨૨-૧૧-૧૯૭૯ અને તા. ૩૦-૬-૧૯૮૦ના રોજ મળેલ સ્વ. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન સલાહકાર સમિતિઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ સમિતિઓની ભલામણો અત્રે છાપી નથી.)

સદરહુ સલાહકાર સમિતિઓની બેઉ ભલામણો સાથે વિચારણામાં લેવામાં આવી અને ચર્ચા-વિચારણાને અંતે બેઉ ભલામણો મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી.

૩. (૧) મનોવિજ્ઞાનના વિષય હેઠળ 'પ્રેરણા' શીર્ષક પર (૬૦ થી ૧૦૦ પાનાં) લઘુગ્રંથ લખવાનું કામ શ્રી. એસ. વી. ત્રિવેદીને સોંપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(૨) ઇતિહાસની અભ્યાસ સમિતિની ભલામણ મુજબ પ્રથમ વર્ષ બી.એ.ના ઇતિહાસ વિષયના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને પેપર ક્રમાંક—૨ 'Modern World—Renaissance to Cold War' પર ૩૦૦ થી ૩૫૦ પાનામાં ગુજરાતી ભાષામાં એક પુસ્તક લખવાનું કામ નીચેના લેખકોને સંયુક્ત રીતે સોંપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. પ્રો. બી. એન. ગાંધી (કન્વીનર), ગોધરા
૨. ડૉ. વાય. આઈ. દીક્ષિત
૩. શ્રી. એસ. એમ. શાહ
૪. શ્રી. એમ. આર. પટેલ
૫. શ્રી. એસ. એન. કાઝી
૬. શ્રી. યુ. બી. શાસ્ત્રી
૭. શ્રીમતી એસ. એમ. મહેતા
૮. શ્રી. જશુભાઈ બી. પટેલ
૯. ડૉ. જે. આર. શુક્લ

[**નોંધ.**—(૧) લેખકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સંયુક્ત રીતે પુરસ્કાર આપવાનું રાખવું.
(૨) સદરહુ હસ્તપ્રત ડૉ. મકરંદ મહેતાને જોઈતપાસી જવા માટે આપવી.
(૩) પુસ્તકના પ્રકાશન અંગેનું ખર્ચ અંદાજે રૂ. ૧,૨૦,૦૦૦/— થાય તેમ છે, જે મંજૂર કરવું.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪. ચાલુ વર્ષ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી "Smoking or Health—the Choice is yours કાર્યક્રમના સંદર્ભમાં ડૉ. સી. આર. ત્રિવેદીએ તૈયાર કરેલ "ધુમ્રપાન એક વિષપાન"ની હસ્તપ્રતનું પ્રકાશન હાથ ધરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડૉ. પી. પી. મહેતાએ આપેલ અભિપ્રાય મુજબ હસ્તપ્રત ટૂંકાવેલ છે. પુસ્તિકાની ૧૧૦૦ નકલનું અંદાજી ખર્ચ રૂ. ૨,૦૦૦/— થાય તેમ છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. સી. આર. ત્રિવેદીએ તૈયાર કરેલ 'ધુમ્રપાન એક વિષપાન'નું પ્રકાશન યુનિવર્સિટી તરફથી હાથ ધરવાનું રાખવું. વધુમાં સદરહુ પ્રકાશનની છૂટક નકલોનું વેચાણ નહીં નફો, નહીં નુકસાનના ધોરણે કરવાનું રાખવું.

૨. ડૉ. વી. સી. શાહે તૈયાર કરેલ મોનોગ્રાફ "Genetic, biochemical and Cytochemical studies on Leucoderma—Vitiligo"નું પ્રકાશન હાથ ધરવા માટે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સદરહુ પુસ્તક અંગ્રેજીમાં થશે, તેનું ૫૦૦ નકલનું અંદાજી ખર્ચ રૂ. ૩,૦૦૦ થશે, જેમાં લેખકના પુરસ્કારને સમાવેલ નથી.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. વી. સી. શાહે તૈયાર કરેલ સદરહુ અંગ્રેજી મોનોગ્રાફનું પ્રકાશન યુનિવર્સિટીએ કરવાનું રાખવું અને તે અંગેનું ખર્ચ યુનિવર્સિટી પ્રકાશન ખર્ચ ખાતે ફાળવવાનું રાખવું.

૬. ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનને ૨૫ વર્ષ પૂરાં થતાં હોઇ તેના પ્રથમ અધ્યક્ષ સ્વ. પ્રો. બી. આર. શિનોયની સ્મૃતિમાં "Essay in Memory of Prof. B. R Shenoy", જેનું પ્રકાશન હાથ ધરવા માટે સદરહુ ભવનના અધ્યક્ષશ્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સદરહુ પુસ્તકનું ૧૦૦૦ નકલનું પ્રકાશન ખર્ચ અંદાજે રૂ. ૫૦૦૦ થાય તેમ છે, જેનું ખર્ચ યુનિવર્સિટી પ્રકાશન ખર્ચમાંથી ફાળવવાનું રહેશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે "Essays in Memory of Prof. B. R. Shenoy"નું પ્રકાશન કરવું અને તે અંગેનું ખર્ચ યુનિવર્સિટી પ્રકાશન ખર્ચ ખાતેથી કરવાનું રાખવું.

૭. પ્રકાશન બોર્ડની તા. ૨૨-૩-૧૯૭૯ની ભલામણને અનુલક્ષીને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ અને ૧-૫-૧૯૭૯ની સભામાં થયેલ ઠરાવ મુજબ યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ્સ, ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનના અનુવાદનું કામ શ્રી. ડી. ડી. દેસાઈ અને શ્રી. એસ. પી. મેઢને સંયુક્ત રીતે સોંપેલ પરંતુ તેમણે સદરહુ કામ સ્વીકારવાની અશક્તિ દર્શાવેલ હોઇ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ્સ, ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનના અનુવાદનું કામ વિશિષ્ટ પ્રકારનું હોઇ તેના પુરસ્કારના દર સુધારવા.

૮. 'વિદ્યા' સામાયિકમાં જે લેખકોના લેખ સમાવવામાં આવે છે તેમને ૫૦ ઑફ પ્રિન્ટ્સની સાથે એક સામયિક વિનામૂલ્યે આપવામાં આવે છે. આ રીતની સર્વમાન્ય પ્રથા હોવા છતાં તે માટે ૧૯૭૨-૭૩ની ઑડિટ નોંધમાં નીચે પ્રમાણે વાંધો ઉઠાવેલો હોઇ તે અંગે વિચારણા કરવા બાબત :

34. Regarding 'Vidya' Journal :
(Vr. No. 1258/1-7-1971 Rs. 75/-)

As per the norms prescribed by the Syndicate only the off prints copies of the article contributed by different authors may be given to them. However, from the distribution list of the journal it was noticed that all the authors were given one copy of the journal free of cost. As the journal is a priced publication and it costs Rs. 2-50 paise each, the free distribution of 76 journals during the year 1971-72 costing Rs. 190/- is objected in audit. It may also please be explained when there is no provision for the free supply of copy to the authors : under whose orders the copies were supplied

free of cost. The responsibility for the loss of Rs. 190/— may be fized and recovered from the person responsible.

(નોંધ.— ઉપરની મંજૂરી ભૂતપ્રભાવી આપવી પડશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે 'વિદ્યા' સામાયક અંગે ૧૯૭૨–૭૩ની ઉપર દર્શાવેલ ઑડિટ નોંધને લક્ષમાં લેતાં ૫૦ ઑફપ્રિન્ટ્સ સાથે એક 'વિદ્યા' સામયિકની નકલ લેખક/લેખકોને ભેટરૂપે આપવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને ભૂતકાળમાં તે મુજબ જે નકલો અપાઈ છે તે મંજૂર રાખવી.

૯. 'ઉદારમતવાદ—જે. એસ. મિલ' પર લગભગ ૧૨૫ પાનાની પુસ્તિકા તૈયાર કરવાનું કામ સ્વીકારવાની શ્રી. જે. કે. પટેલે અશક્તિ દર્શાવતાં તે કામ શ્રી. નવનીત દવેને સોંપવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦. સદરહુ બાબતને બાબત ક્રમાંક ૨ સાથે લીધેલી હોઈ તેની સાથે નિર્ણય લેવામાં આવેલ છે.

૧૧. 'ગ્રામીણ વિકાસ' પર હસ્તપ્રત તૈયાર કરવાનું કામ ડૉ. એસ. વી. મહેતા અને અન્ય સહલેખકોને સંયુક્ત રીતે સોંપવાનું ઠરાવેલ પરંતુ ડૉ. મહેતાએ તે કામ સ્વીકારવા અશક્તિ દર્શાવતાં તેમની જગાએ શ્રી. જે. એમ. શાહની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

[નોંધ.— સદરહુ કામ અંગે અન્ય સહલેખકો નીચે મુજબ છે :

(૧) શ્રી. આર. બી. શાહ

(૨) શ્રી. પી. કે. દવે

(૩) શ્રી. બી. એમ. ભટ્ટ]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

કૃ. ૬. પંડ્યા

પરિશિષ્ટ "બ"

કામકાજ ક્રમાંક ૧૧૧

O. M. Com. Ext. 6 / O. M.A. Ext. 6 :

The fees prescribed for being registered once paid by a candidate shall be refunded as under :

(1) If a candidate is found not eligible for registration, full fees including examination fees and marks-statement fee shall be refunded at his cost.

(2) If a candidate expires prior to the date of commencement of the examination, full fees shall be refunded to the first claimant, being his kith and kin at his cost.

(3) Where a candidate remains absent at the M.A./M.Com. External Part I or Part, II. examination, as the case may be, half of the examination fees will be refunded to him at his cost.

Such refund must be claimed by the candidate within a period of six months from the date of the declaration of the result of the Examination in which he/she was to have appeared.

(4) If a candidate fails to submit the required documents shch as marksheets, Final Eligibility Certificate and/or required affiidavit in respect of residence etc. on or before 31st October, he will be considered ineligible and only examination fee together with the fee for Matk-statement will be refunded at his cost.

(5) If a candidate informs regarding cancellation of his registration on or before 31st December, he will be refunded half registration fees & full examination fees together with the fees for the marks statement paid by him. This amount will be refunded within the period of three months from 31st December at his cost.

(6) If a candidate informs regarding his inability for appearing in the examination on or before 31st January, he will be refunded only examination fees together with the fee for the marks statement at his cost.

પરિશિષ્ટ "ટ"
કામકાજ ક્રમાંક ૧૧૨

એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૭–૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીના શિક્ષકગણની જગ્યાઓ માટે રોસ્ટરના નિયમો તૈયાર કરવા આ સમિતિને મોકલેલ હોઇ તે સમિતિની એક સભા તા. ૧૩–૮–૧૯૮૦ના રોજ બપોરે ૧—૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઇ, કાર્યકારી કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૪. શ્રી. નરહરિભાઇ પરીખ	ગેરહાજર
૫. આચાર્ય ઘનશ્યામભાઇ પરીખ	ગેરહાજર
૬. શ્રી એ. આર. શાહ	હાજર

યુનિવર્સિટી તરફથી તૈયાર કરેલા નિયમો રજૂ કરવામાં આવ્યા હતા અને ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ સાથે **પરિશિષ્ટ "અ"**માં જણાવ્યા મુજબના નિયમો મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

૧. પ્રોફેસર અને રીડરની કક્ષાની જગ્યાઓમાંથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે તથા આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બક્ષી કમિશને નિર્દિષ્ટ કરેલા વર્ગો માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાના ઠરાવ નં. ૧૦૦થી જે પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે જેમાં કોઇ ફેરફાર કરવો નહીં. પરંતુ લેક્ચરરની જગ્યા માટે રાજ્ય સરકારના તા. ૨–૭–૧૯૮૦ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ માટે ૭ ટકા, અનુસૂચિત જનજાતિ માટે ૧૪ ટકા અને આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બક્ષી કમિશને નિર્દિષ્ટ કરેલા વર્ગો માટે ૧૦ ટકા પ્રમાણે રાખવું અને તે માટે રાજ્ય સરકારે નક્કી કરેલું ૧૦૦ પોઇન્ટનું રોસ્ટર સ્વીકારવું.

૨. અનામત જગ્યાઓ માટે ૨૦ પોઇન્ટના સ્કેલનું રોસ્ટર બનાવવું અને તેમાં જગ્યા નંબર પ્રથમ અને ૧૩મો ક્રમ અનુસૂચિત જનજાતિ માટે, પાંચમો અને ૧૭મો ક્રમ આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગ માટે અને નવમા ક્રમમાં અનુસૂચિત જાતિ માટે રાખવો. આ સિવાયની જગ્યાઓ બિનઅનામત રાખવી.

૩. પ્રોફેસર, રીડર અને લેક્ચરર માટે જુદું જુદું રોસ્ટર બનાવવું તથા તે માટેનાં પાકાં રજિસ્ટર રાખવાં.

૪. અનામત જગ્યા રાખવામાં આવેલી હોય પરંતુ તે માટે કોઈ લાયક ઉમેદવાર મળે નહીં તો ફરીથી જાહેરખબર આપીને તે પૂરવાનું રાખવું અને તેમ છતાં પણ લાયક ઉમેદવાર ન મળે તો બે વર્ષ સુધી તે અનામત જગ્યા તરીકે આગળ ખેંચવી. દરમ્યાન કામચલાઉ ધોરણે તેવી જગ્યા કે જગ્યાઓ બિનઅનામત જગ્યા ગણીને પૂરી શકાશે આ સમય દરમ્યાન ત્રણ વાર જાહેરખબર આપવી આવશ્યક રહેશે. સદરહુ જાહેરખબરમાં જણાવવું કે જે જાતિ-વર્ગ માટે જગ્યા અનામત રાખવામાં આવી હોય તે જાતિ-વર્ગના ઉમેદવાર મળશે નહીં તો અરસપરસ બીજી અનામત જાતિ-જાતિઓના ઉમેદવારોને તે જગ્યા કે જગ્યાઓ પર નિમણૂકને પાત્ર રાખવામાં આવશે પરંતુ જે જાતિ—વર્ગના ઉમેદવારોને પસંદ કરવામાં આવે તે પછીની તે જાતિ-વર્ગ માટે અનામત રાખેલી જગ્યા મૂળ અનામત જાતિ માટે સામેલ ગણવામાં આવશે અને રોસ્ટરમાં તે પ્રમાણે જરૂરી ફેરફાર કરવાનો રહેશે.

૫. બે વર્ષ પછી પણ અનામત જગ્યા માટે કોઈ લાયક ઉમેદવાર ન મળે તો તે જગ્યાને બિન-અનામત જગ્યા તરીકે ગણવી અને ત્યાર પછીના ક્રમમાં આ બિનઅનામત જગ્યાને અનામત જગ્યા તરીકે ગણવી.

૬. એકસાથે એક જ કક્ષાની વધુ જગ્યાઓ ભરવાની હોય તો કોઈ એક જગ્યાને અનામત જગ્યા તરીકે ન ગણતાં બધી જ જગ્યાઓમાં જેટલી જગ્યાઓ અનામત હોય તે જાહેરખબરમાં દર્શાવવી અને અનામત જાતિ-વર્ગના જે જગ્યા માટેના લાયક ઉમેદવાર હોય તેઓને ઇન્ટરવ્યુ જુદા રાખી જગ્યાઓ ભરવાની વ્યવસ્થા કરવી. બાકીની જગ્યાઓ બિનઅનામત ગણીને ભરવી.

૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત રાખેલ પ્રોફેસર, રીડર અને લેક્ચરરની જગ્યા માટે લાયકાતના ધોરણમાં કોઈ છૂટછાટ મૂકવામાં આવશે નહીં.

૮ એકસાથે એક કક્ષાની વધુ જગ્યાઓ ભરવાની હોય અને તેમાંથી એક કે વધારે જગ્યાઓ અનામત હોય અને જાહેરાતના સંદર્ભમાં અનામત માટે રાખેલી જગ્યા માટે તે જાતિ—વર્ગના ઉમેદવારની એક પણ અરજી આવી ન હોય તો કુલ જગ્યાઓમાંથી કયી જગ્યાઓ અનામત ગણવી તે ચિઠ્ઠી નાંખી કુલસચિવશ્રી ચિઠ્ઠી ઉપાડીને નક્કી કરશે. ત્યાર બાદ બાકીની જગ્યાઓ ભરવામાં આવશે.

૯. એકસાથે એકજ કક્ષાની વધુ જગ્યાઓ ભરવાની હોય અને તેમાં એક કે વધુ જગ્યાઓ અનામત તરીકે રાખવાની હોય પરંતુ અનામત રાખવાની જગ્યાઓ કરતાં વધુ જગ્યાઓ માટે અનામત જાતિ વર્ગના ઉમેદવારો મળી શકે તેમ હોય તો કઈ જગ્યાઓ અનામત રાખવી તે કુલસચિવશ્રી ચિઠ્ઠો નાંખી નક્કી કરશે.

૧૦. ઉપરની બાબતોને સુસંગત ન હોય તેવા અગાઉના બધા ઠરાવો આથી રદ ગણવા.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૧૧૩

Starting of Post-graduate Diploma Course in Developmental Communication by the Gujarat University—Sanction of—

Government of Gujarat,
Education Labour Department,
Resolution No. USG-1180/4690/Kh,
Sachivalaya, Gandhinagar,
Dated the 10th July, 1980.

Read.—D. O. letter No. DO/VC/10617/ dated 10—4—1980 from the Vice-Chancellor, Gujarat University addressed to the Director of Education, Gujarat State, Ahmedabad. Letter No. ઉશય/Commu-3--6/80—81/267 dated 21—4—1980 from the Director of Education, Gujarat State, Ahmedabad.

Resolution :

Sanction is accorded to start one and a half years post-graduate Diploma Course in Developmental Communication at the Gujarat University from the academic year 1980–81 at an estimated recurring expenditure of Rs. 92,000/-(Rupees ninety-two thousand only) as shown in Statement–A (*not printed here*) and this amount should be held eligible for grant-in-aid, in anticipation of the approval of the University Grants Commission to bear its share of expenditure according to fixed pattern of assistance.

2. The Gujarat University shall approach the U.G.C. in the matter.

3. The Director of Education, Gujarat State, Ahmedabad should be authorised to release necessary grant.

4. The expenditure on this amount should be debited to the budget head "277—Education-E-University and other higher education etc." and met from the provision made thereunder.

5. This issues with the concurrence of Financial Adviser dated 16—6—1980 on Education Department file No. USG-1180/31809/Kh.

By order and in the name of the Governor of Gujarat.

Section officer,
Education and Labour Department.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૧૧૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૪-૮—૧૯૮૦ને ગુરૂવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઇ, કાર્યકારી કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. અરવિંદભાઇ શાહ	હાજર
૩. શ્રી. સુધીરભાઇ આઇ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૭—૧૯૮૦ની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૭-૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કાર્યકારી કુલપતિશ્રીએ સહી કરી.

૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે રૂ. ૪,૦૦૦ની કિંમતનું ટીચિંગ મટીરિયલ્સ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે મે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ પાસેથી રૂ. ૪,૦૦૦ની કિંમતનું ટીચિંગ મટિરિયલ્સ ખરીદવું.

૩. યુનિવર્સિટી કાર્યાલય તથા તેના તાબાના તમામ વિભાગોના ટાઇપરાઇટરો રિપેરિંગ કરવા અંગે એક મિકેનિક રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા તેના બધા જ વિભાગોનાં ટાઇપરાઇટરોનું સર્વિસ કરવાનું કામ શ્રી. રમેશ આર. પાટોલને માસિક રૂ ૪૨૫ના ચાર્જથી એક વર્ષ માટે સોંપવું.

૪. પ્રાણીવિજ્ઞાન વિભાગના ડૉ. યુ. એમ. રાવલની યુ. જી. સી. સ્કીમમાંથી વૈજ્ઞાનિક સાધન મે. બાલાજી સાયન્ટિફિક, સર્વિસીઝ મદ્રાસ પાસેથી ખરીદવા અંગે રૂ. ૧,૬૦૦નું ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. યુ. એમ. રાવલની યુ.જી.સી ગ્રાન્ટમાંથી 'Biovi.a Multipurpose Horizontal Electrophoresis Tank' મે. બાલાજી સાયન્ટિફિક સર્વિસીઝ મદ્રાસ પાસેથી તેઓ તેના ઉત્પાદક હોવાથી ખરીદવા અંગે રૂ. ૧,૬૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૫. પ્રાણીવિજ્ઞાન વિભાગના ડૉ. યુ. એમ. રાવલની યુ.જી.સી. ગ્રાન્ટમાંથી Automatic Electrically heated All Glass Sing'e Distilation Apparatus મે સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ, નવી દિલ્હી પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. રાવલની યુ.જી.સી. ગ્રાન્ટમાંથી ઉપરોક્ત સાધન મે. સાયન્ટ્રોનિક

ઇન્સ્ટ્રુમેન્ટસ, નવી દિલ્હી પાસેથી (તેઓ તેના મેન્યુફેકચર હોવાથી) ખરીદવું અને આ અંગે રૂ. ૨,૦૦૦ (બે હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૬. પરીક્ષા વિભાગમાં પાર્ટિશન બનાવતાં જથ્થામાં વધારો થવાથી ખર્ચમાં રૂ. ૧,૦૫૭–૩૩નો વધારો થાય છે તો તે મંજૂર કરવા બાબત.

(ફા. ક. તા. ૫–૪–૧૯૮૦માં ચો. ફૂ.ના રૂ. ૧૬–૦૦ લેખે કુલ ખર્ચ રૂ. ૨૧,૦૦૦ મંજૂર કરેલ છે.)

આથી ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગમાં પાર્ટિશન બનાવતાં જથ્થામાં વધારો થવાથી થયેલ વધારાનું ખર્ચ રૂ. ૧,૦૫૭–૩૩નું મંજૂર કરવું.

૭. યુનિ. સ્ટાફ કવાર્ટર્સ માટે નીચે પ્રમાણે પંખાઓ ખરીદવા અંગે કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત :

પંખાની જાત	નંગ	કિંમત	વેપારીનું નામ
૧. ઉષા પ્રાઇમા–૪૮"	૭૬	૩૯૩-૦૦ (રેગ્યુલેટર સાથે)	ધી જય એન્જિનિયરિંગ કું. લિ. એમ. અકુવાલા
૨ ઓરિએન્ટ–૪૮" સમર કુલ મોડેલ	૭૫	૩૯૧-૮૪ (રેગ્યુલેટર સાથે)	ઓરિયેન્ટ ટ્રેડિંગ કંપની

(ફા. ક. ૧૬–૭–૧૯૮૦ની સભામાં ઉપરોક્ત કંપની પાસેથી ઓફ સીઝનના દર બહાર પડે તો તે અંગે જરૂરી ફેરફાર કરવાની સત્તા કુલપતિશ્રીને આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૮. ગુજરાત યુનિવર્સિટીની રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને આપવા સ્કાર્ફ બનાવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને સ્કાર્ફ આપવા અંગે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવે આપનાર વેપારી મે. ખાદી ગ્રામ ઉદ્યોગ સંઘ સંચાલિત "ગ્રામ શિલ્પ" પાસેથી રૂ. ૪–૭૨ (બાદ દસ ટકા વળતર)ના ભાવે ખરીદવા.

૯. વિજ્ઞાનવિદ્યા ભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે વર્ષ ૧૯૮૦–૮૧માં પેટ્રોલ રૂ. ૪૦,૦૦૦–૦૦ની કિંમત સુધી મે. ત્રિવેદી રોલવાલા એસોસિયેટ્સ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે વર્ષ ૧૯૮૦–૮૧માં રૂ. ૪૦,૦૦૦/- (ચાલીસ હજાર પૂરા)ની કિંમત સુધીનું પેટ્રોલ મે. ત્રિવેદી રોલવાલા એસોસિએટ્સ, અમદાવાદ પાસેથી ખરીદવું.

૧૦. પ્રેસના છાપકામ અંગે ફાઇનાન્સ કમિટી તા. ૧૮–૪–૧૯૮૦ માં મે. કલ્યાણ પેપર માર્ટ પાસેથી રૂ. ૧૩૫–૩૦ ની કિંમતની ભદ્રએલમ ૧૫.૨ કિલો જાતનો કાગળ ખરીદવા મંજૂર થયેલ છે, પણ સદરહુ કાગળ બજારમાં ઉપલબ્ધ ન થતાં તેટલી જ કિંમતવાળો, તેટલી જ ગુણવત્તાવાળો આંધ્ર પેપર મિલનો ૧૫.૨ કિલો જાતનો કાગળ તે જ ભાવે ખરીદવા અંગે પ્રેસ–મેનેજરની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રેસના છાપકામ અંગે મે. કલ્યાણ પેપર માર્ટ પાસેથી

ફાઇનાન્સ કમિટી તા. ૧૮—૪–૧૯૮૦માં મંજૂર કરેલ ભાવ રૂ. ૧૩૫—૩૦ ના ભાવે જ ભદ્રએલમની ગુણવત્તા જેટલો જ આંધ્ર પેપર મિલનો કાગળ ખરીદવાનું રાખવું.

૧૧. ભાષા-સાહિત્ય ભવનના વિભાગીય ગ્રંથાલય માટે ચાર નંગ સ્ટીલ રેંક મે. મેક એન્જિનિયરિંગ વર્ક્સ લિ. પાસેથી રૂ. ૧,૬૭૯—૦૦ ની કિંમતે ખરીદવા અંગે કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

(ફાઇનાન્સ કમિટી તા. ૧૮–૪–૧૯૮૦ માં રૂ. ૪૧૯–૭૫ પૈસા નંગના ભાવે ખરીદવા મંજૂરી મળેલ છે તે જ ભાવે ખરીદવા મંજૂરી આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"
ક્રમાંક ૧૧૬

Recognition as University Teacher for Master's Degree

(*i*) By Papers

O. 65-F (1) :

A teacher to be recognised as a Post-graduate teachers for the Master's degree in the Faculties of Arts including Education, Science and Commerce, by Papers must have the qualification specified here-in-below :

(*a*) A Ph.D. degree and five years' teaching experience in the subject at the degree level;

OR

(*b*) A M.Phil. degree with Master's degree either in Second Class or deemed Second Class of this University and seven years' teaching experience in the subject at the degree level.

OR

(*c*) A recognised assistant post-graduate teacher with three years' teaching experience at post-graduate level in the subject concerned.

OR

(*d*) A Chartered Accountant with five years' teaching experience in Accounting and Auditing to degree classes or seven years' professional standing;

OR

(*e*) A B.Com. degree in at least Second Class in Advanced Accounting and Auditing and M.Com. Degree alongwith Pass in Final Examination of I.C.W.A. (Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta) and possessing at least five years' experience or teaching in the subject in a college.

OR

(*f*) A person holding the B.Com. Degree in at least a Second Class in Advanced Accounting and Auditing holding the I.C.W.A. (Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta) and

seven years' professional experience, will be recognised as a post-graduate teacher for Advanced Accounting, Costing & Industrial Administration for the M.Com. degree.

OR

(*g*) Five years' research experience in a recognised institution and at least three published research papers other than Ph.D. work or three articles of high quality or a published monograph in a subject provided that their research papers, or articles, or the monograph, as the case may be, is a adjudged by a competent person to be of a sufficiently high quality.

N.B.—(1) Teaching experience means experience of teaching to the last two years of degree classes or Post-graduate classes in an affiliated college or a recognised institution or a University Department, as the case may be.

(2) "In case of a Tutor / Demonstrator, who possesses the necessary qualifications for being appointed as a Lecturer, the teaching experience gained by him in the said post, shall be considered for the recognition to a maximum period of three years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time."

(3) Where no class is awarded in the Master's degree obtained by thesis or partly by thesis and partly by papers in a subject, it will be considered equivalent to a Master's degree by papers in Second Class.

(4) Where no class is awarded in a subject, the Master's degree obtained be considered equivalent to a Master's degree in Second Class.

(5) Where there is a separate system of reckoning, that is, grade system is in way foreign Universities the degree grade should be converted into appropriate classes.

Rules Relating to recognition as an Asst. Post-graduate Teacher

O. 65-M (1) :

A teacher to be recognised as an Asst. Post-Graduate teacher for the Master's degree in the faculties of Arts including Education, Science and Commerce by papers must have the qualifications specified hereinbelow :

(*a*) A Ph.D. Degree and three years' teaching experience in the subject to

the degree class as a Lecturer before or after his obtaining the Ph.D. degree;

OR

(*b*) M.Phill. degree and five years' teaching experience in the subject at the degree level;

(*c*) A Master's degree in First Class and five years' teaching experience as a Lecturer at the degree level.

OR

(*d*) A Master's degree in Second Class or deemed Second Class in the subject and at least seven years' teaching experience in the subject to the degree class as a Lecturer;

OR

(*e*) A Bachelor's degree in Pass Class and a Master's degree in Pass Class with ten years' teaching experience in degree classes in the subject concerned;

OR

(*f*) A Chartered Accountant with three years' teaching experience in accounting and auditing in degree classes or five years' professional standing;

OR

(*g*) A B.Com. Degree in at least a Second Class in Advanced Accounting and Auditing and holding M.Com. Degree with A.I.C.W.A. (Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta) and possessing at least three years' experience of teaching the subject in a college;

OR

(*h*) A person holding a B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Auditing and holding the A.I.C.W.A. (Diploma of the Indian Institute of Cost and works Accountants, Calcutta) and five years' Professional experience shall be recognised as an Assistant Post-graduate teacher for Cost Accounting, and Advanced Accounting for the M.Com. Degree.

Note.—(*i*) Teaching experience means experience of teaching at an affiliated college or recognised institution or University Department, as the case may be.

(*ii*) In case of a tutor/Demonstrator, who possesses the necessary qualifications for being appointed as a Lecturer, the teaching experience gained by him in the said post, shall be considered

for the recognition to a maximum period of three years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time.

(*iii*) For Shastris and Maulavis, i.e. Teachers in Sanskrit, Prakrit Pali, Person and Arabic, the above qualifications will not be insisted upon; but concerned teacher must have qualifications of having passed special examinations in these subjects which are equivalent to those mentioned above.

(*iv*) If an Assistant Teacher is an honorary worker, he shall be approved as an Assistant only, he Provided puts in at least four periods of teaching work per week throughout the year. Such an honorary Assistant shall not be considered as a regular teacher of that college or Institution for the purpose of enrolment, as a teacher.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૧૩૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬–૯–૧૯૮૦ ને મંગળવારના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઇ, કાર્યકારી કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. અરવિંદભાઇ શાહ	હાજર
૩. શ્રી. સુધીરભાઈ આઇ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૪–૮–૧૯૮૦ ની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

ફાઈનાન્સ સમિતિની તા. ૧૪–૮–૧૯૮૦ ની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ અંગે સ્ટેશનરી ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વેપારીઓનાં આવેલ ટેન્ડરો અને તે સાથે આપવામાં આવેલ નમૂના જોતાં આ સાથેના **પરિશિષ્ટ "અ"** માં જણાવ્યા પ્રમાણેની સ્ટેશનરી ટેન્ડરની શરતો પ્રમાણે ખરીદવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બ્રિફ સાઇઝ ડુપ્લિકેટિંગ પેપરમાં મે. પરેશ એસોસિયેટ્સ ત્રણ એક્કા, બેલારપુર મિલનો કાગળ આપે તો જ ખરીદવો. જો ન આપી શકે તો ફરીથી ભાવ મંગાવી ખરીદવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩. યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલ ૧૯૮૦ ની પરીક્ષામાં ચંદ્રક વિજેતાઓને આપવા સોનાનો ઢોળ ચઢાવેલ ચાંદીના ચંદ્રકો બનાવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. નટવરલાલ એન્ડ સન્સ, અમદાવાદ પાસે સોનાનો ઢોળ ચઢાવેલ ચાંદીના ચંદ્રકો રૂ. ૧૩૫/- નંગના ભાવે અને ટેન્ડરની શરત પ્રમાણે અગાઉ તેઓએ કામ કરેલું હોવાથી અને કામ સારું અને સંતોષકારક હોવાથી જરૂરિયાત પ્રમાણે ચંદ્રકો બનાવવાનું રાખવું.

૪. યુનિવર્સિટી માટે સ્ટીલ તથા લાકડાનું ફર્નિચર પૂરું પાડવા અંગે વેપારીઓનાં નામ રજિસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી માટે સ્ટીલ તથા લાકડાનું ફર્નિચર મંગાવવા અંગે નીચે પ્રમાણે વેપારીઓને રજિસ્ટર કરવા :

(૧) લાકડાના ફર્નિચરના વેપારીઓનાં નામ :

૧. ન્યૂ ફર્નિચર માર્ટ
૨. મહાલક્ષ્મી ફર્નિચર ઍન્ડ ઇન્ટીરિયર ડેકોરેટર્સ
૩. પ્રકાશ ફર્નિચર સેન્ટર
૪. સ્ટાર ફર્નિચર
૫. ઈન્ડેકોર
૬. ઉદય ફર્નિચર ઍન્ડ ડેકોરેટર્સ
૭. સહજાનંદ ફર્નિચર

(૨) સ્ટીલના ફર્નિચરના વેપારીઓનાં નામ :

૧ વિનિમા કોર્પોરેશન (ચંદન)
૨. ગોદરેજ પ્રોડક્ટ્સ (ખીરા)
૩. ગોદરેજ ઍન્ડ બોયઝ મેન્યુ. કું. પ્રા. લિ.
૪. સ્ટીલએજ
૫. દિવ્ય એજન્સી
૬. કલ્પના એજન્સી.

૫ યુનિવર્સિટી મોટરકાર જી. ટી. એલ. ૭૨૨૬ને રિપેરિંગ કરવા અંગે રૂ. ૧,૯૨૫ના ખર્ચની મંજૂરી કુલપતિશ્રીએ આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી:

૬ પ્રેસના મોનો ટાઈપકાસ્ટિંગ મશીનના ગુજરાતી તથા અંગ્રેજી મેટ્રિકસ મે. મોનોટાઈપ ઇન્ડિયા લિ. પાસેથી રૂ. ૬૫,૦૦૦ની કિંમતે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૭. પરદેશથી ઇક્વિપમેન્ટ વગેરે આયાત કરતાં હૂંડિયામણનો શક્ય તેટલો કરકસર રીતે ઉપયોગ કરવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્ર નં. ડી. ઓ. નં. એફ. ૧-૩૭/૮૦ ૨૭-૮-૧૯૮૦ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઉપરોક્ત પત્રની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "અ"

ફાઇનાન્સ સમિતિ : તા. ૧૬–૯–૧૯૮૦

ક્રમાંક	વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ તથા જાત	નોંધ
૧.	બોલ પેન હોલ્ડર ટાઈપ	૩૫ ડઝન	વિનસ કોર્પોરેશન	૧૧–૬૦ ડઝનના નમૂના બી પ્રમાણે	સારી જાતનાં હોવાથી
૨.	ચોક સફેદ	૨૮૦ બોક્ષ	રવાણી એન્ડ કું. એન્ડ સ્ટેશનર્સ	૦–૯૫ એક બોક્ષના વ્હીલ બ્રાન્ડના	વ્હીલ બ્રાન્ડમાં સૌથી ઓછા ભાવ હોવાથી
૩.	ડસ્ટર બ્લેક બોર્ડના	૧૦ ડઝન	કોન્ટ્રાક્ટર કોર્પો.	૧૧–૦૦ મિડિયમ સાઇઝ	સૌથી ઓછા ભાવ હોવાથી
૪.	સ્ટેનશિલ પેપર ફૂલસ્કેપ સાઈઝ	૧૨૦૦ ક્વાયર	ઇન્ડિયનડુપ્લિકેટ્સ કું.લિ.	૨૯–૦૦ નં. ૬૨ જેસ્ટેટનર બાદ ૧૦ ટકા વળતર વત્તા ટેક્ષ	સારી જાતના આવતા હોવાથી તથા ભાવ ઓછા હોવાથી
૫.	ડુપ્લિકેટિંગ પેપર ફૂલસ્કેપ ૨૧.૫ × ૩૪ ૫	૪૦૦૦ રીમ	પરેશ એન્ડ એસોસિયેટ	૨૩–૮૯ બેલારપુર ત્રણ એક્કા ૨.૩ કે.જી.	બેલારપુર ત્રણ એક્કામાં સૌથી ઓછા ભાવ હોવાથી
૬.	ડુપ્લિકેટિંગ પેપર બ્રીફ સાઈઝ	૧૮૦ રીમ	પરેશ એન્ડ એસોસિયેટ	૪૬–૪૬ બેલારપુર ત્રણ એક્કાનો કાગળ	જો તેઓ બેલારપુર ત્રણ એક્કાનો માલ આપે તો ખરીદવો નહીંતર ફરીથી ભાવ મંગાવવાનું રાખવું અને કુલપતિશ્રીને સત્તા આપવી.
૭.અ	ડુપ્લિકેટિંગ ઇન્ક (ટયુબ)	૪૦૦ ટયુબ	ઇન્ડિયન ડુપ્લિકેટર કું.લિ.	૧૮–૦૦ જેસ્ટેટનર બ્લેક વત્તા ૪૪સી. ટેક્ષ	સારી જાતની આવતી હોવાથી
બ.	,, ,, ,,	૧૮૦ ,,	રવાણી એન્ડ કું. સ્ટેશનર્સ	૧૫–૦૫ કોરસ ૪૭૪૬	કોરસ જાતમાં સૌથી ઓછા ભાવ હોવાથી
ક.	,, ,, ,,	૧૦૦ ,,	પરેશ એન્ડ એસોસિયેટ	૧૩–૬૬ બી.સી.આર.	બી.સી.આર.માં સૌથી ઓછા ભાવ હોવાથી

૮. પોર્ટફોલિયા ૧૪" × ૧૦" (૪" ફ્લેપ)	૧૦ ગ્રોસ	કમલ કૉર્પોરેશન	૧૬-૩૩ ડઝનના નમૂના પ્રમાણે	નમૂનો સારો હોવાથી
૯. ઑફિસ ફાઈલ યુનિવર્સિટીનું નામ છાપીને	૨૦ ગ્રોસ	કમલ કૉર્પોરેશન	૧૩-૩૧ ,, ,,	આવેલ નમૂનામાં સારો નમૂનો હોવાથી
૧૦અ. પંચિંગ મશીન	૨ ડઝન	કૉન્ટ્રાકટર કૉર્પો.	૪૭-૯૮ કંગારુ પર	સૌથી ઓછા ભાવ હોવાથી
બ. ,, ,,	૩ ડઝન	વિનસ કૉર્પોરેશન	૫૩-૬૦ કંગારુ ૨૨૫	,, ,, ,, ,,
૧૧. ડ્રાફ્ટ વિન્ડો કવર ૯" × ૪" યુનિવર્સિટીનું નામ છાપી	૧૦૦૦૦૦ (લાખ)	વિનસ કૉર્પોરેશન	૭૧-૯૦ હુન્નરના નમૂના "બી" પ્રમાણે	આવેલ નમૂનામાં સારો નમૂનો હોવાથી
૧૨. ડ્રાફ્ટ વિન્ડોકવર ૧૦ાા × ૮ાા (૨" ફ્લેપ) (યુનિવર્સિટીનું નામ છાપી)	૧૦,૦૦૦ (દસ હુન્નર)	વિનસ કૉર્પોરેશન	૧૭૦-૦૦ નમૂના "બી" પ્રમાણે	,, ,, ,, ,,
૧૩. ડ્રાફ્ટ કવર ૯" × ૪"	૧,૫૦,૦૦૦ (દોઢ લાખ)	વિનસ કૉર્પોરેશન	૫૬-૯૦ નમૂના "સી" પ્રમાણે	આવેલ નમૂનામાં સારો નમૂનો હોવાથી
૧૪. ક્લોથ કવર ૧૦" × ૫" (યુનિવર્સિટીનું નામ છાપીને)	૫,૦૦૦	મેજેસ્ટી ટ્રેડિંગ કું.	૩૨૫-૦૦ નમૂના પ્રમાણે	સૌથી ઓછા ભાવ હોવાથી
૧૫. ક્લોથ કવર ૧૦" × ૬" (યુનિવર્સિટીનું નામ છાપીને)	૫,૦૦૦	વિનસ કૉર્પોરેશન	૬૭૫-૦૦ નમૂના પ્રમાણે	આવેલ નમૂનામાં સૌથી ઓછો ભાવ તથા નમૂનો સારો હોવાથી
૧૬. ક્લોથ કવર ૧૨" × ૧૬" (યુનિવર્સિટીનું નામ છાપીને)	૧,૦૦૦	વિનસ કૉર્પોરેશન	૧૧૪૫-૦૦ ,, ,,	આવેલ નમૂનામાં સારો નમૂનો હોવાથી.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૧૩૭

કર્મચારીઓના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગેની એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિની એક સભા બુધવાર, તા. ૧૭–૯–૧૯૮૦ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યોનું નામ	તા. ૧૭–૯–૧૯૮૦
૧.	ડૉ. એમ એન. દેસાઈ (કાર્યકારી કુલપતિશ્રી)	હાજર
૨.	આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩.	શ્રી. એ. આર. શાહ	હાજર
૪.	શ્રી. શરદ પટેલ	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ પરીખ	હાજર

૧. તા. ૨૨–૭–૧૯૮૦ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૨–૭–૧૯૮૦ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૭–૧૯૮૦ની સભામાં યુનિવર્સિટી તથા પ્રેસના કર્મચારીઓની સી.ડી.એસ.ની રકમનાં નાણાં રિજિયોનલ પ્રોવિડંટ ફંડ કમિશનરની ઑફિસમાંથી યુનિવર્સિટીએ મોકલેલ સ્ટેટમેન્ટના સંદર્ભમાં રકમ મળે તે પહેલાં કર્મચારીઓને યુનિવર્સિટી ફંડમાંથી આપવાની ભવિષ્યમાં પ્રથા ચાલુ રાખવી કે કેમ તે અંગેની બાબત આ સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે ભવિષ્યમાં સી.ડી.એસ. યોજનાનાં નાણાં ચૂકવવાનું થાય ત્યારે પ્રોવિડંટ ફંડ કમિશનરની ઑફિસમાંથી તે અંગેની રકમ મળ્યા બાદ જ કર્મચારીઓને ચૂકવવાનું રાખવું.

૩. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૭–૧૯૮૦ની સભામાં ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨–૭–૧૯૮૦ના પત્રમાંની માગણી નં. ૩ અને ૪માં જણાવેલ મુદ્દામાંથી ઊભા થતા પ્રશ્નો ઉપર સમગ્ર રીતે વિચારણા કરીને સદરહુ બાબત અંગે સ્વતંત્ર રીતે પોતાની ભલામણ રજૂ કરવા માટેની બાબત આ સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૩

કર્મચારીઓનાં વાહનો જેવાં કે સાયકલ, સ્કૂટર વગેરે માટે યુનિવર્સિટી કેન્ટીનની બાજુમાં સ્ટેન્ડ રાખ્યું છે ત્યાં જે વાહનો મૂકવામાં આવેલાં છે જેનો સામૂહિક વીમો ઉતરાવવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે જેનું પ્રીમિયમ યુનિવર્સિટીએ ભરવાનું રહેશે.

ઠરાવ નં. ૪

ધાંધલધમાલ દરમ્યાન કોઈ પણ કર્મચારીને શારીરિક કોઈ પણ પ્રકારની ઈજા થાય તેના કોમ્પેનસેશન માટે વીમો ઉતરાવવાની તાત્કાલિક જોગવાઈ કરવામાં આવે જેનું પ્રીમિયમ ઑફિસે ભરવાનું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૩) યુનિવર્સિટીના કર્મચારીઓની સાયકલો, સ્કૂટર વગેરે વાહનો રાખવા માટે બંધ થઈ શકે તેવું એક સાયકલ શેડ કરવા પ્રબંધ કરવો.

(૪) સદરહુ માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૭–૧૯૮૦ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને રાજ્ય સરકારના નાણા ખાતાના તા. ૧૮-૧૨-૧૯૭૫ના જાહેરનામાના સંદર્ભમાં રૂ. ૪૨૫-૧૫-૪૫૫-૨૦-૬૧૫ ઈ.બી. ૨૦-૬૭૫-૨૫-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦નું પગારધોરણ તે પ્રમાણે તા. ૧-૧-૧૯૭૩થી આપવા અંગેની કેટલાક કર્મચારીઓની તા. ૨૫-૪-૧૯૮૦ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

[**નોંધ.**—(૧) હાલ યુનિવર્સિટીના હેડક્લાર્કનું રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈ બી. ૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦નું પગારધોરણ છે, જ્યારે રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં અને કૉલેજોમાં અને સરકારમાં ઉપરનું પગારધોરણ છે.

(૨) ઉપરોક્ત પગારધોરણ અપનાવવાથી કેટલાક સભ્યોને આર્થિક ફાયદો થાય છે, જ્યારે કેટલાક સભ્યોને આ તબક્કે નુકસાન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં થયેલ ચર્ચા પ્રમાણે આ અંગેની આંકડાકીય વિગતો તૈયાર કરીને આ બાબત આ સમિતિ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

૫. વિજ્ઞાન ભવનના શિક્ષકો કે જેઓ વેકેશન દરમ્યાન ફરજ બજાવે છે તેઓને રજાઓ અંગેના જૂના નિયમ પ્રમાણે હક રજાઓ જમા કરવા અંગે વનસ્પતિવિભાગના વડાના તા. ૧૪–૭–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૬. પરીક્ષા વિભાગના કામનો ભરાવો જોતાં તેનો તાત્કાલિક નિકાલ થાય તે માટે કાર્યાલયના કામકાજનો લંબાવેલો સમય પૂરો થયા પછીથી સભ્યોને ઓવરટાઈમમાં રજાના દિવસે બોલાવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ની સભામાં ગ્રુપ ગ્રેચ્યુઇટી ટ્રસ્ટીઓની તા. ૧૫–૪–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે પેન્શન અંગેની યોજના હવે દાખલ કરી હોવાથી અને કર્મચારીઓ પાસેથી તા. ૩૧–૭–૧૯૮૦ સુધી તે અંગેના વિકલ્પ મંગાવ્યા હોવાથી જે કર્મચારીઓ પેન્શન યોજનામાં જોડાય તેઓ માટે ગ્રુપ ગ્રેચ્યુઇટી યોજના અંગે પુનઃ વિચારવાનું રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૮. સમાજવિદ્યા ભવનના ફિલ્ડ વર્ક આસિસ્ટન્ટની જગ્યાનાં લાયકાતનાં ધોરણ સુધારવા અંગે સ્થાયી સમિતિએ તેની તા. ૧૫–૭–૧૯૮૦ની સભામાં નીમેલ પેટાસમિતિની તા. ૧૬–૭ ૧૯૮૦ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ જગ્યાઓનાં પગારધોરણો સુધારવા માટે રાજ્ય સરકારને લખવું અને તે સુધાર્યેથી લાયકાતનાં ધોરણોમાં જરૂરી ફેરફાર કરવાનું વિચારવું.

૯. ભાષા-સાહિત્ય ભવનમાં પરદેશી ભાષાના વર્ગો માટે એક હંગામી પટાવાળા દૈનિક રૂ. ૯થી તા. ૧૬-૬-૧૯૮૦ થી તા. ૩૧-૩-૧૯૮૧ સુધી નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક પટાવાળાની કાયમી જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૧–૭–૧૯૮૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિત વિભાગ અને આંકડાશાસ્ત્ર વિભાગ માટે હાલ પટાવાળાઓની જે ત્રણ જગ્યાઓ છે તે પર્યાપ્ત છે તેમ આ સમિતિ માને છે, અને નવી કોઈ નવી જગ્યા ઊભી કરવી નહીં તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. આરોગ્ય કેન્દ્રના વોર્ડબોય શ્રી. બી. એમ. વૈદ્યને ડ્રેસરનું પગારધોરણ આપવાની તા. ૨૬-૬-૧૯૮૦ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલની વોર્ડબોયની બે જગ્યાઓ પૈકી એક જગ્યાને ડ્રેસરની જગ્યામાં ૨૧૦-૨૭૦ ના પગારધોરણમાં ફેરવવા માટે રાજ્ય સરકારને અનુમતિ આપવા માટે વિનંતી કરવી. દરમ્યાન હાલની વ્યવસ્થા ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. એસ્ટેટ વિભાગના વધેલા કામકાજના માટે એક હંગામી પટાવાળાની રૂ. ૯-૦૦ ના દૈનિક વેતનથી જગ્યા મંજૂર કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૮-૭-૧૯૮૦ ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળાની એક કાયમી જગ્યા રૂ. ૧૯૬-૩-૨૩૨ના પગારધોરણમાં રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી ઊભી કરવી અને તે દરમ્યાન દૈનિક રૂ. ૯-૦૦ ના વેતનથી હંગામી ધોરણે પટાવાળાની સેવાઓ લેવાનું ચાલુ રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. જી. એમ. અગ્રવાલ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા હોઈ તેઓને રાજ્ય સરકારના તા. ૧૮–૧–૧૯૭૮ના ઠરાવ અન્વયે રૂ. ૭૦૦–૧,૩૦૦નું પગારધોરણ આપવા અંગે શિક્ષણ નિયામકશ્રીના તા. ૬–૮–૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૬–૮–૧૯૮૦ના પત્રની ભલામણ પ્રમાણે વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટનું હાલનું રૂ. ૫૫૦-૯૦૦ નું પગારધોરણ સુધારી રૂ. ૭૦૦-૧,૩૦૦ નું તા. ૧-૧-૧૯૭૩થી મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ માટે સેક્રેટરિયલ સ્ટાફની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેનોગ્રાફરની એક જગ્યા

(યુ.જી.સી. ૧૦૦ ટકા ગ્રાન્ટ ત્રણ વર્ષ માટે આપશે.)

આથી ભલામણ કરવામાં આવે છે કે યુ.જી.સી. ની યોજના પ્રમાણે સીનિયર સ્ટેનોગ્રાફરની એક જગ્યા રૂ. ૬૫૦—૧૦૪૦ના પગારધોરણમાં કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની યોજના ચાલુ રહે ત્યાં સુધી ઊભી કરવી.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયના સમય પહેલાં કે પછી હેડકલાર્ક કક્ષા કરતાં ઉપરની કક્ષાના કર્મચારી પાસેથી પરીક્ષાને લગતું કામ લેવાય છે તે માટે કંઈક વધુ મહેનતાણું આપવા અંગેના સ્થાયી સમિતિના સભ્યશ્રી શરદભાઈ પટેલના તા. ૬-૯-૧૯૮૦ ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે ટૂંકી ચર્ચા બાદ શ્રી શરદભાઈએ તેમનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવા પરવાનગી માંગતાં આ પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૧૬. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની કારોબારીના ત.. ૧૨—૮—૧૯૮૦ ના પાંચ ટકા વેઈટેજ તથા દર ત્રણ વર્ષે કર્મચારીઓની બદલી કરવા વિગેરે બાબતો અંગેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી

૧૭. પ્રકાશન અધિકારી શ્રી કે ડી. પંડ્યાને લેખક—પરામર્શકને મળવા માટે તેમ જ જુદાં જુદાં પ્રેસોમાં જવા માટે વાહનભથ્થું આપવા અંગેની તેમની તા. ૬—૯—૧૯૮૦ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને યુનિવર્સિટીના કામે જવાનું થાય ત્યારે તેઓને જે વાહન ખર્ચ અન્ય કર્મચારીઓને આપીએ છીએ તે પ્રમાણે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવું.

૧૮. યુનિવર્સિટીના કર્મચારીઓ જેઓનો મૂળ માસિક પગાર રૂ. ૫૫૦ કે તેથી ઓછો છે તેમને હાલ ધોરણ ૧૨ સુધી પુસ્તકની કિંમતના ૭૫ ટકા જેટલી રકમ આર્થિક સહાય તરીકે આપવામાં આવે છે તેના સંદર્ભમાં જુનિયર ક્લાર્ક શ્રી. ત્રિવેદીએ પી.ટી.સી. પ્રથમ વર્ષનાં પુસ્તકો અંગે સહાય આપવા અંગે કરેલી માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી.

૧૯. શારીરિક ખોડખાંપણવાળા વર્ગ ૩ અને વર્ગ ૪ ના કર્મચારીઓને સરકારશ્રીના નિયમ પ્રમાણે નોકરીમાં બઢતી આપવા અંગેની યુનિવર્સિટી પ્રેસના આસિ. કંમ્પોઝ ફોરમેનશ્રી પી. એચ. પટેલની તા. ૨૩-૭--૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શારીરિક ખોડખાંપણવાળા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં. સીઆરઆર-૧૧૭૭-૧૦૭૯-ગર તા. ૯—૧૧—૧૯૭૯ પ્રમાણે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા અને તે પ્રમાણે રોસ્ટરમાં સુધારો કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. યુનિવર્સિટીના એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ અને બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યાનું નામાભિધાન અનુક્રમે યુનિવર્સિટી એન્જિનિયર અને ડેપ્યુટી એન્જિનિયર તથા અનુક્રમે પગારધોરણ રૂ. ૧૧૦૦-૧૬૦૦ અને રૂ. ૭૦૦-૧૩૦૦ રાજ્ય સરકારની મંજૂરીને આધીન આપવાનું ઠરાવેલ હોઇ તેના સંદર્ભમાં બિલ્ડિંગ સુપરવાઇઝર શ્રી. ડી. બી. સુતરિયા હાલ તેઓનું નામાભિધાન ડે. એન્જિનિયર આપવા અંગે તેમની તા. ૧૪-૭—૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ અને બિલ્ડિંગ સુપરવાઇઝર તથા ઇલેક્ટ્રિકલ એન્જિનિયરની જગ્યાઓનું નામાભિધાન નીચે મુજબની સ્પષ્ટતા સાથે નીચે પ્રમાણે ફેરવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

હાલની જગ્યાનું નામ	નામાભિધાન
૧. એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ	યુનિવર્સિટી એન્જિનિયર
૨. બિલ્ડિંગ સુપરવાઇઝર	ડે. એન્જિનિયર (સિવિલ)
૩. ઇલેક્ટ્રિકલ એન્જિનિયર	ડે. એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ)

સ્પષ્ટતા : તેઓના પગારધોરણો સુધારવા માટે રાજ્ય સરકારની અનુમતિ મળે નહીં ત્યાં સુધી કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં.

૨૧. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો સર્વશ્રી એ. આર. શાહ અને નરહરિ અમીનના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આપણી યુનિવર્સિટીમાં દૈનિક વેતન પ્રથામાં કામ કરતા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને તા. ૧—૧૦—૧૯૮૦ થી તેમના વેતનમાં રૂ. ૩-૦૦ (ત્રણનો) વધારો આપવો જોઇએ. આ ઉપરાંત તેઓને રાષ્ટ્રીય તહેવારો તથા ગુજરાત સરકાર આવા કર્મચારીઓને જે સાંસ્કૃતિક રજાઓ પગાર સહિત આપતી હોય તો તે પણ આપવી જોઇએ એવી ભલામણ કરીએ છીએ."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકાર, મુંબઇ—પૂના રાજસ્થાનની યુનિવર્સિટીઓ, અમદાવાદ ટેલિફોન્સ, લાઇફ ઇન્સ્યોરન્સ કોરપોરેશન, અટિરા, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ વગેરે સંસ્થાઓમાંથી આ અંગેની માહિતી આવ્યેથી આ બાબત ફરીથી રજૂ કરવાનું રાખવું.

૨૨. પ્રેસ-વ્યવસ્થાપક અને મદદનીશ પ્રેસ-વ્યવસ્થાપકને પરીક્ષા ભથ્થું યુનિવર્સિટીના કર્મચારીઓને હાલ ૧૦ ટકા અને સુપરવાઇઝરી સ્ટાફને ૧૨½ ટકા આપવામાં આવે છે તે પ્રમાણે આપવામાં આવે છે તે પ્રમાણે આપવા અંગેની પ્રેસ-વ્યવસ્થાપક અને મદદનીશ પ્રેસ વ્યવસ્થાપકની તા. ૪-૮-૧૯૮૦ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની ઑકટોબર માસની સભા, શનિવાર, તા. ૧૮—૧૦—૧૯૮૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૧૦-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨.	શિક્ષણસંચાલકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૪.	શ્રી. રજનીકાંત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૫.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૬.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૭.	પ્રો. પરેશભાઈ એમ. મજમુદાર	હાજર
૮.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૯.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૧૦	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર
૧૩.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૪.	શ્રી. એન. આર. શાહ	હાજર
૧૫.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૬.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	હાજર
૧૭.	શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

તા. ૧૮—૧૦—૧૯૮૦ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

ખાણત નં. ૨૧ના પાઠની નોંધ નં. (૩)માં ' કુલ સત્તા ' એ શબ્દોમાંથી ' કુલ ' શબ્દ કમી કરવામાં આવે.

G.U.P. 742-450-11-80

એકિઝકયુટિવ કાઉન્સિલ

ઑકટોબર માસની સભા : તા. ૧૮-૧૦-૧૯૮૦

૧. તા. ૨૦-૯-૧૯૮૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૦-૯-૧૯૮૦ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૧૮ ઉપરનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના એમ.ઈ.નો અભ્યાસ કરતા શિક્ષકોને સત્ર ફીમાંથી મુક્તિ આપવાની વિનંતી મંજૂર કરવી નહીં; અને ૬ સત્રો વચ્ચે અત્યારની ૪ સત્રોની કુલ ફી વહેંચી શકાય તેવી રીતે તેમની ફીનું ધોરણ રાખવાની સદરહુ બોર્ડની ભલામણ મંજૂર કરવી નહિ."

(૨) બાબત નં. ૨૫ના પાઠમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણની પહેલી લીટીમાં 'and' શબ્દને બદલે 'or' શબ્દ વાંચવો.

૨. ડા. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા કુ. હર્ષાંગી કે. જાની તા. ૩-૩-૧૯૭૯ના રોજ રાજીનામું આપ્યા છૂટાં થયાં હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૮-૮-૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. હર્ષાંગી કે. જાનીને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પરત કરવી.

૩. કૉમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર પ્રોગ્રામર ડૉ. પી. ત્રિમૂર્તિનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૧૨-૧૯૮૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩૧-૧૨-૧૯૮૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

કૉમ્પ્યુટર સેન્ટરના સીનિયર પ્રોગ્રામર ડૉ. પી. ત્રિમૂર્તિની કામગીરી અંગેનો આનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કૉમ્પ્યુટર સેન્ટરના સીનિયર પ્રોગ્રામર ડૉ. પી. ત્રિમૂર્તિને સદરહુ જગ્યા પર તા. ૩૧-૧૨-૧૯૮૦ થી કાયમ કરવા

૪. હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવોર્ડ વનસ્પતિવિજ્ઞાન ૧૯૭૮ના વર્ષ માટેનો ઍવોર્ડ ડા. અતુલ રમાકાંત મહેતા (એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા)ને એનાયત કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. એકઝેકયુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ. એમ. એન. દેસાઈના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ભવનોના શિક્ષકો વધુ અભ્યાસ અર્થે કે અન્ય કારણોસર રજા પર જાય કે કોઈ ચાલુ જગ્યા ખાલી પડે તો તે જગ્યા પર જે તે વિભાગના શિક્ષકોમાંથી ગ્રેયાન સભ્યને (જે duly qualifies) કામચલાઉ ધોરણે તે જગ્યા પર નિયુક્ત કરવા આ સભા ઠરાવે છે"

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો વધુ અભ્યાસ અર્થે કે અન્ય કારણોસર રજા ઉપર જાય ત્યારે તેમની હંગામી મુદત માટે ખાલી પડેલી જગ્યા માટેની કામગીરી તે વિભાગના ગ્રેયાન સભ્ય જે ઉપરની જગા માટેની જરૂરી પાત્રતા ધરાવતા હોય તો તે સભ્યને સોંપવાનું રાખવું અને તે સભ્યને સમયગાળો જે પંદર દિવસ કે તેથી વધુ હોય તો ઉપરની જગ્યાના શરૂઆતના મૂળ માસિક પગારના ૧૦% જેટલું ભથ્થું આપવું.

૬. યુનિવર્સિટીમાં પ્રૌઢ શિક્ષણ વિભાગ માટે મે ૧૯૮૨ના સમય સુધીની હંગામી પ્રોજેક્ટ ઑફિસરની બે જગ્યાઓ માટે બે વખત જાહેરખબર આપી અરજીઓ મંગાવેલ છતાં નિયત કરેલ અનુભવ અને લાયકાતનાં ધોરણો પ્રમાણે આવેલ અરજીઓમાંથી કોઈ ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવતા ન હોવાથી આ અંગે આગળ શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. નવેમ્બર ૨થી ૪, ૧૯૮૦ના સમય દરમિયાન અમદાવાદ મુકામે યોજાનાર અખિલ ભારતીય પ્રૌઢ શિક્ષણ સંઘના ૩૩મા અધિવેશનની સ્વાગત સમિતિનું સંસ્થાગત સભ્યપદ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**--સ્વાગત સમિતિના સંસ્થાગત સભ્યો ત્રણ પ્રકારના છે રૂ. ૧૧૦ ૫૦૦ અને રૂ. ૧૦૦૦ના સભ્યના પ્રકાર પ્રમાણે ૧, ૨ કે ૩ પ્રતિનિધિઓને મોકલવાનો હક રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંઘના અમદાવાદ ખાતે મળી રહેલા અધિવેશનની સ્વાગત સમિતિનું સંસ્થાકીય સભ્યપદ સ્વીકારવા માટે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનને જણાવવું અને તે માટે રૂ. ૧૧૦નું ખર્ચ મંજૂર કરવું.

૮. સ્ટે. રૂલ (૧)(૩) અનુસાર સંલગ્ન કૉલેજોની "ઇન્સ્પેક્શન કમિટી" પરની પેનલ પર એકેડેમિક કાઉન્સિલના સભ્યોમાંથી એકઝેકયુટિવ કાઉન્સિલે નીમેલા બે સભ્યો પૈકી એક સભ્ય શ્રી. એ. ટી. દેસાઈએ પોતાની નાદુરસ્ત તબિયતને કારણે એક વર્ષ માટે તે સમિતિ પર કામ કરવામાંથી મુક્તિ માગેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. એ. ટી. દેસાઈની જગ્યાએ અન્ય કોઈ વ્યક્તિને નીમવાની જરૂર જણાતી નથી.

૯. ડૉ. વાય. જી. નાયક મેમોરિયલ ફંડ તરફથી થર્ડ બી.એસસી. પરીક્ષામાં ફિઝિકસ મુખ્ય વિષય રાખી સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને "ડૉ. વાય. જી. નાયક મેમોરિયલ ચંદ્રક" એનાયત કરવા માટેના પ્રદાનનો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૧૦. ઓર્ડિ. ૧૫૧-સીની કંડિકા (ઇ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૮–૭–૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(E) the following shall be the rates of fees other than the tution fees :

(1) Library fee	... Rs.	5—00
(2) Gymkhana fee	... Rs.	5—00
(3) Union fee	... Rs.	5—00

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે આ સભાગૃહવતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી

૧૧. યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી. રઘુવીર ચૌધરીના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ : "ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક ભવનોમાં કામ કરતા વ્યાખ્યાતા અને રીડર પોતાની કારકિર્દીનાં દસ વરસ અહીં પૂરાં કરે તેમનો મૂળ પગાર રીડર અને પ્રોફેસરના પગારધોરણને સ્પર્શી ગયો હોય અને નિષ્ણાતોની સમિતિ ઉચ્ચતર પદ માટે એમની યોગ્યતા સ્વીકારે તો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ વ્યાખ્યાતાને રીડર અને રીડરને પ્રોફેસરનું પદ આપવા ઠરાવ કરી શકશે."

પ્રસ્તાવ ૨ : "છેલ્લાં બે વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓનાં પરિણામ જૂનની પંદરમી પહેલાં આપી શકાતાં નથી તેથી ઉત્તીર્ણ થનાર સ્નાતકો અને અનુસ્નાતકોની આગળની કારકિર્દીના આરંભે ચિંતાજનક વિલંબ થાય તો ચાલુ શૈક્ષણિક વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓના છેલ્લા વર્ષની પરીક્ષાઓ માર્ચના ચોથા અઠવાડિયામાં શરૂ કરી દેવા લાગતાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે."

ડૉ. રઘુવીર ચૌધરીના ઉપરનો પ્રસ્તાવ નં. (૧) ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો ત્યારે પ્રમુખશ્રીએ સભાગૃહને જાણ કરી કે ડૉ. રઘુવીર ચૌધરીએ પોતાનો સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો છે તેથી તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

ડૉ. રઘુવીર ચૌધરીના ઉપરના પ્રસ્તાવ નં. (૨)ની સાથે બાબત નં. ૨૮ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૨૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૩-૧૯૮૦ની સભામાં યુનિવર્સિટી પરીક્ષાઓની ઉત્તરવહીઓના ગુણાંકનના પુનર્મૂલ્યાંકનની બાબતમાં નીમેલ સમિતિની

નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"તા. ૯–૮–૧૯૮૦ સુધી સત્ર લંબાવાયું છે છતાં પરીક્ષાનાં પરિણામો મોડાં બહાર પડે નહિ તે હેતુથી પરીક્ષા ૧૫મી માર્ચથી શરૂ કરવાનું રાખવું અને તે અંગે કૉલેજોને પરિપત્રિત કરી અગાઉથી જાણ કરવી કે જેથી તેઓ તે સમય દરમ્યાન અભ્યાસક્રમ પૂર્ણ કરી શકે."

તે પછી સદરહુ બેઉ બાબતો પર વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે વર્ષના પૂર્વાર્ધમાં લેવાતી યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ માર્ચના ચોથા અઠવાડિયામાં શરૂ કરવાના પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે બાબતમાં જરૂરી આનુષંગિક પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પૂર્વસ્નાતક તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબતમાં નીચેના નિયમોની જાણ કરતા મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૧–૮–૧૯૮૦ના પત્રાંક એમસીઆઈ–૨૬૮૩–૮૦–મેડ–૮૨૩૯ની નોંધ લેવા બાબત :

" Provided further that in respect of candidates belonging to Schedule Castes/Scheduled Tribes, the minimum marks required for admission shall be 40% in lieu of 50% for general candidates.

Where the seats reserved for Scheduled Castes and Scheduled Tribes students in any State cannot be filled for want of requisite number of candidates fulfiling the minimum requirements prescribed from the State, then such vacant seats may be filled up on all India basis with Scheduled Castes and Scheduled Tribes candidates getting not less than the minimum prescribed pass percentage.

The authorities (State Governments and Universities) should arrange special coaching classes for Scheduled Castes/Scheduled Tribes candidates before the qualifying/competitive examination to enable them to come up to the appropriate standard for admission to the Medical Course."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨–૩–૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસર–રીડરની જગ્યા માટે લાયકાતનાં ધારાધોરણોના સંદર્ભમાં અન્ય કેટલીક યુનિવર્સિટીઓનાં ધારાધોરણો જોઈતપાસીને સદરહુ બાબત સમગ્ર રીતે વિચાર કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૫–૪–૧૯૮૦, ૩–૫–૧૯૮૦ અને ૧૯–૫–૧૯૮૦ની સભાએ કરેલ ભલામણો પરથી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭–૬–૧૯૮૦ની સભામાં બહુમતે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રોફેસર–રીડરની જગ્યાઓ પર નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધારાધોરણો નીચે પ્રમાણે વંચાય તે રીતે

સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(1) Professor :

(1) A First or Second Class Bachelor's Degree in the subject.

and

A first or Second Class Master's Degree in the subject.

(2) Doctorate Degree in the subject or equivalent Research work—the equivalence to be determined by two external eminent experts (to be appointed by the Executive Council) in the subject other than the experts on the Selection Committee. These experts shall be of the level of Ph.D. referees.

(3) Independent research work of recognised merit in the subject This work should be other than the one submitted by him for him own research thesis for the Master's or the Ph.D. Degree, or the work determined of equivalent level. Experience of successfully guiding research; and

(4) About ten years' experience of teaching in the subject at a University or a college of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

(2) Reader :

(*i*) A First or Second Class Master's Degree in the subject with a First or a Second Class Bachelor's degree in the subject.

(*ii*) A Doctoral degree in the subject, or equivalent Research work—the equivalence to be determined by two external eminent experts (to be appointed by the Executive Council) in the subject other than the experts on the Selection Committee. These experts shall be of the level of Ph.D. referees.

(*iii*) At least five years' experience of teaching at a University or a college or a recognised institute, provided that at least two out of five years' experience shall be that of teaching the subject to post-graduate classes, and

(*iv*) Research work published in Journal of repute provided that—

(*a*) a candidate who possesses qualification as mentioned in (*ii*), (*iii*) and (*iv*) above may be considered if he has a consistently good academic record i.e. has an average of at least 52.5% marks at all the university examinations in his under-graduate and post-graduate studies taken together, and

(*b*) A candidate who possesses the qualifications mentioned in (*i*), (*iii*), (*iv*) above, but does not have a Doctoral degree may be considered eligible for appointment as a Reader, if (*1*) his published work is published in Journals of repute and he possesses not less than ten years' experience of teaching at a

University or a college, on condition that he shall not be entitled to earn any increments, if he fails to obtain a doctoral degree within five years of his appointment as a Reader.

or

(*ii*) in the case of a recognised Ph.D. guide at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. degree.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં રીડર અને પ્રોફેસરની જગાઓ માટે લાયકાતનાં ધોરણો સુધારવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૮૦ની સભામાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરી છે તેમાં નીચેની નોંધ ઉમેરવા ડો. એમ. એન. દેસાઈનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૮૦ની સભામાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મોકલવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ.કા. બા. ક્ર. ૨૨):

Note.— Notwithstanding anything contained above, it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee a person as a Professor or Reader provided he has to his credit independent and original achievement of recognised merit in the subject and at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. Degree for Reader's post and at least four students for Professor's post.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"૧૯૮૧—૮૨ના વર્ષથી પરીક્ષા ફી અને લાઈબ્રેરી ફી જે હાલમાં સત્ર દીઠ રૂ. ૫—૦૦ છે તે વધારીને રૂ. ૧૦—૦૦ કરવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૧૬. શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગરમાં વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. જી. એમ. પટેલની નિમણૂક માન્ય કરવા અંગે સદરહુ કૉલેજ તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જી. એમ. પટેલ યુનિવર્સિટીની પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે જરૂરી પાત્રતા ધરાવતા ન હોવાથી ૧૯૭૯-૮૦ના વર્ષમાં તેઓની નિમણૂક માન્ય કરવામાં આવી ન હતી. આમ છતાં સને ૧૯૮૦—૮૧ના વર્ષ માટે પણ તેઓની જ નિમણૂક કરવામાં આવી છે જે અંગે કૉલેજના આચાર્યે તેમના તા. ૧૧—૮—૧૯૮૦ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"સને ૧૯૮૦—૮૧માં ખંડ સમયના ઉક્ત વિષયના વ્યાખ્યાતા માટે જાહેરખબર આપેલી અને તેના માટે પસંદગી સમિતિ બોલાવેલી તેમાં શ્રી. જી. એમ. પટેલ એકલા જ ઉમેદવાર તરીકે હાજર રહેલા તથા તેમની નિમણૂક આ વર્ષ પૂરતી જ કરવામાં આવી છે.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના અભિપ્રાય માટે મોકલવી.

૧૭. એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુવાના ખંડ સમયના શિક્ષક શ્રી. આર. એમ. ઉપાધ્યાયની ફરિયાદ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫-૨-૧૯૭૯ની સભામાં થયેલા નીચેના ઠરાવનું પાલન કૉલેજે કર્યું ન હોઈ તે પર આગળ શી કાર્યવાહી કરવી તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. ઉપાધ્યાયની બાબતમાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરીને એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૨૬—૯—૧૯૭૮ની સભાની ભલામણ નં. ૬ અંગે આ સભાએ તેની તા. ૧૧/૧૮—૧૧—૧૯૭૮ની સભામાં કરેલો ઠરાવ રદ કરવો અને શ્રી. આર. એમ. ઉપાધ્યાયને તેમાં જણાવ્યા મુજબ તફાવત ચૂકવી આપવાને બદલે સને ૧૯૭૫-૭૬ અને ૧૯૭૬-૭૭ના બે વર્ષના સંબંધકર્તા ગાળા દરમિયાન તેમને ખંડ સમયનો પગાર ચૂકવી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના સત્તાવાળાઓ સાથે વિચારવિમર્શ કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. અરવિંદભાઈ આર. શાહ
૨. શ્રી. શાન્તુભાઈ સી. પટેલ.

૧૮. યુનિવર્સિટી કૉર્ટ પરની ચૂંટણીઓ અંગેના સ્ટેચ્યૂટમાં સુધારાવધારા કરી સર્વ-ગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮—૧૧—૧૯૭૮ની સભામાં નિમાયેલ સમિતિની તા. ૨૮—૭—૧૯૮૦ની સભાએ સ્ટે. ૪(૧૦), ૯, ૧૦, ૧૦(અ), ૧૨, ૧૪(બી), ૨૭, ૧૪૭ અને ૧૫૫ સુધારવા માટે કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલા સ્ટે. ૪, ૯, ૧૦, ૧૦-અ, ૧૨, ૧૪-બી, ૨૭, ૧૪૭ અને ૧૫૫ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કૉર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ સ્ટેચ્યૂટોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૯. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષક/બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦—૨—૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૫—૯—૧૯૮૦ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૫—૯—૧૯૮૦ની સભાએ કરેલી ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૫—૯—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૦. શ્રી એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી બી. આર. પટેલને છૂટા કર્યાની બાબતમાં યુનિવર્સિટી ધારાની કલમ ૫૨-એ હેઠળ નિમાયેલ લવાદ પંચમાંથી સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી આર. વી. શાહે રાજીનામું આપ્યાના કારણે ખાલી પડેલ જગ્યા પર અન્ય સભ્યોની નિમણૂક માટે નામ આપવા સંસ્થાના પ્રમુખશ્રીને તા. ૨૦—૬—૧૯૮૦ના પત્રથી જણાવેલ તેના સંદર્ભમાં સોસાયટીના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૮-૬—૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૧. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમ જ બક્ષી પંચે સૂચવેલ વર્ગના વિદ્યાર્થીઓ માટે સંલગ્ન કૉલેજોમાં અનામત જગ્યા રાખવા બાબતમાં એક્ઝિ-કયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ અને તા. ૧-૫-૧૯૭૯ની સભામાં કરેલા ઠરાવોના સંદર્ભમાં વિદ્યાર્થી-પ્રવેશ અંગેના ઑર્ડિ. ૧૨૦-બીમાં તે જોગવાઈનો સમાવેશ કરવા માટે તે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. —(૨) સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીના મુસદ્દાની કંડિકા ૯માં અરજી કરવાની છેલ્લી તા. ૨૫મી જૂન દર્શાવી છે તેના બદલે 'ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના પરિણામથી એક અઠવાડિયામાં' એમ ફેરફાર કરવો ઇચ્છનીય જણાય છે.

(૩) સુધારેલા ઑર્ડિ. ૧૨૦—બીના મુસદ્દાઓની કંડિકાઓ ૪ અને ૬માં અનુક્રમે વર્ગો અને વર્ગસંખ્યા કે કુલ સંખ્યામાં વિશિષ્ટ સંજોગોમાં ફેરફાર કરવાની કુલ સત્તા આપવાની જોગવાઈ કરવાનું ઇચ્છનીય જણાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની નોંધ નં. (૨) અને (૩)માં જણાવવામાં આવેલાં સૂચનો મંજૂર કરવા અને ક્રાયદાની વિદ્યાશાખાઓની કૉલેજોને પણ સદરહુ ઑર્ડિનન્સમાં આવરી લેવાનું રાખવું તથા શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં પણ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોની જેમ વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં જગ્યાઓ અનામત રાખવાનું ધોરણ સ્વીકારવું અને ઉપરના ઠરાવોને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦-બી ના મુસદ્દો પુનઃ ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૨૨. ભારત સરકાર દ્વારા પુરસ્કૃત સેન્ટ્રલ બોર્ડ એજ્યુકેશન, ગુજરાત રાજ્યમાં વર્કર્સ એજ્યુકેશન સ્કીમ અમલમાં કરનાર છે તે માટેની પ્રાદેશિક સલાહકાર સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિનું નામ સૂચવવા જણાવવા કમિશનર ઑફ લેબર એન્ડ ચેરમેન, રીજિયોનલ એડવાઇઝરી કમિટી સેન્ટ્રલ બોર્ડ ફોર વર્કર્સ એજ્યુકેશનના તા. ૫-૯-૧૯૮૦ના પત્રાંક ડબ્લ્યુ-ઈએ-૩૭૨-૪૭૧૫-૮૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રાદેશિક સલાહકાર સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. અવિનાશ મુનશીને નીમવા.

૨૩. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૫-૮-૧૯૮૦ના પત્રથી કરેલ નીચેના સૂચન પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૮-૧૯૮૦ની સભામાં કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત :

(સૂચન.— "અધ્યાપકોની માન્યતા અંગેનો હાલ જે નિયમ છે અને તેનું જે રીતે સ્પષ્ટીકરણ થયેલું છે તે હજી પણ અસ્પષ્ટ લાગે છે, તો તે અંગે એકેડેમિક કાઉન્સિલમાં ઘટિત વિચારણા થાય અને સ્પષ્ટીકરણ થાય તો તે વધુ યોગ્ય થશે.")

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં અધ્યાપકો (લેક્ચરર)ની માન્યતા અંગેના હાલના નિયમોમાં "બી" ગ્રેડનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું ધોરણ સમકક્ષતાના હેતુ માટે ટકાવારીના રૂપમાં ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલું ગણવાનું રાખવું એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ બાબતની સાથે બાબત નં. ૪૫ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૪૫. સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા માટેનાં હાલનાં જે શૈક્ષણિક લાયકાતનાં ધોરણો છે તેના સ્પષ્ટીકરણ માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૮-૮-૧૯૮૦ની સભામાં નીમવામાં આવેલી સમિતિની તા. ૧૭-૮-૧૯૮૦ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કૉલેજોમાં લેક્ચરરોની નિમણૂકની માન્યતા માટેના હાલના નિયમોમાં સ્પષ્ટતા (explanation) માટે નીચે મુજબની નોંધ ઉમેરવી :

Note.—(1) A consistantly good academic record shall mean an average of not less than 52·5 percent of the total number of marks at any two previous examinations of the collegiate level held by a University, or not less than 50% of marks in each of these two previous examinations.

(2) B-grade in the seven point scale shall mean not less than 50% of the total number of marks obtained at the postgraduate examination concerned.

૨૪. શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા શ્રી. એમ. એમ. ઓઝાની ફરિયાદ બાબતમાં ઓર્ડિ. ૧૨૭ આઈ (૩) હેઠળની નોંધ અન્વયે સસ્પેન્શન સમાપ્ત થયેલું ગણાય તેવું ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરાને જણાવતાં, કૉલેજના આચાર્યે તેમના તા. ૧૬-૬-૧૯૮૦ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"શ્રી એમ. એમ. ઓઝાને સસ્પેન્શનની મુદત પૂરી થયાની તારીખથી કૉલેજમાં ચાલુ રહેલા ગણવા જોઈએ, તેવા આપશ્રીના અભિપ્રાય સાથે અમો સંમત થતા નથી.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ **૫૧**–એ મુજબ જ્યાં સુધી કુલપતિશ્રીનો આ કામમાં આખરી અને સ્પષ્ટ નિર્ણય ન આવે ત્યાં સુધી હાલની સ્થિતિમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ તેવું અમારું સ્પષ્ટ મતવ્ય છે.''

[**નોંધ.**—૧. ઑર્ડિ. ૧૨૦ આઈ(૩) હેઠળની નોંધ નીચે પ્રમાણે છે :

Note.—In the cases of teachers suspended already before the date of this ordinance and period of suspension has already exceeded six months, the College or Recognised Institution shall take final decision within 45 days from the date of this Ordinance.

If the decision is not taken within 45 days the provision under the clause 2(c) above shall apply.

૨. ઑર્ડિ. ૧૨૦-આઈ ની પેટાકલમ ૨ (બી) નીચે પ્રમાણે છે :

'' Where the period of suspension exceeds six months, the suspension shall be treated as cancelled and the teacher concerned shall be re-instated in his position and shall be paid the balance salary of the period under suspension.

ઑર્ડિ. ૧૨૦-આઈ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૮૦ની સભામાં તાત્કાલિક અમલમાં આવે તે રીતે મંજૂર કરવામાં આવ્યો છે.

૩. તા. ૨–૧–૧૯૭૯ના પત્રથી તે પત્ર શ્રી. એમ. એમ. ઓઝાને મળે ત્યારથી સસ્પેન્ડ કર્યા છે તેમને બરતરફ કરવા અંગેના હેઠળની કાર્યવાહી કરી મોકલી છે જે પર આખરી નિર્ણય લેવાનો બાકી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શ્રી. એમ. એમ. ઓઝાના સસ્પેન્શનની મુદત પૂરી થયેલી હોઈ તેમને તાત્કાલિક ફરજ ઉપર હાજર થવા દેવા આવશ્યક છે અને તેથી તેમ કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે તેમને ભારપૂર્વક જણાવવું.

૨૫. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯–૧૨–૧૯૭૮ની સભામાં કુલપતિશ્રીને આપેલી સત્તા અન્વયે તેઓશ્રીએ નીચેની વિવિધ પરિષદો-પરિસંવાદોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓની કરેલ નિયુક્તિઓની વિગતો (જાણ માટે) :

ક્રમાંક	પરિષદ–પરિસંવાદ	સ્થળ	તારીખ	પ્રતિનિધિનું નામ
૧.	ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ ઑફ ઝૂલોજી	ભોપાલ	૧–૧૧–૧૯૮૦થી ૩–૧૧–૧૯૮૦	ડૉ. એન. જે. ચિનોય
૨	ઇન્ડિયન એસો. ફોર મૅનેજમેન્ટ ડેવેલપમેન્ટનું ... મું વાર્ષિક અધિવેશન	પતિયાળા	૨૯–૯–૧૯૮૦થી ૧–૧૦–૧૯૮૦	પ્રો. એચ. કે. ત્રિવેદી

	પરિષદ–પરિસંવાદ	સ્થળ	તારીખ	પ્રતિનિધિનું નામ
૩.	ઇન્ડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસનું ૫૫મું અધિવેશન	ભાગલપુર (બિહાર)	૨૬–૧૦–૧૯૮૦થી ૨૯–૧૦–૧૯૮૦	ડૉ. જે. જે. શુકલ
૪.	ઑલ ઇન્ડિયા ઉર્દૂ એજ્યુકેશનલ સેમિનાર	હૈદ્રાબાદ	૨૮–૯–૧૯૮૦	શ્રી. એ. એન. કુરેશી
૫.	ટીચિંગ ઍન્ડ રિસર્ચ ઇન જ્યોગ્રાફી	ભુવનેશ્વર	૨–૧૦–૧૯૮૦થી ૪–૧૦–૧૯૮૦	શ્રીમતી ડૉ. અંજના દેસાઈએ જવાની અશક્તિ દર્શાવી છે.
૬.	નોન-ફૉર્મલ એજ્યુકેશન પર રાષ્ટ્રીય પરિસંવાદ	સુરત	૧૪–૧૦–૧૯૮૦થી ૧૬–૧૦–૧૯૮૦	શ્રી. જે. એચ. શાહ
૭.	ઇન્ટરનેશનલ માર્કેટિંગ કન્વેન્શન	ન્યૂ દિલ્હી	૨૫–૧–૧૯૮૦થી ૨૮–૧–૧૯૮૧	ડૉ. માધવ કેંકર
૮.	ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ	વારંગલ	૧૭–૧૦–૧૯૮૦થી ૧૯–૧૦–૧૯૮૦	ડૉ. પરેશ ભટ્ટમુદારે જવાની અશક્તિ દર્શાવી છે.
૯.	,,	,,	,,	શ્રી. વી. કે. ચાવડા
૧૦.	ઇન્ટરનેશનલ સિમ્પોઝિયમ ઑન પ્રેમચંદ	ન્યૂ દિલ્હી	૪–૧૦–૧૯૮૦થી ૭–૧૦–૧૯૮૦	ડૉ. અંબાશંકર નાગર
૧૧.	મેન્યુસ્ક્રીપ્ટોલોજી	પાટણ	૨૮–૯–૧૯૮૦	ડૉ. ટી. એસ. નાન્દી શ્રી. આર. એસ. ગુપ્તા
૧૨.	ઇન્ડિયન સોસ્યોલોજિકલનું ૧૫મું અધિવેશન	મિરત	૨–૧૧–૧૯૮૦થી ૪–૧૧–૧૯૮૦	શ્રી. ડી. બી. દેસાઈ
૧૩.	ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલનું ૩૦મું અધિવેશન	શાંતિનિકેતન	૧–૧૧–૧૯૮૦થી ૩–૧૧–૧૯૮૦	શ્રી. કે. આર. ચન્દ્રા
૧૪.	આઈ.એ.એસ.એમ આઇ.સી.નું ૯મુ રાષ્ટ્રીય અધિવેશન	નાગપુર	૨૩–૧૦–૧૯૮૦થી ૨૬–૧૦–૧૯૮૦	શ્રી. આર. એસ. ગાંધી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. અનુસ્નાતક નિયમ ૩૬ (૧) (૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

P G. Rule 36 (1) (2) :

The halting allowances to be paid by the centre shall be at the rate of **Rs. 15/—per day.**

[**નોંધ.**—પીજી ફલ નં. ૩૮(બી)થી રૂ. ૧૫ લેખે રોકાણ ભથ્થું આપવાના ઠરાવને આનુષંગિક ફેરફાર કરવાનો થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલો અનુસ્નાતક નિયમ ૩૬(ડી)(૨) મંજૂર કરવો તથા તેને ચાલુ વર્ષે બીજા સત્રની શરૂઆતથી અમલમાં મૂકવો.

૨૭. અનુસ્નાતક નિયમ ૩૮ (સી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

P. G. Rule 38 (C) :

If a teacher working as a full time employee of the University duly permitted by the authorities of the University to participate in the instructional programme of a post-graduate centre instituted in the city of Ahmedabad actually participated therein, he shall be entitled to payment of Rs. 10/—per day as conveyance charges payable by the post-graduate centre inviting him.

[**નોંધ.**— દૈનિક ભથ્થું રૂ. ૮ને બદલે રૂ. ૧૦ સુધારવા માટે ૩૮(ડી)માં ફેરફાર કર્યો છે તેને અનુલક્ષીને ૩૮(૨-ક)માં ફેરફાર કરવાનો થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલો અનુસ્નાતક નિયમ ૩૮(સી) મંજૂર કરવો તથા તેને ચાલુ વર્ષે બીજા સત્રની શરૂઆતથી અમલમાં મૂકવો.

૨૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧(૨) સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૯. એપ્રિલ ૧૯૭૯માં લેવાયેલ ફર્સ્ટ બી.કોમ પરીક્ષા માટેનો એડ. એકા. એન્ડ ઓડિટિંગ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચંદ્રક" એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭—૨—૧૯૭૯ના ઠરાવ નં. ૩૭ અનુસાર સરખા ગુણ મેળવનાર ચાર વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

પરંતુ એપ્રિલ ૧૯૭૯ની ફર્સ્ટ બી.કોમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૫૦૩૪ શ્રી. એન. એસ. ખંડેલવાલ એડ. એકા. એન્ડ ઓડિટિંગ વિષયમાં ઉપર જણાવેલ ચાર વિદ્યાર્થીઓ કરતાં વધુ ગુણ મેળવતા હોઈ મજકૂર ચંદ્રક મેળવવા પાત્ર બને છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— નં. ૫૦૩૪નું પરિણામ ગેરરીતિની શંકાના કારણે અનામત (રિઝર્વ) હતું તેથી તેના ગુણચંદ્રક નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો લક્ષમાં લેતાં વિદ્યાર્થી નં. ૫૦૩૪ શ્રી. એન. એસ. ખંડેલવાલને શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચંદ્રક એક વધારાના ચંદ્રક તરીકે આપવાનું રાખવું અને તે માટેનું જરૂરી ખર્ચ યુનિવર્સિટીના જનરલ એકાઉન્ટ ખાતેથી કરવું.

૩૦. શ્રી. કે. એસ. શાસ્ત્રીએ તેઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિમાતાં આ યુનિવર્સિટીની તમામ સભાસમિતિઓ પરથી રાજીનામું આપ્યું હોઈ તેમની ઓન્ટ્રસ યુટિલાઈઝેશન સમિતિ પરની ખાલી પડેલી જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય ધનશ્યામભાઈ પરીખને નીમવા.

૩૧. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૮૦માં આ યુનિવર્સિટીની જુદા જુદા કેન્દ્ર પર લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે જે તે કૉલેજોના આચાર્યશ્રીઓ તરફથી આવેલ નામોની ભલામણ અન્વયે કાર્યાલયે તૈયાર કરેલ યાદી મંજૂર કરવા બાબત.

(નોંધ.– જે તે કેન્દ્ર પર બેસતા વિદ્યાર્થીની સંખ્યા ધ્યાનમાં રાખી આ યાદી મંજૂર થાય તો તેમાંથી જરૂરિયાત પ્રમાણે મુખ્ય નિરીક્ષકની નિમણૂક કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર–નવેમ્બર ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો માટેની સદરહુ યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ યાદીમાં જરૂરી સુધારાવધારા કરવા માટે તથા તેમાંથી જરૂર મુજબ નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૨. સરકારી ઑડિટરોએ તપાસેલા સને ૧૯૭૮-૭૯ના વાર્ષિક હિસાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. જે. વી. દવેએ રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે નીચે પ્રમાણેની બાહ્ય રેફરીઓની પેનલ મંજૂર કર્યાના :

1. Prof. Michael Millgate
   Dept. of English,
   University College,
   University of Toronto,
   Toronto Ontanio, MSS 1–A Canada.
2. Prof. Lance St. John Butler,
   University of Stirling,
   Stirling, Scotland, F.K. G.U.L. (England).

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. નરહરિ અમીને ગુજરાત રાજ્યની વડી અદાલતમાં ઓકટોબર ૧૯૮૦માં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂક અંગે રિટ અરજી કરેલ હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ કરવાની મંજૂરી આપ્યાના.

(૩) સમાજવિદ્યા ભવનના પ્રો. ડી. એન. પાઢકને તેઓ નિવૃત્ત થાય ત્યાં સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદે નિમાયા તેના સંદર્ભમાં તેમને પદાધિકાર (લિયન) આપવામાં આવેલ અને હવે તેઓ તા. ૨૩-૯-૧૯૮૦થી સમાજવિદ્યા ભવનમાં પુનઃ જોડાવાના હોઈ ભવનના અધ્યક્ષપદે પુનઃ નીમ્યાના.

(૪) સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઢકે તા. ૧–૧૦–૧૯૮૦ના પત્રથી કરેલી વિનંતીના સંદર્ભમાં તેઓને તા. ૩–૧૦–૧૯૮૦થી અધ્યક્ષપદની જવાબદારીમાંથી મુક્ત કર્યાના અને પ્રો. એમ. પી. ભટ્ટને તા. ૩–૧૦–૧૯૮૦થી તે વિદ્યાભવનના અધ્યક્ષપદે નીમ્યાના.

(**નોંધ.**–તેઓ રાજ્યશાસ્ત્રના પ્રોફેસર તરીકે અને આ વિભાગના વડા તરીકે ફરજો બજાવવાની ચાલુ રાખશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૪. બેચેલર ઓફ લાઇબ્રેરી સાયન્સ પરીક્ષાનું નામાભિધાન "બેચેલર ઓફ લાઇબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ" તરીકે બદલાયું હોવાથી પદવી પ્રમાણપત્રનો મુસદ્દો "બેચેલર ઓફ લાઇબ્રેરી સાયન્સ"ને બદલે "બેચેલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ" તરીકે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ પદવી પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "**ઘ**" તરીકે સામેલ છે.)

૩૫. ડિસેમ્બર ૧૯૮૦માં યોજાનાર પદવીદાન સમારંભમાં "માસ્ટર ઓફ ફિલોસોફી (એમ.ફિલ.)"ની નવી પદવી પ્રથમવાર અર્પણ કરવામાં આવનાર હોઈ પદવી પ્રમાણ-પત્રમાં નીચે જણાવેલ મુસદ્દા મંજૂર કરવા બાબત:

૧. એમ.ફિલ વિથ ક્લાસ

૨. એમ.ફિલ ફર્સ્ટ ક્લાસ-વિથ ડિસ્ટિંકશન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદવી પ્રમાણપત્રના બે મુસદ્દા મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ પદવી પ્રમાણપત્રના બે મુસદ્દાની નકલ પરિશિષ્ટ "**ચ–૧**" **અને** "**ચ–૨**" તરીકે સામેલ છે.)

૩૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે જણાવ્યા પ્રમાણેની યાદીઓની નોંધ લેવા અંગે :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૨. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

૩. આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓ **પરિશિષ્ટ "છ-૧"** તરીકે સામેલ છે.)

૩૭. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓની ૧૯૭૯-૮૦ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૧-૧૦-૧૯૮૦ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧—૧૦—૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧—૧૦—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ 'છ-૨'** તરીકે સામેલ છે.)

૩૮. રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે રજા દરમિયાન વતનમાં જવા માટે અથવા ગુજરાતમાં ગમે તે સ્થળે જવા માટે જે નિયમો હતા તેમાં સુધારો કરી તેના નાણાં ખાતાના ઠરાવ ક્રમાંક એસ.એસ.બી. ૨૧૮૦—૮૬૮ જે તા. ૧૨—૮—૧૯૮૦થી દર બે વર્ષે વતન પ્રવાસ અને દર ચાર વર્ષે ૩૦૦૦ કિલોમીટર સુધીના પ્રવાસની છૂટછાટ આપેલ હોઈ તે નિયમો સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને દર બે વર્ષે વતન પ્રવાસ અને દર ચાર વર્ષે ત્રણ હજાર કિલોમીટર સુધીના પ્રવાસ અંગેના નિયમો રાજ્ય સરકારના ધારાધોરણો અનુસાર લાગુ પાડવા.

૩૯. સને ૧૯૭૯-૮૦ના વર્ષ માટે આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ ચંદ્રક સમાજ વિજ્ઞાન વિદ્યાશાખાના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા અંગે વિચારણા કરવા બાબત :

RULE

"A Medal in the name of "Principal Shri M. C. Desai Medal" of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education, etc. annually to a teacher who is working in any affiliated colleges of the University or a recognised Institution of the University or any Post-graduate departments of the Gujarat University and whose Research work

published during the two calender years preceding the convocation is adjudged to be of the highest merit by a special committee of Experts who have made their mark in their respective fields of work. This Committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and the decision of the Committee in the matter shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. સને ૧૯૭૯-૮૦ના વર્ષ માટે આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક વિનયન વિદ્યાશાખાના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા અંગે વિચારણા કરવા બાબત :

RULE

"A Medal named "Principal Dr. K. G. Naik Medal" of the value of Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the five years preceding the convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special committee of experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. The Committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલ અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૬-૯-૧૯૮૦ અને તા. ૧૦-૧૦-૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬—૯—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધમાં જણાવેલ બાબત નં. ૧૪ ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં અને બાબત નં. ૨૧ ઉપરની ભલામણની વિચારણા મોકૂફ રાખવી તથા તે બે સિવાયની અન્ય બાબતો ઉપરની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૦—૧૦—૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬—૯—૧૯૮૦ અને તા. ૧૦—૧૦—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૨. (૧) એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલ સેકન્ડ એલએલ.બી. પરીક્ષા માટે લીગલ થિયરીના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "આચાર્યશ્રી એમ. સી. પંડિત ચંદ્રક" એનાયત કરવાનો છે. સદરહુ પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૫૨૨ અને ૧૬૩૭ એકસરખા ગુણ ૭૨ મેળવતા હોવાથી ચંદ્રક કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(૨) એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલ થર્ડ બી.એસસી. પરીક્ષામાં કેમિસ્ટ્રીના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "ડૉ. કે. એસ. નારગુંડ સન્માનનિધિ કેમિસ્ટ્રી પ્રાઇઝ" તથા "પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ સ્કોલરશિપ" એનાયત કરવાના છે. સદરહુ પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૫૫૧, ૬૨૩ અને ૬૫૭ એકસરખા ગુણ ૨૬૩ મેળવતા હોવાથી સદરહુ ઇનામ તથા શિષ્યવૃત્તિ કોને એનાયત કરવાં તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક ઉપરના બેઉ વિદ્યાર્થી નં. ૫૨૨ અને ૧૬૩૭ને આપવા તથા તેમને મળવાપાત્ર થતી રોકડ રકમ તેમને સરખે હિસ્સે વહેંચી આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રાઈઝ તથા શિષ્યવૃત્તિ ઉપરના ત્રણે વિદ્યાર્થી નં. ૫૫૧, ૬૨૩ અને ૬૫૭ને સરખા ભાગે આપવાં.

૪૩. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણ અને તારીખથી ઓળંગવા દેવા અંગે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	નામ	હોદ્દો	બેઝિક	પગારધોરણ	તારીખ
૧.	શ્રી. આર. બી. પટેલ	કંપોઝ ફોરમેન	રૂ. ૪૭૦	રૂ. ૩૮૦–૧૨–૪૪૦ ૧૫–૪૭૦–ઈ.બી. ૧૫—૫૬૦ ઈ.બી ૨૦—૬૪૦	૩૮—૯—૧૯૮૦
૨.	શ્રી. એલ. એચ. આહુજા	,,	રૂ. ૪૭૦	,,	૧૭–૧૦–૧૯૮૦

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી રૂ. ૩૮૦–૧૨–૪૪૦—૧૫—૪૭૦–ઈ.બી.–૧૫—૫૬૦–ઈ.બી. ૨૦—૬૪૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા દેવા માટે પરવાનગી આપવી.

૪૪. યુનિવર્સિટી મુદ્રણાલયના આસિ. કમ્પોઝ ફોરમેન શ્રી. એચ. જી. સથવારાનું તા. ૭-૯-૧૯૮૦ના રોજ અવસાન થયું હોઈ તેઓને ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગે તેઓની પત્નીની તા. ૨૦–૯-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી સથવારા તા. ૨૨—૧—૧૯૬૩ના રોજ પ્રેસમાં જોડાયા હતા અને તા. ૭–૯–૧૯૮૦ના રોજ અવસાન પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. એચ. જી. સથવારાને ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ તેમનાં વિધવા પત્નીને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવી આપવી.

૪૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૩ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૬. આર્ટ્સ તથા વિજ્ઞાન વિદ્યાશાખાની એમ.ફિલ. પરીક્ષાના પરીક્ષકો વગેરેને લેખિત તથા પ્રાયોગિક પરીક્ષણ કાર્ય માટે કયાં ધોરણે મહેનતાણું ચૂકવવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદર પરીક્ષાઓ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાની જેવી કે એમ.એ., એસએસસી. સમકક્ષ ગણી શકાય :

૧. પેપરસેટિંગનો દર	...	રૂ. ૧૦૦
૨. જવાબપત્રો તપાસવાનો દર	...	રૂ. ૨
૩. પ્રાયોગિક વિષય માટે વિદ્યાર્થી દીઠનો દર	...	રૂ. ૨
૪. ડેઝરટેશનનો દર	...	રૂ. ૨૫]

આથી કરાવવામાં આવે છે કે એમ.ફિલ.ની પરીક્ષા માટે પુરસ્કારના દરનું ધોરણ નીચે મુજબ રાખવું :

(૧) પેપરસેટિંગ માટેનો દર પ્રશ્નપત્ર દીઠ રૂ. ૧૦૦

(૨) ઉત્તરપત્રો તપાસવાનો દર ઉત્તરપત્ર દીઠ રૂ. ૨

(૩) પ્રાયોગિક વિષય માટે વિદ્યાર્થી દીઠનો દર (જ્યાં પ્રાયોગિક પરીક્ષા હોય ત્યાં) રૂ. ૨

(૪) ડેઝરટેશનનો દર રૂ. ૫૦.

૪૭. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારો માટે જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ તેમ જ નોકરી માટે જગ્યાઓ અનામત રાખવાના નિર્ણયોના અમલ અંગે જરૂરી ધ્યાન રાખવા માટે સ્પેશ્યલ "સેલ" સ્થાપવા તેમ જ તેના અધિકારીનું નામ જણાવવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૧૦–૯–૧૯૮૦ના પત્રાંક એફ. ૧–૨૬–૭૬–સીસીડી–એસસીટી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહવતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪–૧૦–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૯. ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં "અર્થશાસ્ત્ર" મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે "અજિત ભગત અર્થશાસ્ત્ર પારિતોષિક" એનાયત કરવા માટે અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ તરફથી રૂ. ૮૦૦૦ (અંકે રૂપિયા આઠ હજાર)નું પ્રદાન સ્વીકારવા માટે તેમના તા. ૭–૧૦–૧૯૮૦ના પત્રથી કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે લઇને સૌથી વધુ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ

'અજિત ભગત અર્થશાસ્ત્ર પારિતોષિક' આપવા માટે અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ તરફથી મળેલ રૂ. ૭૫૦૦/—ના પ્રદાનની કાયમી ભંડોળ તરીકે અને રૂ. ૫૦૦/—ના પ્રદાનનો ચાલુ વર્ષે પારિતોષિક આપવા માટે સાભાર સ્વીકાર કરવો.

૫૦. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં જુનિયર પ્રોગ્રામર તરીકે કામ કરતા શ્રી. જે. જી. મકવાણા તા. ૨૩–૯–૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૭-૯-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. મકવાણા તા ૧૯–૧૧–૧૯૭૯ના રોજ કૉમ્પ્યુટર સેન્ટરમાં જોડાયા હતા અને તા. ૨૩–૯–૧૯૮૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જી. મકવાણાને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પરત કરવી.

૫૧. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેમના તા. ૧૦–૧૦–૧૯૮૦ના પત્રથી કરેલી નીચેની માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) નવા પગારધોરણમાં ફિક્સેશનની તા. ૧–૧–૧૯૭૬ના રોજ બ્લૉક થઈ ગયેલા ચોથા વર્ગના કર્મચારીઓને સિન્ડિકેટે આપેલ ઈજાફાનો લાભ ૧૯૭૬થી આપવો.

(૨) જૂના પગારધોરણમાં રહેલા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને સિન્ડિકેટે એપ્રિલ ૧૯૬૯થી આપેલ ૫ ટકા વેઇટેજ ૧૯૭૪થી આપવું.

(૩) સરેલા પંચના ઈજાફાનો લાભ સિન્ડિકેટે કૉલેજ કર્મચારીઓને આપ્યો છે અને રાજ્ય સરકારે પોતાના કર્મચારીઓને આપ્યો છે તે લાભ આ પગારધોરણ અપનાવનાર યુનિવર્સિટી કર્મચારીઓને આપવો.

(૪) આયુર્વેદિક અને ડેન્ટલની દવાઓનાં બિલોની ચુકવણી કરવી.

(૫ પરીક્ષાના કામ અંગે બહારગામ મોકલવામાં આવતા કર્મચારીઓને રિક્ષા ભાડું અને કાર્યાલયના સમય કરતાં વધુ સમય બહારગામ રોકાવું પડે તો ઑવરટાઈમ આપવો.

(૬) સિન્ડિકેટે રાજ્ય સરકારને ભલામણ કરેલ પગારધોરણોનો તાત્કાલિક અમલ કરવો.

(૭) ક્લેરિકલ કર્મચારી અને કાર્યાલય નિયામકને સમકક્ષ જગ્યાનું પગારધોરણ આપવું.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે જરૂરી ચર્ચા-વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. શ્રી. નરહરિભાઈ પરીખ
૫. શ્રી. અરવિંદભાઈ આર. શાહ.

૫૨. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય હાલ ૬૦ વર્ષની છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં બિનશિક્ષકવર્ગના જે કર્મચારીઓ કાયમી ધોરણે નિમાયેલા છે તેમની નિવૃત્તિવય ૬૦ વર્ષ નિયત કરવામાં આવેલી છે તેમાં કશો ફેરફાર કરવો નહીં

અને યુનિવર્સિટીમાં હવે પછી બિનશિક્ષકવર્ગના જે કર્મચારીઓની નિમણૂકો કરવામાં આવે તેમની નિવૃત્તિવયમર્યાદા ૫૮ વર્ષની નિયત કરવી.

૫૩. મદદનીશ કુલસચિવની જગ્યા અંગેની વરણી સમિતિના એક સભ્ય શ્રી. કે. એસ. શાસ્ત્રી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થતાં તેઓશ્રીની ખાલી પડેલી જગ્યા પર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. કે. એસ. શાસ્ત્રીની ખાલી પડેલી જગ્યા પર અન્ય વ્યક્તિની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી. નરહરિ અમીને તેમના તા. ૧૭-૧૦-૧૯૮૦ના પત્રથી મોકલેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"અમદાવાદ શહેરની સંલગ્ન કૉલેજોમાં પ્રથમ સત્રમાં યુનિવર્સિટી અને રાજ્ય સરકારે મળીને શૈક્ષણિક કામકાજ લગભગ ૧૮ દિવસ બંધ રાખ્યું હતું. આ અંગે ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યોની પણ સંમતિ લેવામાં આવી ન હતી. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓને અધ્યાપકો ભણાવી શકયા ન હતા. સરકારના મનસ્વી નિર્ણયને આ સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે."

કેટલીક ચર્ચાવિચારણા પછી શ્રી. નરહરિભાઈ અમીને પોતાનો સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૫૫. થર્ડ બી.એ. (રેગ્યુલર) એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષાના બેઠક નં. ૬૯૭૭ના વિદ્યાર્થી શ્રી. ખોડકિયા રમેશભાઈ હરગોવિંદદાસે ફર્સ્ટ બી.એ. એ.ટી.કે.ટી.ની પરીક્ષા પસાર કર્યા સિવાય સેકન્ડ બી.એ. પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવ્યાના આધારે સીધા થર્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવીને પરીક્ષામાં બેઠા હોઈ તેમના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમેશભાઈ હરગોવિંદદાસ ખોડકિયાના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમનું થર્ડ બી. એ.ની પરીક્ષા (એપ્રિલ ૧૯૮૦)નું પરિણામ રદ કરવું, પરંતુ તેમનાં થર્ડ બી.એ. સત્રો માન્ય રાખવાં અને ફર્સ્ટ ઈયર બી.એ.ની પરીક્ષામાં બાકી રહેલા વિષયમાં તેઓ ઉત્તીર્ણ થાય તે પછી તેમને થર્ડ બી.એની પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણવા.

૫૬. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન બાંધવા/મરામત કરવા અંગે તેઓના નામ સામે જણાવેલ રકમની પ્રોવિડન્ટ ફંડ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	લોનની રકમ	આગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
૧.	શ્રી. ડી. જે. બારીશી	ટાઈપિસ્ટ	૧૬,૦૦૦/-	હા	ટેનામેન્ટ માટે
૨.	,, લાલજીભાઈ ડાંગર	કાર્યકારી ડી.પી.ઈ.	૩૦,૫૦૦/-	હા	,,
૩.	ડૉ. આઈ. એચ. શેઠ	રીડર	૨૫,૦૦૦/-	ના	,,
૪.	શ્રી. બી. આર. ચૌહાણ	ગ્રાઉન્ડમેન	૫,૦૦૦/-	ના	મકાન બનાવવા માટે

[**નોંધ.**—(૧) તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની બિલ્ડિંગ લોનની રકમ તથા તે પર થતી વ્યાજની રકમ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.

(૨) ઉપરોક્ત કર્મચારીઓમાંથી બિનશિક્ષણેતરના કર્મચારીઓ પેન્શન યોજના સ્વીકારતા નથી તેવો વિકલ્પ આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ લોન તરીકે મંજૂર કરવી.

૫૭. સ્ટેચ્યૂટ ૧૯૩ એ પ્રમાણે તા. ૩૧–૧૨–૧૯૭૬ પહેલાં જોડાયેલા કર્મચારીઓનો પેનશન / ગ્રેચ્યુઇટી અંગે વિકલ્પ રાખવાની તથા તે પછી જોડાયેલા કર્મચારીઓને ફરજિયાત પેનશન/ગ્રેચ્યુઇટી યોજના રાજ્ય સરકારના ધોરણે આપવાનું નક્કી થયું હોવાથી હવે લાઈફ ઇન્સ્યુરન્સ કોર્પોરેશન સાથે ગ્રેચ્યુઇટી અંગે લીધેલી વીમા યોજના ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટી કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૮. યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન કોલેજના મકાનમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાય છે અને પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ તરફથી તોફાન થતાં કોલેજોની માલ-મિલકતને નુકસાન થાય છે. તે અંગે અમદાવાદ એજ્યુકેશનની કેટલીક કોલેજોના આચાર્યશ્રીઓએ નીચેની શરતોને આધીને કોલેજ મકાનો પરીક્ષા માટે ઉપલબ્ધ કરી શકાશે તેમ જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(૧) પરીક્ષા ચાલુ હોય ત્યારે પૂરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવે.

(૨) કોઈ કારણસર વિદ્યાર્થીઓ તોફાને ચઢે અને માલમિલકતને નુકસાન થાય તે પૂરેપૂરું યુનિવર્સિટી ભરપાઈ કરી આપે.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી ઘટતી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. મનોવિજ્ઞાન ભવનમાં રીડર-કમ-સાયકોલોજીની જગ્યા પૂરવાના સંદર્ભમાં આ જગ્યાના એક ઉમેદવાર કુ. ગોસાઈએ સિટી સિવિલ કોર્ટમાં સિવિલ દાવા નંબર ૧૫૯૪/૮૦ દાખલ કરેલ અરજીના સંદર્ભમાં એડવોકેટ શ્રી. વી. એમ. ચોકસીને રોકયાના તથા રૂ. ૬૦૦ની રકમ તેમને ચૂકવવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૦. અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ—જુનિયર ફેલોશિપ માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની તા. ૧૩–૧૦–૧૯૮૦ના રોજની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. નવગુજરાત લૉ કૉલેજના વિદ્યાર્થી શ્રી. લલિતકુમાર કેશવલાલ પટેલ ક્ષયની બીમારીથી પીડાતા હોવાથી ખાસ અપવાદ તરીકે તેમને રૂ. ૯૦નો આર્થિક સહાય આપવા અંગેની તેઓશ્રીની તા. ૨૨-૯-૧૯૮૦નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નવગુજરાત કોમર્સ કૉલેજ આરોગ્ય કેન્દ્ર ધરાવતી હોવાથી નિયમ પ્રમાણે આર્થિક મદદ કરી શકાય નહીં. તેમની વાલીની આવક ઈ.બી.સી.ના ધોરણ મુજબની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી લલિતકુમાર કેશવલાલ પટેલને રૂ. ૯૦ની આર્થિક સહાય મંજૂર કરવી.

૬૨. માન્ય સંસ્થાઓમાં નાનાઈ ધોરણે શિક્ષકની નિમણૂક કરવા અંગેની જોગવાઈ ઑર્ડિ. ૧૨૦-સીમાં ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૬૩. સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ, ગાંધીનગરને ગુજરાત યુનિવર્સિટી ઉત્તર વિભાગની કૉલેજોના વિદ્યાર્થી ભાઈબહેનો માટે નાટ્યશિબિરનું આયોજન કરવા અંગે આવેલ પ્રસ્તાવના અનુસંધાનમાં કૉલેજને થનાર કુલ ખર્ચના ઑડિટેડ હિસાબો આવ્યેથી તેના ૫૦ ટકા વધુમાં વધુ રૂ. ૨૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) સુધીની આર્થિક સહાય આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૪. ગોવર્ધનરામ સવાશતાબ્દીની ઉજવણીના સંદર્ભમાં ગોવર્ધનરામ સવાશતાબ્દી મહોત્સવ સમિતિ, નડિયાદના મંત્રી તરફથી આર્થિક સહાય માટે કરવામાં આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૦૧૬૬૧૬ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦ ૦૦૯
તા. ૪-૧૧-૧૯૮૦

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૮

યુનિવર્સિટી કોર્ટ પરની ચૂંટણી અંગેના સ્ટેટચૂટમાં સુધારાવધારા કરી સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮—૧૧—૧૯૭૮ની સભાએ એક સમિતિ નીમેલી તે સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૮-૭-૧૯૮૦ને સોમવારે ૩-૩૦ કલાકે મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	આચાર્યશ્રી કે. એન. શાહ	હાજર
૨.	આચાર્ય દર્શનસીંગ શીખ	હાજર
૩.	પ્રો. દર્શનસીંગ બસન	હાજર
૪.	શ્રી. નરહરિભાઈ પરીખ	ગેરહાજર
૫.	પ્રો. એ. ટી. દેસાઈ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. દર્શનસીંગ બસને લીધું હતું. યુનિવર્સિટી કોર્ટ પરની ચૂંટણી અંગેના સ્ટે. ૪(૧૦), ૯, ૧૦, ૧૦(અ), ૧૨, ૧૪(બી), ૨૭, ૧૪૬ અને ૧૫૧ આ સાથે રજૂ કર્યા મુજબ સુધાર્યા છે તે મુજબ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પી. પી. શાહ
કુલસચિવ વતી

Statute 4 :

(10) Every registered Graduate referred to in Sec. 16 (1) Class II (*A*) (*V*) will be sent an identity card, on which he will be required to affix his pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or Head Master of a High School situated within the University Area, or a Magistrate, or a gazetted officer or a member of the court of the University for the time being.

Such a registered graduate will be eligible to vote at an election only on production of the identity card with the Photograph affixed and duly attested as mentioned above.

Statute 9 :

"(1) In the case of elections to the Court under Section 16 (1) Class II (*A*) (*iii*) and (*iv*) the Registrar shall, on the 31st of December just preceding the date of election, prepare a roll as for each of these constituencies of all those entitled to vote thereat, as per Statute No. 7 and not less than 21 clear days before the date of election shall publish in the news papers selected by the Vice-Chancellor a notice of election to be held in accordance with the procedure prescribed in Statute 162 for Secondary teachers as well as for Head Master stating therein all relevant particulars. In the preparation of the Roll of Secondary Teachers, the names of only such teachers shall be included on the Roll as are, on the date of its preparation, members of the teaching staff of a High School as defined in clause (4) of Section 2 and are actively participating in the work of teaching as Secondary Teachers. In the case of Head Masters the roll shall include the names of permanent Head Masters only. The names of the persons Intiled to vote shall appear only once on the roll.

(2) Every Secondary Teachers (including the Head Masters of High Schools) will be sent by the University a prescribed identity card on which he will be required to affix his or her passport-size photograph which shall be duly signed by him or her and attested by the Head Master of a High School or a member of the Court of the University for the time being or a Magistrate or a Gazetted Officers. Such a Secondary Teachers or a Head Master of High School will be held eligible to vote at an election only on production of the identity card with the Photograph affixed and duly attested as mentioned above."

Statute 10 :

(1) In the case of election to the court by Teachers from amongst themselves under Section 16 (1) Class II (*A*) Clause (*viii*) as on the 31st December just preceeding the date of election the Registrar shall prepare a Roll, Institutionwise, of teachers of affiliated college excluding the Deans of faculties and the principals of the colleges affiliated to this University and showing against the names of teachers having teaching experience of less than ten years, a specific differentiating marks to that effect; and not less than 21 clear days before the date of election, shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with

the procedure prescribed in St. 162. Election for these constituencies shall be held at Polling Centres fixed for the same and in the notice of election, places shall be notified where the voters will be required to go in person to vote.

(2) Every teacher excluding Dean of a Faculty or a Principal of a college will be sent by the University a prescribed identity card, through his or her Institution, on which he will be required to affix his or her passpost-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or a member of the court of the University for the time being or a Magistrate or a Gazetted Officer. Such a teacher will be held eligible to vote at an election only on production of the identity card with the photograph affixed and duly attested as mentioned above.

(3) 42 members by teachers excluding Deans of the Faculties and Principals of colleges shall be elected from amongst themselves in the number specified herebelow :

	No. of teachers having teaching experience of 10 years & above	*No. of teachers having teaching experience of less than 10 years*
Faculty of Arts including Education	10	4
Faculty of Commerce	6	2
Faculty of Science	6	3
Faculty of Medicine	1	1
Faculty of Techology including Engg.	1	1
Faculty of Pharmacy	1	1
Faculty of Law	3	1
Faculty of Dental Surgery	0	1
	28	14

Statute 10(a)

"(1) In case of election of Principals of affiliated colleges under clause (ix) of Section (16)(1) Class II(A) the Registrar shall prepare a roll of Principals of affiliated colleges as on 31st December just preciding the date of election and not less than 21 clear days before the date of election shall publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) Not more than 35 Principals of affiliated colleges in the proportion of one for every four Principals of such Colleges shall be elected from among themselves in the manner specified herebelow :

Faculty of Arts including Education	13
Faculty of Commerce	7
Faculty of Science	8
Faculty of Medicine	1
Faculty of Technology including Engineering	1
Faculty of Pharmacy	1
Faculty of Law	3
Faculty of Dental Surgery	1
	35

Provided that it shall be competent for the Executive Council to revise the above fixation of seats to the minimum extent necessary in the event of the total number of affiliated colleges falling below 140 ".

Statute 12 :

The election of ordinary members under sub-clause (*c*) of clause (*ii*) of Section 16(1) Class II(A) shall be held in the manner prescribed in St. 164. The Registrar shall publish at least 21 clear days before the date of election in the news papers selected by the Vice-Chancellor a notice of election with relevant details that election of their representative is due to be held and shall invite nominations therefore before the date specified in the notice.

Statue 14-B :

"In the case of election to the court by the members of non-teaching staff of the University, affiliated colleges, recognised institutions and aporoved institutions, if any from among themselves under sections 16(1) class II(B)(ii) for its representative The Registrar shall have a roll prepared as on 31st December just preceding the date of election, of all employees, who have joined the college/Institution at least six months prior to 31st December, other than the teching staff, and not less than 21st clear days before the date of elections publish in news papers selected by the Vice-Chancellor a notice of election to be held by ballot in accordance with procedure prescribed in Statute 162.

Statute 27 :

Notice in writing of the proposed amendments and the terms thereof and of motions for any change in the order of business as set forth in the statement must be forwarded so as to reach the Registrar ten clear days before the date of meeting.

Statute 147 :

Subject to the provisions of Section 16 of the Act in all cases where nominations are invited by the Registrar, any two voters of any two members of a public association or body entitled to vote may, after the notice is issued, nominate as a candidate, any Persons by sending to, or deliverying at the University office, a nomination paper before 4-00 p.m. on the last day fixed for receiving nominations. In the case of an election to the Court held under clause (C) of Section 16 (I) class II(A) nomination paper shall bear an attestation of the President Chairman of the Body concerned stating that the candidate proposed, the proposer, and the seconder were, on the date of issue of the notice of election, members of the said association or body.

Statute 155 :

The Certificate of identity required by St. 54 shall be signed by the Voters or the Chairman or the President of the public Association or the Body, entitled to vote, in the presence of, and shall be attested by a Magistrate with his signature & designation, a Gazetted Officer of Govt. a member of the court of the Gujarat University for the time being the head of a Recognised High School or a Teacher as defined by relevant Stature.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૯

સંલગ્ન કૉલેજો—માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦—૨—૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની એક સભા તા. ૧૫-૯-૧૯૮૦ના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨.	આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩.	પ્રા. એન. આર. શાહ	હાજર
૪.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૫.	શ્રી. નરહરભાઈ અમીન	હાજર.

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ સી. શાહે સંભાળ્યું હતું.

૧. પ્રભુદાસ ડફ્ફર કૉલેજ, અમદાવાદના પટાવાળા શ્રી. ચંદુભાઈ પશાભાઈના જૂન ૧૯૭૩થી ડિસેમ્બર ૧૯૭૪ સુધીના બાકી પગાર તથા તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ન ચૂકવવા અંગે તેઓ તરફથી તા. ૪-૪-૧૯૭૯ના રોજ મળેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યથાતથ માહિતી જોઈ ચકાસવા માટે કૉલેજની મુલાકાત લઈ પોતાનો સુચિંતિત અહેવાલ આપવા નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે. :

૧. પ્રા. એન. આર. શાહ
૨. શ્રી. શરદભાઈ પટેલ.

૨. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની શૈક્ષણિક લાયકાતના ધારાધોરણો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણા પછી સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩. ૧૯૭૪થી ૧૯૭૭ વચ્ચેનું મોંઘવારી ભથ્થાના વધારા બધી કૉલેજોએ ચૂકવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪થી ૧૯૭૭ વચ્ચેના મોંઘવારી ભથ્થાં મળવાપાત્ર તફાવતની રકમ જે કૉલેજોએ ચૂકવી નથી તેવી કૉલેજોને કુલપતિશ્રી ઘટતો ડી.ઓ. પત્ર લખે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. લેબોરેટરી સ્ટાફની ડ્યુટી સળંગ ગણાવી જોઈએ, તે અંગે લેબોરેટરી સ્ટાફ યુનિયન તરફથી આવેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે હાલ કોઈ પગલાં લેવાના રહેતાં નથી.

૫. ઉત્તર ગુજરાત ગ્રામવિસ્તાર આચાર્યમંડળના કન્વીનર તરફથી તા. ૨૧—૪—૧૯૮૦ના પત્રથી આચાર્યોને છૂટા કરવાની બાબતમાં કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

(સદરહુ મંડળના કન્વીનરશ્રીએ સ્થાયી સમિતિ સમક્ષ તા. ૩૦—૭—૧૯૮૦ના રોજ રૂબરૂ રજૂઆત કરેલ છે અને સદરહુ સભામાં નક્કી કર્યા અનુસાર તેઓ જે મુસદ્દો મોકલે તે પર વિચારણા કરવાની રહે છે.)

અને

૮. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ આચાર્ય મંડળ, અમદાવાદના પ્રમુખશ્રી તરફથી તા. ૧૨—૪—૧૯૮૦ના પત્રથી આવેલ નીચેનાં સૂચનો પર વિચારણા બાબત :

૧. આચાર્યની વહીવટી સત્તા અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.
૨. આર્થિક વહીવટ તેમની પાસે કેટલો તે સ્પષ્ટ કરવું.
૩. નવી નિમણૂકો યુનિવર્સિટી નિયમોનું પાલન અનુશાસન પ્રવેશપાત્રતા નક્કી કરવી વગેરે અંગે આચાર્યશ્રીની સત્તા નક્કી કરવી.

(**નોંધ.**—સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫-૧૧-૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક ૭ થી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવેલ છે.)

૪. સદરહુ મંડળના પ્રમુખશ્રીને રૂબરૂ રજૂઆત અગાઉ સમિતિએ સાંભળી છે.

સદરહુ બાબતોની વિચારણા મોકુફ રાખવામાં આવી. દરમિયાન બન્ને આચાર્ય મંડળ પાસેથી આ અંગે અગાઉ આ સમિતિએ સૂચવ્યા મુજબનો મુસદ્દો મોકલવા માટે જણાવવું.

૬. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના વ્યાયામ શિક્ષક તરીકે તા. ૪-૧૦-૧૯૬૯થી કાર્ય કરતા શ્રી પી. એચ. પટેલની નિમણૂક માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ. — ૧. યુનિવર્સિટીના નિયમ મુજબ ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન અથવા ગ્રેજ્યુએટ અને કાંદીવલી ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ અથવા વાય.એમ.સી.એ. મદ્રાસ અથવા ડી.પી.ઇ. પંજાબ યુનિવર્સિટી અથવા રાજપીપળા ગુજરાત રાજ્ય જોઇએ. જ્યારે શ્રી. પટેલ એમ.એ.,સી.પી.એડ.,એ.સી.સી. પૂના છે.

૨. માહિતી સમયસર ન મોકલવા અંગે સ્પષ્ટતા માંગતા કૉલેજ જણાવે છે કે અગાઉ માહિતી મોકલેલ છે કેમ તેની માહિતી મળતી નથી.

(એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક ૧૪થી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવામાં ઠરાવેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એમ. પટેલની વ્યાયામ શિક્ષક તરીકેનો લાંબા અનુભવને લક્ષમાં લઈને તેમની શૈક્ષણિક લાયકાતમાં રહેલી ઊણપ ક્ષમ્ય ગણીને તેમને મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ,

અમદાવાદમાં વ્યાયામ શિક્ષક તરીકે કરેલી નિમણૂકને અપવાદરૂપ માન્ય કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

ભવિષ્યમાં આ બાબતને શિરસ્તારૂપ ગણી શકાશે નહીં તેમ પણ વધુમાં ઠરાવવામાં આવ્યું.

૭. સાયન્સ કૉલેજ, તલોદના શ્રી. વી. જી. પંડ્યાને ગ્રંથપાલ તરીકે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ બાબતે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૫–૧૯૮૦ ની સભામાં બાબત ક્રમાંક ૧૪થી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. જી. પંડ્યાની ગ્રંથપાલ અને ગ્રંથાલય કલાર્ક તરીકેના લાંબા અનુભવને લક્ષમાં લઈ તેમને શૈક્ષણિક લાયકાતમાં રહેલ ઊણપ ક્ષમ્ય ગણીને તેમને શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ગ્રંથપાલ તરીકેની કરેલી નિમણૂક અપવાદરૂપ માન્ય કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(*b*) A candidate who possesses the qualifications mentioned in (i), (iii), (iv) above, but does not have a Doctoral degree may be considered eligible for appointment as a reader, if (i) his published work is published in Journals of repute and he possesses not less than ten years' experience of teaching at a University or a College, on condition that he shall not be entitled to earn any increments, if he fails to obtain a doctoral degree with in five years of his appointment as a reader;

OR

(ii) in the case of a recognised Ph.D. guide at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. degree.

૩૧. (ખ) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં રીડર અને પ્રોફેસરની જગ્યાઓ માટે લાયકાતનાં ધોરણો સુધારવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭—૬—૧૯૮૦ ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી છે તેમાં નીચેની નોંધ ઉમેરવા ડૉ. એમ. એન. દેસાઈનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧—૭—૧૯૮૦ ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને મોકલવા ઠરાવેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત.

(*Note.*—Notwithstanding anything contained above, it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee a person as a Professor or Reader provided he has to his credit independent and original achievement of recognised merit in the subject and at least two students working under this exclusive guidance have qualified themselves for the award of a Ph.D. Degree for Reader's post and at least four students for Professor's post.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. સેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીએ યુનિવર્સિટીની મંજૂરી વગર પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગમાં ગૌણ કક્ષાએ એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટનો વૈકલ્પિક વિષય, ૬ વિદ્યાર્થીઓને આપ્યો હોઈ ૧૯૮૦–૮૧ તેમ જ ૧૯૮૧–૮૨ના વર્ષ પૂરતું એડહૉક ધોરણે તે શીખવવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઘટતો ઠપકો આપીને પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગમાં એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય ગૌણ કક્ષાએ વૈકલ્પિક ધોરણે શીખવવા માટેની પરવાનગી આપવી.

૩૩. સંલગ્ન કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ માટેની સૂચનાઓ અને મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યા-શાખાઓના અધ્યક્ષશ્રીઓની બનેલી સમિતિ નીમવી.

૩૪. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બી.એ. (સબો.) માં પ્રાકૃત અને રાજ્યનીતિ-શાસ્ત્રના વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી માંગતાં આવેલી અરજી ઉપર નિમાયેલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકઝેક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૭-૧૯૮૦ની સભામાં સદરહુ બાબત સ્થાનિક તપાસ સમિતિની પુનર્વિચારણા માટે ચોકલવા ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના એકમાત્ર સભ્ય શ્રી. કે. ડી. દેસાઈ એ સ્થાનિક તપાસ સમિતિ પર કામ કરવા અસંમતિ દર્શાવી હોઈ, અન્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શ્રી. કે. ડી. દેસાઈને બદલે ડૉ. કે. આર. ચન્દ્રાની એક વ્યક્તિ તપાસસમિતિ નીમવી.

૩૫. ડૉ. એ. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ 'પ્રાણીશાસ્ત્ર' વિષયમાં શ્રી. એમ. કે. પંડ્યાએ રજૂ કરેલ મહાનિબંધને બે રેફરીઓ માન્ય ગણે છે. પરંતુ ડૉ. વ્યાસ હાલમાં પરદેશ છે અને યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાંથી તેઓ છૂટા થયેલા છે. આ વિદ્યાર્થીઓની પરીક્ષા બો. ૩૨૨ પ્રમાણે દેશના રેફરી તથા માર્ગદર્શક શિક્ષકે લેવાની હોય છે. માર્ગદર્શક શિક્ષક ડૉ. એ. બી. વ્યાસ પરદેશ હોઈ મૌખિક પરીક્ષા લેવા માટે ડૉ. વ્યાસને બદલે બીજા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મૌખિક પરીક્ષા લેવા માટે ડૉ. (મિસ) ચિનોય અને ડૉ. એમ. એસ. દુબલેનાં નામ સૂચવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. કે. પંડ્યાની મૌખિક પરીક્ષા લેવા માટે ખાલી રહેલી જગા પર ડૉ. એમ. એસ. દુબલેની નિમણૂક કરવી.

૩૬. ડૉ. કુસુમબહેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી. જયંતીલાલ જી. તરૈયાના મહાનિબંધ પર બાહ્ય રેફરીઓ પૈકીના એક રેફરી ડૉ. બી. કૃષ્ણાએ તે જરૂરી સુધારાવધારા કરીને ફરીથી રજૂ કરવા સૂચવેલ છે.

ઓ. ૩૨૧ મુજબ સુધારાવધારા કરીને રજૂ કરવા જણાવવાનું થાય; પરંતુ બાહ્ય રેફરી શ્રી. ક્રિશ્નાનું દુઃખદ અવસાન થયેલ હોઈ એનો વિકલ્પ વિચારવાનો થાય છે. તો આ મહાનિબંધના મૂલ્યાંકન માટે બીજા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ૧. બીજા બાહ્ય રેફરી શ્રી. પાંડેએ મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરેલી છે.

૨. અભ્યાસસમિતિએ સૂચવ્યા મુજબ પેનલ પર ક્રમમાં હવે રેફરી તરીકે શ્રી. અમીતાભ ચેટરજી, ખડગપુરનું નામ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે સ્વ. શ્રી. ક્રિશ્નાની જગ્યાએ શ્રી. અમીતાભ ચેટરજીની નિમણૂક કરવી.

૩૭. આ યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામપત્રકોનો રેકર્ડ ઘણો વધતો હોવાથી તે રાખવાની મુશ્કેલી ભવિષ્યમાં ન પડે તે હેતુથી આ રેકોર્ડને માઇક્રોફિલ્મમાં ફેરવીને તે રાખવાની વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૩૮. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહીં હોવાથી તે કઢાવવા માટેની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર મેળવી શકયા ન હોય તેમને તે મેળવી લેવાની મુદત તા. ૭ એપ્રિલ ૧૯૮૧ સુધીની લંબાવી આપવી.

૩૯. થર્ડ બી.એ. એપ્રિલ ૧૯૮૦ ની પરીક્ષાના બેઠક નં. ૯૪૬૩ ના વિદ્યાર્થી શ્રી. પઠાણ ઇદ્રિસખાન મહેમુદખાને ફર્સ્ટ બી.એ. એ.ટી.કે.ટી.ના બાકી રહેલ વિષયની પરીક્ષા પસાર કર્યા વગર સેકન્ડ બી.એ.ની પરીક્ષા પસાર કર્યાના આધારે થર્ડ બી.એ. પરીક્ષા આપી છે, તો એપ્રિલ ૧૯૮૦ ની થર્ડ બી.એ. પરીક્ષાના તેના પરિણામ અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિદ્યાર્થી આંતરિક ગુણની પરીક્ષામાં નાપાસ હતા, તેથી યુનિવર્સિટીની પરીક્ષા આપવાની નથી તેમ માની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા આપી નથી અને હવે ઓકટોબર, ૧૯૮૦માં ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. ઈદ્રિસખાન મહેમુદખાન પઠાણના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેઓ તેમના પ્રથમ વર્ષ બી.એ.ના બાકી રહેલા એ.ટી.કે.ટી.ના વિષયમાં ઉત્તીર્ણ થયેથી તેમનું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

૪૦. ઑર્ડિ. ૧૫૧—સી.માં નીચે પ્રમાણેની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. એક વિદ્યાર્થીએ બે જુદાં અનુસ્નાતક કેન્દ્રોમાં એક જ વિષયમાં પ્રવેશ લઈ સત્ર ફી ભરી હોય તો એક અનુસ્નાતક કેન્દ્રમાં ભરેલ પૂરી સત્ર ફી (લેબોરેટરી ફી સહિત) પરત કરવા માટે.

૨. એમ.ફાર્મ.ના વિદ્યાર્થીઓને સબસિડી આપવામાં આવતી હોઈ તેમની પાસે લેબોરેટરી ફી લેવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનાં સૂચનો સ્વીકારવાં અને તેના સંદર્ભમાં ઑર્ડિ. ૧૫૧-સીમાં નીચે મુજબનો સુધારો કરવો તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૧૫૧—સી.ને તા. ૧૫ જૂન ૧૯૮૧થી અમલમાં મૂકવો :

(ક) ઑર્ડિ. ૧૫૧—સી.ની કંડિકા (બી) (i) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

For the subject of Home Science and all Science Subjects other than Mathematics and Statistics for Master's, M.Phil. and Ph.D. degree and the M.Pharm. degree per term... Rs. 60-00

(ખ) ઑર્ડિ. ૧૫૧—સી.ની કંડિકા (એફ) નીચે પેટાકલમ (ii) નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરવો અને પેટાકલમ (ii) અને (iii)ને અનુક્રમે (iii) અને (iv) ક્રમાંક આપવા :

(ii) In the event of a student paying tuition fee (including laboratory fee, if any) at more than one post-graduate department and/or post-graduate centre, the required amount of the fee (including the laboratory fee, if any) shall be retained by the University where he gets finally admitted and the tuition fee or fees (including laboratory fee if any) paid at other centres shall be refunded at his cost to the student concerned.

૪૧. ભવન્સ કૉલેજ, ડાકોરના થર્ડ બી.એ. એપ્રિલ ૧૯૮૦ ના વિદ્યાર્થી શ્રી. રોહિત વાલજીભાઈ દાનાભાઈનું સેકન્ડ બી.એ. એપ્રિલ ૧૯૭૯ નું બેઠક નં. ૭૫૧૪નું પરિણામ તેમની કૉલેજના આચાર્યશ્રીએ તેમના ૧૯૭૮ ના આંતરિક ગુણાંક મોકલ્યા ન હોવાથી તેમાં ગેરહાજર ગણી નાપાસ જાહેર થયેલ તેના આધારે થર્ડ બી.એ. એપ્રિલ ૧૯૮૦નું બેઠક નં. ૬૬૪૭નું તેમનું પરિણામ તથા પ્રવેશ રદ કરવામાં આવેલ છે, તેથી આ વિદ્યાર્થીનું સેકન્ડ બી.એ. પરીક્ષાનું એપ્રિલ ૧૯૭૯ની પરીક્ષાનું પરિણામ તેના એપ્રિલ ૧૯૭૮ના આંતરિક ગુણ ગણતરીમાં લઈ જાહેર કરવા અંગે તથા થર્ડ બી.એ. પરીક્ષાનો રદ કરેલ પ્રવેશ માન્ય રાખી પરિણામ જાહેર કરવા અંગે કૉલેજના આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. રોહિત વાલજીભાઈ દાનાભાઈના વિશિષ્ટ સંજોગો જોતાં તેનું એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષાનું પરિણામ, તેના આંતરિક ગુણ ગણતરીમાં લઈને, અપવાદ

તરીકે, જાહેર કરવાનું રાખવું તથા તેના થર્ડ બી.એ.ની પરીક્ષાનો પ્રવેશ આજ રાખીને એ પરીક્ષાનું તેનું પરિણામ પણ જાહેર કરવું.

૪૨. સને ૧૯૮૧ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા મુદ્રણાલય માટેની રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલય માટે સને ૧૯૮૧ના વર્ષ માટેની રજાઓની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૪૩. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૦ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮–૧૧–'૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૪. બાંધકામ સમિતિની તા. ૨૭–૧૦–૧૯૮૦ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭–૧૦–૧૯૮૦ની સભાની બાબતો નં. ૨ અને નં. ૧૦ ઉપરની ભલામણો અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૨૭–૧૦–૧૯૮૦ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭–૧૦–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૫. ફાઇનાન્સ સમિતિની તા. ૨૦–૧૧–૧૯૮૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦–૧૧–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦–૧૧–૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમ જ બક્ષી પંચે સૂચવેલ વર્ગોના વિદ્યાર્થીઓ માટે સંલગ્ન કોલેજોમાં અનામત જગ્યાઓ રાખવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯–૪–૧૯૭૯ તા. ૧–૫–૧૯૭૯ તથા તા. ૧૮–૧૦–૧૯૮૦ની સભામાં

કરેલા ઠરાવોના સંદર્ભમાં વિદ્યાર્થીપ્રવેશ અંગેના ઑર્ડિ. ૧૨૦–બીનો સુધારેલ મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦–બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦–બી.ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૭. કૉલેજોની તપાસ અંગેની પેનલ પર વધુ વ્યક્તિઓને સમાવવા માટે સ્ટે. ૨૧૦ સુધારવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૧૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

"St. 210 :

1. The panel for the appointment of Inspection Committee to inspect an affiliated college or a recognised or an approved institution, as the case may be, shall consist of the following members, namely :

   (*i*) The Pro-Vice Chancellor, if any.

   (*ii*) Four members to be nominated by the Executive Council from amongst themselves;

   (*iii*) Four members to be nominated by the Executive Council from amongst the members of the Academic Council;

   (*iv*) Six members to be nominated, preferably two from North Zone, two from South Zone and two from Ahmedabad Zone, by the Executive Council from amongst the members of the University Court;

   (*v*) Four members to be appointed by the Executive Council from amongst the members of the University Staff not below the rank of an Assistant Registrar.

   (*iv*) Deans of Faculties.

2. The Executive Council shall, in its discretion, nominate not less than four members out of the panel mentioned in sub-clause 1 above, who will constitute a Committee to inspect any one or more of the affiliated colleges or recognised institutions, as the case may be.

3. The Vice-Chancellor may nominate an expert as an additional member, if it is, in his opinion, necessary to do so, on the Committee mentioned under clause 2 above;

4. In the absence of Pro-Vice-Chancellor, the Vice-Chancellor, the Vice-Chancellor shall appoint the Chairman of the Inspection Committee referred to in clause 2 above;

5. The term of office of the members of the panel other than the Pro-Vice-Chancellor, Deans of Faculties, so nominated as members of the Committee, shall be three years.

Provided that a member shall cease to be a member of the panel on his ceasing to hold the office by virtue of which he is nomination as a member of the panel."

૪૮. ગુજરાત યુનિવર્સિટીની એમ.ઇ.ની પરીક્ષા માટે શ્રીનિવાસ દ્વિવેદિયા શિષ્યવૃત્તિ એનાયત કરવા માટેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.– સદરહુ શિષ્યવૃત્તિ માટેનું પ્રદાન આ સભાગૃહે તેની તા. ૨૪/૨૫-૧૧–૧૯૮૦ના ઠરાવથી સ્વીકારેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૯. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના કમ્પાઉન્ડર શ્રી. બી. જે. ત્રિપાઠીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૦–૨–૧૯૮૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૧–૨–૧૯૮૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આરોગ્યકેન્દ્રના કમ્પાઉન્ડર શ્રી. બી. જે. ત્રિપાઠીની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. જે. ત્રિપાઠીને તેમની જગ્યા પર તા. ૨૧–૨–'૮૧થી કાયમ કરવા.

૫૦. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોમાં તા. ૮/૯ ઓક્ટોબર ૧૯૮૦ની રાત્રે વિદ્યાર્થીઓના આંદોલનને લીધે આઈ.એ.એસ. ભવન, ભૂગોળ ભવન, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાવાળું મકાન તથા ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીમાં થયેલ અંદાજે રૂ. ૧૫,૦૦૦ના નુકસાનની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ બાબત નવરંગપુરા પોલીસસ્ટેશને તા. ૯-૧૦-૧૯૮૦ના રોજ ગુ. ૨ નંબર ૪૬૮/૮૦ નવરંગપુરા પોલીસ સ્ટેશનથી ફરિયાદ નોંધાવવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧. ગુજરાતી ભાષામાં "જ્ઞાનકોશ" તૈયાર કરવા માટે ગુજરાત સરકારે તેના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુએસજી-૧૧૭૯/૫૪૦૯/૮૦-ખ તા. ૨૪—૧—૧૯૮૦થી દસ વર્ષના સમયગાળામાં આર્થિક સહાયરૂપે રૂપિયા પચાસ લાખની રકમ આપવા માટે મંજૂરી આપી હતી, જે પાછળથી તે ખાતાના પત્રાંક યુએસજી—૧૧૭૯/૧૦૭૦૭/૮૦—ખ, તા. ૧—૩—૧૯૮૦ના ઠરાવથી સ્થગિત કરવામાં આવી હતી. સદરહુ બાબતમાં યુનિવર્સિટી તરફથી સરકારશ્રીને વિનંતી કરવા છતાં હજી સુધી કોઈ જવાબ મળેલ નથી. દરમ્યાન સદરહુ જ્ઞાનકોશ માટે તારીખ ૩૧—૧૨—૧૯૮૦ સુધી ખર્ચ કરીએ.

તથા

ઉપરના સંજોગોમાં ડા. ધીરુભાઈ ઠાકરની સંપાદક તરીકેની મુદત તા. ૩૧-૧૨-૧૯૮૦ સુધીની લંબાવી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(**નોંધ.** — ૧. "વિજ્ઞાન જ્ઞાનકોશ"ના શ્રેણી સંપાદક શ્રી. નરહરિભાઈ ભટ્ટની નાદુરસ્ત તબિયતને લીધે તે કામ પણ હાલમાં ડો. ધીરુભાઈ ઠાકર સંભાળે છે.

૨. હરિ ઓમ આશ્રમના ટ્રસ્ટીશ્રીએ જ્ઞાનકોશ અંગે આપેલા નાણાનું તા. ૩૧-૭-૧૯૮૦ સુધી ખર્ચ કરવા જણાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. કલોલની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ તથા કૉમર્સ કૉલેજનું જૂન, ૧૯૮૧થી સંકુલ કરવા માટે સંચાલક મંડળ તરફથી આવેલ અરજીના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—(૧) જૂન, ૧૯૮૦થી સંકુલ કરવા માટે મંડળે કરેલી અરજી પરની સમિતિએ પરવાનગી ના આપવા કરેલી ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ની સભાએ સ્વીકારી હતી.

(૨) બદલાયેલા સંજોગોમાં મંડળના સેક્રેટરીએ પુનર્વિચારણા માટે રજૂઆત કરી હોવાથી કુલપતિશ્રીએ સમિતિની રચના કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રી માટે નિયત કરેલ કાર્યભાર, કાર્યકારી આચાર્યને પણ તેઓ આચાર્ય હોય ત્યાં સુધીના સમયના ગાળા દરમિયાન સોંપી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—આ અંગે નીચે પ્રમાણેની જોગવાઈ છે :

"A member of the Staff appointed temporarily on the post of Principal should be given Principal's scales and other benefits if he officiates for more than three months."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં આચાર્યની જગ્યા પર કાર્યકારી ધોરણે નિમણૂક કરવામાં આવે તો તેવા કાર્યકારી આચાર્યને તેમના શિક્ષણ અંગેના કાર્યભાર અંગેના નિયમ—વધુમાં વધુ અઠવાડિયાના ૯ તાસ અંગેના—માંથી વધુમાં વધુ એક વર્ષ માટે મુક્તિને પાત્ર ગણવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર નં. (૧)માં કરવામાં આવેલા ઠરાવના સંદર્ભમાં સંબંધકર્તા કૉલેજોને તે અંગે જે ખર્ચ થાય તે અનુદાનને માટે ગ્રાહ્ય રાખવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૪. "મોડર્ન કન્સ્ટ્રક્શન કંપની લિ. ચંદ્રક" જે વિદ્યાર્થી સેમેસ્ટર-૫ અને ૬ની બી.ઇ. (સિવિલ) પરીક્ષામાં એક જ બેઠકે બન્ને સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી અગાઉનાં બધાં સેમેસ્ટરની પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને પસાર કરી હોય તે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવે છે; તો આ ચંદ્રક અગાઉનાં બધાં સેમેસ્ટર આપણી યુનિવર્સિટીમાંથી જ પસાર કર્યાં હોવાં જોઈએ કે અન્ય યુનિવર્સિટીમાંથી પસાર કરી આપણી યુનિવર્સિટીમાં જોડાઈ વધુ ગુણ પ્રાપ્ત કરતો હોય તેને આપવો તે અંગે સ્પષ્ટતા કરી ઉપરોક્ત ચંદ્રક કોને આપવો તે અંગે વિચારણા કરવા બાબત.

ચંદ્રકની શરતોના સંદર્ભમાં વિદ્યાર્થી નંબર ૭૫ અને ૯૨ સેમેસ્ટર-૬ અનુક્રમે ૭૧૬ અને ૭૦૬ ગુણ પ્રાપ્ત કરે છે. **સદરહુ** બંને વિદ્યાર્થીઓની વિશેષ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	વિદ્યાર્થી નં. ૭૫	વિદ્યાર્થી નં. ૯૨
૧. મેળવેલ ગુણ	૭૧૬	૭૦૬
૨. અગાઉનાં સેમેસ્ટરો પ્રથમ પ્રયત્ને પસાર કરેલ છે કે કેમ ?	વિદ્યાર્થીએ ડિપ્લોમા સિવિલ એન્જિનિયરિંગ પસાર કર્યાના આધારે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઓલ્ડ કોર્સમાં બી.ઈ. ૩ની પરીક્ષા પસાર કરી આપણી યુનિવર્સિટીમાં સેમે. ૫ અને ૬ની પરીક્ષા નવા અભ્યાસક્રમમાં પસાર કરી છે.	વિદ્યાર્થીએ નવા અભ્યાસક્રમનાં તમામ સેમેસ્ટરો ૧થી ૬ પ્રથમ પ્રયત્ને પસાર કરેલ છે.
૩.	વિદ્યાર્થી જૂના અભ્યાસક્રમમાંથી નવા અભ્યાસક્રમમાં દાખલ થયેલ છે.	વિદ્યાર્થી શરૂઆતથી નવા અભ્યાસક્રમમાં દાખલ થયેલ છે.

[**નોંધ.**— ઇજનેરી વિદ્યાશાખાના ડીને અગાઉની પરીક્ષાઓ (જૂના કે નવા અભ્યાસક્રમની) પ્રથમ પ્રયત્ને પસાર કરી હોય તેને ચંદ્રક આપવા અભિપ્રાય વ્યક્ત કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ ૭૧૬ ગુણ મેળવનાર વિદ્યાર્થી નં. ૭૫ને આપવો.

૫૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. મહેન્દ્ર એ. શાહને છ માસની મુદત તા. ૧૬-૫-૧૯૭૯ના રોજ વીત્યા પછી વધુ મુદત માટે સસ્પેન્શન ચાલુ રાખવા તથા વધારેલી મુદત માટે ભથ્થું (allowance) કયા દરે ચાલુ રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ઑડિ. ૧૬૮(૩)(૧)(સી) નીચે પ્રમાણે છે :

> Where the period of suspension exceeds six months the suspension shall be treated as cancelled and the employee concerned shall be reinstated

in his position and shall be paid the balance salary of the period of suspension. However the Vice-Chancellor upon request and after providing an opportunity of hearing to the parties concerned, be authorised to extend the period of suspension for a further period of two month only).

ઉપર પ્રમાણેની જોગવાઈમાં સસ્પેન્શનની વધુમાં વધુ મુદ્દતમાં બે મહિનાનો વધારો આપી શકાય તેવી જોગવાઈ છે

(૨) સસ્પેન્શનની મુદ્દત વધારવા માટે કૉલેજ-સંચાલક તરફથી પત્ર આવ્યો હતો અને તેના આધારે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૧૦-૧૯૮૦ની સભાએ ઉપર જણાવ્યા પ્રમાણે ઑર્ડિનન્સ સુધાર્યો.]

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઑર્ડિનન્સમાં કશો ફેરફાર કરવો નહીં.

૫૬. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. જે. એચ. શાહને રૂ. ૧,૨૦૦—૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૪૨૦ના મૂળ માસિક પગારને બદલે ૧,૫૪૦ નો મૂળ માસિક પગાર આપવા તથા તેઓના પગારવધારાની તારીખ ૧૫ જૂનને બદલે ૬ નવેમ્બર ગણવા અંગેની તા. ૭-૧૦-૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ભાવનગર યુનિવર્સિટીમાંથી છૂટા થયા ત્યારે તેઓને રૂ. ૧,૫૪૦ મૂળ માસિક પગાર મળતો હતો.

(૨) તેઓને મૂળ માસિક પગાર રૂ ૧,૨૦૦ને બદલે રૂ. ૧,૪૨૦ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧-૯-૧૯૭૯ની સભામાં કરેલો છે.]

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા અનિશ્ચિત સમય સુધી મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૬ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એન. સી. શાહને પી.જી. સ્કેલ મળેલ હોઈ તેમના પગારનું સેન કમિશન પ્રમાણે તા. ૧-૧-૧૯૭૩થી નોશનલ ફિક્સેશન કરી આ ફિક્સેશન પ્રમાણે તેઓને રૂ. ૧,૧૦૦ના મૂળ માસિક પગારને બદલે તા. ૧૨-૮-૧૯૭૯ના રોજ રૂ. ૧,૬૦૦નો મૂળ માસિક પગાર આપવા અંગેની શ્રી. શાહની તા. ૫-૧૧-૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(શ્રી. શાહ યુનિવર્સિટી ભવનમાં તા. ૧૩—૮—૧૯૭૯થી ગણિતના વ્યાખ્યાતા તરીકે જોડાયા છે.)

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા અનિશ્ચિત સમય સુધી મોકૂફ રાખવી.

૫૭. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં નિમાયેલાં ખંડ સમયનાં લેડી ડૉક્ટર શ્રીમતી એમ. માલેશ્વરીને ટીચર્સ હોસ્ટેલમાં રહેઠાણ આપવા અંગેના તેઓના તા. ૧૨-૧૧-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) તેઓને રૂ. ૩૫૮નું ઉચ્ચક માસિક વેતન આપવામાં આવે છે.
(૨) તેઓ બિનશિક્ષકગણનાં કર્મચારી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી.

૫૮. "ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રીક્રિયેશન કલબ"ને ચાલુ વર્ષ ૧૯૮૦—૮૧ માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કરવા અંગે સદરહુ કલબના પ્રમુખશ્રીના તા. ૫-૧૨-૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયા વર્ષ માટે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી. ચાલુ વર્ષે વિદ્યાર્થી આંદોલન દરમિયાન સ્પોર્ટ્સ કલબનાં સાધનો તૂટી જવાથી રૂ. ૨,૦૦૦નું નુકસાન થયેલું છે તેમ જણાવીને આ વર્ષે વધારે કુલ રૂ. ૬,૦૦૦ની આર્થિક સહાય માટે વિનંતી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કલબને ચાલુ વર્ષ ૧૯૮૦—૮૧ માટે રૂ. ૩,૦૦૦ (રૂ. ત્રણ હજાર પૂરા)ની આર્થિક સહાય આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કલબને ચાલુ વર્ષ ૧૯૮૦-૮૧ માટે તદર્થ ધોરણે વધુ રૂ. ૧,૦૦૦ (રૂ. એક હજાર પૂરા)ની આર્થિક સહાય આપવી.

૫૯. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના કાર્યાલય નિયામક શ્રી. આર. ડી. ભગત યુનિવર્સિટીની સેવામાંથી તારીખ ૩૦-૯-૧૯૮૦થી નિવૃત્ત થયા હોઈ અને તેઓએ પેન્શન યોજના સ્વીકારી હોઈ રાજ્ય સરકારના નિયમો પ્રમાણે તેઓને તબીબી સારવારના નિયમોનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૦. શ્રી. દવે બકુલ રમાકાંતને હાઈ કોર્ટના જજમેન્ટના આધારે બાસ કેસ તરીકે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરથી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં બદલી આપેલ તેના સંદર્ભમાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી આવેલ તા. ૧૪-૧૧-૧૯૮૦ના પત્રાંક એમસીઆઈ. ૩૧-(૬) ૮૦—મેડ. ૧૪૪૨૫થી નીચે જણાવેલી બાબતની નોંધ લેવા બાબત.

"The State Government and the Universities are requested to keep in mind the regulations of the Council regarding Migration/Transfer of students and not to do anything which leads to litigation of this sort."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે બાબત યુનિવર્સિટી તરફથી પણ રાજ્ય સરકારના ધ્યાન પર લાવવી.

૬૧. સને ૧૯૭૮–૭૯ ના વર્ષના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો પરની યુનિવર્સિટી ઑડિટર્સ મેસર્સ લાખિયા એન્ડ કું.ની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધ અંગેના કાર્યાલયના જવાબો મંજૂર કરવા.

૬૨. ડૉ. વાય. જી. નાયક "મેમોરિયલ ચંદ્રક" ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બીએસસી.ની પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૩. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી મંડળની માગણીઓ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૧૦-૧૯૮૦ની સભામાં નીમેલી પેટાસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ભલામણોની બાબતમાં આ સભાગૃહ વતી જરૂરી નિર્ણયો લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૧૮–૧૦–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૪. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૬-૧૨-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે યુનિવર્સિટી કર્મચારી સંઘનો તા. ૧૬–૧૨–૧૯૮૦નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૬-૧૨-'૮૦ની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સંઘનો ઉપરોક્ત પત્ર સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

[**નોંધ.**—સદરહુ સમિતિએ તેની તા. ૧૬–૧૨–૧૯૮૦ની સભામાં બાબત નં. ૧૬ અંગે કરેલી ભલામણના સંદર્ભમાં સ્પષ્ટતા કરવામાં આવી કે એ ભલામણ મંજૂર થયેથી સદરહુ સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરતી વખતે બાબત ક્રમાંક ૬ અંગે કરેલો સુધારો રદ ગણવાનો રહેશે.]

(સદરહુ સમિતિની તા. ૧૬–૧૨–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે)

૬૫. યુનિવર્સિટીના નીચેના કર્મચારીને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન બાંધવા/મરામત કરવા અંગે તેઓનાં નામ સામે જણાવેલ રકમની પ્રોવિડંટ ફંડની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	આ અગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
શ્રી. એમ. આર. જાદવ (પ્યુન-કમ-એટેન્ડન્ટ)	૧૦,૦૦૦	હા	મકાન મરામત

[**નોંધ.**—(૧) તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની બિલ્ડિંગ લોનની રકમ તથા તે પર જે વ્યાજની રકમ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.

(૨) આ ભાઈ બિનશિક્ષકગણના કર્મચારી છે અને તેઓએ પેન્શન યોજના સ્વીકારી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. આર. જાદવને તેમના પ્રોવિડંટ ફંડ ખાતેથી રૂ. ૧૦,૦૦૦/— (રૂ. દસ હજાર)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૬૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૭. સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓના શિક્ષક–બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરી અહેવાલ આપવા એકઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિએ તેની તા. ૧૮-૧૧-૧૯૮૦ના રોજ મળેલ સભામાં કરેલ ભલામણો ક્રમાંક ૨, ૫, ૬, ૭ અને ૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૧૮–૧૧–૧૯૮૦ની સભામાં કરેલી ઉપરની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮–૧૧–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૮. જુનિયર રિસર્ચ ફેલોશિપ એનાયત કરવાની બાબતમાં નીમેલ સમિતિની નીચેની ભલામણો સ્વીકાર્યાની જાણ કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૨-૧૧-૧૯૮૦ના પત્રાંક એફ (૦૦-૧) ૮૦ (આર.એફ.) રિજિયનની નોંધ લેવા બાબત :

1. The existing rules and conditions of award of U.G.C. fellowship would remain the same.
2. The value of Junior Research Fellowships would Rs. 600/— per month for the first two years with an annual contingent grant of Rs. 3,000/—.

3. At the end of two years of J.R.F. the work done by the fellow would be assessed in a manner to be prescribed and if the work is judged to have been good, the fellow will be awarded a fellowship of Rs. 700/— per month during third year and will be designated as Senior Research Fellow (SRF). The enhancement of fellowship from Rs. 600/- to Rs. 700/- per month could also be affected without assessment in case of those who were awarded M.Phil. during the first two years period. The contingent grant will be continued to be paid the rate of Rs. 3,000/-.

4, The fellowship amount could be enhanced from Rs. 700/- to Rs. 800/— per month in case of fellows who have submitted their Ph.D. thesis. The enhanced fellowships of Rs. 800/— would be effective from the date of submission of thesis. The annual contingent grant of Rs. 3,000/- would remain unchanged.

5. The total duration of Junior Research Fellowships and Senior Research Fellowships taken together will not in any case exceed 4½ years.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૯. જૂન ૧૯૮૧ થી કાયદાની વિદ્યાશાખાનું જોડાણ અલગ કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨–૯–૧૯૮૦ ની સભાના ઠરાવના સંદર્ભમાં વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લો, મહેસાણાના આચાર્યશ્રી તરફથી મળેલ તા. ૨૮–૧૧–૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૨૮–૧૧–૧૯૮૦ના પત્રથી કરેલી વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી તેમ તેમને જણાવવું.

૭૦. ઉચ્ચતર માધ્યમિક તરાહના અમલને કારણે ફાજલ પડેલા કૉલેજ શિક્ષકો–બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને સમાવવાના બાકી રહ્યા હોય તેટલી સંખ્યામાં સુપરન્યુમરી જગ્યાઓની મુદત તા. ૩૦–૬–૧૯૮૧ સુધી અથવા તેઓને અન્યત્ર સમાવવામાં આવે ત્યાં સુધી એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી લંબાવ્યા અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૫-૧૨–૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક એનજીસી–૧૦૮૦-૬૬૭૬૮ –ખ–૧ ની નોંધ લેવા બાબત.

(નોંધ.—સદરહુ ઠરાવ સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોને તા. ૧૫–૧૨–૧૯૮૦ના રોજ પરિપત્રિત કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૧. ભાષા-સાહિત્ય ભવનમાં ૧૯૮૦-૮૧ ના વર્ષથી શરૂ થયેલ પ્રાકૃતના અનુસ્નાતક સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૧૩૫/- લેખે સત્ર ફી લીધાનું ગ્રાહ્ય રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

તથા

ભવિષ્યને માટે સત્ર ફી નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ અભ્યાસક્રમ માટે સત્રદીઠ રૂ. ૧૪૫/— ટ્યુશન ફી નિયત કરવી અને તે માટે ઑર્ડિ. ૧૫૧-સી (એ)(*iii*)માં નીચે મુજબનો ઉમેરો કરવો :

O. 151-C (a) (iii) :

For Diploma in Linguistics and Certificate Course in Prakrit per term...145-00.

૭૨. યુનિવર્સિટીના શિક્ષકગણની નિમણૂકો અંગે સુપ્રીમ કોર્ટના નીચેના ચુકાદાને ધ્યાનમાં લેવા માટેના એડવોકેટ શ્રી. એસ. એન. શેલતના તા. ૧૩-૧૨-૧૯૮૦ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

Extract from AIR 1980 S.C. 2141 at page 2144

(J. P. Kulsbreshtha vs. Allahabad University)

"..... We find no flow in the methodology of 'interview'. Certainly cases arise where the art of interviewing candidates deteriorates from strategy to strategem and undetectable manipulation of results is achieved by remote control tactics masked as viva voce tests. This if allowed, is surely a sabotage of the purity of proceedings, a subterfuge whereby legal means to reach illegal ends is achieved. So it is that courts insist, as the learned single Judge has, in this very case, suggested on recording of marks at interviews and other fair checks like guidelines for marks and remarks about candidates and the like. If the court is skeptical, the record of the selection proceedings, including the notes regarding the interviews, may have to be made available. Interviews, as such, are not bad but polluting it to attain illegitimate ends is bad."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. જ્ઞાનકોશના પ્રકાશનની બાબતમાં હરિઓમ આશ્રમ જે તે કામ કરવા ઇચ્છે છે તેના અનુસંધાનમાં સદરહુ આશ્રમના વ્યવસ્થાપક ટ્રસ્ટીશ્રી તરફથી આવેલ તા. ૧૫-૧૨-૧૯૮૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સરસ્વતિનગર હાઉસિંગ સોસાયટીના સેક્રેટરી ડૉ. જે. સી. વૈરાના તા. ૨૪-૧૧-૧૯૮૦ના પત્ર અંગે સરસ્વતિનગર સોસાયટીના રહીશોને તા. ૨૯-૧૧-૧૯૮૦ના રોજ ફિલ્મ શો માટે યુનિવર્સિટી સેનેટ હૉલ, વીજળીચાર્જ વસૂલ લઈને વાપરવા આપેલ કાર્યને મંજૂર કર્યાના;

(૨) રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ નં. વીએલખી-૧૧૮૦-૨૩૫૮-જે તા. ૧૫-૧૦-૧૯૮૦ પ્રમાણે યુનિવર્સિટીના અને કૉલેજના કર્મચારીઓને તા. ૧—૭—૧૯૮૦થી મોંઘવારી ભથ્થાના વધારેલા દરની મંજૂરી આપ્યાના;

(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનો, ગ્રંથાલય, કાર્યાલય વિગેરેમાં ગુરુવાર, તા. ૬—૧૧—૧૯૮૦ની રજા દિવાળીના પર્વના અનુસંધાનમાં જાહેર કર્યાના;

(નોંધ.—બીજી રજા કાર્યાલયમાં તા. ૨૨—૧૧—૧૯૮૦ની ફરજ-રજાના દિવસે રાખેતા મુજબ ચાલુ રાખીને તા. ૧૦-૧૧-૧૯૮૯ની રજા પણ આપવામાં આવી છે.)

(૪) કૉમ્પ્યુટર સેન્ટરના જુનિયર પ્રોગ્રામર તરીકે કામ કરતા શ્રી. દીપક પી. ડૉકટરને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૫૩૧થી રૂ. ૪૩૧—૮૦૦ના પગારધોરણમાં નિમણૂક કર્યાના;

(૫) સમાજવિદ્યા ભવનના લેબર વેલ્ફેર વિભાગના ડૉ. વી. કે. ચાવડાને વર્ષ ૧૯૭૯-૮૦ દરમિયાન રૂ. ૨,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરી હતી તેના સંશોધનકાર્ય માટે બે આસિસ્ટન્ટ રિસર્ચ ફેલોના મહેનતાણાના રૂ. ૫૦૦ના ખર્ચને અપવાદ તરીકે મંજૂર કર્યાના.

(૬) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદના જીવશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. પી. જે. ભાવસારને ઑ. ૧૨૦-એ.ના સંદર્ભમાં ચાલુ વર્ષ પૂરતા ૨ તાસ વધુ આપ્યા છે તેને મંજૂર કર્યાના;

(નોંધ.—કૉલેજે તેના તા. ૨૧-૧૦-૧૯૮૦ના પત્રથી નીચે મુજબ કરેલ રજૂઆતના સંદર્ભમાં ઉપર પ્રમાણેની મંજૂરી આપવામાં આવેલ છે.)

"બાયોલોજી વિષય માત્ર એફ.બી.એસસી.માં જ આપતા હતા. એસ.બી.એસસી.માં ચાલુ વર્ષે બે વિષય લે તેને તેનાં પેપર્સ ૩, ૪, ૫ ભણવાના હોઈ, કેમિસ્ટ્રી, ફિઝિકસ લેનાર વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓને ફિઝિકસ પેપર—૫ ભણવાનો અઘરો લાગ્યો તેવા ત્રણ વિદ્યાર્થીઓને બીજા ગૌણ વિષય તરીકે બાયોલોજી આપવું પડયું છે. અને તે પણ છેવટે જેનો કાર્યભાર વધતાં બાયોલોજીના શિક્ષકના ૯+૨+૧૨=૨૩ પિરિયડ થાય છે. તો ચાલુ વર્ષ માટે બાયોલોજીના શિક્ષક શ્રી. પી. જે. ભાવસારને જે બે પિરિયડ વધારાના આપવા પડયા છે તે કાર્યભાર લેવાની મંજૂરી આપી આભારી કરશોજી.

આવતા વર્ષે જરૂર જણાતાં સરકારી પરવાનગી લઈ તેટલા કાર્યભાર માટે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરીશું.

(૭) ૧૯૮૦-૮૧ના શૈક્ષણિક વર્ષમાં નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોમાં વધુ વિદ્યાર્થી પ્રવેશ આપવા અંગે છૂટછાટ આપ્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ	છૂટછાટનો વિગત
૧.	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	વિદ્યાર્થી—શિક્ષક પ્રમાણ ૧ : ૧૨ ઉપરાંત એક વધુ વિદ્યાર્થી પ્રવેશની મંજૂરી
૨.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ ૧ : ૧૨ ઉપરાંત બીજા સત્રમાં બે વધુ વિદ્યાર્થી પ્રવેશની મંજૂરી
૩.	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	વિદ્યાર્થી—શિક્ષક પ્રમાણ ૧ : ૧૨ ઉપરાંત બીજા સત્રમાં એક વર્ષ વિદ્યાર્થી પ્રવેશની મંજૂરી.

(૮) (૧) સુધારેલો અનુસ્નાતક નિયમ ૩૮(બી) તા. ૧૫મી જૂન ૧૯૮૦થી અમલમાં આવતો હોઈ સુધારેલો અનુસ્નાતક નિયમ ૩૬ (ડી)(૨)ને પણ ૧૯૮૮-૮૧ના વર્ષના બીજા સત્રને બદલે પ્રથમ સત્રથી અમલમાં મૂકવાના;

(૨) સુધારેલ અનુસ્નાતક નિયમ ૩૮(ડી) સને ૧૯૮૦-૮૧ના વર્ષના બીજા સત્રને બદલે એકિઝકયુટિવ કાઉન્સિલે મૂળ બાબત મંજૂર કર્યાની તારીખથી એટલે કે તા. ૨૩-૭-૧૯૮૦થી અમલમાં મૂકવાના;

(૯) શ્રી. કે. પી. નાણાવટીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પેસ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૨૬૯૫થી બી. જે. મેડિકલ કૉલેજમાં બદલી માટે એક ખાલી બેડકનો ઉપયોગ કરવા માટે કરેલ રિટ માટે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવના તથા તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાના;

(૧૦) પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા તથા મૌખિક પરીક્ષા લેવા માટે જે તે અભ્યાસસમિતિએ રેફરીઓનાં નામોની જે ભલામણ કરેલી તે મંજૂર કર્યાના;

(૧૧) ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૬-૧૨-૧૯૮૦થી શરૂ થતી પરીક્ષાના કાર્યક્રમમાં તા. ૧૮-૧૨-૧૯૮૦નાં રોજનાં પ્રશ્નપત્રો તા. ૨૨—૧૨—૧૯૮૦ના રોજ તેમ જ તા. ૨૩—૧૨—૧૯૮૦નાં પ્રશ્નપત્રો તા. ૩૦—૧૨—૧૯૮૦ના રોજ તેમ જ સેમેસ્ટર ૭ ન્યૂ કોર્સનાં તમામ પ્રશ્નપત્રો સવારને બદલે સાંજે રાખવા અંગેના એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૮—૧૧—૧૯૮૦ના પત્રથી કરેલી વિનંતી મંજૂર કર્યાના;

(૧૨) એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલ એમ.એ. પાર્ટ—૨ પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૧૮૧ કુ. નર્તન આ. રાજપ્રિયે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કર્યાના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગે ખર્ચ થાય તે મંજૂર કર્યાના;
(નોંધ.—સદરહુ વિદ્યાર્થીએ પોતાની અરજી પાછી ખેંચી લીધી છે.

(૧૩) મ્યુનિસિપલ આર્ટસ અને કૉમર્સ કૉલેજ, મહેસાણાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ચુકવણી ન કરે ત્યાં સુધી તા. ૨૦—૯—૧૯૮૦ની એકિઝકયુટિવ કાઉન્સિલે આ કૉલેજને પરીક્ષાનું કેન્દ્ર રદ કરવાનું ઠરાવ્યું હતું, પરંતુ તા. ૩૧—૩—૧૯૭૭ સુધીના મોંઘવારી ભથ્થામાં થયેલ તમામ વધારાની તફાવતની રકમ શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓને ચૂકવી દીધી હોવાથી આ કૉલેજને યથાવત કેન્દ્ર ચાલુ રાખ્યાના;

(૧૪) માર્ચ–એપ્રિલ ૧૯૮૧માં લેવાનાર ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ.ની પરીક્ષા માટે નિયત કરેલ બોડેલી કેન્દ્ર અંગે આચાર્યશ્રીએ તેમના કૉલેજના કોઈ અધ્યાપક જુનિયર કે સીનિયર સુપરવાઇઝર તરીકે કામ કરવાની ઇચ્છા ધરાવતા નથી તેમ જણાવતા હોવાથી તે કેન્દ્ર રદ કર્યાના;

(૧૫) માર્ચ–એપ્રિલ–મે ૧૯૮૧માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કુલપતિશ્રીએ નીચે જણાવ્યા પ્રમાણેનાં કેન્દ્રો મંજૂર કર્યાના;

૧. ગત વર્ષનાં કેન્દ્રો પૈકી (ડાકોર અને મહુધા સિવાયનાં) કેન્દ્રો ચાલુ રાખ્યાના;

૨. ભિલોડા અને સંતરામપુરને ફર્સ્ટ બી.એ.-ફર્સ્ટ બી કોમ.ની પરીક્ષા માટે કેન્દ્રો :

૩. લુણાવાડા—ફર્સ્ટ બી.કોમ.
સંખેડા—ફર્સ્ટ બી.કોમ.
પાલનપુર—સેકન્ડ બી.કોમ.
છોટાઉદેપુર--સેકન્ડ બી.કોમ.
} વધારાનાં કેન્દ્રો

(૧૬) શ્રી. બાબુભાઈ જે. પટેલ, જુનિયર ક્લાર્ક તથા અન્ય કર્મચારીઓએ તેઓની સીનિયોરિટીની બાબતમાં ધી એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૩૪૧૬/૮૦થી રિટ-પિટિશન કરેલ હોઈ તે અંગે યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તેમ જ તે પેટે થનાર ખર્ચ મંજૂર કર્યાના;

(૧૭) એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલ ફર્સ્ટ બી.કોમ. પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૯૧ અને નં. ૮૦૦ તે બેઉને એકાઉન્ટન્સી વિષયમાં એકસરખા, વધુમાં વધુ ગુણ હોવાથી "શ્રી. રસિકચંદ્ર ગોકળદાસ શાહ એકાઉન્ટન્સી ચંદ્રક" બંનેને એનાયત કર્યા અંગેના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૫. "અજિત ભગત અર્થશાસ્ત્ર પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.એ.ની પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૭૬. એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી કાનૂન વિષયક સમિતિની તા. ૧૭–૧૨–૧૯૮૦ના રોજ મળેલ સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૭–૧૨–૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૭–૧૨–૧૯૮૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૭૭. સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના રીડર શ્રી. કે. ડી. દેસાઈને Council of International Exchange of Scholars, Washington, D.C. ની ફુલબ્રાઇટ સ્કૅાલરશિપ માટે તારીખ ૨૭-૧-૧૯૮૧ થી ૧૫–૧૧–૧૯૮૧ સુધીની પૂરા પગારની રજા આપવા અંગેની તેઓની તા. ૩–૧૨–૧૯૮૦ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. શ્રી. દેસાઈનો મૂળ માસિક પગાર રૂ. ૧૧૫૦-૦૦ છે.

૨. શ્રી. દેસાઈને છેલ્લે ૧૯૬૪–૬૫માં એક વર્ષની અભ્યાસરજા આપવામાં આવી હતી.

૩. તેમને કુલ ૨૭૦ દિવસ માટે દિવસના ૪૫ ડૉલરની સહાય મળશે. ઉપરાંત તેમને ૪૦૦ ડૉલર પ્રોગ્રામના ખર્ચ તરીકે મળશે અને જવા–આવવાનું હવાઈ ભાડું મળશે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના કર્મચારીઓને અભ્યાસ અને/અથવા સંશોધન માટે રજાઓ આપવામાં આવે તો અને ત્યારે તેમને કઈ શરતોએ તે રજાઓ આપવી તે બાબતમાં ઘટતા નિયમો ઘડવાની જરૂર જણાય છે અને તેથી તે બાબતમાં જરૂરી વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના રીડર શ્રી. કે. ડી. દેસાઈને સદરહુ શિષ્યવૃત્તિ સ્વીકારવા માટે મંજૂરી આપવી અને ઉપર નં. (૧)માં જણાવેલ ભલામણો ઉપર આ સભાગૃહ વતી જે નિર્ણય લેવાય તે નિર્ણયને આધીન તેમની તા. ૨૭–૧–૧૯૮૧થી તા. ૧૫–૧૧–૧૯૮૧ સુધીના સમયગાળા માટેની રજાઓ મંજૂર કરવી.

૭૮. સંલગ્ન કૉલેજોએ પ્રત્યેક વર્ષ ઑર્ડિનન્સ-૯૬ અન્વયેની માહિતી તારીખ ૧૬ ઑગસ્ટ પહેલાં મોકલવાની હોય છે છતાં નીચેની કૉલેજોએ સને ૧૯૮૦-૮૧ના વર્ષની માહિતી હજુ સુધી મોકલી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	કયા પ્રકારની માહિતી મોકલી નથી તેની વિગત
૧.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ અંગેની માહિતી
૨.	બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શિક્ષકવર્ગની માહિતી
૩.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	શિક્ષકવર્ગની માહિતી
૪.	રજની પારેખ આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત.	બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની માહિતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચૈકી સરકારી કૉલેજોની બાબતમાં સંબંધકર્તા ખાતાંઓના વડાઓને ઘટતો પત્ર લખવો તથા બિનસરકારી કૉલેજોના સંચાલકમંડળોને ઘટતો પત્ર લખીને સંબંધકર્તા આચાર્યની નિષ્ક્રિયતા ઠપકાપાત્ર છે તેમ જણાવીને જરૂરી માહિતી ત્વરિત મોકલવાનો પ્રબંધ કરવા જણાવવું.

૭૯. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૨-૧૧-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૮૦/૩૭૧૪૭-અ માંની નીચેની માહિતીની નોંધ લેવા બાબત:

ઠરાવ

"શિક્ષણ વિભાગના તા. ૨૭-૭-૧૯૭૭ના સરકારી ઠરાવના હેડિંગ "૬ સામાન્ય"ની શરત નં. ૮ અન્વયે કૉલેજનું સંચાલન કરવા જાહેર ટ્રસ્ટે જૂન, ૧૯૭૭થી શરૂ કરીને ૩ (ત્રણ) વર્ષની મુદતની અંદર સને ૧૯૬૦ના મંડળી નોંધણી અધિનિયમ હેઠળ પોતાનું નોંધાયેલ મંડળી તરીકે પરિવર્તન કરી લેવું એવી શરત મૂકવામાં આવેલી છે. આ શરત રદ કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો."

કાળજીપૂર્વકની વિચારણા બાદ ઉક્ત ઠરાવમાંની હેડિંગ "૬ સામાન્ય"ની શરત નં. ૮ આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૦. યુનિવર્સિટીમાં રોજિંદા ધોરણે હંગામી ધોરણે કામ કરતા કર્મચારીઓના ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયને કેટલીક માગણીઓ માટે રાજ્ય સરકારના લેબર કમિશનરની કચેરીમાં લવાદ માટે કરેલ રજૂઆતની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—આ બાબતમાં આપણા રીટેઈનર ધારાશાસ્ત્રીની સલાહ મુજબ આ માગણીઓ અંગે ઘટતી કાર્યવાહી હાલ ચાલુ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૩-૧૦-૧૯૮૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની બાબત નં. ૨ ઉપર કરેલી ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩—૧૦—૧૯૮૦ની સભાનો કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી)

૮૨. તા. ૧૮-૨-૧૯૮૦ ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં આ યુનિવર્સિટીની પદવી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને અપાતા પદવી પ્રમાણપત્રોમાં પરીક્ષા પાસ કર્યાનો મહિનો તથા વર્ષનો નિર્દેશ કરવા સંબંધી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું અને તેનો અમલ ડિસેમ્બર, ૧૯૮૦ પછી અપાતી પદવીઓ માટે કરવાનું રાખવું અને જે તે પદવીઓ માટેનાં યુનિવર્સિટીનાં છપાયેલાં પદવી પ્રમાણપત્રોની સંખ્યા અંગેની પરિસ્થિતિ જોઇને જરૂરી નવાં પ્રમાણપત્રો આપવાની બાબતમાં જરૂર મુજબ નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવનો અમલ હાલ પૂરતો મોકૂફ રાખવો.

૮૩. વી. એસ. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના એકાઉન્ટન્ટ શ્રી. પી. એ. દોશીને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦ અને તા. ૧૮—૧૦-૧૯૮૦ ની સભાઓમાં ઠરાવ્યા અનુસાર એકાઉન્ટન્ટ તરીકેનું પગારધોરણ તેમ જ તે પેટે મળવાપાત્ર રકમની ચુકવણી કરવા કૉલેજને જણાવ્યું હતું. પરંતુ કૉલેજ તે ઠરાવનું પાલન ન કરતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૪. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણના એકાઉન્ટ્સ કલાર્ક શ્રી. બી. એમ. બારોટે પગારધોરણ ઈ. બાબતમાં તા. ૧૦-૧૨-૧૯૮૦ના ક્રમાંક ૨૭૭૦-૮૦થી હાઇકોર્ટમાં "રિટ પિટિશન" દાખલ કરી હોઈ તે કેસ ઉપર યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા તે પેટે થનાર ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૫. ફાઇનાન્સ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૮૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯—૧૨—૧૯૮૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯—૧૨—૧૯૮૦ની સભાની નોંધની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે)

૮૬. માર્ચ/એપ્રિલ/મે ૧૯૮૧માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ કાર્યાલયે સૂચવેલ તારીખોએ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ—એપ્રિલ-મે ૧૯૮૧ની પરીક્ષા માટેનું કાર્યાલયે સૂચવેલું સમયપત્રક મંજૂર કરવું, તથા તેમાં જરૂર જણાયેથી ઘટતા ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલા સમયપત્રકની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૮૭. પેન્શન અંગેનો સ્ટે. ૧૮૦—સી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

" Statute 180-C :

A non-teaching employee of the University shall be entitled benefits of Pension Scheme inclusive of Family Pension, Gratuity and General Provident Fund according to the Rules of the Gujarat State Government applicable to its employees from time to time;

Notwithstanding anything contained elsewhere in the Statutes, a non-teaching employee of this University who has already been in the employment of this University on or before 31st December, shall be entitled to exercise his option either to opt for the above provision of Pension scheme or to continue to draw the benefits of Contributory Provident Fund and Gratuity as are available under Statute 180—181—182—183—184—185—186—187—188 and Statute 193—A; provided that such an option is exercised within a period of six months from the date on which this Statute comes into force.

In case where the employees opt for the scheme of pension, etc. the contribution of the University together with interest if any that has accrued, thereon will be credited to the State Government.

Note 1 :

The provisions of this Statute will also apply to those employees of the Gujarat University Printing Press who are specifically exempted from the provisions of the the provident fund act of 1952 by the appropriate provident fund authority of the Government.

Note 2 :

The employees who are otherwise eligible under the above provisions but who have retired before the assecent of the Chancellor shall also be entitled to exercise the option mentioned hereinabove provided that they agree and abide by the requirement of adjustment of their dues against the payment of contributory provident fund and gratuity which have already been paid to them are otherwise payable to them. "

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૦—સી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૮૮. વિજ્ઞાનકોશના શ્રેણી સંપાદક શ્રી. નરહરિ કે. ભટ્ટના તા. ૧૮–૧૨–૧૯૮૦ના પત્રમાં કરેલ નિર્દેશને અનુલક્ષીને તેમને હાલમાં આપવામાં આવતા માસિક રૂ. ૬૦૦ના વેતન અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૯. જૂન ૧૯૮૧થી નડિયાદ ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજ અંગે સ્થાનિક તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૯૦. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવા માટે યુનિવર્સિટી ઑફ દાર-એસ-સલામ, ટાન્ઝાનીઆ અને સ્ટેટિસ્ટિક્સ, કોમ્પ્યુટર સાયન્સ અને સોશિયલ રિસર્ચની છઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે તા. ૭-૩-૧૯૮૧થી તા. ૮-૪-૧૯૮૧ સુધીની ખાસ રજાઓ આપવા અંગે તેમની તા. ૨૬–૧૧–૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવા માટે યુનિવર્સિટી ઑફ દાર-એસ-સલામ, ટાન્ઝાનીઆ જવા માટે અને સ્ટેટિસ્ટિક્સ, કોમ્પ્યુટર સાયન્સ અને સોશિયલ રિસર્ચની ૬ઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે પરવાનગી આપવી અને તે માટે તા. ૭–૩–૧૯૮૧થી તા. ૮-૪-૧૯૮૧ સુધીની **ખાસ રજાઓ,** તે આગળ બાબત નં. ૭૭(૧)ના ઠરાવને આધીન, રહેશે તે સ્પષ્ટતા સાથે મંજૂર કરવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૧૧૯૨૮૫ / ૧૯૮૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦ ૦૦૯
તા. ૧૬–૧–૧૯૮૧

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૪૨

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સને ૧૯૮૧ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

	તારીખ
૧. મકરસંક્રાંતિ	બુધવાર ૧૪—૧—૧૯૮૧
૨. ઇદ-એ-મિલાદ	સોમવાર ૧૯—૧—૧૯૮૧
૩. પ્રજાસત્તાક દિન	સોમવાર ૨૬—૧—૧૯૮૧
૪. મહાશિવરાત્રી	બુધવાર ૪—૩—૧૯૮૧
૫. હોળી (બીજો દિવસ)	શનિવાર ૨૧—૩—૧૯૮૧
૬. મહાવીર જયંતી અને ૭. ગુડ ફ્રાઈડે	શુક્રવાર ૧૭—૪—૧૯૮૧
૮. સ્વાતંત્ર્ય દિન અને ૯. રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	શનિવાર ૧૫—૮—૧૯૮૧
૧૦. પારસી નવું વર્ષ-દિન	બુધવાર ૨૬—૮—૧૯૮૧
૧૧. સંવત્સરી	બુધવાર ૨—૯—૧૯૮૧
૧૨. મહાત્મા ગાંધી જન્મદિન	શુક્રવાર ૨—૧૦—૧૯૮૧
૧૩. દશેરા	ગુરુવાર ૮—૧૦—૧૯૮૧
૧૪. બકરી ઈદ (ઇદ-ઉલ્-અજ્હ)	શુક્રવાર ૯—૧૦—૧૯૮૧
૧૫. દિવાળી	મંગળવાર ૨૭—૧૦—૧૯૮૧
૧૬. દિવાળી (નૂતન વર્ષ દિન)	બુધવાર ૨૮—૧૦—૧૯૮૧
૧૭. ભાઈબીજ	ગુરુવાર ૨૯—૧૦—૧૯૮૧
૧૮. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	શનિવાર ૩૧—૧૦—૧૯૮૧
૧૯. ગુરુ નાનકનો જન્મદિન	બુધવાર ૧૧—૧૧—૧૯૮૧
૨૦. યુનિવર્સિટી સ્થાપનાદિન	સોમવાર ૨૩—૧૧—૧૯૮૧
૨૧. નાતાલ	શુક્રવાર ૨૫—૧૨—૧૯૮૧

નોંધ.—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧. રામનવમી	૧૨—૪—૧૯૮૧
૨. રમજાન ઈદ (ઇદ-ઉલ્-ફિત્ર)	૨—૮—૧૯૮૧
૩. જન્માષ્ટમી	૨૩—૮—૧૯૮૧
૪. મહોરમ (આસુરા અથવા દસમો મહોરમ)	૮—૧૧—૧૯૮૧

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૪૩

કર્મચારીઓના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૮—૧૧—૧૯૮૦ના રોજ બપોરે ૧૨—૩૦ વ્લાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિશ્રી)	હાજર
૨.	આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩.	શ્રી. એ. આર. શાહ	હાજર
૪.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ પરીખ	હાજર
૬.	શ્રી. નરહરિભાઈ અમીન	હાજર

૧. તા. ૧૭—૯—૧૯૮૦ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૧૭—૯—૧૯૮૦ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં નીચેની બાબત આ સમિતિની ભલામણ—વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને રાજ્ય સરકારના નાણાં ખાતાના તા. ૧૮—૧૨—૧૯૭૯ના જાહેરનામાના સંદર્ભમાં રૂ. ૪૨૫—૧૫—૪૫૫—૨૦—૬૧૫ ઈ. બી. ૨૦-૬૭૫-૨૫-૭૦૦ ઈ.બી. ૨૫—૮૦૦નું પગારધોરણ—તે પ્રમાણે તા. ૧—૧—૧૯૭૩થી આપવા અંગેની કેટલાક કર્મચારીઓની તા. ૨૫—૪—૧૯૮૦ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલ યુનિવર્સિટીના હેડક્લાર્કનું રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૩૦-૨૦-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦નું પગારધોરણ છે; જ્યારે રાજ્યની અન્ય યુનિવર્સિટી અને કૉલેજોમાં અને સરકારમાં ઉપરનું પગારધોરણ છે.

(૨) ઉપરોકત પગારધોરણ અપનાવવાથી કેટલાક સભ્યોને આર્થિક ફાયદો થાય છે, જ્યારે કેટલાક સભ્યોને આ તબક્કે નુકસાન થાય છે.

સભામાં આ અંગે કેટલીક ચર્ચાવિચારણા થઈ અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

(૩) વિજ્ઞાનભવનના શિક્ષકો કે જેઓ વેકેશન દરમિયાન ફરજ બજાવે છે તેઓને રજાઓ અંગેના જૂના નિયમો પ્રમાણે હક્ક રજાઓ જમા કરવા અંગે વનસ્પતિ વિભાગના વડાના તા. ૧૪--૭--૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે કેટલીક ચર્ચાવિચારણા થઈ અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

(૪) પરીક્ષા વિભાગના કામનો ભરાવો જોતાં તેનો તાત્કાલિક નિકાલ થાય તે માટે કાર્યાલયના કામકાજનો લંબાવેલો સમય પૂરો થયા પછીથી સભ્યોને ઓવરટાઇમમાં રજાના દિવસે બોલાવવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(૫) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭--૪--૧૯૮૦ની સભામાં ગ્રુપ ગ્રેચ્યુઈટી ટ્રસ્ટીઓની તા. ૧૫--૪--૧૯૮૦ની સભાની નીચેની ભલામણ આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ માટે પેન્શન અંગેની યોજના હવે દાખલ કરી હોવાથી અને કર્મચારીઓ પાસેથી તારીખ ૩૧--૭--૧૯૮૦ સુધી તે અંગેના વિકલ્પ મંગાવ્યા હોવાથી જે કર્મચારીઓ પેન્શન યોજનામાં જોડાય તેઓ માટે ગ્રુપ ગ્રેચ્યુઈટી યોજના પુનઃ વિચારવાની રહેશે."

(૧૩) એક્ઝિકયુટિવ કાઉન્સિલની નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સ્ટે. ૧૯૩—એ પ્રમાણે તા. ૩૧—૧૨—૧૯૭૬ પહેલાં જોડાયેલા કર્મચારીઓને પેન્શન-ગ્રેચ્યુઈટી અંગે વિકલ્પ રાખવાની તથા તે પછી જોડાયેલા કર્મચારીઓને ફરજિયાત પેન્શન--ગ્રેચ્યુઈટી યોજના રાજ્ય સરકારના ધોરણે આપવાનું નક્કી થયું હોવાથી હવે લાઈફ ઇન્સ્યુરન્સ કોરપોરેશન સાથે ગ્રેચ્યુઈટી અંગે લીધેલી વીમા યોજના ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ઓજન્ડાની બાબત નં. ૧૩ પણ આ બાબત સાથે વિચારણામાં આવી હતી. ત્યાર બાદ ભલામણ કરવામાં આવી કે એલ.આઈ.સી. સાથેની ગ્રુપ ગ્રેચ્યુઈટી યોજના યુનિવર્સિટીને માટે તાત્કાલિક બંધ કરવી.

૬. પ્રેસવ્યવસ્થાપક અને મદદનીશ પ્રેસવ્યવસ્થાપકને પરીક્ષા ભથ્થું, યુનિવર્સિટીના કર્મચારીઓને હાલ ૧૦ ટકા અને સુપરવાઈઝરી સ્ટાફને ૧૨॥ ટકા આપવામાં આવે છે તે પ્રમાણે, આપવા અંગેની પ્રેસ-વ્યવસ્થાપક અને મદદનીશ પ્રેસવ્યવસ્થાપકની તા. ૪—૮—૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રેસવ્યવસ્થાપક શ્રી. જે. એમ. પુરોહિતને મૂળ માસિક પગારના ૧૦ ટકાને બદલે સાડા બાર ટકા લેખે પરીક્ષાનાં પ્રશ્નપત્રો માટે વધારાના કામ માટે આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ફેરફારનો અમલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની મંજૂરીની તારીખથી કરવો.

૭. માઇક્રોબાયોલોજી વિભાગના પટાવાળા સર્વશ્રી એસ. એન. રાજપૂત અને કે. ડી. રાઠોડ ગેસમિકેનિક તરીકેની ફરજો બજાવે છે તેથી તેઓને રૂ. ૨૬૦—૪૦૦નું પગારધોરણ આપવા અંગેની તા. ૨૦—૮—૧૯૮૦ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યાના બધા જ વિભાગો માટે ગેસમિકેનિકની એક જગ્યા રૂ. ૨૬૦—૪૦૦ના પગારધોરણમાં રાજ્ય સરકારની મંજૂરી મળેથી ઊભી કરવી.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં બૅચેલર ઑફ લાઈબ્રેરી સાયન્સના પ્રવેશ માટે બીજા વર્ગના સ્નાતક કક્ષાનું ધોરણ છે તેમાં યુનિવર્સિટીના કર્મચારીઓને દર વર્ષે એક કર્મચારીને સ્નાતક કક્ષાએ પાંચ વર્ગ હોય તો ખાસ કેસ તરીકે પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી મંજૂર કરી શકાય તેમ નથી.

૯. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગનું હાલનું રોસ્ટર રાજ્ય સરકાર પ્રમાણે ૧૦૦ પોઈન્ટ સ્કેલનું રાખવા અંગે કાર્યાલયની તા. ૨૫—૭—૧૯૮૦ની નોંધ પર વિચારણા કરવા બાબત.

સભામાં આ અંગે કેટલીક પ્રાથમિક ચર્ચાવિચારણા થઈ અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિગતવાર નોંધ કાર્યાલય તરફથી પરિપત્રિત કરવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક કે જેઓ જૂના પગારધોરણમાં ચાલુ રહ્યા છે, પરંતુ તા. ૩૧—૩—૧૯૭૯ના રોજ રૂ. ૪૦૦—૦૦ સુધી પહોંચ્યા નથી તેઓને યુનિવર્સિટીના બીજા કર્મચારીઓ કે જેઓ જૂના પગારધોરણમાં ચાલુ રહ્યા છે અને તા. ૩૧—૩—૧૯૭૯ના રોજ રૂ. ૪૦૦ ઉપર પહોંચી ગયા છે તેની માફક ૧ ટકા વેઇટેજ આપવા અંગેની તા. ૧૮—૬—૧૯૮૦ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ભલામણ કરવામાં આવે છે કે સદરહુ અરજી મંજૂર કરી શકાય એમ નથી.

૧૧. શ્રમિક વિદ્યા કેન્દ્રના હંગામી કર્મચારીઓને યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને તબીબી સહાય આપાય છે તે લાભ આપવા અંગે શ્રમિક વિદ્યા કેન્દ્રના નિયામકશ્રીના તા. ૧૬—૭—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા હેઠળ આવી ત્યારે એજન્ડા પરની બાબત નં. ૧૭ (૧)ની આ અંગેની ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયનની આવી જ માગણી અંગે પણ વિચારણા કરવામાં આવી અને ત્યાર બાદ ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારના નિયમો પ્રમાણે હંગામી કર્મચારીઓને પણ તબીબી સહાયનો લાભ આપવો.

સમયના અભાવે નીચેની બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી :

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના હંગામી કર્મચારીઓને પરીક્ષા સીઝનમાં એક કલાક વધારે ફરજ બજાવવી પડે છે તે માટે એક કલાકનું રૂ. ૨—૦૦ વળતર તેઓને આપવા અંગે યુનિવર્સિટી જનરલ એમ્પ્લોયમેન્ટ યુનિયનના તા. ૧૪—૧૦—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૩. ડાયરેક્ટર ઑફ યુથ વેલફેરનું નામાભિધાન આપવા અંગે શ્રી. કનક દવેની તા. ૧૫—૧૦—'૮૦-ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રીના રીડર ડૉ. આઈ. જી. વશી, ડૉ. જે. સી. વોરાથી સીનિયર હોવાથી તેમની પગારવધારાની તા. ૨૯—૭—૧૯૮૦ છે તેના બદલે ડૉ. જે. સી. વોરાની હાલની પગાર-વધારાની તા. ૧—૬—૧૯૮૦ આપવા અંગે તેમના તા. ૧—૭—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૬. યુનિવર્સિટીના ડે. એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ)ને તેમની ઇમરજન્સી ફરજો જોતાં તેમને ભાડા-મુકત રહેઠાણ આપવા માટેની તેમની તા. ૨૩—૧૦—૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૭. ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ યુનિયનની નીચેની માગણીઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તેમ જ ભવનોમાં કામ કરતા હંગામી કર્મચારીઓને આરોગ્ય સેવાઓનો લાભ મળે છે તેમાં રહેલી ખામીઓ તાત્કાલિક દૂર કરી હંગામી કર્મચારીઓને બહારથી ખરીદવી પડતી દવાઓની નાણાકીય સહાય મળે તે અંગેની યોગ્ય વ્યવસ્થા કરવી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવન, રસાયણ વિભાગના કાયમી કર્મચારીઓને ૫૦૦ ગ્રામ દૂધ અપાય છે તેનો લાભ રસાયણ વિભાગના હંગામી કર્મચારીઓને પણ આપવો.

૧૮. મે માસમાં થયેલા વિદ્યાર્થીઓના તોફાન દરમિયાન યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓનાં વાહનોને નુકસાન થયું હતું તે અંગે વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડિયા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭–૧૦–૧૯૮૦ ને સોમવારના રોજ સાંજના ૪–૦૦ કલા મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. સી. એસ. શાહ	હાજર
૩.	શ્રી. કે. એમ. કંટાવાલા	હાજર
૪.	શ્રી. કે. કે. સંઘાણી	ગેરહાજર
૫.	શ્રી. બી. એમ. પીરજાદા	ગેરહાજર
૬.	શ્રી. આર. સી. સોનપાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૫–૭–૧૯૮૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૫–૭–૧૯૮૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના મકાનનું બાંધકામ ઘણા સમયથી બંધ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રીના બાંધકામ બાબતમાં કાયદાના પ્રશ્નો ઊભા થતા હોવાથી વકીલ શ્રી. સતવાણી પાસેથી લીગલ અભિપ્રાય મેળવીને તે આવેથી તેના પર જરૂરી નિર્ણય વાસ્તે આ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં રસ્તા પર માટી તથા છારું વખતોવખત નાખવાની જરૂરિયાત ઊભી થાય છે તે અંગે વેપારીઓ માટી કે છારું પાથરીને તેના ચટ્ટા કરીને માલ પુરો પાડવા આશકિત દર્શાવે છે. આ સંજોગોમાં યોગ્ય નિયમ બનાવવો જરૂરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માટી પુરાણ તથા છારું ટ્રકના માપથી મંગાવવાનું રાખવું તથા યુનિવર્સિટી એન્જિનિયરે તેના માપ વગેરેની ચોકસાઈ તથા અસરકારક દેખરેખ રાખવી.

૪. ફિઝિક્સ વિભાગના ટીચર્સ રૂમમાં ફોલ્સ સીલિંગ બી. એમ. આર્ટ્સ પાસેથી સિન્ડિકેટ ખંડમાં ઠરાવેલ ભાવે તથા સ્પેસિફિકેશન પ્રમાણે કરાવી લેવા રૂ. ૪૧૦૦નું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું, તે કાર્યની નોંધ લેવા બાબત.

[નોંધ.—આ અંગેના ભાવની અગાઉ મંજૂરી નંબર ૮૯૦ તા. ૧૭–૧–૧૯૮૦થી મંજૂરી મળી હતી, ત્યારબાદ ફિઝિક્સ વિભાગ માટે આજ પ્રકારનું કામ કરાવવાનું હોવાથી તે જ ભાવથી કામ કરાવી લેવાનો પ્રસ્તાવ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫. યુનિવર્સિટી કેમ્પસ ઓન. આર. ઓસ. હોલ તેમ જ રમતગમતના મેદાનો માટે માટી બહારથી લાવીને પુરી પાડવા અંગે તે કામના કોન્ટ્રાક્ટર તરફથી આવેલ તા. ૨૨—૯—૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગેની મંજૂરી તા. ૧૪—૪—૧૯૮૦ની બાંધકામ સમિતિની સભામાં મળી હતી તે પ્રમાણે ફર્સ્ટ લોએસ્ટ કોન્ટ્રાક્ટરને તા. ૨૧—૩—૧૯૮૦ ના રોજ ઑર્ડર આપ્યો હતો. ત્યારબાદ તેઓએ કામ ન કરતાં આ કામ સદરહુ સમિતિના ઠરાવ પ્રમાણે બીજા કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવેલું તેના અનુસંધાનમાં કોન્ટ્રાક્ટરનો આ પત્ર આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ માટેના ભાવ ફરીથી મંગાવીને આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

૬. યુનિવર્સિટી પ્રેસના મકાનમાં બારીઓમાં ગ્રીલ તથા ગ્રીલ ગેઈટ કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૩૬૦૦—૦૦ જેટલું થશે.
(૨) ગ્રીલને બદલે સેફ્ટી બાર ફીટ કરીએ તો ખર્ચ આશરે રૂ. ૧૯૦૦૦—૦૦ જેટલું થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ પાસે ડિઝાઈન મેળવી પ્રેસના મકાનની બારીઓમાં ગ્રીલ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા આ અંગે રૂ. ૩૩૬૦૦-૦૦ની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા લો ભવનના સ્ટ્રક્ચરલ એન્જિનિયર મે. વકીલ મહેતા શેઠ તરફથી આવેલા પત્ર નં. વી. એમ. એસ. ૨૫૭૭-૯૧૦, તા. ૩—૧૦—૧૯૮૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. લો ભવનના બાંધકામના કોન્ટ્રાક્ટર મે. વાદી એન્ડ પટવા તરફથી આવેલા પત્ર નં. ૨૪૬-૮૦-૮૧ તા. ૨૮—૮—૧૯૮૦ તથા સ્થપતિ તરફથી આવેલ પત્ર નં. ૭૭૦૯-૮૦-૯૨૪ તા. ૨૧—૮—૧૯૮૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલત્વી રાખવી.

૯. સીસ્ટમ કન્સલટન્ટ તરફથી શ્રી. ઓસ. આર. નાણાવટીના યુનિવર્સિટીની સ્ટ્રક્ચરલ એન્જિનિયરની પેનલમાં સમાવેશ કરવાના તા. ૧—૮—૧૯૮૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલની સ્ટ્રક્ચરલ એન્જિનિયરની પેનલ પુરતી છે આથી તેમાં ઉમેરો કરવાની હાલ જરૂર જણાતી નથી.

૧૦. બૉઇઝ હોસ્ટેલ "જી" બ્લોકનું બાંધકામ કંત્રાતી મે. ન્યૂ. કન્સ્ટ્રક્શન કંપનીએ છોડી દીધુ છે તો સદરહુ કામ હવે પુરું કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લોક "જી"ના કામ અંગે કાયદાના પ્રશ્નો હોવાથી સદરહુ બાબતમાં વકીલ શ્રી. સતવાણીનો અભિપ્રાય મેળવીને તે આવ્યેથી સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવાનું રાખવું.

દરમિયાન યુનિવર્સિટી કેમ્પસ પરથી લોખંડની ઉઠાંતરી થઈ છે તે અંગે યુનિવર્સિટી તરફથી પોલિસ ખાતામાં ફરિયાદ નોંધાવવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવવતી

પરિશિષ્ટ " ધ "
કામકાજ ક્રમાંક ૪૫

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૦—૧૧—૧૯૮૦ને ગુરવારના રોજ બપોરના ૧૨—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કલપતિશ્રી એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કલપતિશ્રી.	હાજર
૨. શ્રી. અરવિંદભાઈ શાહ	હાજર
૩. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૦ની સભાની નોંધ મંજુર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગને માયક્રોસ્કોપના વપરાશ અંગે એક હાઈપ્રેસર બલ્બ ૫૦ વોલ્ટનો વેસ્ટ જર્મનીથી રૂ. ૨૦૦૧—૦૦ના ખર્ચે આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિ વિજ્ઞાન વિભાગને માયક્રોસ્કોપના વપરાશ અંગે ૫૦ વોલ્ટનો એક હાઈપ્રેસર લેમ્પ (કોડ નં. ૫૦૦ ૧૩૭) રૂ. ૨,૦૦૧—૦૦ અંકે રૂપિયા બે હજાર એક પૂરા) વત્તા ટેક્ષના ખર્ચે વેસ્ટ જર્મનીથી આયાત કરવો.

૩. યુનિવર્સિટી કાર્યાલય તથા તેના બધા જ વિભાગોના ટાઈપરાઈટર મશીનોને રિપેરિંગ કરવા અંગે ઉચ્ચક ધોરણે એક પાર્ટ ટાઈમ મિકેનિક રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા તેના બધાજ વિભાગોના ટાઈપરાઈટર મશીનોને રિપેરિંગ કરવા અંગે માસિક રૂ. ૪૦૦/- (રૂપિયા ચાર સો પૂરા)ની ઉચ્ચક રકમથી શ્રી. પી. એન. પટેલને એક વર્ષ (૧ લી ડિસેમ્બર ૧૯૮૦ થી ૩૧ ડિસેમ્બર ૧૯૮૧ સુધી) કોન્ટ્રાક્ટ આપવો.

૪. પરીક્ષા વિભાગની જૂની લોખંડની પેટીઓ લખી વાળવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા કામ અંગે વપરાતી લોખંડની પેટીઓ ઘણી જૂની તથા ભંગાર થઈ ગયેલ હોવાથી લખી વાળવી અને ભાવ મંગાવી તેનો નિકાલ કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. યુનિવર્સિટી ગ્રંથાલયના રીડિંગ સેન્ટરની બારીઓના પડદા બનાવવા અંગે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સ પાસેથી રૂ. ૩૫૦૦—૦૦નું કાપડ ખરીદ્યું તેને કલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૬. આંકડાશાસ્ત્ર વિજ્ઞાન વિભાગને ત્રણ ઈલેક્ટ્રોનિક કેલક્યુલેટર્સ મે. ઈલેકટ્રોનિક કોર્પોરેશન ઓફ

ઇન્ડિયા સરકારી સંસ્થાની પાસેથી ખરીદવા અંગે રૂ. ૮૦૦૦—૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૭. યુનિવર્સિટી કાર્યાલય માટે નંગ બે વોટર કુલર મે. બ્લ્યુ સ્ટાર લિ. પાસેથી ખરીદવા, એકસાઇઝ ડયૂટીના દરમાં વધારો થવાથી રૂ. ૨૦૨—૦૦ (બસો બે પુરા) વધારાના ખર્ચની કલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૮૦—૮૧ દરમિયાન ડાયરીઓ આપવા ઓન.એસ.એસ.ઝોનલ સેન્ટરે સુચવ્યા પ્રમાણે કુલ ૮૫૫૦ નંગ ડાયરી બનાવવા અંગે કુલપતિશ્રીએ રૂ. ૮૫૫૦—૦૦નું ખર્ચ મંજુર કર્યું તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૯. યુનિવર્સિટીનું જૂનું ટેલિફોન એક્ષચેન્જ કાઢી નાંખવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

શિક્ષણ નિયામકનો તા. ૩—૧૧—૧૯૭૯નો પત્ર સભા સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ બલામણ કરવામાં આવી કે યુનિવર્સિટીનું જૂનું ટેલિફોન એક્ષચેન્જ સૌથી વધુ ભાવે રૂ. ૧૫૦૫૧/- (અંકે રૂપિયા પંદર હજાર એકાવન પુરા) ઓ શિક્ષણ નિયામકશ્રી, શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યને આપવું તથા તે અંગેની રકમ ગ્રાન્ટમાં એડજસ્ટ કરવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૬

O. 120–B :

(*i*) There shall not be more than three faculty units in a college.

(*ii*) The maximum number of students admissible in an affiliated Arts, Science, Commerce or Law College (including a College having two or three faculty units) shall be 1250, provided that the number of students admissible in Diploma courses, if any, in an affiliated Law College, such Diploma students being not more than 300, shall be exclusive of this ceiling of 1250 students in a college.

Notwithstanding anything contained above the Vice-Chancellor may, in his discretion, permit the College concerned to admit such number of students exceeding 1250 *as may be deemed necessary by the Vice-Chancellor in his discretion.*

(*iii*) The maximum number of students admissible in an affiliated Education College shall be determined by the Executive Council from time to time for each College.

(*iv*) No affiliated Arts, Science or Commerce College shall have more than four divisions of a class in all faculties taken together, *provided that the Vice–Chancellor may, in his discretion, permit to open one or more dtvisions in a faculty or faculties only if he deems it necessary to do so.*

(*v*) No affiliated Law College shall have more than five divisions of a Class.

(*vi*) In an affiliated Arts, Science, Commerce or Law College, each class or a division thereof shall be not more than 100 students. However, the Vice-Chancellor may, in his discretion, permit admission of not more than 10 students in a Class (all divisions taken together) only in cases where the students of the same College are left out in cases of migration from other States or in peculiar circumstances like choice of medium or combination of subjects, subject to a maximum total of 1250 students, provided that an affiliated Arts, Science, Commerce or Law College, situated outside the Ahmedabad city area having only a single division

in one or more class may admit not more than 130 stndents in such a division of a class or classes.

Notwithstanding anything contained above the Vice-Chancellor may, in his discretion permit a college to admit such number of students exceeding 1250 *as may be deemed necessary.*

(*vii*) In an affiliated Engineering College, the Vice-Chancellor may, in his discretion, permit admission of ten percent additional students, provided that such permission will be considered effective only if and when the college obtains necessary approval thereto by the Government of India.

(*viii*) Each affiliated College shall first admit its own students (including those who have been allowed to keep terms) to the higher class. However, those students who fail to secure their admission within a week from the date of the declaration of their result shall forfeit their right of admission to the higher class of their own college.

(*ix*) *Every college in the Faculty of Arts including Education, Science, Commerce or Law shall, out of the total seats available in the first year of the college, reserve at least* 15% *of the seats for the students belonging to scheduled castes and scheduled tribes taken together and* 5% *of the seats for the students belonging to other backward classes (as per Baxi Commission recommendation) shall admit students belonging to the categories concerned on these seats on the basis of marks obtained by them. This reservation of the seats shall be exclusive of those students of these categories who might get admission on merit as per the normal standard, if any, laid by the college.*

The last date for receiving application for the reserved seats shall be one week from the date of the declaration of the result of the examination on the basis of which admission is given.

If the seats remain vacant, after admission to all the applicants belonging to the above-mentioned catagories is completed, it shall be competent for the principal of the college to fill in these vacancies with prior permission of the Vice-Chancellor.

(*x*) *The colleges shall reserve at least* 20% *of the seats available in their hostels for the students belonging to scheduled castes and scheduled tribes taken together.*

પરિશિષ્ટ "છ"
બાબત ક્રમાંક ૪૮

"શ્રીનિવાસ દીવેટિયા શિષ્યવૃત્તિ"

દાતાનું નામ તથા સરનામું	:	શ્રીમતી ઈરાવતી એસ. દીવેટિયા, "વાલ્મિક" ૪૦, પરિમલ સોસાયટી, ઓલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૯
પ્રદાનની રકમ	:	રૂ. ૧૦,૦૦૦/--
દાનનો પ્રકાર	:	એક શિષ્યવૃત્તિ
પ્રદાનનો સ્વીકાર	:	એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫–૫–૧૯૮૦ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

(૧) "શ્રીનિવાસ દીવેટિયા શિષ્યવૃત્તિ"એ નામની આશરે રૂ. ૯૫૦–૦૦ની એક શિષ્યવૃત્તિ માર્ચ–એપ્રિલ માં લેવામાં આવતી બી.ઈ.(સિવિલ)ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ આ યુનિવર્સિટીમાં એમ.ઈ. અનુસ્નાતક પદવી (સિવિલ) પરીક્ષા માટે અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) સદરહુ શિષ્યવૃત્તિની વાર્ષિક રૂ. ૯૫૦–૦૦ની રકમ, સત્ર દીઠ રૂ. ૨૩૭–૫૦ પ્રમાણે દર છ માસે કુલ બે વર્ષ માટે ચૂકવવામાં આવશે અને તે માટે વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ અને સારી ચાલચલગત અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૩) સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં અરજદારની નાત, જાત, ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

(૪) જે વર્ષ માટે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તે અંગેની જાહેરાત તે વર્ષના પદવીદાન સમારંભ વખતે શક્ય હશે ત્યાંસુધી કરવામાં આવશે.

(૫) જે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તેનાં નામ અને સરનામાની દાતાને જાણ કરવામાં આવશે.

(૬) આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૭) આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી જો બચત રહેશે તો તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૬૨

"ડૉ. વાય. જી. નાયક સ્મૃતિચંદ્રક"

દાતાનું નામ તથા સરનામું : ડૉ. વાય. જી. નાયક મેમોરિયલ ફંડ
દ્વારા—ડૉ. એચ. બી. નાયક પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ ૧, ડુંગરશી નગર સોસાયટી નં. ૨, પાલડી, અમદાવાદ—૩૮૦ ૦૦૭.

પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦—૦૦

પ્રદાનનો પ્રકાર : એક ચંદ્રક

પ્રદાનનો સ્વીકાર : એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮—૧૦—૧૯૮૦ની સભામાં પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

(૧) "ડૉ. વાય. જી. નાયક સ્મૃતિ ચંદ્રક" નામનો આશરે રૂ. ૭૧૦—૦૦ની કિંમતનો એક ચંદ્રક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની માર્ચ--એપ્રિલમાં લેવાતી થર્ડ બી.એસસી.ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન (physics) મુખ્ય વિષય તરીકે લઈને પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) ચંદ્રક એનાયત કરતાં બાકીની વધતી રકમ વિજેતાને રોકડ મૂકવવામાં આવશે.

(૩) ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે, તથા ચંદ્રક શકય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવમાં આવશે.

(૪) વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

(૫) સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

(૬) આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૭) આ સખાવતની વાર્ષિક આવકમાંથી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૩

એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮—૧૦—૧૯૮૦ની સભામાં ગુજરાત યુનિવર્સિટી કર્મચારી મંડળની માંગણીઓ અંગે નીમેલી પેટા સમિતિની એક સભા તા. ૧૫—૧૨—૧૯૮૦ના રોજ બપોરે ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩.	શ્રી. નરહરિભાઈ પરીખ	ગેરહાજર
૪.	શ્રી. ઓ. આર. શાહ	હાજર

૧. નવા પગારધોરણમાં ફિકસેશનની તા. ૧—૧—૧૯૭૩ના રોજ બ્લોક થઈ ગયેલા ચોથા વર્ગના કર્મચારીઓને સિન્ડિકેટે આપેલ ઈજાફાનો લાભ ૧૯૭૩થી આપવો.

આથી ભલામણ કરવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે ચોથા વર્ગના કર્મચારીઓને તા. ૧—૧—૧૯૭૯થી પગારધોરણમાં આખરી પગથીયે પહોંચ્યા હોય તેવા કર્મચારીઓને બે વર્ષે એક અને વધુમાં વધુ ત્રણ ઈજાફાઓનો લાભ આપ્યાનું ઠરાવ્યું છે તેનો અમલ તા. ૧—૧—૧૯૭૩થી કરવો.

૨. જૂના પગારધોરણમાં રહેલા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને સિન્ડિકેટે એપ્રિલ ૧૯૭૯થી આપેલ ૫ ટકા વેઇટેજ ૧૯૭૪થી આપવું.

૩. સરેલા પંચના ઈજાફાનો લાભ સિન્ડિકેટે કૉલેજ કર્મચારીઓને આપ્યો છે અને રાજ્ય સરકારે પોતાના કર્મચારીઓને આપ્યો છે તે લાભ આ પગારધોરણ અપનાવનાર યુનિવર્સિટી કર્મચારીઓને આપવો.

૬. સિન્ડિકેટે રાજ્ય સરકારને ભલામણ કરેલ પગારધોરણોનો તાત્કાલિક અમલ કરવો.

૭. હેડકલાર્ક અને કાર્યાલય નિયામકને સમકક્ષ જગ્યાનું પગારધોરણ આપવું.

માંગણીઓ ક્રમાંક ૨, ૩, ૬ અને ૭ની સાથે વિચારણા કરવામાં આવી. લંબાણપૂર્વક વિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકાર પાસે આ બાબતની પુનઃ લેખિત રજૂઆત કરવી તથા તે અંગે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિએ રૂબરૂ રજૂઆત કરવાનું પણ રાખવું.

૪. આયુર્વેદિક અને ડેન્ટલની દવાઓના બિલોની ચુકવણી કરવી.

આથી ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારના ધોરણો પ્રમાણે યુનિવર્સિટીના જે કર્મચારીઓ આયુર્વેદિક તબીબી સેવાઓ સિવિલ હોસ્પિટલ કે ચાખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલમાં લે તેઓને બિલોની ચુકવણી નિયમાનુસાર કરવી.

વધુમાં ડેન્ટલ સેવાઓ માટે રાજ્ય સરકારને અગાઉ વિનંતિ કરવામાં આવી છે તેનો સ્વીકાર કરવા માટે રાજ્ય સરકારને પુનઃ લખવું.

૫. પરીક્ષાના કામ અંગે બહારગામ મોકલવામાં આવતા કર્મચારીઓને રિક્ષા ભાડુ અને કાર્યાલયના સમય કરતાં વધુ સમય બહારગામ રોકાવું પડે તો ઓવરટાઈમ આપવો.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ પરીક્ષાના કે ચૂંટણીના કામે બહારગામ જાય ત્યારે રાજ્ય સરકારના સુધારેલા નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું દૈનિક ભથ્થા સાથે આપવું તથા હાલ રૂ. ૫/- નું વધારાનું ભથ્થું આપવામાં આવે છે તેને બદલે વધુમાં વધુ અમદાવાદ બહાર આઠ કલાક કે તેથી ઓછા સમય માટે રહેવાનું થાય તો રૂ. ૭ અને આઠ કલાક કે તેથી વધારે સમય માટે રહેવાનું થાય તો રૂ. ૧૦નું ખાસ ભથ્થું આપવું અને આ ઠરાવનો અમલ તા. ૧—૧૦—૧૯૮૦થી કરવો. આવા કર્મચારીઓને ઓવરટાઈમ તથા બદલાની રજા મળી શકશે નહીં તેમ વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કલસચિવ વતી

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૬૪

કર્મચારીઓના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૬—૧૨—૧૯૮૦ના રોજ બપોરના ૧૨—૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી. ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૩.	શ્રી. નરહરિભાઈ પરીખ	હાજર
૪.	શ્રી. એ. આર. શાહ	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ અમીન	હાજર
૬.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર

૧. તા. ૨૮—૧૧—૧૯૮૦ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

આ સમિતિની તા. ૨૮—૧૧—૧૯૮૦ની સભાની બાબત ક્રમાંક—૬ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારીને મંજૂર કરી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

"આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રેસ--વ્યવસ્થાપક તથા મદદનીશ પ્રેસ વ્યવસ્થાપકને પરીક્ષાની મોસમમાં પરીક્ષાના પ્રશ્નપત્રોના મુદ્રણ માટે તેમનાં કામના કલાકો જોતાં તેમને વાર્ષિક મૂળ માસિક પગારને બદલે મૂળ માસિક પગારના ૧૨૫ ટકા લેખે પરીક્ષાના પ્રશ્નપત્રો માટેના કામ માટેનું ભથ્થું આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ફેરફારોનો અમલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરીની તારીખથી કરવો.

૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીમાં હેડકલાર્ક તરીકે કામ કરતા કર્મચારીઓને રાજય સરકારના નાણાં ખાતાના તા. ૧૮—૧૨—૧૯૭૯ના જાહેરનામાના સંદર્ભમાં રૂ. ૪૨૫-૧૫-૪૫૫-૨૦-૬૧૫ ઈ.બી. ૨૦-૬૭૫-૨૫-૭૦૦ .બી. ૨૧-૮૦૦નું પગારધોરણ તે પ્રમાણે તા. ૧—૧—૧૯૭૩થી આપવા અંગેની કેટલાક કર્મચારીઓની તા. ૨૫—૪—૧૯૮૦ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલ યુનિવર્સિટીના હેડકલાર્કનું રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈ. બી. ૨૫-૮૦૦નું પગારધોરણ છે જ્યારે રાજયની અન્ય યુનિવર્સિટીમાં અને કોલેજોમાં અને સરકારમાં ઉપરનું પગારધોરણ છે.

(૨) ઉપરોકત પગારધોરણ અપનાવવાથી કેટલાક સભ્યોને આર્થિક ફાયદો થાય છે. જ્યારે કેટલાક સભ્યોને આ તબકકે નુકશાન થાય છે.]

સદરહુ બાબત અંગે આવા કેસોમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે તે અંગેની માહિતી મંગાવી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩. વિજ્ઞાનભવનના શિક્ષકો કે જેઓ વેકેશન દરમિયાન ફરજ બજાવે છે તેઓને રજાઓ અંગેના જૂના નિયમો પ્રમાણે હક રજાઓ જમા કરવા અંગે વનસ્પતિ વિભાગના વડાના તા. ૧૪—૭—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જે વિભાગના શિક્ષકોએ વેકેશન સમય દરમિયાન યુનિવર્સિટીનું કામ કર્યું છે તે અંગેની માહિતી યુનિવર્સિટીને આવી હોય તેવા શિક્ષકોને તા. ૧૫—૬—૧૯૭૬થી તા. ૩૧—૧૨—૧૯૭૮ના ગાળામાં આવતા વેકેશન સમય દરમિયાન જેટલા દિવસ માટે જે શિક્ષકોએ આ પ્રકારની કામગીરી કરી હોય તે શિક્ષકોને હાજર રહેલા દિવસોના ૧/૩ લેખે યુનિવર્સિટીના જૂના નિયમો પ્રમાણે દરેક વિભાગમાંથી વધુમાં વધુ માત્ર એકજ શિક્ષકને હકરજા જમા આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે શિક્ષકગણના રજાઓ અંગેના તા. ૧—૧—૧૯૭૯થી અમલી બનેલા નવા નિયમોના સંદર્ભમાં જે શિક્ષકોને વેકેશન દરમિયાન ફરજ પર બોલાવવામાં આવે તે અંગે કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી લેવાની આવશ્યકતા રહેશે તેમ ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવું.

૪. યુનિવર્સિટીના બિન-શિક્ષક વર્ગનું હાલનું રોસ્ટર રાજ્ય સરકાર પ્રમાણે ૧૦૦ પોઇન્ટ સ્કેલનું રાખવા અંગે કાર્યાલયની તા. ૨૫—૭—૧૯૮૦ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસેથી જરૂરી માહિતી મેળવી સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના હંગામી કર્મચારીઓને પરીક્ષા સીઝનમાં એક કલાક વધારે ફરજ બજાવવી પડે છે તે માટે એક કલાકનું રૂ. ૨—૦૦ વળતર તેઓને આપવા અંગે યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ યુનિયનના તા. ૧૪—૧૦—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ યુનિયનની કેટલીક માંગણીઓ અંગે મજૂર કમિશ્નરશ્રીની કચેરીમાં કેટલીક કાયદા વિષયક કાર્યવાહી હાલ ચાલુ હોઈ તે અંગેની કાનૂની કાર્યવાહી પૂરી થાય ત્યાંસુધી આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેરનું નામાભિધાન આપવા અંગે શ્રી. કનક દવેની તા. ૧૫—૧૦—૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રીના રીડર ડૉ. આઈ. જી. વશી, ડૉ. જે. સી. વોરાથી સીનિયર હોવાથી તેમની પગારવધારાની તા. ૨૯—૭—૧૯૮૦ છે તેના બદલે ડૉ. જે. સી. વોરાની હાલની પગાર-વધારાની તા. ૧—૬—૧૯૮૦ આપવા અંગે તેમની તા. ૧—૭—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે ડૉ. આઈ. જી. વશીની પગાર વધારાની તારીખ ખાસ અપવાદ તરીકે ડૉ. જે. સી. વોરાની પગારવધારાની તારીખ એટલે કે તા. ૧—૬—૧૯૮૦ રાખવી.

૮. યુનિવર્સિટીના ડે. એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ)ને તેમની ઈમરજન્સી ફરજો જોતાં તેમને ભાડા-મુકત રહેઠાણ આપવા માટેની તેમની તા. ૨૩—૧૦—૧૯૮૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે ડેપ્યુટી એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ)ની ઈમરજન્સી ફરજો જોતાં તેઓને યુનિવર્સિટી કેમ્પસ ઉપર ભાડામુકત રહેઠાણ આપવું.

૯. ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયનની નીચેની માંગણીઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તેમ જ ભવનોમાં કામ કરતા હંગામી કર્મચારીઓને આરોગ્ય સેવાઓનો લાભ મળે છે તેમાં રહેલી ખામીઓ તાત્કાલિક દૂર કરી હંગામી કર્મચારીઓને બહારથી ખરીદવી પડતી દવાઓના નાણાંકીય સહાય મળે તે અંગેની યોગ્ય વ્યવસ્થા કરવી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવન, રસાયણ વિભાગના કાયમી કર્મચારીઓને ૫૦૦ ગ્રામ દૂધ આપાય છે તેના લાભો રસાયણ વિભાગના હંગામી કર્મચારીઓને પણ આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયન તરફથી મજૂર કમિશ્નરશ્રીની કચેરીમાં લવાદી કાર્યવાહી ચાલતી હોવાથી તે અંગેનો આખરી નિર્ણય આવે ત્યાંસુધી આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. ગ્રંથાલયના ટાઈપિસ્ટ શ્રી. એન. એમ. વાઝાને તા. ૧—૧૦—૧૯૭૯થી માસિક રૂ. ૧૦નું ગુજરાતી ટાઈપિંગ એલાવન્સ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયનના તા. ૬—૧૦—૧૯૮૦ના પત્રમાં દર્શાવેલ માંગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસનો કામકાજનો કુલ સમય (ટાઈમિંગ) રાજ્ય સરકારના પ્રેસના ધોરણ પ્રમાણે અઠવાડિક ૪૨ કલાકનો રાખવો અને જ્યારે ઓવરટાઈમ કામના પુરસ્કારના હેતુ માટે અઠવાડિક ૪૨ થી ૪૮ કલાકના સમય માટે કે દિવસના ૯ કલાક સુધી એકવડા દર પ્રમાણે પગાર ચૂકવવો અને રાજ્ય સરકારના ધોરણોને અનુલક્ષીને ૪૮ કલાકથી વધુ કે રોજના નવ કલાકથી વધુ સમય કામ માટે પ્રેસના કોઈ કર્મચારીને રોકવામાં આવે તો રાજ્ય સરકારના પ્રેસના નિયમો પ્રમાણે ઓવરટાઈમ ભથ્થું બેવડા દરે ચૂકવવું. આ સિવાય બીજી માંગણીઓ સ્વીકારવાનું શકય નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને યુનિવર્સિટીના બીજા કર્મચારીઓની માફક યુનિવર્સિટીના રહેઠાણ માટે લાયક ગણવા.

૧૨. મે માસમાં થયેલા વિદ્યાર્થીઓના તોફાન દરમિયાન યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓના વાહનોને નુકશાન થયું હતું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશ શ્રી. બી. ટી. પઠાણને હાલ રૂ. ૬૫૦-૯૦૦નું પગારધોરણ મળે છે તેને બદલે તેઓને રૂ. ૬૫૦-૧૦૪૦નું પગારધોરણ આપવા અંગે તેમની તા. ૨૧—૧૧—૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે કુલસચિવશ્રીના અંગત મદદનીશ શ્રી. બી. ટી. પઠાણને પણ આ સમિતિ તેની તારીખ ૨૨—૨—૧૯૭૮ની સભામાં તેમનાં પુરોગામી શ્રી. કે. જી. શાહની બાબતમાં કરેલ નીચેની ભલામણ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણી કરવી.

"ચર્ચાવિચારણા કરીને ભલામણ કરવામાં આવી કે કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામક શ્રી. બી. ટી. પઠાણને તેમની સ્ટેનોગ્રાફર તરીકેની ફરજો પણ લક્ષમાં લઈને તેમને કુલસચિવશ્રીના મદદનીશ અને સ્ટેનોગ્રાફર (ગ્રેડ એક)નું રાજ્ય સરકારે મંજૂર કરેલું પગારધોરણ તેઓને આપવું."

૧૪. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ માટે સેક્રેટરિયલ સ્ટાફ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હાલ ફક્ત સ્ટેનોગ્રાફરની એક જગ્યા મંજૂર કરેલી છે.)

આથી ભલામણ કરવામાં આવે છે કે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની યોજના માટે આ યોજનાના સમય માટે એક સ્ટેનોગ્રાફર ઉપરાંત નીચે પ્રમાણેનો સ્ટાફ મંજૂર કરવો.

(૧) જુનિયર ક્લાર્ક	એક જગ્યા
(૨) ટાઈપિસ્ટ	એક જગ્યા
(૩) પટાવાળા	બે જગ્યા.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ બાબતમાં રાજ્ય સરકારને મંજૂરી આપવા માટે વિનંતી કરવી.

૧૫. પ્રેસના કેટલાક કર્મચારીઓની તા. ૧૫—૧૨—૧૯૮૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૬. આ સમિતિએ તેની તા. ૨૮—૧૧—૧૯૮૦ની સભાની બાબત નં. ૬ અંગે કરેલ ભલામણ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રેસ મૅનેજર અને મદદનીશ પ્રેસ મૅનેજરને એક્ઝિકયુટિવ કાઉન્સિલે આ સમિતિની તા. ૨૮—૧૧—૧૯૮૦ની ભલામણ અન્વયે પરીક્ષાના પ્રશ્નપત્રોના મુદ્રણકામ માટે પરીક્ષાની મોસમોમાં વધુ વખત રોકાવાનું થાય તે હકીકતના ઉપલક્ષમાં તેમને દર વરસે એક મહિનાનો મૂળ માસિક પગાર આપવાનું ઠરાવ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. ભ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૬૭

સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારી ગણની સેવાની શરતો ઈત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભાં થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦—૨—૧૯૮૦ની સભામાં નિયુકત કરેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૮—૧૧—૧૯૮૦ના રોજ બપોરના ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	આચાર્યશ્રી ધનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૨.	પ્રા. એન. આર. શાહ	હાજર
૩.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૪.	શ્રી. નરહરિભાઈ અમીન	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ પરીખ	ગેરહાજર
૬.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી ધનશ્યામભાઈ બી. પરીખે સંભાળ્યું હતું.

૧. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદના પટાવાળા શ્રી. ચંદુભાઈ પશાભાઈ મારૂજીના જૂન ૧૯૭૩થી ડિસેમ્બર ૧૯૭૪ સુધી બાકી પગાર તથા તે પેટે મળવાપાત્ર તફાવતની રકમ ન ચૂકવવા અંગે તેઓ તરફથી તા. ૨૪—૪—૧૯૭૯ના રોજ મળેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ બાબતમાં કૉલેજની મુલાકાત લઈ તેનો અહેવાલ આપવા (૧) શ્રી. એમ. આર. શાહ તથા (૨) શ્રી. શરદભાઈ પટેલની સમિતિ નીમી છે જેનો અહેવાલ આવે તે પર વિચારણા કરવાની રહે છે.]

સદરહુ બાબતમાં કૉલેજની મુલાકાત લઈ સમિતિના સભ્યો સર્વશ્રી એમ. આર. શાહ તથા શ્રી. શરદભાઈ પટેલે આપેલ હેવાલ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તેના પર વિચારણા કરવામાં આવી અને ત્યાબ્બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. મારૂજી ચંદુભાઈને આગળ સભા મળે તે વખતે વધુ માહિતી માટે રૂબરૂ રજૂઆત કરવા માટે જણાવવું.

(૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત નિયત કરવા અંગે.

(શૈક્ષણિક લાયકાતના ધોરણો આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારી-ગણની શૈક્ષણિક લાયકાતના ધોરણો આ સાથે નિયત કર્યા અનુસાર રાખવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં સદરહુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાતના ધોરણો હવે પછી થનાર નિમણુંક કે બઢતી માટે અમલમાં આવશે તેમ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૩) ઉત્તર ગુજરાત ગ્રામ વિસ્તાર આચાર્ય મંડળના કન્વીનર તરફથી તા. ૨૧—૪—૧૯૮૦ના પત્રથી આચાર્યોને છૂટા કરવા, સત્તા, ફરજો ઇ. બાબતમાં કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

અને

૪. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ અને આચાર્ય મંડળ, અમદાવાદના પ્રમુખશ્રી તરફથી તા. ૧૨—૪—૧૯૮૦ના પત્રથી આવેલ નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આચાર્યની વહીવટી સત્તા અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.
(૨) આર્થિક વહીવટ તેમની પાસે કેટલો તે સ્પષ્ટ કરવું.
(૩) નવી નિમણુંકો, યુનિવર્સિટી નિયમોનું પાલન, અનુશાસન, પ્રવેશપાત્રતા નક્કી કરવી વગેરે અંગે આચાર્યની સત્તા નક્કી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બંને મંડળના હોદ્દેદારોને તેઓના પત્રોમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અંગે એક છેલ્લો પત્ર લખવો અને તેમાં એક માસની નિયત સમયમર્યાદા જણાવવી અને જો સદરહુ સમયમર્યાદામાં આપના તરફથી કોઈ મુસદ્દો નહીં આવે તો આપે રજૂ કરેલ બાબતો—સૂચનો અંગે આપને કંઈ કરવાપણું નથી, તેમ માની દફતરે કરવામાં આવશે તેમ જણાવવું.

૫. શ્રી. ડી. પી. જયસિંધાણી, અધ્યાપક આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, માંડવી ને સને ૧૯૭૭—૭૮ અને ૧૯૭૮—૭૯ના પ્રો. ફંડ પેટે જમા રહેલ રકમ ઉપર વ્યાજ ચુકવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૨૬/૨૭—૪—૧૯૮૦ના સભાના ઠરાવ અનુસાર કૉલેજને લખવામાં આવેલ એ અંગે આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૦—૬—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી, શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટસ--કૉમર્સ કૉલેજ, માંડવી તરફથી આવેલ તા. ૨૦—૬—૧૯૮૦ ના પત્ર ઉપર વિચારણા કરવામાં આવી અને ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે સને ૧૯૭૭—૭૮ અને ૧૯૭૮—૭૯ના પ્રો. ફંડ પેટે જમા રહેલ રકમ પર વ્યાજ ચૂકવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭—૪—૧૯૮૦ની સભાના ઠરાવ અન્વયે કૉલેજને તા. ૧૩—૫—૧૯૮૦ના પત્રાંક એકેડેમિક -૧૧-૨૩૮૩૨ થી જાણ કરવામાં આવેલ છે તેને આ સભા પુનઃ વળગી રહે છે. અને સદરહુ ઠરાવ અનુસાર જો એક માસની અંદર શ્રી. ડી. પી. જયસિંધાણીને પ્રો. ફંડ પેટે નીકળતા વ્યાજની રકમ ચૂકવીને જાણ કરવામાં નહીં આવે તો, અન્ય કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવશે.

૬. શ્રી. રજની પારેખ આર્ટસ અને કે. બી. કૉમર્સ એન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના ભૂતપૂર્વ અધ્યાપક ડૉ. પી. બી. પટેલને પ્રો. ફંડની તેમ જ અન્ય ચૂકવવા પાત્ર રકમ આપવા અંગેના સદરહુ કૉલેજ સંચાલક મંડળના મંત્રીશ્રીના તા. ૨૨—૩—૧૯૭૯ના પત્રથી સંકુલ અંગેની સમિતિએ આપેલ બાંયધરી અનુસાર ચુકવણી અંગે.

"નજીકના ભવિષ્યમાં આ જવાબદારી મંડળ ઉપાડી શકે તેમ નથી" એવો આચાર્યશ્રી, આર્ટસ—કૉમર્સ અને સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી આવેલ તા. ૪—૧—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત

[નોંધ.—(૧) સંકુલ અંગેની સમિતિ સમક્ષ છૂટા થયેલા કર્મચારીઓના પ્રો. ફંડના નાણાં તા. ૧—૧૨—૧૯૭૯ પહેલાં ચૂકવી આપવા તેમ ઉલ્લેખ છે.

(૨) ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલમાં પણ તે ચૂકવવા ઉલ્લેખ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. બી. પટેલને પ્રો. ફંડ તેમજ અન્ય ચુકવવા પાત્ર રકમની ચુકવણીનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આપેલ આદેશનું પરિપાલન ઘણો સમય થયો છતાં કૉલેજે કર્યું નથી, તે બાબત અતિશય ગંભીર છે અને તેના સંદર્ભમાં તેઓની બાકી નિકળતી રકમ સદર કૉલેજને વહીવટી, મકાન ભાડા ઇત્યાદિ પેટે જે ખર્ચ થાય છે તે રાજ્ય સરકાર તરફથી (મિસેલિનિયસ) પરચુરણ ગ્રાન્ટ મળે છે. તેમાંથી કાપી લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૭. બિનસરકારી સંલગ્ન કૉલેજોના કર્મચારીના મૃત્યુ પછી કે અપંગતતામાં તેમના આશ્રિતોને નોકરી આપવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક (૮)થી કરેલ નીચેના ઠરાવ પર પુનઃ વિચારણા કરવા પ્રમુખશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળ તરફથી આવેલ તા. ૯—૮—૧૯૮૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા બિનશિક્ષક કર્મચારીની જગ્યા તેના મૃત્યુ કે અપંગતતાને કારણે ખાલી પડે તે સંજોગોમાં શકય હોય ત્યાં સુધી તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને ભલામણ કરવી.

શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના બે પ્રતિનિધિઓની, એક્ઝિક્યુટિવે કાઉન્સિલે તેની તા. ૨૩—૭—૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક ૮ થી નીચે પ્રમાણે ઠરાવ કરેલ છે તે સંબંધમાં રજૂઆતો સાંભળી :

> "આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીની જગ્યા તેના મૃત્યુ કે અપંગતતાને કારણે ખાલી પડે તે સંજોગોમાં શકય હોય ત્યાંસુધી તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ઠરાવ હવે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

> "આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા બિનશિલક વર્ગના કર્મચારીની જગ્યા તેના મૃત્યુ કે અપંગતતાને કારણે ખાલી પડે તે સંજોગોમાં તે જગ્યા અથવા તેનાથી નિમ્ન કક્ષાની જગ્યા માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાતો ધરાવતા હોય, તો તેમના આશ્રિતોને નોકરીમાં સમાવી લેવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૮. એસ. ટી. ટી. કૉલેજ, ખેડામાં ચાલતી ગેરરીતિ તથા ડૉ. ગર્ગ બી. શુકલને નોકરીમાં થયેલ અન્યાય દૂર કરી ફરીથી રાખવા અંગે તેઓશ્રી તરફથી આવેલ તા. ૨૧—૧૦—૧૯૮૦ની ફરીયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. ટી. ટી. કૉલેજ, ખેડાના વ્યાખ્યાતા શ્રી. ગર્ગ બી. શુકલની નિમણૂંક હંગામી ધોરણે હોઈ તેઓની સેવાનું સાતત્ય સાથે રહી હોવાનું જણાતું નથી તેથી તે બાબતમાં યુનિવર્સિટીથી દરમિયાનગીરી કરી શકાય નહીં, તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ગર્ગ બી. શુકલે તેઓની તા. ૨૧—૧૦—૧૯૮૦ની રજૂઆતમાં જણાવેલ બાબતો અંગે અન્ય રીતે કાર્યવાહી ચાલતી હોઈ તે અંગે વિચારણા કરવાની રહેતી નથી તેમ તેઓને જણાવવું.

૯. શ્રી. એ. જે. પંડ્યા ભૂતપૂર્વ આચાર્ય લૉ કૉલેજ, મોડાસાઓ સેન કમિશન પ્રમાણે પગાર તફાવતની રકમ નહીં ચૂકવવા અંગે તેઓ તરફથી આવેલ તા. ૮—૧—૧૯૮૦ની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી સભા સમયે શ્રી. એ. જે. પંડ્યાને રૂબરૂ રજૂઆત કરવા માટે બોલાવવા અને તેઓની રજૂઆત સાંભળ્યા બાદ ઘટતો નિર્ણય લેવો.

૧૦. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતા કુ. વંદના ડી. મહેતાને રીકૉલ નહીં કર્યા અંગે તેઓ તરફથી આવેલ તા. ૧૫—૯—૧૯૮૦ની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

ઉપર જણાવેલ બાબત સાથે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના સંસ્કૃતના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી. એન. એમ. જોશીનો તા. ૪—૧૧—૧૯૮૦નો પત્ર વિચારણામાં લેવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે કુ. વંદના ડી. મહેતાને માન્યતા અંગેની માહિતી આગામી સભા સમયે રજૂ કરવી, જે મળ્યા બાદ ઘટતો નિર્ણય લેવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં જે કક્ષાઓ અસ્તિત્વમાં છે તે કક્ષાની ભરતી માટેની શૈક્ષણિક લાયકાતો નીચે પ્રમાણે છે.

ક્રમાંક	કક્ષા	લાયકાત
૧	૨	૩
૧.	ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ :	એસ.એસ.સી. પાસ અને સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાં હેડ ક્લાર્ક તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા એસ.એસ.સી. પરીક્ષા પાસ અને એકાઉન્ટન્ટ તરીકે શૈક્ષણિક સંસ્થાનો પાંચ વર્ષનો અનુભવ. અથવા સ્નાતક તેમ જ શૈક્ષણિક સંસ્થામાં ત્રણ વર્ષનો ઑફિસ કામનો અનુભવ.
૨.	હેડક્લાર્ક :	એસ.એસ.સી. પરીક્ષા પાસ અને સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાં સીનિયર ક્લાર્ક તરીકેનો ત્રણ વર્ષનો ઑફિસ કામનો અનુભવ અથવા સ્નાતક તેમજ બે વર્ષનો શૈક્ષણિક સંસ્થામાં ઑફિસ કામનો અનુભવ.
૩.	એકાઉન્ટન્ટ :	એસ.એસ.સી. પરીક્ષા પાસ તથા સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાં હિસાબી કામને લગતા પાંચ વર્ષનો અનુભવ અથવા વાણિજ્ય સ્નાતક અને શૈક્ષણિક સંસ્થામાં હિસાબી કામને લગતા કામકાજનો ત્રણ વર્ષનો અનુભવ.
૪.	ગ્રંથપાલ :	બેચલર ઑફ લાયબ્રેરી સાયન્સ પરીક્ષા પાસ.
૫.	સ્ટોરકીપર :	એસ.એસ.સી. પરીક્ષા પાસ અને વિજ્ઞાનની લેબોરેટરીને લગતા સ્ટોરનો ત્રણ વર્ષનો અનુભવ અથવા બી.એસસી. પરીક્ષા પાસ અને વિજ્ઞાનની લેબોરેટરીને લગતા સ્ટોરના બે વર્ષના કામકાજનો અનુભવ.
૬.	સીનિયર ક્લાર્ક :	એસ.એસ.સી. પરીક્ષા પાસ અને સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાં જનિયર ક્લાર્ક તરીકેનો બે વર્ષનો અનુભવ.
૭.	એકાઉન્ટસ ક્લાર્ક :	એસ.એસ.સી. પાસ અને હિસાબ કામને લગતો એક વર્ષનો અનુભવ.
૮.	જનિયર ક્લાર્ક :	એસ.એસ.સી. પાસ.
૯.	ટાઇપિસ્ટ :	એસ.એસ.સી. પાસ, અંગ્રેજી ટાઈપમાં મિનીટના ૪૦ શબ્દો અને ગુજરાતી ટાઈપમાં મિનીટના ૨૫ શબ્દોની ઝડપ.
૧૦.	ટાઇપિસ્ટ-કમ-ક્લાર્ક :	એસ.એસ.સી. પાસ, અંગ્રેજી ટાઈપમાં મિનીટના ૪૦ શબ્દો અને ગુજરાતી ટાઈપમાં મિનીટના ૨૫ શબ્દોની ઝડપ.

૧	૨	૩
૧૧.	લાયબ્રેરી ક્લાર્ક	: ઓસ.ઓસ.સી. પરીક્ષા પાસ પરંતુ ગ્રંથાલયમાં ક્લાર્ક તરીકેનો અનુભવ હોય તો પ્રથમ પસંદગી.
૧૨.	લેબોરેટરી આસિસ્ટન્ટ	: ઓસ.ઓસ.સી. પરીક્ષા પાસ અને લેબોરેટરીને લગતા કામકાજનો એક વર્ષનો અનુભવ.
૧૩.	કેશિયર	: ઓસ.ઓસ.સી. પરીક્ષા પાસ પરંતુ કેશિયર તરીકે અનુભવ હોય તો પ્રથમ પસંદગી આપવી.
૧૪.	સીનિયર ટાઇપિસ્ટ	: ઓસ.ઓસ.સી. પરીક્ષા પાસ અને જુનિયર ટાઇપિસ્ટ તરીકેનો બે વર્ષનો અનુભવ
૧૫.	ગેસમિકેનિક	: (૧) મીકેનીકનો આઇ.ટી.આઈ.નો કોર્સ પાસ અથવા (૨) ડીપ્લોમા ઈન મીકેનિકલ એન્જિનિયરિંગ પરીક્ષા પાસ
૧૬.	પ્લમ્બર	: ગુજરાતી ધોરણ ૮ સુધીનો અભ્યાસ અને પ્લમ્બિંગને લગતા કામકાજનો અનુભવ તેમજ સદરહુ પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર.
૧૭.	ઈલેક્ટ્રિશિયન	: (૧) આઇ.ટી.આઈ. કોર્સ પાસ અથવા (૨) વાયરમેન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ અથવા (૩) ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ પરીક્ષા પાસ.
૧૮.	વાયરમેન	: આઇ.ટી.આઈ. કોર્સની પરીક્ષા પાસ.
૧૯.	હેડ ખૂન (નાયક)	: ધોરણ ૪ સુધીનો અભ્યાસ તથા પટાવાળા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ.
૨૦.	પટાવાળા	: ધોરણ ૪ સુધીનો અભ્યાસ તથા સાયકલ ચલાવવાનો અનુભવ.
૨૧.	લાયબ્રેરી એટેન્ડેન્ટ	: ધોરણ ૪ સુધીનો અભ્યાસ તથા ગ્રંથાલયમાં કામ કર્યું હોય તેને પ્રથમ પસંદગી.
૨૨.	માળી	: બગીચાના કામકાજનો જાણકાર
૨૩.	પ્લાન્ટ ક્લેકટર	: ઓસ.ઓસ.સી. પરીક્ષા પાસ પરંતુ આવા કામકાજનો અનુભવી, માળી તરીકેનો અનુભવ હોય તો પ્રથમ પસંદગી આપવી.
૨૪.	હરબેરિયમ આસિસ્ટન્ટ	—ઉપર મુજબ—
૨૫.	ક્યુરેટર	: ઓસ.ઓસ.સી. પાસ
૨૬.	ચોકીદાર	: સામાન્ય વાંચીલખી શકે તેવા વિશ્વાસુ, સશકત અને જે તે કામકાજનો અનુભવ.
૨૭.	ડપ્લિકેટિંગ મશીનમેન	: ધોરણ ૪ સુધીનો અભ્યાસ તથા જે તે અનુભવ.

પરિશિષ્ટ "ડ"
બાબત ક્રમાંક ૭૫

"અજિત ભગત અર્થશાસ્ત્ર પારિતોષિક"

દાતાનું નામ તથા સરનામું	:	શ્રી. નિરંજન ભગત, મેનેજિંગ ટ્રસ્ટી, અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ, ઈ--૨૩, જલદર્શન, આકાશગંગા રોડ, એલિસબ્રિજ, અમદાવાદ--૩૮૦૦૦૬
પ્રદાનની રકમ	:	રૂ. ૮,૦૦૦—૦૦ તથા માર્ચ--એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષાના પરિણામને આધારે પારિતોષિક આપવા માટે વધારાના રૂ. ૭૫૦—૦૦.
પ્રદાનનો પ્રકાર	:	એક પારિતોષિક
પ્રદાનનો સ્વીકાર	:	એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા.૧૮—૧૦—૧૯૮૦ની સભામાં પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

(૧) "અજિત ભગત અર્થશાસ્ત્ર પારિતોષિક"એ નામનું વાર્ષિક રૂ. ૭૫૦—૦૦નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની માર્ચ--એપ્રિલમાં લેવાતી થર્ડ બી.એ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને અર્થશાસ્ત્ર મુખ્ય વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) પારિતોષિક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

(૩) વિજેતાને પારિતોષિક આપવામાં તેની નાતજાત, કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

(૪) સદરહુ પારિતોષિક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતો વખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

(૫) આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૬) આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "૪"
કામકાજ ક્રમાંક ૭૬

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી કાનૂન વિષયક સમિતિની એક સભા તા. ૧૭--૧૨-૮૦ને બુધવારના રોજ બપોરના ૪--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી. ડૉ. એમ. એન. દેસાઈના પ્રમુખપદે મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી.

૧. ડૉ. એમ. એન. દેસાઈ કુલપતિશ્રી	હાજર
૨. માનનીયશ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૩. શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૪. શ્રી. કે. ડી. શાહ	હાજર
૫. શ્રી. સુધીરભાઈ નાણાવટી	ગેરહાજર
૬. આચાર્યશ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૭. શ્રી. મધુરભાઈ પંડ્યા	ગેરહાજર
૮. શ્રી. બી. એમ. શુક્લ	હાજર
૯. શ્રી. હરુભાઈ એમ. મહેતા	ગેરહાજર

તા. ૯—૬—૧૯૮૦ના રોજ મળેલ સ્થાયી કાનૂન વિષયક સમિતિની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૯—૬—૧૯૮૦ના રોજ મળેલ સ્થાયી કાનૂન વિષયક સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીઓ સહી કરી.

૨. શ્રી. એમ. એસ. ગાંધી લાયર એજ્યુકેશન સોસાયટી, સંચાલિત શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ આર્ટસ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી. બી. આર. પટેલને છૂટા કર્યાની બાબતમાં યુનિવર્સિટી ધારાની કલમ ૫૨--અ હેઠળ નિમાયેલ લવાદ પંચમાંથી સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી. આર. વી. શાહે રાજીનામું આપ્યાના કારણે ખાલી જગ્યા પર અન્ય સંસ્થાની નિમણૂક માટે નામ આપવા સંસ્થાના પ્રમુખશ્રીને તા. ૨૦—૬—૧૯૮૦ના પત્રથી જણાવેલ તેના સંદર્ભમાં સોસાયટીના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૮—૬—૧૯૮૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ચર્ચા વિચારણાને અંતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

નીચે જણાવ્યા પ્રમાણેના કારણોને લક્ષમાં લેતાં સદરહુ લવાદ પંચ પર કૉલેજ સંચાલકના પ્રતિનિધિ તરીકે શ્રી. આર. વી. શાહે રાજીનામું આપતાં તે જગ્યાએ અન્ય પ્રતિનિધિની વરણી કરવી આવશ્યક છે અને તેથી તેમ કરવા માટે તેમને સૂચના આપવી.

(૧) પોતાને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એ માં નિર્દિષ્ટ કાર્યવાહી કર્યા સિવાય આચાર્ય તરીકે ફારેગ કર્યા બાબતમાં થયેલ રીટ અરજીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે આપેલ

ચુકાદામાં નીચે મુજબ જણાવેલ છે.

A preliminary objection has been raised on behalf of the management by resorting to the aid of Section 52 A which was introduced on the Statute Book along with section 51 A. The said section provides that any dispute between the governing body and any member of the teaching staff of an affiliated college which is connected with the Conditions of Service of such member, has to be referred to a Tribunal of Arbitration consisting of one member mentioned by the governing body of the college and one member mentioned by the member concerned and an Umpire appointed by the Vice-Chancellor. Such a Tribunal is to function as if a reference has been made to them within the meaning of the Indian Arbitration Act, 1940. Mr. Oza for the management contended that when section 52 A was brought on the Statute Book along with section 51 A on which reliance had been placed by the petitioner, a complete machinery was provided for by the legislature, and when alternative remedy in the form of an Award which can be made the rule of the Court under the provisions of the Indian Arbitrationion Act was available, this Court should be reluctant to exercise its extra ordinary jurisdiction.

Mr. Patel, the learned Advocate for the petitioner, on the other hand urged that the Tribunal was so constituted that it would not grant the reliefs asked for, and particularly the relief of reinstatement and the interim relief sought for by the petitioner in this petition. He alternatively submitted that when an order is challenged as non-est in the eyes of law, the existence or otherwise of the alternative remedy was not treated as an absolute bar. To me it appears, that the powers of the Tribunal whose award can be made a rule of the Court, is possessing all the powers which a Civil Court has. In my view even an interim relief can be given by the Tribunal, but in the peremptory circumstances of this case, the Tribunal can be requested to finish the hearing before the 30th April, 1980, and so the last of the grievances expressed by Mr. Patel can be remedied.

ઉપરના ચુકાદામાં કૉલેજ ખુદના સંચાલક મંડળના ઑડરોકેટે ગુજરાત યુનિવર્સિટીની કલમ ૫૨--ઓ હેઠળની જોગવાઈ અનુસાર લવાદ પંચથી વિવાદનો ઉકેલ આવી શકે તેવી જોગવાઈ હોવાથી નામદાર કોર્ટે પોતાની અસામાન્ય કાર્યક્ષેત્રની સત્તાનો ઉપયોગ ન કરે એવી રજૂઆત કરી હતી. તેને અનુલક્ષીને ગુજરાત હાઈકોર્ટે આચાર્યની રીટ અરજી રદ કરી છે ત્યારે કૉલેજ સંચાલકે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૨--ઓ હેઠળની લવાદ પંચ પર પોતાના અન્ય પ્રતિનિધિની નિમણૂક કરવી આવશ્યક બને છે, એટલું જ નહીં તેમ કરવાની તેની ફરજ પણ બને છે.

(૨) આ લવાદ પંચ પર પોતાના પ્રતિનિધિનું નામ કૉલેજ સંચાલકના એડવોકેટશ્રી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું અને તેનો ઉલ્લેખ તા. ૧૧–૪–૧૯૮૦ના ચૂકાદામાં થયેલો છે. તેથી હવે પોતાના પ્રતિનિધિનું નામ લવાદ પંચ પર ન આપવું તર્કસંગત કે ન્યાયપૂર્ણ નથી તેમજ ઉચિત પણ નથી.

(૩) કૉલેજે તેના તા. ૨૮–૬–૧૯૮૦ના પત્રાંક ૧૦૬ થી "શ્રી. બી. આર. પટેલ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગરમાં આચાર્ય તરીકેની નોકરી સ્વીકારી છે, ત્યારથી તેમણે સ્વેચ્છાએ અમારી સંસ્થા છોડી દીધી ગણાય. આ સંજોગોમાં લવાદ પંચ સમક્ષ કોઈ કામગીરી બાકી રહેતી નથી." એમ જણાવ્યું છે. પરંતુ તે વિધાન સાથે સહમત થઈ શકાય તેમ નથી. અને યુનિવર્સિટી ધારાધોરણનો ભંગ કરી નોકરીમાંથી ફારેગ કરવામાં આવેલી વ્યકિત ત્યારબાદ અન્યત્ર નોકરીમાં જોડાયા માત્રથી પોતાને થયેલ અન્યાય દૂર કરવાના ધારાકીય રક્ષણ મેળવવાના પોતાના અધિકારથી વંચિત રાખી શકાય નહીં તેમ આ સમિતિનું સ્પષ્ટ મંતવ્ય છે.

૪. આચાર્યશ્રીએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ લેટન્ટ પેટન્ટ અપીલ પર ગુજરાત યુનિવર્સિટીને કોઈ મનાઈહૂકમ આપવામાં આવ્યો નથી. તે હકીકત તરફ સંચાલકમંડળનું ધ્યાન ખેંચવું જોઈએ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૮૫

ફાઈનાન્સ સમિતિની એક સભા, તા. ૧૯–૧૨–૧૯૮૦ ને શુક્રવારના રોજ સાંજના ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. અરવિંદભાઈ શાહ	હાજર
૩. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

(૧) ફાઇનાન્સ સમિતિની તા. ૨૦–૧૧–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૦–૧૧–૧૯૮૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) યુનિવર્સિટી હિસાબ વિભાગમાં લાકડાના પાર્ટિશન બનાવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે પાર્ટિશન બનાવવા અંગે આવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ આપનાર મે. ન્યુ ફરનિચર માર્ટ, અમદાવાદના હોવાથી તેઓને નીચેના ભાવે કામ સોંપવું અને આ અંગે કુલ ખર્ચ રૂ. ૩૭,૭૧૦ (અંકે સાડત્રીસ હજાર સાતસો દશ પૂરા) મંજૂર કરવા :

૧. પાર્ટિશન	...	રૂ. ૨૧–૭૫ ચો. ફૂટના
૨. લોક	...	રૂ. ૬૦–૦૦ નંગના.

(૩) વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરીના નંગ બે લાકડાના દરવાજા બનાવવા અંગે રૂ. ૨,૫૪૧-૦૦ની કિંમતનું લાકડું મે. કનૈયાલાલ હરિલાલ નાગોરી પાસેથી ખરીદ્યું તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના નંગ બે લાકડાના દરવાજા બનાવવા અંગે ખરીદેલ લાકડાનું બીલ રૂ. ૨,૫૪૧-૦૦ મંજૂર કરવું.

(૪) યુનિવર્સિટી લીફ્ટનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ મે. ટાયો. એન્જિનિયરિંગ વર્કસ સાથે રૂ. ૧૦૮૦ના ખર્ચે કરવા અંગે યુનિવર્સિટી કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કામની નોંધ લેવી

(૫) યુનિવર્સિટીના પ્રેસના રોમાયર ઑફસેટ પ્રિન્ટિંગ મશીનને રિપેરિંગ કરવા અંગે રૂ. ૧૮૫૬ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કામની નોંધ લેવી.

(૬) આંકડાશાસ્ત્ર વિભાગ માટે કેલકયુલેટર મશીન મે. ઇલેકટ્રોનિકસ કૉરપોરેશન ઑફ ઇન્ડિયા (ભારત સરકારની સંસ્થા) પાસેથી ખરીદવા, તેના ટેક્ષના રૂ. ૧૩૩૯–૨૭ અને રૂ. ૧૧૪–૮૪ વધારાનું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા અંગે.

આથી ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કામની નોંધ લેવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવવતી

પરિશિષ્ટ "ત"
ઠરાવઠાજ ક્રમાંક ૮૬

Name of Examination	*As per Ordinance* 129. *Date*	*Propose date*
B.Ed. Part II	2—3—1981	7—3—1981
B.Ed. Part I	16—3—1981	23—3—1981
Nursing	20—4—1981	11—3—1981
Post Graduate Medical and	2—3—1981	16—3—1981
Post Graduate Diploma	,,	,,
M.D.S.	,,	,,
All Pharmacy	20—4—1981	13—4—1981
M.B.,B.S., and	20—4—1981	15—4—1981
B.D.S. and	,,	,,
B.M. Inst. (Dip)	,,	,,
F.B.Com.	23—3—1981	23—3—1981
T.B.Com.	23—3—1981	,,
M.Com. I	13—3—1981	,,
M.Com. II	9—3—1981	,,
F.B.A.	23—3—1981	1—4—1981
T.B.A.	23—3—1981	,,
F.B.Sc.	23—3—1981	,,
T.B.Sc.	23—3—1981	,,
I, II, III LL.B.	13—4—1981	13—4—1981
S.B.Com.	9—3—1981	6—4—1981
S.B.A.	9—3—1981	15—4—1981
S.B.Sc.	9—3—1981	,,
M.A. I	13—4—1981	20—4—1981
M.A. II other than Mathematics)	9—3—1981	,,

M.L.W.	20–4–1981	20–4–1981
Lib. Sc.	20–4–1981	,,
Drama	23–3–1981	,,
D.T.P.	13–4–1981	,,
D.L.P.	13–4–1981	,,
Dip. in Linguistics	23–3–1981	20–4–1981
Computer programming	26–4–1981	20–4–1981
Ph.D.	20–4–1981	,,
M.Sc. I	13–4–1981	10–4–1981
M.Sc. II	9–3–1981	11–5–1981
M.E.	4–5–1981	,,
M.Ed.	7–6–1981	,,
LL.M.	4–5–1981	,,
M.Phil.	11–5–1981	,,
Jr. and Sr. Certificate Course in English	20–7–1981	20–7–1981
Engg. Exam.		11–5–1981

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૮૯

નડિયાદમાં વાણિજ્યની વધારાની કૉલેજ અંગેનો રિપોર્ટ

નડિયાદ શહેરમાં વાણિજ્ય વિદ્યાશાખાની એક કૉલેજની જરૂરિયાત યુનિવર્સિટીએ સ્વીકારી તે સંદર્ભમાં આવેલી અરજીઓ પૈકી કોને કૉમર્સ કૉલેજ આપવી તે અંગેની કમિટી તરફ થી અમો તા. ૧૭—૧૧—૧૯૮૦ના રોજ નડિયાદ ગયા હતા. આઈ. વી. કૉમર્સ કૉલેજમાં આચાર્યશ્રી એસ.આર. મહેતા અને તેના સંચાલકમંડળના પ્રમુખશ્રીને મળ્યા હતા. આચાર્યશ્રી મહેતાએ કૉમર્સ કૉલેજનું સંચાલન કરતા તેમના ટ્રસ્ટને નવી કૉલેજ કેમ મળવી જોઈએ તેની રજૂઆત કરી હતી તેમ જ જોઈતી વિગતો અને માહિતી પૂરી પાડી હતી. ત્યારપછી અમો મહિલા આર્ટ્સ કૉલેજનું સંચાલન કરનાર સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. હીરુભાઈ પટેલ અને આચાર્ય કે. એમ. આચાર્યને મળ્યા હતા. મહિલા આર્ટ્સ કૉલેજની જોડે કૉમર્સ ફૅકલ્ટી શરૂ કરવા માટેની તેમની રજૂઆત સાંભળી હતી. ત્યાર પછી અમો ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટમાં આચાર્યશ્રી હર્ષદભાઈ દેસાઈને મળ્યા હતા અને તેમની રજૂઆત સાંભળી હતી. ત્રણેય સંસ્થાઓએ અમને જરૂરી સહકાર આપ્યો હતો અને જરૂરી વિગતો પૂરી પાડી હતી તે બદલ અમો તેમના ઋણી છીએ.

મહિલા આર્ટ્સ કૉલેજ જોડે વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજ શરૂ થાય તો તે વિદ્યાર્થિનીઓ માટે હોય એ જ વધુ વાજબી છે, જ્યારે નડિયાદમાં ગત વર્ષે એફ.વાય.બી. કૉમ.માં ૮૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ માંગતા હતા જેમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા ૫૦૦ કરતાં પણ વધુ હતી. તે સંજોગોમાં, વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ માટે વાણિજ્યની કૉલેજ કે વિદ્યાશાખા શરૂ થાય તે અમને વાજબી લાગે છે. આ સંદર્ભમાં વિચારતાં, અમને મહિલા આર્ટ્સ કૉલેજના પટાંગણમાં નવી કૉમર્સ કૉલેજ હાલ શરૂ કરવાની અગ્રિમતા જણાતી નથી.

હવે બાકીની બે અરજીઓ અંગે તુલનાત્મક રીતે વિચારતાં એવું લાગે છે કે નડિયાદમાં વાણિજ્ય કૉલેજ ચલાવતા હોય તેના ટ્રસ્ટને બીજી કૉલેજ આપવાને બદલે વાણિજ્યની કૉલેજ અન્ય ટ્રસ્ટને આપવી શૈક્ષણિક ટ્રસ્ટીએ વધુ વાજબી બનશે.

નડિયાદ કેન્દ્રમાં ધારણાઓનું સંચાલન અને ખાસ કરીને બી.કૉમ.ની પરીક્ષાઓનું સંચાલન અસરકારક રીતે કરવું તે બધું જ કઠિન સમસ્યા બની ગઈ છે. પરીક્ષાઓમાં સામૂહિક રીતે ગેરરીતિઓ અજમાવવાની વૃત્તિઓ બહુ જ પ્રબળ બની ગઈ છે. સમગ્ર શૈક્ષણિક કામગીરીની અસરકારકતાનું પણ આ પરોક્ષ માપ છે. કૉમર્સનાં પરિણામોમાં વર્ગ પ્રાપ્તિની ટ્રસ્ટીએ નડિયાદનું પરિણામ સામાન્ય કહી શકાય. કૉલેજમાં સામાન્ય રીતે જેની જોગવાઈ હોવી જોઈએ તેના કરતાં વિશેષ ભાગ્યે જ કંઈ થતું હોય છે તે [જોકે મોટા ભાગની કૉલેજોમાં આ પરિસ્થિતિ છે તેથી કોઈનો દોષ દેવા માટે આમ અમે કહેતા નથી].

ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, હાલમાં ટેકનિકલ શિક્ષણ આપતી કેમિકલ એન્જિનિયરિંગની એક કૉલેજ ચલાવે છે અને કૉમર્સ કૉલેજ આપીને તેઓ મૅનેજમેન્ટના ક્ષેત્રે પણ નવા પૂરક અભ્યાસક્રમો દાની નેમ ધરાવે છે. પુસ્તકો, સામયિકો માટે ન્યૂનતમ કરતાં વધુ નાણાકીય ફાળવણી, શૈક્ષણિક સ્ટાફની ીમાં ઊંચી ગુણવત્તાવાળા શિક્ષકગણને મેળવવા માટે વધારે આકર્ષક પગારો, કૉમર્સ કૉલેજ માટે અલાયદું મકાન અને રમતગમતનાં મેદાનોની આગવી વ્યવસ્થા વગેરે કરવા માટે તેઓ ઉત્સુક છે.

સમગ્ર સંજોગો અને પરિસ્થિતિ લક્ષમાં લેતાં અમારી કમિટીને એમ લાગે છે કે નડિયાદમાં ર્સ ફેકલ્ટીની બીજી કૉલેજ કરવાની તક અન્ય ટ્રસ્ટને આપવી જોઈએ. બન્ને સંસ્થા વાણિજ્યની તા સુધારવામાં એકબીજાને આંબી જવા તંદુરસ્ત સ્પર્ધા કરે તેવો અવકાશ પણ ઉપસ્થિત થશે.

ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટને કૉમર્સની નવી કૉલેજ, યુનિવર્સિટી નક્કી કરે તે શરતોએ કરવા દેવા અમારી ભલામણ છે.

કૉમર્સ એજ્યુકેશનના ક્ષેત્રે, વિસ્તરણનો પ્રયાસ જ્યારે થઈ રહ્યો હોય તે સમયે સવલતો અને શિક્ષકગણ અંગે ન્યૂનતમ કરતાં વિશેષ જોગવાઈનો આગ્રહ યુનિવર્સિટી કરે એ જરૂરી છે.

યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને અમારી વિનંતી છે કે જ્યાં જ્યાં વિસ્તરણ કરવાની પરવાનગી આપવામાં આવે ત્યાં ધોરણો સુધારવા માટે—સવલતો વધારવા માટેની તક આપણે ઝડપી લેવી જોઈએ અને ન્યૂનતમ કરતાં વિશેષનો આગ્રહ આપણે કરવો જોઈએ.

સહી

એમ. સી. શાહ

બી. એમ. પીરઝાદા

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.